# સામાયિક વિજ્ઞાન

લેખક: શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ



આ. વિ. સૂર્યોદયસૂરિજી

# સામાયિક-વિજ્ઞાન

: લેખક :

અધ્યાત્મવિશારદ વિદ્યાભૂષણ મંત્રમનિષી

ગણિતદિનમણિ શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

卐

: પ્રસ્તાવના :

પરમ પૂજ્ય વિદ્દદ્વર્ય

**મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ**

પ્રજ્ઞા પ્રકાશન મંદિર-મુંબઈ, ૪૦૦ ૦૦૯

: પ્રકાશક :

નરેન્દ્રકુમાર ડી. શાહ

વ્યવસ્થાપક-પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ, ગણપત બીલ્ડીંગ,

૧૧૩-૧૫, કેશવજી નાયક રોડ-મુંબઈ-૪૦૦ ૦૦૯

આવૃત્તિ પહેલી

વિ. સં. ૨૦૩૪ સને ૧૯૭૭

મૂલ્ય : રૂા. ૧૨-૫૦

મુદ્રક :

મણિલાલ છગનલાલ શાહ

શ્રી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ

ઘીકાંટારોડ, અમદાવાદ

# પ્રકાશકીય

**આજથી** લગભગ દશ વર્ષ પહેલાં **શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે** આરાધના–વિષયક ઉચ્ચ કોટિનું મનનીય સાહિત્ય લખવાનો આરંભ કર્યો અને અમે તેને પ્રસિદ્ધિ આપતા ગયા. તેમાં પ્રથમ '**નમસ્કાર–મંત્રસિદ્ધિ**' નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો. જેની ત્રણ આવૃત્તિઓ પૂરી થઈ છે અને હાલ તે ગ્રંથ અપ્રાપ્ય બન્યો છે. તે પછી '**મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા**' નામનો ગ્રંથ બહાર પાડ્યો, જેની આજે બીજી આવૃત્તિ ચાલી રહી છે. તે પછી પ્રસિદ્ધ કરેલ '**હ્રીંકાર કલ્પતરુ યાને જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ**' ગ્રંથ અપ્રાપ્ય બન્યો છે. ત્યાર પછી અનુક્રમે બહાર પાડેલ '**ભક્તામર–રહસ્ય**', '**શ્રી ઋષિમંડલ–આરાધના**' તથા '**શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધના**' ગ્રંથોની બીજી આવૃત્તિ ચાલી રહી છે. તે પછી ગત વર્ષે પ્રસિદ્ધ કરેલ '**સિદ્ધિદાયક સિદ્ધચક્ર**' નામના બૃહદ્ મનનીય ગ્રંથની લગભગ પોણા ભાગની નકલો ખપી ગઈ છે. આ પરથી અમે પ્રસિદ્ધ કરેલ આરાધના-વિષયક સાહિત્યની લોક-પ્રિયતા સમજી શકાશે.

આ બધા ગ્રંથો આરાધના–વિષયક અનેક પ્રકારની માહિતીને રજૂ કરનારા છે, ઉપરાંત આરાધકોને યોગ્ય માર્ગદર્શન આપનારા પણ છે, એ દૃષ્ટિએ એનું ઘણું મહત્ત્વ છે. હજી તેની માંગ ચાલુ છે, પણ હવે અનેક કારણોસર તેની નવી આવૃત્તિઓ પ્રકટ કરવાનું બની શકે એમ નથી.

ગત વર્ષે પંડિતશ્રીએ ઘણા ચિંતન, મનન અને અનુભવના નિચોડ રૂપ '**સામાયિક–વિજ્ઞાન**' નામનો મનનીય ગ્રંથ તૈયાર કર્યો, તેમાં સામાયિક જૈન ધર્મનો પ્રાણ શા માટે ગણાય છે? તેમાં ધાર્મિક, આધ્યાત્મિક અને યૌગિક તત્ત્વોની ગૂંથણી કેવી રીતે થયેલી છે? વગેરે બાબતો શાસ્ત્ર–પ્રમાણો અને દાખલા–દલીલો સાથે સુગમ શૈલી અને સરલ ભાષામાં રજૂ કરવામાં આવી છે. ઉપરાંત લગભગ

દરેક પ્રકરણમાં પ્રશ્નોત્તરી આપીને આ વિષયમાં ઉઠતા અનેકવિધ પ્રશ્નોનું સુંદર સમાધાન કરવામાં આવ્યું છે. ટૂંકમાં આ ગ્રંથ સામાયિકનું સાચું સ્વરૂપ પ્રકટ કરવા માટે ઘણો ઉપયોગી બન્યો છે અને તેથી જ અમે પાઠકના કરકમળમાં મૂકી રહ્યા છીએ.

આ ગ્રંથની મનનીય પ્રસ્તાવના લખી આપવા માટે અમે પ. પૂ. વિદ્વદ્વર્ય **મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના** ઘણા આભારી છીએ.

આ ગ્રંથનું સમર્પણ સેવાભાવી સૌજન્યમૂર્તિ **શ્રી ભાનુકુમાર એમ. દોશીએ** સ્વીકાર્યું છે, તે માટે તેમના ખાસ આભારી છીએ.

આ ગ્રંથના પ્રકાશન-સમર્પણ નિમિત્તે તા. ૧૮-૧૨-'૭૭ રવિવારના રોજ બીરલા માતુશ્રી સભાગૃહમાં યોજાયેલ સમારોહના અધ્યક્ષ, સ્વાગતાધ્યક્ષ, મુખ્ય મહેમાન તથા અતિથિવિશેષો કે જેમણે અમારા સાહિત્યસર્જન-પ્રકાશન-પ્રચારમાં સહૃદયતાભર્યો સાથ આપી અમારા કાર્યને સરલ બનાવ્યું છે, તેમને અનેકાનેક ધન્યવાદ આપીએ છીએ. આ ગ્રંથમાં વંદના આપી અમારી પ્રવૃત્તિ પ્રત્યે શુભેચ્છા અને સહકારની લાગણી વ્યક્ત કરનાર દરેક મહાનુભાવનો અમે અંતઃકરણથી ઋણ-સ્વીકાર કરીએ છીએ.

આ સમારોહના મંત્રીપદની જવાબદારી સંભાળવા માટે અમે શ્રી સુરેન્દ્ર એ. છેડા, પં. પૂનમચંદ કેવલચંદ શાહ, શ્રી રસિકલાલ નંદલાલ દોશી, શ્રી ભરત એમ. શાહ તથા શ્રી દેવેન્દ્ર પી. શાહનો તથા વેચાણવિભાગની જવાબદારી સ્વીકારવા માટે શ્રી પ્રવીણચંદ્ર સી. શાહનો હાર્દિક આભાર માનીએ છીએ.

આ ગ્રંથપ્રકાશનમાં એક યા બીજી રીતે સહાય કરનાર સર્વેનું અમે અંતરથી અભિવાદન કરીએ છીએ. આશા છે કે સાહિત્યપ્રેમી સહૃદયી સજ્જનો આ મહત્ત્વપૂર્ણ ગ્રંથના પ્રચારમાં બને તેટલો સાથ-સહકાર આપશે.

**—પ્રકાશક**



સેવાભાવી સૌજન્યમૂર્તિ

**શ્રીમાન્ ભાનુકુમાર એમ. દોશી**

જેમને

આ ગ્રંથ સાદર સમર્પિત કરવામાં

આવ્યો છે.

# સમર્પણ



વિદ્યાપ્રેમ, સૌજન્ય

અને

ઉદારતાના

ત્રિવેણી સંગમસમા

**શ્રી ભાનુકુમાર એમ. દોશીને**

આ ગ્રંથ

વિનમ્રભાવે સમર્પિત કરીને

કૃતાર્થ થાઉં છું.

*

**ધીરજલાલ શાહ**

# સેવાપરાયણ સૌજન્યમૂર્તિ

# શ્રીમાન્ ભાનુકુમાર એમ. દોશીનો

## ટૂંક પરિચય

ભાવનાથી જેમનું જીવન ભવ્ય બનેલું છે, દાનથી જેમનું જીવન દેદીપ્યમાન થયેલું છે અને સદ્વિચાર તથા સદાચાર વડે જેમના જીવનમાંથી અનેરી સૌરભ પ્રકટી રહી છે, એવા શ્રીમાન્ ભાનુકુમાર એમ. દોશીનો ટૂંક પરિચય કરાવતાં અમને આનંદ થાય છે.

જામનગરના વીશા શ્રીમાળી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન કુટુંબમાં વિ. સં. ૧૯૮૬ના જેઠ વદિ ર, તા. ૧૩–૬–૩૦ના રોજ શ્રી ભાનુકુમારનો જન્મ થયો. પિતાનું નામ મગનલાલ કાલીદાસ, માતાનું નામ અચરતબહેન. બે પુત્રીઓ પર તેમનો જન્મ થયેલો હોઈ કુટુંબમાં અનેરા આનંદની લાગણી પ્રસરી હતી. તેમણે લાડકોડમાં ઉછરી જામનગરમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું. તે પછી તેઓ મુંબઈ આવ્યા અને અંધેરી ભવન્સ કોલેજમાં દાખલ થઈ ઇન્ટર સાયન્સ સુધી પહોંચ્યા.

સને ૧૯૫૫માં તેમણે જામનગરના જ એક સંસ્કારી કુટુંબમાં ઉછરેલા શ્રી મૃદુલાબહેન સાથે પ્રભુતામાં પગલાં માંડયાં અને તે જ સાલથી તેમણે જીવન વીમા કોર્પોરેશનના એજન્ટ તરીકે કામ કરવા માંડયું. બુદ્ધિકૌશલ્ય, લાગવગ તથા ગ્રાહકો સાથેના સદ્વ્યવહારથી તેમણે આ કાર્યમાં નોંધપાત્ર પ્રગતિ કરી.

સને ૧૯૬૫થી તેમણે મીનરલ્સ એટલે ખનીજના વ્યાપારમાં રસ લીધો અને ધીમે ધીમે ઓક્ષાઇટના અગ્રગણ્ય વ્યાપારી તથા નિકાસકાર બન્યા. લગભગ આ જ અરસામાં તેમણે જયશ્રી ટેક્ષટાઇલ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના એજન્ટ તરીકે ઈલેકટ્રીક ઇન્સ્યુલેટર્સનું કામ કરવા માંડયું અને તેમાં પણ સારી એવી પ્રગતિ સાધી.

શ્રી ભાનુભાઈ જીવનના સર્વાંગી વિકાસમાં માનનારા છે, તેથી તેમણે વ્યાપારના વિકાસની સાથે સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં પણ રસ લેવા માંડ્યો અને જ્ઞાન–તૃષા છીપાવવા માટે તત્ત્વજ્ઞાન તથા રાજકારણનું સાહિત્ય પણ અવલોકવા માંડ્યું. તેમાં તેમને ખૂબ રસ પડ્યો.

સને ૧૯૭૧માં પાકિસ્તાનના યુદ્ધ પછી તરત જ શ્રી ઇન્દિરા ગાંધી એક જાહેરસભાને સંબોધી રહ્યાં હતાં, અને તેમાં આપણા જવાનોએ કેવો ભોગ આપ્યો, તેનું વર્ણન કરી રહ્યાં હતાં, તે વખતે શ્રી ભાનુભાઈએ યુદ્ધમાં ખપી જનારા જવાનોની સ્ત્રીઓને આવક થાય તે માટે સીંગરના ૧૦૦ સંચાની શ્રી ઇન્દિરા ગાંધીને ભેટ કરી આત્મસંતોષ અનુભવ્યો હતો.

સને ૧૯૭૨ થી તેમણે વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિઓ આપવા માંડી તથા ખાસ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ગણવેશનું દાન કરવા માંડ્યું. તેમની એ પ્રવૃત્તિ ઓછાવત્તા અંશે આજે પણ ચાલુ રહી છે.

તે પછી જામનગર જિલ્લામાં દુકાળના ભીષણ ઓળા પથરાતાં તેમણે 'મહાભિયાન ટ્રસ્ટ'ના ઉપક્રમે ખૂબ જ સુંદર કાર્ય કર્યું અને આખા જીલ્લાને અત્યંત વિષમ પરિસ્થિતિમાંથી ઉગારી લીધો. ત્યાર પછી પણ તેઓ માનવરાહતનાં કાર્યોમાં ઊંડો રસ લેતા આવ્યા છે અને તેને પોતાનું એક કર્તવ્ય ગણી તે માટે શક્ય એટલો ભોગ આપતા આવ્યા છે. 'परोपकाराय सतां विभूतयः- સત્પુરુષોની સંપત્તિ પરોપકાર માટે છે' એ સૂત્રમાં તેઓ અનન્ય વિશ્વાસ ધરાવે છે.

થોડા વખત પહેલાં તેમના પૂજ્ય કાકા શ્રી અમૃતલાલ કાલીદાસ દોશીની સ્મૃતિમાં જામનગરમાં બંધાયેલ મહિલા કોલેજને તેમના કુટુંબ–પરિવાર તરફથી રૂપિયા એક લાખની સખાવત કરવામાં આવી છે. આ રીતે નાનીમોટી બીજી પણ શૈક્ષણિક સંસ્થાઓ પ્રત્યે તેમનો હાથ લંબાતો જ રહ્યો છે અને તેમાં તેઓ અનન્ય આનંદ અનુભવે

છે. ટૂંકમાં દાન, દયા અને પરોપકારનાં કાર્યોમાં તેઓ જીવનની સાર્થકતા માને છે અને તેથી તેમાં શક્ય એટલો તન–મન–ધનનો ભોગ આપે છે. ઉદારતા તેમના જીવનમાં વણાઈ છે, એટલે ખરી જરૂરિયાતવાળો કોઈ પણ મનુષ્ય તેમની પાસેથી નિરાશ થઈને જતો નથી. તેઓ પોતાના બુદ્ધિચાતુર્ય વડે સાચા અને ખોટાની પરીક્ષા થોડી વારમાં જ કરી લે છે, એટલે ભાગ્યે જ છેતરાય છે.

તેઓ સમાજહિતનું વિશાળ કાર્ય કરવા છતાં કોઈ પણ રાજદ્વારી પક્ષમાં ભળ્યા નથી, પરંતુ દરેક પક્ષના આગેવાનો સાથે સારો સંબંધ ધરાવે છે અને કાર્યકર્તાઓના પ્રેમ તથા લાગણીભર્યા સહકારને લીધે દરેક કાર્યમાં અસાધારણ સફળતા પ્રાપ્ત કરે છે.

મુંબઈમાં શ્રી મહાવીર કીર્તિસ્થંભ નિર્માણ સમિતિના તેઓ ફાઉન્ડર ટ્રસ્ટી છે અને સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રે કામ કરતી બીજી પણ અનેક નાની–મોટી સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

શ્રી મૃદુલાબહેન પણ જીવનની ઊર્ધ્વગામી દૃષ્ટિ ધરાવે છે અને તેથી પતિએ ઉપાડેલી બધી સેવામય પરોપકારી પ્રવૃત્તિઓમાં સાથ–સહકાર આપે છે.

શ્રી ભાનુકુમારનું દામ્પત્યજીવન સુખી છે. તેઓ વીરેન્દ્ર, બીના અને પરાગ એ ત્રણ સંતાનોના પિતા છે. તેમાં શ્રી વીરેન્દ્ર બી. કોમ. થયા છે, બીનાબહેન બી. એ. થયા છે, શ્રી પરાગ નવમીનો અભ્યાસ કરે છે.

શ્રી ભાનુભાઈની સેવાપરાયણ સાત્ત્વિક વૃત્તિઓથી પ્રેરાઈને અમે આ '**સામાયિક–વિજ્ઞાન**' નામનો ગ્રંથ તેમને સાદર સમર્પિત કરી રહ્યા છીએ અને તેઓ દીર્ઘ નિરામય જીવન જીવીને સમાજ તથા રાષ્ટ્રની વિશેષ ને વિશેષ સેવા કરે, એવી પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

## સમારોહના અધ્યક્ષ

# શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી

આપબળે આગળ વધી સમાજમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર તથા સાત્વિક ભાવના અને સેવાપરાયણતાથી જીવનને અનેરો ઓપ આપનાર શ્રીમાન્ દીપચંદ ગાર્ડી આજે જૈન સમાજને સુપરિચિત છે. પિતા સવરાજભાઈ, માતા કપૂરબહેન, મૂળ વતન સૌરાષ્ટ્ર-પડધરી. ચાર વર્ષની વયે પિતાની છત્રછાયા દૂર થતાં વિષમ સંયોગો ઉત્પન્ન થયા, પરંતુ ધૈર્યથી તેમનો સામનો કરીને તેઓ આગળ વધ્યા.

અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ પડધરીમાં જ કર્યો. વાંકાનેર હાઈસ્કૂલમાંથી મેટ્રિક થયા અને ત્યાર બાદ ભાવનગર શામળદાસ કોલેજમાં બે વર્ષ અભ્યાસ કરી મુંબઈ આવ્યા. અહીં થોડો વખત મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને અને ત્યાર પછી સ્વતંત્ર કમાણી કરવા પૂર્વક બી. એસસી. થયા. તે પછી કાયદાનો અભ્યાસ કરી એલ. એલ. બી. થયા અને સોલીસીટર્સના આર્ટિકલ્સ પૂરા કરી મુંબઈમાં એડવોકેટ તરીકે પ્રેકટીસ કરવા લાગ્યા, તેમ જ અનેક કંપનીઓના સલાહકાર બન્યા. સને ૧૯૬૧ માં તેઓ ઇંગ્લેંડ જઈ બાર-એટ-લો થઈ આવ્યા. પરંતુ આ અરસામાં તેમનું ધ્યાન જમીન તરફ દોરાયું અને ધીમે ધીમે તેના નિષ્ણાત બની તેના વ્યવસાયમાં પડ્યા. તેમનો આ વ્યવસાય આજ પર્યંત ચાલુ છે અને તેણે તેમને લક્ષ્મીનંદનની કોટિમાં મૂક્યા છે.

તેમનાં પ્રથમ પત્ની શ્રી રુક્ષ્મિણી બહેનથી તેમને શ્રી રશ્મિકાન્ત તથા શ્રી હસમુખલાલ નામના બે પુત્રરત્નો સાંપડ્યાં છે, જેમાંના પ્રથમ ડોકટર તરીકે અને બીજા એડવોકેટ તરીકે ઇંગ્લેંડમાં પ્રેકટીસ કરે છે. તેમના બીજા પત્ની શ્રી વિદ્યાબહેન બી. એ., એલ. એલ. બી., બી. ઈ. ડી, બાર- એટ-લો છે અને કેળવણીના ક્ષેત્રમાં ઊંડો રસ લઈ રહેલ છે.

શ્રી દીપચંદભાઈ લક્ષ્મીના લાડીલા બન્યા, તે જ વખતથી તેમણે દીન-દુઃખીઓને સહાય કરવા માંડી અને શિક્ષણક્ષેત્રને પોતાની સખાવતોથી સમૃદ્ધ કરવા માંડયું. આજે તેમના વતન પડધરીમાં તેમના પિતાશ્રીના નામથી 'સવરાજ જીવરાજ ગાર્ડી કન્યા મહાવિદ્યાલય' ચાલે છે, તેમનાં માતુશ્રીના નામથી 'શ્રી કપૂરબહેન જૈન પાઠશાળા' ચાલે છે, તેમ જ આસપાસના પ્રદેશમાં તેમણે પ્રાથમિક શાળાઓનાં ૧૨ થી ૧૩ મકાનો બંધાવી આપ્યાં છે. મુંબઈમાં તેમના તરફથી ગાર્ડી હાઈસ્કૂલ ચાલે છે તથા બીજી સંસ્થાઓમાં તેમના તરફથી સારી સખાવત થયેલ છે. દુષ્કાળના પ્રસંગોમાં તેમણે રાહતકાર્યમાં પોતાની લક્ષ્મીનો સારો એવો સદુપયોગ કરેલો છે.

શ્રી દીપચંદભાઈ મુંબઈની સામાજિક અને શૈક્ષણિક અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહ્યા છે. સને ૧૯૭૩ માં પાલીતાણા ખાતે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ત્રેવીશમું અધિવેશન ભરાતાં તેના પ્રમુખપદે ચૂંટાયા, એ વખતે સ્થિતિ ડામાડોળ હતી, પણ તેમણે કુશળતાથી અધિવેશનને સફલતાથી પાર પાડયું અને તે પછી આજ સુધી કોન્ફરન્સનું સુકાન સંભાળતા રહ્યા છે. બાહ્ય દેખાવો કરતાં સંગીન કામ કરવું અને સર્વ સંપ્રદાયો સાથે હળીમળીને કામ કરવું એ એમની મુખ્ય નીતિ રહી છે.

તેઓ અમારી સાહિત્ય-સર્જન-પ્રકાશન-પ્રચારની પ્રવૃત્તિમાં વર્ષોથી ઊંડો રસ લઈ રહેલ છે. સને ૧૯૬૮ માં અમે તેમને **'સંકલ્પ-સિદ્ધિ'** નામનો ગ્રંથ ભવ્ય સમારોહપૂર્વક બીરલા માતુશ્રી સભાગારમાં અર્પણ કર્યો હતો. ત્યારથી તેઓ આજ સુધી અમારા પ્રકાશન-સમર્પણ-સમારોહના એક યા બીજા સ્થાને રહીને તેને શોભાવતા આવ્યા છે. આ વખતે સામાયિક-વિજ્ઞાન-સમર્પણ-સમારોહનું અધ્યક્ષપદ સ્વીકારતાં અમે ગૌરવની ઊંડી લાગણી અનુભવીએ છીએ અને તેમને સફલતાભર્યું દીર્ઘાયુષ્ય ઈચ્છીએ છીએ.

## સમારોહના સ્વાગતાધ્યક્ષ

# શ્રીમાન્ વસનજી લખમશી ઘેલાભાઈ

દાન, દયા, પરોપકાર તથા સેવાલક્ષી વિવિધ પ્રવૃત્તિઓને લીધે શ્રીમાન્ વસનજીભાઈ માત્ર કચ્છી સમાજમાં નહિ, પણ મુંબઈના સારાયે ગુજરાતી સમાજમાં ખૂબ લોકપ્રિય બનેલા છે. કચ્છ–દુર્ગાપુર-નિવાસી વીસા ઓસવાલ જ્ઞાતીય પિતા લખમશીભાઇ અને માતા રતનબાઇની શીળી છાયામાં ઉછરતાં તેમને ધાર્મિક સંસ્કારો સારા પ્રમાણમાં મળેલા છે. તેમના દાદીમા શ્રી મેઘબાઈ માતા કે જેઓ ધર્મપરાયણ ઉચ્ચ કોટિનું જીવન જીવતાં હતાં અને જેમનો તાજેતરમાં મુંબઈ–ઘાટકોપરમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો, તેમની મીઠી નજરે શ્રી વસનજીભાઇના જીવનને સુસંસ્કાર અને સેવાવૃત્તિની સૌરભથી મહેકતું કર્યું છે.

કોલેજનું બે વર્ષનું શિક્ષણ લીધા પછી શ્રી વસનજીભાઈ પોતાની પેઢી મે. લાલજી પુનશીની કું.માં જોડાયા કે જે અનાજ, તેલ અને તેલીબિયાંના કમિશનનું કામ મોટા પ્રમાણમાં કરે છે અને ભાતબજારની એક સહુથી જૂની પ્રામાણિક પેઢીની ખ્યાતિ પામેલી છે. ઉત્સાહ, ખંત અને ડહાપણભરેલા ચોક્કસ નિર્ણયોને લીધે અહીં તેઓ સારી રીતે ઝળકી ઉઠયા અને વ્યાપારીવર્ગ પર સુંદર છાપ પાડી શક્યા.

અનુક્રમે તેઓ ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્સ મર્ચન્ટ એસોસીએશનના મંત્રી બનેલા છે અને તે પદ સારી રીતે શોભાવી રહેલ છે. સને ૧૯૭૦માં તેઓ ધી બોમ્બે ઓઈલ સીડ્સ એક્સ-ચેન્જના ડિરેક્ટર બન્યા. ત્યાર પછી અખિલ હિંદ સેન્ટ્રલ આર્ગે-નિઝેશન ઓફ ઓઇલ ઇન્ડસ્ટ્રી એન્ડ ટ્રેઈડિની મેનેજીંગ કમીટીના સભ્ય બન્યા તથા ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ, ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ટ્રેઇડની ટેક્સેશન સબ કમીટી તથા આંતરિક વ્યાપાર સબ કમીટીના સભ્ય નિમાયા. આમ વ્યાપારી ક્ષેત્રમાં તેમની ઉત્તરોત્તર ઉન્નતિ થતી ગઈ અને તે હજી ય ચાલુ છે.

શ્રી વસનજીભાઈની સેવાપરાયણ-વૃત્તિએ સામાજિક ક્ષેત્રને પણ સારી રીતે શોભાવ્યું છે. તેઓ છેલ્લાં બાર વર્ષથી કચ્છી વીશા ઓશવાળ સેવાસમાજના પ્રમુખ છે, તેમ જ હીરજી ભોજરાજ એન્ડ સન્સ માટુંગા જૈન બોર્ડીંગ અને હીરજી ઘેલાભાઈ સાવલા હાઈસ્કૂલના ઉપપ્રમુખ છે. શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય કન્યાશાળાના-ઘાટકોપરના ટ્રસ્ટી તથા માનદ મંત્રી છે અને કચ્છ-દુર્ગાપુર જૈન મહાજન તથા પાંજરાપોળના ટ્રસ્ટી છે. વળી જૈન આશ્રમ કચ્છ-માંડવીના પણ ટ્રસ્ટી છે. આ રીતે તેઓ ટ્રસ્ટી, પ્રમુખ, મંત્રી કે કાર્યવાહક સમિતિના સભ્ય બનીને કચ્છની અનેક સંસ્થાઓને પોતાની સેવાઓ વિનમ્ર ભાવે આપી રહેલ છે.

સાર્વજનિક સેવાના ક્ષેત્રે પણ તેઓ સક્રિય રહ્યા છે. ઘાટકોપર હિંદુ મહાસભાની કાર્યવાહક સમિતિના સભ્ય છે, ઘાટકોપર સેવાસંઘ જે આંખની હોસ્પિટલ ચલાવે છે, તેના ટ્રસ્ટી છે અને ઘાટકોપર સાર્વજનિક સેવાસમાજની કાર્યવાહક સમિતિના સભ્ય છે. વળી તેઓ ધી રોટરી કલબ ઓફ બોમ્બે ડાઉન ટાઉનના પણ સક્રિય સભ્ય છે. આ રીતે બીજી પણ કેટલીયે સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

શ્રી કાંતાબહેનથી તેમનું લગ્નજીવન સુખી છે. તેઓ બે પુત્રી અને એક પુત્રના પ્રેમાળ પિતા છે.

ગત વર્ષે કચ્છ-ગોધરાથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ-રી પાળતો જે સંઘ નીકળ્યો, તેના ત્રણ યોજકોમાંના એક યોજક શ્રીમાન્ લખમશી ઘેલાભાઈ હતા. શ્રી વસનજીભાઈએ આ સંઘમાં જોડાઈને યાત્રિકોની ઉમદા સેવા બજાવી હતી. તેમની ધર્મપરાયણતા અને શ્રુત ભક્તિથી પ્રેરાઈને અમે તેમને ગત વર્ષે '**સિદ્ધિદાયક સિદ્ધચક્ર**' નામનો ગ્રંથ ભવ્ય સમારોહપૂર્વક અર્પણ કર્યો હતો. આ વખતે સામાયિક-વિજ્ઞાન-સમર્પણ-સમારોહની સ્વાગત-સમિતિનું અધ્યક્ષપદ સ્વીકારવા માટે તેમને અનેકાનેક ધન્યવાદ ઘટે છે.

## સમારોહના અતિથિવિશેષ

# શ્રીમાન્ નારાણજી શામજી મોમાયા

ધર્મપરાયણતા, તત્ત્વચિંતન અને અનોખા વ્યક્તિત્વને લીધે સામાન્ય મનુષ્યોથી જુદા તરી આવતા શ્રીમાન્ નારાણજીભાઈ સમસ્ત જૈન સમાજના એક પીઢ આગેવાન તરીકેનું સ્થાન શોભાવી રહેલ છે.

એમનો જન્મ માઇસોર રાજ્યના હુબલી શહેરમાં ઈ.સ. ૧૯૧૩ ના મે માસની એકવીસમી તારીખે થયો. પિતા શામજીભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન કોમના અગ્રણી હતા અને માતા શ્રી માનબાઈ ધર્મના રંગે રંગાયેલાં હતાં. માત્ર નવ માસની ઉંમરે પિતૃછાયા દૂર થતાં તેઓ દશ વર્ષ સુધી કચ્છ–વરાડિયામાં માતૃછાયામાં મોટા થયા. ત્યાર બાદ મુંબઈ આવી બાબુ પનાલાલ સ્કૂલમાં વિદ્યાભ્યાસ કરી મેટ્રિક થયા. ત્યાર બાદ વિદેશમાં જઈ આઈ. સી. એસ.નો અભ્યાસ કરવાનો વિચાર હતો, પણ માતાની ઇચ્છાને માન આપી એ વિચારને તિલાંજલિ આપી. સોળ વર્ષની ઉંમરે ધંધામાં જોડાયા અને વ્યવહારનો બધો ભાર ઉપાડી લીધો. તે સાથે તેમણે કાયદા, ટેક્ષેશન, કરંસી, એક્ષચેન્જ, એકાઉન્ટ્સ અને પોલિટિક્સનો અભ્યાસ કર્યો અને વિવિધ વિદ્યાસંપન્ન બન્યા.

સને ૧૯૪૨ માં તેઓ રૂની વિશ્વવિખ્યાત પેઢી ખીમજી વિશરામની કું. માં ભાગીદાર બન્યા. આજે પણ તેઓ એ પેઢીના એક અગ્રણી સુકાની છે અને 'કે. વી. કોટન જીનીંગ અને પ્રેસીંગ ફેકટરી'ના ડિરેકટર છે તથા 'મે. નારાણજી કું.' અને 'મે. પૃથ્વીરાજ નારાણજી કું.'માં ભાગીદાર છે. વિશેષમાં તેઓ ધી કરૂર મીલ્સ લિ. કરૂર અને પુદુકોટા ટેક્ષટાઇલ્સ લિ. પુદુકોટાનું સંચાલન પોતાના જયેષ્ઠ પુત્ર *કુલીનકાંતભાઈ મારફત કરી રહેલ છે.*

શ્રી નારાણજીભાઈ એ કપાસ ઉગાડનાર ભારતીય ખેડૂતોના હિતમાં દશ વર્ષ સુધી લડત ચલાવી હતી. પરિણામે સરકારે રૂના સીલીંગ ભાવમાં ૨૫ ટકાનો વધારો કરી આપ્યો હતો અને બીજા વર્ષે પણ ૧૦૦ ટકાનો વધારો કર્યો હતો. તેઓ કૃષિપ્રેમી પણ છે, અને પોતાના વતનમાં ૩૦૦ એકર જેટલી જમીનમાં 'મોમાયા ખેતીકેન્દ્ર' ચલાવી ઘણા માણસોને રોજી આપી રહ્યા છે.

સને ૧૯૬૭ માં કચ્છ–ભદ્રેશ્વરમાં શ્રી અખિલ ભારત અચલ• ગચ્છીય ચતુર્વિધ સંઘ સંમેલન ભરાયું, ત્યારે તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા. તેમણે એ સંમેલનનું કાર્ય કુશલતાથી પાર પાડયું અને આજ સુધી એ સ્થાને રહીને અનેક પ્રકારે સેવા કરી છે.

ભગવાન મહાવીરની ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની મુંબઈ ખાતે શાનદાર ઉજવણી થઈ, એ વખતે તેમણે જે હિંમ્મત, દીર્ઘદૃષ્ટિ અને કચ્છી જૈન સમાજ પરના પ્રભુત્વનો પરિચય કરાવ્યો, તે લાંબા સમય સુધી ભૂલાશે નહિ.

તેઓ બે પુત્ર અને ત્રણ પુત્રીઓના વહાલસોયા પિતા છે. તેમનાં ધર્મપત્ની શ્રી નિર્મલાબહેન એક આદર્શ ગૃહિણી છે.

શ્રી નારાણજીભાઈ અમારા સાહિત્યના અનન્ય પ્રેમી હોઈ સને ૧૯૭૧ માં અમે તેમને '**ભક્તામર–રહસ્ય**' ગ્રંથ ક્રોસ મેદાનમાં યોજાયેલ ભવ્ય સમારોહમાં અર્પણ કર્યો હતો. આજે તેઓ સામાયિક–વિજ્ઞાન–સમર્પણ–સમારોહમાં અતિથિવિશેષ તરીકે પધારી રહ્યા છે, તેનો અમને ખૂબ જ આનંદ છે.

## સમારોહના અતિથિવિશેષ

# શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ

**[ S. E. M. ]**

સૌમ્ય સ્વભાવ, વિશદ વ્યક્તિત્વ અને સૌજન્યભર્યા સત્કારથી સહુને પ્રભાવિત કરનાર શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ આજે સમાજનું અનેરું આકર્ષણ કરી રહ્યા છે. પિતા દામોદરદાસ કરશનદાસ અને માતા વિજયા બહેનના સુસંસ્કારો તથા સેવાપરાયણતા તેમને વારસામાં મળેલ છે. એકવીસ વર્ષની ઉમરે બી. એસસી. થયા પછી તેમણે વ્યવસાયમાં ઝંપલાવ્યું અને તેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા જ ગયા. જે. ચિત્તરંજન એન્ડ કું; કેમીફાઈન, શાહ એન્ડ મહેતા, એન. એલ. મહેતા શાહ એન્ડ એસોસિયેટ્સ, જ્યુપિટર એકસપોર્ટ્સ આદિ અનેક પેઢીઓનું તેઓ કુશલતાભર્યું સંચાલન કરે છે. સને ૧૯૭૫ માં તેમણે અંધેરી ખાતે લાખો રૂપિયાના ખર્ચે 'બહાર' નામનું અદ્યતન સિનેમાગૃહ બાંધ્યું અને સને ૧૯૭૬–૭૭માં વર્લી ખાતે તેનું જોડીદાર 'સત્યમ્' નામનું સિનેમાગૃહ તૈયાર કર્યું. કાંદીવલી પૂર્વમાં ઝાલાવાડ હાઉસીંગ સોસાયટીના ચેરમેન તરીકે સંસ્થા તરફથી 'લાભ પણ નહિ અને નુકસાન પણ નહિ' એ ધોરણે ૫૦ ફ્લેટો બાંધી આપ્યા છે. વર્લીમાં સેન્ચ્યુરી બજાર નજીક મનીષ કોમર્શિયલ સેન્ટર નામની ભવ્ય ઇમારત પણ તેમનું સર્જન છે.

શ્રી ચિત્તરંજનભાઈએ વ્યવસાયના વિકાસની સાથે સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સારો રસ લીધો છે. સને ૧૯૬૪માં અંધેરી લાયન્સ કલબના સભ્ય થઈ, જુદા જુદા હોદ્દાઓ ભોગવી પ્રમુખ બન્યા છે અને ડેપ્યુટી ડ્રીસ્ટ્રીકટ ગવર્નર સુધી પહોંચ્યા છે. તેમના પ્રમુખપદ દરમિયાન તેમણે વિવિધ પ્રકારની સેવાઓ બજાવી છે. રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિ માટે 'યુથ એકસચેન્જ પ્રોગ્રામ' નક્કી

થતાં તેમણે યુથ કેમ્પ ઊભો કરવામાં અને તેમાં જુદા જુદા પ્રાંત તથા દેશોના સભ્યો ભાગ લે તે માટે ઘણો પરિશ્રમ કર્યો હતો.

ધોળકા એજ્યુકેશન સોસાયટી મુંબઇના તેઓ વર્ષોથી મંત્રી છે. ધોળકાની બંને કોલેજોનો પ્રારંભ કરવામાં અને તેને પૂર્ણ કરવામાં તેમની સેવા નોંધપાત્ર રહી છે. મુંબઈની ઘણી સામાજિક–શૈક્ષણિક સંસ્થાઓ સાથે તેઓ એક યા બીજી રીતે જોડાયેલા છે અને તેને પોતાની યથાશક્તિ સેવા આપે છે.

શ્રી નેમિનાથ જૈન દેરાસર, શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સંઘ, ભગવાન મહાવીર કીર્તિસ્થંભ નિર્માણ સમિતિ વગેરેના તેઓ ટ્રસ્ટી છે અને ચિત્રકલા નિદર્શન કે જેમાં જૈન સંસ્કૃતિ કલાકેન્દ્ર તથા યશોભારતી પ્રકાશન સંસ્થા જોડાયેલા છે, તેના તેઓ મંત્રી છે.

આટલી મોટી જવાબદારીઓ વહન કરવા છતાં તેઓ નિત્ય-નિયમ ચૂકતા નથી. પોતાનો પૂજાપાઠ કર્યા પછી જ કામે લાગે છે અને સહુ સાથે પ્રેમથી વર્તે છે. દાનધર્મ પણ તેમણે સારી રીતે વિકસાવેલો છે.

શ્રી ચિત્તરંજનભાઈ શ્રી સરલા બહેનથી વિવાહિત થયેલા છે અને વિરલ તથા સચીન નામના બે પુત્રોના પિતા છે.

શ્રી ચિત્તરંજનભાઈએ સને ૧૯૬૨માં ધંધાના વિકાસ અર્થે વિદેશયાત્રા કરી હતી અને સને ૧૯૬૫ માં શ્રી સરલાબહેન તથા પુત્ર વિરલ સાથે જગતનો પ્રવાસ પણ કરેલો છે.

તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે તેમને સ્પેશ્યલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની પદવી આપી તેમની સેવાઓની કદર કરેલી છે.

આવી એક વિશિષ્ટ વ્યક્તિ આ સમારોહના અતિથિવિશેષ તરીકે સાંપડવા માટે અમે ગૌરવ અનુભવીએ છીએ.

## સમારોહના અતિથિવિશેષ

# શ્રીમતી સરલાબહેન સી. શાહ

સરલાબહેનનો જન્મ કરાંચીના એક સંસ્કારસંપન્ન જૈન કુટુંબમાં તા. ૨૯–૧૦–'૩૦ રોજ થયો હતો. પિતાનું નામ છોટાલાલ ખેતશી-ભાઈ અને માતાનું નામ સમજુબહેન. ચાર ભાઈ વચ્ચે તેઓ એક જ બહેન હતાં, એટલે પૂરા લાડકોડમાં ઉછર્યાં હતાં. માતા સમજુબહેન સમાજકલ્યાણની પ્રવૃત્તિઓમાં સારો રસ લેતાં હતાં, તેના સંસ્કાર તેમના પર બહુ ઊંડા પડ્યા હતા.

કરાચી પાકિસ્તાનમાં ભળ્યા પછી તેમનું કુટુંબ મુંબઈ આવ્યું. આ વખતે તેઓ મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાં હતાં, એટલે વિશેષ અભ્યાસ માટે સેંટ ઝેવિયર્સ કોલેજમાં દાખલ થયાં. સને ૧૯૫૧માં તેઓ બી. એ. થયા અને એમ. એ.નો અભ્યાસ શરૂ કર્યો, પણ એક વર્ષ બાદ શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ સાથે લગ્નગ્રંથિથી જોડાતાં વિશેષ અભ્યાસ કરી શક્યાં નહિ.

શ્રી સરલાબહેન શરૂઆતથી જ સામાજિક પ્રવૃત્તિઓમાં ઘણો રસ લેતાં હતાં. તેઓ અનુક્રમે All India Women's Confe-recne–અખિલ હિંદ મહિલા પરિષદનાં મંત્રી થયાં અને પ્રમુખપદ સુધી પહોંચ્યાં. આજે પણ તેઓ આ પરિષદની મધ્યસ્થ સમિતિના એક કાર્યવાહક સભ્ય છે. આ સંસ્થાના આશ્રયે તેમણે હોસ્પીટલ સર્વિસ કમીટી ઊભી કરેલી છે, જે કામા, કૂપર, વાડિયા વગેરે હોસ્પિટલોમાં જઈ બાળકોને સેવા આપે છે. ઉપરાંત આ સંસ્થાના આશ્રયે જ અંધેરીમાં એક મહિલા ઉદ્યોગગૃહ ઊભું કરવામાં આવ્યું છે, જે ૧૦૦ જેટલી બહેનોને રોજી આપે છે.

મહિલાઓના ઉદ્ધાર માટે *United Women's Orga-*

nisation નામની એક સંસ્થા રચાયેલી છે કે જેમાં ૧૦૦ જેટલી મહિલાઓ જોડાયેલી છે. તેનું મંત્રીપદ પણ તેઓ શોભાવે છે. ફેમીલી પ્લાનીંગ મુંબઈ–શાખાનાં પણ તેઓ સક્રિય મંત્રી છે. આ રીતે મહિલાઓના ઉદ્ધાર માટે ચાલતી સંસ્થાઓમાં તેમણે ઘણો રસ લીધેલો છે અને તન–મન–ધનનો ભોગ આપેલો છે.

સને ૧૯૬૫માં ઓસ્ટ્રીયા–વિયેનામાં Children's International Summer Camp યોજાયો, તેમાં તેમણે કેમ્પ લીડર તરીકે હાજરી આપી હતી અને ત્યાર બાદ બીજા જ વર્ષે લંડનમાં International Alliance of Women નામની પરિષદ યોજાઈ, તેમાં તેમણે પ્રતિનિધિ તરીકે હાજરી આપી પોતાના મનનીય વિચારો દર્શાવ્યા હતા.

ધોળકા એજ્યુકેશન સોસાયટીની કાર્યવાહક સમિતિમાં પણ તેઓ સભ્ય તરીકેની સેવા આપે છે.

ગૃહસ્થ જીવનમાં રહીને એક આદર્શ ગૃહિણીની ફરજો બજાવવા ઉપરાંત તેઓ આ બધી પ્રવૃત્તિઓમાં રસ લે છે, તે પરથી તેમની સેવાપરાયણ–વૃત્તિનો ખ્યાલ આવી શકશે.

પતિ અને પત્ની બંને સુશિક્ષિત અને સેવાભાવી હોય, એવો મેળ ભાગ્યે જ મળે છે, પણ કુદરતે એવો મેળ મેળવી આપ્યો છે અને તેનાં મધુર ફલો સમાજને મળી રહ્યાં છે.

શ્રી ચિત્તરંજનભાઈની જેમ શ્રીમતી સરલાબહેન પણ અમારી સાહિત્યપ્રવૃત્તિમાં ઊંડો રસ લઈ રહેલ છે. તેઓ આજે સામાયિક–વિજ્ઞાન–સમર્પણ–સમારોહના અતિથિવિશેષ તરીકે પધારી રહ્યાં છે, તેથી અમે આનંદવિભોર બન્યા છીએ.

## સમારોહના અતિથિવિશેષ

# શ્રીમાન્ કેશવલાલ ચુનીલાલ શાહ

સૌરાષ્ટ્રના સપૂતોની હરોળને શોભાવનાર શ્રીમાન્ કેશવલાલભાઈનો જન્મ તા. ૨૩–૪–૨૭ના રોજ લીંબડી મુકામે થયો હતો. પિતા ચુનીલાલ ચત્રભુજ શાહ કાયદાના નિષ્ણાત હોવા સાથે ધર્મ-પરાયણવૃત્તિના હતા, માતા ઝવેરીબહેન પણ ધર્મના રંગે રંગાયેલા હતા, એટલે શ્રી કેશવલાલભાઈનો ઉછેર ધાર્મિક વાતાવરણમાં થયો. તેમને બે મોટાભાઈ, ત્રણ નાનાભાઈ તથા એક નાની બહેન હતાં.

તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુરેન્દ્રનગરમાં લીધું અને ત્યાર બાદ રાજકોટ જઈ દિગ્વિજય આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં ઈન્ટર સુધીનો અભ્યાસ કર્યો. ત્યાંથી મુંબઈ આવી બે વર્ષ કાયદાનો અભ્યાસ કરી સને ૧૯૪૫માં એલ. એલ. બી. થયા અને બાર–કાઉન્સિલમાં જોડાયા, પરંતુ તેમનું આંતરિક વલણ વ્યાપાર તરફ હોઈ એડવોકેટ તરીકે પ્રેકટીસ ન કરતાં 'ઈસ્ટર્ન ઈન્ડસ્ટ્રીયલ સીન્ડીકેટ' નામની વ્યાપારી પેઢી ઊભી કરી પોતાના ત્રણ બંધુઓ સાથે તેમાં કામ કરવા લાગ્યા. પ્રામાણિકતા, ખંત અને કર્તવ્યનિષ્ઠાને લીધે થોડા જ વખતમાં આ પેઢીએ સારી પ્રગતિ કરી, પરંતુ શ્રી કેશવલાલભાઈની મહત્ત્વાકાંક્ષી દીર્ઘદૃષ્ટિને આથી સંતોષ ન થયો, એટલે તેમણે આ પેઢીથી છૂટા પડી સને ૧૯૭૦ની સાલમાં ઇલેકટ્રીક મશીન બનાવનારી 'પાવર એન્ડ કન્ટ્રોલ ટ્રાન્સફોર્મર ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.' તથા 'પેકટીલ ઇલેકટ્રોનિકસ પ્રા. લિ.' તથા 'ચેતન સવીચગીયર ઈન્ડસ્ટ્રીઝ' નામની ત્રણ પેઢીઓ ઊભી કરી, જેના તેઓ મેનેજીંગ ડાયરેકટર છે. આ પેઢીઓ ઉપરાંત તેઓ 'સી. ટી. આર. મેન્યુફેક-ચરીંગ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.' તથા 'મે. પોલસન લિ.'ના પણ ડાયરેકટર

છે. ટૂંકમાં શ્રી કેશવલાલભાઈની વ્યાવસાયિક કારકીર્દિ ઘણી ઝળકતી છે અને ભવિષ્યમાં તેઓ વ્યવસાયક્ષેત્રે મહાન સાહસો ખેડવાની ક્ષમતા ધરાવે છે.

તેઓ ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સની વિવિધ સમિતિઓ અને ઉપસમિતિઓમાં સભ્ય હતા અને પ્રોગ્રેસીવ ગ્રુપના પણ સક્રિય સભ્ય હતા. આજે તેઓ 'ઇન્ડિયન ઇલેક્ટ્રીકલ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન', 'ઓલ ઇન્ડિયા મેન્યુફેક્ચરર્સ એસોસીએશન', 'થાણા મેન્યુફેક્ચરર્સ એસોસીએશન', 'મશીનરી ડીલર્સ એસોસીએશન' વગેરેના સભ્ય છે.

શ્રી કેશવલાલભાઈએ વ્યવસાયના વિકાસની સાથે ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં પણ સારો રસ લીધો છે, એટલું જ નહિ, નાનપણમાં ધાર્મિક શિક્ષણ લીધેલું, તેનો જીવનઘડતર માટે ખૂબ ચીવટાઈથી ઉપયોગ કર્યો છે. શ્રી લાવણ્યસૂરિજ્ઞાનમંદિર–બોટાદના તેઓ ટ્રસ્ટી છે અને મુંબઈ–શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહક સમિતિના સભ્ય છે. તેમણે લાયન્સ કલબની પ્રવૃત્તિઓમાં પણ ઉંડો રસ લીધેલો છે અને તેના ઉપક્રમે સમાજસેવાનાં કેટલાંક સુંદર કાર્યો કરેલાં છે.

જાણીતા શિક્ષણપ્રેમી સ્વ. શ્રી ચંદુલાલ વર્ધમાન શાહની બીજી પુત્રી રમાલક્ષ્મીથી તેમનું લગ્નજીવન સુખી નીવડયું છે. તેઓ ત્રણ પુત્ર તથા એક પુત્રીના પ્રેમાળ પિતા છે.

શ્રી કેશવલાલભાઈ અમારા સાહિત્યનું પ્રેમથી પઠન કરે છે અને તેના પ્રચારમાં આનંદ માને છે; તેથી જ ગત વર્ષે અમે તેમને '**શ્રી ઋષિમંડલ–આરાધના**'ની બીજી આવૃત્તિનું સુંદર સમારોહપૂર્વક સમર્પણ કર્યું હતું. આજે તેઓ સામાયિક–વિજ્ઞાન–સમર્પણ-સમારોહના અતિથિવિશેષ તરીકે પધારતાં અમારાં આનંદ અને ઉત્સાહમાં ખૂબ જ વૃદ્ધિ થઈ છે. તેમને અનેકાનેક ધન્યવાદ!

## સમારોહના અતિથિવિશેષ

# શ્રીમાન્ જયંતિલાલ રાજપાળ શાહ

જેમના જીવનમાં સ્વાશ્રય, સંસ્કાર અને સેવાપરાયણતાના સુંદર સ્વસ્તિકો પૂરાયા છે, એવા શ્રીમાન્ જયંતિલાલ રાજપાળ શાહનો ટૂંક પરિચય કરાવતાં અમને આનંદ થાય છે.

સૌરાષ્ટ્ર—સુરેન્દ્રનગર નજીક મૂળી ગામમાં સને ૧૯૧૪ ના માર્ચ મહિનાની ૧૭ મી તારીખે સ્થાનકવાસી વીશા શ્રીમાળી જૈન કુટુંબમાં તેમનો જન્મ થયો. પિતા રાજપાળભાઈ તથા માતા ડાહી બહેન પરગજુ સ્વભાવનાં હતાં તથા ધર્મના રંગે રંગાયેલાં હતાં, એટલે શ્રી જયંતિભાઇનો ઉછેર સેવામય ધાર્મિક વાતાવરણમાં થયો.

પ્રાથમિક કેળવણી કોંઢ અને મૂળીમાં લીધા પછી તેઓ અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં દાખલ થયા અને શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાં અભ્યાસ કરવા લાગ્યા. અહીં છાત્રાલયના ગૃહપતિ શ્રીમનસુખરામ અનોપચંદ શાહ તથા વિદ્યાલયના મુખ્ય શિક્ષક શ્રી ધીરજલાલ ટોકરશી શાહના હાથે તેમના જીવનનું સુંદર ઘડતર થયું. એ વખતે ગાંધીયુગની આભા સર્વત્ર પ્રસરી હતી, એટલે તેના સંસ્કારો પણ તેમના જીવન પર સારા પ્રમાણમાં પડ્યા.

વિનીત થયા પછી તેમણે છાત્રાલય છોડયું અને મુંબઈ આવી નોકરી કરવા લાગ્યા. તેનો કેટલોક અનુભવ લીધા પછી તેમણે 'મે. જયંતિલાલ એન્ડ બ્રધર્સ'ના નામની પેઢી ખોલી જુની મશીનરી, લોખંડ, તથા અન્ય ધાતુઓ અને તેના ભંગારનો ધંધો શરૂ કર્યો. ખંત, પ્રામાણિકતા અને સાહસિકવૃત્તિને લીધે થોડા જ વખતમાં તેમના ધંધાનો વિસ્તાર થયો અને તે દારૂખાનાની એક પ્રતિષ્ઠિત પેઢી બની, જે આજે પણ એ સ્થાન સાચવી રહી છે.

આ સિવાય તેઓ બીજી પણ કેટલીક પેઢીઓનું મુંબઈ તથા કલકત્તા ખાતે સંચાલન કરે છે.

સને ૧૯૩૭ ની સાલમાં શ્રી જયંતિભાઈ શ્રીમતી મરઘાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા અને ત્રણ પુત્રો તથા ચાર પુત્રીના પિતા બન્યા. સને ૧૯૬૪ ની સાલમાં તેમના ધર્મપત્નીનો સ્વર્ગવાસ થતાં તેમણે માતા અને પિતા બંનેનું કર્તવ્ય બજાવી ગૃહજીવનનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

શ્રી જયંતિભાઈએ વ્યવસાયના વિકાસની સાથે શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં રસ લેવા માંડ્યો અને પોતાના લઘુબંધુ શ્રી અનોપચંદભાઈ તથા શ્રી પૂનમચંદભાઈના સાથ–સહકારથી પોતાના વતનમાં 'ભૂરીબહેન રાજપાળ બાલમંદિર' 'રાજપાળ પુરુષોત્તમ જૈન વાડી' તથા 'માતુશ્રી ડાહીબહેન રાજપાળ કન્યાવિદ્યાલય' નામની ત્રણ સંસ્થાઓ સ્થાપી આત્મસંતોષ અનુભવ્યો.

તેઓ મૂળી પ્રજામંડળના પ્રમુખ છે, શ્રી વર્દ્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ–માટુંગા તથા અ. નં. જૈન પાઠશાળા–માટુંગાની કારોબારીના સભ્ય છે, સૌરાષ્ટ્ર વીશા શ્રીમાળી પ્રગતિમંડળ–કલકત્તાના પેટ્રન છે અને શ્રી મુંબઈ ચીમન છાત્રમંડળના આજીવન સભ્ય તથા કાર્યવાહક સમિતિના સભ્ય છે. છેલ્લાં ચાર વર્ષ તેઓ તેના પ્રમુખ પણ હતા. શેઠ ચીમનલાલ નગીનદાસ શતાબ્દી સ્મારકનિધિમાં તેમણે નોંધપાત્ર ફાળો આપેલો છે અને તેની કાર્યવાહીમાં ઊંડો રસ લીધેલો છે. વિનય, વિવેક, વ્યવહારકુશળતા અને ઉદારતાને લીધે તેઓ મિત્રમંડળ તથા સંબંધીવર્ગમાં ઘણું આદરભર્યું સ્થાન પામેલા છે.

તેઓ અમારી સાહિત્યપ્રવૃત્તિમાં પ્રથમથી જ સારો રસ લે છે અને આ વખતે સામાયિક–વિજ્ઞાન–સમર્પણ–સમારોહમાં અતિથિ-વિશેષ તરીકે પધારી રહેલ છે, તેથી અમને ખૂબ ખૂબ આનંદ થયો છે.

## સમારોહના અતિથિવિશેષ

# શ્રીમાન્ જવાહર મોતીલાલ શાહ

સ્પેશ્યલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ (S. E. M.)

જેમના જીવનમાં નાનપણથી જ સેવાની જ્યોત જલવા લાગી અને તે દિન–પ્રતિદિન વિશેષ પ્રજ્વલિત બનતી ગઈ, તે સેવાપરાયણ શ્રીમાન્ જવાહરભાઈનો પરિચય કરાવતાં અમને આનંદ થાય છે.

માલેગામના અગ્રગણ્ય નાગરિક શ્રીમાન્ મોતીલાલ વીરચંદ શાહને ત્યાં સને ૧૯૪૦ માં તેમનો જન્મ થયો. માતાનું નામ જાનકી-બાઈ. પિતાની સેવાપરાયણતા અને માતાની ધર્મપરાયણતા બંનેનો તેમને વારસો મળ્યો, તેમ જ તે વખતના વાતાવરણમાંથી તેમને રાષ્ટ્રીય ભાવનાનો રંગ પણ સારા પ્રમાણમાં ચડ્યો.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માલેગામમાં લીધા પછી તેઓ મુંબઈમાં આવ્યા અને સીડનહેમ કોલેજમાંથી સને ૧૯૬૪ ની સાલમાં બી. કોમ. થયા. ત્યાર પછી તરત જ તેમણે રંગ અને રસાયણના ધંધામાં ઝુકાવ્યું. તે સાથે સૂતરનો ધંધો પણ વિકસાવ્યો અને પેઢીઓ તથા કંપનીઓને નાણાનું ધીરાણ કરવા માંડ્યું. એક કુશળ વ્યાપારીમાં જે ગુણો જોઈએ, તે બધા ગુણોથી તેઓ સંપન્ન હતા, એટલે તેઓ દિન–પ્રતિદિન પ્રગતિ કરવા લાગ્યા અને લાભ તથા યશ બંનેના અધિકારી બન્યા.

સને ૧૯૬૪ ની સાલમાં તેઓ શ્રીમતી માયાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. જીવનના આદર્શો અને સંસ્કારોની સમાનતાને લીધે તેમનું લગ્નજીવન સુખી નીવડ્યું. આજે તેઓ બે પુત્રરત્નોના પિતા છે.

શ્રી જવાહરભાઈએ વ્યવસાયના વિકાસની સાથે સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં રસ લેવા માંડયો અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ દિલચસ્પી દાખવી. આજે મહારાષ્ટ્રમાં 'યુવક બિરાદરી' નામની એક મોટી સંસ્થા ચાલે છે, જે યુવકોને જુદા જુદા પ્રકારનું શિક્ષણ આપે

છે અને તેમને ઉત્તમ નાગરિક બનાવવાનો પ્રયાસ કરે છે. આ સંસ્થાના પ્રમુખ સન્માનનીય શ્રી મધુકરરાવ ચૌધરી છે. છેલ્લાં ત્રણ વર્ષથી શ્રી જવાહરભાઈ આ સંસ્થાના ડીરેકટર તરીકે સુંદર કામગીરી બજાવી રહ્યા છે.

માલેગામની 'વર્ધમાન શિક્ષણ સંસ્થા' જે પ્રાથમિકથી માંડીને હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ આપે છે, તેના તેઓ માનદ મંત્રી છે અને તેની નાની મોટી બધી પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લે છે.

તેઓ માલેગામ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘમાં અગ્રસ્થાન ભોગવે છે અને મુંબઈ–પ્રાર્થનાસમાજ જૈન સંઘની બધી ધાર્મિક પ્રવૃત્તિઓમાં તન–મન–ધનનો ભોગ આપી રહેલ છે. તાજેતરમાં શ્રી ગોડીજી જૈન દહેરાસરમાં દીવાળીની રજાઓમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષણવર્ગની યોજના થઈ, તેનું ઉદ્‌ઘાટન તેમણે કર્યું હતું અને તેમાં સારો રસ લીધો હતો. તીર્થક્ષેત્રોમાં લક્ષ્મીનો સદ્‌વ્યય કરવામાં તેઓ આનંદ માને છે.

વિશેષમાં તેમણે પ્રાંતભેદ સિવાય અનેક યુવક–યુવતીઓને વ્યાવસાયિક માર્ગદર્શન આપી કામધંધે ચડાવ્યા છે અને અંતરના આશીર્વાદ મેળવ્યા છે.

મહારાષ્ટ્ર રાજ્યના મંત્રી શ્રી કે. એમ. પાટીલ તથા શ્રી મધુકરરાવ ચૌધરી સાથે તેઓ બીજા પણ કેટલાંક ક્ષેત્રોમાં નોંધપાત્ર કામ કરી રહેલ છે. તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે તેમને 'સ્પેશ્યલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ( S. E. M. )' ની માનદ પદવી આપીને તેમની સેવાઓની કદર કરી છે.

શ્રી જવાહરભાઈ અમારા સાહિત્યના પ્રેમી છે અને તેઓ આજે સામાયિક–વિજ્ઞાન–સમર્પણ–સમારોહના એક અતિથિવિશેષ તરીકે પધારી રહ્યા છે, તેથી અમને ખૂબ આનંદ થયો છે. અમે તેમને અત્યંત ઉજ્જવલ ભવિષ્ય ઈચ્છીએ છીએ.



સમારોહના પેટ્રન
**શ્રીમતી મૃદુલાબહેન બી. દોશી**
જેઓ સમાજસુધારણા અને પરોપકારની
પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લઈ રહ્યા છે.

# વિષયાનુક્રમ


| | પૃષ્ઠ સંખ્યા |
|---|---|
| ૧. સામાયિકનો મહિમા | ૩ |
| ૨. સામાયિકનો અર્થ | ૨૦ |
| ૩. સામાયિક—સારભૂત સુંદર ક્રિયા | ૩૪ |
| ૪. સામાયિક—અનેરી યોગસાધના | ૪૮ |
| ૫. બે પ્રકારની તૈયારી | ૬૭ |
| ૬. આલંબનરૂપ સૂત્રપાઠો | ૮૫ |
| ૭. સામાયિક લેવા—પારવાનો વિધિ (સમજ સાથે) | ૧૧૭ |
| ૮. મુહપત્તીના પચાશ બોલનું રહસ્ય | ૧૩૯ |
| ૯. સામાયિકમાં શું ન કરાય ? | ૧૫૬ |
| ૧૦. સામાયિકનો સાધનાક્રમ | ૧૭૦ |
| ૧૧. મન જીતવાની કલા | ૧૮૩ |
| ૧૨. સમભાવ અંગે કેટલુંક | ૨૦૭ |
| ૧૩. રાગને છોડો | ૨૨૭ |
| ૧૪. દ્વેષને ત્યજો | ૨૫૧ |
| ૧૫. ક્રોધ અને માનને કાઢો | ૨૭૪ |
| ૧૬. માયા અને લોભને હઠાવો | ૨૯૪ |
| ૧૭. દૃષ્ટિ આત્મા ભણી રાખો | ૩૧૮ |
| ૧૮. ભાવનાઓનું સેવન—૧ | ૩૩૬ |
| ૧૯. ભાવનાઓનું સેવન—૨ | ૩૬૦ |
| ૨૦. આર્ત—રૌદ્રધ્યાનનો ત્યાગ | ૩૮૩ |
| ૨૧. ધર્મધ્યાનનો અભ્યાસ | ૪૦૨ |
| ૨૨. શુક્લધ્યાનનો પરિચય | ૪૨૩ |
| ૨૩. અન્ય ચાર ધ્યાનો | ૪૩૫—૪૪૮ |

# ઉપયોગમાં લેવાયેલા ગ્રન્થોની યાદી

અનુયોગદ્વારચૂર્ણી
આનંદઘનપદભાવાર્થ
આનંદઘન–સ્તવનાવલી
આવશ્યકસૂત્ર
આવશ્યકનિર્યુક્તિ
ઉત્તરાધ્યયનસૂત્ર
ગુરુવંદનભાષ્ય
જ્ઞાતધર્મકથા
જ્ઞાનાર્ણવ
તત્ત્વાર્થસૂત્ર–સંબંધકારિકા
ધ્યાનદીપિકા
ધ્યાનવિચાર
ધ્યાનશતક
બૃહત્ કલ્પભાષ્ય
ભક્તામરસ્તોત્ર
યોગશતક
યોગશાસ્ત્ર–સ્વોપજ્ઞ વિવરણસહ
યોગસાર
વિશેષાવશ્યકભાષ્ય
શાંતસુધારસભાવના
શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભા. ૧–૨–૩
શ્રી ભગવતીસૂત્ર
સૂત્રકૃતાંગસૂત્ર
સેનપ્રશ્ન
સ્થાનાંગસૂત્ર–ટીકા

તથા

અમારા રચેલા અનેક ગ્રંથો

ॐ ह्रीँ अर्हं नमः

# પ્રસ્તાવના

પાપોમાં અશાન્તિ !

પાપોથી દુઃખ અને ત્રાસ !

પાપોથી સર્વનાશ...

સર્વજ્ઞ સર્વદર્શી પુરુષોએ કરેલું આ સચોટ નિદાન છે. રોગના સચોટ નિદાન વિના સાચો અસરકારક ઉપચાર ન થઈ શકે. સકલ વિશ્વના સર્વ જીવોની દુઃખમય, ત્રાસમય સ્થિતિનું જ્ઞાનદૃષ્ટિથી અવલોકન કરતાં કરુણાવંત જ્ઞાની પુરુષોનું હૃદય રડી ઉઠ્યું. તેમણે પોતાનાં સર્વ વૈષયિક સુખોનો ત્યાગ કરી દીધો. તપ, ત્યાગ અને તિતિક્ષાનો ધર્મપુરુષાર્થ આરંભી દીધો. સુદીર્ઘકાળ એ સાધનાના માર્ગે અવિરત પ્રગતિ કરતા રહ્યા...અને આત્મજ્ઞાનનો દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કર્યો. એ દિવ્યપ્રકાશમાં તેમણે વિશ્વની યથાર્થ પરિસ્થિતિનું દર્શન કર્યું. 'જીવો શાથી દુઃખી ? જીવો શાથી અશાન્ત ?' આ પ્રશ્નનું સમાધાન મળી ગયું. 'પાપોથી દુઃખ છે. પાપોથી અશાન્તિ છે.'

અનંત અનંત પાપોના ભારે રસિયા જીવોને સમજાવવું કે 'તમે આ પાપોથી દુઃખી છો...' કેટલું બધું અઘરૂં કામ છે ! ન માને આ વાત. વાત કરનારની હાંસી કરે. આવી વાત કરનારને પાગલ માને ! 'પાપોથી સુખ મળે છે.' આ દૃઢ બની ગયેલી માન્યતાનાં મૂળિયાં પાતાળમાં ગયેલાં છે. એ મૂળિયાંને ઉખેડી નાંખવાં...એ સામાન્ય માનવીનું ગજું નહીં. એ દુષ્કર કાર્યને કરવા માટે તો જોઈએ અનંત આત્મશક્તિ ! જોઈએ અનંત જ્ઞાન અને અનંત કરુણા.

તીર્થંકરત્વ એટલે આ ત્રણ અપૂર્વ તત્ત્વોનું સંમિશ્રણ. અનંત આત્મશક્તિ + અનંત જ્ઞાન + અનંત કરુણા = તીર્થંકરત્વ. આ

તીર્થંકરત્વના ચરણે વિશ્વની શ્રેષ્ઠ વિભૂતિઓ નિવાસ કરે છે. તીર્થંકરત્વ અદ્‌ભુત પ્રભાવશાળી બની જાય છે. આ પ્રભાવથી હજારો, લાખો...કરોડો માનવો...... પ્રભાવિત થાય છે. જ્યારે તેઓ પ્રભાવિત થાય છે, ત્યારે તેઓ તીર્થંકરની વાતોને સાચી માને છે, સ્વીકારે છે અને એ મુજબ આચરણ કરે છે. 'પાપો જ દુઃખોનાં કારણ છે. પાપો જ અશાન્તિનું કારણ છે.' આ વાત એમના ગળે ઉતરી જાય છે. તેઓ પ્રતિજ્ઞા કરે છેઃ

**करेमि भंते ! सामाइयं ।**
**सावज्जं जोगं पच्चक्खामि ॥**

'હે ભગવંત ! હું પાપમય પ્રવૃત્તિનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરૂં છું, સામાયિક કરૂં છું.' જો એ મનુષ્યને એવો આત્મવિશ્વાસ જાગે...એવો વીર્યોલ્લાસ પ્રગટે તો એ જીવનપર્યંત પાપોનો ત્યાગ કરવાની... નિષ્પાપ જીવન જીવવાની પ્રતિજ્ઞા કરી લે છે અને 'સામાયિક'માં સ્થિર થઇ જાય છે. જો એને જીવનપર્યંત નિષ્પાપજીવન જીવવાનો આત્મવિશ્વાસ નથી હોતો તો એ ચોવીસ કલાક માટે પ્રતિજ્ઞા કરે છે... બાર કલાક માટે પ્રતિજ્ઞા કરે છે, છેવટે બેઘડી = ૪૮ મીનીટ માટે પ્રતિજ્ઞા કરે છે. એ પ્રતિજ્ઞા મન, વચન અને કાયાથી કરે છે. મનમાં પણ પાપોનું આકર્ષણ ન જાગે, તે માટે તત્પર બને છે. 'મારે જો મારાં દુઃખોનો સમૂળ ઉચ્છેદ કરવો છે, તો મારે પાપોનો સમૂળ ઉચ્છેદ કરવો જ પડશે. તે માટે 'સામાયિકધર્મ' એ જ સાચો ને સચોટ ઉપચાર છે.' આ વાત એના અંતઃકરણમાં જચી જાય છે.

આવો મહાત્મા પાપોને પ્રતિક્રમે છે, પાપોને નિંદે છે, પાપોની ગર્હા કરે છે અને આત્માને પાપોથી અળગો કરે છે. મન, વચન અને કાયાથી પાપ કરતો નથી અને બીજાઓ પાસે કરાવતો પણ નથી. આવો મનુષ્ય જ રાગ–દ્વેષથી મુક્ત રહી શકે છે. સમતાભાવમાં સ્થિર રહી શકે છે. પ્રશમભાવમાં લીનતા અનુભવી શકે છે.

**सम**=મધ્યસ્થ [ રાગ–દ્વેષરહિત ]

**आय**=પ્રાપ્તિ.

**सम+आय=समाय** મધ્યસ્થ ભાવની પ્રાપ્તિ થવી તે સામાયિક.

સામાન્ય મનુષ્ય 'સામાયિક' નો એક જ અર્થ સમજે છે, બે ઘડીનું સામાયિક! પરંતુ એમ નથી, સામાયિકના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે:

૧. શ્રુત સામાયિક.

૨. સમ્યક્ત્વ સામાયિક.

૩. દેશવિરતિ સામાયિક.

૪. સર્વવિરતિ સામાયિક.

**શ્રુત સામાયિક :** ગીતાર્થ સદ્ગુરુઓ પાસે વિનયબહુમાનપૂર્વક સૂત્ર અને અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવું.

**સમ્યક્ત્વ સામાયિક :** જિનભાષિત તત્ત્વો ઉપર દૃઢ શ્રદ્ધા. સુદેવ–સુગુરુ–સદ્ધર્મ પ્રત્યે અવિચલ શ્રદ્ધા.

**દેશવિરતિ સામાયિક :** પાપ પ્રવૃત્તિઓનો આંશિક ત્યાગ. આ સામાયિક અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતોની અપેક્ષાએ અનેક પ્રકારનું છે.

**સર્વવિરતિ સામાયિક :** સર્વ પાપપ્રવૃત્તિનો સર્વથા ત્યાગ.

સામાયિક-ધર્મની આરાધનામાં જેમ બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર અને કાળનું મહત્ત્વ છે, એ અંગેના કેટલાક વિધિ–નિષેધો છે, તેમ 'ભાવ'ની અગત્યતા પણ એટલી જ છે. એટલું જ નહીં, દ્રવ્ય–ક્ષેત્ર અને કાળના વિધિ–નિષેધોની પાલના 'ભાવ' ની પ્રાપ્તિ માટે છે. એ મનોભાવ ઉત્તરોત્તર વિશુદ્ધ–વિશુદ્ધતર થતા જાય. આંતર–આનન્દની, આંતરસુખની નિરંતર વૃદ્ધિ થતી જાય. સામાયિકધર્મના ઉપાસક

મહાનુભાવનું અંતઃકરણ સર્વ જીવો પ્રત્યેના મૈત્રીભાવથી નવપલ્લવિત બને. સર્વ જીવો પ્રત્યે શુદ્ધ સ્નેહનું ઝરણું એના હૃદયગિરિમાંથી વહેતું રહે. સામાયિક–કાળમાં તો એ મૈત્રીનો ભાવ એટલો બધો મધુર બની જાય... કે એની મીઠાશ શબ્દોમાં અભિવ્યક્ત ન થઈ શકે.

'સામાયિક' કરનાર પુણ્યાત્મા વૈર–વિરોધના કીચડમાં પોતાના પવિત્ર ચરણોને ખરડાવા ન દે. ક્રોધ અને અભિમાનની ભડભડતી આગમાં પોતાના કોમળ હૃદયને સળગવા ન દે. સર્વજીવમૈત્રીના પવિત્રતમ ભાવથી ભાવિત પુણ્યાત્મા હર્ષઘેલો ન બને, કે શોકનિમગ્ન ન બને. રતિ–અરતિ, હર્ષ–ઉદ્વેગ અને રાગ–દ્વેષનાં દ્વન્દ્વોથી અળગો રહે. એ દ્વન્દ્વોને પોતાના આત્મા પાસે ફરકવા ન દે.

આ ભાવવિશુદ્ધિથી હૃદય પરમ પવિત્ર બને છે, ત્યારે જ્ઞાન–દર્શન અને ચારિત્ર અલગ–અલગ નથી રહેતાં. ત્રણે એકરસ બની જાય છે. આ રત્નત્રયીની એકરસતા 'શીખંડ' જેવી બની જાય છે. એવી મધુરતા ! એવી સ્વાદિષ્ટતા !

સામાયિક એ આ શ્રેષ્ઠ માધુર્યના અનુભવ તરફની અન્તર્યાત્રા છે. પાંચ ઇન્દ્રિયોના અસંખ્ય વિષયો તરફથી બાહ્ય–યાત્રા સ્થગિત કરી દેવામાં આવે, તો જ આ અન્તર્યાત્રાનો પ્રારંભ થઇ શકે. ૪૮ મિનિટનું 'સામાયિક' આ અન્તર્યાત્રાની શરૂઆતનો તબક્કો છે. 'શ્રુત સામાયિક' એ અન્તયાર્ત્રાની 'ગાઇડ' છે. 'સમ્યક્ત્વ સામાયિક' એ અન્તર્યાત્રા માટે જરૂરી મનોબળ પૂરૂં પાડનારૂં 'પાવરહાઉસ' છે. 'દેશવિરતિ સામાયિક' અન્તયાત્રામાં આવતા 'ગેસ્ટ હાઉસ' 'રેસ્ટ હાઉસ' છે. 'સર્વવિરતિ સામાયિક' એ અન્તર્યાત્રાનો છેલ્લો પડાવ છે. એ પડાવમાં જ પેલો રત્નત્રયીની એકરસતા શ્રેષ્ઠ માધુર્યનો રસાસ્વાદ અનુભવવાનો હોય છે... બસ, એ અનુભવ થયો...કે અન્તર્યાત્રા પૂર્ણ થાય છે.

આ 'સામાયિકધર્મ'ની વિસ્તૃત ચર્ચા 'વિશેષાવશ્યક' વગેરે

ગ્રન્થોમાં કરવામાં આવી છે. મુખ્યતયા ૩૬ દ્વારોથી એ વિચારણા કરવામાં આવી છે. એ ૩૬ દ્વારોનો અહીં માત્ર નામનિર્દેશ જ કરું છું: ૧. ક્ષેત્ર ૨. દિશા ૩. કાળ ૪. ગતિ ૫. ભવ્ય ૬. સંજ્ઞી ૭. શ્વાસોચ્છ્વાસ ૮. દૃષ્ટિ ૯. આહાર ૧૦ પર્યાપ્તિ ૧૧. સુપ્ત–જાગ્રત ૧૨. જન્મ ૧૩. સ્થિતિ ૧૪. વેદ ૧૫. સંજ્ઞા ૧૬. કષાય ૧૭. આયુષ્ય ૧૮. યોગ ૧૯. શરીર ૨૦. જ્ઞાન ૨૧. ઉપયોગ ૨૨. સંસ્થાન ૨૩. સંઘયણ ૨૪. અવગાહના ૨૫. લેશ્યા ૨૬. પરિણામ ૨૭. વેદના ૨૮. સમુદ્ઘાત ૨૯. નિર્જરા ૩૦. ઉદ્વર્તના ૩૧. આશ્રવ ૩૨. અલંકાર ૩૩. શયન ૩૪. આસન ૩૫. સ્થાન ૩૬. ચંક્રમણ. *

વર્તમાનકાળે શ્રાવક–શ્રાવિકાઓ જે બે ઘડીનું સામાયિક કરે છે, તે અનેક ક્ષતિઓથી વિક્ષત થયેલું જોવામાં આવે છે. + કાયાના બાર દોષો ટાળવાનું દુર્લક્ષ્ય, વચનના દસ અને મનના દસ દોષો નિવારવાનું દુર્લક્ષ્ય! આ બેકાળજીના પરિણામે સામાયિકધર્મની પ્રતિષ્ઠા ઘટી છે. સામાયિક કરનારાઓમાં સમતા ભાગ્યે જ જોવા મળે છે. સામાયિકની ક્રિયામાં અવિધિ પ્રવેશી ગઈ છે. સામાયિકના કાળમાં પણ વિકથાઓ ચાલે! ઊંઘવાનું ચાલે! છીંકણી સૂંઘવાનું ચાલે!' અનેક અયોગ્ય પ્રવૃત્તિઓ ચાલે... છતાં માને કે 'મેં સામાયિક કર્યું!'

સામાયિકધર્મની આરાધના કરનારા સ્ત્રી–પુરુષોના જીવનમાં જ્યારે કોઈ સારું પરિવર્તન જોવામાં નથી આવતું, ત્યારે તેઓ બીજા મનુષ્યોની દૃષ્ટિમાં 'સામાયિકધર્મ'ના પ્રભાવને ઝાંખો પાડે છે. સામા-

---

* આ ૩૬ દ્વારો ઉપર સંક્ષિપ્ત પણ સુંદર વિવેચન માટે વાંચો
**"શ્રી સર્વજ્ઞકથિત પરમ સામાયિક ધર્મ"**
પ્રકાશક: શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મંડળ: અંજાર (કચ્છ)

+ આ ૩૨ દોષોની સમજણ મેળવવા પ્રસ્તુત ગ્રંથમાં પ્રકરણ–૯ ધ્યાનપૂર્વક વાંચો.

યિકધર્મથી અપરિચિત મનુષ્યો જ્યારે અવિધિથી અને અવિવેકથી સામાયિકની ક્રિયા કરનારાઓને જુએ છે, ત્યારે તેમના મનમાં સામાયિકધર્મ અંગે કોઈ વિશેષ સદ્ભાવ કે એની ઉપાદેયતાનો ભાવ જાગ્રત થતો નથી.

સામાયિકધર્મ અંગે વિશદ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મનુષ્યોએ, સામાયિક ધર્મની આરાધના ખોડખાંપણ વિનાની કરવાની ઇચ્છાવાળા મનુષ્યોએ આ પ્રસ્તુત ગ્રંથ **"સામાયિક–વિજ્ઞાન"** વાંચવો જોઇએ. આ ગ્રંથના લેખક શ્રી ધીરૂભાઇએ સરલ ભાષામાં અને રસમય શૈલીમાં સામાયિકધર્મને સમજાવ્યો છે. ત્રેવીસ પ્રકરણોમાં તેમણે સામાયિક અંગેની સર્વાંગીણ વાતો કરી છે. લેખકની લેખનપ્રતિભાથી જૈન સમાજ અપરિચિત નથી. તેમણે અનેક વિષયો ઉપર સેંકડો પુસ્તકો લખ્યાં છે. તાત્ત્વિક અને શાસ્ત્રીય વિષયોને વિશદ કરવામાં તેમની 'માસ્ટરી' છે.

તેઓએ પ્રસ્તુત ગ્રંથમાં પાન નં. ૮૧ ઉપર પ્રશ્નોત્તરીમાં સામાયિક કરનારની ઉંમર આઠ વર્ષ અને તેની ઉપરની...બતાવી છે. *તે સર્વવિરતિ–સામાયિક માટે બરાબર છે;* પરંતુ તે સિવાયના ત્રણ સામાયિકની આરાધના તો આઠ વર્ષથી નાની ઉંમરનાં બાળકો પણ કરી શકે.

લેખકે લગભગ દરેક પ્રકરણમાં એક એક રસમય વાર્તા મૂકીને, 'સામાયિક–વિજ્ઞાન' જેવા ગહન વિષયને પણ સરલ અને સુબોધ બનાવી દીધો છે. મોટા ભાગના પ્રકરણોમાં 'પ્રશ્નોત્તરી' મૂકીને લેખકે વિષયને ખૂબ જ રોચક બનાવ્યો છે. વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ગયેલા એવા આ શતાવધાની પંડિતજીએ **"સામાયિક–વિજ્ઞાન"** લખીને સ્વયં તો અનુપ્રેક્ષા–સ્વાધ્યાયનો રસાસ્વાદ માણ્યો છે. સાથે જ, વિશાળ જનસમુદાયને સામાયિક–ધર્મ તરફ અભિમુખ કરવાનો પુણ્ય-

લાભ પ્રાપ્ત કર્યો છે. આ સાડા–ચારસો પૃષ્ટનો ગ્રન્થ જે કોઈ અવગાહશે તેને સમતાની પ્રાપ્તિ થશે.

અશાન્તિ અને અજંપાથી ખદબદી રહેલી આજની દુનિયાને શાન્તિ અને સમતાની શીતળતા 'સામાયિક'ની આરાધનામાં મળી શકશે. પ્રયોગાત્મક ભૂમિકાએ સામાયિક કરવું જોઈએ. સમત્વની પ્રાપ્તિના લક્ષપૂર્વક સામાયિક કરવું જોઈએ. સામુદાયિક રીતે પણ 'સામાયિક–પ્રયોગ' કરાવી શકાય. સામાયિકમાં જાપ અને ધ્યાનના સુંદર પ્રયોગો કરાવી શકાય. આથી અપૂર્વ ચિત્તશાન્તિનો અનુભવ કરાવી શકાય છે. 'ગ્રીષ્મકાલીન જ્ઞાનસત્રો'માં સેંકડો વિદ્યાર્થીઓને મેં આ રીતે સામાયિક કરાવીને, જાપ–ધ્યાનના પ્રયોગ દ્વારા ચિત્તનાં સ્થિરીકરણ કરાવેલાં છે. કોલેજના વિદ્યાર્થીઓના અનુભવ છે કે આ રીતે સામાયિક કરવાથી તેમનાં મન ઘણાં નિર્મળ બન્યાં છે.

પંડિત શ્રી ધીરૂભાઈ પ્રત્યે મારા હૃદયમાં સહજ સ્નેહ અને સદ્ભાવ રહે છે, કારણ કે તેઓ મારી માનસિક–વિકાસયાત્રામાં સહાયક બનેલા છે. 'શતાવધાન'ના પ્રયોગોની દૃષ્ટિએ તેઓ મારા 'વિદ્યાગુરુ' પણ રહેલા છે! તેઓના ગ્રન્થ પર 'પ્રસ્તાવના' લખતાં મને આજે ખૂબખૂબ આનંદ થાય છે. તેઓ હજુ પણ આવા ઉત્તમ ગ્રંથોની રચના કરી સ્વ–પરનું શ્રેય સાધે, એ જ અંતઃકરણની એક કામના.

સંવેગરંગ–દાનપ્રેમ પૌષધશાળા.
**ડભોઈ.**
આસો સુદ : ૧. વિ. સં. ૨૦૩૨.

**મુનિ ભદ્રગુપ્તવિજય.**

ધાર્મિક સંસ્કારો રેડવા માટે

અધ્યાત્મની પુષ્ટિ કરવા માટે

સર્વાંગી વિકાસ સાધવા માટે

શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું**

રચેલું

પ્રાણવાન પ્રતિષ્ઠિત સાહિત્ય

અવશ્ય વાંચો

અને

બીજાઓને વંચાવો.



સમારોહના અધ્યક્ષ

શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી



સમારોહના સ્વાગતાધ્યક્ષ

શ્રીમાન્ વસનજી લખમશી ઘેલાભાઇ



સમારોહના અતિથિવિશેષ

**શ્રીમાન્ નારાણજી શામજી મોમાયા**



સમારોહના અતિથિવિશેષ

**શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ**

(S. E. M.)



સમારોહના અતિથિવિશેષ

**શ્રીમતી સરલાબહેન સી. શાહ**



સમારોહના અતિથિવિશેષ

**શ્રીમાન્ કેશવલાલ સી. શાહ**



સમારોહના અતિથિવિશેષ

**શ્રીમાન્ જયંતિલાલ રાજપાળ શાહ**



સમારોહના અતિથિવિશેષ

**શ્રીમાન્ જવાહરલાલ મોતીલાલ શાહ**

[S. E. M.]



સમારોહના પેટ્રન

## શ્રીમાન્ દલીચંદ પૂનમચંદ શાહ

બાલ્યાવસ્થામાં ધાર્મિક સંસ્કારો પામી આપબળે આગળ વધેલા રાજસ્થાન–શિરોહીના મૂળ વતની શ્રી દલીચંદભાઇ આજે કર્ણાટક–ગદગના ખ્યાતનામ વ્યાપારી છે અને જૈન સંઘમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન ધરાવે છે. તેમનાં હાથે અનેક ધાર્મિક કાર્યો થયેલાં છે. તેઓ જૈન સાહિત્યના પ્રચારમાં પણ ઊંડો રસ લે છે અને અમને વખતોવખત પ્રોત્સાહન આપતા રહ્યા છે.



સમારોહના મુખ્ય મંત્રી

**શ્રીમાન્ સુરેન્દ્ર એ. છેડા**

જેઓ

સમાજકલ્યાણની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લઈ રહ્યા છે.



સમારોહના સન્નિષ્ઠ કાર્યકર

**શ્રીમાન્ પ્રવીણચંદ્ર સી. શાહ**

જેઓ ધર્મપરાયણ ઉદાર વૃત્તિના
છે અને અમારા દરેક સમારોહમાં
ગ્રંથવેચાણનો વિભાગ સંભાળે છે.



ગ્રંથલેખક

અધ્યાત્મવિશારદ શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

## ✤ વંદના પહેલી ✤

જેની સહાયથી
આજ સુધીમાં
અનંત આત્માઓ
ભયંકર ભવારણ્યનો
પાર પામી
સિદ્ધિસ્થાનમાં બિરાજ્યા,
**તે**
સામાયિકયોગને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**ભાનુકુમાર એમ. દોશી**
**તથા**
**મૃદુલાબેન બી. દોશી.**
વેલાર્ડવ્યુ, ૮ મે માળે,
બી-બ્લોક નં. ૪૩/૪૪
તારદેવ રોડ,
**મુંબઈ-૪૦૦૦૩૪.**

## ✱ વંદના બીજી ✱

જેના આલંબનથી
પરમ શાંતિની
પ્રાપ્તિ થાય છે
તથા
સંસારસાગરનો પાર
**પમાય છે,**
**તે**
સામાયિકયોગને
અમારી
કોટિ કોટિ–વંદના હો.

સ્વ. મગનલાલ કાલીદાસ દોશીના
સ્મરણાર્થે કુટુંબીજનો.
આશ્ચર્યકુંજ
ગુરુનાનક રોડ,
**જામનગર**
( સૌરાષ્ટ્ર )

## ❖ વંદના ત્રીજી ❖

જેની સાધના
માનવ જીવનનું
સુંદર ઘડતર કરે છે
તથા
**અપૂર્વ**
અધ્યાત્મિક બલ
પ્રકટાવે છે,
**તે**
સામાયિક-યોગને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**સ્વ. સંઘરાજ નેમચંદ શાહ**
તથા
**સ્વ. જીવીબાઈ સંઘરાજ શાહના**
સ્મરણાર્થે કુટુંબીજનો.
પ્રભુનિવાસ, વજીર ફળી,
**જામનગર**
( સૌરાષ્ટ્ર )

## ✠ વંદના ચોથી ✠

જે
જિનશાસનનો સાર છે
તથા
આધ્યાત્મિક શક્તિઓને
પ્રકટાવવાનું
સર્વોત્તમ
સુંદર સાધન છે,
**તે**
સામાયિક–યોગને
અમારી
કોટિ કોટિ વંદના હો.

સ્વ. પ્રભુલાલ સંઘરાજ શાહના
સ્મરણાર્થે કુટુંબીજનો.
પ્રભુનિવાસ,
વજીર ફળી,
જામનગર
( સૌરાષ્ટ્ર )

## वंदना पांचमी

જે
આધ્યાત્મિક સાધનાનો
મૂળ પાયો છે
તથા
સર્વ
યોગ પ્રણાલિકાઓનો
ઉત્તમ સાર છે,
તે
સામાયિક-યોગને
અમારી
કોટિ કોટિ વંદના હો.

કોકિલાબહેન પ્રભુલાલ શાહ
પ્રભુનિવાસ,
વજીરફળી,
**જામનગર**
( સૌરાષ્ટ્ર )

# ✖ વંદના છઠ્ઠી ✖

જેની
આરાધના કરતાં
અધ્યાત્મની પુષ્ટિ થાય છે,
ભાવનાઓ પ્રબલ બને છે
તથા
શુદ્ધ ધર્મધ્યાન ધરવાની
ક્ષમતા આવે છે,
તે
સામાયિક-યોગને
અમારી
કોટિ કોટિ વંદના હો.

અમૃતલાલ દેવશીભાઈ કોઠારી
'છાયા' ૩ જે માળે,
૫૯૪-જામેજમશેદ રોડ,
માટુંગા
મુંબઈ-૪૦૦૦૧૯

## ✖ વંદના સાતમી ✖

જેની આરાધનાથી
અનુક્રમે
શુક્લ ધ્યાનના બીજા પાયે
પહોંચી
ચારઘાતી કર્મનો
ક્ષય કરવાપૂર્વક
કેવલ જ્ઞાનની પ્રાપ્તિ
કરી શકાય છે,
તે
સામાયિક-યોગને
અમારી
કોટિ કોટિ વંદના હો.


કેલીકો ઇન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ
ચકાલા,
અંધેરી,
મુંબઇ-૪૦૦૦૬૯

## વંદના આઠમી

જેના
આરાધન વડે
આશ્રવનો નિરોધ થાય છે,
સંવરની સાધના થાય છે,
તથા
નિર્જરાને
અતિ વેગ મળે છે,
**તે**
સામાયિક-યોગને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**યુફાર્મા લેબોરેટરીઝ**
તેજપાળ સ્કીમ રોડ નં. ૫,
**વિલેપાર્લે ( ઈસ્ટ ),**
**મુંબઈ-૪૦૦૦૫૭**
ટે. નં. ૫૭૬૪૭૧-૨

# વંદના નવમી

જે
જૈન ધર્મે
સમભાવની સિદ્ધિ માટે
સામાયિકને
અગ્રતા આપી
અને
તેનો અપૂર્વ વિધિ
બતાવ્યો,
તે જૈન ધર્મને
**અમારી**
કોટિ કોટિ વંદના હો.

**શાંતિલાલ નાગરદાસ શાહ**
વિશ્વમંગલ હાઉસિંગ કું. લી.
૩૫-કોર્ટ ચેમ્બર્સ,
ચોથેમાળે, ૪-ડી બ્લોક,
સર વિઠ્ઠલદાસ ઠાકરશી માર્ગ,
**મુંબઇ-૪૦૦૦૨૦**

## ✖ વંદના દશમી ✖

જે

જૈન ધર્મે

અધ્યાત્મનો ઉત્કૃષ્ટ

વિકાસ કરનારું

સામાયિક નામનું

અનન્ય અનુષ્ઠાન

આપ્યું,

તે જૈન ધર્મને

**અમારી**

કોટિ કોટિ વંદના હો.

રમણીકલાલ મંગળદાસ શાહ

૩/સી, સુરેશ કોલોની,

સ્વામી વિવેકાનંદ રોડ,

વિલેપાર્લે,

મુંબઈ-૪૦૦૦૫૬

# વંદના અગિયારમી

જે
જૈન ધર્મે
જગતના સર્વ જીવો
પ્રત્યે
સમભાવ કેળવવાનો
આદેશ આપ્યો
અને તેને
સક્રિય બનાવવા માટે
સામાયિકની સાધના
દર્શાવી,
તે જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

શકુન્તલાબહેન રમણીકલાલ શાહ
૩/સી, સુરેશ કોલોની,
સ્વામી વિવેકાનંદ રોડ,
વિલેપાર્લે,
મુંબઇ-૪૦૦૦૫૬

## ✽ વંદના બારમી ✽

જે
જૈન ધર્મે
મન-વચન-કાયાને
પવિત્ર બનાવવા માટે
તથા
આત્માની સુષુપ્ત શક્તિઓને
જાગૃત કરવા માટે
સામાયિક-યોગનું
પ્રતિપાદન કર્યું,
તે જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

✽

જયંતભાઈ માવજીભાઈ શાહ
૧૭૭-૧૭૯, કાલબાદેવીરોડ,
મુંબઈ-૪૦૦૦૦૨
ટે. નં. ૩૧૧૫૪૪

# ✱ વંદના તેરમી ✱

જે
જૈન ધર્મ
શ્રુત–સામાયિક
સમ્યકત્વ–સામાયિક,
દેશવિરતિ–સામાયિક
અને
સર્વવિરતિ–સામાયિકની
ભવ્ય ભેટ આપી
માનવ માત્રની મુક્તિનો માર્ગ
ખુલ્લો કર્યો,
તે જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.


ફાઈબર ગ્રુપ કોરપોરેશન
૩૭૭–બી, જગન્નાથ શંકર શેઠ રોડ,
ચીરા બજાર,
મુંબઈ–૪૦૦૦૦૨
ટે. નં. ૩૧૮૧૬૯

## વંદના ચૌદમી

જે
જૈન ધર્મે
મનુષ્યના
વિચાર, વાણી અને વર્તનને
સુસંસ્કારોની સૌરભ
આપવા માટે
સામાયિક-યોગની
પ્રરૂપણા કરી,
તે જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.


ઝવેરચંદ ભુરાભાઇ ઝવેરી
[ સિલ્વર મ્યુઝિયમવાળા ]
૨૨૯-શેખમેમણ સ્ટ્રીટ,
ઝવેરી બજાર,
મુંબઈ-૪૦૦૦૦૨
ટે. નં. ૩૨૬૧૩૦

## ✠ વંદના પંદરમી ✠

જે
જૈન ધર્મે
માનવને મહામાનવ
અને
મહામાનવને પુરુષોત્તમ
બનાવવા માટે
સામાયિક રૂપી
દિવ્ય રસાયણ આપ્યું,
તે જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.


રમણલાલ નગીનદાસ પરીખ
જયંતમહાલ, ૪ થે માળે,
ચર્ચગેટ 'ડી' રોડ,
મુંબઇ–૪૦૦૦૨૦

## વંદના સોળમી

જે

જૈન ધર્મે

વિષમતાને વારવા માટે,

સમત્વને સિદ્ધ કરવા માટે

તથા

અનંત સુખની પ્રાપ્તિ માટે

સામાયિકનું આયોજન

કર્યું,

તે જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.

બેન ચંપાબેન પ્રેમજી તથા રળિયાત બેન

પાનાચંદ ચેરીટી ટ્રસ્ટ.

હા. ટ્રસ્ટી શ્રી નવીનચંદ્ર છગનલાલ કંપાણી

ફીરદોશ, ૨ જે માળે,

૫૬–મરીનડ્રાઈવ,

મુંબઈ–૪૦૦૦૨૦

# ✖ વંદના સત્તરમી ✖

જે

જૈન ધર્મે

સામાયિક-યોગની

સિદ્ધિ કરનાર

અરિહંતોને અગ્રતા આપી

અને

તેમની અનન્ય ઉપાસના

કરવાનો આદેશ આપ્યો,

તે જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.

કોટ તપગચ્છ મૂર્તિપૂજક શ્વેતામ્બર

**જૈન સંઘ**

વોરા બજાર, કોટ,

**મુંબઇ**-૪૦૦૦૦૧

# વંદના અઢારમી

જે

જૈન ધર્મે

અસાર સંસારના સારરૂપે

ધર્મની રજૂઆત કરી

અને

તેના યથાર્થ પાલનમાં

માનવજીવનના

કર્તવ્યની ઇતિ બતાવી,

તે

જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.

છેડા જ્વેલરી માર્ટ

મુંબઇ-૪૦૦૦૦૩

## વંદના ઓગણીસમી

જે
જૈન ધર્મે
અહિંસાને અગ્રપદ આપ્યું
અને
જીવનની પ્રત્યેક ભૂમિકામાં
તેનો
અમલ કેમ કરવો ?
તેનું
પદ્ધતિસર શિક્ષણ આપ્યું,
તે જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**નંદુ સ્ટોર્સ**

સં. પ્રેમજી કુંવરજી નંદુ

કચ્છ લોહાણા હાઉસ,
૬૯–એચ, મઝગાંવ રોડ,
મુંબઇ–૪૦૦૦૧૦
ટે. નં. ૩૯૫૦૩૯

## વંદના વીસમી

જે
જૈન ધર્મે
જીવનના
સર્વાંગી વિકાસ માટે
સંયમની
અત્યંત આવશ્યકતા સ્વીકારી
અને
તેના વિવિધિ અંગોનો
વિશદ વિકાસ કર્યો,
તે જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**દલાલ જગદીશ ટ્રેડીંગ કું.**
તથા
**દલાલ દીપકકુમાર શામજી એન્ડ કું.**
૧૩૬/૧, કબૂતરખાના
ચોખા બજાર, શાહપુર, **અમદાવાદ**-૨
તથા
ડા. ટોકરશી દેવચંદ એન્ડ કું.
૨૩-ચીચબંદર
**મુંબઇ-૪૦૦૦૦૯**

## ✖ વંદના એકવીસમી ✖

જે

જૈન ધર્મે

માનવજીવનની

બાહ્ય-અભ્યંતર શુદ્ધિ માટે

તપની ઘોષણા કરી

તેનું

મહાવિજ્ઞાન વિકસાવ્યું,

તે

જૈન ધર્મને

અમારી

કોટી કોટી વંદના હો.


છાડવા ટ્રાન્સપોર્ટ કું.

બાલાજી ભુવન,

સાયન ટ્રોમ્બે રોડ,

ચેમ્બુરનાકા,

મુંબઈ-૪૦૦૦૭૧

## ✖ વંદના બાવીસમી ✖

જે

જૈન ધર્મે

મિથ્યાત્વનો મહારોગ

હણવા માટે

સમ્યકત્વ-સુધાનું

વર્ષણ કર્યું

**અને**

અનંત આત્માઓને

મુક્તિના મંગલમય માર્ગે

ચડાવ્યા,

તે જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.


વિજય ટ્રાન્સપોર્ટ કું.

૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,

મુંબઇ-૪૦૦૦૦૯

ટે. નં. ૩૩૫૯૩૧-૩૨.

## ✠ વંદના ત્રેવીસમી ✠

જે

જૈન ધર્મે

જડ અને જીવની

જુદાઈ જણાવી

તથા

સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ

કરવા માટે

નવ તત્ત્વની પ્રરૂપણા કરી,

તે જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.


રામજી ભવાનજીની કું.

૨૫૨–૨૫૬, નલબજાર,

મુંબઈ–૪૦૦૦૦૩

ટે. નં. ૩૩૮૨૭૮

# વંદના ચોવીસમી

જે
જૈન ધર્મે
ચારિત્રનું સુંદર ઘડતર
કરવા માટે
આશ્રવ-નિરોધ રૂપી
સંવરનો સુંદર માર્ગ
બતાવ્યો અને
તેના સત્તાવન ભેદોની
પ્રરૂપણા કરી,
તે જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

હીરજી કોરશીની કું.
૧૭૬-૭૮, એરસ્કાઈન રોડ,
નલબજાર,
મુંબઈ-૪૦૦૦૦૩
ટે. નં. ૩૩૨૩૧૬

# વંદના પચીશમી

શુકલ ધ્યાનરૂપી
કૈલાસગિરિમાં વાસ કરનારા
તથા
ત્રિપદીરૂપ ત્રિશૂલને
ધારણ કરનારા
મહાદેવ – સ્વરૂપ
જિન ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

હર્ષા પ્રીન્ટરી
૧૨૨–ડૉ. મહેશ્વરી રોડ,
સર્વોદય કેન્દ્ર બીલ્ડીંગ,
મુંબઈ–૪૦૦૦૦૯.
ટે. નં. ૩૩૫૯૮૮

## વંદના છવીશમી

જન્મ, જરા અને મરણની
ભીષણ શ્રૃંખલા ભેદીને
અક્ષય – અમરપદે
આરૂઢ થનારા
જગન્નાથ
જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


જવાહર મેડીકલ એન્ડ જનરલ સ્ટોર્સ
૯૯–૧૦૧, કેશવજી નાયક રોડ,
દુકાન નં. ૪–૫,
મુંબઇ–૪૦૦૦૦૯.
ફોન : ૩૩૪૬૧૪, ૩૩૬૦૮૩.

## વંદના સત્તાવીશમી

અજ્ઞાનના

ઘેરા પટલો ભેદીને

અનન્ય અપ્રતિહત

જ્ઞાનનો

પ્રકાશ પ્રકટાવનારા

જ્ઞાનમાર્તંડરૂપ

**જિનરાજોને**

અમારી

કોટિ કોટિ વંદના હો.


**બોમ્બે ફાઇબર ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ**

૨૦૨, શારદા ચેમ્બર્સ,

ન્યુ મરીન લાઇન્સ,

**મુંબઈ-૪૦૦૦૨૦.**

ફોન : ૨૫૪૦૩૩, ૨૫૧૮૯૨, ૩૧૭૧૨૧.

## વંદના અઠ્ઠાવીશમી

સમસ્ત લોકાલોકના

ભૂત, વર્તમાન અને

ભવિષ્યકાલીન

સર્વભાવોને

યથાર્થપણે પ્રકાશનારા

સર્વજ્ઞ દેવાધિદેવ

પરમાત્માને

**અમારી**

કોટિ કોટિ વંદના હો.


ખેડા જનરલ સ્ટોર્સ

તથા

**ખેડા મેડીકલ સ્ટોર્સ**

મહાત્મા ગાંધીરોડ,

ઘાટકોપર,

**મુંબઈ–૪૦૦૦૭૭**

ફોન : ૫૨૮૭૪૪

# ✖ વંદના ઓગણત્રીશમી ✖

શમરસરૂપી જ્યોત્સનાને

સર્વત્ર

છંટકાવ કરનારા

નિષ્કલંક અને સદોદિત

એવા

શ્રી જિનચંદ્રને

અમારી

કોટિ કોટિ વંદના હો.


શાહ ટ્રાન્સપોર્ટ કું.

ટ્રાન્સપોર્ટ કોન્ટ્રેકટર્સ

આગ્રા રોડ,

ઘાટકોપર નાકા,

મુંબઈ-૪૦૦૦૮૬

ફોન : ૫૮૩૨૩૭, ૫૮૩૦૬૪.

## વંદના ત્રીશમી

સન્માર્ગના અનુસરણપૂર્વક
વિરતિના
વિમલપંથે વિચરવાની
પ્રબલ પ્રેરણા કરનાર
જગદ્‌ગુરૂ
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

વીરચંદ મેઘજી થોભણ
ગીલ કું. (પ્રા.) લી.
એન. ટી. સી. હાઉસ, ૨ જે માળે,
૧૫-નરોત્તમ મોરારજી માર્ગ,
બેલાર્ડ એસ્ટેટ,
મુંબઈ-૪૦૦૦૩૮

## વંદના એકત્રીશમી

જીવનપથને
જ્યોતિર્મય બનાવવા માટે
ધર્મરૂપી
અખંડ દીપક પ્રકટાવનારા
પ્રદ્યોતકર
મહાપુરુષોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

બી. વિજયકુમાર એન્ડ કું.
મહેતાભુવન, ૬ઠ્ઠે માળે,
૩૧૧–ચની રોડ,
મુંબઈ–૪૦૦૦૦૪

# વંદના બત્રીશમી

મિથ્યાત્વના મહારોગને
હણવા
સમ્યક્સુધાનું સતત
વર્ષણ કરનારા
જિનરૂપી મહામેઘને
અમારી
કોટિ કોટિ વંદના હો.

બી. અરુણકુમાર એન્ડ કો.
પ્રસાદ ચેમ્બર્સ, ૧૬ મે માળે,
બ્લોક નં. ૧૬૧૬
ટાટા રોડ નં. ૨
ઓપેરા હાઉસ, મુંબઇ-૪૦૦૦૦૪.
ટે. નં. ૩૫૩૬૭૧-૭૨-૭૩

## વંદના તેત્રીશમી

પ્રશસ્ત પ્રરૂપણા વડે
જીવ અને જડની
જુદાઈ જણાવનારા
**અને**
ચેતનની ચીનગારીમાં
સમ્યગ્ જ્ઞાનનો પ્રકાશ પૂરનારા
મહાતત્ત્વસ્રષ્ટા
શ્રી અરિહંત દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**આર. રમેશચંદ્ર એન્ડ કું.**
૭૧૭-પ્રસાદ ચેમ્બર્સ, ૭ મે માળે,
સ્વદેશી મીલ કમ્પાઉન્ડ,
ટાટા રોડ,
મુંબઈ-૪૦૦૦૦૪
ટે. નં. ૩૮૮૩૯૩.

## ✠ વંદના ચોત્રીશમી ✠

આત્મશુદ્ધિના
અપૂર્વ અનુષ્ઠાનો યોજીને
મુમુક્ષુઓનું
મહા કલ્યાણ કરનારા
શ્રમણનાયક
વીતરાગ દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

ખુમચંદ રતનચંદ શાહ
રતનચંદ જોરાજીની કું.
૨૧૯–ગુલાલવાડી,
મુંબઇ–૪૦૦૦૦૨
ટે. નં. ૩૩૨૭૨૮, ૩૩૫૨૩૩

## વંદના પાંત્રીશમી

શ્રી જિનેશ્વર દેવો અને
પૂજ્ય ગુરુ ભગવંતોની
અસીમ કૃપાથી
સર્વને પીડિતની સેવા કરવાનો,
દીન-દુઃખીનાં આંસુ લૂછવાનો,
દયાધર્મના પાયારૂપી
અનુકંપાનો માર્ગ પ્રાપ્ત થાઓ.

આવા પરમોપકારી
**દેવ-ગુરુને**
અમારી વારંવાર વંદના હો.

**સ્વ. પૂજ્ય**
**દીવાળી મા પરિવાર**
**મુંબઈ-૪૦૦૦૨૦**

## વંદના છત્રીશમી

અહિંસાની અપૂર્વ સિદ્ધિ વડે
વૈરવૃત્તિના વિષમ તરંગોનું
સ્નેહ અને સદ્‌ભાવમાં
પરિવર્તન કરનારા
મહા ધર્મદેશકોને
અમારી
કોટિ કોટિ-વંદના હો.

બાબુભાઈ નરોત્તમદાસની કું.
૩૦૮-નરોત્તમ નિવાસ,
જાવજી દાદાજી રોડ,
મુંબઈ-૪૦૦૦૦૭
ટે. નં. ૩૬૩૨૮૪

## વંદના સાડત્રીશમી

અદ્ભુત અતિશય વડે
સર્વ ઇતિ-ભીતિઓનો
નાશ કરીને
મંગલમાલાનો વિસ્તાર કરનારા
સંત શિરોમણિ
અરિહંત ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

નંદલાલ રૂપચંદ શાહ
તથા
ધીરજબહેન નંદલાલ શાહ
'નંદનવન'
૨૯-ફ્રેન્ડઝ સોસાયટી,
જુહુ, મુંબઈ-૪૦૦૦૫૬.

## વંદના આડત્રીશમી

મરણના ભયથી હતાશ થયેલા

અને

શોક–સંતાપથી રીબાતા

જગતના પ્રાણીઓને

અનન્ય શરણ આપનારા

લોકનાથ

જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.


**પ્રભાબેન નાથાલાલ પરીખ**

'સાઈનારા' ૩૧, ૩ જે માળે,

૧૭–કફપરેડ,

મુંબઈ–૪૦૦૦૦૫

ઘર–ટે. નં. ૨૧૧૧૩૨

## ✖ વંદના ઓગણચાલીશમી ✖

ભવારણ્યમાં ભટકી રહેલા
પ્રાણીઓને
સાચો માર્ગ દર્શાવી
શીઘ્ર
સિદ્ધિસદનમાં લઈ જનારા
મહા સાર્થવાહરૂપ
અરિહંત દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**શાહ હરિલાલ મૂલચંદ**

ઠે. ભુપેન્દ્રકુમાર એન્ડ કું.
મણિભુવન, ૨ જે માળે,
લોહારચાલ,
**મુંબઈ–૪૦૦૦૦૨**
ટે. નં. ૨૫૧૯૩૯

## ✠ વંદના ચાલીશમી ✠

જેમની
પ્રશમ-રસ-નિમગ્ન
મુદ્રાના દર્શનમાત્રથી
અદ્ભુત શાંતિ
અને
અપૂર્વ સમતાનો
અનુભવ થાય છે,
તે
વીતરાગ દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


ધરણીધર ખીમચંદ શાહ
મનીષ એક્સપોર્ટસ (પ્રા.) લી૦
માંગરોલ મેન્શન, ૧ લે માળે,
ગનબાવ સ્ટ્રીટ,
પો. ઓ. બો. ૧૭૩૭,
મુંબઈ-૪૦૦૦૦૧.
ટે. નં. ૨૬૯૫૪૩

## વંદના એકતાલીશમી

જેમની ભક્તિ
સર્વ પ્રકારના ભયોનું
ભંજન કરનારી છે
અને
સર્વ મનોરથો પૂર્ણ
કરનારી છે,
તે
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


પારૂ આણંદ એન્ડ સન્સ
૪–ચીંચ બંદર,
પો. બો. નં. ૫૦૪૩,
મુંબઈ–૪૦૦૦૦૯
ટે. નં. ૩૩૧૫૬૫

# વંદના બેંતાલીશમી

જેમની
અનન્ય આરાધના કરતાં
પાપનો પુંજ પ્રજલે છે,
તથા
સર્વ કર્મો ક્ષીણ થાય છે,
તે
પરમોપકારી
અરિહંત દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

ધીરજલાલ એન્ડ કું.
૩૦૦/૩, તારદેવ રોડ,
નાનાચોક,
મુંબઈ-૪૦૦૦૦૭
ટે. નં. ૩૬૬૭૭૪, ૩૬૯૩૩૦

# વંદના તેંતાલીશમી

જેમણે
માનવજીવનનો
ઊંચામાં ઊંચો આદર્શ
રજૂ કર્યો
અને
સુખની સર્વોત્તમ સ્થિતિ
સંપાદન કરવાની
કલા દર્શાવી,
તે
લોકનાયક
જિન ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

સ્વ. શ્રી કાન્તાબહેન ઉત્તમચંદ વોરા
ના સ્મરણાર્થે
પૂના મોટર ગુડસ્ ટ્રાન્સપોર્ટ
પૂના

## વંદના ચુમાલીશમી

જેમનું
રૂપ અપૂર્વ છે,
લાવણ્ય અનુપમ છે,
અને
જ્ઞાન અપરિમિત છે,
તે
ત્રિભુવનનાથ
અરિહંત પરમાત્માઓને
અમારી
કોટિ કોટિ વંદના હો.

હરકુંવરબેન નંદલાલ દોશી
૨૩–લીલાનિવાસ,
લખમશી નપુરોડ,
માટુંગા,
મુંબઈ–૪૦૦૦૧૯
ટે. નં. ૪૭૪૭૪૮

## ✠ વંદના પીસ્તાલીશમી ✠

જેમણે
ચૌદ રાજલોકમાં રહેલા
સર્વ જીવોને
મિત્ર માનવાની હાકલ કરી
અને
સર્વ ગુણીજનોને જોઈ
પ્રમોદ પામવાની
અણમોલ શિક્ષા આપી,
તે
જગદ્‌ગુરુ
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


કે. ચંદ્રકાન્ત એન્ડ કું.
૩૦૭–મહેતા ભુવન,
૩૧૧–ચની રોડ,
મુંબઈ–૪૦૦૦૦૪
ટે. નં. ૩૮૬૦૬૮

## વંદના છેંતાલીશમી

અનંત જ્ઞાન
તથા શક્તિના સ્વામી,
પરમજ્યોતિ સ્વરૂપ,
સર્વજ્ઞ અને સર્વદેશી
એવા
તીર્થંકર પરમાત્માઓને
અમારી
કોટિ કોટિ વંદના હો.


ગીતાંજલિ એકસપોર્ટર્સ્ કોરપોરેશન
૮૦૧-પ્રસાદ ચેમ્બર્સ,
રોક્ષી સીનેમા પાસે,
મુંબઇ-૪૦૦૦૦૪
ટે. નં. ૩૫૮૯૦૩

## વંદના સુડતાલીશમી

જેમનું
નામ સ્મરણ સર્વ ભયોનો
નાશ કરનારું છે,
જેમનું
પૂજન સર્વ સિદ્ધિઓને
આપનારું છે
અને જેમનું
ધ્યાન આત્માની અનંત
શક્તિને પ્રકટાવનારું છે,
તે
પતિતપાવન
અરિહંત દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**ચંદ્રપ્રભસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ**

પ્રાર્થના સમાજ,
ચર્ની રોડ,
**મુંબઈ-૪૦૦૦૦૪**

## ✖ વંદના અડતાલીશમી ✖

જેમની
અનન્ય મને
સેવા–ભક્તિ–પૂજા
કરનારને
આ લોકની સર્વ વસ્તુઓ
તેમજ
પરલોકનાં સર્વ સુખો
અવશ્ય મળે છે,
તે
જગદીશ્વર
જિન ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**જયસુખલાલ કામદાર**
ડામરના વેપારી
પો. બો. નં. ૧૬૮
**ઝરીઆ**
( ડી. ધનબાદ–બિહાર )

## વંદના ઓગણપચાશમી

જેમના
પરમ પ્રભાવ આગળ
કલ્પવૃક્ષ, કામધેનુ,
ચિંતામણિરત્ન કે કામકુંભ
કોઇ વિસાતમાં નથી,
તે
અચિંત્ય માહાત્મ્યશાલી
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**મોતીલાલ વીરચંદ શાહ માલેગાંવ**
**માલેગાંવ**
( ડી. નાશિક )

# વંદના પ્રશસ્તિ

જેઓ

યોગીશ્વરની અપૂર્વ

ખ્યાતિ પામેલા છે

અને

સમાધિના સમુદ્રમાં

લીન છે

તથા

પરમાત્મપદનો

અનુભવ કરી રહેલા છે,

તે

અરિહંત દેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

પનાલાલ કસ્તુભાઈ શાહ

લક્ષ્મીનિવાસ,

શાહીબાગ રોડ,

અમદાવાદ-૩૮૦૦૦૪

# વંદના એકાવનમી

જેમની
વાણી મંત્રરૂપ છે,
જેમના
વિચારોમાં વિજ્ઞાન ભર્યું છે
અને જેમના
ઉપદેશમાં અમીરસની
એકસરખી ધારા વહે છે,
તે
પરમગુરુ
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**નટવરલાલ એમ. શાહ**
અને
**લલિતા નટવરલાલ શાહ**
એડવોકેટ હાઈકોર્ટ, એડવાઈઝર,
બુલાખીદાસ બીલ્ડીંગ, બીજે માળે,
વિઠ્ઠલદાસ રોડ,
મુંબઈ-૪૦૦૦૦૨
ટે. નં. ૩૧૦૫૨૪

## ✠ વંદના બાવનમી ✠

જેઓ
કર્મરૂપી વાદળના સમૂહથી
મુક્ત છે,
તથા
સહસ્ર સૂર્યોથી પણ અધિક
તેજસ્વી
અને
સર્વ લોકનો ઉદ્યોત
કરનાર છે,
તે
જિનેશ્વર ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**દલાલ શાહ પોપટલાલ શીવજીની કું.**

૪–રાંભીયા હાઉસ, ૧ લે માળે,
ચીંચબંદર,
મુંબઇ–૪૦૦૦૦૯
ટે. નં. ૩૩૫૧૯૫

## ✱ વંદના ત્રેપનમી ✱

જે
ૐકાર સ્વરૂપ છે,
હ્રીંકાર દ્વારા વ્યક્ત થાય છે,
અર્હં બીજથી અલંકૃત છે,
તથા
મંત્રસમૂહના
શક્તિરૂપે
વિરાજમાન છે,
તે
અર્હદ્ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**નવીન સી. શાહ**
'શ્યામસદન'
૮૫–મરીનડ્રાઇવ,
મુંબઇ–૪૦૦૦૦૨
ટે. નં. ૨૯૭૦૯૬

## ✖ વંદના ચોપનમી ✖

જેમણે મૈત્રીભાવથી વિશ્વને
વ્યાપ્ત કર્યું,
પ્રમોદભાવનાનો સર્વત્ર
વિસ્તાર કર્યો,
કારુણ્ય ભાવનાનું અનુપમ
દૃષ્ટાંત પૂરું પાડ્યું,
તથા
માધ્યસ્થ ભાવનાનું
સતત સેવન કરીને
સમભાવની સિદ્ધિ કરી,
તે
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**શાન્તાબેન વાડીલાલ દોશી**
તથા
**વાડીલાલ શીવલાલ દોશી**
અનંત બીલ્ડીંગ,
૨૧૭-પ્રિન્સેસ સ્ટ્રીટ,
**મુંબઈ-૪૦૦૦૦૨**

## વંદના પંચાવનમી

જેમની મધુર ધર્મદેશનાએ
લાખો હૈયાનાં
મિથ્યાત્વનો મલ ધોઇ નાખ્યો,
કષાયરૂપી કાદવને દૂર કર્યો,
તથા
સમ્યક્ત્વ–સુધાની વર્ષા કરી,
તે
મહાન ઉપદેષ્ટા
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

રશ્મિકાન્ત હિંમતલાલ મોદી
દેવેન ,, ,,
જસ્મીના ,, ,,
સર્વોન્નતિ સોસાયટી,
બ્લોક નં. એ, ૩૫–કામાગલી,
ઘાટકોપર,
મુંબઇ–૪૦૦૦૮૬

## ✠ વંદના છપ્પનમી ✠

જેમનાં પાવન પગલે
સર્વ પ્રકારના અપાયોનું
ઉપશમન થયું,
તથા
આનંદ-મંગલની અપૂર્વ
વૃદ્ધિ થઇ,
**તે**
પરમ કલ્યાણકારી
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**કાંતિલાલ ખોડીદાસ શાહ**

જે. કે. બ્રધર્સ
૩૯૧-એચ. ગ્રાન્ટ રોડ,
લોકમાન્ય ટિલક મારકેટ,
( વી. જી. મારકેટ )
મુંબઇ-૪૦૦૦૦૭

# સામાયિક-વિજ્ઞાન

ॐ ह्रीं अर्हं नमः

[ १ ]

## સામાયિકનો મહિમા

સામાયિક એ જિનશાસનની મહામહિમાશાલી વસ્તુ છે. તીર્થંકરદેવોએ તેનો આશ્રય લીધો હતો, ગણધર ભગવંતોએ તેનો આશ્રય લીધો હતો અને મહામના મુનિવરોએ પણ તેનો આશ્રય લીધો હતો. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે ય વર્ગ માટે સામાયિક વિહિત મનાયું છે, કારણ કે તેના આરાધન–અનુષ્ઠાનથી જૈન ધર્મના ઉદાત્ત સિદ્ધાંતો જીવનમાં ઉતરે છે, આધ્યાત્મિક વિકાસ સાધી શકાય છે અને યોગસાધનામાં પ્રાણ પૂરાય છે. ખરેખર! સામાયિકનો મહિમા અપાર છે.

નમસ્કાર–મંત્રને જિનશાસનનો સાર કહેવામાં આવે છે અને તે ખરેખર! જિનશાસનનો સાર છે, પરંતુ એ નમસ્કાર–મંત્રનો સાર સામાયિક છે. અમારું આ વિધાન કદાચ કોઈને નવાઈભરેલું કે વધારે પડતું લાગશે, પણ અમે આ વિધાન ખૂબ સમજી–વિચારીને કરી રહ્યા છીએ.

નમસ્કાર-મહામંત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે, પણ એ પરમેષ્ઠિપદનો મુખ્ય આધાર સામાયિક છે. તાત્પર્ય કે સામાયિકની સાધના વડે જ અરિહંત અરિહંતપણું પામે છે, સિદ્ધ સિદ્ધપણું પામે છે, આચાર્ય આચાર્યપણું પામે છે, ઉપાધ્યાય ઉપાધ્યાયપણું પામે છે અને સાધુ સાધુપણું પામે છે.

અરિહંત સંસારનો ત્યાગ કર્યા પછી સામાયિકની સાધનાનો સ્વીકાર કરે છે, તેના વડે આત્માને નિર્મલ કરે છે અને ત્યારે જ તેઓ ચાર ઘાતીકર્મનો નાશ કરી કેવલ-જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. કહ્યું છે કે—

सामायिकविशुद्धात्मा, सर्वथा घातिकर्मणः ।
स्यात् केवलमाप्नोति, लोकालोकप्रकाशकम् ॥

'સામાયિકથી વિશુદ્ધ થયેલો આત્મા ઘાતીકર્મોનો સર્વથા ક્ષય કરીને લોક અને અલોકનો પ્રકાશ કરનારું કેવલજ્ઞાન શીઘ્ર પામે છે.'

કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી અરિહંતો સાતિશયા વાણી વડે ધર્મનો ઉપદેશ આપે છે અને સર્વત્ર પૂજાય છે. આ જ તેમનું સાચું અરિહંતપણું છે, પણ તેના મૂલમાં સામાયિકની સાધના રહેલી છે, તે ભૂલવાનું નથી.

બીજા સિદ્ધ પરમેષ્ઠી અત્યારે સિદ્ધિસ્થાનમાં બિરાજી અનિર્વચનીય સુખનો ઉપભોગ કરી રહ્યા છે, પણ તેઓ

એ સિદ્ધિસ્થાને પહોંચ્યા શી રીતે? એ વિચારવાનું છે. શાસ્ત્રકારો તો સ્પષ્ટ વાણીમાં વદે છે કે–

**जे के वि गया मोक्खं, जे वि य गच्छंति जे य गमिस्संति ।**
**ते सव्वे सामाइयप्पभावेण मुणेयव्वं ॥**

'આજ સુધીમાં જે આત્માઓ મોક્ષમાં ગયા છે, આજે જે મોક્ષમાં જાય છે અને ભવિષ્યમાં જે મોક્ષમાં જશે, તે બધો પ્રભાવ સામાયિકનો જાણવો.' તાત્પર્ય કે તે બધા સામાયિકની સાધના વડે જ મોક્ષમાં–સિદ્ધિસ્થાનમાં પહોંચેલા છે.

અહીં કદાચ પ્રશ્ન થશે કે 'જૈન ધર્મમાં મોક્ષસાધક યોગો અસંખ્ય કહ્યા છે, તો બધા સિદ્ધ ભગવંતો સામાયિકની સાધના–આરાધનાથી જ મોક્ષમાં ગયા છે, એમ શી રીતે કહી શકાય?' તેનો ઉત્તર એ છે કે મોક્ષસાધક યોગો ભલે અસંખ્ય હોય, પણ તે સમત્વની સિદ્ધિમાં ઉપકારક થાય, ત્યારે જ મોક્ષસાધક બને છે, અન્યથા નહિ; એટલે છેવટે તો સમત્વસિદ્ધિ–સામાયિક એ જ મોક્ષનું કારણ બને છે, તેથી ઉપરનું વિધાન યથાર્થ છે.

ત્રીજા પરમેષ્ઠી આચાર્ય, ચોથા પરમેષ્ઠી ઉપાધ્યાય અને પાંચમા પરમેષ્ઠી સાધુ એ બધાએ યાવજ્જીવ સામાયિકની સાધનાનો સ્વીકાર કરેલો છે અને તેના પાલનમાં પ્રયત્નશીલ છે, તેથી જ તેમને પરમેષ્ઠી માન્યા છે. જે પરમસ્થાનમાં રહેલા હોય, તે પરમેષ્ઠી. આ પરમ સ્થાન તે આત્મશુદ્ધિ છે અને તે સામાયિકની સાધના વડે જ પમાય છે.

**શ્રી ભગવતી સૂત્ર**ના પ્રથમ શતકના નવમા ઉદ્દેશમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચતુર્યામ ધર્મને માનનારા શ્રી કાલાસ્યવેષિ અણગારે ભગવાન મહાવીરના પંચમહાવ્રતધારી સ્થવિરોને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા, એવો ઉલ્લેખ છે. તેમાંનો એક પ્રશ્ન એ હતો કે 'के मे अज्जो सामाइए ? के मे अज्जो सामाइअस्स अट्ठे ?' 'હે આર્ય ભગવંતો ? આપનું સામાયિક શું ? અને સામાયિકનો અર્થ શો ?' એ વખતે સ્થવિરોએ જણાવ્યું કે 'आया णे अज्जो सामाइए, आया णे अज्जो सामाइअस्स अट्ठे ।' 'હે આર્ય ભગવંતો ! આત્મા એ અમારું સામાયિક છે અને આત્મા એ જ એનો અર્થ છે.' તાત્પર્ય કે આત્મશુદ્ધિ એ અમારું સામાયિક છે અને એ આત્મશુદ્ધિ પ્રત્યે લઈ જનારા જે જે ઉપાયો છે, તે પણ સામાયિક છે.

મોક્ષપ્રાપ્તિનું સહુથી નજીકનું કારણ સમ્યક્ ચારિત્ર મનાય છે, પણ એ સમ્યક્ ચારિત્રનો પાયો સામાયિકથી જ નંખાય છે. તે અંગે કહેવાયું છે કે–

**सामायिकं गुणनामाधारः खमिव सर्वभावानाम् ।**
**न हि सामायिकहीनाश्चरणगुणान्विता येन ॥**

'જેમ સર્વ પદાર્થોનો આધાર આકાશ છે, તેમ સર્વ ગુણોનો આધાર સામાયિક છે. જેને સામાયિક નથી, તે ચરણગુણોથી એટલે કે સમ્યક્ ચારિત્રથી યુક્ત બની શકતા નથી.'

તપને કર્મનિર્જરાનું મુખ્ય સાધન માનવામાં આવ્યું છે, પરંતુ સામાયિકની કર્મ ખપાવવાની શક્તિ તેના કરતાં અનેક ગણી વધારે છે. તે અંગે શાસ્ત્રશબ્દો આ પ્રકારના છે :–

**तिव्वतव्वं तवमाणो, जं न विनिट्ठवइ जम्मकोडीहिं ।**
**तं समभावभाविअचित्तो खवेइ कम्मं खणद्धेणं ॥**

'ક્રોડો વર્ષ સુધી તીવ્ર તપ કરતાં પણ જીવ જે કર્મ ખપાવી શકતો નથી, તે કર્મને સમભાવથી ભાવિત ચિત્તવાળા એટલે કે સામાયિકનો સાધક અર્ધી ક્ષણમાં ખપાવે છે.'

દાન કરતાં પણ સામાયિકનો મહિમા અધિક છે, તે અંગે શાસ્ત્રવચનો સાંભળો :

**दिवसे दिवसे लक्खं, देइ सुवन्नस्स खंडियं एगो ।**
**एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥**

'એક મનુષ્ય રોજ લાખ ખાંડી સોનાનું દાન દે અને બીજો મનુષ્ય રોજ સામાયિક કરે તો દાન દેનારો તેની બરાબરી કરી શકે નહિ.'

લાખ ખાંડીના ૨૦ લાખ મણ થાય, ૨૦ લાખ મણના ૮ ક્રોડ શેર થાય અને ૮ ક્રોડ શેરના ૩૨૦ ક્રોડ તોલા થાય. એક તોલાનો ભાવ આજના ધોરણે ૬૦૦ રૂપિયા ગણીએ તો તેની કિંમત ૧૯૨૦ અબજ રૂપિયા જેટલી થાય !

એક અબજની સંખ્યા કેટલી મોટી છે, તે દર્શાવવા વર્તમાનકાલના ગણિતશાસ્ત્રીઓએ નીચેના બે દાખલાઓ આપ્યા છેઃ (૧) ધારો કે એક કંપનીમાં ૧ અબજ રૂપિયાની મૂડી છે. હવે તે કંપની સારી રીતે ચાલતી નથી, અને ખોટમાં કામ કરે છે. તે જો રોજના ૧૦૦૦ રૂપિયા ગુમાવે, તો પણ એ મૂડી પૂરી થતાં ૨૫૦૦ વર્ષથી અધિક સમય લાગે. (૨) અથવા ધારો કે તમારી ફાઉન્ટન પેન અબજગણી મોટી થાય, તો તેની લંબાઈ ૯૫૦૦૦ માઈલની થાય અને તેના ઢાંકણાથી ૭૯૦૦ માઈલ જેટલો પૃથ્વીનો ભાગ ઢંકાઈ જાય. એટલે ૧ અબજની સંખ્યા એ રાક્ષસી સંખ્યા છે. આવા રોજના ૧૯૨૦ અબજ રૂપિયાના દાન કરતાં પણ સામાયિકનું મૂલ્ય વધારે છે. કહેવાનો આશય એ છે કે તેનું મૂલ્ય આ જગતના કોઈ પણ પાર્થિવ પદાર્થથી આંકી શકાય એમ નથી. આ સંબંધમાં એક કથા જાણવા જેવી છે.

## પૂણિયા શ્રાવકની કથા

રાજગૃહી નગરીમાં એક શ્રાવક હતો. તે રૂની પૂણીઓ વેચીને રોજ ૧૨ ટકા કમાતો અને તેમાંથી પોતાનો તથા પોતાની ધર્મપત્નીનો નિર્વાહ કરતો, તેથી તે પૂણિયા શ્રાવક તરીકે પ્રસિદ્ધ થયો હતો. જરૂર જેટલું જ કમાવું અને બાકીના સમયમાં ધર્મધ્યાન કરવું, એ એના જીવનનો આદર્શ હતો. ૧૨ ટકાની કમાણી તો તે થોડા વખતમાં જ કરી લેતો અને બાકીના સમયમાં બને તેટલાં સામાયિકો કરતો.

આ સામાયિકો ઘણા શુદ્ધ મને કરતો. તેમાં મન-વચન-કાયાનો કોઈ દોષ લાગવા દેતો નહિ. કદાચ અજાણે દોષ લાગી જાય તો તરત પ્રાયશ્ચિત્ત કરી લેતો, આથી તેનું સામાયિક વખણાયું અને ભગવાન મહાવીરે પણ તેની પ્રશંસા કરી.

હવે શ્રેણિક રાજાએ જાણ્યું કે પોતાની ગતિ નરકની છે, એટલે કે મૃત્યુ બાદ નરકમાં ઉત્પન્ન થવું પડશે અને ત્યાંની અકથ્ય વેદનાઓ અનુભવવી પડશે, એટલે તેમણે ભગવાન મહાવીરને કહ્યું: 'પ્રભો! મારા માથે આપના જેવા ગુરુ છતાં મારી નરકની ગતિ થાય, એ ઉચિત નથી; માટે કોઈ એવો ઉપાય બતાવો કે જેથી મારી નરકગતિનું નિવારણ થાય.'

ભગવાને કહ્યું: 'હે શ્રેણિક! જો એનો ઉપાય જ જાણવો હોય તો એક નહિ, ચાર ઉપાયો બતાવું છું. તેમાંનો કોઈ પણ એક ઉપાય કરીશ, તો તારી નરકગતિનું નિવારણ થશે. પહેલો ઉપાય એ છે કે તારે પૂણિયા શ્રાવકની એક સામાયિકનું ફલ મેળવવું. બીજો ઉપાય એ છે કે તારી કપિલા નામની દાસીએ દાન દેવું. ત્રીજો ઉપાય એ છે કે તારે આવતી પર્વતિથિએ એકાસણું કરવું અને ચોથો ઉપાય એ છે કે તારા નગરમાં કાલસૌકરિક નામનો કસાઈ રોજ ૫૦૦ પાડાનો વધ કરે છે, તેણે એ કાર્ય એક દિવસ માટે બંધ રાખવું.'

ભગવાનના આ શબ્દો સાંભળી શ્રેણિક રાજી થયા. તેમને લાગ્યું કે આ બધી બાબતો સહેલાઈથી થઈ શકે એવી છે અને તે હું જરૂર કરી શકીશ.

પછી શ્રેણિક થોડા રાજસેવકો સાથે પૂણિયા શ્રાવકને ઘરે ગયા. પૂણિયા શ્રાવકે તેમનો યોગ્ય આદરસત્કાર કર્યો અને બેસવા માટે આસન આપ્યું. શ્રેણિકે પૂછ્યું: 'હે શેઠ ! કુશળ તો છો ને ?' પૂણિયા શ્રાવકે કહ્યું: 'દેવ–ગુરુની કૃપાએ કુશલતા વર્તે છે.'

શ્રેણિક–શેઠ ! તમે રોજના કેટલાં સામાયિક કરો છો ?

પૂણિયો–આઠ–દશ તો ખરાં જ !

શ્રેણિક–તમને એટલો સમય શી રીતે મળે છે ?

પૂણિયો–મહારાજ ! સમય તો મેળવ્યો મેળવાય છે. મેં ઝાઝી ઉપાધિ રાખી નથી, એટલે આટલો સમય સહેલાઈથી મળી જાય છે.

શ્રેણિક–આ રીતે તો તમારા સામાયિકોની સંખ્યા ઘણી મોટી થઇ હશે ?

પૂણિયો–મહારાજ ! મેં એની ગણતરી રાખી નથી. એ તો મારા જીવનનું એક સ્વાભાવિક અંગ બની ગયું છે.

શ્રેણિક–એક સામાયિકનું ફળ કેટલું ?

પૂણિયો–એની મને ખબર નથી. હું તો શ્રાવક તરીકે મારું કર્તવ્ય સમજીને સામાયિકો કર્યા કરું છું અને તેમાં આનંદ માનું છું.

શ્રેણિક-તમે રોજ સામાયિકો કરો છો અને તેના ફલની ખબર ન હોય, એ કેમ બને?

પૂણિયો-મહારાજ! જે હકીકત છે તે કહું છું. પરંતુ આપને સામાયિકનું ફળ શા માટે જાણવું છે?

શ્રેણિક-મારે એક સામાયિકના ફળની જરૂર છે. તે માટે તમે કહો તેટલા પૈસા આપવા તૈયાર છું.

પૂણિયો-મહારાજ! આ કંઈ જમરૂખ, દાડમ કે કેરી જેવું ફલ નથી કે તે પૈસાથી વેચી શકાય.

શ્રેણિક-શેઠ! આ ફલ ભલે બીજી જાતનું હોય, પણ તે મારે જોઇએ છે. તેનો મારી સાથે સોદો કરો. આ એક જ સોદામાં તમારું કામ પાકી જશે અને તમારી ગરીબાઇ સદાને માટે ચાલી જશે.

પૂણિયો-મહારાજ! મેં જે કંઈ કહ્યું છે, તે વિચારીને જ કહ્યું છે. હું થોડું કમાઉં છું, પણ ગરીબ નથી. ગરીબ તો તે કહેવાય કે જેના દિલમાં દીનતા ભરી હોય. હું દીન પણ નથી અને દુ:ખી પણ નથી. સ્વકમાણીમાં સંતોષ માનનારો એક ગૃહસ્થ છું. મારે વિશેષ ધનની જરૂર નથી, કારણ કે વિશેષ ધન દુર્ગતિનું કારણ છે.

શ્રેણિક-જો તમે એક સામાયિકનું ફલ વેચાતું આપી શકતા ન હો તો કૃપા કરીને આપો, પણ એક સામાયિકનું ફલ જરૂર આપો.

પૂણિયો–મહારાજ ! એ પણ અશકય છે. એ ફ્લ આપ્યું અપાતું નથી, એ તો જાતે જ મેળવવું પડે છે.

શ્રેણિક–તો તમે મને તમારા એક સામાયિકનું ફ્લ નહિ જ આપી શકો, એમ ને ?

પૂણિયો–જો એ શકય હોત તો મેં કયારનું એ આપી દીધું હોત, પણ દિલગીર છું કે એ શકય નથી.

આ પ્રસંગથી શ્રેણિકને લાગી તો ઘણું આવ્યું, પણ શું કરે ? આ કંઈ દંડ કે શિક્ષા કર્યે મળે એવી વસ્તુ ન હતી. આખરે તેમણે ત્યાંથી વિદાય લીધી.

હવે બીજો ઉપાય અજમાવ્યો. તેમણે પોતાની કપિલા દાસીને બોલાવીને કહ્યું : ‘ કાલથી તારે દાન દેવાનું છે. ’ કપિલાએ કહ્યું : ‘ મેં હજી સુધી કોઇને દાન આપ્યું નથી અને આપી શકું એમ નથી.’ શ્રેણિકે કહ્યું : ‘ તે માટે હું તને કુંડી ભરીને સોનામહોરો આપીશ, પછી તને દાન દેવામાં શો વાંધો છે ? ’ કપિલાએ કહ્યું : ‘ મને દાન દેવું ગમતું જ નથી.’ છતાં શ્રેણિકે તેને દાન દેવાનો આગ્રહ કર્યો અને તે માટે જોઇતી સર્વ સામગ્રી પૂરી પાડી, ત્યારે કપિલાએ પોતાના હાથે ચાટવો બાંધ્યો અને તેનાથી દાન દેવા માંડયું. તે દાન દેતી જાય અને કહેતી જાય કે ‘ આ દાન હું નથી આપતી, શ્રેણિક રાજાનો ચાટવો આપે છે.’ તાત્પર્ય કે કપિલા દાસીએ પોતાના દિલથી દાન દીધું નહિ, એટલે બીજો ઉપાય પણ નિષ્ફળ નીવડયો.

શ્રેણિકમાં શ્રદ્ધા હતી, જ્ઞાન હતું, પણ તેનો જીવનમાં

અમલ ન હતો, તેથી એક એકાસણું પણ તેમના માટે ભારે હતું. છતાં નરકગતિનું નિવારણ કરવા માટે તેમણે આગામી પર્વતિથિએ એકાસણું કર્યું. પછી તેઓ પોતાના કામમાં મગ્ન થયા. હવે ત્રીજા પહોરે તેમના બગીચામાંથી તાજાં રસદાર બોરનો એક ટોપલો આવ્યો. શ્રેણિક તે જોઈને રાજી થયા અને પોતાના બગીચામાં આવાં સુંદર બોર પાકે છે, એ વિચારે થોડું અભિમાન પણ આવ્યું. એમ કરતાં તેમને બોર ચાખવાનું મન થયું, એટલે એક બોર ઉપાડીને મુખમાં મૂકી દીધું અને તેનો સ્વાદ માણવા લાગ્યા. ત્યાં યાદ આવ્યું કે આજે તો મારે એકાસણું છે અને મેં આ શું કર્યું ? પરંતુ એકાસણાંનો ભંગ થઈ ચૂકયો હતો અને એ રીતે ત્રીજો ઉપાય પણ નિષ્ફલ થયો હતો.

હવે તેમણે બાકી રહેલા છેલ્લા ઉપાય માટે કાલસૌકરિકને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું : ‘ આવતી કાલે તારે કોઈ પાડો મારવાનો નથી.’ કાલસૌકરિકે કહ્યું : ‘ મહારાજ ! એ કેમ બને ? એ તો મારો ધંધો છે અને તે મારે કર્યા વિના ચાલે તેમ નથી. મારો સઘળો વ્યવહાર તેના આધારે જ ચાલે છે.’

શ્રેણિકે કહ્યું : ‘ જો એમ હોય તો કાલનો ખર્ચ મારી પાસેથી લઇ જજે.’ કાલસૌકરિકે કહ્યું : ‘ મહારાજ ! મારા હાથપગ ચાલતા હોય, છતાં જીવનનિર્વાહનો ખર્ચ બીજા પાસેથી લઉં, તે મને શોભતું નથી. મને મારો ધંધો કરવા દો.’

શ્રેણિકે જોયું કે કાલસૌકરિક એમ માને એવો નથી, એટલે સિપાઇઓને હુકમ કર્યો 'કે આને અહીંથી લઈ જાઓ અને આવતી કાલ સવાર સુધી કૂવામાં ઊંધા માથે લટકાવી રાખો.' સિપાઇઓએ આજ્ઞાનો અમલ કર્યો.

ત્યાર પછી તેઓ ભગવાન મહાવીર પાસે ગયા અને જણાવ્યું કે 'પ્રભો! આપે બતાવેલા ચાર ઉપાયોમાંથી ત્રણ ઉપાયો નિષ્ફલ નીવડ્યા છે, પણ ચોથો ઉપાય સફલ થયો છે.' ભગવાને કહ્યું : 'હે શ્રેણિક! તારો ચોથો ઉપાય પણ નિષ્ફલ નીવડ્યો છે. કાલસૌકરિકને તેં ઊંધા માથે કૂવામાં લટકાવ્યો હતો, પણ ત્યાં એના હાથ પાણીમાં પહોંચતા હતા, એટલે પાણીમાં લીંટા કરીને તેણે ૫૦૦ પાડા કલ્પ્યા હતા અને તેનો મનથી વધ કરીને સંતોષ માન્યો હતો. મનથી પાડાનો વધ કર્યો, એ પણ વધ જ કહેવાય.'

પછી શું બન્યું? તે કહેવાની જરૂર નથી. આ કથામાંથી આપણે તો પૂણિયા શ્રાવકનો પ્રસંગ યાદ રાખવાનો છે. તે સામાયિકનો બહુ ઊંચો આદર્શ પૂરો પાડે છે.

સામાયિક આવું મહિમાશાલી હોવાથી જ દેવો પણ તેની ઇચ્છા કરે છે. તે અંગે શાસ્ત્રોમાં કહેવાયું છે કે-

**सामाइयसामग्गिं, देवा चिंतंति हिययमज्झम्मि ।**
**जइ होइ मुहुत्तमेगं, ता अम्ह देवत्तणं सुलहं ॥**

'દેવો પણ હૃદયમાં એવું ચિંતવે છે કે જો સામા-

યિકની સામગ્રી અમને એક મુહૂર્ત એટલે બે ઘડી પણ મળી જાય, તો અમારું દેવપણું સફલ થાય.'

પરંતુ દેવો અવિરતિપણાને લીધે પોતાના સમગ્ર દેવભવ દરમિયાન એક પણ સામાયિક કરી શકતા નથી. જે વસ્તુ દેવોને દુર્લભ છે, તે આપણા માટે સરલ છે, છતાં આપણે તેમાં કેવો અને કેટલો રસ લઈએ છીએ ? તે વિચારવાનું છે. જો આપણે સામાયિકમાં રસ લઈશું, તેની સાધના કરીશું અને તેની સિદ્ધિ સુધી પહોંચીશું, તો જ આપણો ભવનિસ્તાર છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–મહિમાશાલી કોને કહેવાય ?

ઉત્તર–જેનો મહિમા ઘણો હોય, તેને મહિમાશાલી કહેવાય.

પ્રશ્ન–તો પછી મહામહિમાશાલીનો અર્થ શો ?

ઉત્તર–જેનો મહિમા ઘણો વધારે હોય, તે મહામહિમાશાલી.

પ્રશ્ન–મહિમા શબ્દનો અર્થ શો ?

ઉત્તર–મહિમા એટલે મહત્ત્વ, મોટાઈ, માહાત્મ્ય.

પ્રશ્ન–શું જૈન ધર્મમાં સામાયિકથી વધારે મહિમાશાલી કોઇ વસ્તુ ખરી ?

ઉત્તર-ના. સામાયિકને જૈન ધર્મમાં સહુથી વધારે મહિમાશાલી વસ્તુ માનવામાં આવી છે.

પ્રશ્ન-શું નમસ્કાર-મહામંત્ર કરતાં પણ સામાયિકનો મહિમા વધી જાય ?

ઉત્તર-હા. નમસ્કાર-મહામંત્ર ઉત્કૃષ્ટ મંગલરૂપ છે, જ્યારે સામાયિક તો મોક્ષપ્રાપ્તિનું સીધું સાધન છે.

પ્રશ્ન-તો પછી સામાયિકનો મહિમા મુક્ત કંઠે કેમ ગવાતો નથી ?

ઉત્તર-આપણા જીવનમાંથી અધ્યાત્મ અને યોગનો રંગ ઉડી ગયો છે, એટલે સામાયિકનો મહિમા જેવા અને જેટલા જોરથી ગવાવો જોઈએ, તેવા અને તેટલા જોરથી ગવાતો નથી. પરિણામે લોકો સામાયિકને એક સામાન્ય કોટિની ધાર્મિક ક્રિયા સમજી તેના તરફ ઉપેક્ષા કરવા લાગ્યા છે.

પ્રશ્ન-આ પરિસ્થિતિ કેમ સુધરે ?

ઉત્તર-આપણે સામાયિકનો વિષય બરાબર સમજીએ અને તેનો વ્યવસ્થિત પ્રચાર કરીએ તો આ પરિસ્થિતિ સુધરે. આજે સામાયિક વિષે લોકોની જે સમજ છે, તે ઉપલક અને અધૂરી છે, તેથી તેને સુધારવી જ જોઈએ. પ્રસ્તુત ગ્રંથરચના એ દિશામાં એક નમ્ર પ્રયાસ છે.

પ્રશ્ન-તમે આ વિષયમાં પૂર્વે કંઈ લખ્યું છે ?

ઉત્તર-હા. અમે આજથી લગભગ વીશ વર્ષ પહેલાં **શ્રીપ્રતિક્રમણસૂત્રપ્રબોધટીકા—પ્રથમ ભાગ**માં સામાયિકસૂત્રો પર અષ્ટાંગ-વિવરણ રચ્યું છે, તેની વિધિઓ

અંગે સમજ લખી છે તથા '**સામાયિકની સાધના**' નામનો એક ખાસ નિબંધ લખી ઉપર્યુક્ત ગ્રંથના પરિશિષ્ટમાં જોડેલો છે. ત્યાર પછી લગભગ ત્રણ વર્ષે સામાયિક અંગે '**બે ઘડી યોગ**' નામનો બીજો નિબંધ લખેલો છે અને તે ધર્મબોધગ્રંથમાલાના પંદરમા પુષ્પ તરીકે પ્રકટ થયેલો છે. તે પછી લગભગ છ વર્ષે '**સામાયિકની સુંદરતા**' નામનો ત્રીજો નિબંધ લખેલો છે, જે જૈન શિક્ષાવલી–બીજી શ્રેણીમાં છઠ્ઠા મણકા તરીકે સ્થાન પામેલો છે. આમ સામાયિકના વિષયમાં છેલ્લાં વીશ વર્ષમાં ચિંતન–મનન ચાલતું જ રહ્યું છે.

પ્રશ્ન–શું એ સાહિત્યથી સંતોષ ન થયો કે આ ગ્રંથની રચના કરવી પડી?

ઉત્તર-જે કંઈ થયું છે, એ તો ઠીક જ થયું છે, પણ વિશેષ વિચાર કરતાં અમને એમ લાગ્યું કે સામાયિકનો વિષય ઘણો મહત્ત્વપૂર્ણ છે, તેથી તે અંગે એક બૃહદ્ ગ્રંથ-રચના કરવી જોઈએ. અને તેમાં સામાયિકને લગતા તમામ મહત્ત્વના મુદ્દાઓને સ્પર્શી લેવા જોઈએ. તેથી આ ગ્રંથ-રચના ઘણા પરિશ્રમપૂર્વક કરવામાં આવી.

પ્રશ્ન–આમાં પૂર્વ સાહિત્યનો ઉપયોગ તો થયો જ હશે?

ઉત્તર–આમાં પૂર્વ સાહિત્યનો ઉપયોગ તો થયો છે, પણ મોટા ભાગે તે નવો આકાર પામ્યો છે, કારણ કે પ્રથમ કરતાં આજે અમારું અધ્યયન વધ્યું છે અને દૃષ્ટિમાં

વિશાલતા આવી છે. વળી દરેક ગ્રંથરચનાને પોતાનું ખાસ દૃષ્ટિબિંદુ હોય છે, એટલે આ ગ્રંથની રચના તેના ખાસ દૃષ્ટિબિંદુઓને અનુસરીને થયેલી છે અને એ રીતે તેના સર્જનમાં અભિનવતા આવેલી છે.

પ્રશ્ન—આ ગ્રંથરચનાનું ખાસ દૃષ્ટિબિંદુ શું છે?

ઉત્તર—અધ્યાત્મ અને યોગની દૃષ્ટિએ સામાયિકનું નિરીક્ષણ-પરીક્ષણ કરીને સરલ ભાષામાં અને સુગમ શૈલિમાં તેની રજૂઆત કરવી, એ ગ્રંથરચનાનું ખાસ દૃષ્ટિબિંદુ છે.

પ્રશ્ન—પૂણિયા શ્રાવકે પોતાની એક સામાયિકનું ફલ શ્રેણિક રાજાને આપ્યું હોત તો પરોપકાર થાત કે નહિ? અને પરોપકાર જેવું બીજું પુણ્ય કયું છે?

ઉત્તર—ક્રિયા એક કરે અને તેનું ફલ બીજાને મળે, એ સિદ્ધાંત જૈન ધર્મને માન્ય નથી. જૈન ધર્મ તો એમ માને છે કે જે મનુષ્ય જેવી ક્રિયા કરે, તેને તે પ્રકારનું ફલ મળે. પૂણિયા શ્રાવકે કદાચ એમ કહ્યું હોત કે 'તમને એક સામાયિકનું ફલ આપ્યું' તો એ મન મનાવવાની વાત હોત. વાસ્તવમાં એ ફલ તેમને મળત નહિ. પૂણિયો શ્રાવક તો રોજ શુદ્ધ મને સામાયિક કરવાથી દંભ અને ખુશામતથી પર થયો હતો, એટલે તેણે સ્પષ્ટ જણાવી દીધું કે એમ બનવું અશક્ય છે.

પારકાનું ભલું થાય, એવી વૃત્તિ અને પ્રવૃત્તિને પરોપકાર કહેવામાં આવે છે અને તે કરવા જેવો છે, પણ અહીં પરોપકાર થાય એવી પરિસ્થિતિ ન હતી. વળી

પરોપકાર પુણ્યની આશાએ નહિ, પરંતુ પોતાનું કર્તવ્ય સમજીને કરવાનો છે. એ રીતે કરાયેલો પરોપકાર ઘણો ફલદાયી થાય છે.

પ્રશ્ન–શ્રેણિક રાજાને જે ચાર ઉપાયો બતાવવામાં આવ્યા, તે સાવ સામાન્ય કોટિના હતા. શું એવા ઉપાયોથી નરકગતિનું નિવારણ થાય ખરું ?

ઉત્તર–ભગવાન મહાવીર સર્વજ્ઞ અને સર્વદર્શી હતા, તેથી તેઓ જાણતા હતા કે શ્રેણિકની નરકગતિનું નિવારણ થવાનું નથી, પણ તેમણે શ્રેણિકના મનનું સમાધાન કરવા માટે આ પ્રકારના સાવ સામાન્ય ઉપાયો બતાવ્યા. છતાં તે થઈ ન શક્યા, એ શું બતાવે છે? ભવિતવ્યતા બળવાન છે.

[ ૨ ]

# સામાયિકનો અર્થ

સામાયિક એ ખરેખર એક રહસ્યમયી વસ્તુ છે. તેનું વાસ્તવિક રહસ્ય સમજવા માટે આપણે ઠીક ઠીક મજલ કાપવી પડશે, પરંતુ હાલ તો તેના અર્થજ્ઞાનથી શરૂઆત કરીએ.

ઘણા સુંદર શબ્દો લોકજિહ્વાએ ચડીને અપભ્રંશત્વ પામે છે અને તેનો મૂલ અર્થ ખોઈ બેસે છે. સામાયિક શબ્દનું પણ લગભગ એમ જ બન્યું છે. આજે કેટલાક તેને 'સમાયક' કહે છે, તો કેટલાક તેને 'સામાયક' કહે છે, તો કેટલાક વળી 'સમાક' અને 'સમાગ' સુધી પણ પહોંચ્યા છે. પરંતુ આ ચારે ય શબ્દો અશુદ્ધ છે. મૂલ શબ્દ **'સામાયિક'** છે અને તેને જ શુદ્ધ માનીને આપણે ચાલવાનું છે.

શાસ્ત્રીય શબ્દોને મૂલ સ્થિતિમાં રાખવા, એટલે કે તેમાં એક પણ અક્ષરની હાનિ કે વૃદ્ધિ કરવી નહિ, તેમજ તેના કાના, માત્રા, વરડુ કે અનુસ્વારમાં કંઈ પણ ફેરફાર

કરવો નહિ, એ આપણા મહાપુરુષોનો આદેશ છે. જો શબ્દના મૂલ સ્વરૂપમાં ફેરફાર કરીએ તો તેનો અર્થ જ બદલાઈ જાય અને જ્ઞાનની આશાતના થાય કે જે માટે આપણે પ્રાયશ્ચિત્ત-દંડના અધિકારી ઠરીએ. આમ છતાં આપણે તેના પર પૂરું લક્ષ્ય આપ્યું નથી, એટલે સ્થિતિ આ હદે પહોંચી છે.

શબ્દની સાથે તેનો અર્થ પણ શીખવો જોઇએ, તો જ જ્ઞાન સાંપડે અને તે આપણા જીવનને ઉજાળી શકે. આપણે જેનો અર્થ જાણતા નથી, એવા શબ્દોનું ભંડોળ ભેગું કરવાથી શું? તે માત્ર બોલી જવાથી કોઇ ઉપયોગી હેતુ સરતો નથી. આપણી ઘણી ખરી પાઠશાલાઓમાં આજે સૂત્રો કંઠસ્થ કરાવવામાં આવે છે, પણ તેના અર્થો શીખવવામાં આવતા નથી કે સામાન્ય અર્થો શીખવીને જ સંતોષ માનવામાં આવે છે. તેનું પરિણામ એ આવ્યું છે કે આ પાઠશાલાઓમાં ભણેલા બાલક-બાલિકાઓને જૈન ધર્મના સિદ્ધાંતોનો કે ક્રિયાઓનો સ્પષ્ટ બોધ હોતો નથી. આ પરિસ્થિતિનું નિવારણ ક્યારે થશે?

પ્રાકૃત-અર્ધમાગધી ભાષાનો 'सामाइय' શબ્દ સંસ્કૃત ભાષામાં 'सामायिक' શબ્દ બનેલો છે અને તે ગુજરાતી, હિંદી વગેરે ભાષામાં તત્સમ તરીકે ઉતરી આવેલો છે, એટલે કે તે એવો ને એવો રહ્યો છે.

જેમ નગર પરથી નાગરિક, શરીર પરથી શારીરિક અને ધર્મ પરથી ધાર્મિક શબ્દ બનેલો છે, તેમ સમાય શબ્દ પરથી સામાયિક શબ્દ બનેલો છે. જ્યારે કોઈ પણ

શબ્દના પ્રથમ અક્ષરમાં રહેલો સ્વર વૃદ્ધિ પામે, તેના છેલ્લા અક્ષરમાં રહેલા સ્વરનો લોપ થાય અને તેને સ્વાર્થમાં 'ઇક' પ્રત્યય લાગે, ત્યારે વ્યાકરણની પરિભાષામાં તેને તદ્ધિત રૂપ કહેવામાં આવે છે. સામાયિક એ સમાય શબ્દનું તદ્ધિત રૂપ છે. તે કેવી રીતે સિદ્ધ થયેલું છે? તે જોઇ લઇએ.

શબ્દનો પ્રથમ અક્ષર **સ** છે, તે સ્ + **અ** થી બનેલો છે. તેમાં સ્ વ્યંજન છે અને **અ** સ્વર છે. સંસ્કૃત ભાષામાં ૧૬ સ્વર અને ૩૩ વ્યંજન છે, જ્યારે ગુજરાતી ભાષામાં ૧૨ સ્વરો અને ૩૩ વ્યંજનો છે, એ તો જાણો છો ને? આ **અ** સ્વરની વૃદ્ધિ થતાં **આ** બને છે, એટલે સમાયનું સામાય રૂપ થાય છે. હવે છેલ્લો અક્ષર **ય** છે, તે ય્ + **અ** નો બનેલો છે. તેમાં ય્ વ્યંજન છે અને **અ** સ્વર છે. આ **અ** સ્વરનો લોપ થતાં સામાય્ એવું રૂપ બને છે. અને તેને સ્વાર્થમાં ઇક પ્રત્યય લગાડતાં **'સામાયિક'** એવો શબ્દ તૈયાર થાય છે.

જ્યારે કોઈ પણ શબ્દ તદ્ધિતરૂપ ધારણ કરે છે, ત્યારે તે સંબંધદર્શક બને છે. જેમકે-નગર સંબંધી તે નાગરિક, શરીર સંબંધી તે શારીરિક અને ધર્મ સંબંધી તે ધાર્મિક. આ રીતે જે સમાય સાથે સંબંધ ધરાવે છે, તે સામાયિક એમ સમજવાનું છે. તાત્પર્ય કે સામાયિકમાં **'સમાય'** શબ્દ ઘણો મહત્વનો છે અને તેનો અર્થ જાણીએ તો જ સામાયિકનો અર્થ જાણી શકાય એમ છે.

હવે સમાય શબ્દ એક કરતાં વધારે અર્થો દર્શાવે છે. અહીં તમે કદાચ એમ કહેશો કે 'સાવ સાદો જણાતો સમાય શબ્દ અનેક અર્થો શી રીતે દર્શાવતો હશે?' પરંતુ સાવ સાદા જણાતા શબ્દોમાં પણ ઘણા અર્થો દર્શાવવાની શક્તિ હોય છે, તે નીચેના દૃષ્ટાંતથી જાણી શકાશે :—

## ભીલ રાજા અને તેની ત્રણ રાણીઓ

એક જંગલમાં કોઈ ભીલ રાજા તેની ત્રણ રાણીઓ સાથે પ્રવાસ કરી રહ્યો હતો. એવામાં એક રાણીએ કહ્યું : 'હે સ્વામિનાથ ! મને બહુ તરશ લાગી છે, તો પાણી લાવી આપો.' થોડે દૂર ગયા પછી બીજી રાણીએ કહ્યું : 'પ્રિયતમ ! આ પ્રવાસ કંટાળાભરેલો લાગે છે, તો તમે કંઈ ગાઓ તો સારું.' પ્રવાસ થોડો આગળ વધ્યા પછી ત્રીજી રાણીએ કહ્યું કે 'હે પ્રીતમ ! આ જંગલ ઘણાં સુંદર હરણોથી ભરેલું છે. જો તમે તેમાંના એક હરણનો શિકાર કરો તો તેના માંસ વડે આપણે મીજબાની ઉડાવીએ.'

ત્રણ જુદા જુદા પ્રકારની માગણીઓ એકી સાથે પૂરી શી રીતે કરવી ? એ એક મુંઝવણભર્યો પ્રશ્ન હતો, પણ એ ભીલરાજા ચતુર હતો, એટલે તેણે એક જ ઉત્તરમાં બધાનું કામ પતાવી દીધું. એ ઉત્તર હતો 'सरो णत्थि.'

આ ઉત્તર પરથી પ્રથમ રાણી એમ સમજી કે નજીકમાં કોઈ सर એટલે સરોવર નથી, તેથી તેઓ પાણી ક્યાંથી લાવે ? આગળ પર કોઈ સરોવર આવશે, ત્યારે જોયું જશે.

આ ઉત્તર પરથી બીજી રાણી એમ સમજી કે અત્યારે તેમનો **સર** એટલે સ્વર નથી, અર્થાત્ તેમનું ગળું બેસી ગયેલું છે, એટલે તેઓ ગાઈ શકે એમ નથી. ચાલો, ગાવાથી સર્યું !

અને આ ઉત્તર પરથી ત્રીજી રાણી એમ સમજી કે અત્યારે તેમની પાસે **સર** એટલે શર-બાણ નથી, તેથી તે હરણનો શિકાર કરી શકે એમ નથી. આ સંયોગોમાં તેમને આગ્રહ કરવો નકામો છે.

તાત્પર્ય કે પ્રાકૃત ભાષાનો **सर** શબ્દ સાવ સાદો દેખાવા છતાં તેણે ત્રણ અર્થો પ્રદર્શિત કર્યા, તો પછી સંસ્કૃત-ગુજરાતી '**સમાય**' શબ્દ અનેક અર્થો પ્રદર્શિત કરે, એમાં આશ્ચર્ય શું ?

અહીં એ પણ સમજી લો કે શબ્દના અર્થો મનસ્વી રીતે કરી શકાતા નથી. તે માટે શાસ્ત્ર, પરંપરા, વ્યાકરણ કે કોષનું પ્રમાણ જોઈએ છે. આવા કોઈ પણ પ્રમાણ વિના અર્થ કરવા લાગીએ તો તેમાં છબરડા વળે છે અને સ્થિતિ હાસ્યાસ્પદ બન્યા વિના રહેતી નથી.

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે **વિશેષાવશ્યકભાષ્યમાં** સામાયિકનો અર્થ આ પ્રમાણે કર્યો છે:—

**राग-दोस विरहिओ समो त्ति अयणं अयोत्ति गमणं त्ति ।**
**समगमण (अयणं)त्ति समाओ, स एव सामाइयं नाम ॥**

'રાગ અને દ્વેષથી રહિત એવો આત્માનો પરિણામ

'સમ' કહેવાય. અય એટલે અયન કે ગમન. તે ગમન સમ પ્રત્યે થાય, તેથી સમાય કહેવાય અને એવો જે સમાય તે જ સામાયિક કહેવાય. અહીં સમ + અય = સમાય એમ માનીને અર્થ કરવામાં આવ્યો છે.

તાત્પર્ય કે જેનાથી રાગ-દ્વેષ દૂર થઈ સમભાવ કેળવાય તે સામાયિક કહેવાય. આજે તો આપણું જીવન રાગ-દ્વેષથી ભરેલું છે અને તેમાં સમભાવ તો શોધ્યો ય જડતો નથી, એટલે આપણા ઉદ્ધારની ચાવી આ સામાયિકમાં રહેલી છે. હવે તે ચાવીનો ઉપયોગ કેવો અને કેટલો કરવો? તે આપણે જોવાનું છે.

શ્રી હેમચંદ્રાચાર્યે **યોગશાસ્ત્રના સ્વોપજ્ઞવિવરણમાં** કહ્યું છે કે 'रागद्वेष-निर्मुक्तस्य सतः आयो ज्ञानादीनां लाभः प्रशमसुखरूपस्समायः, समाय एव सामायिकम्। રાગ અને દ્વેષથી મુક્ત થયેલા આત્માને જ્ઞાન વગેરેનો પ્રશમ સુખરૂપ જે લાભ થાય, તે સમાય અને તે જ સામાયિક.' અહીં સમ + આય = સમાય માનીને અર્થ કરવામાં આવ્યો છે. તેમાં સમનો અર્થ શમ-પ્રશમ-પ્રશમસુખ અને આયનો અર્થ લાભ દર્શાવેલો છે. તાત્પર્ય કે જેનાથી શમસુખનો લાભ થાય-પ્રશમસુખ મળે, તેને સામાયિક જાણવું. શમનો સામાન્ય અર્થ શાંતિ છે. ખાસ કરીને રાગદ્વેષજન્ય ઇન્દ્રિયો તથા મનના વિકારો શમી જતાં જે સુખ-શાંતિનો અનુભવ થાય, તેને શમ કહેવામાં આવે છે. આ શમગુણ જ્યારે પ્રકૃષ્ટપણું પામે, ત્યારે તેને પ્રશમ કહેવામાં આવે છે. આજે

તો આપણે ઇન્દ્રિય અને મનના અનેકવિધ વિકારોના ભોગ બનેલા છીએ, તેથી શાંતિનો અનુભવ કરી શકતા નથી. વિવિધ પ્રકારના ભોગો વડે જે શાંતિનો અનુભવ થાય છે, તે ક્ષણિક હોય છે, એટલે ફરી એ ભોગો ભોગવવાની વાસના સળવળે છે અને ફરી ક્ષણિક શાંતિનો અનુભવ કરી અશાંતિની આગમાં હોમાઈ જઇએ છીએ. તેથી ખરી જરૂર શમ-પ્રશમ પ્રકટાવવાની છે. આ શમ-પ્રશમ સુખનો લાભ સામાયિકની સાધનાથી મેળવી શકાય છે, એ તેનું કેટલું મહત્ત્વ?

હવે સમ શબ્દના બીજા પણ કેટલાક અર્થો થાય છે, તે જોઈ લઇએ.

સમ એટલે સમસ્થિતિ, વિષમ સ્થિતિનો અભાવ. આ વિષમ અને સમસ્થિતિ આત્માના સંબંધમાં સમજવાની છે. આત્મા અનાદિકાલથી કર્મો વડે બંધાયેલો છે. તે જુનાં કર્મો ભોગવતો જાય છે અને નવાં કર્મો બાંધતો જાય છે. આ બધાં કર્મોનું ફળ ભોગવવા માટે તેને ચારગતિ અને ચોરાશી લાખ જીવયોનિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે અને વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે. આ તેની વિષમ સ્થિતિ છે. જો આ વિષમ સ્થિતિ દૂર થાય, તો જ તે સમસ્થિતિને પામી શકે અને તેના મૂળ સ્વરૂપમાં અવસ્થાન પામી અનિર્વચનીય સુખ અને આનંદનો ઉપભોગ કરી શકે. તાત્પર્ય કે જેના વડે આત્માની કર્મસહિત અવસ્થા દૂર થઈ કર્મરહિત અવસ્થા પ્રાપ્ત થઈ શકે તેને સામાયિક કહેવાય.

સમ એટલે મિત્રતા કે બંધુત્વ. તે જગતના સર્વ

જીવો પ્રત્યે ઉત્પન્ન થાય, ત્યારે વિશ્વમૈત્રી કે વિશ્વબંધુત્વની ભાવના ઉત્પન્ન થઈ ગણાય. જેના અંતરમાં વિશ્વમૈત્રી કે વિશ્વબંધુત્વની ભાવના પાંગરી હોય, તે કોઇ જીવને પોતાનો વૈરી, શત્રુ કે અહિત કરનારો માને નહિ, એટલે તેમના પ્રત્યે કોઈ જાતનો દ્વેષ ધરાવે નહિ. વળી જ્યાં બંધુત્વની ભાવના બળવાન બની હોય ત્યાં આત્મસદૃશ-વ્યવહાર સહેજે સંભવે, એટલે કે તે સર્વ જીવોને પોતાના જેવા જ સુખની ભાવનાવાળા માની કોઇને જરા યે દુઃખ દેવા તત્પર થાય નહિ. આવી સમ અવસ્થા એટલે વિશ્વબંધુત્વની ભાવના જેનાથી કેળવાય, તેને સામાયિક કહેવાય.

સમ એટલે મધ્યસ્થતા કે વીતરાગતા. તે ત્યારે જ પ્રકટે છે કે જ્યારે સંસારના વિવિધ પદાર્થોમાં કરેલી મનોજ્ઞ અને અમનોજ્ઞ, અથવા ઇષ્ટ અને અનિષ્ટ અથવા પ્રિય અને અપ્રિયની કલ્પના દૂર થઇ અનાસક્ત ભાવ પ્રકટે. રાગથી પણ ન ખેંચાવું અને દ્વેષથી પણ ન ખેંચાવું, પરંતુ એ બેની મધ્યમાં રહેવું તે મધ્યસ્થતા; અને દરેક પરપદાર્થ પરનો રાગ ચાલ્યો જવો, આસક્તિ ચાલી જવી; એ વીતરાગતા. જેનાથી આવી વીતરાગતા ઉત્પન્ન થાય, તેને સામાયિક કહેવાય.

સમનો એક અર્થ દર્શન, જ્ઞાન અને ચારિત્રનો સમન્વય છે, એટલે જેનાથી સમ્યગ્દર્શન પ્રકટે, તેના આધારે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય અને તેના આધારે સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય, તેને પણ સામાયિક કહેવાય.

સમાય શબ્દમાં કેવા ગંભીર અને જીવનસ્પર્શી અર્થો

સમાયેલા છે, તે આ પરથી સમજી શકાશે. પરંતુ તેના આવા અર્થો આપણા જાણવામાં આવ્યા નથી અને કદાચ જાણવામાં આવ્યા હોય, તો પણ આપણે તેના પર ગંભીર વિચાર કર્યો નથી, એટલે તે આપણા હૃદયને સ્પર્શી શકેલ નથી. આ તો અમૃતસરોવરના કિનારે ઊભા રહીને તરસ્યા મરવા જેવી સ્થિતિ છે.

સામાય શબ્દનું તદ્ધિતરૂપ પણ સામાયિક બની શકે છે. જેનાથી સામ એટલે શાંતિનો લાભ થાય, તે સામાય. અથવા જેનાથી સામ એટલે અહિંસાનો લાભ થાય, તે સામાય. અથવા જેનાથી સામ એટલે વિશ્વમૈત્રીનો લાભ થાય, તે સામાય. આવો સામાય તે જ સામાયિક. પરંતુ ઉપરના અર્થોમાં આ બધા અર્થોનો લગભગ સમાવેશ થઇ જાય છે, એટલે મુખ્ય લક્ષ્ય એ અર્થો તરફ જ આપવાનું છે. તેનું અહીં તારણ આપીએ તો યાદ રાખવાનું ઠીક પડશે.

(૧) જેનાથી રાગ–દ્વેષ દૂર થઇ સમભાવ કેળવાય, તે સામાયિક કહેવાય.

(૨) જેનાથી શમસુખનો લાભ થાય, તે સામાયિક કહેવાય.

(૩) જેનાથી આત્માની કર્મમય વિષમ સ્થિતિ દૂર થાય અને કર્મરહિત સમ–અવસ્થા પ્રાપ્ત થાય, તે સામાયિક કહેવાય.

(૪) જેનાથી સાંસારિક પદાર્થો પરની આસક્તિ દૂર થઇ અનાસક્ત ભાવ કેળવાય, તે સામાયિક કહેવાય.

(૫) જેનાથી સર્વ જીવો પ્રત્યે મૈત્રી કેળવાય, તે સામાયિક કહેવાય.

(૬) જેનાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્-ચારિત્રની પ્રાપ્તિ થાય, તે સામાયિક કહેવાય.

સામાયિકના આ છ અર્થો ફરી ફરી વિચારવા જેવા છે, ફરી ફરી ચિંતવવા જેવા છે. તેનાથી સામાયિક પ્રત્યે અભિરુચિ કેળવાશે અને આધ્યાત્મિક ઉન્નતિનાં દ્વાર ખુલી જશે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–સામાયિકના અર્થો અનેક છે, તેમાંથી ક્યા અર્થને મુખ્ય માનીને ચાલવું ?

ઉત્તર–શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે સામાયિકનો જે અર્થ કર્યો છે, તેને મુખ્ય માનીને ચાલવું. શાસ્ત્રીય પરંપરા અને વ્યાકરણ એ બંને દૃષ્ટિએ એ અર્થ બરાબર છે.

પ્રશ્ન–તો બીજા અર્થો શાસ્ત્રીય પરંપરા અને વ્યાકરણની દૃષ્ટિએ બરાબર નથી શું ?

ઉત્તર–બીજા અર્થો પણ શાસ્ત્રીય પરંપરા અને વ્યાકરણની દૃષ્ટિએ બરાબર છે, પણ તત્ત્વથી એ બધાયે અર્થો પ્રથમ અર્થમાં અંતર્ભાવ પામે છે.

પ્રશ્ન–જો બીજા અર્થો પ્રથમ અર્થમાં અંતર્ભાવ પામી જાય એવા હતા, તો જણાવવાની જરૂર શી હતી ?

ઉત્તર—સામાયિક શબ્દમાં કેવું અર્થગાંભીર્ય રહેલું છે, તે દર્શાવવા માટે આ અર્થો અહીં જણાવેલા છે. શું આ અર્થો જાણ્યા પછી તમને એમ નથી લાગતું કે સામાયિક શબ્દ ગહન અર્થનો ભંડાર છે?

પ્રશ્ન—એમ તો લાગે જ છે, પણ બીજા બધા અર્થો પ્રથમ અર્થમાં અંતર્ભાવ પામે છે, એ વાત મગજમાં ઉતરતી નથી, તેનું કેમ?

ઉત્તર—ઇન્દ્રિય અને મનના વિકારો શમતાં જે સુખનો અનુભવ થાય છે, તેને શમસુખ કહેવામાં આવે છે. હવે ઇન્દ્રિય અને મનના વિકારો રાગ-દ્વેષને આધીન છે, એટલે કે રાગ-દ્વેષને લીધે તે ઉત્પન્ન થાય છે અને રાગ-દ્વેષનો નાશ થતાં તે શમી જાય છે. એટલે સમભાવ અને શમ-સુખ એક જ સ્થિતિનાં બે જુદાં નામો છે. અપેક્ષાવિશેષથી તેમનું નામકરણ જુદું થયું છે, એટલું જ. જ્યાં સમભાવ નથી, ત્યાં શમસુખ નથી અને જ્યાં શમસુખ નથી, ત્યાં સમભાવ નથી. હવે તમે જ કહો કે સામાયિકનો બીજો અર્થ પ્રથમ અર્થમાં અંતર્ગત થાય કે નહિ?

પ્રશ્ન—તમારો આ ખુલાસો સાંભળ્યા પછી એમ લાગે છે કે બીજો અર્થ પ્રથમ અર્થમાં અંતર્ગત થઈ જાય છે, પરંતુ ત્રીજો અર્થ તો સાવ જુદો જ લાગે છે, તે પ્રથમ અર્થમાં શી રીતે અંતર્ભાવ પામે?

ઉત્તર–દેખીતી જુદાઈમાં ઘણી વાર એકતા હોય છે અને દેખીતી એકતામાં ઘણીવાર જુદાઈ હોય છે, એટલે આ ત્રીજો અર્થ દેખીતો જુદો છતાં એક જ વસ્તુ સ્થિતિનું પ્રતિપાદન કરનારો છે. સઘળાં કર્મબંધનોનું મુખ્ય કારણ રાગ અને દ્વેષ છે. એ ઘટવા માંડે એટલે કર્મબંધન ઘટવા માંડે અને તે સર્વથા ઘટી જાય એટલે કે નાશ પામે ત્યારે સઘળાં કર્મબંધનો પણ નાશ પામે. તાત્પર્ય કે રાગદ્વેષનો નાશ એ જ વાસ્તવમાં કર્મનાશ છે, એટલે કર્મરહિત સમ અવસ્થા અને સમભાવ વસ્તુતઃ એક જ છે.

પ્રશ્ન–ચોથો અર્થ પણ દેખીતો જુદો છે. શું તેમાં ય આ રીતે એકતા સિદ્ધ થશે ખરી ?

ઉત્તર–તેની હમણાં જ ખબર પડશે. સાંસારિક પદાર્થો પર આસક્તિ થવાનું મૂળ કારણ રાગ છે અને અપેક્ષા-વિશેષથી દ્વેષ પણ છે. તે બંનેનું પ્રમાણ ઘટતાં અનાસક્ત-ભાવ ઉત્પન્ન થવા લાગે છે અને એ પ્રમાણ પૂરેપૂરું ઘટી જાય એટલે કે શૂન્યબિંદુ પર આવી જાય, ત્યારે અનાસક્ત-ભાવ સંપૂર્ણપણે સિદ્ધ થાય છે. એટલે આ ચોથો અર્થ પણ પ્રથમ અર્થમાં અંતર્ભાવ પામે છે, એમ માનવું જ રહ્યું.

પ્રશ્ન–એ માની લીધું. હવે પાંચમો અર્થ પ્રથમ અર્થમાં શી રીતે અંતર્ભાવ પામે છે, એ જણાવો !

ઉત્તર–જગતના કેટલાક જીવોને આપણે મિત્ર કે દોસ્ત માનીએ છીએ અને કેટલાક જીવોને શત્રુ કે દુશ્મન માનીએ

છીએ, તેનું કારણ આપણામાં રહેલી રાગ-દ્વેષની વૃત્તિ છે. જો આ રાગ અને દ્વેષની વૃત્તિ નાશ પામે તો અમુકને મિત્ર અને અમુકને શત્રુ માનવાની વૃત્તિ ઉદ્ભવે જ નહિ. પછી તો જગતના સર્વ જીવોને સમાન માનવાની અને તેમની સાથે મૈત્રીભર્યો વ્યવહાર રાખવાની ભાવના પ્રબળ બને, એટલે વિશ્વમૈત્રી એ સમભાવનું બીજું નામ છે. જ્યાં સમભાવ હોય ત્યાં જગતના બધા જીવો સાથે અવશ્ય મૈત્રી હોય, તેથી પાંચમો અર્થ પણ પ્રથમ અર્થમાં અંતર્ભાવ પામી જાય છે.

પ્રશ્ન-શું છટ્ઠો અર્થ પણ આ રીતે પ્રથમ અર્થમાં અંતર્ભાવ પામશે ખરો ?

ઉત્તર-એમાં શંકા શી ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માના ગુણો છે, જે રાગ-દ્વેષનો નાશ થવાથી પૂર્ણપણે પ્રગટ થાય છે. તાત્પર્ય કે સમભાવની આરાધનામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધનાનો સમાવેશ થઈ જાય છે. શાસ્ત્રકારોએ સામાયિકના શ્રુત-સામાયિક, સમ્યકત્વ-સામાયિક, દેશવિરતિ-સામાયિક અને સર્વવિરતિ-સામાયિક એવા જે ચાર પ્રકારો પાડ્યા છે, તે આ વસ્તુનું સમર્થન કરનારા છે.

શ્રુત એટલે શાસ્ત્રો-તેનું અધ્યયન કરી સમ્યગ્જ્ઞાન મેળવવું, એ શ્રુત-સામાયિક. તત્ત્વભૂત પદાર્થોમાં શ્રદ્ધા રાખવી

એ સમ્યક્ત્વ-સામાયિક. સમ્યક્ત્વમૂલ શ્રાવકનાં બાર વ્રતો પાળવાં એ દેશવિરતિ-સામાયિક અને સાધુનાં પાંચ મહાવ્રતો પાળવાં એ સર્વવિરતિ-સામાયિક. આમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેયનો સમાવેશ થયેલો છે. તાત્પર્ય કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર રૂપી રત્નત્રયી અને સામાયિક તાત્ત્વિક દૃષ્ટિએ અભિન્ન છે, તેથી આ છઠ્ઠો અર્થ પણ પ્રથમ અર્થમાં અંતર્ભાવ પામે છે.

[ ૩ ]

## સામાયિક–સારભૂત સુંદર ક્રિયા

સામાયિક શ્રદ્ધારૂપ પણ છે, જ્ઞાનરૂપ પણ છે અને ચારિત્ર કે ક્રિયારૂપ પણ છે. તેમાંથી ક્રિયા તરીકે તેની પ્રસિદ્ધિ વિશેષ હોવાથી, પ્રથમ તે સંબંધી કેટલીક વિચારણા કરીશું.

ગત બે પ્રકરણોમાં સામાયિકના મહિમા તથા અર્થ અંગે જે વિવેચન કરવામાં આવ્યું છે, તેના પરથી પાઠક-મિત્રો એટલું તો સમજી ગયા હશે કે સામાયિક એ જૈન ધર્મની મહાન સાધના છે, તે સમત્વ કે સમભાવની સિદ્ધિ માટે યોજાયેલી છે અને સાધુ–સાધ્વીઓ માટે ફરજિયાત છે.' 'સામાયિક વિના સાધુતા નહિ' એ ન્યાયે તો પ્રત્યેક સાધુ–સાધ્વી સાધુજીવનનો સ્વીકાર કરતાં પહેલાં સામાયિકની પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે અને પોતાના સમસ્ત જીવન દરમિયાન તેના પાલન માટે પ્રયત્નશીલ રહે છે. જો સામાયિકની ક્રિયા સારભૂત અને સુંદર ન હોત તો તેને સાધુ–સાધ્વીઓ માટે આ રીતે ફરજિયાત બનાવવામાં આવી ન હોત.

જો સર્વશાસ્ત્રોની દોહનરૂપ ક્રિયાને સારભૂત કહેવાતી હોય તો સામાયિકની ક્રિયા સર્વશાસ્ત્રોના દોહન રૂપ છે અને જો શુભ કે પ્રશસ્ત પરિણામ લાવનારી ક્રિયાને સુંદર કહેવાતી હોય તો સામાયિકની ક્રિયા શુભ કે પ્રશસ્ત પરિણામ લાવનારી છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'શાસ્ત્રો તો લાખો શ્લોકપ્રમાણ છે, તેનું દોહન આ રીતે એક ક્રિયામાં શી રીતે થાય ?' તો ચાર પંડિતોની વાત જાણવાથી આ પ્રશ્નનું સમાધાન થશે.

## ચાર પંડિતોની વાત

એક શહેરમાં ચાર પંડિતો રહેતા હતા. તેમાં પહેલો આયુર્વેદમાં નિષ્ણાત હતો, બીજો ધર્મશાસ્ત્રમાં વિશારદ હતો, ત્રીજો નીતિશાસ્ત્રમાં નિપુણ હતો અને ચોથો કામશાસ્ત્રમાં પારંગત હતો. આ ચારે ય પંડિતોએ પોતપોતાના વિષયનો એક મહાગ્રંથ રચવાનો વિચાર કર્યો અને તે અનુસાર એક એક લાખ શ્લોકની રચના કરી. પછી તેઓ જિતશત્રુ નામના રાજા પાસે ગયા અને કહેવા લાગ્યા : 'હે રાજન્ ! અમે આ મહાગ્રંથોની રચના કરી છે, તે તમે સાંભળો.'

રાજાએ કહ્યું : 'કેટલા શ્લોકપ્રમાણ છે ?'

પંડિતોએ કહ્યું : 'દરેક ગ્રંથ લાખ શ્લોકપ્રમાણ છે.'

રાજાએ કહ્યું : 'આટલા મોટા ગ્રંથો સાંભળવા બેસું તો મારું બધું કામ રખડી જાય.'

પંડિતોએ કહ્યું : 'તો તેનો પચીશ–પચીશ હજાર શ્લોકોમાં સંક્ષેપ કરીએ.'

રાજાએ કહ્યું : 'તો પણ બધા થઈને એક લાખ શ્લોક થાય. માટે હજી સંક્ષેપ થઈ શકે એમ હોય તો જણાવો.'

પંડિતોએ કહ્યું : 'જો આપની ઇચ્છા એવી જ હોય તો તેને હજાર–હજાર શ્લોકપ્રમાણ બનાવી દઈએ.'

પરંતુ રાજાને આ પ્રમાણ પણ વધારે લાગ્યું, એટલે પંડિતો પાંસસો શ્લોકો પર આવ્યા, તેમાંથી સો શ્લોક પર આવ્યા, તેમાંથી દશ શ્લોકો પર આવ્યા અને છેવટે એક શ્લોક પર આવ્યા. ત્યારે રાજાએ કહ્યું : 'તમે જે કંઈ કહો, તે સાંભળીને હું યાદ રાખવા માગું છું અને ચાર શ્લોકો યાદ રાખવા જેટલી મારી શક્તિ નથી, તેથી ચારે ય મળીને એક શ્લોક કહો તો હું સાંભળું. પંડિતોએ એ વાત કબૂલ કરી.

પછી પહેલો પંડિત બોલ્યો :

**जीर्णे भोजनमात्रेयः,**

જમેલું પચી જાય પછી જ ભોજન કરવું, એ આયુર્વેદમાં પરમ નિષ્ણાત આત્રેયનો મત છે.

પછી બીજો પંડિત બોલ્યો :

**कपिलः प्राणीनां दया ।**

પ્રાણીઓ પર દયા રાખવી, એ ધર્મશાસ્ત્રમાં પરમ વિશારદ કપિલ ઋષિનો મત છે.

પછી ત્રીજો પંડિત બોલ્યો :

**बृहस्पतिरविश्वासः,**

કોઈ પર અંધવિશ્વાસ રાખવો નહિ, એ નીતિશાસ્ત્રમાં પરમ નિપુણ બૃહસ્પતિનો મત છે.

છેવટે ચોથો પંડિત બોલ્યો :

**पाञ्चालः स्त्रीषु मार्दवम् ॥**

સ્ત્રીઓ પ્રત્યે મૃદુતાથી વર્તવું, એ કામશાસ્ત્રમાં કાબેલ પાંચાલ ઋષિનો મત છે.

આ રીતે દરેક પંડિતે એક લાખ શ્લોકનો સંક્ષેપ માત્ર એક એક ચરણમાં સંભળાવતાં રાજા ઘણો ખુશી થયો અને તેમને ભારે ઈનામો આપ્યાં.

એટલે લાખો શ્લોકોનો સાર માત્ર એક ક્રિયામાં ઉતરી શકે છે.

અમે અનુભવે જોયું છે કે સામાયિકની ક્રિયા થોડો વખત કરવામાં આવે તો પણ તે મન-વચન-કાયાને પવિત્ર કરે છે, શાંતિ અને સમતાનો અનુભવ કરાવે છે તથા ધર્મભાવનામાં ભરતી લાવે છે, તો પછી લાંબા સમય સુધી સામાયિકની ક્રિયા કરનારને કયા લાભો ન થાય ?

કેટલાક એમ સમજે છે કે 'સામાયિક તો એક સામાન્ય ક્રિયા છે અને તે ડોસા-ડોસીઓ કે ફુરસદિયા લોકોને કરવા જેવી છે, તેમાં આપણું કામ નહિ.' પણ આ

સમજણ ભૂલભરેલી છે. શ્રાવક-શ્રાવિકા માટે સામાયિકની જે ક્રિયા કરવાનું વિધાન છે, તે સામાયિકની મહાસાધનાના એક પ્રતીક રૂપ છે અને તે આધ્યાત્મિક વિકાસ સાધવા માટે તથા યોગસાધના કરવા માટે એક સુંદર સાધન છે, તેથી નાના-મોટા સહુએ કરવા જેવી છે. જે લોકો એમ કહે છે કે વ્યવહાર અને વ્યાપાર પહેલો, ધાર્મિક ક્રિયાઓ પછી, તે ગાડીની આગળ ઘોડો જોડવાને બદલે પાછળ જોડે છે અને તે ગાડીને હંકારવાનો પ્રયત્ન કરે છે, પછી તેનું પરિણામ દુઃખ, શોક કે નિરાશામાં આવે તેમાં નવાઈ શી ? જેમ ગાડીની આગળ ઘોડો જોડવાથી તે બરાબર ચાલે છે, તેમ જીવનમાં ધર્મને પ્રાધાન્ય આપવાથી, ધાર્મિક ક્રિયાઓને મહત્ત્વ આપવાથી જીવન સંવાદી ( Harmonius ) અને સુંદર બને છે. તાત્પર્ય કે વ્યવહાર અને વ્યાપારની ગમે તેવી ધમાલ હોય, તો પણ સામાયિકની ક્રિયા દરરોજ કરવા જેવી છે.

સામાયિક એ સર્વ આધ્યાત્મિક ક્રિયાઓનો સાર છે, તેથી પણ તે સારભૂત અને સુંદર છે. આ વસ્તુ અમે પાઠક મિત્રોને સ્પષ્ટતાથી સમજાવવા ઇચ્છીએ છીએ.

આધ્યાત્મિક વિકાસ માટે જે ક્રિયાઓ અવશ્ય કરવા જેવી છે, તેને જૈન ધર્મમાં '**આવશ્યક**'ની સંજ્ઞા અપાયેલી છે. આવાં આવશ્યકો છ છે: (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાર્યોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન. તેમાં સામાયિકનો મુખ્ય હેતુ

મનુષ્યમાં રહેલી રાગ–દ્વેષની વૃત્તિઓને ઘટાડી સમત્વ કે સમભાવ તરફ લઈ જવાનો છે. ચતુર્વિંશતિસ્તવનો મુખ્ય હેતુ ચોવીશ તીર્થંકરો પ્રત્યે અનન્ય ભક્તિ ઉત્પન્ન કરવાનો છે. વંદનનો મુખ્ય હેતુ ગુણવાન ગુરુ પ્રત્યે વિનય કેળવી તેમની કૃપા મેળવવાનો છે. પ્રતિક્રમણનો મુખ્ય હેતુ જાણે કે અજાણે થયેલી ભૂલોને સુધારી ભાવી ભૂલો સામે પાળ બાંધવાનો છે. કાયોત્સર્ગનો મુખ્ય હેતુ કાયાનું મમત્વ ટાળી મનની વૃત્તિઓને આત્મા તરફ વાળવાનો છે અને પ્રત્યાખ્યાનનો મુખ્ય હેતુ આત્માને સંયમમાં લાવી ત્યાગ ગુણ કેળવવાનો છે. ×

'છ આવશ્યકોમાં સામાયિકને પ્રથમ મૂકવાનું કારણ શું ?' આ પ્રશ્નનો ઉત્તર શ્રીમાન્ હરિભદ્રસૂરિએ **આવશ્યક સૂત્રની ટીકામાં** આ પ્રમાણે આપ્યો છે: 'तत्र प्रथम-मध्ययनं सामायिकं समभावलक्षणत्वात्, चतुर्विंशतिस्तवादीनां च तद्भेदत्वात् प्राथम्यमस्येति ।' ષડાવશ્યકનાં છ અધ્યયનોમાં પહેલું અધ્યયન સામાયિક છે. સમભાવ લક્ષણને લીધે તે સામાયિક કહેવાયું છે. ચતુર્વિંશતિસ્તવઆદિ બીજાં પાંચ અધ્યયનો તેના જ ભેદો છે, એટલે તેની પ્રાથમિકતા સમજવાની છે.' તાત્પર્ય કે છ આવશ્યકોમાં સામાયિક એ સાધ્ય હોવાથી પહેલું મૂકાયેલું છે અને બીજાં પાંચ આવશ્યકો તેનાં સાધનો કે અંગો હોવાથી પછી મૂકાયેલાં છે.

---

× '**શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા**'ના ત્રણ દળદાર ભાગોમાં આ છ આવશ્યકો પર અમે વિસ્તૃત વિવેચન કરેલું છે, તે જિજ્ઞાસુઓએ જરૂર જોવું.

જ્યારે શ્રીમાન્ હરિભદ્રસૂરિ જેવા જૈન શાસ્ત્રોના સમર્થ જ્ઞાતા આ વસ્તુ કહી રહ્યા છે, ત્યારે તેને યથાર્થ માનવી જ રહી. આજે 'ષડાવશ્યક'નો સંસ્કાર આપણા મન પર દૃઢ થયેલો છે, એટલે પ્રશ્ન ઉઠે છે કે 'આ શી રીતે હોઈ શકે?' પણ જિનાગમોના પ્રાચીન ઉલ્લેખો આ વસ્તુનું પૂરું સમર્થન કરે છે.

**આવશ્યકનિર્યુક્તિ**માં કહ્યું છે કે 'તપ અને સંયમથી સહિત એવા મરીચિ, સ્વામીની સાથે વિચરે છે. ઉદ્યમી અને ભક્તિવાન એવા તે ગુરુ પાસે **સામાયિકથી માંડીને અગિયાર** અંગો પર્યંત ભણ્યા.'

**જ્ઞાતાધર્મકથા** નામના છઠ્ઠા અંગસૂત્રના શૈલકજ્ઞાત નામે પાંચમા અધ્યયનમાં કહ્યું છે કે 'ત્યારબાદ તે થાવચ્ચા પુત્ર શ્રી નેમિનાથ સ્વામીના તથાપ્રકારના ગુણવિશિષ્ટ સ્થવિરો પાસે **સામાયિક આદિ ચૌદ પૂર્વોનો** અભ્યાસ કરે છે.....તે પછી મુંડ થઈને દીક્ષા અંગીકાર કર્યા બાદ શુક નામના મહર્ષિ **સામાયિકથી માંડીને ચૌદ પૂર્વોનું** અધ્યયન કરે છે.'

**શ્રી ભગવતીસૂત્રના** બીજા શતકના પ્રથમ ઉદ્દેશામાં સ્કંદચરિત આવે છે. તેમાં જણાવ્યું છે કે 'તે સ્કંદક અણગાર ભગવાન મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે **સામાયિક આદિ અગિયાર** અંગોનું અધ્યયન કરે છે.'

આવા ઉલ્લેખો જિનાગમોમાં અનેક સ્થળે થયેલા છે. જ્યારે કોઈ પણ મુનિ દીક્ષા અંગીકાર કરી શ્રુતના પારગામી

થયા, એવું કહેવું હોય ત્યારે તેમણે સામાયિક આદિ અગિયાર અંગો કે સામાયિક આદિ ચૌદ પૂર્વો એવા શબ્દોનો પ્રયોગ કરેલો છે. આનો અર્થ એ થયો કે શ્રમણોને–સાધુઓને સહુ પ્રથમ સામાયિકસૂત્રનું અધ્યયન કરાવવામાં આવતું અને ત્યાર પછી જ અગિયાંર અંગો તથા ચૌદ પૂર્વોનો અભ્યાસ કરાવવામાં આવતો. સામાયિક એ સાધુ-જીવનની મુખ્ય સાધના હતી, એટલે તેને આ રીતે પ્રાથમિકતા અપાતી. વળી દરેક સ્થળે સામાયિક શબ્દનો જ પ્રયોગ કરેલો છે, નહિ કે ષડાવશ્યકનો, એટલે સામાયિક મુખ્ય મનાતું અને બીજાં આવશ્યકો તેનાં સાધનો કે અંગો મનાતાં, એમાં કોઈ શંકાને સ્થાન નથી.

'બીજાં આવશ્યકો સામાયિકનાં સાધનો કે અંગો શી રીતે ?' એ પ્રશ્ન પાઠકોના મનમાં અવશ્ય ઉઠવાનો. તેનો ખુલાસો એ છે કે ચોવીશ તીર્થંકરો સામાયિકના સાધકો તથા ઉપદેશકો હતા, તેથી તેમનું સ્મરણ કરતાં સામાયિકની ભાવના પુષ્ટ થાય છે, આદર્શ સામાયિક કેવું હોવું જોઈએ ? તેનો ખ્યાલ આવે છે અને તેમના સદ્ભુત ગુણોનું કીર્તન કરતાં ચિત્તમાં રહેલો રાગ–દ્વેષરૂપી મલ ઓછા થતાં સમભાવની સિદ્ધિમાં સહાય મળે છે, એટલે તેને સામાયિકનું એક અંગ માનવામાં આવ્યું છે.

ગુણવાન ગુરુનો વિનય કરતાં સામાયિકના હેતુઓ સમજાય છે, સામાયિકનું સ્વરૂપ ખ્યાલમાં આવે છે અને તેના વિધિ અંગે યોગ્ય માર્ગદર્શન મળે છે, તેથી તેને

પણ સામાયિકનું જ એક અંગ માનવામાં આવ્યું છે. જો ગુણવાન ગુરુનો વિનય કરવામાં ન આવે તો સામાયિકનો લાભ થાય નહિ. સામાયિકની ક્રિયા તેમની નિશ્રામાં, તેમના માર્ગદર્શન નીચે જ કરવાની છે, પછી તેમનો વિનય કર્યા વિના કેમ ચાલે ? વળી દેવ અને ગુરુ બંને પ્રત્યે શ્રદ્ધાન્વિત થવાથી જ સામાયિકની સિદ્ધિ થાય છે, એટલે તેમનો વિનય, તેમની ભક્તિ, તેમનું બહુમાન આવશ્યક છે.

પ્રમાદ, અણસમજ કે ઉપયોગની ખામીને લીધે સામાયિકની ક્રિયામાં–સાધનામાં ઘણી સ્ખલનાઓ થાય છે, પરંતુ પ્રતિક્રમણનો આશ્રય લેતાં એ સ્ખલનાઓ સુધરી જાય છે અને નવી સ્ખલનાઓ ન થાય, તેની તકેદારી જાગે છે. આ રીતે સામાયિકની શુદ્ધિ જાળવી રાખવામાં અને તેની ધ્યેયલક્ષી પ્રવૃત્તિને ગતિ આપવામાં પ્રતિક્રમણ ખાસ સહાય કરે છે, તેથી તેનો સામાયિકના એક અંગ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

સામાયિક એ શુદ્ધ આધ્યાત્મિક ક્રિયા છે, પણ દેહની મમતાને લીધે તેમાં ડહોળાણ થાય છે અને નહિ ધારેલા–નહિ કલ્પેલા દોષો ફૂટી નીકળે છે, પરંતુ કાયોત્સર્ગનું આલંબન લેતાં દેહની એ મમતા દૂર થાય છે અને આત્મ-શોધન કરવાની અનેરી તક સાંપડે છે કે જે સામાયિકની સાધનામાં અત્યંત જરૂરી છે, તેથી કાયોત્સર્ગને પણ સામાયિકનું એક અંગ ગણવામાં આવ્યું છે.

પ્રત્યાખ્યાન પાપને અટકાવનારું છે, ત્યાગગુણની અભિવૃદ્ધિ કરનારું છે અને સંકલ્પબલને વધારનારું છે, તેથી તેની ગણના પણ સામાયિકના એક અંગમાં જ કરેલી છે.

ટૂંકમાં સર્વ આધ્યાત્મિક ક્રિયાઓમાં ષડાવશ્યકની મુખ્યતા છે અને ષડાવશ્યકમાં સામાયિકની મુખ્યતા છે, એટલે તેને સર્વ આધ્યાત્મિક ક્રિયાઓનો સાર સમજવાનો છે.

અહીં પ્રાસંગિક એટલું જણાવી દઈએ કે આજે તો ષડાવશ્યક એ જાણે માત્ર બોલી જવાનો વિષય હોય, એ રીતે તેનાં સૂત્રો પ્રતિક્રમણ–સમયે કડકડાટ બોલી જવામાં આવે છે, પણ તેના અર્થ–ભાવ–રહસ્યનો વિચાર કરી તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી, તેથી જ આપણા જીવનમાંથી અધ્યાત્મનો રંગ ઉડી ગયો છે અને ભૌતિકવાદની ભરતી થઈ રહી છે. તેનાં જે અનિષ્ટ પરિણામો આવ્યાં છે અને આવી રહ્યાં છે, તે આપણી આંખો ખોલનારાં બનવા જોઈએ, પણ હજી સુધી બન્યાં નથી, એ કેટલું શોચનીય છે?

પાઠકમિત્રો! જૈન મહર્ષિઓએ ધર્મ, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, યોગ અને મંત્ર–યંત્ર–તંત્રના વિષયમાં ઘણું ખેડાણ કરેલું છે, તેનું આપણે શોધન કરીએ, તેનો આપણે સંગ્રહ કરીએ, તેનાં રહસ્યોને સમજવાનો નિષ્ઠાભર્યો પ્રયાસ કરીએ તો આપણે આ વસ્તુઓ માટે અન્ય કોઈ જગાએ નજર દોડાવવાની જરૂર નથી. અધ્યયન–અભ્યાસ માટે તે

તરફ નજર દોડાવીએ, એ જુદી વાત છે. અમે પોતે અમારી જીંદગીનાં ઘણાં કિંમતી વર્ષો એની પાછળ ગાળ્યાં છે અને તેનું કેટલુંક શુભ પરિણામ આવ્યું છે, પણ આ બધું વિશાલ પાયે અને વ્યવસ્થિતપણે થવું જોઇએ, એવી અમારી આંતરિક માન્યતા છે.

'સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયાથી મોક્ષ મળે છે' એવી આપણા મહાપુરુષોની જોરદાર જાહેરાત છે, પણ આપણામાં નથી તો સમ્યગ્જ્ઞાન અને નથી તો સમ્યક્ક્રિયા! પછી આપણે મોક્ષમાર્ગ તરફ પ્રયાણ શી રીતે કરવાના? જો આપણે મોક્ષ જોઈતો જ હોય તો આ પ્રશ્નની ગંભીર વિચારણા કરવી જોઈએ. તેના પ્રત્યેની ઉપેક્ષા આપણને અધઃપતન તરફ ઘસડી રહી છે અને હજી વિશેષ ઘસડશે, તેથી એ ઉપેક્ષા છોડો અને ગંભીર વિચારપૂર્વક સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ક્રિયાના માર્ગે આગળ વધવાનો નિર્ણય કરો.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-ક્રિયા કોને કહેવાય?

ઉત્તર-જે આત્મશુદ્ધિ નિમિત્તે કરવામાં આવતી હોય, તે ક્રિયા કહેવાય. ધાર્મિક-આધ્યાત્મિક ક્ષેત્રમાં આવી ક્રિયાનું જ મહત્ત્વ છે.

પ્રશ્ન-ક્રિયા વિના કાર્યસિદ્ધિ થાય ખરી?

ઉત્તર-ના. જો રાંધવાની ક્રિયા કરીએ તો જ રસોઈ થાય છે અને ભણવાની ક્રિયા કરીએ તો જ વિદ્યા મળે છે.

એ જ રીતે ધાર્મિક કે આધ્યાત્મિક ક્રિયાઓ કરીએ, તો જ ધાર્મિક-આધ્યાત્મિક વિકાસ સાધી શકાય છે.

પ્રશ્ન–જ્ઞાન વિના ક્રિયા થાય ખરી?

ઉત્તર–થાય, પણ તેનું ધાર્યું પરિણામ આવે નહિ. જ્ઞાનથી ક્રિયાનો હેતુ અને તેનું સ્વરૂપ બરાબર સમજાય છે અને તે કાર્યસિદ્ધિ માટે ઉપયોગી છે, તેથી જ્ઞાનપૂર્વક ક્રિયા કરવાનું વિધાન છે.

પ્રશ્ન–જો જ્ઞાનપૂર્વક ક્રિયા કરવામાં આવતી હોય, તો તેમાં શ્રદ્ધાની જરૂર ખરી?

ઉત્તર–હા. તેમાં શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધા વિના જ્ઞાન નહિ,જ્ઞાન વિના ક્રિયા નહિ અને ક્રિયા વિના મુક્તિ નહિ, એ જૈન ધર્મે સ્વીકારેલો સિદ્ધાંત છે.

પ્રશ્ન–માત્ર શ્રદ્ધાથી ક્રિયા કરવામાં આવે તો?

ઉત્તર–તો એ ક્રિયા બરાબર થાય નહિ. શ્રદ્ધા અને ક્રિયા વચ્ચે જ્ઞાનની ભૂમિકા સ્વીકારવામાં આવી છે, તે આપણે ભૂલવું ન જોઈએ. જો માત્ર શ્રદ્ધાથી ક્રિયા બરાબર થતી હોય તો જ્ઞાની ભગવંતો વચ્ચે જ્ઞાનને લાવત જ નહિ. શ્રદ્ધા એ ક્રિયા માટે એક આવશ્યક પગથિયું છે, પણ ક્રિયા-શુદ્ધિ માટે તો જ્ઞાનની જરૂર પડે જ છે. આપણા અંતરમાં શ્રદ્ધા હોય કે હું મોટો સંગીતકાર થઈશ અને તે માટે થોડાં વાજિંત્રો ભેગાં કરી ગમે તેમ વગાડવા માંડીએ તો સંગીતકાર થવાતું નથી. તે માટે સંગીતવિદ્યાનું યોગ્ય વ્યક્તિ

પાસેથી જ્ઞાન મેળવવું પડે છે અને તેના આધારે આગળ વધવું પડે છે. તો જ એક દિવસ સંગીતકાર થઈ શકાય છે.

પ્રશ્ન-માત્ર શ્રદ્ધાથી કરાયેલી ક્રિયાનું ફલ તો મળે ને?

ઉત્તર-ફલ મળે, પણ ઘણું ઓછું. જે વ્યાપારમાં લાખ રૂપિયાના નફાની આશા રાખી હોય, તેમાં સો બસોનો લાભ થાય, એ કંઈ લાભ કહેવાય?

પ્રશ્ન-ક્રિયા કરતી વખતે મનમાં કેવો ભાવ હોવો જોઈએ?

ઉત્તર-શુદ્ધ.

પ્રશ્ન-શુદ્ધ ભાવ કોને કહેવાય?

ઉત્તર-જેમાં સાંસારિક સુખની કોઇ પણ પ્રકારની ઇચ્છા-આશા-આકાંક્ષા-અભિલાષા ન હોય, પણ માત્ર આત્મ-વિકાસની જ ભાવના હોય, તેને શુદ્ધભાવ કહેવાય.

પ્રશ્ન-શું આ શકય છે ખરું?

ઉત્તર-શકય છે, તેથી તો જણાવીએ છીએ. મહા-પુરુષો જે ક્રિયા વડે સંસારસાગરને પાર કરી ગયા, તે આવા શુદ્ધ ભાવવાળી ક્રિયા હતી.

પ્રશ્ન-શું સામાયિકની ક્રિયા રોજ કરવી જોઈએ?

ઉત્તર-હા. તેનાથી લાભ જ છે, તેથી તે રોજ કરવી જોઈએ. શ્રાવકના દિનકૃત્યનું સૂચન કરતા 'મન્નહ જિણાણં' સ્વાધ્યાયમાં 'छव्विह आवस्सयम्मि, उज्जुत्ता होइ पइदिवसं -છ પ્રકારનાં આવશ્યકોમાં પ્રતિદિન ઉદ્યત થવું' એ શબ્દો વડે તેનો દિનકૃત્ય તરીકે નિર્દેશ કરાયેલો છે.

પ્રશ્ન–રોજ સામાયિક કરવા જેટલો સમય ન હોય તો ?

ઉત્તર–સમય તો મેળવ્યો મેળવાય છે. જો વહેલા ઉઠવાની ટેવ પાડીએ અને સમયનો કરકસરભર્યો ઉપયોગ કરીએ તો રોજ એક નહિ, પણ બે કે ત્રણ સામાયિક જેટલો સમય જરૂર મળી રહે. મૂળ વાત એ છે કે સામાયિક કરવાની પ્રબલ ભાવના જોઈએ. ભાવના હોય તો બધું બરાબર ગોઠવાઈ જાય છે.

પ્રશ્ન–ચોવીશ કલાકમાં કેટલાં સામાયિકો કરી શકાય ?

ઉત્તર–જેટલાં ધારીએ તેટલાં. જ્યારે એમ લાગે કે હવે શરીર અને મન સ્વસ્થ નહિ રહે, ત્યારે સામાયિક કરવાનું છોડી દેવું જોઇએ. એક સાથે ત્રણ સામાયિકો કરી શકાય છે, પછી તેને પારીને પાછું સામાયિક લઈ શકાય છે અને એ રીતે તેની સંખ્યા આગળ વધારી શકાય છે.

[ ૪ ]

# સામાયિક–અનેરી યોગસાધના

સામાયિક એ સારભૂત સુંદર ક્રિયા છે તથા સર્વ આધ્યાત્મિક ક્રિયાનો સાર છે, એ વસ્તુ ગત પ્રકરણમાં કહેવાઈ ગઈ. હવે સામાયિક એ અનેરી યોગસાધના છે, એ હકીકત પુષ્ટ પ્રમાણો સાથે પ્રસ્તુત પ્રકરણમાં રજૂ કરીશું.

જૈન ધર્મ પરમ મોક્ષવાદી છે અને યોગ એ મોક્ષપ્રાપ્તિનું સબલ સાધન છે, તેથી જ જૈનધર્મે યોગનો સ્વીકાર કરેલો છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને યોગનો પ્રકાશ કર્યો હતો અને સ્વયં મહાયોગી બનીને પોતાના શિષ્ય-સમુદાયને તેનું જ્ઞાન આપ્યું હતું, તેથી જ શ્રી માનતુંગ-સૂરિએ **ભક્તામરસ્તોત્ર**માં તેમને 'વિદિતયોગ' અને 'યોગીશ્વર' તરીકે સ્તવ્યા છે.* તેમની પછીના બાવીશ

---

* त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥२४॥

'વિદિતયોગ' એટલે યોગને યથાર્થપણે જાણનાર.

તીર્થંકરો પણ વિદિતયોગ અને યોગીશ્વરો જ હતા, તેથી ચરમ તીર્થંકર ભગવાન મહાવીર પણ એ જ રસ્તે ચાલ્યા હતા, તેનાં અનેક પ્રમાણો પ્રાપ્ત થાય છે. તે અંગે શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે **ધ્યાનશતક**ના પ્રારંભમાં કહ્યું છે કે–

**वीरं सुक्कझाणग्गिदड्ढकम्मिंधणं पणमिऊण ।**
**जोइसरं सरण्णं झाणज्झयणं पवक्खामि ॥**

'શુક્લધ્યાન રૂપી અગ્નિથી કર્મરૂપી ઈંધનોને બાળી નાખનાર, **યોગીશ્વર** અને શરણ કરવા યોગ્ય, એવા શ્રી વીર પ્રભુને પ્રણામ કરીને હું ધ્યાન સંબંધી અધ્યયન કહીશ.'

અહીં પ્રશ્ન થવો સહજ છે કે જે યોગસાધનાનો સ્વીકાર કરે, તેમાં નિપુણ બને અને બીજા અનેકને તેનું માર્ગદર્શન આપે, તે જ યોગીશ્વર કહેવાય; તો શું ભગવાન મહાવીરે કોઇ યોગસાધનાનો સ્વીકાર કર્યો હતો? તેમાં તેઓ નિપુણ બન્યા હતા? અને તેમણે આ વિષયનું અનેકને માર્ગદર્શન આપ્યું હતું? આ પ્રશ્નોના ઉત્તર તેમના ચરિત્ર પરથી જ મળી રહે છે.

ભગવાન મહાવીરે વૈરાગ્યથી વાસિત થઈને ત્રીશ વર્ષની ઉંમરે રાજ્યપાટ તથા કુટુંબકબીલો છોડીને સામાયિકની સાધના સ્વીકારી હતી અને તે જ એમની યોગસાધના હતી. આ સાધના સારી રીતે થઈ શકે તે માટે તેમણે પાંચ મહાવ્રતોની ધારણાપૂર્વક શ્રમણ–અવસ્થાનો સ્વીકાર કર્યો

હતો. તે અંગે વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજે **તત્ત્વાર્થાધિગમસૂત્રની સંબંધકારિકામાં** કહ્યું છે કે—

**जन्मजरामरणार्तं जगदशरण्यमभिसमीक्ष्य निःसारम् ।**
**स्फीतमपहाय राज्यं, शुमाय धीमान् प्रवव्राज ॥ १५ ॥**
**प्रतिपद्याशुभशमनं, निःश्रेयससाधकं श्रमणलिङ्गम् ।**
**कृतसामायिककर्मा, व्रतानि विधिवत् समारोप्य ॥१६ ॥**

'જન્મ, જરા અને મરણથી પીડિત જગતને અશરણ જોઈ, વિશાલ પરંતુ નિઃસાર એવા રાજ્યસુખનો ત્યાગ કરી, એ મેધાવી મહાપુરુષ શમસાધના માટે પ્રવ્રજિત થયા અને તેમણે સામાયિકકર્મ કરવાપૂર્વક વ્રતોનો વિધિવત્ સ્વીકાર કરીને અશુભને શમાવનાર તથા મોક્ષને સાધનાર શ્રમણ-લિંગને ધારણ કર્યું.'

આ શબ્દો પરથી સ્પષ્ટ થાય છે કે ભગવાન મહાવીરે સંસાર છોડીને પ્રવ્રજ્યા અંગીકાર કરી તેનો મુખ્ય હેતુ શમસુખ હતું અને તે સામાયિક વડે જ સિદ્ધ થઈ શકે એવું હતું, તેથી તેમણે સામાયિક નામની શાસ્ત્રવિહિત યોગસાધનાનો સ્વીકાર કર્યો અને આ સાધના યથાર્થપણે થઈ શકે તે માટે તેમણે વિધિપૂર્વક પાંચ મહાવ્રતો ધારણ કર્યાં.

અનેકવિધ ઉપસર્ગો અને પરીષહો સહન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થવા છતાં તેઓ પોતાની આ સાધનામાંથી ચલાયમાન થયા ન હતા અને અંતે સિદ્ધિ પ્રાપ્ત કરીને

જ જંપ્યા હતા. મહાપુરુષો જે કાર્ય હાથ ધરે છે, તે પૂરું કર્યા વિના રહેતા નથી.

સાધનાકાલ દરમિયાન ભગવાન મહાવીરે પોતાના સર્વ અંતરશત્રુઓ પર જય મેળવ્યો, એટલે તેઓ 'જિન' કહેવાયા. પરમ પવિત્ર જીવનને લીધે સર્વ લોકોમાં પૂજાયા, એટલે 'અર્હત્' તરીકે ઓળખાયા અને લોકોને તારવા માટે તેમણે ધર્મરૂપી તીર્થની સ્થાપના કરી, એટલે 'તીર્થંકર' તરીકે વિખ્યાત થયા.

ભગવાન મહાવીર મહાન યોગી છે, સર્વજ્ઞ અને સર્વદર્શી છે, એવું જાણીને હજારો લોકોએ વર્ણ કે ન્યાત-જાતના ભેદ વિના તેમનું શરણ સ્વીકાર્યું. તે સર્વેને તેમણે સામાયિકયોગની દીક્ષા આપી અને તેની પુષ્ટિ માટે પાંચ મહાવ્રતો ધારણ કરાવ્યાં. આ રીતે તેમની છત્રછાયા અને માર્ગદર્શન નીચે યોગાભ્યાસીઓનું–યોગીઓનું એક મહાવૃંદ તૈયાર થયું, તેના તેઓ સ્વામી બન્યા.

આ રીતે ભગવાન મહાવીરે સામાયિકયોગની સાધના સ્વીકારી હતી, તેમાં નિપુણતા–સિદ્ધિ મેળવી હતી અને અનેકને તેનું માર્ગદર્શન આપ્યું હતું, એટલે તેમને અપાયેલું યોગીશ્વર વિશેષણ યથાર્થ છે.

જે ધર્મના ચોવીશે તીર્થંકરો–ધર્મપ્રવર્તકો યોગીશ્વર હોય, તે ધર્મમાં યોગને કેવું અને કેટલું મહત્ત્વનું સ્થાન અપાયું હોય? તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. જૈનાચાર્યોએ યોગવિષયક અનેક ગ્રંથો લખ્યા છે, એ પણ જૈન ધર્મની

યોગપ્રિયતાનો પ્રબલ પુરાવો છે. તેમાં શ્રીમાન્ હરિભદ્રસૂરિએ યોગબિંદુ, યોગવિંશતિકા, યોગશતક અને યોગદષ્ટિસમુચ્ચય નામના ગ્રંથો રચીને આ વિષય પર ઘણો પ્રકાશ પાડ્યો છે. **યોગવિંશતિકા**માં તેમણે કહ્યું છે કે—

**मुक्खेण जोयणाओ जोगो, सव्वो वि धम्मवावारो ।**
**परिसुद्धो विन्नेओ, ठाणाउ गओ विसेसेणं ॥**
**ठाणुन्नत्थालंबणरहिओ तंतम्मि पंचहा भणिओ ।**

પ્રથમ આ ગાથાનો શબ્દાર્થ કહીશું, પછી તેનો વિશેષાર્થ કહીશું અને પછી તેના પર વિવેચન કહીશું, તો જ તેમના આ કથનનો ભાવાર્થ બરાબર સમજાશે.

**શબ્દાર્થ**–પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલો એવો સર્વ પણ ધર્મવ્યાપાર મોક્ષમાં જોડનારો હોવાથી યોગ જાણવો. વિશેષતાથી કહીએ તો સ્થાનાદિગત એવો જે ધર્મવ્યાપાર તે યોગ જાણવો. શાસ્ત્રોમાં આવો સ્થાનાદિગત ધર્મવ્યાપાર સ્થાન, વર્ણ, અર્થ, આલંબનસહિત અને આલંબનરહિત એમ પાંચ પ્રકારનો કહેલો છે.'

**વિશેષાર્થ**–પ્રણિધાનથી અત્યંત શુદ્ધ એટલે પરમ શુદ્ધ આશયવાળો. પ્રણિધાન શબ્દના ઘણા અર્થો થાય છે, તેમાંથી અહીં આશય અર્થ સંગત છે. ધર્મવ્યાપાર એટલે ધર્મને લગતી પ્રવૃત્તિ, ધાર્મિક ક્રિયા. મોક્ષમાં જોડનાર એટલે મોક્ષમાં લઈ જનાર, મોક્ષની પ્રાપ્તિ કરાવનાર. ठाण એટલે સ્થાન–સ્થાનગત ધર્મવ્યાપાર. उन्न એટલે વર્ણ–વર્ણગત ધર્મ-

વ્યાપાર. अत्थ એટલે અર્થ–અર્થગત ધર્મવ્યાપાર. आलंबण–આલંબન–આલંબનસહિત એવો ધર્મવ્યાપાર અને रहिओ–રહિત–આલંબનરહિત એવો ધર્મવ્યાપાર. તાત્પર્ય કે 'પરમ શુદ્ધ આશયથી થતી સર્વ ધાર્મિક ક્રિયાઓ મોક્ષની પ્રાપ્તિ કરાવનારી હોઈ યોગ કહેવાય. તેની વિશેષ કે ખાસ વ્યાખ્યા તો એ છે કે સ્થાનગત, વર્ણગત, અર્થગત, આલંબન-સહિત અને આલંબનરહિત એ પાંચ પ્રકારના ધર્મવ્યાપારને યોગ જાણવો.'

**વિવેચન**–'જૈન ધર્મ યોગને માને છે કે નહિ? માને છે તો તેની વ્યાખ્યા કયા પ્રકારે કરે છે? અને તેના કેટલા પ્રકારો કે કેટલાં અંગો માને છે?' તે બધા પ્રશ્નોના ઉત્તર શ્રીમાન્ હરિભદ્રસૂરિએ ઉપર્યુક્ત ત્રણ પંક્તિઓમાં આપી દીધા છે. જૈન ધર્મ યોગને માનનારો છે, એટલે જ યોગ સંબંધી વિચારણા છે. સ્વ–પર–હિતની સાધના એ જૈન સાધુઓનો ધર્મ છે, એટલે સ્વ–પર–હિતાર્થે તેમણે આ ગ્રંથની રચના કરેલી છે. તેમણે આ વિષયમાં ગુરુમુખેથી જે કંઈ સાંભળ્યું તથા અનુભવ્યું, તેનો સાર આ વીશ ગાથાની નાનકડી કૃતિમાં વ્યવસ્થિત રીતે રજૂ કરી દીધો છે, એટલે તે પરમ શ્રદ્ધેય છે.

તેઓ જિજ્ઞાસુજનોને યોગનું રહસ્ય સમજાવવા ઇચ્છે છે, તેથી પ્રથમ યોગની વ્યાખ્યા કરે છે. આ વ્યાખ્યામાં પ્રથમ સામાન્ય અને પછી વિશેષ એ શાસ્ત્રીય ક્રમને તેઓ બરાબર અનુસરે છે. પ્રથમ સામાન્ય વ્યાખ્યા કરવાનું કારણ

એ છે કે તેનો વ્યુત્પન્ન-વ્યુત્પત્તિજન્ય અર્થ ખ્યાલમાં આવે. આ અર્થ વ્યવહારમાં સર્વત્ર ઉપયોગી નથી, તો પણ શબ્દની ઉત્પત્તિ અને તેનો મૂળ આશય સમજવામાં તે જરૂર કામ લાગે છે. પછી વિશેષ વ્યાખ્યા કરવાનું કારણ એ છે કે તે અંગેનો પ્રચલિત વ્યવહાર લક્ષ્યમાં આવે અને તેની સિદ્ધિ કરી શકાય.

તેઓ કહે છે કે 'योजनाद् योगः' એ વ્યુત્પત્તિનો સ્વીકાર કરતાં 'પરમ શુદ્ધ આશયવાળી જે જે ક્રિયાઓ મોક્ષમાં જોડાનારી છે, તે બધીને જ યોગ કહેવાય, કારણ કે તેમાં જોડવાની ક્રિયા રહેલી છે.' યોગ શબ્દ युज्–જોડવું, to unite એ ધાતુ પરથી બનેલ છે, એટલે તે જોડવાનો અર્થ દર્શાવે છે. પરંતુ યોગ શબ્દથી ખરેખરી કઈ ક્રિયાનો વ્યવહાર છે? તે આમાંથી સ્પષ્ટ થતું નથી, એટલે તેમણે તેની વિશેષ વ્યાખ્યા આ પ્રમાણે કરી છે: 'નિર્ગ્રંથ સંપ્રદાયમાં પરંપરાથી પ્રચલિત એવી (૧) સ્થાનગત, (૨) વર્ણગત, (૩) અર્થગત, (૪) આલંબનસહિત અને (૫) આલંબનરહિત એવી પાંચ પ્રકારની ક્રિયાઓ મોક્ષમાં જોડનારી હોવાથી તેના સમુદાયને યોગ જાણવો.'

આ પરથી એમ સમજવાનું કે જૈન ધર્મમાં **પંચાંગ યોગપદ્ધતિ** ઘણા પ્રાચીનકાલથી ચાલી આવતી હતી. તેમણે ત્રીજી પંક્તિમાં 'तंतम्मि पंचहा भणिओ' કહ્યું છે, એટલે આ વસ્તુ પોતાની મતિકલ્પનાથી નહિ, પણ પ્રાચીન શાસ્ત્રીય ઉલ્લેખોના આધારે કહી છે.

અહીં સ્થાનગતક્રિયાનો શો અર્થ છે? વર્ણગતક્રિયાથી શું સમજવાનું છે? અર્થગતક્રિયાથી કઈ વસ્તુ અભિપ્રેત છે? અને આલંબનસહિત અને આલંબનરહિતથી કઈ ક્રિયાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે? તે બધું ક્રમશઃ વિચારીશું.

સ્થાનગત ક્રિયા એટલે સ્થાન સંબંધી ક્રિયા. અહીં સ્થાનથી એક સ્થાને પ્રતિબદ્ધ થવાની ક્રિયા સમજવાની છે. સ્થાનથી પ્રતિબદ્ધ થવું, એટલે યોગસાધના માટે અનુકૂલ સ્થાનની પસંદગી કર્યા પછી ત્યાં સ્થિર થવું, પણ તે સ્થાનને બદલવું નહિ. અહીં આસન શબ્દનો પ્રયોગ ન કરતાં સ્થાનનો –સ્થાનગત ક્રિયાનો ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો? તે સમજવા જેવું છે. આસનમાં તો માત્ર બેસવાનો અર્થ આવે છે, ત્યારે સ્થાનમાં–સ્થાનપ્રતિબદ્ધતામાં ઊભા રહેવાનો, બેસવાનો અને સૂવાનો એમ ત્રણેય અર્થ સમાયેલા છે.

'શું યોગસાધના આ ત્રણેય અવસ્થામાં થાય ખરી?' એનો ઉત્તર જૈનશાસ્ત્રો અને પરંપરાના આધારે અમે હકારમાં આપીએ છીએ. ઉપર જણાવી તે યોગસાધના છદ્મસ્થાવસ્થામાં રહેલા તીર્થંકર દેવો, જિનકલ્પી સાધુઓ અને અન્ય સામર્થ્યવાન આત્માઓ ઊભા ઊભા જ કરતા. તમે શ્રીતીર્થંકર દેવોની ઊભી પ્રતિમા ધ્યાનાવસ્થામાં જોઈ હશે. દક્ષિણાપથમાં શ્રવણબેળગોલમાં શ્રીબાહુબલીની ૫૬ ફૂટ ઊંચી વિરાટકાય પ્રતિમા છે, તે ઊભેલી અવસ્થામાં છે. કાયોત્સર્ગમાં જે ઓગણીશ દોષો થવાની સંભાવના છે, તે ઊભેલી અવસ્થાને લક્ષ્યમાં રાખીને

જણાવેલા છે, એટલે જૈન ધર્મમાં ઊભા ઊભા યોગસાધના કરવાની પદ્ધતિ પ્રચલિત હતી, એ નિશ્ચિત છે.

પરંતુ ઊભા ઊભા યોગસાધના કરવામાં શારીરિક સામર્થ્ય ઘણું ઊંચા પ્રકારનું જોઈએ. અમને ખ્યાલ છે કે એક મુમુક્ષુ આ પ્રાચીન પ્રણાલિકાનું અનુસરણ કરી બાર કે ચૌદ કલાક કાયોત્સર્ગાવસ્થામાં ઊભા રહેવા જતાં તેમના પગ સૂજી ગયા હતા અને પછી તેઓ બિલકુલ ઊભા રહી શકતા ન હતા. ઘણા દિવસના ઔષધાદિ ઉપચાર પછી તેઓ સારા થયા હતા અને ત્યાર પછી 'શક્તિ પ્રમાણે ભક્તિ' કરવા લાગ્યા હતા.

જેઓ ઊભા ઊભા યોગસાધના કરવા જેટલું શારીરિક સામર્થ્ય ધરાવતા ન હતા, તેઓ બેઠા બેઠા યોગ-સાધના કરતા હતા અને તે માટે પદ્માસન, પર્યંકાસન, સ્વસ્તિકાસન આદિ આસનોનો ઉપયોગ કરતા હતા. આજે તો મોટા ભાગે બેઠા બેઠા જ યોગસાધના થાય છે અને તેમાં મુખ્યત્વે સુખાસનનો જ ઉપયોગ કરવામાં આવે છે, કારણ કે આ આસને લાંબા સમય સુધી બેસી શકાય છે. પલાંઠી વાળીને બેસવું, તેને યોગની પરિભાષામાં સુખાસન કહે છે.

અંતસમય નજીક જાણીને મહામુનિઓ વગેરે અણસણ કરતા, તે વખતે તેઓ કોઈ મોટી શિલાને પૂંજી-પ્રમાર્જીને તેના પર સૂઈ રહેતા. આ વખતે પણ તેમની ઉપર્યુક્ત યોગસાધના ચાલુ રહેતી, એટલે કે સૂતાં સૂતાં પણ યોગ-સાધના થતી.

આ રીતે સ્થાનપ્રતિબદ્ધતામાં ઊભા, બેસવા તથા સૂવાનો અર્થ સમાયેલો છે, એટલે તે આસન શબ્દ કરતાં વધારે વ્યાપક છે. પ્રાચીનકાલમાં આસન શબ્દ કરતાં આ ઠાણ–સ્થાન શબ્દનો જ ખાસ ઉપયોગ થતો, તે **અન્નત્થસૂત્રમાં** આવતા '**ठाणेणं मोणेणं झाणेणं**' આદિ શબ્દો પરથી સમજી શકાય એવું છે.

જ્યાં વિશેષ કાંટા–કાંકરા ન હોય, હિંસક પશુઓનો ભય ન હોય તથા નજીકમાં વિશેષ ઘોંઘાટ ન હોય, તેવું સ્થાન યોગસાધના માટે વિશેષ પસંદગી પામતું.

ટૂંકમાં જૈનોની પ્રાચીન યોગપદ્ધતિનું પ્રથમ અંગ સ્થાનપ્રતિબદ્ધતા હતું અને તેનો ખૂબ ચીવટાઈથી અમલ થતો.

વર્ણગતક્રિયા એટલે વર્ણ કે અક્ષરના આલંબનથી થતી ક્રિયા. વર્ણ કે અક્ષરના સંયોજનથી સૂત્રો નિર્માણ થાય છે. શાસ્ત્રોમાં તેનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે–

**अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम् ।**
**अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥**

'જે થોડા અક્ષરોવાળું હોય, સંદેહરહિત હોય, સાર-ગર્ભિત હોય, સર્વ ભણી મુખવાળું હોય, એટલે કે યથાયોગ્ય અન્વય થવાની યોગ્યતાવાળું હોય, નિરર્થક શબ્દ વિનાનું હોય અને નિર્દોષ હોય, તેને સૂત્રવેત્તાઓ સૂત્ર જાણે છે–કહે છે.'

શ્રી તીર્થંકરદેવો કે જ્ઞાની ભગવંતોનાં વચનો સૂત્રરૂપ હોય છે, એટલે કે તેમાં ઘણું જ્ઞાન ભરેલું હોય છે. ખાસ કરીને આત્માને ઢંઢોળવાની, જગાડવાની, સ્ફુર્તિમાં લાવવાની અને તેને કામે લગાડવાની અદ્ભુત-અપૂર્વ શક્તિ તેમાં ભરેલી હોય છે, એટલે સ્થાનપ્રતિબદ્ધ થયા પછી ગુરુએ આપેલા કે પોતે પસંદ કરેલા આવા કોઈ પણ સૂત્રની આવૃત્તિ કરવામાં આવતી. તેનાથી મનને એકાગ્ર કરવામાં મદદ મળતી અને અધ્યાત્મ તરફનું વલણ વધતું. 'अप्पा सो परमप्पा' 'एगोऽहं नत्थि मे कोइ' 'नाण-किरियाहिं मुक्खो' વગેરે આ પ્રકારનાં સૂત્રો હતાં.

'मननाद् मन्त्रः' એ વ્યાખ્યા અનુસાર જે સૂત્ર કે જે શબ્દસંયોજન વારંવાર મનન-રટણ કરવાને યોગ્ય હતું, તે મંત્ર કહેવાતું. એટલે યોગસાધનાની આ બીજી ભૂમિકાએ મંત્રજપ પણ થતો. તેમાં નમસ્કાર મહામંત્રનાં પ્રથમ પાંચ પદો, ચૂલિકાસહિતનો પૂરો પાઠ, અર્હં મંત્ર વગેરે ખાસ પસંદગી પામતા. 'ॐ ह्रीँ अर्हँ नमः' એ ચાર પદો અર્હંમંત્ર તરીકે ઓળખાતા. તે સંબંધી વિસ્તૃત વિવેચન અમોએ '**સિદ્ધિદાયક સિદ્ધચક્ર**' નામના ગ્રંથમાં કરેલું છે, તે જિજ્ઞાસુઓએ અવશ્ય જોવું.

અન્ય યોગસંપ્રદાયો પણ યોગસિદ્ધિ માટે મંત્રજપનો આશ્રય લેતા, એ હકીકત શ્રીપતંજલિમુનિકૃત યોગદર્શન પરથી જાણી શકાય છે. તેમાં 'तस्य वाचकः प्रणवः ।' तज्जपस्तदर्थभावनम् ।' એ સૂત્રો આવે છે. તેનો અર્થ એ છે

કે 'તેનો-તે પરમેશ્વરનો વાચક પ્રણવમંત્ર એટલે ૐકાર છે. તેનો જપ કરવો તથા તેની અર્થભાવના કરવી.'

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે શ્રી પતંજલિમુનિએ યોગદર્શનની રચના કરતાં પહેલાં ભારતની અનેકવિધ યોગપદ્ધતિઓ-પ્રણાલિકાઓનું નિરીક્ષણ કર્યું હતું, તેમ જૈનયોગપદ્ધતિનું પણ નિરીક્ષણ કર્યું હશે એમ લાગે છે, કારણ કે તેમાં અનેક સ્થળે જૈનયોગપદ્ધતિના પારિભાષિક શબ્દો વપરાયેલા છે. કોઈ જૈન વિદ્વાન આ વિષયમાં ઊંડા ઊતરીને ખાસ નિબંધ તૈયાર કરે, એ જરૂરનું છે.

ટૂંકમાં જૈનોની પ્રાચીન યોગપદ્ધતિનું બીજું અંગ સ્વાધ્યાય કે જપ હતું અને તે યોગસિદ્ધિ માટે અસરકારક ભાગ ભજવી જતું.

અર્થગતક્રિયા એટલે અર્થચિંતન, અર્થભાવના કે અનુપ્રેક્ષા. સ્વાધ્યાય કે જપ માટે જે સૂત્ર કે મંત્ર ગ્રહણ કરેલા હોય, તેના અર્થનું આ ભૂમિકાએ ખૂબ ઊંડાણથી ચિંતન થતું. વિશેષ તો આ ભૂમિકાએ બાર ભાવના એટલે દ્વાદશાનુપ્રેક્ષાનો આશ્રય લેવાતો, જેથી આત્માને અધ્યાત્મનો પાકો રંગ ચડી જતો. ભગવદ્ગીતાની ભાષામાં કહીએ તો આથી સ્થિતપ્રજ્ઞતાની ભૂમિકા તૈયાર થતી. બૌદ્ધો પણ પોતાની યોગસાધનામાં ભાવનાનો ઉપયોગ કરતા. ચાર ભાવનાનું સેવન પણ આ ભૂમિકાએ ઉપયોગી મનાતું.

આજે વાચના છે, પૃચ્છના છે અને પરિવર્તના પણ છે, પરંતુ અનુપ્રેક્ષા નથી, તેથી જિનોપદિષ્ટ આધ્યાત્મિક રહસ્યોનો સૂક્ષ્મ બોધ થતો નથી. અનુપ્રેક્ષા માટે કાયોત્સર્ગનો

અભ્યાસ જરૂરી છે, પણ એ તો આજે માત્ર નામનો રહ્યો છે. કોઈ વિરલ આત્માર્થી પુરુષો જ તેનો અભ્યાસ કરતા જણાય છે !

ટૂંકમાં, જૈનોની પ્રાચીન યોગપદ્ધતિનું ત્રીજું અંગ ભાવના કે અનુપ્રેક્ષા હતું કે જેનું આલંબન લેતાં ઘણી વાર કેવલજ્ઞાનની પ્રાપ્તિ જેવાં ચમત્કારિક પરિણામો આવતાં. ભાવનાબળે કર્મનો ક્ષય કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરનારા અનેક ભવ્યાત્માઓની નોંધ જૈનશાસ્ત્રોમાં થયેલી છે.

આલંબનસહિત એટલે સાલંબન ધ્યાન અને આલંબન-રહિત એટલે નિરાલંબન ધ્યાન. આ બંને ધ્યાનોનું વર્ણન આગળ ધ્યાન-પ્રકરણોમાં આવશે, પણ તે અંગે હાલ એટલું જણાવી દઈએ કે ભાવના પછી ધ્યાનનો અધિકાર હતો અને તે સાધકને સમભાવમાં સ્થિર કરી મોક્ષ સુધી લઈ જતો.

શ્રીમાન્ હરિભદ્રસૂરિએ યોગની જે વ્યાખ્યા કરી છે, તે સામાયિકને બરાબર લાગુ પડે છે, કારણ કે તે આત્માને મોક્ષમાં જોડનારી ક્રિયા છે. યોગની જે અન્ય પ્રસિદ્ધ વ્યાખ્યાઓ છે, તે પણ સામાયિકને બરાબર લાગુ પડે છે, તેથી તેનું યોગત્વ સિદ્ધ છે. દાખલા તરીકે યોગની એક વ્યાખ્યા એવી છે કે 'જે જીવાત્માને પરમાત્મા સાથે જોડે તે યોગ.' તો સામાયિક જીવાત્માને-સામાન્ય આત્માને પરમાત્મા સાથે જોડે છે, એટલે કે પરમાત્મપદે પ્રતિષ્ઠિત કરે છે. યોગની બીજી વ્યાખ્યા એવી છે કે 'જે આત્મદર્શનનો ઉપાય તે યોગ.' તો સામાયિક એ આત્મદર્શનનો જ ઉપાય છે. યોગની

ત્રીજી વ્યાખ્યા એવી છે કે 'સમત્વ એ યોગ છે.' તો સામાયિક એ સમત્વને–સમભાવને સાધનારી જ ક્રિયા છે. યોગની ચોથી વ્યાખ્યા એવી છે કે 'કર્મની કુશલતા તે યોગ છે.' તો સામાયિકમાં કર્મની–વિહિત ક્રિયાઓની કુશલતા રહેલી છે. યોગની પાંચમી વ્યાખ્યા એવી છે કે 'ચિત્તવૃત્તિઓનો નિરોધ એ યોગ છે.' તો સામાયિકમાં ચિત્તની સર્વ ક્લિષ્ટ વૃત્તિઓનો નિરોધ કરવામાં આવે છે.

હાલમાં યોગની કેટલીક નવી વ્યાખ્યાઓ પ્રચલિત થઈ છે, તે પણ સામાયિક એ યોગ હોવાનું સિદ્ધ કરે છે. દાખલા તરીકે તેમાંની એક વ્યાખ્યા એવી છે કે 'જે વિચાર, વાણી અને વર્તનને પૂરેપૂરા કાબૂમાં લાવે તે યોગ.' તો સામાયિકની ક્રિયા વિચાર, વાણી અને વર્તનને પૂરેપૂરા કાબૂમાં લાવનારી છે. તેમાંની બીજી વ્યાખ્યા એવી છે કે 'જે મનુષ્યનો પૂર્ણ વિકાસ કરે તે યોગ.' તો સામાયિક મનુષ્યનો પૂર્ણ વિકાસ કરે છે.

તાત્પર્ય કે સામાયિકના યોગત્વ અંગે કોઈએ કશી શંકા કરવા જેવું નથી.

હવે યોગના પ્રકારો પર આવીએ. ભારતવર્ષમાં યોગની જે પ્રણાલિકાઓ વિકાસ પામી, તેમાં મુખ્યત્વે ચાર પ્રકારો હતા : (૧) મંત્રયોગ, (૨) હઠયોગ, (૩) લયયોગ અને (૪) રાજયોગ. તેમાં મંત્રયોગ કરતાં હઠયોગ ચડિયાતો ગણાતો, હઠયોગ કરતાં લયયોગ ચડિયાતો ગણાતો અને લયયોગ કરતાં રાજયોગ ચડિયાતો ગણાતો, એટલે કે રાજયોગ સર્વ-

શ્રેષ્ઠ ગણાતો.* તેમાં મંત્રયોગનો મદાર ગુરુદત્તમંત્ર પર હતો, હઠયોગનો મદાર મુખ્યત્વે હ-ઠ નામની પ્રાણક્રિયા પર હતો, લયયોગનો મદાર મનોલય પર હતો અને રાજયોગનો મદાર યમ-નિયમાદિ સાધનો પર હતો. આ યોગ પરમાત્માને પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ હતો અને સર્વ યોગોનો રાજા હતો, એટલે તે રાજયોગ તરીકે પ્રસિદ્ધિ પામ્યો. કિલષ્ટ ક્રિયાઓનો આધાર ન લેતાં આચારશુદ્ધિ, વિચારશુદ્ધિ અને ધ્યાનના બળે આગળ વધવું એ એની પદ્ધતિ હતી. આ પદ્ધતિ જૈન ધર્મે તો પ્રથમથી જ અપનાવી હતી, એટલે તેણે યોજેલી સામાયિકની ક્રિયા વિશિષ્ટ કોટિના રાજયોગની સાધના હતી અને તે શ્રમણસમુદાય તથા અન્ય સાધકવર્ગમાં ઘણી આદરપાત્ર બનેલી હતી. પરંતુ કાલાંતરે એક યા બીજા કારણે આપણે અધ્યાત્મ અને યોગની બાબતમાં ઢીલી દોર મૂકી અને ભક્તિ તથા ઉત્સવ-મહોત્સવો પર વધારે જોર આપ્યું, એટલે આ વસ્તુ ભૂલાઈ ગઈ અને સામાયિકને એક ધાર્મિક ક્રિયા કહી સંતોષ માન્યો. પરંતુ હવે યોગના પુનરુદ્ધારનો સમય આવી ગયો છે, એટલે આપણે આપણા પ્રાચીન યોગખજાના તરફ દૃષ્ટિ દોડાવીએ અને તેમાં જે કંઈ સારભૂત જણાય, તેને જગતના ચોકમાં રજૂ કરીએ.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-ધર્મ, અધ્યાત્મ અને યોગની મર્યાદાઓ શી છે?

* આ ચારે યોગનો વિસ્તૃત પરિચય અમોએ **'આત્મદર્શનની અમોઘ વિદ્યા'** નામના ગ્રંથમાં આપેલો છે.

ઉત્તર-ધર્મમાં મુખ્યત્વે આચાર-વિચારની નિયત ભૂમિકાઓને સ્પર્શવાની હોય છે; અધ્યાત્મમાં મુખ્યત્વે આત્મસ્વરૂપ તથા આત્મવિકાસની વિચારણાઓને પ્રાધાન્ય આપી તે માટે પ્રયત્નશીલ બનવાનું હોય છે અને યોગમાં આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર કે મોક્ષપ્રાપ્તિ માટે યોજાયેલી વિશિષ્ટ પ્રક્રિયાઓને અનુસરવાનું હોય છે.

પ્રશ્ન-પ્રાચીન નિર્ગ્રંથ-સંપ્રદાયે ધર્મ, અધ્યાત્મ અને યોગમાંથી કોને વધારે મહત્ત્વ આપ્યું હતું ?

ઉત્તર-પ્રાચીન નિર્ગ્રંથ-સંપ્રદાયે ધર્મનો અર્થ ઘણો વિશાલ કર્યો હતો અને અધ્યાત્મ તથા યોગને તેનો જ એક ભાગ ગણ્યો હતો. તેઓ ધર્મનો સાર અધ્યાત્મ અને અધ્યાત્મનો સાર યોગ માનતા હતા.

પ્રશ્ન-તેઓ ધર્મનો સાર અધ્યાત્મ શી રીતે માનતા ?

ઉત્તર-મનુષ્યની વિવિધ ભૂમિકાઓ લક્ષ્યમાં રાખીને ધર્મની અંદર અનેક પ્રકારની વિચારણાઓને સ્થાન અપાયેલું હતું, પણ તે બધામાં આત્મસ્વરૂપ અને આત્મવિકાસની વિચારણાઓ ઘણી મહત્ત્વની હતી, એટલે તેઓ ધર્મનો સાર અધ્યાત્મ માનતા.

પ્રશ્ન-તેઓ અધ્યાત્મનો સાર યોગ શી રીતે માનતા ?

ઉત્તર-આત્મસ્વરૂપ અને આત્મવિકાસની વિચારણાઓને સક્રિય સ્વરૂપ યોગમાં અપાયેલું હતું, એટલે તેઓ અધ્યાત્મનો સાર યોગ માનતા.

પ્રશ્ન–એક મનુષ્ય ધર્મ કરતો હોય, પણ અધ્યાત્મ તથા યોગને મહત્ત્વ ન આપતો હોય તો ?

ઉત્તર–તો એ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજેલો નથી. અધ્યાત્મ અને યોગ એ ધર્મની જ ઉચ્ચ ભૂમિકાઓ છે, એટલે ધર્મને માનનારો તેને અવગણી શકે નહિ. આમ છતાં જો તે એમ કરતો હોય તો તે ધર્મરૂપી શરીરના પગ પકડે છે અને હૃદય તથા મસ્તકને જતું કરે છે, એમ સમજવું જોઈએ. ધર્મ માત્ર બાહ્ય ક્રિયાકાંડોમાં જ સમાપ્ત થતો નથી, તે પરમાત્મપદ તરફ દૃષ્ટિ રાખીને આત્મવિકાસ કરવામાં તથા તેને ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચાડવામાં માને છે, અને તે અધ્યાત્મ કે યોગને માન્યા – અનુસર્યા સિવાય શક્ય નથી.

પ્રશ્ન–જૈનધર્મ ભક્તિયોગને માને છે ખરો ? માને છે તો કેવા સ્વરૂપે ?

ઉત્તર–જૈનધર્મ ભક્તિયોગને માને છે, કારણ કે ભક્તિનું આલંબન લઈ આત્મા મોક્ષ સુધી પહોંચી શકે છે. જિનાગમોમાં એવાં વચનો આવે છે કે ‘ भत्तीइ जिणवराणं, खिज्जंती पुव्वसंचिया कम्मा–પૂર્વે સંચિત કરેલાં કર્મો જિનેશ્વરદેવની ભક્તિ વડે ક્ષય પામે છે.’ શ્રી જિનેશ્વરદેવનું સ્મરણ, વંદન, કીર્તન, પૂજન તેમજ જપ અને ધ્યાન એ તેનું મુખ્ય સ્વરૂપ છે. આ બધી વસ્તુ શ્રદ્ધા, શુદ્ધિ અને ચિત્તની એકાગ્રતા-પૂર્વક થાય, ત્યારે તે યોગનું સ્વરૂપ પકડે છે.

પ્રશ્ન—જૈનધર્મ જ્ઞાનયોગને માને છે ખરો ? માને છે તો કેવા સ્વરૂપે ?

ઉત્તર—જૈનધર્મ જ્ઞાનયોગને પણ માને છે, કારણ કે આત્મજ્ઞાનનું અનન્ય આલંબન લેતાં મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. 'જેણે આત્માને જાણ્યો, તેણે બધું જાણ્યું.' એવું તેનું મંતવ્ય છે અને તેથી આત્માને જાણવા માટે તેનો વિશેષ ભાર છે. આત્માને જાણવાથી સ્વભાવ અને વિભાવનું જ્ઞાન થઈ શકે છે અને એ રીતે વિભાવને છોડી સ્વભાવમાં સ્થિર થવાની ક્ષમતા આવે છે. આ રીતે સ્વભાવમાં સ્થિર થવું–આત્મજ્ઞાનમાં રમણતા થવી, એ જ્ઞાનયોગ છે. જૈન મહર્ષિઓએ તેની ખૂબ પ્રશંસા કરેલી છે.

પ્રશ્ન—જૈનધર્મ કર્મયોગને માને છે ખરો ? માને છે તો કયા સ્વરૂપે ?

ઉત્તર—જૈનધર્મ કર્મયોગને પણ માને છે, પણ તે એને ક્રિયાયોગ કહેવાનું પસંદ કરે છે. કર્મનો અર્થ ક્રિયા પણ થાય છે. 'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः' એ કર્મયોગનું મુખ્ય સૂત્ર મનાય છે, તેને જૈનધર્મે પોતાની રીતે અપનાવેલું છે. સ્વધર્મ એટલે આત્માનો ધર્મ. તેનું પાલન કરતાં મરવું પડે તે સારું, પણ પરધર્મ એટલે પુદ્ગલનો ધર્મ–ભૌતિકવાદ તે દરેક રીતે ભયને ઉત્પન્ન કરનારો હોઈ, છોડવા યોગ્ય છે. વળી જે ક્રિયા કરવી, તે કોઈ પણ પ્રકારની સાંસારિક વસ્તુની આસક્તિથી કરવી નહિ,

પણ માત્ર કર્મનિર્જરાર્થે કરવી, આત્મશુદ્ધિના હેતુથી કરવી, એ પ્રકારના નિષ્કામભાવનો પણ તેણે સ્વીકાર કરેલો છે. આ રીતે સમ્યક્ચારિત્રને લગતી જે જે ક્રિયાઓ કરવામાં આવે તે મોક્ષમાં લઈ જનારી હોઇ કર્મયોગ કે ક્રિયાયોગ છે.

પ્રશ્ન—જૈનધર્મ ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગ કે ક્રિયાયોગમાંથી કોને વધારે મહત્ત્વ આપે છે?

ઉત્તર—જૈનધર્મે આ ત્રણેય યોગને મહત્ત્વના માની તેનો સમન્વય કરેલો છે. 'सम्यगदर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः' એ સૂત્રમાં તેનો પડઘો પડેલો છે, પણ તેના પરના સમર્થ વિવેચનના અભાવે આ વસ્તુ આપણા મનમાં સ્પષ્ટ થઈ નથી. આ સૂત્ર પર ચિંતન-મનન-નિદિધ્યાસન કરનારને આ વસ્તુ જરૂર સમજાશે.

[ ૫ ]

# બે પ્રકારની તૈયારી

સામાયિક એક ધાર્મિક ક્રિયા છે, સામાયિક એક પ્રકારનું આધ્યાત્મિક અનુષ્ઠાન છે અથવા તો સામાયિક એ વિશિષ્ટ કોટિના રાજયોગની સાધના છે, એ જાણ્યા પછી આપણું કર્તવ્ય એક જ રહે છે કે તેની સાધના કરવી.

સાધના કર્યા વિના સિદ્ધિ મળતી નથી. જો સાધના કર્યા વિના જ સિદ્ધિ મળતી હોત, તો અમે, તમે અને તેઓ એટલે બીજા બધા ક્યારનાયે સિદ્ધિ મેળવીને સિદ્ધ બની ગયા હોત, પણ આપણે બધા તો 'નહિ ત્રણમાં, નહિ તેરમાં અને નહિ છપ્પનના મેળમાં' એવી હાલતમાંથી પસાર થઈ રહ્યા છીએ, કારણ કે આપણે જોઈએ તેવી સાધના કરેલી નથી.

ભગવાન મહાવીરે પૂર્વભવોમાં ઘણી સાધના કરી હતી અને તીર્થંકરના ભવમાં પણ તેઓ સંસાર છોડ્યા પછી સાડા બાર વર્ષ અને એક પખવાડિયા સુધી સતત

સાધનારત રહ્યા હતા, તેથી જ તેઓ સામાયિકયોગની સિદ્ધિ કરીને સર્વજ્ઞ તથા સર્વદર્શી બની શક્યા. જે જિનના પગલે ચાલે તે જૈન, એ રીતે આપણે એ જિનના-જિનેશ્વરનાં પગલે ચાલવું જોઈએ. લોકનીતિ પણ એવી છે કે 'महाजनो येन गतः स पन्थाः-મહાજન-મહાપુરુષ જેના વડે ગયા, તે જ માર્ગ.' તાત્પર્ય કે ભગવાન મહાવીરે ધ્યેયની સિદ્ધિ અર્થે સાધનામાર્ગ અપનાવ્યો હતો, એટલે આપણે પણ ધ્યેયની સિદ્ધિ અર્થે સાધનામાર્ગ અપનાવવો જોઈએ.

અહીં સાધના, સાધ્ય અને સાધક વિષે થોડું જાણી લઈએ. જે ક્રિયા વડે સાધ્યની સિદ્ધિ થાય, તેને સાધના કહેવાય છે, એટલે સાધના એ એક પ્રકારની ક્રિયા છે અને તે સાધ્યની સિદ્ધિ માટે કરવાની હોય છે. સાધના, આરાધના, ઉપાસના એ બધા એકાર્થી શબ્દો છે. જે સાધવાનું હોય, તે સાધ્ય કહેવાય છે. એવી કોઈ ક્રિયા હોતી નથી કે જેમાં કંઈ પણ સાધવાનું ન હોય. જો કંઈ પણ સાધવાનું ન હોય, તો ક્રિયા કરવી જ શા માટે? એ પ્રશ્ન ઊભો થાય છે. બુદ્ધિમાન મનુષ્યો તો નિર્હેતુક કોઈ ક્રિયા કરતા જ નથી. સાધ્યને આપણે ક્રિયાનો હેતુ કે ક્રિયાનું પ્રયોજન પણ કહી શકીએ, કારણ કે અમુક ક્રિયા કયા હેતુથી કે કયા પ્રયોજનથી કરવામાં આવે છે? એના ઉત્તરમાં સાધ્યનો જ નિર્દેશ થાય છે. સાધ્યની સિદ્ધિ અર્થે સાધના કરનારને સાધક કહેવાય છે. આનો અર્થ એમ સમજવાનો કે જે સાધ્યના ખ્યાલ વિના ગમે તેમ ક્રિયા કરે છે, તે સાધક નથી; અને જે સાધનાના નામે ગમે તેવા ગરબડ-ગોટાળા વાળે છે, તે પણ સાધક નથી.

ભગવાન મહાવીરે સાધનાની સફળતા માટે કેટલુંક માર્ગદર્શન આપેલું છે, તેમાં પંચસિદ્ધાંતની મુખ્યતા છે. આ પાંચ સિદ્ધાંતો તે–(૧) ઉત્થાન, (૨) કર્મ, (૩) બલ, (૪) વીર્ય અને (૫) પરાક્રમ છે.

**(૧) ઉત્થાન**–એટલે આળસ મરડીને ઊભા થવું, જડતા ખંખેરીને જાગૃત થવું, નિરાશાનો ત્યાગ કરવો અથવા તો પ્રમાદનો પરિહાર કરીને કર્તવ્ય બજાવવા તત્પર થવું.

જેઓ આળસુ છે, એદી છે, છાતી પર પડેલું બોર બીજી કોઈ વ્યક્તિ પોતાના મુખમાં મૂકે એમ ઈચ્છનારા છે, તેઓ આ જગતમાં કોઈ પણ પ્રકારની સાધના શી રીતે કરી શકવાના ? આવી અનિચ્છનીય સ્થિતિ જડસુઓની છે. તેમનું મગજ જડતાથી એટલું ભરાઈ ગયું હોય છે કે કોઈ સાચી યા સારી વાત તેમને સૂઝતી નથી, પછી સાધના જેવું પવિત્ર કાર્ય તેમને ક્યાંથી સૂઝે ? કેટલાક માણસો વાતવાતમાં નિરાશ કે નાસીપાસ થાય છે. તેમને કોઈ વાત આશાસ્પદ લાગતી નથી અને તેથી તેમાં શ્રદ્ધા જામતી નથી. તેઓ સાધના માટે શી રીતે તત્પર થાય ? પોતાનું ધ્યેય ભૂલનારો, સાધ્ય ચૂકી જનારો પ્રમાદી ગણાય છે. તે પ્રમાદરૂપી ખાબોચિયામાં પડ્યો રહે છે અને તેમાં જ આનંદ માને છે. પ્રમાદીને વળી સાધના કેવી ? તાત્પર્ય કે આળસ ઉડાડી દઈએ, જડતાને ખંખેરી નાખીએ, નિરાશા કે નાસીપાસીને દૂર કરીએ અને પ્રમાદનો પરિહાર કરીએ

તો જ સાધના માટે તત્પર બનાય અને આ રીતે સફલતા માટેનું પહેલું પગલું માંડી શકાય.

(૨) **કર્મ**-એટલે નિશ્ચયપૂર્વક કામે લાગી જવું, ઉદ્યમ કરવા મચી પડવું કે કર્તવ્યનો સ્વીકાર કરવો.

ઊઠીને ઊભા તો થયા, પણ નિશ્ચયપૂર્વક કામે ન લાગ્યા, કે ઉદ્યમ કરવા મચી ન પડ્યા કે વિહિત કર્તવ્યનો સ્વીકાર ન કર્યો, તો સફલતા શી રીતે મળવાની? જે વિદ્યાર્થીઓ માતાપિતાના ધકેલવાથી શાળાએ તો જાય છે, પણ ત્યાં વિદ્યાભ્યાસનો ઉદ્યમ કરતા નથી, તેનું પરિણામ શું આવે છે? વર્ગની છેલ્લી પાટલીઓ તેમને માટે જ અનામત રહે છે.

(૩) **બલ**-એટલે સ્વીકૃત કાર્યમાં કાયા, વાણી તથા મનના બલને રેડવું, તેમાં પ્રાણ પૂરવો. ઊઠીને ઊભા થયા, તેમ જ કામે લાગ્યા, પણ હાથ-પગ જોઇએ તેવા હલાવીએ નહિ, તે માટે કોઇને બે વચનો કહેવા જેવાં હોય તે કહીએ નહિ કે તેની પ્રગતિ માટે કશો વિચાર કરીએ નહિ, તો એ કામમાં શી બરકત આવે? તાત્પર્ય કે એક કાર્યનો-એક સાધનાનો સ્વીકાર કર્યા પછી મન-વચન-કાયાનું બલ તેની પાછળ લગાડી દેવું જોઇએ.

(૪) **વીર્ય**-એટલે સ્વીકૃત કાર્યને પાર પાડવામાં આનંદ માનવો, ઉત્સાહ રાખવો કે ઉલ્લાસ ધરાવવો. ઊઠીને ઊભા થયા, કામે લાગ્યા અને હાથ-પગ હલાવવા લાગ્યા, પણ મનમાં કોઈ જાતનો આનંદ કે ઉલ્લાસ ન હોય, તો

એ કાર્ય વેઠ જેવું થઈ પડે છે અને તે લાંબો વખત ચાલતું નથી. અંતરનો ઉલ્લાસ એક જુદી જ વસ્તુ છે. તેમાં પરિશ્રમનો શ્રમ જણાતો નથી કે સાધન-સંયોગોની કોઈ ફરિયાદ કરવાની હોતી નથી. સાધન ગમે તેવાં ટાંચાં હોય કે સંયોગો ગમે તેટલા પ્રતિકૂલ હોય, પણ અંતરનો ઉલ્લાસ એ બધાંને પહોંચી વળે છે, તેથી જ સફલતાના એક સિદ્ધાંત તરીકે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૫) **પરાક્રમ**–એટલે અંતરાયો, મુશ્કેલીઓ, પરીષહો કે વિઘ્નો સામે ધૈર્યપૂર્વક ઊભા રહેવું અને તેમને ઓળંગી જવાની વીરતા બતાવવી. આપણે કોઈ પણ પ્રવૃત્તિ શરૂ કરીએ, એટલે તેમાં એક યા બીજા પ્રકારનું વિઘ્ન તો આવે જ છે. વળી 'સારા કામમાં સો વિઘન' એ ન્યાયે ધાર્મિક–આધ્યાત્મિક સાધનાઓમાં વધારે વિઘ્નો આવે છે. જો આ વખતે ધૈર્ય ખૂટયું, હિમ્મત હાર્યા તો કાર્ય રખડી પડવાનું, સાધના તૂટી જવાની અને ધર્યું સોનું ધૂળ થવાનું. આ જગતમાં જે મહાપુરુષો કૃતકૃત્ય થયા, નિષ્ઠિતાર્થ થયા, સિદ્ધ–બુદ્ધ–નિરંજન બન્યા, તે બધાએ આ પાંચ સિદ્ધાંતો અપનાવ્યા હતા. સામાયિકરૂપ યોગસાધનાની સફલતા માટે આપણે પણ આ પાંચ સિદ્ધાંતો અપનાવવા જોઇએ. આને આપણે એક પ્રકારની અભ્યંતર તૈયારી સમજવાની છે.

સામાયિકની સાધના માટે સ્થાનશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ અને ઉપકરણશુદ્ધિ સાચવવી જોઇએ.

જે સ્થાનમાં જીવોની વિશેષ પ્રમાણમાં ઉત્પત્તિ હોય,

ભેજ હોય, નજીકમાં અગ્નિ હોય, ગંદકી હોય, ઘોંઘાટ હોય તો એ સ્થાન સામાયિકની સાધના માટે પસંદ કરવા જેવું નથી. જે સ્થાન જીવ-જંતુથી રહિત હોય, એકાંતમાં આવેલું હોય, શુદ્ધ અને સ્વચ્છ હોય તથા ઘોંઘાટ-કોલાહલ વિનાનું હોય, તે પસંદ કરવા યોગ્ય છે. પૌષધશાલાઓ, ઉપાશ્રયો તથા અન્ય ધાર્મિક સ્થાનો મોટા ભાગે આ પ્રકારના હોય છે, તેથી તેની પસંદગી કરી શકાય અને ત્યાં જવા જેટલી અનુકૂલતા ન હોય તો પોતાના ઘરનો એક ભાગ પસંદ કરી શકાય. જો કે તેમાં આ બધી શરતોનું પાલન થવું શકચ નથી, પણ તેમાંની વધારેમાં વધારે શરતોનું પાલન થાય, એ જોવું જોઈએ. સામાયિક માટે જે સ્થાનની પસંદગી કરીએ તેને સહુ પ્રથમ પૂંજી-પ્રમાર્જીને શુદ્ધ કરી લેવું જોઇએ. આને એક નિયમ જ સમજવાનો છે.

સામાયિક માટે પુરુષે ધોતિયું અને ઉત્તરાસંગ (ખેસ) એમ બે શ્વેત સૂતરાઉ વસ્ત્રનો ઉપયોગ કરવાનો હોય છે. આ વસ્ત્રો ધોઈ-શુદ્ધ કરીને જુદાં જ રાખવાં જોઇએ અને તેનો સામાયિક સિવાય અન્ય પ્રસંગે ઉપયોગ કરવો ન જોઇએ. તો જ વસ્ત્રશુદ્ધિનો સિદ્ધાંત જળવાય છે. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે આધુનિક પ્રજામાંથી ધોતિયા અને ખેસનો પહેરવેશ અદૃશ્ય થઈ ગયો છે અને વિદ્યાર્થીઓ તથા યુવાનોને ધોતિયું પહેરતાં પણ આવડતું નથી. જો તેમને આ બાબતમાં આગ્રહ કરીએ તો તે સામાયિક કરવાનું જ છોડી દે છે, એટલે તેમનો ચાલુ પોશાક ધોયેલો અને

શુદ્ધ હોય, તો ચલાવી લેવું જોઈએ. બહેનોએ આ પ્રસંગે પૂરા પોષાકમાં બેસવાનું હોય છે, પણ તે માટે શ્વેત વસ્ત્રો પસંદ કરવા યોગ્ય છે, કારણ તે સાત્ત્વિક ભાવના ઉત્પન્ન કરનારાં છે. આ વખતે ઓછામાં ઓછાં આભૂષણોનો ઉપયોગ થાય, એ ઇચ્છવા યોગ્ય છે.

હવે ઉપકરણશુદ્ધિ પર આવીએ. ધર્મભાવની વૃદ્ધિ કરવામાં જે સાધન-કરણ ઉપકારક હોય-ઉપયોગી હોય, તે ઉપકરણ કહેવાય. સામાયિકની ક્રિયામાં-સાધનામાં આવાં કેટલાંક ઉપકરણોની જરૂર પડે છે, તે પ્રમાણોપેત રાખવાથી ઉપકરણશુદ્ધિ જળવાય છે.

અનુયોગદ્વારચૂર્ણિમાં એવો પાઠ છે કે 'सामाइय-कउस्स समणोवासगस्स चउविहे धम्मोवगरणे पन्नत्ते, तं जहा ठवणायरिय त्ति मुहपत्तिअ त्ति जवमालिअ त्ति दंडपाउं-छणगं च त्ति। સામાયિક કરનાર શ્રમણોપાસકને-શ્રાવકને ચાર પ્રકારનાં ધર્મોપકરણો કહેલાં છે; (૧) સ્થાપનાચાર્ય, (૨) મુહપત્તી, (૩) જપમાલિકા અને (૪) દંડપ્રૌંછણક એટલે રજોહરણ કે ચરવળો. પ્રથમ આ ચાર ઉપકરણોનો પરિચય કરી લઈએ.

**સ્થાપનાચાર્ય**-જૈન ધર્મમાં દરેક ક્રિયા ગુરુની સાક્ષીએ, ગુરુની આજ્ઞાપૂર્વક અને ગુરુનો વિનય જાળવીને કરવાની હોય છે. પરંતુ જ્યારે ગુરુનો યોગ ન હોય, ત્યારે તેમની સ્થાપના કરીને, સાક્ષાત્ ગુરુ બેઠા છે એમ માનીને, તેમની સમક્ષ સઘળી ક્રિયા કરવી જોઈએ. આ રીતે જે

વસ્તુની ગુરુ તરીકે-આચાર્ય તરીકે સ્થાપના કરવામાં આવે છે, તેને સ્થાપનાચાર્ય કહેવાય છે. તે અંગે શ્રી જિનભદ્ર-ગણિક્ષમાશ્રમણે **વિશેષાવશ્યકભાષ્યમાં** કહ્યું છે કે-

**गुरुविरहम्मि अ ठवणा, गुरुवएसोवदंसणत्थं च ।**
**जिणविरहम्मि व जिणबिंब-सेवणाऽऽमन्तणं सहलं ॥**

'જ્યારે સાક્ષાત્ ગુણવંત ગુરુનો વિરહ હોય, ત્યારે ગુરુના ઉપદેશને-આદેશને સમીપમાં રહેલો દેખાડવા માટે સ્થાપના કરવી. જેમ જિનેશ્વર દેવના વિરહમાં તેમની પ્રતિમાનું સેવન અને આમંત્રણ સફલ થાય છે, તેમ ગુરુવિરહમાં ગુરુની સ્થાપના પણ સફલ થાય છે.'

શ્રી દેવેન્દ્રસૂરિએ **ગુરુવંદનભાષ્યમાં** જણાવ્યું છે કે—

**गुरुगुणजुत्तं तु गुरु, ठाविज्ज अहब तत्थ अक्खाइ ।**
**अहवा नाणाइतिअं, ठविज्ज सक्ख-गुरु-अभावे ॥**

'ધર્માનુષ્ઠાન કરતાં સાક્ષાત્ ગુરુ વિદ્યમાન ન હોય તો ગુરુના ગુણોથી જે યુક્ત હોય, તેને ગુરુ તરીકે સ્થાપવા; અથવા તેના સ્થાને અક્ષાદિ કે જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણો સ્થાપવાં.'

આ ગુરુસ્થાપના કરવાનો વિધિ એવો છે કે ઊંચા બાજોઠ પર એક સાંપડો મૂકવો. ગુરુનું સ્થાન આપણા કરતાં ઊંચું હોય છે, તેથી બાજોઠ પર સાંપડો મૂકવાનું વિધાન છે. આ સાંપડા પર જ્ઞાનનાં ઉપકરણ તરીકે ધાર્મિક

પુસ્તક, દર્શનના ઉપકરણ તરીકે ભગવાનની છબી અને ચારિત્રના ઉપકરણ તરીકે માળા મૂકવી. એક કાલે અક્ષનો ગુરુ–સ્થાપના કરવામાં વધારે ઉપયોગ થતો હશે, એટલે અહીં તેમનો નામોલ્લેખ કરાયો છે, પણ આજે તેનો ખાસ ઉપયોગ થતો નથી.

પછી જમણા હાથની 'સ્થાપનામુદ્રા' રચવી, એટલે કે આંગળીઓ તથા કરતલની આકૃતિ અર્ધસંપુટ જેવી બનાવવી અને જાણે કોઈ વસ્તુને દાખલ કરતા હોઈએ, તેવી રીતે હાથને સ્થાપનાની સન્મુખ રાખવો. આ મુદ્રાપૂર્વક પ્રથમ મંગલસ્વરૂપ નમસ્કાર મહામંત્રનો પાઠ બોલવો અને પછી આચાર્યના છત્રીશ ગુણોનું આરોપણ કરતા હોઇએ એ રીતે હાથની ચેષ્ટા કરીને ધીરે ધીરે પંચિંદિય–સૂત્રનો પાઠ ઉચ્ચારવો. આ રીતે જ્યારે પૂરો પાઠ બોલાઈ રહે, ત્યારે ઉપર્યુક્ત પુસ્તકાદિમાં ગુરુ અથવા આચાર્યની સ્થાપના થઈ ગણાય છે અને તેને સ્થાપનાજી કે સ્થાપનાચાર્ય કહેવામાં આવે છે. કેટલાક માત્ર ત્રણ નવકાર ગણીને જ ગુરુસ્થાપના કરે છે. તેનું ઉત્થાપન સામાયિક પૂરું થયે આપણો જમણો હાથ છાતી સન્મુખ રાખીને એક નવકાર ગણવાથી થાય છે.

## મુહપત્તી

મુહપત્તી એટલે મુખ ઢાંકવાનું વસ્ત્ર. તેને માટે શાસ્ત્રોમાં મુહપત્તી (મુખપટ્ટિકા), મુહપોતિઆ (મુખપોતિકા),

મુહણંતગ (મુખાનન્તક), પોત્તિયા (પોતિકા) અને હત્થગ (હસ્તક) વગેરે શબ્દો વપરાયેલા છે. તેના માપ અંગે **બૃહત્કલ્પ-ભાષ્યમાં** કહ્યું છે કે—

**चउरंगल विहत्थी, एयं मुहणंतगस्स उ पमाणं ।**
**बितीयं पि य पमाणं, मुह-प्पमाणेण कायव्वं ॥**

'ચાર આંગળ અને એક વેંત (સોળ આંગળ) એ મુહપત્તીનું પ્રમાણ છે. તેનું બીજું પ્રમાણ એ છે કે મુખના પ્રમાણે એટલે મુખને ઢાંકી શકાય, તે પ્રમાણે કરવી.'

તેનો આકાર ચારખૂણિયા એટલે ચોરસ કે લંબચોરસ હોવો જોઈએ, એવો અભિપ્રાય **યતિદિનચર્યામાં** પ્રકટ થયેલો છે. તેના રંગ બાબત સ્પષ્ટ ઉલ્લેખ જોવામાં આવ્યો નથી, પરંતુ પરંપરાથી શ્વેત રંગને જ પસંદગી અપાય છે. તાત્પર્ય કે સોળ આંગળ વસ્ત્રના સમચોરસ ટુકડાની ત્રણ ઘડીઓ વાળવાથી તે તૈયાર થાય છે. (આ ઘડીઓ કેમ વાળવી, તે અનુભવી પાસેથી શીખી લેવું.)

મુહપત્તી રાખવાનું મુખ્ય પ્રયોજન એ છે કે મુખમાં સંપાતિમ (ઊડીને આવી પડતા) જીવો પડે નહિ, મુખમાંથી ઊડેલું થૂંક પુસ્તક-પાનાં કે કોઈ વ્યક્તિ પર પડે નહિ અને શરીર પર કોઈ સૂક્ષ્મ જંતુ ચડી જાય તો તેની કોર વડે ધીમેથી દૂર કરી શકાય. ધાર્મિક ક્રિયા અંગે પણ તેનો કેટલોક ઉપયોગ છે.

## જપમાલિકા

જપમાલિકા એટલે જપ કરવાની માલા. તેને માટે આપણો પ્રચલિત શબ્દ નવકારવાળી કે નોકારવાળી છે. નવકાર કે નોકારની ગણનામાં તેનો વિશેષ ઉપયોગ થતો હોવાથી તેનું આ પ્રકારનું નામ પડેલું છે. તે સૂતર, રેશમ, ચંદન, રતાંજલિ (રક્તચંદન), શંખ, પ્રવાલ, સ્ફટિક કે રજતના ૧૦૮ મણકાને સૂત્રમાં પરોવવાથી બને છે. તેના મથાળે એક મોટો મણકો કે ત્રણ મણકા એક સાથે પરોવેલા હોય છે, તેને મેરુ કહે છે. સામાયિકની ક્રિયામાં સ્વાધ્યાયના અધિકારે મંત્રજપ કરવાનો હોય છે, તે માટે જપમાલિકા કે માલા સાથે રાખવાની જરૂર છે.

## ચરવળો(લો)

સાધુઓ સંયમના ઉપકરણ તરીકે રજોહરણ રાખે છે, તેવું જ ઉપકરણ શ્રાવકોએ સામાયિક વખતે રાખવાનું હોય છે, પણ તે પ્રમાણમાં નાનું હોય છે. તેને જ ચરવળો કહેવામાં આવે છે. **સેનપ્રશ્ન**ના ત્રીજા ઉલ્લાસમાં એવો ખુલાસો છે કે 'श्राद्धानां च रजोहरणं चरवलक एवेति–શ્રાવકોનું રજોહરણ એ જ ચરવલો છે.' તેનો ઉપયોગ ઊઠતી વખતે, બેસતી વખતે, બહાર જતી વખતે તથા કાયા અને ભૂમિનું પ્રમાર્જન કરવા માટે થાય છે. ચરવળાની ઊનની દશીઓ ખૂબ કોમલ હોવાથી નાનામાં નાના જંતુઓની પણ તેના વડે રક્ષા થાય છે.

કેટલાક ચરવળાની જગાએ છેક નાનો ઊનનો ગુચ્છો કે મોરપીંછ રાખે છે અને કેટલાક તેનું કામ પાથરણા કે કે કટાસણા વડે જ કરે છે, પરંતુ સામાયિક એ પ્રાયઃ સાધુજીવનનું અનુકરણ હોવાથી તે સમયે ચરવળો રાખવો એ વધારે યોગ્ય જણાય છે.

આ ઉપકરણોમાં સ્થાપનાચાર્ય એ વિનયગુણનું પ્રતીક છે, મુહપત્તી સંયમનું પ્રતીક છે, જપમાલિકા આરાધના કે ઉપાસનાનું પ્રતીક છે અને રજોહરણ એ અહિંસાનું પ્રતીક છે. આ વસ્તુના સ્વરૂપ અને પ્રમાણ કરતાં તેની પાછળ રહેલી ભાવનાઓને સમજવામાં આવે તો તે અંગે કોઈપણ જાતનો દુરાગ્રહ, કદાગ્રહ કે હઠાગ્રહ થવાનો સંભવ નથી. ઉપકરણોનાં સ્વરૂપ અને પ્રમાણ સામુદાયિક શિસ્ત માટે છે, એટલે તેનું એકસરખાપણું જળવાઈ રહે, તે જરૂરનું છે.

**કટાસણું**

આ સિવાય સામાયિકમાં બેસવા માટે આસનની જરૂર પડે છે, જેને કટાસણું કહેવામાં આવે છે. કટાસણું શબ્દ કટાસન પરથી બનેલો છે. કટાસન એટલે દર્ભ કે ઘાસનું આસન. કદાચ તે એક કાલે વપરાતું હશે, પણ આજે તે માટે ઊનના દોઢ હાથ લાંબા અને હાથ સવા હાથ પહોળા ટુકડાનો ઉપયોગ થાય છે. 'કટાસણું સૂતર કે રેશમનું કેમ નહિ?' તેનો ઉત્તર એ છે કે ઊનનું આસન સૂક્ષ્મ જંતુઓને સહસા બાધક થતું નથી, એટલે અહિંસાપાલનની દૃષ્ટિએ તેની ઉપયોગિતા છે. વળી યોગસાધનાની દૃષ્ટિએ

આસન ગરમ હોવું જોઈએ, જેથી જપ-ધ્યાનાદિ વડે સંચિત થતી શક્તિ નીચે ચાલી ન જાય. મંત્ર-તંત્રવાદીઓએ પણ ઊનના ગરમ આસનની હિમાયત કરી છે, એટલે હાલ ઊનના ગરમ કાપડનો કટાસણા તરીકે જે ઉપયોગ થાય છે, તે યોગ્ય લાગે છે.' *

## ઘડી કે ઘડિયાળ

સામાયિકનો સમય એક મુહૂર્ત એટલે બે ઘડી અર્થાત્ ૪૮ મિનીટનો છે. આ સમય બરાબર પળાય તે માટે અગાઉ ઘટિકાયંત્રની વ્યવસ્થા હતી, તે પરથી ઘડી કે ઘડિયાળો બન્યાં, તેનો ઉપયોગ થવા લાગ્યો, પરંતુ આજે ઘડિયાળનો વ્યાપક પ્રચાર હોવાથી તેનો ઉપયોગ થાય છે. તેમાં કોઇ બાધ હોય, એમ અમે માનતા નથી.

## ધાર્મિક પુસ્તકો

સામાયિકમાં સ્વાધ્યાય કરવા માટે કેટલાંક ધાર્મિક પુસ્તકો સાથે રાખી શકાય છે. ઉપરાંત અનાનુપૂર્વી જેવું સાધન પણ રાખી શકાય છે કે જેની ગણના વડે મનને એકાગ્ર કરી શકાય.

આસન એક સ્થાને પ્રતિબદ્ધ થવામાં-સ્થિર થવામાં ઉપયોગી છે, પણ પ્રાચીન કાલમાં કદાચ તેનો વૈકલ્પિક ઉપયોગ થતો હશે, એટલે તેની ગણના ઉપકરણોમાં થયેલી નથી.

* ઘણા યોગીઓ વ્યાઘ્રચર્મ કે હરણના ચામડાંનો ઉપયોગ કરે છે, તેમાં આ દૃષ્ટિ રહેલી છે.

ઘડી, ઘડિયાળ તથા ધાર્મિક પુસ્તકો વૈકલ્પિક હોવાથી તેમને ઉપકરણમાં ગણવાનાં નથી.

આ ઉપકરણો તથા સાધનોને એકત્ર કરવાં, તેને આપણે બહિરંગ તૈયારી સમજવાની છે. જ્યાં અભ્યંતર અને બહિરંગ બંને પ્રકારની તૈયારીઓ હોય, ત્યાં સાધના સારી રીતે થાય, એમાં કશી શંકા નથી.

## સામાયિકનાં ઉપકરણો તથા સાધનોની યાદી

૧ બાજોઠ — સ્થાપનાચાર્ય માટે
૨ સાંપડો — ,,
૩ જ્ઞાનનું ઉપકરણ–પુસ્તક — ,,
૪ દર્શનનું ઉપકરણ–ભગવાનની છબી — ,,
૫ ચારિત્રનું ઉપકરણ–માલા — ,,
૬ મુહપત્તી
૭ જપમાલા–નવકારવાળી (ઉપરની માલાથી આ જુદી ગણવી. આનો ઉપયોગ જપમાં કરવાનો છે.)
૮ ચરવળો
૯ કટાસણું–ઊનનું આસન
૧૦ ઘડી કે ઘડિયાળ
૧૧ ધાર્મિક પુસ્તકો

આ બધાં ઉપકરણો તથા સાધનો પ્રમાણોપેત તથા સારાં હોવાં જોઈએ.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-સામાયિકની સાધના કોણ કરી શકે?

ઉત્તર-નાના-મોટા, પુરુષ-સ્ત્રી કોઈ પણ સામાયિકની સાધના કરી શકે છે.

પ્રશ્ન-નાના એટલે કેટલી ઉંમરના?

ઉત્તર-નાના એટલે આઠ વર્ષ અને તેની ઉપરના.

પ્રશ્ન-આઠ વર્ષની ઉંમરનાં બાળકો સામાયિકમાં શું સમજે?

ઉત્તર-આઠ વર્ષની ઉંમરનાં બાળકો સામાયિકમાં વિશેષ ન સમજે, પણ માતા, પિતા, વડીલ કે અન્ય કોઈને સામાયિક કરતાં જોઈ સામાયિક કરવાની ભાવનાવાળા થાય તો તેમની એ ભાવના પૂરી કરવા માટે વડીલો તેમને એ પ્રકારની સગવડ કરી આપે તથા સામાયિક કેમ કરવું? એની કેટલીક પ્રાથમિક સમજ આપે.

પ્રશ્ન-તેથી શો લાભ?

ઉત્તર-બાળકને સામાયિકના સંસ્કાર પડે તો તેની ધર્મભાવનામાં વૃદ્ધિ થાય અને આગળ જતાં ધર્મપરાયણ બની ઘણાં સામાયિકો કરવાપૂર્વક પોતાનું આત્મકલ્યાણ સાધી શકે.

પ્રશ્ન-આ વસ્તુ શા આધારે કહો છો?

ઉત્તર-અમને તેનો અનુભવ થયેલો છે, તેથી કહીએ છીએ. બીજા ઘણાના અનુભવો પણ આ પ્રકારના જ છે.

પ્રશ્ન-મોટાની વયમર્યાદા કેટલી ?

ઉત્તર-એમાં વયની મર્યાદા નથી. મનુષ્યની શરીર અને મનની શક્તિ પહોંચતી હોય, ત્યાં સુધી તે સામાયિક કરી પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે.

પ્રશ્ન-સામાયિક કરવાનો અધિકાર પુરુષ અને સ્ત્રીનો એક સરખો છે ?

ઉત્તર-હા. પુરુષ અને સ્ત્રી સામાયિક કરવાના સરખા અધિકારી છે. જૈન ધર્મે આત્મકલ્યાણની બાબતમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે કશો ભેદ રાખેલો નથી. તેણે ચતુર્વિધ સંઘમાં સાધુની સાથે સાધ્વીનો અને શ્રાવકની સાથે શ્રાવિકાનો વર્ગ રાખેલો જ છે. અનુભવ તો એમ કહે છે કે ધર્મનું આરાધન કરવાની બાબતમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે રસ લે છે. ભગવાન મહાવીરના શ્રાવકો કરતાં શ્રાવિકાઓની સંખ્યા ઘણી મોટી હતી. ઉપધાન તથા અન્ય ક્રિયાપ્રસંગે પણ આ જ સ્થિતિ જોવામાં આવે છે.

પ્રશ્ન-ધાર્મિક જીવનમાં સાધનાનું સ્થાન શું ?

ઉત્તર-ધાર્મિક જીવનમાં સાધનાનું સ્થાન ઘણું ઊંચું છે. વાસ્તવમાં સાધના વિના ધાર્મિક જીવનનું યોગ્ય ઘડતર થતું જ નથી.

પ્રશ્ન-ધાર્મિક જીવનમાં કયા પ્રકારની સાધના જોઈએ !

ઉત્તર-ધાર્મિક જીવનમાં આધ્યાત્મિક સાધના જોઈએ. યૌગિક સાધના તેની અંતર્ગત ગણવી. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિનો સમાવેશ આધ્યાત્મિક સાધનામાં થાય છે.

પ્રશ્ન–સાધનાનું મુખ્ય લક્ષણ શું ?

ઉત્તર–સાતત્ય અને નિયમિતતા. જે ક્રિયા નિત્ય અને નિયમિત થાય, તે સાધનાની કોટિમાં આવે. નિત્ય એટલે પ્રતિદિન–દરરોજ અને નિયમિત એટલે નક્કી કરેલા સમયે.

પ્રશ્ન–વચ્ચે ખાડા પડે કે નક્કી કરેલો સમય સચવાય નહિ તો ?

ઉત્તર–તો એ સાધનાની કોટિમાં ન આવે. સામાયિકની સાધનાનો અર્થ એ છે કે તે નિત્ય નિયમિત સમયે કરવું જોઈએ. તેનાથી એક પ્રકારનું શાંતિ–સમતામય વાતાવરણ ઉત્પન્ન થાય છે અને તે આધ્યાત્મિક વિકાસમાં મદદ કરે છે. એક વાર સામાયિકનો રંગ લાગ્યો કે પછી તો તે કર્યા વિના ચેન પડતું નથી, આનંદ આવતો નથી, એક પ્રકારનો અસંતોષ રહ્યા કરે છે, એટલે ખરી જરૂર તેનો રંગ લાગવાની છે અને તે રંગ સાધનાથી જ લાગે છે.

પ્રશ્ન–સામાયિકની સાધના માટે બીજી કંઇ તૈયારી જોઇએ ખરી ?

ઉત્તર–હા. જે સાધક આહાર, નિદ્રા અને બીજી પરિચર્યાની બાબતમાં સંયમિત રહે છે, તે સામાયિકની સાધના સારી રીતે કરી શકે છે. જેનું જીવન સંયમી નથી, તેનું દિલ સામાયિકમાં લાગતું નથી અને કદાચ લાગે તો પણ તેમાં જોઈએ તેવી સ્થિરતા રહેતી નથી. અન્ય યોગસાધનાઓમાં પણ આ પ્રકારનો સંયમ જરૂરી મનાયો છે. સામાયિકના વ્યાપક પ્રચારને બાધ ન આવે તે માટે તેનો નિયમમાં સમા–

વેશ કર્યો નથી, પણ તેની ભલામણ અવશ્ય કરાઇ છે, એટલે સુજ્ઞ સાધકે તે માટે બને તેટલા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

પ્રશ્ન—સામાયિકની સાધના કરતાં કોઈ ચમત્કારિક સિદ્ધિ મળે ખરી?

ઉત્તર—જેને આત્મશુદ્ધિ કરવી છે, આત્માનો વિકાસ સાધવો છે અને પરમાત્મપદે પ્રતિષ્ઠિત થવું છે, તેણે ચમત્કારિક સિદ્ધિઓની વાત છોડી દેવી જોઇએ; કારણ કે તે પરમાત્મપદની પ્રાપ્તિમાં અંતરાય રૂપ છે. આમ છતાં સામાયિકની સાધનાનું માપ ચમત્કારથી કાઢવું હોય તો અમે કહીએ છીએ કે સંસારની ગલી—કુંચીઓમાં રઝળપાટ કરનારો એક સામાન્ય આત્મા સામાયિકની સાધનાથી પરમાત્મા બની જાય છે, એ એનો સહુથી મોટો ચમત્કાર છે. આજ સુધી જગતના ચોપડે જેટલી સિદ્ધિઓ નોંધાણી છે, તેમાંની કોઈ સિદ્ધિ આની બરાબરી કરી શકે એમ નથી.

[ ૬ ]

# આલંબનરૂપ સૂત્રપાઠો

સામાયિકની સાધના માટે અંતરંગ તથા બાહ્ય તૈયારી કેવા પ્રકારની કરવી જોઈએ ? તેનું વિવેચન ગત પ્રકરણમાં કરી ગયા. હવે સામાયિકની સાધના કરવા માટે તેના પ્રવેશ તથા પૂર્ણાહૂતિ પ્રસંગે જે ક્રિયા કરવાની હોય છે, તે સૂત્રપાઠના આલંબનપૂર્વક કરવાની હોય છે, તેથી પ્રસ્તુત પ્રકરણમાં એ દશ સૂત્રપાઠો રજૂ કરીશું.

આ ક્રિયા સૂત્રપાઠના આલંબનપૂર્વક કરવાનો હેતુ એ છે કે એ ક્રિયા શા માટે કરવામાં આવે છે? અને તેમાં શું રહસ્ય સમાયેલું છે? તેનો સાધકને ખ્યાલ આવે, પરંતુ આ સૂત્રપાઠો માત્ર બોલી જવાથી તેના હેતુ કે રહસ્યનો બરાબર ખ્યાલ આવે નહિ, તેથી આ દશ સૂત્રપાઠો તેના પદાર્થ, અર્થસંકલના તથા રહસ્યપૂર્વક અહીં આપવામાં આવ્યા છે.

આજથી વીસ વર્ષ પહેલાં અમે **શ્રીપ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકાના** પ્રથમ ભાગમાં સામાયિકના સૂત્રપાઠો પર

અષ્ટાંગી વિવરણ કરેલું છે, એટલે તેમાં આ દશેય સૂત્રપાઠોના સામાન્ય અને વિશેષ અર્થ અપાયેલા છે, પણ અહીં ગ્રંથના આયોજન અનુસાર તે જુદી ઢબે આપ્યા છે, તથા જ્યાં વિશેષ સ્પષ્ટીકરણ કરવા જેવું લાગ્યું, ત્યાં તે કરવામાં આવ્યું છે; એટલે સામાયિકના સૂત્રાર્થ સંબંધમાં આને છેલ્લું સંસ્કરણ સમજવાનું છે.

## ૧-નમસ્કાર-સૂત્ર

### મૂલપાઠ

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ॥

एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

### પદાર્થ

नमो-નમસ્કાર હો, નમસ્કાર કરું છું.

अरिहंताणं-અરિહંતોને. અહીં અરિહંતથી ચોત્રીશ અતિશયના ધારક ત્રિલોકપૂજ્ય જૈનધર્મના પ્રવર્તક એવા અર્હત્, જિન કે તીર્થંકર સમજવા. તેમની સંખ્યા ઘણી

હોવાથી અહીં બહુવચનનો પ્રયોગ છે. બધાં પદોમાં એમ જ સમજવું.

सिद्धाणं–સિદ્ધોને. સિદ્ધ એટલે કર્મરહિત શુદ્ધ આત્મા.

आयरियाणं–આચાર્યોને, ધર્માચાર્યોને.

उवज्झायाणं–ઉપાધ્યાયોને.

लोए–લોકમાં. અહીં લોક શબ્દથી મર્ત્યલોક કે પૃથ્વીલોક અને તેમાં પણ અઢી દ્વીપ સમજવા, કારણ કે સાધુઓની ઉત્પત્તિ તેમાં જ હોય છે.

सव्वसाहूणं–સર્વ સાધુઓને. આ પદ સાધુઓની મુખ્યતાએ કહેવાયું છે, પણ તેમાં સાધ્વીઓનો પણ સમાવેશ સમજવો, કારણ કે સાધ્વીઓ પણ નમસ્કારને યોગ્ય છે.

एसो–આ.

पंचनमुक्कारो–પંચનમસ્કાર. પાંચ પરમેષ્ઠીને કરાયેલો નમસ્કાર.

सव्वपावप्पणासणो–સર્વ પાપનો પ્રણાશક છે, સર્વ પાપનો અત્યંત નાશ કરનાર છે.

मंगलाणं–મંગલોનું. જે ધર્મને લાવે તથા વિઘ્નોનો નાશ કરે, તે મંગલ કહેવાય.

च–અને.

सव्वेसिं-સર્વનું. આ પદ મંગલનું વિશેષણ છે, તેથી છઠ્ઠીના બહુવચનમાં છે.

पढमं-પ્રથમ, ઉત્કૃષ્ટ.

हवइ-છે.

मंगलं-મંગલ.

## અર્થસંકલના

હું અરિહંતોને નમસ્કાર કરું છું, સિદ્ધોને નમસ્કાર કરું છું, આચાર્યોને નમસ્કાર કરું છું, ઉપાધ્યાયોને નમસ્કાર કરું છું અને અઢી દ્વીપમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર કરું છું.

આ પંચ-પરમેષ્ઠીને કરાયેલો નમસ્કાર સર્વ પાપોનો અત્યંત નાશ કરનાર છે અને સર્વે મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

## રહસ્ય

નમસ્કાર-સૂત્ર જિનશાસનનો સાર છે અને ઉત્કૃષ્ટ મંગલ રૂપ છે, તેથી દરેક શુભ પ્રસંગે તેનું સ્મરણ કરવામાં આવે છે, તેમજ ધાર્મિક અનુષ્ઠાનના પ્રારંભે પણ તેનું સ્મરણ થાય છે. આધ્યાત્મિક વિકાસ અર્થે થતા જપ-ધ્યાનમાં પણ તેનું ખાસ આલંબન લેવાય છે.* મંત્ર કે મહામંત્ર તરીકે તેની વિશેષ પ્રસિદ્ધિ છે. તેને નવકાર પણ કહેવામાં આવે છે.

* અમે '**નમસ્કાર-મંત્રસિદ્ધિ**' ગ્રંથમાં નમસ્કાર મહામંત્ર સંબંધી ઘણું વિવેચન કરેલું છે. તેની ત્રણ આવૃત્તિ પ્રકટ થઇ ચૂકી છે.

## ૨-પંચિદિય-સૂત્ર

### મૂલપાઠ

पंचिंदियसंवरणो, तह नवविहबंभचेरगुत्तिधरो ।
चउविहकसायमुक्को, इअ अट्ठारसगुणेहिं संजुत्तो ॥ १ ॥
पंचमहव्वयजुत्तो, पंचविहायारपालणसमत्थो ।
पंचसमिओ तिगुत्तो, छत्तीसगुणो गुरु मज्झ ॥ २ ॥

### પદાર્થ

पंचिंदियसंवरणो-પાંચ ઇન્દ્રિયોનું સંવરણ કરનારા, પાંચ ઇન્દ્રિયોના વિષયને જીતનારા. પાંચ ઇન્દ્રિયો તે સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય તથા શ્રોત્રેન્દ્રિય જાણવી.

तह-તથા.

नवविहबंभचेरगुत्तिधरो-નવ પ્રકારની બ્રહ્મચર્ય-ગુપ્તિને ધારણ કરનારા, બ્રહ્મચર્યની નવ વાડોને પાળનારા. બ્રહ્મચર્યના રક્ષણ માટે જે નવ નિયમો બતાવવામાં આવ્યા છે, તે બ્રહ્મચર્યની નવ વાડો તરીકે ઓળખાય છે. વાડ જેમ ખેતરનું રક્ષણ કરે છે, તેમ આ નિયમો બ્રહ્મચર્યનું રક્ષણ કરે છે. તે નિયમો આ પ્રમાણે જાણવા :-

(૧) સ્ત્રી, પશુ અને નપુંસકથી રહિત સ્થાનમાં રહેવું.

(૨) સ્ત્રીઓ સંબંધી વાતો કરવી નહિ.

(૩) સ્ત્રી જે આસન પર બેઠેલી હોય, તે આસન પર બે ઘડી બેસવું નહિ.

(૪) સ્ત્રીઓનાં અંગોપાંગ આસક્તિથી જોવાં નહિ.

(૫) ભીંતના આંતરે સ્ત્રી-પુરુષનું જોડું રહેતું હોય, તેવા સ્થાનમાં રહેવું નહિ.

(૬) પૂર્વકાલમાં સ્ત્રીની સાથે જે ક્રીડા કરી હોય, તેનું સ્મરણ કરવું નહિ.

(૭) માદક આહારપાણી વાપરવા નહિ.

(૮) પ્રમાણથી વધારે આહાર કરવો નહિ. પુરુષના આહારનું પ્રમાણ ૩૨ કોળિયા છે અને સ્ત્રીના આહારનું પ્રમાણ ૨૮ કોળિયા છે.

(૯) શરીરને શણગારવું નહિ.

चउविहकसायमुक्को—ચાર પ્રકારના કષાયથી મુક્ત. (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ એ ચાર કષાયો છે. તેમનું વિસ્તૃત વર્ણન આ ગ્રંથમાં આગળ આવશે.

इअ—આ, આ પ્રમાણે.

अट्ठारसगुणेहिं-અઢાર ગુણો વડે. (૫+૯+૪=૧૮)

संजुत्तो—સંયુક્ત.

पंचमहव्वयजुत्तो—પાંચ મહાવ્રતોથી યુકત. સાધુઓ સામાયિક ગ્રહણ કર્યા પછી સંયમના પાલન માટે જે પાંચ વ્રતો લે છે, તે મહાવ્રતો કહેવાય છે. તેનાં નામો આ પ્રમાણે જાણવાં: (૧) સર્વપ્રાણાતિપાતવિરમણવ્રત, (૨) સર્વમૃષાવાદવિરમણવ્રત, (૩) સર્વઅદત્તાદાનવિરમણવ્રત, (૪) સર્વમૈથુનવિરમણવ્રત તથા (૫) સર્વપરિગ્રહવિરમણવ્રત.

पंचविहायारपालणसमत्थो–પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ. પાંચ આચારો તે– (૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર જાણવા.

पंचसमिओ–પાંચ સમિતિઓથી યુક્ત. પાંચ સમિતિ તે– (૧) ઈર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ, (૩) એષણાસમિતિ, (૪) આદાનનિક્ષેપસમિતિ અને (૫) પારિષ્ઠાપનિકાસમિતિ.

तिगुत्तो–ત્રણ ગુપ્તિઓથી યુક્ત. ત્રણ ગુપ્તિ તે– (૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) કાયગુપ્તિ જાણવી.

छत्तीस गुणो–છત્રીશ ગુણવાળા.

गुरु–ગુરુ, આચાર્ય.

मज्झ–મારા.

## અર્થસંકલના

પાંચ ઈન્દ્રિયોના વિષયોને જીતનારા, બ્રહ્મચર્યની નવ વાડોને ધારણ કરનારા, ક્રોધાદિ ચાર કષાયોથી મુક્ત, આ રીતે અઢાર ગુણવાળા; વળી પાંચ મહાવ્રતોને ધારણ કરનારા, પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત, એમ છત્રીશ ગુણવાળા મારા ગુરુ છે.

## રહસ્ય

ભવસાગરમાં ગુરુના આધારે તરવાનું છે. સર્વ ધાર્મિક–આધ્યાત્મિક ક્રિયાઓ તેમની નિશ્રામાં કરવાની છે.

આ ગુરુમાં કેવા ગુણો હોવા જોઈએ ? તેનું આ સૂત્રમાં વર્ણન કર્યું છે. ગુરુમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણેયનો સમાવેશ થાય છે, પણ અહીં ગુરુ શબ્દથી આચાર્ય ગ્રહણ કરી તેમના ગુણોનું આ રીતે ચિંતન કરવાનું છે.

## ૩-પ્રણિપાત-સૂત્ર

### મૂલસૂત્ર

**इच्छामि खमासमणो वंदिउं, जावणिज्जाए निसीहिआए मत्थएण वंदामि ॥**

### પદાર્થ

इच्छामि-ઇચ્છું છું, મારી ઈચ્છાથી કરવા ઇચ્છું છું. ( કોઈના દબાણ કે બલાત્કારથી નહિ. )

खमासमणो-હે ક્ષમાશ્રમણ ! હે ક્ષમાદિ દશ ગુણોવાળા સાધુ ભગવંત ! ક્ષમાદિ દશ ગુણોની ગણના આ પ્રકારે થાય છે : (૧) ક્ષમા, (૨) મૃદુતા, (૩) સરલતા, (૪) પવિત્રતા, (૫) સત્ય, (૬) સંયમ, (૭) તપ, (૮) ત્યાગ, (૯) નિષ્કિંચનતા અને (૧૦) બ્રહ્મચર્ય.

वंदिउं-વંદવાને, વંદન કરવાને.

जावणिज्जाए-યાપનીયા વડે. સુખ શાતા-પૂછવી તે યાપનીયા કહેવાય છે. અહીં ‘શક્તિસહિત’ એવો અર્થ ચાલ્યો આવે છે, પણ તે સંગત નથી. ગુરુવંદનની મુખ્ય ક્રિયામાં પ્રથમ યાપનીયા ક્રિયા આવે છે અને પછી નૈષેધિકી

ક્રિયા આવે છે. આ ક્રિયા પરથી જ પ્રણિપાત-સૂત્ર સંકલિત થયેલું છે, એટલે તેનો અર્થ આ પ્રમાણે કરવો યોગ્ય છે.

निसीहिआए-નૈષેધિકી વડે, અવિનય-આશાતના ખમાવીને. અવિનય-આશાતનાની ક્ષમા માગવી એ નૈષેધિકી ક્રિયા છે.

मत्थएण-મસ્તક વડે, મસ્તક આદિ પાંચ અંગો ભેગા કરીને. મસ્તક, બે હાથ અને બે ઢીંચણ મળી પાંચ અંગો ગણાય છે.

वंदामि-વંદન કરું છું.

### અર્થસંકલના

હે ક્ષમાદિ દશ ગુણોવાળા સાધુ ભગવંત ! હું આપને સુખ-શાતા પૂછીને તથા અવિનય-આશાતના ખમાવીને વંદન કરવા ઇચ્છું છું. મસ્તક વગેરે પાંચ અંગો નમાવીને આપને વંદન કરું છું.

### રહસ્ય

ગુરુવંદનના ત્રણ પ્રકારો છે: (૧) ફિટ્ટાવંદન, (૨) થોભવંદન અને (૩) બારસાવત્તવંદન. તેમાં રસ્તે ચાલતાં-માત્ર માથું નમાવીને જે વંદન કરવામાં આવે છે, તે ફિટ્ટા-વંદન કહેવાય છે. ઊભા રહીને તથા શરીરનાં પાંચ અંગો નમાવવાપૂર્વક જે વંદન કરવામાં આવે છે, તે થોભવંદન કહેવાય છે અને સવારે તથા સાંજે બાર આવર્તપૂર્વક જે વંદન કરવામાં આવે છે, તેને બારસાવત્તવંદન કહેવામાં આવે છે.

એ ત્રણ વંદનોમાંથી આ વંદન મધ્ય પ્રકારનું એટલે કે થોભ-વંદન છે. ધાર્મિક ક્રિયાઓમાં આ સૂત્રનો બહોળો ઉપયોગ થાય છે. સામાન્ય રીતે તે ખમાસમણ-સૂત્ર તરીકે ઓળખાય છે, પણ પ્રણિપાત-સૂત્ર એ તેનું સુયોગ્ય નામ છે.

## ૪ - ગુરુનિમંત્રણ-સૂત્ર

(સુગુરુ-સુખશાતા-પૃચ્છા)

**इच्छकार सुहराई (सुहदेवसि) सुख-तप? शरीर निराबाध? सुख-संजम-जात्रा निर्वहो छो जी? स्वामी शाता छे जी?**

[અહીં ગુરુ જવાબ આપે 'દેવ-ગુરુ-પસાય' તે સાંભળીને શિષ્ય કહે.]

**भात-पाणीनो लाभ देजोजी ॥**

### પદાર્થ

इच्छकार-હે ગુરુજી! આપની ઇચ્છા હોય તો પૂછું.

सुहराई-રાત્રિ સુખપૂર્વક પસાર થઇ?

सुहदेवसि? -દિવસ સુખપૂર્વક પસાર થયો?)

सुख तप?-તપ સુખપૂર્વક થાય છે?

शरीर निराबाध?- શરીર પીડારહિત છે?

सुख-संजम-जात्रा निर्वहो छो जी?-આપ સંયમ રૂપી યાત્રાનો નિર્વાહ સુખપૂર્વક કરો છો?

भात-पाणीनो लाभ देजोजी- મારે ત્યાંથી આહાર-પાણી વહોરવાની કૃપા કરશો આપશોજી.

## અર્થસંકલના

હે ગુરુજી ! આપની ઇચ્છા હોય તો પૂછું. વ્યતીત થયેલી રાત્રિ આપની ઇચ્છાને અનુકૂલ સુખપૂર્વક પસાર થઇ ? ( અથવા વ્યતીત થયેલો દિવસ આપની ઇચ્છાને અનુકૂલ સુખપૂર્વક પસાર થયો ? ) આપની તપશ્ચર્યા સુખરૂપ થાય છે ? આપના શરીરે કોઇપણ પ્રકારની પીડા અને રોગ તો નથી ને ? વળી હે ગુરુજી ! આપની સંયમયાત્રાનો નિર્વાહ સુખે કરીને થાય છે ? હે સ્વામી ? આપને સર્વ પ્રકારે શાતા છે ને ?

[ ગુરુ કહે-દેવ અને ગુરુની કૃપાથી તેમ જ છે. આ વખતે શિષ્ય પોતાની હાર્દિક ઇચ્છા વ્યક્ત કરે છે.] મારે ત્યાંથી આહાર-પાણી વહોરવા કૃપા કરશોજી.

[ ગુરુ આ નિમંત્રણનો સ્વીકાર કે ઇનકાર ન કરતાં 'વર્તમાન જોગ' એવો ઉત્તર આપે છે. તેનો અર્થ એ છે કે જેવી તે સમયની અનુકૂલતા. ]

## રહસ્ય

ગુરુને સુખ-શાતા પૂછવી એ વંદનનો જ એક ભાગ છે. એ સુખ-શાતા પૂછવા માટે આ પાઠનો ઉપયોગ થાય છે, પણ તે પ્રાકૃતમાંથી અપભ્રંશ થયેલો છે. તેમાં કેટલાક શબ્દો ગુજરાતી દાખલ થઈ ગયા છે. છેવટે તેમાં ગુરુને આહાર-

પાણી વહોરવાનું નિમંત્રણ છે, તેથી તેનું પ્રાચીન નામ નિમંત્રણસૂત્ર હોય એમ જણાય છે. જો આ પાઠ બપોર સુધીમાં બોલવામાં આવે તો सुहराई પદ બોલાય છે અને બપોર પછી બોલવામાં આવે તો सुहदेवसि પદ બોલાય છે.

## ૫-ઇરિયાવહી-સૂત્ર

इच्छाकारेण संदिसह भगवन्! ईरियावहियं पडिक्कमामि? इच्छं।

इच्छामि पडिक्कमिउं ईरियावहियाए विराहणाए। गमणागमणे।

पाणक्कमणे, बीयक्कमणे, हरियक्कमणे, ओसा-उत्तिंग-पणग-दगमट्टी-मक्कडासंताणा-संकमणे।

जे मे जीवा विराहिया।

एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया।

अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओ ठाणं संकामिया, जीवियाओ ववरोविया तस्स मिच्छा मि दुक्कडं॥

### પદાર્થ

ईच्छाकारेण-સ્વેચ્છાથી.

संदिसह-આજ્ઞા આપો.

भगवं-હે ભગવન્!

इरियावहियं पडिक्कमामि ?– ઐર્યાપથિકી ક્રિયાનું પ્રતિક્રમણ કરું ? પાપમાંથી પાછા ફરવું, તે પ્રતિક્રમણ કહેવાય છે.

[ ગુરુ કહે–पडिक्कमेह–હા, પ્રતિક્રમણ કરો. એટલે શિષ્ય કહે–]

इच्छं–હું એ ગુરુઆજ્ઞાને ઈચ્છું છું.

इच्छामि–ઇચ્છું છું.

पडिक्कमिउं–પ્રતિક્રમણ કરવાને.

इरियावहियाए विराहणाए–ઐર્યાપિથિકી ક્રિયા અંગે થયેલી વિરાધનાથી. વિરાધના એટલે વિકૃત થયેલી આરાધના, દોષ. તેને અતિચાર પણ કહેવામાં આવે છે.

गमणागमणे–( કાર્યપ્રયોજને ) જવામાં અને ત્યાંથી પાછા આવવામાં.

पाणक्कमणे–પ્રાણીઓને ચાંપતાં.

बीयक्कमणे–બીજોને ચાંપતાં.

हरियक्कमणे–લીલોતરીને ચાંપતાં.

**ओसा–उत्तिंग–पणग–दगमट्टी–मक्कडासंताणा–संकमणे–**

ઝાકળ, કીડિયારું, લીલફૂલ કે સેવાળ, કાદવ અને કરોળિયાની જાળને ચાંપતાં.

जे–જે.

मे–મારા વડે.

जीवा विराहिया–જીવો વિરાધાયા હોય.

एगिंदिया–એક ઇન્દ્રિયવાળા જીવો.

बेइंदिया–બે ઇન્દ્રિયવાળા જીવો.

तेइंदिया–ત્રણ ઇન્દ્રિયવાળા જીવો.

चउरिंदिया–ચાર ઇન્દ્રિયવાળા જીવો.

पंचिंदिया-પાંચ ઇન્દ્રિયવાળા જીવો.

अभिहया–લાતે મરાયા હોય.

वत्तिया–ધૂળ વડે ઢંકાયા હોય.

लेसिया–ભોંય સાથે ઘસાયા હોય.

संघाइया–અરસપરસ શરીરો વડે અફળાવાયા હોય.

संघट्टिया–થોડો સ્પર્શ કરાયો હોય.

परिवाविया–દુઃખ ઉપજાવાયા હોય.

किलामिया–ખેદ પમાડાયા હોય.

उद्दविया–ઉદ્વેગ પમાડાયા હોય.

ठाणाओ ठाणं संकामिया–એક સ્થાનથી બીજા સ્થાને ફેરવાયા હોય.

जीवियाओ ववरोविया–જીવનથી છૂટા કરાયા હોય.

तस्स–તે સંબંધી.

मिच्छा–મિથ્યા. मे–મારું. दुक्कडं–દુષ્કૃત.

## અર્થસંકલના

હે ભગવંત! સ્વેચ્છાથી ઐર્યાપથિકી–પ્રતિક્રમણ કરવાની

મને આજ્ઞા આપો. [ગુરુ તેને પ્રત્યુત્તરમાં 'पडिक्कमेह' 'પ્રતિક્રમણ કરો' એમ કહે, એટલે શિષ્ય કહે કે – હું આપની એ આજ્ઞાને ઇચ્છું છું.] હવે હું રસ્તે ચાલતાં થયેલી જીવ-વિરાધનાનું પ્રતિક્રમણ અંતઃકરણની ભાવનાપૂર્વક શરૂ કરું છું.

જતાં-આવતાં મારા વડે પ્રાણીઓ, બિયાં, લીલોતરી, ઝાકળનું પાણી, કીડીનાં દર, લીલ, ફૂલ કે સેવાળ, કાદવ અને કરોળિયાની જાળ વગેરે ચંપાયા હોય;

જતાં-આવતાં મારા વડે જે કોઈ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય જીવોની વિરાધના થઈ હોય;

જતાં-આવતાં મારા વડે જીવો ઠોકરે મરાયા હોય, ધૂળે કરીને ઢંકાયા હોય, ભોંય સાથે ઘસાયા હોય, અરસ-પરસ શરીરો વડે અફળાવાયા હોય, થોડા સ્પર્શાયા હોય, દુઃખ ઉપજાવાયા હોય, ખેદ પમાડાયા હોય, ઉદ્વેગ પમાડાયા હોય, એક સ્થાનેથી બીજા સ્થાને ફેરવાયા હોય કે જીવનથી છૂટા કરાયા હોય, અને તેથી જે કંઈ વિરાધના થઈ હોય, તે સંબંધી મારું સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

## રહસ્ય

નાનામાં નાની જીવવિરાધનાને પણ દુષ્કૃત સમજવું અને તે માટે દિલગીર થવું, એ આ સૂત્રનું રહસ્ય છે. આ સૂત્રનો ઉપયોગ જવા-આવવાની ક્રિયા કરતાં જીવોની જે વિરાધના થઈ હોય, તેનું પ્રતિક્રમણ કરવા માટે થાય

છે. અને તેજ કારણે સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન, તેમજ દેવવંદનમાં પણ બોલાય છે. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. તેનો ભાવાર્થ એ છે કે એક કાર્ય ખોટું લાગે કે તેને છોડી દેવું અને તે અંગે જે કંઇ કર્યું હોય, તે માટે દિલગીર થવું.

## ૬-તસ્સઉત્તરી-સૂત્ર

### મૂલપાઠ

**तस्स उत्तरीकरणेणं, पायच्छित्तकरणेणं, विसोहीकरणेणं, विसल्लीकरणेणं, पावाणं कम्माणं निग्घायणट्ठाए ठामि काउस्सग्गं ॥**

तस्स-તેનું, તે સ્ખલિત થયેલા આત્માનું.

उत्तरीकरणेणं-ઉત્તરીકરણ વડે. વિશેષ આલોચનાને ઉત્તરીકરણ કહેવામાં આવે છે.

पायाच्छित्तकरणेणं-પ્રાયશ્ચિત્ત કરવા વડે.

विसोहीकरणेणं-વિશોધન કરવા વડે. આત્માનું વિશેષ શોધન કરવું, તે વિશોધન.

विसल्लीकरणेणं-વિશલ્યીકરણ કરવા વડે, શલ્યરહિત થવા વડે. અનાલોચિત પાપને શલ્ય કહેવામાં આવે છે તથા માયા, મિથ્યાત્વ અને નિદાનને પણ શલ્ય કહેવામાં આવે છે.

पावाणं कम्माणं-પાપકર્મોનો.

निग्घायणट्ठाए–નિર્ઘાતનાર્થે, સંપૂર્ણ નાશ કરવા માટે.

ठामि काउस्सग्गं–કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું. કાય એટલે દેહ કે શરીર, તેનો ઉત્સર્ગ કરવો, એટલે તેના પ્રત્યેના મમત્વનો ત્યાગ કરવો, તે કાયોત્સર્ગ. કાયા પ્રત્યેનું મમત્વ છોડી ચિંતન કે ધ્યાન માટે આ અવસ્થાનો સ્વીકાર કરવામાં આવે છે.

## અર્થસંકલના

તે સ્ખલિત થયેલા આત્માનું વિશેષ આલોચના કરવા વડે, પ્રાયશ્ચિત્ત કરવા વડે, વિશેષ આત્મશોધન કરવા વડે તથા શલ્યરહિત થવા વડે, પાપકર્મોનો સંપૂર્ણ નાશ કરવા માટે, હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.

## રહસ્ય

પ્રતિક્રમણથી સામાન્ય શુદ્ધિ થાય છે અને કાયોત્સર્ગથી વિશેષ શુદ્ધિ થાય છે, તેથી 'મિચ્છા મિ દુક્કડં' રૂપ પ્રતિક્રમણ કર્યા પછી કાયોત્સર્ગ કરવામાં આવે છે. આ કાયોત્સર્ગમાં ચાર ક્રિયાઓ કરવાની હોય છે: (૧) થયેલી સ્ખલના કે પાપનું વિશેષ આલોચન કરવાની. (૨) પ્રાયશ્ચિત્ત કરવાની. ઈરિયાવહીના અતિચાર માટે ૨૫ શ્વાસોચ્છ્‌વાસનો કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્તરૂપ છે. (૩) આત્માનું વિશેષ શોધન કરવાની અને (૪) શલ્યરહિત થવાની. આ ચાર ક્રિયાઓ યથાર્થ કરવામાં આવે તો લાગેલા પાપનો સંપૂર્ણ નાશ થાય છે અને આત્મા શુદ્ધ બને છે.

## ૭-અન્નત્થ-સૂત્ર

अन्नत्थ ऊससिएणं नीससिएणं खासिएणं छीएणं जंभाइएणं उड्डुएणं वायनिसग्गेणं भमलीए पित्तमुच्छाए, सुहुमेहिं अंगसंचालेहिं सुहुमेहिं खेलसंचालेहिं सुहुमेहिं दिट्ठीसंचालेहिं, एवमाइएहिं आगारेहिं, अभग्गो अविराहिओ हुज्ज मे काउस्सग्गो ।

जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि, ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ॥

अन्नत्थ-સિવાય કે, નીચેના અપવાદપૂર્વક.

ऊससिएणं-ઉચ્છ્વાસ વડે, શ્વાસ લેવાથી.

नीससिएणं-નિઃશ્વાસ વડે, શ્વાસ મૂકવાથી.

खासिएणं-ઉધરસ આવવાથી.

छीएणं-છીંક આવવાથી.

जंभाइएणं-બગાસું આવવાથી.

उड्डुएणं ઓડકાર આવવાથી.

वायनिसग्गेणं-વાછૂટ થવાથી.

भमलीए-ચક્કર આવવાથી.

पित्तमुच्छाए-પિત્તને લીધે મૂર્છા આવવાથી.

सुहुमेहिं अंगसंचालेहिं-સૂક્ષ્મ રીતે અંગ ફરકવાથી.

सुहुमेहिं दिट्ठीसंचालेहिं-સૂક્ષ્મ રીતે દૃષ્ટિ ફરકવાથી.

सुहुमेहिं खेलसंचालेहिं-સૂક્ષ્મ રીતે કફસંચાર થવાથી.

एवमाहिएहिं आगारेहिं–ઇત્યાદિ આગારો વડે. અહીં આદિ પદથી અગ્નિસ્પર્શ, શરીરછેદન અથવા સંમુખ થતાં પંચેન્દ્રિયવધ, ચોર કે રાજાની દખલગીરી અને સર્પદંશ જેવા પ્રસંગો ગ્રહણ કરાય છે.

अभग्गो–અભગ્ન, ભાંગેલો નહિ એવો.

अविराहिओ–અવિરાધિત, ખંડિત નહિ થયેલો એવો.

हुज्ज–હોજો.

मे काउस्सग्गो–મારો કાયોત્સર્ગ.

जाव–જ્યાં સુધી.

अरिहंताणं भगवंताणं–અરિહંત ભગવંતોને.

नमुक्कारेण–નમસ્કાર કરવા વડે.

न पारेमि–ન પારું.

ताव–ત્યાં સુધી.

काय–કાયાને.

ठाणेणं–સ્થાન વડે, સ્થાનપ્રતિબદ્ધ થઇને.

मोणेणं–મૌન વડે.

झाणेणं–ધ્યાન વડે.

अप्पाणं वोसिरामि–પોતાની જાતનો ત્યાગ કરું છું.

आत्मन्–શબ્દ પોતાની જાત માટે પણ વપરાય છે.

પોતાની જાતને છોડી દેવી, એટલે હું અમુક છું, એ વાત ભૂલી જવી.

## અર્થસંકલના

શ્વાસ લેવાથી, શ્વાસ મૂકવાથી, ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસું ખાવાથી, ઓડકાર આવવાથી, વાછૂટ થવાથી, ચક્કર આવવાથી, પિત્તને લીધે મૂર્ચ્છા આવવાથી, સૂક્ષ્મ રીતે શરીર ફરકવાથી, સૂક્ષ્મ રીતે કફ-સંચાર થવાથી, સૂક્ષ્મ રીતે દૃષ્ટિનો સંચાર થવાથી તથા (અગ્નિસ્પર્શ, શરીર છેદન અથવા સંમુખ થતો પંચેન્દ્રિયનો વધ, ચોર કે રાજાની દખલગીરી અને સર્પદંશ) ઇત્યાદિ કારણો ઉપસ્થિત થવાથી જે કાયવ્યાપાર થાય, તેનાથી મારો કાયોત્સર્ગ ભાંગે નહિ કે વિરાધિત થાય નહિ, એવી સમજ સાથે કાયાને એક સ્થાને પ્રતિબદ્ધ કરીને, વાણીને મૌન કરીને તથા મનને ધ્યાનમાં જોડીને મારી પોતાની જાતનો ત્યાગ કરું છું.

## રહસ્ય

કાયોત્સર્ગનું સ્વરૂપ સમજવા માટે આ સૂત્ર ઘણું ઉપયોગી છે, તેથી તેને કાયોત્સર્ગસૂત્ર પણ કહેવાય છે. તેમાં કાયોત્સર્ગના બાર આગારો સ્પષ્ટ શબ્દોથી અને ચાર આગારો આદિ શબ્દથી બતાવેલા છે, એટલે આ સંજોગોમાં કાયોત્સર્ગ ભાંગ્યો કે વિરાધાયેલો ન ગણાય. કાયોત્સર્ગમાં કાયાને સ્થાનપ્રતિબદ્ધ કરવાની હોય છે, એટલે એક જ સ્થાને રાખવાની હોય છે, વાણીને મૌનથી સ્થિર કરવાની હોય

છે અને મનને ધ્યાનથી સ્થિર કરવાનું હોય છે. આ સ્થિતિ ત્યારે જ ઉત્પન્ન થાય છે કે જ્યારે પોતાની જાતને ભૂલી જવામાં આવે.

## ૮–લોગસ્સ–સૂત્ર

### મૂલપાઠ

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवलीं ॥ १ ॥
उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥
सुविहिं च पुप्फदंतं, सीअल–सिज्जंस–वासुपुज्जं च ॥
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥
एवं मए अभिथुआ, विहुय–रयमला पहीण–जरमरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥
कित्तिय–वंदिय–महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग–बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥ ५ ॥
चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ७ ॥

### પદાર્થ

लोगस्स–લોકનો, ચૌદ રાજલોક પ્રમાણ સમસ્ત લોકનો.

उज्जोअगरे-પ્રકાશ કરનારાઓને.

धम्मतित्थयरे-ધર્મરૂપી તીર્થને સ્થાપનારાઓને.

जिणे-જિનોને, રાગ-દ્વેષના સંપૂર્ણ વિજેતાઓને.

अरिहंते-અરિહંતોને, અર્હંતોને, ત્રિલોક વડે પૂજાયેલાઓને.

कित्तइस्सं-હું નામોચ્ચરણપૂર્વક સ્તવીશ.

चउवीसं पि-ચોવીશે પણ.

केवली-કેવલજ્ઞાનીઓને.

उसभं-શ્રી ઋષભદેવ નામના પ્રથમ તીર્થંકરને.

अजिअं-શ્રી અજિતનાથ નામના બીજા તીર્થંકરને.

च-અને. સર્વત્ર આ પ્રમાણે સમજી લેવું.

वंदे-વંદું છું.

संभवं-શ્રી સંભવનાથ નામના ત્રીજા તીર્થંકરને.

अभिणंदणं-શ્રી અભિનંદન નામના ચોથા તીર્થંકરને.

सुमइं-શ્રી સુમતિનાથ નામના પાંચમા તીર્થંકરને.

पउमप्पहं-શ્રી પદ્મપ્રભ નામના છઠ્ઠા તીર્થંકરને.

सुपासं-શ્રી સુપાર્શ્વનાથ નામના સાતમા તીર્થંકરને.

जिणं-જિનને.

चंदप्पहं-શ્રી ચંદ્રપ્રભ નામના આઠમા તીર્થંકરને.

वंदे-વંદું છું.

सुविहिं-શ્રી સુવિધિનાથ નામના નવમા તીર્થંકરને.

च-અથવા.

पुप्फदंतं–શ્રી પુષ્પદંતને. શ્રી પુષ્પદંત એ નવમા સુવિધિનાથ તીર્થંકરનું બીજું નામ છે.

सीअल–सिज्जंस–वासुपुज्जं–શ્રી શીતલનાથ નામના દશમા તીર્થંકરને, શ્રી શ્રેયાંસનાથ નામના અગિયારમા તીર્થંકરને અને શ્રી વાસુપૂજ્ય નામના બારમા તીર્થંકરને.

विमलं–શ્રી વિમલનાથ નામના તેરમા તીર્થંકરને.

अणंतं–શ્રી અનંતનાથ નામના ચૌદમા તીર્થંકરને.

जिणं–જિનને.

धम्मं–શ્રી ધર્મનાથ નામના પંદરમા તીર્થંકરને.

संतिं–શ્રી શાંતિનાથ નામના સોળમા તીર્થંકરને.

वंदामि–વંદું છું.

कुंथुं–શ્રી કુંથુનાથ નામના સત્તરમા તીર્થંકરને.

अरं–શ્રી અરનાથ નામના અઢારમા તીર્થંકરને.

मल्लिं–શ્રી મલ્લિનાથ નામના ઓગણીશમા તીર્થંકરને.

वंदे–વંદું છું.

मुणिसुव्वयं–શ્રી મુનિસુવ્રત નામના વીશમા તીર્થંકરને.

नमिजिणं–શ્રી નમિનાથ નામના એકવીશમ તીર્થંકરને.

रिट्ठनेमिं–શ્રી અરિષ્ટનેમિ અથવા શ્રી નેમિનાથ નામના બાવીશમા તીર્થંકરને.

पासं–શ્રી પાર્શ્વનાથ નામના તેવીશમા તીર્થંકરને.

तह–તથા.

वद्धमाणं-શ્રી વર્દ્ધમાન સ્વામી અથવા શ્રી મહાવીર સ્વામી નામના ચોવીશમા તીર્થંકરને.

एवं-એવી રીતે.

मए-મારા વડે.

अभिथुआ-નામપૂર્વક સ્તવાયેલા.

विहुय-रय-मला-રજ અને મલરૂપી કર્મોને દૂર કરનારા.

विहुय-દૂર કર્યાં છે. रय-રજ, બંધાતાં કર્મ. मल-મલ, પૂર્વે બંધાયેલાં કર્મ.

पहीणजरमरणा-જરા અને મરણને અત્યંત ક્ષીણ કરનારા, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો પૂર્ણ નાશ કરનારા.

चउवीसं पि-ચોવીશે પણ.

जिणवरा-જિનવરો.

तित्थयरा-તીર્થંકરો. જે ધર્મરૂપી તીર્થને કરે-સ્થાપે, તે તીર્થંકર કહેવાય.

मे-મારા ઉપર.

पसीयंतु-પ્રસન્ન થાઓ, પ્રસાદવાળા થાઓ.

कित्तिय-वंदिय-महिया-નામપૂર્વક સ્તવાયેલા, મન-વચન-કાયા વડે વંદાયેલા અને ભાવવડે પૂજાયેલા. અહીં સ્તવનનો પ્રસંગ હોવાથી ભાવવડે પૂજાયેલા એ અર્થ સંગત છે.

जे ए-જે આ.

लोगस्स उत्तमा सिद्धा-લોકના ઉત્તમ સિદ્ધ પુરુષો છે.

आरुग्ग-बोहिलाभं-આરોગ્ય અને બોધિલાભ. અહીં રોગરહિત સ્થિતિને આરોગ્ય સમજવું અને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ અથવા જૈન ધર્મની પ્રાપ્તિને બોધિલાભ સમજવો.

समाहिवरं-શ્રેષ્ઠ સમાધિ.

उत्तमं-મરણ સંબંધી. અહીં ઉત્તમનો અર્થ ફરી શ્રેષ્ઠ કરવો યોગ્ય નથી. અન્યત્ર આરોગ્ય, બોધિલાભ અને મરણ-સમાધિના ઉલ્લેખો જ પ્રાપ્ત થાય છે.

दिंतु-આપો.

चंदेसु-ચંદ્રોથી.

निम्मलयरा-વધારે નિર્મલ, વધારે સ્વચ્છ.

आइच्चेसु-આદિત્યોથી-સૂર્યોથી.

अहियं पयासयरा-અધિક પ્રકાશ કરનારા, વધારે તેજસ્વી.

सागरवरगंभीरा-શ્રેષ્ઠસાગર એટલે સ્વયંભૂરમણસમુદ્ર, તેના કરતાં પણ વધારે ગંભીર.

सिद्धा-સિદ્ધ ભગવંતો.

सिद्धिं-સિદ્ધિ, મુક્તિ, મોક્ષ.

मम-મને.

दिसंतु-આપો.

## અર્થસંકલના

સમસ્ત લોકનો પ્રકાશ કરનારા, ધર્મરૂપી તીર્થને સ્થાપનારા, રાગ-દ્વેષને પૂર્ણપણે જીતનારા, ત્રણ લોક વડે

પૂજાયેલા એવા ચોવીશે ય કેવલી ભગવંતોને હું નામપૂર્વક સ્તવીશ. ૧

શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ, શ્રી અભિનંદનસ્વામી, શ્રી સુમતિનાથ, શ્રી પદ્મપ્રભસ્વામી, શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી ચંદ્રપ્રભજિનને હું વંદન કરું છું. ૨

શ્રી સુવિધિનાથ, જેમનું બીજું નામ પુષ્પદંત છે તેમને, તથા શ્રી શીતલનાથ, શ્રી શ્રેયાંસનાથ, શ્રી વાસુપૂજ્ય-સ્વામી, શ્રી વિમલનાથ, શ્રી અનંતનાથ, શ્રી ધર્મનાથ તથા શ્રી શાંતિનાથ જિનને હું વંદન કરું છું. ૩

શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ, શ્રી મલ્લિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી નમિનાથ, શ્રી અરિષ્ટનેમિ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી વર્દ્ધમાનજિનને (શ્રી મહાવીર સ્વામીને) હું વંદન કરું છું. ૪

એવી રીતે મારા વડે નામપૂર્વક સ્તવાયેલા, રજ અને મલરૂપી કર્મને દૂર કરનારા તથા વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો પૂર્ણ નાશ કરનારા ચોવીશે ય જિનવરો મારા પર પ્રસન્ન થાઓ. ૫

નામપૂર્વક સ્તવાયેલા, મન-વચન-કાયા વડે વંદાયેલા, ભાવવડે પૂજાયેલા અને આ લોકના ઉત્તમ સિદ્ધપુરુષ તરીકે પ્રતિષ્ઠા પામેલા (ચોવીશ જિનવરો) મને આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠ મરણસમાધિ આપો. ૬

ચંદ્રો કરતાં પણ વધારે નિર્મલ, સૂર્યો કરતાં પણ

વધારે તેજસ્વી અને સ્વયંભૂરમણસમુદ્ર કરતાં પણ વધારે ગંભીર એવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો. ૭.

### રહસ્ય

ચોવીશ તીર્થંકરોની ભાવસ્તવના કરવી, એ આ સૂત્રનું રહસ્ય છે. શાસ્ત્રોમાં તે ચઉવીસત્થયસુત્ત એટલે ચતુર્વિંશતિસ્તવસૂત્ર તરીકે ઓળખાય છે.

## ૯–કરેમિ ભંતે–સૂત્ર

### મૂલપાઠ

**करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि । जाव नियमं पज्जुवासामि, दुविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि ।**

**तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

### પદાર્થ

करेमि–કરું છું, કરવાને ઇચ્છું છું.

भंते–હે ભગવન્ !

सामाइयं–સામાયિક.

सावज्जं जोगं–સાવદ્ય યોગને, પાપવાળી પ્રવૃત્તિને.

पच्चक्खामि–પ્રતિજ્ઞાપૂર્વક છોડી દઉં છું.

जाव–જ્યાં સુધી.

नियमं पज्जुवासामि–નિયમને પર્યુપાસું, નિયમને સેવું.

दुविहं-કરવા અને કરાવવારૂપ બે પ્રકારે.

तिविहेणं-ત્રણ પ્રકારે.

मणेणं- મન વડે.

वायाए-વાચા વડે, વાણી વડે.

काएणं-કાયા વડે.

न करेमि-ન કરું.

न कारवेमि-ન કરાવું, બીજા પાસે કરાવું નહિ.

तस्स-તે સંબંધી.

भंते-હે ભગવન્!

पडिक्कमामि-પ્રતિક્રમું છું, નિવૃત્ત થાઉં છું.

निंदामि-નિંદું છું, ખોટી ગણું છું.

गरिहामि-ગુરુ સાક્ષીએ નિંદું છું, તેનો એકરાર કરું છું.

अप्पाणं वोसिरामि-મારી જાતનો ત્યાગ કરું છું.

## અર્થસંકલના

હે ભગવન્! હું સામાયિક કરવાને ઈચ્છું છું અને તે માટે પાપવાળી પ્રવૃત્તિઓને પ્રતિજ્ઞાપૂર્વક છોડી દઉં છું. જ્યાં સુધી હું આ નિયમને સેવું ત્યાં સુધી મન, વચન અને કાયા વડે પાપવાળી પ્રવૃત્તિ કરીશ નહિ કે બીજા પાસે કરાવીશ નહિ. હે ભગવન્! અત્યાર સુધી તે પ્રકારની જે પાપપ્રવૃત્તિ કરી હોય, તેમાંથી હું નિવૃત્ત થાઉં છું, તે પાપવાળી પ્રવૃત્તિને ખોટી ગણું છું અને તે બાબતનો આપની પાસે સ્પષ્ટ એકરાર કરું છું. હવે હું મારી જાતનો ત્યાગ કરું છું.

### રહસ્ય

આ સૂત્ર વડે સામાયિકનું છ કોટિથી પ્રત્યાખ્યાન-પચ્ચક્ખાણ લેવાય છે. છ કોટિ આ રીતે ગણાય છેઃ-

(૧) મનથી પાપ કરવું નહિ.

(૨) વચનથી પાપ કરવું નહિ.

(૩) કાયાથી પાપ કરવું નહિ.

(૪) મનથી પાપ કરાવવું નહિ.

(૫) વચનથી પાપ કરાવવું નહિ.

(૬) કાયાથી પાપ કરાવવું નહિ.

## ૧૦-સામાઇયવય-જુત્તો-સૂત્ર

### મૂલપાઠ

सामाइयवय-जुत्तो, जाव मणे होइ नियमसंजुत्तो ।
छिन्नइ असुहं कम्मं, सामाइय जत्तिया वारा ॥ १ ॥
सामाइयम्मि उ कए, समणो इव सावओ इवह जम्हा ।
एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥ २ ॥

### વિધિવચનો

સામાયિક વિધિથી લીધું, વિધિથી પાર્યું, વિધિ કરતાં જે કંઇ અવિધિ થયો હોય, તે સર્વે મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીશ

દોષમાંથી જે કોઇ દોષ લાગ્યો હોય, તે મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

## પદાર્થ

सामाइयवय-जुतो-સામાયિકવ્રતથી યુક્ત.

जाव-જ્યાં સુધી.

मणे-મનમાં.

होइ-હોય છે, કરે છે.

नियमसंजुत्तो-નિયમથી જોડાયેલો, નિયમ રાખીને.

छिन्नइ-કાપે છે.

असुहं-અશુભ.

कम्मं-કર્મને.

सामाइय-સામાયિક.

जत्तिआ वारा-જેટલી વાર.

सामाइयम्मि-સામાયિકમાં.

उ-તો.

कए-કર્યે છતે.

समणो-શ્રમણ, સાધુ.

इव-જેવો.

सावओ-શ્રાવક.

हवइ-થાય છે.

जम्हा–જે કારણથી.

एएण कारणेणं–એ કારણ વડે.

बहुसो–બહુ વાર, ઘણી વાર.

सामाइयं–સામાયિક.

कुज्जा– કરવું જોઇએ.

વિધિવચનોનો અર્થ સ્પષ્ટ છે.

## અર્થસંકલના

સામાયિકવ્રતધારી જ્યાં સુધી મનમાં નિયમ રાખીને સામાયિક કરે છે, ત્યાં સુધી તે અશુભ કર્મોનો નાશ કરે છે.

સામાયિક કર્યે છતે તો શ્રાવક સાધુ જેવો થાય છે, તેથી સામાયિક વારંવાર કરવું જોઇએ.

આ સામાયિક મેં વિધિપૂર્વક કર્યું છે અને વિધિ-પૂર્વક પૂર્ણ કર્યું છે. તે બંને પ્રકારની ક્રિયામાં જે કોઇ પણ અવિધિ કે ભૂલ થઈ ગઇ હોય, તે સંબંધી મારું પાપ નિષ્ફલ થાઓ. વળી આ સામાયિકના સમય દરમિયાન દશ મનના, દશ વચનના અને બાર કાયાના મળી કુલ બત્રીશ દોષોમાંથી જે કોઇ દોષનું સેવન થયું હોય, તે સંબંધી મારું પાપ નિષ્ફલ થાઓ.

## રહસ્ય

સામાયિક પારવા માટે એટલે કે તેની પૂર્ણાહૂતિ કરવા

માટે આ સૂત્રનો ઉપયોગ થાય છે. તે ફરી પણ કરવાની ભાવના થાય તે માટે તેમાં સામાયિકના લાભો દર્શાવેલા છે.

ક્રિયા દરમિયાન ૩૨ દોષમાંથી કોઇ દોષ લાગ્યો હોય, તેનું આ સૂત્ર વડે મિથ્યા દુષ્કૃત દેવામાં આવ્યું છે.

સામાયિકની ક્રિયામાં આલંબનરૂપ આ દશ સૂત્રપાઠોનો ઉપયોગ થાય છે. તેના અર્થ અને રહસ્ય જાણવાથી સામાયિકની ક્રિયામાં અનેરો પ્રાણ પૂરાય છે, એટલે પાઠક-મિત્રોએ તેના પર ખાસ લક્ષ્ય આપવું ઘટે છે.

[ આ પ્રકરણમાં પ્રશ્નોત્તરી આપેલી નથી. ]

[ ૭ ]

# સામાયિક લેવા–પારવાનો વિધિ

(સમજ સાથે)

## સંકેત

'ખમા૦પ્રણિ૦' એટલે ખમાસમણ–સૂત્ર દ્વારા પ્રણિપાત કરવાની ક્રિયા. આ પાઠ ઊભા રહીને બોલવો અને છેલ્લું પદ 'મત્થએણ વંદામિ' બોલતી વખતે નીચા નમીને પંચાંગ પ્રણિપાત કરવો.

'ઇચ્છા૦' એટલે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવં !'

'મુહ૦' એટલે મુહપત્તી.

'પડિ૦' એટલે પડિલેહણની ક્રિયા.

# સામાયિક લેવાનો વિધિ

## શુદ્ધિ

(૧) સ્થાન, વસ્ત્ર અને ઉપકરણની શુદ્ધિપૂર્વક સામાયિક કરવાને તત્પર થવું.

## ભૂમિપ્રમાર્જન તથા આસન

(૨) બેસવાની જગાનું ચરવલા વડે બરાબર પ્રમાર્જન કરીને તેના પર આસન એટલે કટાસણું પાથરવું. સ્થાપનાચાર્યની જગાનું પણ ચરવલા વડે બરાબર પ્રમાર્જન કરી લેવું.

## સ્થાપના

(૩) આસન સન્મુખ બાજોઠ કે કોઇ ઊંચા સ્થાન પર સાંપડો મૂકી તેમાં જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણ મૂકવાં. પછી તેમાં ગુરુ-આચાર્યની સ્થાપના કરવા માટે જમણો હાથ તેમની સન્મુખ આહ્વાનમુદ્રાથી રાખીને એક નવકાર બોલવો. પછી પંચિંદિય-સૂત્રનો પાઠ બોલવો. ગુરુમહારાજના સ્થાપનાચાર્ય હોય તો આ ક્રિયા કરવાની આવશ્યકતા નથી.

## પંચાંગ-પ્રણિપાત

(૪) ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરવી.

## ઈર્યાપથ-પ્રતિક્રમણ

(૫) પુનઃ ઊભા થઈને ઇરિયાવહી-સૂત્ર બોલવું.

## કાયોત્સર્ગ

(૬) તે પછી કાયોત્સર્ગ-નિમિત્તે તસ્સ ઉત્તરી-સૂત્ર તથા અન્નત્થ-સૂત્રનો પાઠ બોલવો અને ૨૫ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગમાં સ્થિર થવું. તેમાં 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો લોગસ્સસૂત્રનો પાઠ ચિંતવવો. જો આ પાઠ આવડતો ન હોય તો તેના સ્થાને મનમાં ચાર નવકાર ગણવા. પછી 'નમો અરિહંતાણં' પદ બોલીને કાયોત્સર્ગ પારવો.

## ચતુર્વિંશતિસ્તવ

(૭) પછી લોગસ્સ-સૂત્રનો પાઠ પ્રકટ રીતે બોલવો.

## મુહપત્તી-પડિલેહણનો આદેશ

(૮) પછી ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરી નીચે પ્રમાણે આજ્ઞા માગવી; 'ઇચ્છા૦ મુહપત્તી પડિલેહઉં ?' (ગુરુ કહે, 'પડિલેહ.' આપણે કહેવું 'ઇચ્છં' (આજ્ઞાનો સ્વીકાર કરૂં છું.) ગુરુ ન હોય તો તેમની આજ્ઞા મળી ગઈ છે, એમ માનીને તરત 'ઇચ્છં' બોલવું. બધે આ પ્રમાણે સમજી લેવું.

## મુહપત્તીનું પડિલેહણ

(૯) પછી બેસીને મુહપત્તીની વિધિસર પડિલેહણા કરવી. આ ક્રિયામાં પચીશ બોલ મુહપત્તી-પડિલેહણના તથા પચીશ બોલ અંગ-પડિલેહણના ચિંતવવા. (તે આગામી પ્રકરણમાં આપેલાં છે.)

## સામાયિકની ક્રિયા શરૂ કરવાનો આદેશ

(૧૦) પછી ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરવી અને ઊભા થઇને નમ્ર બની નીચે પ્રમાણે આજ્ઞા માગવી :

'ઇચ્છા૦ સામાયિક સંદિસાહું ? (ગુરુ કહે, 'સંદિસહ.')

આપણે કહેવું 'ઇચ્છં.' (આજ્ઞાનો સ્વીકાર.)

(૧૧) પછી ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરવી અને ઊભા રહીને નીચે પ્રમાણે આજ્ઞા માગવી :

'ઇચ્છા૦ સામાયિક ઠાઉં ?' (ગુરુ કહે, 'ઠાએહ.)

આપણે કહેવું 'ઇચ્છં' (આજ્ઞાનો સ્વીકાર.).

## સામાયિકનું પ્રત્યાખ્યાન

(૧૨) પછી બે હાથ જોડી નમસ્કારસૂત્રનો પાઠ એકવાર બોલવો અને ઊંચા અવાજે કહેવું કે 'ઇચ્છકારી ભગવં! પસાય કરી સામાયિક–દંડક ઉચ્ચરાવોજી.'

આ સમયે ગુરુ કરેમિ ભંતે–સૂત્રનો પાઠ ઉચ્ચરાવે, તે આપણે મનમાં બોલતાં રહેવું. ગુરુ ન હોય તો સામાયિકમાં બેઠેલા કોઈ પણ વડીલ એ પાઠ ઉચ્ચરાવે અને વડીલ ન હોય તો પોતે એ પાઠ બોલવો.

## બેસવાનો આદેશ

(૧૩) પછી ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરવી અને નીચે પ્રમાણે આજ્ઞા માગવી :

'ઇચ્છા૦ બેસણે સંદિસાહું ?' (ગુરુ કહે 'સંદિસહ.')

આપણે કહેવું 'ઇચ્છં.' (આજ્ઞાનો સ્વીકાર.)

(૧૪) પછી ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરવી અને નીચે પ્રમાણે આજ્ઞા માગવી :

'ઇચ્છા૦ બેસણે ઠાઉં ?' (ગુરુ કહે, 'ઠાએહ.')

આપણે કહેવું 'ઇચ્છં.' (આજ્ઞાનો સ્વીકાર.)

## સ્વાધ્યાયનો આદેશ

(૧૫) પછી આસન પર બેસવું અને ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરી નીચે પ્રમાણે આજ્ઞા માગવી :

'ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહું ?' (ગુરુ કહે, 'સંદિસહ.') આપણે કહેવું 'ઇચ્છં' (આજ્ઞાનો સ્વીકાર.)

(૧૬) પછી ઉપર પ્રમાણે જ ખમા૦ પ્રણિ૦ની ક્રિયા કરી નીચે પ્રમાણે આજ્ઞા માગવી:

'ઇચ્છા૦ સજ્ઝાય કરું ?' ગુરુ કહે, 'કરેહ.' આપણે કહેવું 'ઇચ્છં' (આજ્ઞાનો સ્વીકાર.)

### સ્વાધ્યાયનું મંગલાચરણ

(૧૭) પછી સ્વાધ્યાયના મંગલાચરણ તરીકે ત્રણ નવકાર ગણવા. તે પછી બે ઘડી એટલે ૪૮ મીનીટ સુધી સ્વાધ્યાયાદિ ધર્મધ્યાન કરવું.

## સામાયિક પારવાનો વિધિ

સામાયિકનો સમય બે ઘડી એટલે ૪૮ મીનીટનો છે. તે પૂરો થયે તરત જ પારવાનો વિધિ કરવો જોઇએ. આ સમયમાં કંઈ ફરક પડે તો તે પ્રમાદ ગણાય અને ક્રિયામાં દોષ લાગે. આ ક્રિયામાં સંકેત ઉપર મુજબ જ સમજવા.

### પંચાંગ-પ્રણિપાત

(૧) ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરવી.

### ઇર્યાપથ-પ્રતિક્રમણ

(૨) પુનઃ ઊભા થઇને ઇરિયાવહી-સૂત્ર બોલવું.

### કાયોત્સર્ગ

(૩) તે પછી કાયોત્સર્ગ-નિમિત્તે તસ્સ ઉત્તરી-સૂત્ર તથા અન્નત્થ-સૂત્રનો પાઠ બોલવો અને ૨૫ શ્વાસોચ્છ્વાસ

પ્રમાણ કાર્યોત્સર્ગમાં સ્થિર થવું. તેમાં ‘ ચંદેસુ નિમ્મલયરા ’ સુધીનો લોગસ્સ–સૂત્રનો પાઠ ચિંતવવો. જો આ પાઠ આવડતો ન હોય તો તેના સ્થાને ચાર નવકાર ગણવા. પછી ‘ નમો અરિહંતાણં ’ પદ બોલીને કાયોત્સર્ગ પારવો.

## ચઉવિંશતિસ્તવ

(૪) પછી લોગસ્સ–સૂત્રનો પાઠ પ્રકટ રીતે બોલવો.

## મુહપત્તી–પડિલેહણનો આદેશ

(૫) પછી ખમા૦પ્રતિ૦ની ક્રિયા કરી નીચે પ્રમાણે આજ્ઞા માગવી :

‘ ઇચ્છા૦ મુહપત્તી પડિલેહઉં ? ’ ( ગુરુ કહે, ‘પડિલેહ’.)

આપણે ‘ ઇચ્છં ’ કહેવું. ( આજ્ઞાનો સ્વીકાર. )

## મુહપત્તી–પડિલેહણ

(૬) પછી બેસીને મુહપત્તીની વિધિસર પડિલેહણા કરવી. આ ક્રિયામાં પચીશ બોલ મુહપત્તી–પડિલેહણના તથા પચીશ બોલ અંગ પડિલેહણના ચિંતવવા.

## સામાયિકની ક્રિયા પારવાનો આદેશ

(૭) પછી ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરવી અને ઊભા થઈને નીચે પ્રમાણે આજ્ઞા માગવી :

‘ ઇચ્છા સામાયિક પારું ? ’ (ગુરુ કહે, ‘ પુણો વિ કાયવ્વો. ’ )

આપણે કહેવું ‘ યથાશક્તિ. ’

(૮) પછી ખમા૦પ્રણિ૦ની ક્રિયા કરવી અને ઊભા થઈને નીચે પ્રમાણે જાહેર કરવાની આજ્ઞા માગવી :

ઇચ્છા૦ સામાયિક પાર્યું. (ગુરુ કહે, 'આયારો ન મોત્તવ્વો.')

આપણે કહેવું 'તહત્તિ.' (વાક્યપ્રમાણનો સ્વીકાર.)

## સામાયિક પારવાની ક્રિયા

(૯) પછી જમણો હાથ ચરવલા પર સ્થાપી એક નવકાર બોલી 'સામાઇયવય-જુત્તો'-સૂત્રનો પાઠ બોલવો.

## સ્થાપનાચાર્યનો ઉત્થાપનવિધિ

(૧) પછી જમણો હાથ સ્થાપનાચાર્ય સામે અવળો રાખીને એક નવકાર બોલવો. જો ગુરુમહારાજના સ્થાપના-ચાર્ય હોય તો આ ઉત્થાપનવિધિ કરવાની નથી.

## સૂચના

સામાયકની ક્રિયા એક કરતાં વધારે વાર કરવી હોય તો વગર પાર્યે ત્રણ વાર થઈ શકે છે, પરંતુ ત્રીજી ક્રિયા અવશ્ય પાળવી જોઈએ, એટલે ચોથી વારની સામાયિક-ક્રિયા ત્યાર પછી જ થઈ શકે.

# સામાયિક લેવાના વિધિ અંગે સમજ

સામાયિક લેવું, એટલે સામાયિક ગ્રહણ કરવું. તે જે વિધિએ ગ્રહણ થાય, તેને સામાયિક લેવાનો વિધિ સમજવાનો છે.

શુદ્ધિ અને વિધિ ક્રિયાના પ્રાણ ગણાય છે. તે સિવાય કોઈ પણ ક્રિયા સફળ થતી નથી, તેથી અહીં સ્થાન, વસ્ત્ર અને ઉપકરણની શુદ્ધિ પર ભાર મૂકાયેલો છે. અહીં અંગ-શુદ્ધિનો નિર્દેશ નથી, પણ શક્ય એટલી અંગશુદ્ધિ રાખવાથી ક્રિયા સારી રીતે થાય છે.

ધાર્મિક ક્રિયા ગુરુની સાક્ષીએ, ગુરુની આજ્ઞાપૂર્વક અને ગુરુનો વિનય જાળવીને કરવાની છે, તેથી પ્રત્યક્ષ ગુરુનો યોગ ન હોય તો તેમની સ્થાપના કરીને અને તેઓ સાક્ષાત્ બેઠા છે, એમ માનીને બધી ક્રિયા કરવાની છે. સ્થાપનાચાર્ય સંબંધી કેટલુંક વિવરણ પાંચમા પ્રકરણમાં થઈ ગયેલું છે.

પછી તેમના પ્રત્યે વિનય-ભક્તિ-બહુમાન દર્શાવવા માટે પંચાંગ-પ્રણિપાત કરવામાં આવે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે સામાયિકનું પહેલું નમસ્કારસૂત્ર, બીજું પંચિંદિય-સૂત્ર અને ત્રીજુ પ્રણિપાત-સૂત્ર ષડાવશ્યકમાંનાં **વંદન-આવશ્યકને** રજૂ કરે છે. નમસ્કાર-સૂત્ર વડે જે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે, તે બધા અપેક્ષાવિશેષથી ગુરુઓ જ છે. અરિહંતો જગદ્-ગુરુ છે અને સિદ્ધો પરોક્ષ મહાગુરુઓ છે, કારણ કે તેઓ આપણને સિદ્ધાવસ્થા કે મોક્ષાવસ્થાનું સતત ભાન કરાવ્યા કરે છે.

પંચિંદિય-સૂત્રમાં ગુરુને સીધી વંદના નથી, પણ

વંદના માટેની ભવ્ય ભૂમિકાની રજૂઆત છે, તે પરથી ધાર્મિક, આધ્યાત્મિક કે યૌગિક સાધના કરાવનાર ગુરુ કેવા હોવા જોઈએ? તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે અને તેમને વારંવાર વંદન કરી તેમનાં ચરણે બેસી જવાનું મન થાય છે. પાંચ ઇન્દ્રિયોને જીતવી, મન-વચન-કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું, ક્રોધાદિ ચાર કષાયોથી રહિત થવું, પાંચ મહાવ્રતો ધારણ કરવાં, પાંચ આચારોનું યથાર્થ પાલન કરવું તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત થવું, એ સામાન્ય વાત નથી. જેમના અંતરમાં વૈરાગ્ય અને ત્યાગ પૂરેપૂરા વસ્યા હોય, જેમણે અધ્યાત્મરૂપી અમૃતનું આકંઠ પાન કર્યું હોય અને સદ્ગુરુનાં ચરણોની સારી રીતે સેવા કરી હોય, તે જ આ પ્રકારના ગુરુપદે વિરાજી તેને શોભાવી શકે છે. આવા એક સમર્થ ગુરુની છત્રછાયામાં હું સામાયિકની ક્રિયા-સાધના કરવા તત્પર થયો છું, એ વિચાર જ સાધકના હૃદયમાં અનેરો ઉત્સાહ પ્રકટાવે છે અને તેમને વિધિપૂર્વક વંદન કરવાની તીવ્ર તાલાવેલી ઉત્પન્ન કરે છે. એટલે પંચિંદિય-સૂત્ર વડે ગુરુ-સ્થાપનાની જે વિધિ થાય છે, તે ગુરુ વંદનાનો-વંદન-આવશ્યકનો અતિ મહત્ત્વનો ભાગ છે.

તે પછી પ્રણિપાત-સૂત્ર વડે મસ્તક નમાવીને તથા પાંચ અંગો ભેગાં કરીને વંદન કરતાં ધન્યતા અનુભવાય છે. ગુરુને વંદન કરવાની પરંપરાગત અને પ્રશસ્ત રીત એવી છે કે પ્રથમ તેમને સુખ-શાતા પૂછવી અને પછી અવિનય -આશાતનાની ક્ષમા માગી તેમને ઔષધ-ભેષજ તથા

આહાર પાણી માટે નિમંત્રણ આપવું, એટલે ગુરુ-નિમંત્રણનો પાઠ પણ વંદન-આવશ્યકનો જ એક ભાગ છે.

અહીં વંદન-આવશ્યક પ્રથમ શા માટે? 'એ પ્રશ્ન પાઠકો તરફથી પૂછાવા સંભવ છે. તેનો ઉત્તર એ છે કે 'વંદન એ વિનયનું ચિહ્ન છે, નમ્રતાનું નિશાન છે અને કૃતજ્ઞતાનો સંકેત છે, તેથી તેને અહીં પ્રથમ સ્થાન અપાયું છે. શ્રીમાન હરિભદ્રસૂરિએ **લલિતવિસ્તરાચૈત્યવંદનવૃત્તિમાં** કહ્યું છે કે ' धर्मं प्रति मूलभूता वन्दना-ધર્મ પ્રત્યે લઈ જનારી મુખ્ય વસ્તુ વંદના છે; તાત્પર્ય કે વંદના હોય તો ધર્મભાવનારૂપી વૃક્ષ ફાલે-ફૂલે છે અન્યથા તે કરમાઈ જાય છે. એટલે સામાયિક લેવાની વિધિમાં વંદન આવશ્યકને પ્રથમ સ્થાન અપાયું છે.

સામાયિકનું પાંચમું સૂત્ર ઇરિયાવહી ષડાવશ્યક પૈકી **પ્રતિક્રમણ-આવશ્યકને** રજૂ કરે છે. આત્મશુદ્ધિનો પાયો પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ અટલે પાપમાંથી પાછા ફરવું. જે પાપમાંથી પાછો ફરતો નથી, તે પાપપંકથી ખરડાયા જ કરે છે. તે શુદ્ધ-વિશુદ્ધ-પરમ શુદ્ધ થવાનો ક્યારે? જેમ શરીરને શુદ્ધ કરવા માટે સ્નાનની જરૂર છે, તેમ આત્માને શુદ્ધ કરવા માટે પ્રતિક્રમણની જરૂર છે. ઇરિયાવહી વડે પ્રતિક્રમણની જે ક્રિયા થાય છે, તેને 'લઘુપ્રતિક્રમણ' કહેવામાં આવે છે, કારણ કે તે મુખ્ય પ્રતિક્રમણ કરતાં લઘુ એટલે નાનું છે, અથવા તો તેના પ્રતીકરૂપ છે. અહીં ગમનાગમન કરતાં થયેલી જીવવિરાધના નિમિત્તે તેનો આશ્રય

લેવામાં આવે છે, પણ સાધકે તો તેને જીવનવ્યાપી બનાવ-વાની ભાવના રાખવાની છે.

સામાયિકનું છઠ્ઠું સૂત્ર 'તસ્સ ઉત્તરી' અને સાતમું સૂત્ર 'અન્નત્થ' ષડાવશ્યક પૈકી **કાયોત્સર્ગ-આવશ્યકને** રજૂ કરે છે. પાપની સામાન્ય શુદ્ધિ પ્રતિક્રમણ વડે થાય છે અને વિશેષ શુદ્ધિ કાયોત્સર્ગ વડે થાય છે. પ્રતિક્રમણમાં 'મિચ્છા મિ દુક્કડ' બોલી થયેલા પાપને માટે દિલગીર થવાનું હોય છે, ત્યારે કાયોત્સર્ગમાં વિશિષ્ટ અવસ્થાનો સ્વીકાર કરીને તે અંગે ઊંડું ચિંતન કરવાનું હોય છે તથા આ પાપો મારા વડે કેમ થાય છે? તેનું કારણ પણ શોધ-વાનું હોય છે અને તે જો માયા, મિથ્યાત્વ કે કોઈ પ્રકારના નિદાન(નિયાણા)ના કારણે થતું હોય તો એ શલ્યોને દૂર કરવાનાં હોય છે.

અહીં ૨૫ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ-કાયોત્સર્ગ કરવાનો હોય છે, તેમાં આ ચિંતન કરી લેવું જોઇએ, કારણ કે તસ્સ ઉત્તરી-સૂત્ર વડે તેની જાહેરાત કરવામાં આવી છે, પરંતુ સામાન્ય લોકો આવું ચિંતન ન કરી શકે તે માટે 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો લોગસ્સનો પાઠ મનમાં ચિંતવવાનો -બોલી જવાનો રિવાજ પડયો છે અને જેને એ પાઠ ન આવડતો હોય, તેમને ચાર નવકાર બોલી જવાની છૂટ અપાઇ છે. અહીં અમે એટલું સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે આજે કાયોત્સર્ગની જે ક્રિયા કરવામાં આવે છે, તે માત્ર ચેષ્ટારૂપ છે, તેમાંથી તેનો પ્રાણ ઊડી ગયેલો છે. જ્યાં

સુધી કાયોત્સર્ગનો ઉદ્ધાર ન થાય, ત્યાં સુધી આપણી આધ્યાત્મિક સાધનાઓ અધૂરી જ રહેવાની. ઘણા મોટા આચાર્યોનું આ બાબતમાં અમે ધ્યાન ખેંચેલું છે, પણ તેઓ આ બાબતમાં સક્રિય કે સચિંત બન્યા નથી!

સામાયિકનું આઠમું સૂત્ર લોગસ્સ ષડાવશ્યક પૈકી **ચતુર્વિંશતિસ્તવ-આવશ્યકને** રજૂ કરે છે, એ તો તેના પાઠ પરથી સ્પષ્ટ છે. પ્રથમ દેવ-ગુરુને વંદન કરીને, પછી પ્રતિક્રમણ તથા કાયોત્સર્ગ વડે પોતાના આત્માની શુદ્ધિ કરીને આ આવશ્યકનું આલંબન લેતાં શ્રીજિનેશ્વર દેવોનું કીર્તન-વંદન-પૂજન બહુ સારી રીતે થાય છે અને તેઃઆપણા મનમાં પવિત્રતાનો પ્રવાહ વહેવડાવે છે. આ સૂત્ર કડકડાટ બોલી જવાથી આ પ્રકારનો અનુભવ થવા સંભવ નથી. તે ઉચ્ચારોની શુદ્ધિપૂર્વક ધીમે ધીમે અર્થજ્ઞાન સહિત બોલવાથી આ પ્રકારનો અનુભવ થશે. અમે દરરોજ ૪૦ લોગસ્સ આ રીતે ગણવાનો પ્રયોગ એક વર્ષ સુધી કરેલો છે અને તેનું પરિણામ ઘણું સુંદર આવેલું છે.

આટલો વિધિ થયા પછી મુહપત્તી-પડિલેહણની ક્રિયા શરૂ થાય છે. પ્રત્યેક ક્રિયા ગુરુવંદન અને ગુરુના આદેશથી કરવાની હોઈ, અહીં ગુરુને ખમાસમણ-પ્રણિપાતની ક્રિયાપૂર્વક વંદન કરવામાં આવે છે અને મુહપત્તી પડિલેહવા માટે 'ઇચ્છાકાર સંદિસહ ભગવં સામાયિક મુહપત્તી પડિલેહું?' એ શબ્દોથી આજ્ઞા માગવામાં આવે છે. ગુરુ હાજર હોય તો તેઓ કહે છે, 'પડિલેહ' એટલે મુહપત્તીની

પડિલેહણા કર. સાધક એ આજ્ઞાનો 'ઇચ્છં' પદ વડે સ્વીકાર કરીને પચાશ બોલ વડે મુહપત્તીની પડિલેહણા કરે છે. મુહપત્તીના આ પચાશ બોલમાં જે રહસ્ય રહેલુ છે, તે અમે આગામી પ્રકરણમાં દર્શાવેલું છે.

આટલી ક્રિયા કર્યા પછી સાધક સામાયિકની સમીપ આવે છે. પછી ખમાસમણ-પ્રણિપાતની ક્રિયા દ્વારા ગુરુવંદન કરીને સામાયિકમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગવામાં આવે છે. તેમાં પ્રથમ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવં! સામાયિક સંદિસાહું ?' એ શબ્દ વડે સામાયિક કરવાની ઇચ્છા પ્રકટ કરી તે માટે ગુરુનો આદેશ લેવાની ભાવના પ્રદર્શિત કરે છે અને જ્યારે ગુરુ 'સંદિસહ' શબ્દથી તે બાબતની આજ્ઞા આપે, ત્યારે તેને 'ઇચ્છં' શબ્દ વડે શિરોધાર્ય કરે છે. પછી પુનઃ ખમાસમણ-પ્રણિપાતની ક્રિયા દ્વારા વંદન કરી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવં! સામાયિક ઠાઉં ?' એ શબ્દોથી સામાયિકમાં સ્થિર થવાનો આદેશ માગવામાં આવે છે. ગુરુ જયારે 'ઠાએહ' શબ્દથી એ આદેશ આપે, ત્યારે 'ઇચ્છં' શબ્દ વડે તેનો સ્વીકાર કરવામાં આવે છે.

તે પછી ઊભા થઈ, એક નવકાર ગણી, બે હાથ જોડવાપૂર્વક સાધક મોટેથી વિનંતિ કરે છે કે 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી સામાયિક-દંડક ઉચ્ચરાવોજી' એટલે 'હે ભગવન્! આપ સ્વેચ્છાએ મને સામાયિકનો પાઠ ઉચ્ચરાવી તે બાબતની પ્રતિજ્ઞા આપો.' આ વિનંતિ પરથી ગુરુ તેને કરેમિભંતે-સૂત્રનો પાઠ ઉચ્ચરાવે છે. ગુરુ બોલાવે

તેમ મનમાં બોલવાથી પ્રતિજ્ઞા લેવાય છે અને એ રીતે ષડાવશ્યક પૈકી **પ્રત્યાખ્યાન** અને **સામાયિક** નામનાં બંને આવશ્યકોને સ્પર્શવામાં આવે છે. સામાયિકની ક્રિયા ષડાવશ્યકમય છે, એ વાત પૂર્વે કહેવામાં આવી હતી, તે આ વિધિ પરથી સ્પષ્ટ થાય છે અને તે એની ગૌરવગાથાનું ગુંજન આપણા કાનમાં કરી જાય છે.

પ્રત્યાખ્યાનમાં સાવદ્યયોગનો એટલે પાપમય પ્રવૃત્તિનો ત્યાગ કરવાનો સંકલ્પ હોય છે અને તેથી સામાયિકનું સ્વરૂપ નિશ્ચિત થાય છે. 'હવે મારે બે ઘડી એટલે ૪૮ મિનિટ સુધી કોઈ પણ પ્રકારની પાપમય પ્રવૃત્તિ-સાંસારિક પ્રવૃત્તિ કરવાની નથી, પણ સ્વાધ્યાયાદિ શુભ-ધર્મધ્યાનની પ્રવૃત્તિ કરવાની છે.' એવો સંકેત તેમાંથી જ પ્રાપ્ત થાય છે અને તે પ્રમાણે ચાલવાનું માનસિક વલણ ઘડાય છે.

સામાયિકની સાધના કરવા માટે ઉપર પ્રમાણે પ્રત્યાખ્યાન કે પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા પછી સ્થિર આસને બેસવા માટે ગુરુની આજ્ઞા માગવામાં આવે છે. તે માટે ખમાસમણ-પ્રણિપાતની ક્રિયા કરી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવં! બેસણે સંદિસાહું?' એટલે 'હે ભગવન્! આપની આજ્ઞા હોય તો હું બેસવાની અનુમતિ માગું છું!' એમ કહેવામાં આવે છે અને ગુરુ 'સંદિસહ' શબ્દ વડે અનુમતિ આપે એટલે 'ઇચ્છં' કહી તેનો સ્વીકાર કરવામાં આવે છે. તે પછી પણ પુનઃ ખમાસમણ-પ્રણિપાતની ક્રિયા કરીને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવં! બેસણે ઠાઉં?' એ પ્રમાણે વિશેષ

આદેશ માગવામાં આવે છે અને ગુરુ 'ઠાએહ' પદ વડે એ આદેશ આપે એટલે 'ઇચ્છં' પદ વડે તેનો સ્વીકાર કરી આસન પર બેસવામાં આવે છે.

ત્યાર પછી સ્વાધ્યાયનો આદેશ લેવા માટે પણ લગભગ આવી જ ક્રિયા કરવામાં આવે છે. તે માટે પ્રથમ 'ઇચ્છા-કારેણ સંદિસહ ભગવં ! સજ્ઝાય સંદિસાહું ?' બોલી સજ્ઝાય કરવાની આજ્ઞા મંગાય છે અને 'સંદિસહ' પદ વડે તેની આજ્ઞા મળી જતાં પુનઃ ખમાસમણ-પ્રણિપાતની ક્રિયા કરીને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવં ! સજ્ઝાય (સ્વાધ્યાય) કરું ?' એમ બોલી સ્વાધ્યાયનો પ્રારંભ કરવાની આજ્ઞા મંગાય છે. ગુરુ 'કરેહ' એ પદ વડે આજ્ઞા આપે, એટલે સાધક પોતાના આસને સ્થિર થઇને સ્વાધ્યાયના મંગલાચરણ તરીકે નવકાર ગણે છે અને ત્યાર પછીનો ૪૮ મિનિટનો સમય સ્વાધ્યાયાદિ ધર્મધ્યાન-પ્રવૃત્તિમાં ગાળે છે.

## સામાયિક પારવાના વિધિ અંગે સમજ

પારવું એટલે પાર ઉતરવું, પૂર્ણાહૂતિ કરવી. જે ક્રિયા વડે સામાયિકની પૂર્ણાહુતિ થાય, તેને 'સામાયિક પારવાનો વિધિ' સમજવો. આ વિધિનો કેટલોક ભાગ તો સામાયિક લેવાના વિધિ જેવો જ છે. તેની સમજનું અહીં પુનરાવર્તન કરવાની જરૂર નથી. તે સિવાય જે મહત્ત્વની વાત છે, તે અંગે જ વિશેષ સમજ આપીશું.

પ્રથમ ખમાસમણ-પ્રતિક્રમણ દ્વારા ગુરુવંદન આવે છે. ક્રિયાના પ્રારંભે ગુરુને વંદન કરવું જોઇએ, એટલે આ ક્રિયાના પ્રારંભે પણ તેમને વંદન કરવામાં આવે છે.

પછી ઇરિયાવહી દ્વારા પ્રતિક્રમણ કરી, તસ્સ ઉત્તરી-સૂત્ર અને અન્નત્થ-સૂત્રના પાઠપૂર્વક ૨૫ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવામાં આવે છે. તેમાં પણ 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો લોગસ્સ–સૂત્રનો પાઠ ચિંતવવાનો હોય છે અને તે ન આવડતો હોય તો ચાર નવકાર મનમાં ગણવાની છૂટ હોય છે. કાયોત્સર્ગની પૂર્ણાહૂતિ 'નમો અરિ-હંતાણં' પદ બોલીને કરવાની હોય છે.

તે પછી પ્રકટ લોગસ્સ–સૂત્ર બોલી મુહપત્તી પડિલેહ-વાનો આદેશ માગવાપૂર્વક મુહપત્તીનું પડિલેહણ કરવામાં આવે છે અને ત્યારબાદ સામાયિક પારવાનો ખરો વિધિ શરૂ થાય છે. તેમાં ખમાસમણ–પ્રણિપાતની ક્રિયા કરી સામાયિક પૂર્ણ કરવાની આજ્ઞા મેળવવા માટે કહેવામાં આવે છે કે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવં! સામાયિક પારું ?' આ સમયે ગુરુ કહે છે કે 'पुणो वि कायव्वो–આ સામા-યિકની ક્રિયા તો ફરી પણ કરવા યોગ્ય છે.' તે વખતે સાધક 'યથાશક્તિ' શબ્દ વડે પોતાની મર્યાદા સૂચિત કરે છે કે 'મારી શક્તિ હાલ અહીં પૂર્ણાહૂતિ કરવા જેટલી છે.'

તે પછી ફરી ખમાસમણ–પ્રણિપાત કરી ગુરુને જાહેર કરવામાં આવે છે કે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવં! સામાયિક પાર્યું.' એટલે 'હે ભગવન્! ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો. મેં સામાયિક પાર્યું છે.' ત્યારે ગુરુ કહે છે કે 'आयारो न मोत्तव्वो–પ્રતિદિન અને તેટલાં વધારે સામાયિક કરવાં એ તમારો

આચાર છે. તે છોડશો નહિ.' તાત્પર્ય કે અત્યારે તો સામાયિક પૂર્ણ કરો છો, પણ ફરી પાછા તે કરવાની ભાવના રાખશો.'

આટલા વિધિ પછી જમણો હાથ ચરવળા પર સ્થાપી એક નવકાર બોલી અંત્ય મંગલ કરવામાં આવે છે અને સામાઇયિવય-જુત્તો-સૂત્રનો પાઠ બોલી સામાયિકની મહત્તા યાદ કરી તથા સામાયિક દરમિયાન બત્રીશ દોષોમાંથી કોઇ પણ દોષ થયો હોય તો તેનું મિથ્યા દુષ્કૃત દઈ જમણો હાથ સ્થાપના સમક્ષ અવળો રાખી સ્થાપનાચાર્યનું ઉત્થાપન કરવામાં આવે છે અને ત્યાં સામાયિકનો વિધિ પૂરો થાય છે.

વિધિએ કરેલું કાર્ય સફલ થાય છે અને અવિધિએ કરેલું કાર્ય નિષ્ફલ જાય છે, એમ સમજી સામાયિકનો લેવા-પારવાનો વિધિ બરાબર કરવાનો છે. આ વિધિનું પુનઃ પુનઃ વાંચન-મનન કરી, તેનો ભાવાર્થ સમજી, તેને અનુસરવાથી શુદ્ધ સામાયિક કર્યાનો લાભ મેળવી શકાશે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-વિધિ કોને કહેવાય ?

ઉત્તર-જેના વડે ક્રિયા કે સાધના અંગે જોઈતું માર્ગ-દર્શન મળે તે વિધિ કહેવાય.

પ્રશ્ન-ક્રિયા કે સાધના અંગે શેનું માર્ગદર્શન જોઈએ ?

ઉત્તર-ક્રિયા કે સાધનામાં નાની-મોટી કેટલીક ક્રિયાઓ કરવાની હોય છે. તેમાં કઈ ક્રિયા કેવી રીતે કરવી ? અને તે કયા ક્રમે કરવી ? તેનું માર્ગદર્શન જોઈએ. જે ક્રિયા જે

રીતે કરવાની હોય, તે રીતે ન કરતાં બીજી રીતે કરીએ તો એ ક્રિયામાં ખામી ગણાય, દોષ ગણાય અને એ રીતે ક્રિયા અશુદ્ધ થઈ ગણાય. વળી જે ક્રિયા જ્યાં કરવાની હોય, ત્યાં ન કરતાં આગળ-પાછળ કરીએ તો ક્રિયામાં અવ્યવસ્થા ઊભી થાય અને તે ક્રિયાને દૂષિત બનાવે. એટલે ક્રિયા કે સાધનામાં આ બધી બાબતોનું યોગ્ય માર્ગદર્શન જરૂર જોઈએ.

પ્રશ્ન-માત્ર જાણવાથી આ ક્રિયા આવડે ખરી ?

ઉત્તર-ના. તે ગુરુ કે કોઈ અનુભવી પાસેથી શીખી લેવી જોઈએ.

પ્રશ્ન-આવી ક્રિયા શીખ્યા ન હોઇએ તો સામાયિક થઇ શકે ખરું ?

ઉત્તર-ના. જેને સામાયિક કરવું હોય-સામાયિકની સાધના કરવી હોય, તેણે સામાયિકને લગતાં સૂત્રો અને તેના અર્થો શીખી લેવા જોઈએ, તેના રહસ્યનો પરિચય મેળવી લેવો જોઇએ અને તેની વિધિનું જ્ઞાન પણ મેળવી લેવું જોઈએ. વળી આ ક્રિયા બરાબર થાય, તે માટે ગુરુ કે અનુભવી પાસેથી તે શીખી લેવી જોઈએ. તે સિવાય સામાયિક બરાબર થઇ શકે નહિ. જેને રસોઇ કરવાનું કંઇ જ્ઞાન ન હોય, તે રસોઈ કરવા બેસે તો કેવી રસોઇ કરે ?

પ્રશ્ન-સામાયિકનાં સૂત્રો આવડતાં હોય, પણ તેમાં ભૂલ પડતી હોય તો ?

ઉત્તર-તો એ ભૂલ પહેલી તકે સુધારી લેવી જોઇએ.

સૂત્રપાઠ ખંડિત થાય, તે ચાલે નહિ. એમાં અનર્થ થવા સંભવ છે. દાખલા તરીકે एगिंदिया बेइंदिया तेइंदिया चउरिंदिया पंचिंदिया એવો પાઠ બોલવાનો છે, ત્યાં एगिंदिया बेइंदिया चउरिंदिया पंचिंदिया બોલાય તો તેઇન્દ્રિય જીવોની જે વિરાધના થઈ છે અને જેનું મિથ્યા દુષ્કૃત દેવાનું છે, તે રહી જાય. આ રીતે एगिंदिया बेइंदिया तेइंदिया चउरिंदिया જ બોલવામાં આવે ને पचिंदिया ન બોલવામાં આવે તો પંચેન્દ્રિય જીવોની વિરાધનાનું પ્રતિક્રમણ રહી જાય. ठाणेणं मोणेणं झाणेणं એ ત્રણ પદોમાંથી કોઈ પણ એક પદ રહી જાય તો કાયોત્સર્ગનું સ્વરૂપ ખંડિત થાય. ટૂંકમાં સામાયિકના સૂત્રપાઠોમાં દરેક પદનું મહત્ત્વ છે, તેથી એ પાઠો બરાબર બોલવા જોઇએ. તેમાં કંઈ પણ છૂટી જાય, તે ચાલે નહિ.

પ્રશ્ન–સામાયિકના સૂત્રપાઠો અખંડ બોલાતા હોય, પણ તેમાં અશુદ્ધિઓ આવતી હોય તો?

ઉત્તર–તો એ અશુદ્ધિઓ સુધારી લેવી જોઇએ. શબ્દના કાના, માત્રા, વરડુ કે અનુસ્વારમાં ફેરફાર થવાથી તેનો અર્થ ફરી જાય છે અને તેથી કેટલીક વાર અનર્થ પણ થાય છે. દાખલા તરીકે विहुयरयमला પાઠ છે, ત્યાં विहुयरायमल्ला બોલવામાં આવે તો 'જેમણે રજ અને મેલ દૂર કર્યા છે' એવા અર્થને બદલે 'જેમણે રાજાઓ અને મલ્લોને માર્યા છે.' એવો અર્થ થાય, જે અહીં અસંગત છે; એટલું જ નહિ પણ અનર્થને ઉત્પન્ન કરનાર છે. જિનેશ્વરદેવોની

સ્તુતિ તેમણે રાજાઓ અને મલ્લોને માર્યા છે, માટે થતી નથી. તેમણે રજ અને મેલ એટલે સર્વ પ્રકારનાં કર્મો દૂર કર્યાં છે, માટે થાય છે; એટલે વ્યંજનશુદ્ધિ પણ આવશ્યક છે.

પ્રશ્ન–સૂત્રપાઠ અખંડ અને શુદ્ધ બોલાતો હોય, પણ તે અંગે કોઈ ભાવ મનમાં ઉત્પન્ન થતો ન હોય તો?

ઉત્તર–તો એ દ્રવ્યક્રિયા કહેવાય. દ્રવ્યક્રિયા એટલે સ્થૂલ ક્રિયા, બાહ્ય દૃષ્ટિએ દેખાતી ક્રિયા. ક્રિયાઓ બે પ્રકારની છે: દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા. તેમાં ખરું મહત્ત્વ ભાવક્રિયાનું છે; એટલે સૂત્રનાં ઉચ્ચારણોની સાથે મનમાં તે પ્રકારનો ભાવ લાવવો જોઈએ. દાખલા તરીકે 'नमो अरिहंताणं' પદ બોલીએ, ત્યારે હું અરિહંતને નમી રહ્યો છું, એવો ભાવ મનમાં લાવવો જોઈએ. 'मत्थएण वंदामि' પાઠ બોલીએ ત્યારે હું મસ્તક આદિ પાંચ અંગો ભેગા કરીને ગુરુને વંદન કરી રહ્યો છું, એવો ભાવ લાવવો જોઈએ.

પ્રશ્ન–સૂત્રો કડકડાટ બોલી જવાતાં હોય, ત્યાં આવો ભાવ શી રીતે આવી શકે?

ઉત્તર–સૂત્રો કેમ બોલવાં? એનો પણ વિધિ છે. તે ઘોષપૂર્વક, સ્પષ્ટ અને ધીમે ધીમે બોલવાં જોઈએ. સંહિતાનો વિષય તેના માટે જ નિર્માણ થયેલો છે. જો તેને અનુસરીએ તો મનમાં ભાવનું અનુસંધાન જરૂર થાય છે અને એ ભાવ જ આત્મશુદ્ધિમાં ખરો ઉપકારક બને છે. તાત્પર્ય કે સૂત્રો કડકડાટ બોલી જવા, એ સાચી પદ્ધતિ નથી. એમાં

ભાવનું અનુસંધાન થવાની શક્યતા ઘણી ઓછી છે. જૈન ધર્મ ભાવ વિના ક્રિયા કરવાની હિમાયત કરતો નથી.

પ્રશ્ન-સૂત્ર બરાબર બોલાતું હોય અને તેમાં ભાવનું અનુસંધાન પણ હોય, પરંતુ તેને લગતી ક્રિયા બરાબર થતી ન હોય તો ?

પ્રશ્ન-આ ક્રિયાની તો વાત છે અને તેમાં ક્રિયા જ બરાબર થતી ન હોય તો ભીંત ભૂલાય છે, એમ સમજવાનું. રથનું એક પૈડું સાજું હોય અને બીજું તૂટેલું હોય, તો એ રથ આપણને ગંતવ્ય સ્થાને પહોંચાડે ખરો ? તાત્પર્ય કે ક્રિયા પણ જ્ઞાન જેટલી જ મહત્ત્વની છે, તેથી તે બરાબર થવી જોઈએ. દાખલા તરીકે પ્રણિપાતની ક્રિયા કરવાની છે, તો ડાબા હાથમાં મુહપત્તી અને જમણા હાથમાં ચરવળો લઇને ઊભા થવું જોઈએ. પછી અર્ધાવનત મુદ્રા કરવી જોઇએ, એટલે કે શરીરને કમ્મરથી થોડું નમાવી મસ્તકને પણ નીચું નમાવવું જોઇએ. આ મુદ્રા વિનયસૂચક છે, એટલે ગુરુને પ્રણિપાત કરતાં અવશ્ય કરવી જોઈએ અને તે પછી 'इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए नीसिहिआए' એ પદો બોલવાં જોઇએ. જો આ પદો અર્ધાવનત મુદ્રા કર્યા સિવાય ઊભા ઊભા જ બોલીએ તો એ ક્રિયા અશુદ્ધ ગણાય, કારણ કે તેમાં વિનયગુણ દર્શાવવાને લગતી જે ક્રિયા હતી, તે થઈ જ નહિ. તે પછી તદ્દન નીચા નમી બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એ પાંચે અંગો ભેગાં કરીને 'मत्थएण वंदामि' એ પદ બોલવું જોઈએ. જો એ પાંચેય અંગો

ભેગાં ન કરીએ કે ભૂમિ સુધી ન લઈ જતાં વચ્ચેથી 'मत्थएण वंदामि' પદ બોલી ઊભા થઈ જઈએ તો પંચાંગ-પ્રણિપાત થયો કહેવાય નહિ. હવે પંચાંગ-પ્રણિપાત કરવાનો વિધિ હતો, તે બરાબર થયો નહિ, એટલે ક્રિયા અશુદ્ધ ગણાય અને તે ધાર્યું ફલ આપે નહિ. આજે ક્રિયાના ફલ અંગે જે ફરિયાદો કરવામાં આવે છે, તેનું મુખ્ય કારણ ક્રિયાની ખામી છે. જો શાસ્ત્રમાં દર્શાવેલી ક્રિયાઓ ભાવશુદ્ધિ-પૂર્વક યથાર્થપણે કરીએ તો તે પોતાનું ફળ આપ્યા વિના રહે જ નહિ.

[ ૮ ]

# મુહપત્તીના પચાશ બોલનું રહસ્ય

સામાયિક લેવાના અને પારવાના વિધિમાં મુહપત્તી-પડિલેહની ક્રિયા આવે છે. તેમાં ૨૫ બોલ મુહપત્તી-પડિલેહણના અને ૨૫ બોલ અંગ-પડિલેહણના એમ પચાશ બોલો ચિંતવવાના હોય છે. તેનો વિધિ તથા તેનું રહસ્ય પાઠકોને બરાબર સમજાય, તે માટે પ્રસ્તુત પ્રકરણની યોજના કરવામાં આવી છે.

પ્રથમ આ પચાશ બોલોની ટૂંકી યાદી આપીશું અને પછી તેનો વિધિ બતાવી તેના રહસ્યનો પ્રકાશ કરીશું.

## મુહપત્તી-પડિલેહણના પચીશ બોલ

સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું. ૧

સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું. ૩

કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ-પરિહરું. ૩

સુદેવ, સુગુરુ, સુધર્મ, આદરું. ૩

| | |
|---|---|
| કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું. | ૩ |
| જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું. | ૩ |
| જ્ઞાન-વિરાધના, દર્શન-વિરાધના, ચારિત્ર-વિરાધના પરિહરું. | ૩ |
| મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું. | ૩ |
| મનોદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું. | ૩ |
| | ૨૫ |

## અંગ-પડિલેહણના પચીશ બોલ

| | |
|---|---|
| હાસ્ય, રતિ, અરતિ પરિહરું. | ૩ |
| ભય, શોક, જુગુપ્સા પરિહરું. | ૩ |
| કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું. | ૩ |
| રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ પરિહરું. | ૩ |
| માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું. | ૩ |
| ક્રોધ, માન પરિહરું. | ૨ |
| માયા, લોભ પરિહરું. | ૨ |
| પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરું. | ૩ |
| વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની જયણા કરું. | ૩ |
| | ૨૫ |
| | કુલ ૫૦ |

વૃદ્ધસંપ્રદાય મુજબ આ બોલો મનમાં બોલવાના હોય છે, અને તેનો અર્થ વિચારવાનો હોય છે. તે અહીં વિધિપૂર્વક ક્રમશઃ રજૂ કરીશું.

## મુહપત્તીના પડિલેહણ વખતે વિચારવા યોગ્ય બોલ

(૧) પ્રથમ ઊભડક બેસો, બે હાથ બે પગ વચ્ચે રાખો, મુહપત્તીની ઘડી ઉકેલો, બંને છેડા પકડો અને મુહપત્તીની સામે દૃષ્ટિ રાખો. પછી મનમાં બોલો કે –

**સૂત્ર**

આ વખતે મુહપત્તીની એક બાજુનું બરાબર નિરીક્ષણ કરો. બારીકાઈથી નિરીક્ષણ કરવું, તેને પ્રતિલેખના, પડિલેહણા કે પડિલેહણ કહેવામાં આવે છે.

(૨) પછી તેને ડાબા હાથ પર મૂકી, ડાબા હાથે પકડેલો છેડો જમણા હાથે પકડો અને જમણા હાથે પકડેલો છેડો ડાબા હાથે પકડી, ફરી સામે લાવી મનમાં બોલો કે–

**અર્થ તત્ત્વ કરી સદ્દહું.**

આ વખતે મુહપત્તીની બીજી બાજુનું પડિલેહણ કરો, એટલે કે મુહપત્તીની બીજી બાજુનું બરાબર નિરીક્ષણ કરો.

(૩) પછી મુહપત્તીનો ડાબા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરો અને તે વખતે મનમાં ધીમેથી બોલો કે–

**સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું.**

દર્શન મોહનીયની આ ત્રણ પ્રકૃતિઓ ખંખેરી નાખવા જેવી છે, એટલે મુહપત્તીને અહીં ત્રણ વાર ખંખેરવામાં આવે છે.

(૪) પછી ડાબા હાથ પર મુહપત્તી મૂકી પાસું ફેરવી જમણા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરો. તે વખતે મનમાં બોલો કે–

**કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું.**

ત્રણે ય પ્રકારના રાગ ખંખેરી નાખવા જેવા છે, એટલે મુહપત્તીને અહીં ત્રણ વાર ખંખેરવામાં આવે છે. આ ત્રણેય પ્રકારના રાગોનું વિસ્તૃત વર્ણન આ ગ્રંથના 'રાગ છોડો' નામના પ્રકરણમાં આપેલું છે.

(૫) મુહપત્તીનો મધ્ય ભાગ ડાબા હાથ પર નાખી, વચલી ઘડી પકડી બેવડી કરો. (અહીંથી મુહપત્તી સંકેલવાનું કામ શરૂ થાય છે.)

(૬) પછી જમણા હાથના ચાર આંગળાના ત્રણ આંતરામાં મુહપત્તીને ભરાવો.

(૭) પછી ડાબા હાથની હથેલીને ન અડે એવી રીતે ત્રણ ટપ્પે કાંડા સુધી લાવો અને દરેક વખતે બોલો કે–

**સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું.**

સુદેવ, સુગુરુ અને સુધર્મ વિષેની શ્રદ્ધા આપણામાં દાખલ થાય તેવી ઇચ્છા છે, **તેથી** મુહપત્તીને **આંગળીઓના** અગ્રભાગથી અંદર લાવવાની ક્રિયા કરવામાં આવે છે. તેમાં પહેલા ટપ્પે મુહપત્તી લગભગ આંગળીના મૂળ સુધી લાવવી જોઇએ અને તે વખતે **'સુદેવ'** બોલવું જોઈએ. પછી બીજા ટપ્પે મુહપત્તીને હથેલીના મધ્ય ભાગ સુધી લાવવી

જોઈએ અને તે વખતે 'સુગુરુ' બોલવું જોઈએ. પછી ત્રીજા ટપ્પે મુહપત્તીને હાથનાં કાંડા સુધી લાવવી જોઈએ અને તે વખતે '**સુધર્મ આદરુ**" એટલા શબ્દો બોલવા જોઇએ. આ એક જાતનો વ્યાપક ન્યાસ છે.

(૮) હવે ઉપરની રીતથી ઊલટી રીતે મુહપત્તીને ત્રણ ટપ્પે કાંડાથી આંગળીના ટેરવા સુધી લઇ જાઓ અને કંઈક કાઢી નાખતા હો એ રીતે બોલો કે–

**કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું.**

આ એક જાતનો પ્રમાર્જનવિધિ હોવાથી તેની ક્રિયા પણ એ જ જાતની રાખવામાં આવી છે.

(૯) એ જ રીતે ત્રણ ટપ્પે હથેલીથી કાંડા સુધી મુહપત્તી અદ્ધર રાખી અંદર લો અને બોલો કે–

**જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.**

આ ત્રણ વસ્તુ આપણી અંદર આવે તે માટે એનો વ્યાપક ન્યાસ કરવામાં આવે છે.

(૧૦) હવે ઉપરથી ઊલટી રીતે ત્રણ ટપ્પે કાંડાથી હાથની આંગળી સુધી મુહપત્તી લઈ જાઓ અને બોલો કે–

**જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના,**
**ચારિત્રવિરાધના પરિહરું.**

આ ત્રણ વસ્તુઓ બહાર કાઢવાની છે, માટે તેનું ઘસીને પ્રમાર્જન કરવામાં આવે છે.

(૧૧) હવે મુહપત્તીને ત્રણ ટપ્પે અંદર લો અને બોલો કે-

**મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું.**

આ ત્રણ વસ્તુઓ આપણી અંદર આવે તે માટે એનો વ્યાપક ન્યાસ કરવામાં આવે છે.

(૧૨) હવે ત્રણ ટપ્પે મુહપત્તીને કાંડાથી આંગળી સુધી લઈ જાઓ અને બોલો કે-

**મનોદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું.**

આ ત્રણ વસ્તુઓ બહાર કાઢવાની છે, માટે તેનું પ્રમાર્જન કરવામાં આવે છે.

અહીં મુહપત્તી-પાડલેહણના પચીશ બોલ પૂરા થાય છે. હવે અંગ-પડિલેહણના પચીશ બોલની શરૂઆત થાય છે.

## અંગ-પડિલેહણ વખતે વિચારવાના પચીશ બોલ

આ બોલોમાં અભ્યંતર પ્રમાર્જના કરવાની હોવાથી દરેક વખતે પ્રમાર્જનની ક્રિયા કરવામાં આવે છે.

(૧) હવે આંગળામાં ભરાવેલી મુહપત્તી પ્રદક્ષિણાકારે એટલે ડાબા હાથની ઉપર બંને બાજુ તથા નીચે એમ ત્રણ વાર પ્રમાર્જો અને બોલો કે-

**હાસ્ય, રતિ, અરતિ પરિહરું.**

(૨) એવી જ રીતે ડાબા હાથના આંગળાઓના આંતરામાં મુહપત્તી રાખી, જમણા હાથે, પ્રદક્ષિણાકારે,

વચ્ચે અને બંને બાજુએ પ્રમાર્જના કરો અને મનમાં બોલો કે–

**ભય, શોક, દુગંછા પરિહરું.**

(૩) પછી આંતરામાંથી મુહપત્તી કાઢી લઈ, બેવડી ને બેવડી મુહપત્તીના બંને છેડા બંને ય હાથથી પકડી માથા ઉપર વચ્ચે અને *જમણી–ડાબી બાજુએ ત્રણ પ્રમાર્જના* કરતાં મનમાં બોલો કે–

**કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું.**

(૪) પછી વચ્ચે અને ડાબી–જમણી બે બાજુએ ત્રણ વાર મોં ઉપર પ્રમાર્જના કરો અને મનમાં બોલો કે–

**રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ પરિહરું.**

(૫) એમ જ વચ્ચે અને ડાબી–જમણી બે બાજુએ છાતી ઉપર ત્રણ વાર પ્રમાર્જના કરો અને અનુક્રમે મનમાં બોલો કે–

**માયાશલ્ય, નિદાનશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું.**

(૬) હવે મુહપત્તી બંને હાથમાં પહોળી પકડી જમણા ખભા ઉપર પ્રમાર્જો અને બોલો કે–

**ક્રોધ, માન પરિહરું.**

(૭) પછી મુહપત્તી એમ ને એમ ડાબા હાથમાં રાખી ડાબા ખભા ઉપર પ્રમાર્જના કરો અને બોલો કે–

**માયા, લોભ પરિહરું.**

(૮) પછી જમણા પગની વચ્ચે અને બંને બાજુએ એમ ચરવળા વતી ત્રણ વખત પ્રમાર્જતી વખતે બોલો કે-

**પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરું.**

(૯) એ જ પ્રમાણે ડાબા પગની વચ્ચે અને બંને બાજુએ પ્રમાર્જના કરો અને બોલો કે-

**વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની જયણા કરું.**

સાધ્વીજીને છાતીની ૩ અને ખભા તથા કાખની ૪ પ્રમાર્જના મળીને કુલ ૭ ન હોય અને બાકીની ૧૮ હોય. સ્ત્રીઓને મસ્તકની ૩ પણ ન હોય, એટલે કુલ ૧૫ હોય.

મુહપત્તીનું પડિલેહણ વાસ્તવિક રીતે અનુભવી પાસેથી શીખવાનું છે. અહીં તો માત્ર તેનું દિગ્દર્શન કરાવ્યું છે.

## બોલોની સંકલના અને તેનું રહસ્ય.

હવે આ બોલોમાં જે સંકલના રહેલી છે, તેનું રહસ્ય જણાવીશું. પ્રવચન એ તીર્થ હોઈને પ્રથમ તેના અંગરૂપ 'સૂત્ર અને અર્થની તત્ત્વ વડે શ્રદ્ધા કરવાની છે,' એટલે કે સૂત્ર અને અર્થ ઉભયને તત્ત્વરૂપ-સત્યરૂપ સ્વીકારીને તેમાં શ્રદ્ધાન્વિત થવાનું છે અને તે શ્રદ્ધામાં અંતરાયરૂપ 'સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય' કર્મો હોવાથી તેમને છોડવાની ભાવના રાખવાની છે. મોહનીય કર્મમાં પણ રાગને ખાસ પરિહરવા જેવો છે. તેમાં પ્રથમ 'કામરાગને, પછી સ્નેહરાગને અને છેલ્લા દૃષ્ટિરાગને

છોડવાનો છે,' કારણ એ પ્રકારનો રાગ છૂટયા વિના 'સુદેવ, સુગુરુ અને સુધર્મને આદરવાનું' બની શકતું નથી. અહીં સુદેવ, સુગુરુ અને સુધર્મની મહત્તા વિચારી તેમને જ આદરવાની ભાવના કરવાની છે તથા 'કુદેવ, કુગુરુ અને કુધર્મને પરિહરવાનો' દૃઢ સંકલ્પ કરવાનો છે. જો આટલું થાય તો 'જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના' કે જેનું બીજું નામ 'સામાયિક' છે, તેની સાધના યથાર્થ થઇ શકે. આવી આરાધના કરવા માટે જ્ઞાનવિરાધના, દર્શન-વિરાધના અને ચારિત્રવિરાધનાને' પરિહરવાની જરૂર છે. હવે સામાયિકના સાધકે 'મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ' ખાસ આદરવા યોગ્ય છે, કારણ કે તેમાં યોગનું રહસ્ય છુપાયેલું છે અને તે માટે 'મનોદંડ, વચનદંડ અને કાયદંડ' એટલે મન વડે થતી પાપપ્રવૃત્તિ, વચન વડે થતી પાપપ્રવૃત્તિ અને કાયા વડે થતી પાપપ્રવૃત્તિ પરિહરવા યોગ્ય છે.

હવે જે વસ્તુઓ ખાસ પરિહરવા જેવી છે તથા જેને અંગે યતના-જયણા કરવા જેવી છે, તેનો વિચાર અંગ-પડિલેહણા પ્રસંગે આ રીતે કરવાનો છે.

'હાસ્ય, રતિ, અરતિ પરિહરું' વળી 'ભય, શોક, જુગુપ્સા પરિહરું' એટલે કે હાસ્યાદિ-ષટ્ક જે ચારિત્ર મોહનીય કર્મથી ઉદ્ભવે છે, તેનો ત્યાગ કરું કે જેથી મારું ચારિત્ર સર્વાંશે નિર્મલ થાય.

'કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા પરિહરું' કારણ કે એ ત્રણે ય લેશ્યાઓમાં અશુભ અધ્યવસાયોની

પ્રધાનતા છે અને તેનું ફલ આધ્યાત્મિક પતન છે. જંબૂ-વૃક્ષના દૃષ્ટાંતથી લેશ્યાઓનો ક્રમ અને સ્વરૂપ સમજાવવામાં આવે છે. તે દૃષ્ટાંત આ ગ્રંથમાં આગળ પર અપાયેલું છે. લેશ્યાનો વિષય સમજવા માટે જૈન શાસ્ત્રોનું સારું એવું અધ્યયન કરવું જરૂરી છે.

'રસગારવ, ઋદ્ધિગારવ અને સાતાગારવ પરિહરું' કારણ કે એનું ફલ પણ સાધનામાં વિક્ષેપ અને આધ્યાત્મિક પતન છે. અહીં ગારવ શબ્દ ગર્વવાચી છે. મારા જેવા રસમય ખાન-પાન અન્ય કોઈને મળતા નથી, એમ ચિંતવવું એ રસગારવ; મારા જેવી ઋદ્ધિ-સંપત્તિ કોઈને નથી, એમ ચિંતવવું એ ઋદ્ધિગારવ અને મારા જેવી સુખ-સાહેબી કોઈને નથી, એમ ચિંતવવું એ સાતાગારવ. આ ત્રણે ય ગારવો-ગર્વો પહેલી તકે છોડવા જેવા છે.

તેની સાથે 'માયાશલ્ય, નિદાનશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું' કારણ કે જેમ શલ્ય એટલે ભાલો કે તીર શરીરમાં ભોંકાવાથી પીડા કરે છે અને માનસિક સુખ-શાંતિનો ભંગ કરે છે, તેમ આ ત્રણ શલ્યો ધર્મ-કરણીના અમૂલ્ય ફલનો નાશ કરે છે. માયા-કપટ કરવું, તે માયાશલ્ય; ધર્મકરણીનું અમુક સાંસારિક ફલ માગી લેવું, તે નિદાનશલ્ય અને મિથ્યા-ત્વનું હોવું, તે મિથ્યાત્વશલ્ય. આ ત્રણ શલ્ય અંતરમાં પેઠા હોય, ત્યાં સુધી આત્માની શુદ્ધિ થાય નહિ, તેથી તસ્સ ઉત્તરી-સૂત્રના પાઠમાં 'વિસલ્લીકરણેણં'નો ઉલ્લેખ થયેલો છે.

તે પછી 'ક્રોધ અને માન તથા માયા અને લોભ પરિહરું' એટલે ચાર પ્રકારના કષાયો કે જે પ્રાણીઓને સંસારસાગરમાં અનંતકાલ સુધી પરિભ્રમણ કરાવનાર છે, તેનો ત્યાગ કરું. તે સાથે વિશ્વમૈત્રીની ભાવના કેળવવા માટે 'પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય' એ છયે કાયના જીવોની યતના-જયણા કરું. જો આટલું કરું તો આ મુહપત્તીરૂપી સાધુતાનું જે પ્રતીક ઉપકરણ મેં હાથમાં લીધું છે, તે સફલ થયું ગણાય.

આમાંના દરેક બોલ પર ખૂબ ચિંતન-મનન કરવા જેવું છે. અહીં કોઈ એમ કહેતું હોય કે 'આવા બોલો પર વિચાર કરવાથી શો લાભ થાય?' તો માત્ર ત્રણ બોલો —ત્રણ પદો પર ગંભીર વિચાર કરવાથી ચિલાતીપુત્ર આત્મ-કલ્યાણ સાધી ગયા.

## ચિલાતીપુત્રની કથા

ચિલાતી દાસીનો પુત્ર રાજગૃહી નગરીના ધનસાર્થ-વાહને ત્યાં નોકરી કરતો હતો અને ઘરનું પરચુરણ કામકાજ કરવા ઉપરાંત તેમનાં બાળકોને પણ રમાડતો હતો. ધનસાર્થ-વાહને ચાર પુત્રો ઉપર એક પુત્રી થયેલી હતી. તેનું નામ સુષુમા રાખવામાં આવ્યું હતું. ચિલાતીપુત્ર આ બાલિકાને સારી રીતે રમાડતો હતો અને હરવા-ફરવા લઈ જતો હતો. એમ કરતાં તેના પર અત્યંત સ્નેહ ઉત્પન્ન થયો હતો. તેના દર્શનમાત્રથી પણ તેને અત્યંત આનંદ થતો હતો.

એવામાં કોઇ કારણસર ધનસાર્થવાહનું મન તેના પર નારાજ થયું અને તેને નોકરીમાંથી રજા આપવામાં આવી, એટલે સુષુમાને છેલ્લી સલામ ભરી વિદાય થયો. ત્યાર પછીનું તેનું જીવન રખડુ તરીકે પસાર થયું અને તેમાં ચોરી, મદ્યપાન તથા જુગાર જેવાં મહાવ્યસનો લાગુ પડયાં. પરિણામે નગરજનોએ રાજાને ફરિયાદ કરી અને તેને નગરપાર કરવામાં આવ્યો.

આ રીતે સર્વત્ર હડધૂત થયેલો ચિલાતીપુત્ર બીજો કોઈ માર્ગ ન જડવાથી ચોરપલ્લીમાં ગયો અને અનુક્રમે તેના રાજાનો વિશ્વાસ સંપાદન કરી તેનો ઉત્તરાધિકારી બન્યો.

એક વખત આ ચોરોના રાજા ચિલાતીપુત્રે પોતાના કસાયેલા ભેરૂઓ સાથે રાજગૃહી નગરીમાં આવીને ધન-સાર્થવાહના ઘરે ધાડ પાડી અને પુષ્કળ માલમત્તા ઉપરાંત સુષુમાનું પણ હરણ કર્યું. આથી ધનસાર્થવાહ પોતાના ચારે ય પુત્રો તથા રાજના કેટલાક સૈનિકો સાથે તેની પછવાડે પડયા અને તેને કોઈ રીતે પકડી લેવાનો જીવસટોસટ પ્રયત્ન કરવા લાગ્યા. એમ કરતાં તેઓ ચિલાતીપુત્રની નજીક આવી ગયા કે જેણે સુષુમાને પોતાની ખાંધ પર ઊંચકેલી હતી.

ચિલાતીપુત્ર સમજી ગયો હતો કે ધનસાર્થવાહને પૈસાની કંઈ પડી ન હતી, પણ સુષુમાનું હરણ તેને ખૂબ ખટકતું હતું, એટલે જ તે આવો જોરદાર પીછો કરી રહેલ

છે. એટલે તેણે તલવારના એક જ ઝટકે સુષુમાનું મસ્તક ઉડાવી દીધું અને તે મસ્તક હાથમાં લઇને દોડવા માંડયું.

ધનસાર્થવાહે જોયું કે જેના માટે પોતે આટલો લાંબો અને આકરો પ્રયાસ કર્યો હતો, તે પુત્રીનો આખરે વધ થયો છે, એટલે તેના પગ ઢીલા પડી ગયા અને ચિલાતીપુત્રને તેમના પંજામાંથી છટકવાનો લાગ મળી ગયો.

ચિલાતીપુત્ર ભાગતો ભાગતો એક ઘોર જંગલમાં આવી ચડયો કે જ્યાં મનુષ્યની વસ્તી ભાગ્યે જ હતી. એક હાથમાં લોહીખરડી તલવાર છે અને બીજા હાથમાં સુષુમાનું મસ્તક છે. ભૂખ-તરસ ઘણી લાગી છે અને હવે પગની તાકાત પણ ઓસરવા માંડી છે. એવામાં ત્યાં એક મુનિને ઊભેલા જોયા, એટલે તેની નજીક ગયો અને કહેવા લાગ્યો કે 'હે મુનિ! મારું કલ્યાણ થાય એવું કંઇક કહો, નહિ તો તમારું મસ્તક ઉડાવી દઇશ.'

મુનિએ કહ્યું, 'ઉપશમ, વિવેક, સંવર.' બસ, આટલું કહી તે ચારણલબ્ધિ વડે આકાશમાં ઊડી ગયા.

ચિલાતીપુત્ર વિચાર કરવા લાગ્યો કે 'મુનિએ આ શું કહ્યું?' આ રીતે ઘણો વિચાર કર્યો, ત્યારે અંતરમાંથી પ્રકાશ લાધ્યો કે ઉપશમ એટલે ક્રોધને શમાવી મનને શાંત કરવું, એટલે તેણે હાથમાંની તલવાર દૂર ફેંકી દીધી, કારણ કે એ ક્રોધનું નિશાન હતું. પછી બહુ વિચાર કરતાં વિવેકનો અર્થ સમજાયો કે ધન અને સ્વજનનો મોહ છોડી દેવો. એટલે તેણે પોતાના હાથમાં રહેલું સુષુમાનું મસ્તક

છોડી દીધું, કારણ કે તેના પર સ્વજન જેવો ભાવ હતો. પછી ઘણા ચિંતનને પરિણામે સંવરનો અર્થ એમ સમજાયો કે ઇંદ્રિયો અને મનની અશુભ પ્રવૃત્તિઓને રોકવી, એટલે તે મુનિની જેમ ધ્યાન ધરીને ઊભો રહ્યો. અન્ય શબ્દોમાં કહીએ તો ચિલાતીપુત્ર આ ક્ષણથી ભાવસાધુ થયા.

આ રીતે ભાવસાધુ થયેલા ચિલાતીપુત્ર ત્યાં ઊભા રહીને 'ઉપશમ, વિવેક, સંવર;' એ ત્રણ શબ્દોનો જપ કરવા લાગ્યા અને એ રીતે મનને અન્ય વિષયોમાંથી વારીને ધર્મ-ધ્યાનમાં સ્થિર થયા. પરંતુ તેમનો દેહ હજી તાજા લોહીથી ખરડાયેલો હતો, એટલે તેની ગંધથી આકર્ષાઈને કેટલીક વનકીડીઓ ત્યાં આવી પહોંચી અને તેમના શરીરને ચટકા ભરવા લાગી. આ ઉપદ્રવ અતિ ભયંકર હતો, પણ જ્યાં ઉપશમ હોય ત્યાં ક્રોધ કેવો? જ્યાં વિવેક હોય ત્યાં મોહ કેવો? અને જ્યાં સંવર હોય ત્યાં પ્રતિકાર કેવો? આ ભયં-કર ઉપદ્રવ અઢી દિવસ ચાલ્યો અને તેમનું સમસ્ત શરીર ચાળણી જેવું થઈ ગયું, તો યે તેઓ ધર્મધ્યાન ચૂક્યા નહિ. પરિણામે તેઓ મૃત્યુ પામી દેવલોકમાં ઉત્પન્ન થયા. ભવિષ્યમાં તેઓ મોક્ષે જશે.

તાત્પર્ય કે આ બોલો પર ગંભીર ચિંતન કરવાથી આત્મપ્રકાશ લાધે એમ છે કે જેની આપણે ઉત્કુટ ભાવે અપેક્ષા રાખી રહ્યા છીએ.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-સામાયિકમાં મુહપત્તી-પડિલેહણ શા માટે કરવું જોઈએ?

ઉત્તર-સામાયિકમાં મુહપત્તી-પડિલેહણ કરવાનાં મુખ્ય બે કારણો છે: એક તો તેનાથી સાધુજીવનનું અનુસરણ થાય છે અને બીજું તેનાથી હેય-ઉપાદેયનો વિવેક જાગે છે, જે આત્મ-વિકાસના માર્ગે આગળ વધવામાં ઘણો ઉપયોગી છે.

પ્રશ્ન-મુહપત્તીનું પડિલેહણ કરતાં સાધુજીવનનું અનુ-સરણ શી રીતે થાય છે?

ઉત્તર-સાધુઓ દિવસમાં બે વાર પોતાનાં વસ્ત્ર, પાત્ર, ઉપધિ-ઉપકરણનું પડિલેહણ કરે છે, તેમાં મુહપત્તીનું પડિ-લેહણ પણ અવશ્ય હોય છે. એ રીતે મુહપત્તીનું પડિલેહણ કરતાં તેમનું અનુસરણ થાય છે. સામાયિક તો સાધુજીવનનો અનુભવ લેવા માટે જ થાય છે, તેથી આ અનુસરણ આવ-શ્યક છે.

પ્રશ્ન-હેય-ઉપાદેયનો વિવેક એટલે શું?

ઉત્તર-હેય એટલે છોડવા યોગ્ય અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય. મારે શું છોડવા યોગ્ય છે? અને શું આદરવા યોગ્ય છે? તેનું સ્પષ્ટ જ્ઞાન થવું, તે હેય-ઉપાદેયનો વિવેક કહેવાય છે.

પ્રશ્ન-શું આ વસ્તુ મુહપત્તીના પડિલેહણથી સમજાય છે?

ઉત્તર-હા. જો મુહપત્તીના પચાશ બોલ પર બરાબર ચિંતન-મનન કરવામાં આવે તો તેના પરથી આ વસ્તુ બરાબર સમજાય છે.

પ્રશ્ન-બોલ એટલે શું?

ઉત્તર-બોલ એટલે વચન.

પ્રશ્ન-શું બધાં વચનો બોલ કહેવાય?

ઉત્તર-ના. જે વચનો શાસ્ત્રાનુસારી જ્ઞાન કે ક્રિયાનાં સૂચક હોય, તેને અહીં બોલ સમજવાના છે.

પ્રશ્ન-શાસ્ત્રાનુસારી એટલે?

ઉત્તર-શાસ્ત્રાનુસારી એટલે શાસ્ત્રને અનુસરનારા, શાસ્ત્રના આધારે યોજાયેલા.

પ્રશ્ન-તો મુહપત્તીના પચાશ બોલો જ્ઞાન-ક્રિયા સૂચક છે?

ઉત્તર-હા. તે બધા બોલોમાં જ્ઞાન પણ રહેલું છે અને ક્રિયા પણ રહેલી છે. બોલનો વિષય વિચારતાં જ્ઞાન થાય છે અને 'આદરું' 'પરિહરું' વગેરે પદોને અનુસરતાં ક્રિયા થાય છે.

પ્રશ્ન-મુહપત્તીના પચાશ બોલથી સામાયિકની ક્રિયા લાંબી અને અટપટી બની જતી નથી?

ઉત્તર-મુહપત્તીના પચાશ બોલથી સામાયિકની ક્રિયા રહસ્યમય બને છે. તેનું રહસ્ય સમજાયું કે તે ક્રિયા લાંબી પણ નથી લાગતી અને અટપટી પણ નથી લાગતી.

પ્રશ્ન-શું મુહપત્તી-પડિલેહણમાં આ બોલોનો ઉપયોગ થાય છે ખરો?

ઉત્તર-હા. જેઓ સમજણપૂર્વક સામાયિક કરે છે, તે આ બોલોનો બરાબર ઉપયોગ કરે છે. કોઇ અણસમજ કે

બીનઆવડતને લીધે તેનો ઉપયોગ ન કરતું હોય એમ પણ બને, પરંતુ તેથી તેની ઉપયોગિતા ઓછી થતી નથી.

પ્રશ્ન–આ બોલો અંગે શાસ્ત્રોમાં શું કહેલું છે?

ઉત્તર–આ બોલોનો શાસ્ત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી, પણ તે વૃદ્ધસંપ્રદાય અનુસાર ચાલ્યા આવે છે.

પ્રશ્ન–વૃદ્ધસંપ્રદાય કોને કહેવાય?

ઉત્તર–વૃદ્ધ એટલે વડીલો. તેઓ જે પરંપરાનું અનુસરણ કરી રહ્યા હોય, તેને વૃદ્ધ સંપ્રદાય કહેવાય. આપણે ત્યાં કેટલીક વસ્તુઓ વૃદ્ધસંપ્રદાયથી ચાલી આવે છે અને તે પણ શાસ્ત્રીય વસ્તુઓ જેટલી જ આદરપાત્ર ગણાય છે. વાસ્તવમાં શાસ્ત્ર અને પરંપરા બંને મળીને આપણો ધાર્મિક વ્યવહાર નિર્માણ થયેલો છે.

પ્રશ્ન–મુહપત્તી–પડિલેહણની આ રહસ્યમય ક્રિયા ચાલુ પાઠશાળાઓ ભાગ્યે જ શીખવે છે, તો શું કરવું?

ઉત્તર–જો પરિસ્થિતિ એવી જ હોય તો કોઈ મુનિરાજ કે ક્રિયાશીલ સુજ્ઞજન પાસેથી તે શીખી લેવી.

[ ૯ ]

# સામાયિકમાં શું ન કરાય ?

સામાયિકના સમય દરમિયાન શું કરવું જોઇએ ? એ વિષય ઘણો અગત્યનો અને ઘણો મોટો છે, તેથી તે અંગે વિસ્તૃત વિવેચન આગામી પ્રકરણોમાં કરવાના છીએ, પરંતુ તે પહેલાં સામાયિકમાં શું ન કરાય ? એ બરાબર જાણી-સમજી લઇએ, જેથી દોષોથી બચી શુદ્ધ સામાયિક કરી શકીએ.

પ્રથમ તો સામાયિક લેતા વખતે-ગ્રહણ કરતી વખતે કરેમિ ભંતે-સૂત્ર દ્વારા જે પ્રતિજ્ઞા લીધી છે, તેનો મર્મ સમજી કોઈ પણ પ્રકારની પાપમય પ્રવૃત્તિ કરવી-કરાવવી ન જોઇએ. પ્રતિજ્ઞા લીધા પછી તેને પાળીએ નહિ કે તેના તરફ બેદરકાર રહીએ કે તેનો જોઇએ તેવી ચીવટાઈથી અમલ ન કરીએ તો આપણે મહાદોષના ભાગી બનીએ. ધીર, વીર તથા સુજ્ઞજનો લીધેલી પ્રતિજ્ઞા અવશ્ય પાળે છે, પછી તે માટે ગમે તેવો ભોગ આપવો પડે, તેની દરકાર તેઓ કરતા નથી. તેના દાખલાઓ આપણી સામે રાખીને ચાલીએ.

હવે કેટલીક બાબતો એવી છે કે જે કરવાથી સામાયિકની ક્રિયા મલિન થાય છે, અશુદ્ધ થાય છે, એટલે તે આપણે કરવી ન જોઇએ. તે માટે શાસ્ત્રકારોની આજ્ઞા સાંભળો :

## મન સંબંધી દશ દોષો

(૧) સામાયિકના સમય દરમિયાન આત્મહિત કે આત્મ-કલ્યાણ સિવાય બીજા કોઈ વિચાર કરવા નહિ. એવા વિચાર કરીએ તો **અવિવેકદોષ** લાગે.

(૨) સામાયિક કરવાથી લોકો વાહવાહ કરશે, એવો વિચાર કરવો નહિ. જો એવો વિચાર કરીએ તો **યશઃ-કીર્તિદોષ** લાગે.

(૩) સામાયિક દ્વારા કોઈ પણ જાતના ધનલાભની ઇચ્છા રાખવી નહિ. એવી ઇચ્છા રાખીએ તો **લાભવાંછા-દોષ** લાગે.

(૪) અન્ય લોકો કરતાં હું સારું સામાયિક કરું છું અને તેથી હું બધા કરતાં ચડિયાતો છું, એવો વિચાર કરવો નહિ. જો એવો વિચાર કરીએ તો **ગર્વદોષ** લાગે.

(૫) હું સામાયિક નહિ કરું તો અન્ય લોકો શું કહેશે? માટે સામાયિક કરું, એવો વિચાર કરવો નહિ. **જો** એવો વિચાર કરીએ તો **ભયદોષ** લાગે.

(૬) સામાયિક કરીને તેનાં ફલ તરીકે સાંસારિક સુખના

અભિનિવેશવાળી આશંસા-ઇચ્છા કરવી નહિ. જો એવી ઇચ્છા કરીએ તો **નિદાનદોષ** લાગે.

(૭) સામાયિક તો કરું છું, પણ તેનું ફલ મળશે કે કેમ? એવો વિચાર કરવો નહિ. જો એવો વિચાર કરીએ તો **સંશયદોષ** લાગે.

(૮) કોઈ પણ કારણથી રોષ ઉત્પન્ન થયો હોય તો એ રોષમાં ને રોષમાં સામાયિક કરવું નહિ. જો એ રીતે સામાયિક કરીએ તો **રોષદોષ** લાગે.

(૯) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તેના ધારક સાધુ પ્રત્યે શ્રદ્ધા અને વિનયપૂર્વક સામાયિક કરવું જોઇએ. જો એ પ્રકારની શ્રદ્ધા અને વિનય વિના સામાયિક કરીએ તો **અવિનયદોષ** લાગે.

(૧૦) ભક્તિભાવ, બહુમાન અને ઉમંગપૂર્વક સામાયિક કરવું જોઇએ. જો તે વિના સામાયિક કરીએ તો **અબહુમાનદોષ** લાગે.

## વચન સંબંધી દશ દોષો

(૧૧) સામાયિક દરમિયાન કડવું, અપ્રિય કે અસત્ય વચન બોલવું નહિ. જો એવું વચન બોલીએ તો **કુવચનદોષ** લાગે.

(૧૨) સામાયિક દરમિયાન વગર વિચાર્યે એકાએક વચન કહેવું નહિ. જો એવું વચન કહીએ તો **સહસાત્કારદોષ** લાગે.

(૧૩) સામાયિક સમય દરમિયાન શાસ્ત્રની દરકાર રાખ્યા વિના કોઈ વચન બોલવું નહિ. જો એવું વચન બોલીએ તો **સ્વચ્છંદદોષ** લાગે.

(૧૪) સામાયિક લેતી વખતે તેની વિધિના પાઠ તથા સ્વાધ્યાય દરમિયાન સૂત્ર–સિદ્ધાંતના પાઠ ટુંકાવીને બોલવા નહિ. તાત્પર્ય કે જેટલો પાઠ હોય તેટલો બરાબર બોલવો. જો તે ટુંકાવીને બોલીએ તો **સંક્ષેપદોષ** લાગે.

(૧૫) સામાયિક દરમિયાન કોઈ સાથે કજિયા–કંકાસ થાય એવું બોલવું નહિ. જો એવું બોલીએ તો **કલહ-દોષ** લાગે.

(૧૬) સામાયિક દરમિયાન સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા કરવી નહિ. જો આ ચાર પૈકી કોઈ પણ કથા કરીએ તો **વિકથાદોષ** લાગે.

(૧૭) સામાયિક દરમિયાન કોઇની હાંસી કરવી નહિ કે હસવું નહિ. જો હાંસી કરીએ કે હસીએ તો **હાસ્ય-દોષ** લાગે.

(૧૮) સામાયિકના સૂત્રપાઠમાં કાનો, માત્રા, કે મીંડું ઓછુંવત્તું બોલવું નહિ, હ્રસ્વનો દીર્ઘ કે દીર્ઘનો હ્રસ્વ બોલવો નહિ. તે જ રીતે જોડાક્ષરોને છૂટા પાડીને કે છૂટા અક્ષરોને જોડીને બોલવા નહિ. જો આ પ્રકારે બોલીએ તો **અશુદ્ધદોષ** લાગે.

(૧૯) સામાયિકમાં નિરપેક્ષ એટલે અપેક્ષારહિત

વચન બોલવું નહિ. જો એવું વચન બોલીએ તો **નિરક્ષેપ-દોષ** લાગે.

(૨૦) સામાયિકના સમય દરમિયાન ગણગણવું નહિ કે સૂત્રપાઠમાં ગરબડ-ગોટો વાળવો નહિ. જો ગણગણ્યા કરીએ કે સૂત્રપાઠમાં ગોટો વાળીએ તો **મુણમુણ દોષ** લાગે.

## કાયા સંબંધી બાર દોષ

(૨૧) સામાયિકમાં પગ પર પગ ચડાવીને બેસવું નહિ. જો પગ પર પગ ચડાવીને બેસીએ તો **અયોગ્યાસન દોષ** લાગે.

(૨૨) ડગમગતા આસને કે જ્યાંથી ઊઠવું પડે તેવા આસને બેસીને સામાયિક કરવું નહિ. જો એ રીતે સામાયિક કરીએ તો **અસ્થિરાસનદોષ** લાગે.

(૨૩) સામાયિકમાં બેસીને ચારે તરફ નજર ફેરવવી નહિ. જો એ રીતે નજર ફેરવીએ તો **ચલદૃષ્ટિદોષ** લાગે.

(૨૪) સામાયિકમાં બેઠા પછી ઘરકામ કે વેપારવણજને લગતો કોઇ ઈશારો સંજ્ઞાથી કરવો નહિ. જો એવો ઇશારો સંજ્ઞાથી કરીએ તો **સાવદ્ય ક્રિયાદોષ** લાગે.

(૨૫) સામાયિક કરતી વખતે કોઇ ભીંત કે થાંભલાને અઢેલીને બેસવું નહિ. જો એ રીતે બેસીએ તો **આલંબન-દોષ** લાગે.

(૨૬) સામાયિકમાં બેઠા પછી હાથ-પગ લાંબા-ટૂંકા

કરવા નહિ. જો હાથ–પગ લાંબા–ટૂંકા કરીએ તો **આકુંચન-પ્રસારણદોષ** લાગે.

(૨૭) સામાયિકમાં બેઠા પછી આળસ મરડવી નહિ. જો આળસ મરડીએ તો **આલસદોષ** લાગે.

(૨૮) સામાયિકના સમય દરમિયાન હાથ–પગની આંગળીઓના ટચાકા ફોડવા નહિ. જો ટચાકા ફોડીએ તો **મોટનદોષ** લાગે.

(૨૯) સામાયિક દરમિયાન શરીરનો મેલ ઉતારવો નહિ. જો મેલ ઉતારીએ તો **મલદોષ** લાગે.

(૩૦) સામાયિકના સમયમાં એદીની માફક બેસી રહેવું નહિ. જો એદીની માફક બેસી રહીએ તો **વિમાસણદોષ** લાગે.

(૩૧) સામાયિકના સમય દરમિયાન ઊંઘવું નહિ કે ઝોકાં ખાવાં નહિ. જો ઊંઘીએ કે ઝોકાં ખાઈએ તો **નિદ્રાદોષ** લાગે.

(૩૨) સામાયિક દરમિયાન ટાઢ વગેરે કારણથી કે વિના કારણે વસ્ત્રને સંકોરવાં નહિ. જો વસ્ત્રને સંકોરીએ તો **વસ્ત્ર-સંકોચનદોષ** લાગે.

આમાં મનથી શું શું ન કરવું? વચનથી શું શું ન કરવું? અને કાયાથી શું શું ન કરવું? તેનું સ્પષ્ટ માર્ગ-દર્શન અપાયેલું છે, એટલે સામાયિકના સાધકે તેના પર પૂરે-પૂરું લક્ષ્ય આપવાનું છે. જો આ બત્રીશ નિષેધો કે દોષોનો

ખ્યાલ રાખીને સામાયિક કરવામાં આવે તો એ શુદ્ધ-સુંદર થાય. આપણે તો શુદ્ધ-સુંદર સામાયિક કરવાની જ ભાવના રાખવી જોઈએ, જેથી જલદી ભવનિસ્તાર થાય.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-સામાયિક દરમિયાન આત્મહિત કે આત્મકલ્યાણ સિવાયના બીજા વિચારો આવી જાય તો ?

ઉત્તર-વિચારો કરવા અને વિચારો આવી જાય, એ બે પરિસ્થિતિમાં ઘણો ફરક છે. સામાયિકના સાધકે પોતાનું કર્તવ્ય વિચારીને એવો નિર્ણય કરવો જોઈએ કે મારે સામાયિક દરમિયાન આત્મહિત કે આત્મકલ્યાણ સિવાય અન્ય કોઈ વિચારો કરવા નહિ, તો એ અવિવેક દોષથી બચી શકે છે. આમ છતાં એવો કોઈ વિચાર આવી જાય, તો તરત મન પલટી નાખી તેને આત્મહિત કે આત્મકલ્યાણના વિચારમાં જોડી દેવું, પણ એ વિચારને આગળ વધવા દેવો નહિ. 'મનને જીતવાની કલા' નામના પ્રકરણમાં વિચારો પર કેવી રીતે કાબૂ મેળવી શકાય ? તેની કેટલીક રીતો આપેલી છે. તે બરાબર ધ્યાનમાં રાખી તેનો અભ્યાસ કરવો.

પ્રશ્ન-કોઈ લોકલાજે સામાયિક કરતું હોય તો તેમાં વાંધો શો ?

ઉત્તર-લોકલાજે થતી ક્રિયામાં ભલીવાર હોતો નથી. જે ક્રિયા તેનું મહત્ત્વ સમજીને કરવામાં આવે છે, તે બરાબર થાય છે; તેથી સામાયિક લોકલાજે નહિ, પણ તેની શ્રેષ્ઠતા-

સુંદરતા સમજીને કરવી જોઈએ. આ રીતે કરાતા સામાયિકની અંતર પર ઊંડી અસર થાય છે અને તેથી તેનો હેતુ પાર પડે છે.

પ્રશ્ન–કહેવાય છે કે શંકર પ્રસન્ન થતાં એક અપરિણિત આંધળા ભીખ માગતા વણિકે માગી લીધું હતું કે ‘ મારા છોકરાની વહુ સાતમા માળે સોનાની ગોળીએ છાશ કરતી હોય એ હું દેખું,’ આવું કંઇ સામાયિકના ફલ તરીકે માગી લેવામાં આવે તો હરકત શી?

ઉત્તર–સામાયિકની સાધનાનો અંતિમ હેતુ મોક્ષ-પ્રાપ્તિ છે, એટલે કે સંસારમાંથી છૂટવાનો છે. હવે તેનાં ફલ તરીકે સંસારસુખ માગીએ, એટલે સંસારનું બંધન વધે, તેથી ક્રિયાનો હેતુ નિષ્ફલ થયો ગણાય. પોતાના હાથે પોતાની ક્રિયાને નિષ્ફલ બનાવવી એ સ્પષ્ટપણે મૂર્ખતાની નિશાની છે. વળી મોક્ષસુખની સરખામણીમાં સંસારનું ઊંચામાં ઊંચું સુખ પણ લાખમા-ક્રોડમા ભાગે નથી, એટલે મોક્ષસુખની ઉપેક્ષા કરી સંસારસુખ માગવું, એ ક્રોડ રૂપિયાના કોહીનૂરને બદલે સવા શેર ગોળ માગી લેવા જેવી બેવકૂફી છે; તેથી શાસ્ત્રકારોએ સામાયિકના ફલ તરીકે સંસારસુખના અભિનિવેશવાળી આશંસા–ઈચ્છાનો ત્યાગ કરવાનું જણાવ્યું છે.

પ્રશ્ન–બુદ્ધિમાન મનુષ્યને સામાયિકના ફલ સંબંધી વિચારો તો આવે જ. ત્યાં તેણે શું કરવું જોઈએ?

ઉત્તર–'સારાનું ફલ સારું અને બૂરાનું ફલ બૂરું' એ જૈન ધર્મે સ્થાપેલો અટલ સિદ્ધાંત છે. તેમાં આપણે પૂરેપૂરા શ્રદ્ધાન્વિત થવું જોઇએ. એટલે કે સામાયિક એક સારભૂત સુંદર ક્રિયા છે, તેનું ફલ અવશ્ય અતિ સુંદર આવવાનું એમ માનીને નિઃસંશયપણે એ ક્રિયામાં મગ્ન થવું જોઇએ. અહીં જો 'સામાયિકનું ફલ મળશે કે નહિ?' એવા વિચારે ચડી ગયા અને સંશયગ્રસ્ત બની ગયા તો મઝધારે તોફાનમાં સપડાયેલી નૌકા જેવી હાલત થવાની. આવું કંઈ ન બને તે માટે સંશયદોષ ટાળવાનો છે.

પ્રશ્ન–રોષમાં ને રોષમાં સામાયિક કરીએ તેમાં વાંધો શું? સામાયિક જેવી એક પવિત્ર ક્રિયા તો થાય ને?

ઉત્તર–રોષમાં ને રોષમાં સામાયિક કરીએ તો તે યથાર્થપણે થાય નહિ. પ્રથમ તો તેમાં ચિત્ત ચોંટે નહિ; બીજું અસ્વસ્થ મને ક્રિયા કરતાં તેમાં ભૂલો-ચૂકો થાય; ત્રીજું એ વખતે અંતરમાં જે સમતા પરિણામ હોવો જોઇએ તે હોય નહિ. તેથી રોષ શમાવીને સામાયિક કરવું ઉચિત છે. રોષમાં થતું સામાયિક એ દેખાવ માત્રનું સામાયિક હોય છે, ખરૂં સામાયિક હોતું નથી, એટલે તેનાથી સામાયિક થયાનો સંતોષ શી રીતે મનાય?

પ્રશ્ન–સ્ત્રીકથા કોને કહેવાય?

ઉત્તર–જેમાં સ્ત્રીઓનાં રૂપ-લાવણ્ય વગેરેનું શ્રૃંગારિક વર્ણન આવતું હોય, તેને સ્ત્રીકથા કહેવાય.

પ્રશ્ન–તેને વિકથા ગણવાનું કારણ શું?

ઉત્તર–વિકથા એટલે વિકૃતિ ઉત્પન્ન કરનારી કથા-વાર્તા. સ્ત્રીઓનાં રૂપ અને લાવણ્યની શૃંગારભરી કથાઓ જરૂર માનસિક વિકૃતિ ઉત્પન્ન કરે છે, તેથી તેને વિકથા ગણવામાં આવી છે.

પ્રશ્ન–કોઈ ધાર્મિક પુસ્તકોમાં સ્ત્રીઓનાં શૃંગારિક વર્ણનો આવતાં હોય તો?

ઉત્તર–તેવાં પુસ્તકો સામાયિકમાં વાંચી શકાય નહિ.

પ્રશ્ન–સ્રીઓનાં રૂપ–સૌન્દર્યની પ્રશંસા કરવી, એ એક સદ્‌ગુણ નથી શું? ઘણા કવિઓએ સ્ત્રીઓનાં રૂપ–સૌન્દર્યની પ્રશંસા કરેલી છે અને તેને લોકોએ વખાણેલી છે, તેનું કેમ?

ઉત્તર–લૌકિક અને લોકોત્તર દૃષ્ટિમાં ઘણો ફેર છે. લૌકિક દૃષ્ટિએ સ્રીઓનાં રૂપ–સૌન્દર્યની પ્રશંસા ભલે એક સદ્‌ગુણ મનાતો હોય, પણ લોકોત્તર દૃષ્ટિ એટલે કે આધ્યાત્મિક દૃષ્ટિએ એ વસ્તુ ઇચ્છવા યોગ્ય નથી, કારણ કે તેનાથી મનોવિકાર અવશ્ય ઉત્પન્ન થાય છે. કવિઓ મોટા ભાગે રાજ–રજવાડા કે લોકોના મનનું રંજન કરવા ઇચ્છતા હોય છે, તેથી તેઓ આ પ્રકારનાં શૃંગારિક વર્ણનો કરે છે, પણ તેથી તે ઇષ્ટ કે અનુકરણીય છે, એમ માનવું જરૂરી નથી. આધ્યાત્મિક વિકાસની વાતમાં તો જેમનો આધ્યાત્મિક વિકાસ પૂર્ણતાએ પહોંચ્યો છે, તેમનાં જ વચનો પ્રમાણ કરવાં જોઇએ.

પ્રશ્ન-ભક્તકથા કોને કહેવાય ?

ઉત્તર-ભોજનના રસ, પ્રકારો વગેરે સંબંધી જે કથા-વાર્તા તે ભક્તકથા કહેવાય.

પ્રશ્ન-તેને વિકથા ગણવાનું કારણ શું ?

ઉત્તર-આવી કથા-વાર્તાઓ સાંભળતાં મનુષ્યના રસ-સ્વાદ સંબંધી સુપ્ત સંપ્રકારો જાગૃત થાય છે અને તેને રસમય-સ્વાદિષ્ટ ભોજનો કરવાની વૃત્તિ થઇ આવે છે, તેથી સંયમ તૂટે છે, એટલે ભક્તકથાને વિકથા ગણવામાં આવી છે. 'જીભ પરથી કાબૂ ગયો કે સંયમ ખલાસ' એ અનુભવ તો આપણામાંના ઘણાખરાને થયો જ હશે.

પ્રશ્ન-દેશકથા કોને કહેવાય ?

ઉત્તર-જુદા જુદા દેશો અને ત્યાં વસતા લોકોના ચિત્રવિચિત્ર રિવાજો સંબંધી કથા-વાર્તા કરવી, એ દેશ-કથા કહેવાય છે.

પ્રશ્ન-તેને વિકથા ગણવાનું કારણ શું ?

ઉત્તર-તેમાં એવી કેટલીયે હકીકતો હોય છે કે જે મનની સ્વસ્થતાનો ભંગ કરે છે, તેથી તેને વિકથા ગણવામાં આવી છે. વળી, આવી વાર્તા સાંભળવાથી આપણને કંઇ લાભ થવાનો સંભવ નથી, એટલે કે સામાયિકની સાધનામાં સહાય મળે તેમ નથી, તેથી તેને ફિઝુલ ગણી ત્યાગ કરવા યોગ્ય છે.

પ્રશ્ન-રાજકથા કોને કહેવાય ?

ઉત્તર-રાજાઓના ઐશ્વર્ય, ભોગવિલાસ તથા રૂપ-શ્રૃંગાર આદિ સંબંધી કથા-વાર્તા કરવી એ રાજકથા કહેવાય.

પ્રશ્ન-તેને વિકથા ગણવાનું કારણ શું છે?

ઉત્તર-આવી કથા-વાર્તાઓ સાંભળતાં મનુષ્યનું મન ઐશ્વર્ય તથા ભોગવિલાસ તરફ આકર્ષાય છે અને તેમાંથી અનેક જાતના અનર્થો પેદા થાય છે, તેથી તેની ગણના વિકથામાં કરવામાં આવી છે.

પ્રશ્ન-અપેક્ષારહિત વચન કોને કહેવાય?

ઉતર-જેમાં અન્ય અપેક્ષાઓ-સંભવિતતાઓનો નિષેધ કરવામાં આવ્યો હોય, તેને અપેક્ષારહિત વચન કહેવાય. દાખલા તરીકે 'આ કાર્ય હું જરૂર કરીશ' અથવા 'તમારું કાર્ય થશે જ' આ વચનો અપેક્ષારહિત છે. આપણે એક કાર્ય માટે યોજના ઘડી હોય, બનતો પ્રયત્ન કર્યો હોય અને એમ લાગતું હોય કે આ કાર્ય જરૂર થશે, છતાં છેલ્લી ઘડીએ એવી ઘટનાઓ બને છે કે કાર્ય થાય નહિ.' હાથમાં ગરમ ચાહ કે કોફીનો કપ લીધો હોય, અને મોઢે માંડવાની તૈયારી હોય, ત્યાં એ કપમાં માખી પડે છે અને ચાહ કે કોફી પીવાનું રખડી જાય છે. તાત્પર્ય કે આ વચન અન્ય અપેક્ષાઓ-સંભવિતતાઓથી રહિત હોઈ ખોટું પડવા સંભવ છે, તેથી નિરપેક્ષ-અપેક્ષા-રહિત વચનપ્રયોગ કરવો નહિ, એવી મહાપુરુષોની સલાહ છે. આ સ્થળે જો એમ કહીએ કે 'આ કાર્ય માટે હું

બનતો પ્રયત્ન કરીશ' અથવા 'આ કાર્ય થવાનો સંભવ છે' તો આ વચનો સાપેક્ષ એટલે અન્ય અપેક્ષાઓ – સંભવિતતાઓનો સ્વીકાર કરનારાં ગણાય અને તેમાં ખોટા પડવાનો વખત આવે નહિ, એટલે આવો વાક્યપ્રયોગ કરવો ઇચ્છનીય છે. 'વચન-નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન-સાપેક્ષ વ્યવહાર સાચો.' એ પંક્તિઓમાં આ વસ્તુનું નિરૂપણ થયેલું છે.

પ્રશ્ન – સામાયિકના સમયમાં એદીની માફક બેસી રહીએ, એટલે અન્ય પ્રવૃત્તિઓ બંધ રહે છે. શું આ સ્થિતિ ઇષ્ટ નથી ?

ઉત્તર-સામાયિકના સમયમાં પાપકર્મોથી નિવૃત્ત થવાનું છે અને સ્વાધ્યાયાદિ ધર્મધ્યાનમાં પ્રવૃત્ત થવાનું છે. એદીની માફક બેસી રહેતાં આ સ્વાધ્યાયાદિ ધર્મધ્યાનાદિ પ્રવૃત્તિ ન થાય, એ મોટું નુકશાન છે, તેથી એદીની માફક બેસી ન રહેતાં, સ્વાધ્યાયાદિ ધર્મજ્ઞાનની પ્રવૃત્તિ કરવી જોઈએ. સાધનાની સફલતા પુરુષાર્થને આધીન છે, એ ભૂલવાનું નથી.

પ્રશ્ન-સામાયિકના સમયમાં નિરાંત હોય છે, તેથી એ સમયમાં થોડી ગુલાબી નિદ્રા લઈ લઈએ તો શું ખોટું ?

ઉત્તર-નિરાંતનો ઉપયોગ ઊંઘમાં કરીએ, તેના કરતાં આત્મવિકાસને લગતી પ્રવૃત્તિમાં કરીએ તે વધારે ડહાપણભરેલું છે. ઊંઘ સામાન્ય હોય કે ગુલાબી હોય, પણ તે

એક પ્રકારનો પ્રમાદ છે, એ ભૂલવાનું નથી. ધર્મક્રિયા મનની સંપૂર્ણ સ્ફૂર્તિથી કરવાના સ્થાને ઊંઘવું કે ઝોકાં ખાવાં એ વિવાહમાં વરસી વાળવા જેવી એક મૂર્ખાઈભરી વિચિત્ર વસ્તુ છે. સામાયિકના સમયે ઊંઘ કે ઝોકાં ન આવે તે માટે માદક આહારનો ત્યાગ કરવો જોઈએ. વળી સાદો ખોરાક પણ પ્રમાણ કરતાં થોડો ઓછો લેવો જોઇએ. ઊણોદરિકા પણ એક પ્રકારનું તપ છે અને તે સંયમ–સાધનામાં ઘણું ઉપયોગી થાય છે.

[ ૧૦ ]

# સામાયિકનો સાધનાક્રમ

સામાયિકના અર્થ–ભાવ–રહસ્યથી આપણે ઠીક ઠીક પરિચિત થયા છીએ અને તેના વિધિ સંબંધી પણ જોઈતું જ્ઞાન મેળવી લીધું છે. હવે સામાયિક લીધા પછી–ગ્રહણ કર્યા પછી બે ઘડી એટલે ૪૮ મિનિટ સુધી શું કરવું જોઈએ ? તે સમજી લેવાનું છે. જો એ સમજણ સ્પષ્ટ નહિ હોય તો સામાયિકની સાધના યથાર્થપણે થશે નહિ અને તેના દ્વારા આપણે સમત્વ કે સમભાવની જે સિદ્ધિ કરવા ધારી છે, તે ઘણી દૂર જશે.

સામાયિક લેતી વખતે 'સજ્ઝાય સંદિસાહું ?' અને 'સજ્ઝાય કરું ?' એવા બે આદેશો લેવામાં આવે છે, તેનો અર્થ એ છે કે સામાયિકના સમય દરમિયાન મુખ્યત્વે સજ્ઝાય એટલે સ્વાધ્યાય કરવાનો છે. હવે સ્વાધ્યાયના બે અર્થો થાય છે: એક તો શાસ્ત્રનું અધ્યયન અને બીજો મંત્રજપ. એટલે સામાયિકના સમય દરમિયાન ધાર્મિક–આધ્યા-

ત્મિક ભાવનાની પુષ્ટિ કરે એવાં પસંદગીનાં પુસ્તકો શાંત ચિત્તે વાંચી-વિચારી શકાય છે. જો વિચાર સુધરે તો વૃત્તિ સુધરે, વૃત્તિ સુધરે તો પ્રવૃત્તિ સુધરે, અને પ્રવૃત્તિ સુધરે તો પરિણામ સુધરે; એટલે ધાર્મિક-આધ્યાત્મિક ભાવનાની પુષ્ટિ કરે એવાં પુસ્તકોનું વાંચન ઇષ્ટ છે. વાંચનાની સાચી રીત એ છે કે ધીમે ધીમે વાંચવું, સમજીને વાંચવું અને સમજણ ન પડે તો બીજી-ત્રીજી વાર વાંચવું, પણ સમજવાનો પૂરો પ્રયત્ન કરવો અને એ રીતે વસ્તુ સમજીને આગળ વધવું. આ રીતે એક પ્રકરણ વાંચ્યા પછી તેના પર વિચાર કરવો કે આમાં શું શું કહેવાયું ? તેની મનથી સંકલના કરવી અને કોઈ કડી તૂટતી લાગે તો ગ્રંથ ઉઘાડી એટલો ભાગ જોઈ લેવો. આ રીતે ગ્રંથ વાંચવાથી ઘણું જ્ઞાન મળે છે અને તે આત્મવિકાસ કે આત્મશુદ્ધિ કરવામાં ઉપકારક નીવડે છે.

સ્વાધ્યાય માટે કોણે કેવો ગ્રંથ પસંદ કરવો? તે એની ભૂમિકા પર આધાર રાખે છે. સાધક થોડું ભણેલો હોય તો તેણે સ્તવન, સજ્ઝાય તથા કથાગ્રંથોની પસંદગી કરવી અને તે ઠીક ઠીક ભણેલો હોય તો તાત્ત્વિક ગ્રંથોની પસંદગી કરવી. મુખ્ય વાત એ છે કે તે જે ગ્રંથ પસંદ કરે, તે તેને સમજાય એવો હોવો જોઇએ, નહિ તો થોડાં પાનાં ઉથલાવી મૂકી દેવાનો પ્રસંગ આવે અને ધાર્યો સ્વાધ્યાય થાય નહિ. આ પ્રકારના સ્વાધ્યાય માટે ખાસ સાહિત્ય વિશેષ પ્રમાણમાં તૈયાર કરવાની જરૂર છે.

શાસ્ત્રોમાં સ્વાધ્યાયના પાંચ પ્રકાર મનાયેલા છે, તે સંબંધી પણ અહીં થોડી વિચારણા કરી લઇએ. સ્વાધ્યાયનો પ્રથમ પ્રકાર 'વાચના' છે, એટલે સૂત્રપાઠ અને તેનો અર્થ ગ્રહણ કરવો. બીજો પ્રકાર 'પૃચ્છના' છે, એટલે સૂત્ર-અર્થ સંબંધી પ્રશ્નો પૂછી વિશેષ જાણકારી મેળવવી. ત્રીજો પ્રકાર 'પરિવર્તના' છે, એટલે શીખેલા સૂત્રપાઠની આવૃત્તિ કરવી, તેનું પુનરાવર્તન કરવું. ચોથો પ્રકાર 'અનુપ્રેક્ષા' છે, એટલે સૂત્રાર્થ સંબંધી ઊંડું ચિંતન કરવું અને પાંચમો પ્રકાર 'ધર્મકથા' છે, એટલે આ રીતે પ્રાપ્ત થયેલા ધર્મજ્ઞાનનું અન્યને કથન કરવું. સ્વાધ્યાયના આ પાંચ પ્રકારો મુખ્યત્વે શ્રમણસંસ્થાને અનુલક્ષીને યોજાયેલા છે અને તેને અનુસરતા શ્રુતજ્ઞાનની પરિપાટી જળવાઈ રહે છે તથા તે જનતાના હૃદય સુધી પહોંચે છે.

સ્વાધ્યાયના આ પાંચ પ્રકારો પૈકી સામાયિકમાં ત્રીજો અને ચોથો પ્રકાર એટલે શાસ્ત્રપાઠની આવૃત્તિ અને તેના અર્થ સંબંધી ઊંડું ચિંતન એ બે અપનાવવા જેવા છે. પૂર્વે અમે પ્રાચીન જૈન યોગપદ્ધતિનું જે વર્ણન કરેલું છે, તેમાં બીજી સૂત્રગતક્રિયા અને ત્રીજી અર્થગતક્રિયામાં લગભગ આ જ વસ્તુ સૂચવાયેલી છે. કાયોત્સર્ગ-અવસ્થાનો સ્વીકાર કરીને પણ આ બંને વસ્તુ થઈ શકે છે. વાચના, પૃચ્છના અને ધર્મકથા સામાયિકની સાધના વખતે અનુકૂલ નથી, કારણ કે તે વખતે ચિત્તને શાંત અને સ્થિર કરવાનો પ્રયત્ન હોય છે, તેમાં તે બાધક છે.

આજે શ્રાવક વર્ગમાં સૂત્ર-સિદ્ધાંતના જાણકાર કેટલા? ચાલુ ધાર્મિક અભ્યાસ પણ ઘણો ઓછો થઈ ગયો છે અને તે ઓછો થતો જાય છે. યુગ-પરિવર્તને લોકોનાં મન પર ઘણી મોટી અસર કરી છે. શ્રાવક-શ્રાવિકા વર્ગનો પણ તેમાં જ સમાવેશ છે, એટલે આ બાબત ઘણી ચિંતા ઉપજાવનારી છે. તે માટે આગેવાનોએ ચેતવું જોઈએ.

જેમનું વલણ મંત્રજપ તરફ હોય, તેમણે સામાયિક દરમિયાન મંત્રજપ કરવો જોઈએ. સામાયિકનાં મુખ્ય ઉપકરણોમાં જપમાલિકાની ગણના થયેલી છે, એટલે પ્રાચીન કાલથી સામાયિકમાં મંત્રજપ કરવાની પદ્ધતિ અમલમાં હતી એ નિશ્ચિત છે. શ્રાવકોને પંચપરમેષ્ઠીસ્મારક કહ્યા છે, એટલે આ જપ મુખ્યત્વે નમસ્કાર મહામંત્રનો હશે, એમાં કોઈ શંકા નથી. વળી જપમાલાનું નામ નવકારવાળી-નોકારવાળી પડ્યું છે, તે પણ એ જ સૂચવે છે કે એ જપમાલા વડે મુખ્યત્વે નમસ્કાર-મહામંત્રનો-નવકારનો જ જપ થતો હશે. અર્હં મંત્ર પણ તેની કોટિનો જ છે, કારણ કે તેમાં ૐકાર અને હ્રીંકારપૂર્વક અરિહંત દેવોને જ નમસ્કાર છે, એટલે તેનો જપ પણ સામાયિક દરમિયાન થઈ શકે છે. સિવાય ગુરુએ આત્મજાગૃતિ માટે કોઈ ખાસ મંત્ર આપ્યો હોય, તો તેનો જપ પણ થઈ શકે છે.

મનને ખીલે બાંધવા માટે જપ એક મોટું સાધન છે, એ ભૂલવાનું નથી. અન્ય શબ્દોમાં કહીએ તો વિશ્વના વિવિધ વિષયોમાં ભટકતું મન જપ વડે મર્યાદિત ક્ષેત્રમાં આવી જાય

છે અને તે ધીમે ધીમે પવિત્ર તથા સ્થિર થતું જાય છે. વળી જપ વડે ધ્યાનની ભૂમિકા તૈયાર થાય છે, એ પણ તેનો ઘણો મોટો લાભ છે.* પરંતુ માળા હાથમાં લઈને ફેરવવા માંડી કે જપ થતો નથી. તેનો વિધિ જાણવો જોઈએ.

પ્રથમ તો મેરુદંડ સીધો રાખીને સુખાસને બેસવું જોઈએ, એટલે કે પલાંઠી વાળીને ટટાર બેસવું જોઈએ. જો સાધકને પદ્માસન કે સ્વસ્તિકાસનનો અભ્યાસ હોય તો એ આસને પણ બેસી શકાય. પછી ડાબો હાથ કે જેમાં મુહપત્તી ધારણ કરેલી હોય છે, તે ડાબા સાથળ પર રાખવો જોઈએ અને જમણા હાથમાં રહેલા ચરવળાને બાજુએ રાખીને તેમાં માળા ગ્રહણ કરવી જોઈએ અને એ હાથ છાતી સન્મુખ લાવવો જોઈએ. તેથી ઊંચો કે નીચો રાખવો નહિ.

તે વખતે આંખ અર્ધમીંચેલી રાખી દૃષ્ટિ માલા તરફ સ્થિર કરવી જોઈએ. પછી એક મંત્રપદ બોલવાની સાથે એક મણકો ફેરવવો જોઈએ. મંત્રપદ ઝડપથી બોલાય અને મણકા ઓછા ફરે તો દોષ લાગે, કારણ કે એથી મંત્રજપની સંખ્યા જળવાય નહિ. તે જ રીતે મંત્રપદ ધીમેથી બોલાય અને મણકા ઝડપથી ફરે તો પણ દોષ લાગે, કારણ કે તેમાં પણ મંત્રજપની સંખ્યા જળવાય નહિ. મંત્રપદ બહુ ઝડપથી પણ નહિ અને બહુ મંદગતિએ પણ નહિ, પરંતુ સમગતિએ બોલવું જોઈએ અને તે જ વખતે માળાનો મણકો ફેરવવો

---

* જપની મહત્તા અને તેનું સ્વરૂપ વિસ્તારથી જાણવા માટે અમારો રચેલો '**જપ-ધ્યાન-રહસ્ય**' નામનો ગ્રંથ જુઓ.

જોઈએ. એ વખતે મંત્રપદ સિવાય અન્ય કોઈ વસ્તુ મનમાં દાખલ થવા દેવી ન જોઈએ. અન્ય સર્વ વિષયોમાંથી મનને નિવૃત્ત કરીને મંત્રપદમાં જોડવું એને જ સાચો જપ કહેવાય છે.

'જપમાં માળા કઈ કઈ જાતની વપરાય?' તેનો ખુલાસો 'બે પ્રકારની તૈયારીઓવાળા પ્રકરણમાં કરેલો છે, છતાં અહીં એટલું સૂચન કરીએ છીએ કે તે માટે ચંદનની માળા વધારે પસંદ કરવા યોગ્ય છે.

મંત્રજપની જે સંખ્યા નિયત થયેલી હોય, તે પૂરી કરવી જોઈએ, પણ તે ઉપરના વિધિએ. તેમાં ગોલમાલ કરીને એ સંખ્યા પૂરી કરીએ તો એનું ધાર્યું પરિણામ આવે નહિ.

જપ અંગે શંખાવર્ત, નંદ્યાવર્ત આદિ કેટલાક આવર્તોની પદ્ધતિ અમલમાં આવેલી છે, તે મનને એકાગ્ર કરવામાં કેટલેક અંશે ઉપયોગી નીવડે છે. અનુભવીઓ પાસેથી તેનું જ્ઞાન મેળવી લેવું જોઈએ.

સામાયિકની સાધના દરમિયાન અનાનુપૂર્વી પણ ગણી શકાય છે, કારણ કે તેથી ચિત્તને એકાગ્ર કરવામાં સહાયતા મળે છે.

સામાયિકના સ્વરૂપ સંબંધી શાસ્ત્રોમાં કેટલાક ઉલ્લેખો થયેલા છે, તે પણ આપણે સમજી લેવા જેવા છે. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

**त्यक्तार्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मणः ।**
**मुहूर्तं समता या तां, विदुः सामायिकव्रतम् ॥**

'આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો તથા સાવદ્યકર્મોનો ત્યાગ કરનારની એક મુહૂર્તપર્યંત જે સમતા, તેને સાધુ-પુરુષો સામાયિકવ્રત તરીકે ઓળખે છે.

તાત્પર્ય કે (૧) આર્તધ્યાન-રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો, (૨) સાવદ્યકર્મોનો ત્યાગ કરવો તથા (૩) બે ઘડી સુધી એટલે ૪૮ મિનિટ સુધી સમતા ધારણ કરવી, તે સામાયિક વ્રતનું સાચું સ્વરૂપ છે.

'સામાયિકમાં શું ન કરાય? તેમાં આર્તધ્યાન-રૌદ્રધ્યાનનો ત્યાગ જણાવેલો નથી, પણ અહીં તે સ્પષ્ટાક્ષરે જણાવેલો છે, એટલે તેનો ત્યાગ કરવાનો છે.

સાવદ્યકર્મોનો ત્યાગ કરેમિ ભંતે-સૂત્ર ઉચ્ચરીને કરવામાં આવે છે. સામાયિકનો સમય એક મુહૂર્ત એટલે બે ઘડી અર્થાત્ ૪૮ મિનિટનો છે, એ વાત સુપ્રસિદ્ધ છે. આટલા સમય સુધી સમતા રાખવી, કોઇ જાતનો ઉત્પાત કરવો નહિ, મનને ખોટા રવાડે ચડાવવું નહિ. સંસારની પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેતા મનુષ્યો પ્રારંભમાં આટલું શીખે તો પણ ઘણું છે. તેનો પડઘો દૈનિક જીવનમાં તથા સમસ્ત વ્યવહારમાં પડવાનો એ નિશ્ચિત છે.

અન્યત્ર કહ્યું છે કે—

**समता सर्वभूतेषु, संयमः शुभभावना ।**
**आर्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥**

'સર્વ પ્રાણીઓ સાથે સમભાવ, સંયમ, શુભભાવના અને આર્ત તથા રૌદ્રધ્યાનનો ત્યાગ, એ જ સામાયિકવ્રત છે.'

આમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના ત્યાગ ઉપરાંત બીજી ત્રણ મહત્ત્વની વસ્તુઓ કહેવામાં આવી છે. એક તો સામાયિકના સાધકે સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખવો, એટલે કોઇને વૈરી–વિરોધી ન માનતાં બધાને મિત્ર ગણવા. આ સંયોગોમાં કોઈનું અહિત કરવાની ભાવના તો થાય જ ક્યાંથી ? એટલે દયાની વાત આમાં આવી ગઈ. બીજી વસ્તુ સંયમની છે. સંયમ વિના ધર્મ, અધ્યાત્મ કે યોગમાં આગળ વધી શકાતું નથી. ધર્મશાસ્ત્રોએ સંયમના ૧૭ પ્રકારો માન્યા છે : પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ; પાંચ અવ્રતોનું વિરમણ, એટલે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન તથા પરિગ્રહનો ત્યાગ; ચાર કષાયોનો જય, એટલે ક્રોધ, માન, માયા અને લોભનો પરાભવ; અને મન, વચન તથા કાયા પર પૂરો કાબુ. ત્રીજી વસ્તુ શુભ ભાવનાની છે. શુભ ભાવનાનો સામાન્ય અર્થ સહુનું ભલું ઇચ્છવું તે છે. અને વિશેષ અર્થ તો શાસ્ત્રોમાં વર્ણવેલી બાર પ્રકારની તથા ચાર પ્રકારની ભાવનાઓનું સેવન છે.

વિશેષમાં એમ પણ કહેવાયું છે કે—

**जस्स समाणिओ अप्पा, संजमे नियमे तवे ।**
**तस्स सामाइयं होइ, इइ केवलिभासियं ॥**

'કેવલી ભગવંતે એમ કહ્યું છે કે, જેનો આત્મા (બહિર્ભાવ છોડીને) સંયમ, નિયમ અને તપમાં આવેલો છે, તેને સામાયિક (સિદ્ધ) થાય છે.'

એટલે સામાયિકની સિદ્ધિ માટે બહિર્ભાવ છોડીને અંતરાત્મભાવ ધારણ કરવો જોઇએ અને સંયમ, નિયમ તથા તપને પણ પોતાના જીવનમાં સ્થાન આપવું જોઇએ.

આ બધી વસ્તુઓ પર ગંભીરતાથી વિચાર કરીએ તો સમજાશે કે સામાયિકની સાધના અંગે આપણે ઘણું ઘણું કરવા જેવું છે; પણ તે બધું ક્રમશઃ કરીએ તો જ તેમાં ધારી પ્રગતિ થવા સંભવ છે. જે વસ્તુ પહેલાં કરવા જેવી હોય, તે પછી કરીએ અને પછી કરવા જેવી હોય, તે પહેલાં કરીએ તો અવ્યવસ્થા દોષ ઉભો થાય છે અને તે પ્રગતિના પ્રાણ હરી લે છે.

આ સાધનાક્રમનું દર્શન શ્રીમાન્ હરિભદ્રસૂરિએ કહેલા નીચેના શ્લોકમાં થાય છે :

**अध्यात्मं भावना ध्यानं, समता वृत्तिसंक्षयः ।**
**मोक्षेण योजनाद्योग, एष श्रेष्ठो यथोत्तरम् ॥**

'અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમત્વ અને વૃત્તિસંક્ષય મોક્ષમાં જોડનાર હોવાથી યોગ છે અને તે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.'

તાત્પર્ય કે અધ્યાત્મથી ભાવના પ્રકટે છે, ભાવનાથી ધ્યાન પ્રકટે છે અને ધ્યાનથી સમત્વની સિદ્ધિ થાય છે.

પરિણામે શેષ રહેલી વૃત્તિઓ-વાસનાઓનો ક્ષય થઈ જાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આનો અર્થ આપણે એમ સમજવાનો કે સમત્વની સિદ્ધિ કરવી હોય તો પ્રથમ અધ્યાયની ભૂમિકા સિદ્ધ કરવી જોઈએ, પછી ભાવનાની ભૂમિકા સિદ્ધ કરવી જોઈએ અને તે પછી ધ્યાનની ભૂમિકા સિદ્ધ કરવી જોઈએ. અમે આ ક્રમને અનુસરીને હવે પછીનાં પૃષ્ઠોમાં તે અંગે વિસ્તૃત વિવેચન કરેલું છે. તેને શાંત-સ્થિર ચિત્તે વાંચવાથી સામાયિકના સાધનાક્રમ અંગે સ્પષ્ટ માર્ગદર્શન મળશે અને તે સિદ્ધિ સમીપે લઈ જશે એવો અમારો દૃઢ વિશ્વાસ છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-સામાયિકની સાધનામાં યોગસાધનાનાં કયાં તત્ત્વો ગોઠવાયેલાં છે?

ઉત્તર-લગભગ બધાં જ. સ્થાનપ્રતિબદ્ધતા, સૂત્ર કે મંત્રનું રટણ, સૂત્રાર્થરૂપ તત્ત્વની અનુપ્રેક્ષા અને સાલંબન તથા નિરાલંબન ધ્યાનને સામાયિકની સાધનામાં વ્યવસ્થિત સ્થાન અપાયેલું છે.

પ્રશ્ન-અષ્ટાંગ યોગસાધનાની દૃષ્ટિએ શું પરિસ્થિતિ છે?

ઉત્તર-એ દૃષ્ટિએ પણ સામાયિકની સાધના યોગતત્ત્વોથી ભરપૂર છે.

પ્રશ્ન-શું સામાયિકની સાધનામાં યમ-નિયમોનો સ્વીકાર થયેલો છે?

ઉત્તર—હા. સામાયિકના ઉત્કૃષ્ટ સાધકે પાંચ મહાવ્રતો ધારણ કરવાના હોય છે, તે યમરૂપ છે અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ ધારણ કરવાની હોય છે, તે નિયમરૂપ છે.

પ્રશ્ન—પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ નિયમરૂપ શી રીતે?

ઉત્તર—જે આત્માનું નિયમન કરે, તે નિયમ કહેવાય. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ આત્માનું નિયમન કરનાર છે, તેથી તેને નિયમ માનવામાં હરકત નથી. અન્ય યોગ-સંપ્રદાયો નિયમની બાબતમાં એક નથી. તેઓ પાંચથી બાર સુધી નિયમોની સંખ્યા બતાવે છે, જ્યારે જૈન ધર્મમાં સમિતિ અને ગુપ્તિ અંગે કોઈ મતભેદ નથી.

પ્રશ્ન—સામાયિકની સાધના ગૃહસ્થો પણ કરે છે, તેમાં યમ-નિયમોને શું સ્થાન છે?

ઉત્તર—સામાયિકની સાધના વ્રતધારી શ્રાવકો નિયમિત અને વ્યસ્થિત કરે છે. તેઓ પાંચ મહાવ્રતોના અનુકરણરૂપે પાંચ અણુવ્રત પાળે છે, તે યમ રૂપ છે અને એ અણુવ્રતોની પુષ્ટિ માટે ત્રણ ગુણવ્રતો તથા ચાર શિક્ષાવ્રતો પાળે છે, તે નિયમરૂપ છે. ટૂંકમાં જૈન ધર્મની યમ-નિયમ પર ઘણી શ્રદ્ધા છે, એટલે તેણે સામાયિકની સાધનામાં તેને સ્થાન આપેલું છે.

પ્રશ્ન—આસન અંગે શી પરિસ્થિતિ છે?

ઉત્તર—સામાયિકની સાધના એક જ આસન પર બેસીને કરવાની હોય છે અને તેમાં સુખાસન, પદ્માસન, સ્વસ્તિકા-સન વગેરેનો આશ્રય લેવાય છે, એટલે તેમાં આસનનો સ્વીકાર થયેલો છે.

પ્રશ્ન–પ્રાણાયામ બાબત શી હકીકત છે?

ઉત્તર–જૈન દૃષ્ટિએ પ્રાણાયામ એ હઠયોગનો એક ભાગ છે, તેથી સામાયિકની સાધનામાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. સામાયિકની સાધના તો રાજયોગની જ સાધના છે.

પ્રશ્ન–અન્ય રાજયોગવાળાઓએ પ્રાણાયામને ચિત્ત-શુદ્ધિમાં ઉપયોગી ગણી તેનો સ્વીકાર કર્યો છે, તેનું કેમ?

ઉત્તર–અન્ય રાજયોગવાળાઓએ પ્રાણાયામને ચિત્તશુદ્ધિ માટે ભલે ઉપયોગી માન્યો હોય, પણ તે ચિત્તશુદ્ધિનું સીધું કારણ નથી. વળી તેમાં એક પ્રકારના ક્લેશનો અનુ-ભવ થાય છે અને ક્રિયામાં થોડો ફેર પડે તો અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે, એટલે જૈન મહર્ષિઓએ સામાયિકની સાધના માટે તેને ઉપયોગી માનેલો નથી. ચિત્તશુદ્ધિના બીજા ઉપાયો વિદ્યમાન છે અને તે એમાં બરાબર કામે લગાડવામાં આવ્યા છે.

પ્રશ્ન–સામાયિકની સાધનામાં પ્રત્યાહારનો સ્વીકાર કરાયો છે ખરો?

ઉત્તર–હા. પ્રત્યાહાર એ વાસ્તવમાં મન વશ કરવાની કલા છે અને તેનો સામાયિકની સાધનામાં બરાબર સ્વીકાર કરાયો છે. ખાસ કરીને મનોગુપ્તિ અને તેના પ્રકારો તેમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

પ્રશ્ન–સામાયિકની સાધનામાં ધારણાને સ્થાન છે ખરું?

ઉત્તર–સામાયિકની સાધનામાં પ્રતિમાઓ ધારણ કરવાનો વિષય આવે છે, તે ધારણા સિદ્ધ કરવા માટે જ છે.

ગૃહસ્થ સાધકો પણ જડ કે ચેતન કોઈ પદાર્થ પર દૃષ્ટિ સ્થિર કરીને ધારણાનો અભ્યાસ કરી શકે છે.

પ્રશ્ન-સામાયિકની સાધનામાં ધ્યાનને કેવું સ્થાન અપાયેલું છે?

ઉત્તર-ઘણું મહત્ત્વનું. સામાયિકમાં મુખ્યત્વે ધર્મ ધ્યાનનો જ અભ્યાસ કરવાનો હોય છે. જ્યારે આ ધ્યાનનો દૃઢ અભ્યાસ થાય, ત્યારે શુકલધ્યાનનો અભ્યાસ કરવાનો હોય છે. તેના બીજા પાયે ચાર ઘાતીકર્મોનો ક્ષય થઈ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન-અને સમાધિ અંગે શું સમજવાનું?

ઉત્તર-મનમાં સમભાવ પરિણમે એટલે સમાધિનો અનુભવ થાય છે. વાસ્તવમાં સમાધિ એ ધ્યાનની જ દીર્ઘ અવસ્થા છે.

પ્રશ્ન-સામાયિકની સાધનામાં યોગનાં આટલાં બધાં તત્ત્વો ગોઠવાયેલાં છે, તો તેને યોગસાધના કેમ કહેવામાં આવતી નથી?

ઉત્તર-યોગ શબ્દનો પ્રચાર છેલ્લાં ત્રણ હજાર વર્ષોમાં થયો છે, જ્યારે સામાયિકની સાધના તો તેનાથી ઘણી પુરાણી છે, એટલે તે નામે જ ઓળખાતી રહી છે. પણ તેને યોગસાધના માનીએ કે કહીએ તો એમાં કશું અનુચિત નથી.

[ ૧૧ ]

## મન જીતવાની કલા

સામાયિકનો અર્થ જણાવ્યો, તેના મહિમા પર પ્રકાશ પાડયો અને સામાયિક એ સારભૂત સુંદર ક્રિયા છે, અનેરું આધ્યાત્મિક અનુષ્ઠાન છે તથા સર્વશ્રેષ્ઠ રાજયોગ છે, એ વસ્તુની વ્યવસ્થિત રજૂઆત કરી ગયા. તે પરથી પાઠક મિત્રોને સામાયિકના સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ આવી ગયો હશે.

હવે રાજયોગમાં તો મુખ્યત્વે મન સાથે કામ લેવાનું છે, એટલે પ્રથમ તે સંબંધી કેટલીક વિચારણા કરીશું અને તે પછી ક્રમે ક્રમે આગળ વધીશું.

વિચારો, લાગણીઓ કે ભાવોને અનુભવવાનું મુખ્ય સાધન મન છે. જો મન ન હોય તો આપણે સારા કે ખોટા વિચારો કરી શકીએ નહિ, શુભ કે અશુભ લાગણીઓનું સંવેદન કરી શકીએ નહિ, તેમજ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કામ કે સામ્ય આદિ ભાવોનો અનુભવ કરી શકીએ નહિ. વળી એ પણ એક હકીકત છે કે આપણે

નિત્ય-નિરંતર મન સાથે કામ પાડવું પડે છે અને તેની સારી-ખોટી પ્રવૃત્તિ અનુસાર સારી-ખોટી હાલતમાં મૂકાવું પડે છે, એટલે તેના સ્વરૂપ-સ્વભાવથી વાકેફ થવું જરૂરનું છે.

યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજે શ્રી કુંથુનાથ ભગવાનના સ્તવનમાં મનના સ્વરૂપ-સ્વભાવનું જે ચિત્ર દોર્યું છે, તે જાણવાનું અહીં રસપ્રદ થઈ પડશે. તેઓ એ સ્તવનમાં કહે છે:

**કુંથુજિન ! મનડું કિમ હિ ન બાજે,**
**હો કુંથુજિન ! મનડું કિમ હિ ન બાજે;**
**જિમ જિમ જતન કરીને રાખું,**
**તિમ તિમ અલગું ભાજે-હો કુંથુજિન ! ૧**

'હે કુંથુનાથ ભગવાન ! આ મનને કોઈ રીતે વશ કરી શકાતું નથી. હું જેમ જેમ તેને સાચવીને રાખું છું, તેમ તેમ તે દૂર ભાગે છે. કહો, આ સંયોગોમાં હું શું કરું ?'

તાત્પર્ય કે મારું મન ધ્યેય સિવાય અન્ય કોઈ જગાએ જાય નહિ, એવો પ્રયત્ન કરું છું, પણ એ તો ધ્યેયને છોડી અન્યત્ર ભાગવા માંડે છે.

એક સ્થલે સ્થિર ન રહેતા જ્યાં ત્યાં ભટકયા કરવું તેને શાસ્ત્રકારોએ **'વિક્ષેપ'** કે **'ચંચલતા'** નામનો દોષ ગણ્યો છે. આ ચંચલતાદોષ મનમાં કેટલા મોટા પ્રમાણમાં વ્યાપેલો છે ? તેનું નિદર્શન બીજી ગાથામાં કરાવે છે.

**રજની વાસર વસતિ ઉજડ,**
**ગયણ પાયાલે જાય;**

**'સાપ ખાય ને મુખડું થોથું,'**
**એહ ઉખાણો ન્યાય–હો કુંથુજિન ! ૨**

'તે ક્ષણમાં રાત્રિ તો ક્ષણમાં દિવસ, ક્ષણમાં વસતિ તો ક્ષણમાં ઉજડ અને ક્ષણમાં આકાશ તો ક્ષણમાં પાતાલ, એ રીતે ભ્રમણ કરતું રહે છે. 'સાપ ખાય અને મુખડું થોથું' એવું એક ઉખાણું છે. તે આ બાબતમાં બરાબર લાગુ પડે છે. સાપ પોતાના સ્વભાવ પ્રમાણે એક વસ્તુ ગળી જાય છે, પણ તેના મુખને કંઈ સ્વાદ આવતો નથી. તેમ મન અહીં બેઠું ગમે તેવા વિચારો કરે છે, પણ તેથી મનને કંઈ લાભ થતો નથી.'

તાત્પર્ય કે મનની ચંચલતા અસાધારણ છે. કેટલાક તેને ધજાની પૂંછડી, કુંજરના કાન કે મદિરા પીધેલ મર્કટની ઉપમા આપે છે, પણ મનની ચંચલતા આગળ ધજાની પૂંછડી, કુંજરના કાન કે મદિરા પીધેલ મર્કટની ચપલતા કોઈ વિસાતમાં નથી. ક્યાં રાત્રિ અને ક્યાં દિવસ ! ક્યાં વસતિ અને ક્યાં ઉજડ ! અને ક્યાં આકાશ અને ક્યાં પાતાલ ! છતાં મન ક્ષણ માત્રમાં ત્યાં પહોંચી જાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે ગમે તેટલા દૂર રહેલા વિષયોને મન પોતાના સ્થાને રહીને પકડી પાડે છે. તે માટે તેને ત્યાં જવું પડતું નથી. પાંચ ઇન્દ્રિયો અને છઠું મન જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો છે, તેમાં ચક્ષુરિન્દ્રિય અને મન સિવાયનાં અન્ય સાધનોને વિષયનો સંપર્ક થવાની

જરૂર રહે છે. જેમ કે-કોઈ વસ્તુનો સ્પર્શ થાય ત્યારે જ સ્પર્શનેન્દ્રિય તેનો સુંવાળો-ખરબચડો આદિ સ્પર્શ જાણી શકે છે. 'અત્યારે ઠંડો પવન વાય છે કે ગરમ લૂ ઝરે છે.' એવો અનુભવ થવામાં શીત કે ઉષ્ણ પરમાણુઓનો સંપર્ક કારણભૂત હોય છે. તે જ રીતે કોઈ વસ્તુનો જીભને સ્પર્શ થાય, ત્યારે જ તે તેનો સ્વાદ જાણી શકે છે. નાકને પણ સુવાસિત કે દુર્ગંધવાળા પરમાણુઓનો સંપર્ક થાય ત્યારે જ તે વાસ પારખી શકે છે અને કાનને પણ શબ્દનાં મોજાં અથડાય ત્યારે જ તે શબ્દના પ્રકારને જાણી શકે છે. આ કારણે આ ચાર ઈન્દ્રિયોને 'પ્રાપ્યકારી' માનવામાં આવી છે પરંતુ ચક્ષુરિન્દ્રિયને પોતાનો વિષય પકડવા માટે વસ્તુનો સંપર્ક કરવાની જરૂર પડતી નથી. તે અહીં બેઠાં જ લાખો-ક્રોડો માઈલ દૂર રહેલા ચંદ્ર, સૂર્ય, તારા વગેરેનું દર્શન કરી શકે છે. મનનું પણ એવું જ છે. તે અહીં બેઠું જગતની કોઈ પણ વસ્તુ સંબંધી વિચાર કરી શકે છે. આ કારણે ચક્ષુરિન્દ્રિય તથા મનને 'અપ્રાપ્યકારી' માનવામાં આવ્યાં છે. તેથી મન ભાગે છે, દોડે છે, ભ્રમણ કરે છે, પરિભ્રમણ કરે છે, જાય છે, વગેરે શબ્દપ્રયોગોને ઔપચારિક સમજવાના છે. તે એક વિષયને છોડી તરત બીજાને પકડે છે અને બીજો વિષય છોડી તરત ત્રીજાને પકડે છે, એ જ એની ચંચલતા છે.

મન અહીં બેઠું બેઠું ઢંગધડા વિનાના ગમે તે વિચારો કર્યા કરે, તેથી આપણને કંઈ લાભ થતો નથી. તે અંગે સંત કબીરે કહ્યું છે કે-

**मना मनोरथ छांडिये, तेरा किया न होय;**
**पानीसे घीव निकले, रूखा खाय न कोय.**

'હે મન! તું મિથ્યા મનોરથો છોડી દે, કારણ કે તારું ચિંતવેલું કંઈ થતું નથી. જો પાણીમાંથી ઘી નીકળતું હોત તો આ દુનિયામાં કોઈ લૂખું ખાત નહિ.' તાત્પર્ય કે પૌદ્ગલિક પદાર્થોના મનોરથો વડે સાચું સુખ મેળવવાનો પ્રયત્ન કરવો, એ પાણી વલોવીને ઘી કાઢવા જેવો નિરર્થક છે.'

આગળ કહે છે:

**મુગતિ તણા અભિલાષી તપિયા,**
**જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;**
**વયરીડું કાંઈ એહવું ચિંતવે,**
**નાંખે અવળે પાસે–હો કુંથુજિન. ૩**

'આ જગતમાં મુક્તિ, મોક્ષ કે નિર્વાણપ્રાપ્તિના હેતુથી કેટલાક મનુષ્યો વિવિધ પ્રકારનાં તપો કરે છે, કેટલાક મનુષ્યો જ્ઞાનમાં મસ્ત બને છે, તો કેટલાક મનુષ્યો ધ્યાનનો અભ્યાસ કરે છે; પરંતુ એ બધાને મનની નડતર બહુ મોટી છે, કારણ કે તે ગમે ત્યારે ગમે તેવું ચિંતન કરવા લાગી જાય છે અને એ રીતે તપસ્વીના તપનો, જ્ઞાનીના જ્ઞાનનો અને ધ્યાનીના ધ્યાનનો ભંગ કરે છે. તાત્પર્ય કે તેમણે જે પરિણામ લાવવા ધાર્યું હોય, તેથી ઊલટું જ પરિણામ લાવી દે છે.'

અહીં એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે આપણું મન

જ્યારે અશુભ-અપવિત્ર વિચારો કરે છે, ત્યારે તે આપણા વૈરીનું કામ કરે છે, પણ તે જ મન વડે જો આપણે શુભ કે પવિત્ર વિચારો કરીએ તો તે આપણા મિત્રનું કામ પણ કરે છે. તાત્પર્ય કે મન એ સ્વભાવે વૈરી કે મિત્ર નથી, આપણે તેને જેવું બનાવીએ તેવું તે થાય છે. આ ભાવ નીચેના પ્રાચીન સુભાષિતમાં બરાબર વ્યક્ત થયેલો છે:-

**मन एव मनुष्याणां, कारणं बन्धमोक्षयोः ।**
**बन्धाय विषयासक्तं, मुक्त्यै निर्विषयं स्मृतम् ॥**

'મનુષ્યના બંધ અને મોક્ષનું કારણ મન છે. જો મન વિષયાસક્ત હોય તો તે બંધનું કારણ બને છે અને નિર્વિષય હોય તો મોક્ષનું કારણ બને છે.'

તાત્પર્ય કે મનને માત્ર વૈરી માનીને તેનો તિરસ્કાર કરવાથી આપણું કોઈ કાર્ય સિદ્ધ થાય એમ નથી. જો આપણે તેને મિત્ર બનાવીએ અને તેની પાસેથી સમજ-પૂર્વક કામ કરી લઈએ તો તે આપણાં અનેક કાર્યો સિદ્ધ કરવામાં સહાયક થાય છે અને છેવટે મુક્તિ મેળવવામાં પણ મદદગાર નીવડે છે.

**આગમ આગમધરને હાથે,**
**નાવે કિણવિધ આંકું;**
**કિંહા કણે જો હઠ કરી હટકું,**
**તો વ્યાલતણી પરે વાંકું-હો કુંથુંજિન! ૪**

'બીજાની વાત તો દૂર રહો, પણ આગમને જાણનારા

એવા આગમધરના હાથે પણ તે કોઈ રીતે અંકુશમાં આવતું નથી. વળી જો બળજબરી કરીએ તો તે સીધું ચાલવાને બદલે સાપની પેઠે વાંકું ચાલવા લાગે છે.'

તાત્પર્ય કે એક મનુષ્ય ઘણો વિદ્વાન હોય, જ્ઞાની હોય તેથી તે મનને જીતી શકે એવું નથી. જ્ઞાન સાથે ક્રિયા પણ જોઇએ, અભ્યાસ પણ જોઈએ. જો તે મનને જીતવાનો પદ્ધતિસર અભ્યાસ કરે તો જ મનને જીતવામાં સફળ થાય છે. જો પદ્ધતિને છોડીને તેની પાસેથી ગમે તેમ કામ લેવા માંડે તો તે જરૂર સામું થાય છે અને સીધી ગતિ છોડી વક્રગતિને ધારણ કરે છે. તાત્પર્ય કે તેને બળજબરીથી વશ કરી શકાતું નથી.

એક વિદ્યાર્થીને ક્રિકેટ મેચ જોવાનું ઘણું મન હતું. તેણે મેચની ટિકિટ ખરીદવા પિતા પાસે પૈસા માગ્યા. પિતાએ કહ્યું: 'હાલ મારી પાસે પૈસા નથી. તું ક્રિકેટ નહિ જુએ તો શું બગડી જવાનું છે?' પરંતુ વિદ્યાર્થીને તો કોઇ પણ રીતે ક્રિકેટ મેચ જોવી જ હતી, એટલે તેણે રાત્રે પોતાના ઘરમાં ચોરી કરી અને ટિકીટ જેટલા પૈસા મેળવી બીજા દિવસે મેચ જોઈ. તાત્પર્ય કે મનને સમજાવીને કામ લઇ શકાય છે, પણ બળાત્કારથી કામ લઇ શકાતું નથી.

**'જો ઠગ કહું તો ઠગ તો ન દેખું,**
**શાહુકાર પણ નાહીં;**
**સર્વમાંહે ને સહુથી અલગું,**
**એ અચરિજ મન માંહી–હો કુંથુજિન! ૫**

'આ મન મને અનેક વાર ઠગે છે, તેથી તેને ઠગ કહેવાનું મન થાય છે, પણ ઘણી વાર તે નિખાલસપણે જેવું હોય તેવું કહી પણ દે છે, તો તેને ઠગ કેમ કહી શકું! જો તે ઠગ ન હોય તો શાહુકાર હોવું જોઇએ, પણ તેનામાં શાહુકારનાં બધાં લક્ષણો જણાતાં નથી, કારણ કે તે ઘણી વાર કૂડ-કપટ પણ કરે છે અને અપ્રમાણિકતાનો આશ્રય લેવા પણ લલચાય છે. મને આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે તે સર્વ બાબતોમાં માથું મારે છે અને છતાં સહુથી અલગું-જાદું શી રીતે રહે છે!'

તાત્પર્ય કે મન વડે સારા અને ખોટા એમ બંને પ્રકારના વિચારો થયા કરે છે. વળી કોઈ નવી વાત આવી કે તે તરત તેનો વિચાર કરવા લાગી જાય છે અને 'તેમાં આપણે શું?' એમ માની તેનાથી તરત છૂટું પણ થઈ જાય છે.

વિવિધ લાગણીઓથી રંગાવું એ મનનો 'મલ' નામનો દોષ ગણાય છે.

**જે જે કહું તે કાન ન ધારે,**
**આપમતે રહે કાલું;**
**સુરનર પંડિતજન સમજાવે,**
**સમજે ન માહરો સાલું-હો કુંથુજિન! ૬**

'મનને સમજાવવા માટે હું કેટલીક શિખામણો આપું છું, પણ તે મારી બધી વાતો કાને ધરતું નથી. તેને જે

ઠીક લાગે તેને તે ગ્રહણ કરે છે અને જે ઠીક ન લાગે તેને છોડી દે છે. આ રીતે તે આપમતિયું બનીને બાલીશ વર્તન કરે છે. હું તો ઠીક, પણ દેવતાઓ કે મોટા પંડિતો તેને સમજાવે તો ય મારું સાલું સમજતું નથી.'

તાત્પર્ય કે મનને સમજાવવાનું કામ ઘણું કઠિન છે. તેને ઘણી ઘણી રીતે સમજાવીએ તો પણ તે સમજતું નથી. કેટલીક વાર એમ લાગે છે કે મન હવે સમજી ગયું છે, પણ તે ક્યારે પોતાની પુરાણી આદત પર આવી જશે, તે કહેવાતું નથી. ખરી વાત તો એ છે કે જ્યાં સુધી વાસનાઓનું બલ ઘટતું નથી, ત્યાં સુધી મનની સ્થિતિ ડામાડોળ રહે છે. હવે વાસનાનું બલ ત્યારે જ ઘટે છે કે જ્યારે તપ, જપ જ્ઞાન, અને ધ્યાનનો આશ્રય લેવામાં આવે છે, એટલે મનને ઠેકાણે લાવવા માટે હિતશિક્ષા ઉપરાંત તપ, જપ, જ્ઞાન અને ધ્યાનનો આશ્રય લેવો જરૂરી છે.

**મેં જાણ્યું એ લિંગ નપુંસક,**
**સકલ મરદને ઠેલે;**
**બીજી વાતે સમરથ છે નર,**
**એહને કોઈ ન ઝેલે–હો કુંથુજિન! ૭**

'મેં તો એમ જાણ્યું હતું કે મન એ નપુંસકલિંગી શબ્દ છે, એટલે તે પોતે પણ નપુંસક જ હશે. પરંતુ એ તો એવું જબરૂં છે કે ભલભલા ભડવીરોને તથા નરબંકાઓને પણ હરાવી દે છે. મનુષ્યો બધી વાતે સમર્થ છે, પણ કોઈ એનો સામનો કરવાને સમર્થ નથી.'

મનની દુર્જેયતાને અનુલક્ષીને આ શબ્દો કહેવામાં આવ્યા છે, પણ આજ સુધીમાં અસંખ્ય આત્માઓએ મનની સાથે બાથ ભીડી છે, મનને હરાવ્યું છે અને આત્માનો પૂર્ણ વિકાસ કરી સિદ્ધિ સંપાદન કરી છે. જો મનુષ્યોમાં મનનો સામનો કરવાની તાકાત જ ન હોત તો આજે સિદ્ધિસ્થાન ખાલી પડયું હોત, અર્થાત્ ત્યાં એક પણ સિદ્ધાત્માની ઉપસ્થિતિ જ ન હોત; પણ આજે સિદ્ધિસ્થાનમાં અનંત સિદ્ધ ભગવંતો વિરાજી રહ્યા છે, એટલે એ વાત નિશ્ચિત છે કે દૃઢ સંકલ્પથી મનને જીતી શકાય છે, તેના પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાય છે અને એ રીતે અભીષ્ટની સિદ્ધિ કરી શકાય છે.

**મન સાધ્યું તેણે સઘલું સાધ્યું,**
**એહ વાત નહીં ખોટી;**
**એમ કહે સાધ્યું તે નહિ માનું,**
**એક હિ વાત છે મોટી-હો કુંથુજિન ! ૮**

'મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું' એમ જે કહેવાય છે, તે વાત ખોટી નથી. પરંતુ કોઈ એમ કહે 'મેં મારું મન સાધી લીધું છે.' તો એ વાત એકદમ માનવા જેવી નથી, કારણ કે આ વસ્તુ ઘણી મોટી છે.'

જો મનને સાધવામાં આવે-જીતવામાં આવે, તો પૂજા-પાઠ, વ્રત, નિયમ, તપ, જપ, જ્ઞાન, ધ્યાન, આદિ બધાં સાધનો સફલ થાય છે અને મનને સાધવામાં ન આવે-જીતવામાં ન આવે તો પૂજા-પાઠાદિ સર્વ સાધનો નિષ્ફલ

જાય છે; તેથી મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું ' એ ઉક્તિ પ્રચલિત થયેલી છે. મહાપુરુષોએ તેને સંમતિની મહોર મારી છે, પરંતુ આજકાલ સૂંઠના ગાંગડે ગાંધી થનારની ખોટ નથી, એટલે કે મનને જીતવામાં થોડી પ્રગતિ થઈ કે તેઓ મનને પૂરું જીત્યાનો દાવો કરે છે, પરંતુ સુજ્ઞજનોએ એવા દાવાનો તરત સ્વીકાર કરવો ન જોઇએ.

જેમ તેલ જોવાય છે અને તેલની ધાર પણ જોવાય છે, તેમ મન જીતવાનો દાવો કરનારના વિચાર, વાણી અને વર્તન જોવાં જોઈએ–તપાસવાં જોઇએ અને તેમાં તથ્ય લાગે તો જ તેનો સ્વીકાર કરવો જોઈએ. મનને જીતવાની વાત મામુલી નથી કે રસ્તે ચાલતી ગમે તે વ્યક્તિ તેમાં સફલતા મેળવી શકે. એ વાત ઘણી મોટી છે, તેથી ધીર, વીર, અને ગંભીર વ્યક્તિઓ જ તેમાં સફલ થઇ શકે છે.

**મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું,**
**તે આગમથી મતિ આણું;**
**આનંદઘન પ્રભુ માહરૂં આણો,**
**તો સાચું કરી જાણું–હો કુંથુજિન ! ૯**

' આગમોનું અધ્યયન કરતાં એટલી વાત હું સમજી શકયો છું કે જેઓ જિન બને છે, તેમણે અતિ પ્રયત્ને જીતી શકાય એવા મનને પૂરેપૂરું જીતી લીધું હોય છે, એટલે હે કુંથુનાથ ભગવાન ! તમે તમારા મનને પૂરેપૂરું જીતી લીધું હશે એવો મને વિશ્વાસ છે, પરંતુ આનંદના અક્ષય-ધામ સમા હે પ્રભુ ! મને આ વાતની પૂરી પ્રતીતિ તો ત્યારે

જ થાય કે જ્યારે તમે મારું મન આ રીતે પૂરેપૂરું વશમાં લાવી દો. '

સંગ્રામમાં એક લાખ સુભટને જીતવા કરતાં એક મનને જીતવાનું કામ વધારે અઘરૂં છે. તે ઘણા પ્રયત્ને-ઘણા અભ્યાસે જીતી શકાય છે, તેથી તેને દુરારાધ્ય કહેવામાં આવ્યું છે. સામાયિકની સાધનાનો સ્વીકાર કર્યા પછી દરેક તીર્થંકર આ દુરારાધ્ય મનને પૂરેપૂરું જીતી લે છે, તેથી તેઓ સમભાવની સિદ્ધિ કરીને સર્વજ્ઞ અને સર્વદર્શી બની શકે છે તથા ધર્મરૂપી તીર્થની સ્થાપના વડે તીર્થંકરપદ સાર્થક કરી શકે છે. જો આપણે પણ સામાયિકની-સમભાવની સિદ્ધિ કરવી હોય તો આ દુરારાધ્ય મનને પૂરેપૂરું જીતી લેવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ અને તે માટે પદ્ધતિ-સરનો પૂરો પ્રયત્ન કરવાની તૈયારી રાખવી જોઈએ.

આ સંબંધમાં શાસ્ત્રકારોના થોડા શબ્દો સાંભળી લો :

**दीपिका खल्वनिर्वाणा, निर्वाणपथप्रदर्शिनी ।**
**एकैव मनसः शुद्धिः, समाम्नाता मनीषिभिः ॥**

' વિદ્વાન પુરુષોએ એક મનઃશુદ્ધિને જ મોક્ષમાર્ગ દેખાડનારી અને ન બુઝાય તેવી દીપિકા કહેલી છે.'

**सत्यां हि मनसः शुद्धौ, सन्त्यसन्तोऽपि सद्गुणाः ।**
**सन्तोऽप्यसत्यतां नो सन्ति सैव कार्या बुधैस्ततः ॥**

' જો મનઃશુદ્ધિ થયેલી હોય તો અવિદ્યમાન ગુણો આવી મળે છે અને ગુણો વિદ્યમાન હોય છતાં મનઃશુદ્ધિ

ન હોય તો તે ગુણો છે જ નહિ; અર્થાત્ તે ગુણો ચાલ્યા જવાના કે નકામા છે.'

तदवश्यं मनःशुद्धिः कर्तव्या सिद्धिमिच्छता ।
तपः श्रुतयमप्रायैः, किमन्यैः कायदण्डनैः ॥

'માટે મોક્ષની ઇચ્છા રાખનારાઓએ મનની શુદ્ધિ અવશ્ય કરવી જોઇએ. તે સિવાય તપ કરવાથી, શાસ્ત્રનું અધ્યયન કરવાથી, વ્રતો ધારણ કરવાથી કે બીજા કાયને દંડનારા ઉપાયો અજમાવવાથી શું ?'

કબીર સાહેબ કહે છે :

मन ही को परबोधिये, मन ही को उपदेश ।
जो यह मन बस आवइ, शिष्य होय सब देश ॥

'બીજાને જાગૃત કરવા કરતાં તમારા મનને જ જાગૃત કરો અને બીજાને ઉપદેશ દેવા કરતાં તમારા મનને જ ઉપદેશ આપો. જો આ મન વશમાં-કાબૂમાં આવશે તો આખો દેશ તમારો શિષ્ય થઈ જશે. અર્થાત્ તમે સહુના સ્વામી બનશો. પછી તમારે કોઈ પણ જાતની પરાધીનતા રહેશે નહિ.

भूप दुःखी अवधूत दुःखी, दुःखी रंक विपरीत ।
कहै कबीर ये सब दुःखी, सुखी संत मनजीत ॥

'કબીર પોતાના અનુભવથી કહે છે કે રાજાઓ દુઃખી છે, અવધૂત-બાવા-સંન્યાસી-સાધુઓ પણ દુઃખી છે, રંકો

પણ દુઃખી છે અને શ્રીમંતો પણ દુઃખી છે. માત્ર મનને પૂરેપૂરું વશ કરનાર સંત પુરુષો જ સુખી છે. તાત્પર્ય કે મનુષ્ય નાનો-મોટો ગમે તે સ્થિતિમાં હોય, પણ પોતાના મનને પૂરું જીત્યા વિના તે સુખી થઈ શકતો નથી.'

મનને જીતવા માટે તેનો મલદોષ એટલે કે તેની મલિનતા અને વિક્ષેપદોષ એટલે કે તેની ચંચલતા દૂર કરવી પડે છે. જો મલિનતા દૂર ન થાય તો તે શુદ્ધ બની શકે નહિ અને ચંચલતા દૂર ન થાય તો તે સ્થિર બની શકે નહિ. યોગની તમામ પ્રણાલિકાઓ મનને જીતવા માટે જ નિર્માણ થયેલી છે.

રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ અને કામ એ બધા એક પ્રકારના માનસિક ભાવો જ છે, એટલે મનને જીતવાથી એ બધા ભાવોને જીતી શકાય છે. મનને જીત્યા વિના સર્વજીત થઈ શકાતું નથી. તે સંબંધમાં એક કથા સાંભળો.

## સર્વજીત

કરણસિંહ નામનો એક રાજા હતો. તેણે પોતાના પ્રચંડ સૈન્ય વડે છ ખંડ ધરતી જીતી લીધી હતી, તેથી સહુ તેને સર્વજીત કહેતા હતા. રાજાને આ સાંભળી પ્રસન્નતા થતી, પરંતુ તેની માતા તેને એ નામથી બોલાવતી ન હતી. એ તો તેના મૂલ નામથી જ બોલાવતી હતી.

એક દિવસ રાજાએ માતાને કહ્યું: 'માતા! બધા મને સર્વજીત કહીને બોલાવે છે અને તું મને સર્વજીત

કહીને કેમ બોલાવતી નથી ? હવેથી તું પણ મને સર્વજીત કહીને બોલાવજે.' પરંતુ માતાએ કંઈ જવાબ આપ્યો નહિ, એટલે રાજાએ પૂછ્યું : 'તું કેમ કંઈ જવાબ આપતી નથી ?' ત્યારે માતાએ કહ્યું : 'જો તારે એનું કારણ જાણવું હોય તો અહીંથી પચાશ ગાઉ દૂર, નદીના કિનારે, એક વડના વૃક્ષ નીચે, એક મહાત્મા બેસે છે. તેની પાસે જા. તે એનું કારણ જણાવશે.'

માતાના આ ઉત્તરથી રાજાને આશ્ચર્ય તો થયું, પણ માતાની સૂચનાને માન આપી તે પોતાના થોડા વિશ્વાસુ માણસો સાથે પેલા મહાત્મા પાસે ગયો અને તેમને વંદન કરીને સામે બેઠો. મહાત્માએ તેને કુશલ-સમાચાર પૂછ્યા અને આગમનનું કારણ પૂછ્યું. રાજાએ કહ્યું : 'ગુરુદેવ ! મેં છ ખંડ ધરતી જીતી લીધી છે અને સહુ મને સર્વજીત કહે છે, પણ મારી માતા મને સર્વજીત કહેતી નથી, તેનું કારણ શું ? તેના કહેવાથી એ કારણ જાણવા હું આપની પાસે આવ્યો છું.'

મહાત્મા બધી પરિસ્થિતિ સમજી ગયા. તેમણે કહ્યું : 'રાજન્ ! તેં છ ખંડ ધરતી જીતી લીધી છે, પણ હજી એક વસ્તુ જીતી નથી, એટલે તને સર્વજીત શી રીતે કહેવાય ?' રાજાએ કહ્યું : 'એવું કોણ છે કે જેને મેં જીત્યું ન હોય ? મેં છ ખંડ ધરતીના નાના-મોટા બધા જ રાજાઓને જીત્યા છે.' મહાત્માએ કહ્યું : 'એ વાત સાચી, પણ તેં હજી તારા મનને જીત્યું નથી. સર્વમાં તો મન પણ

આવી ગયું ને ! વળી મોટા મોટા રાજાઓ કરતાં પણ મનને જીતવું મુશ્કેલ છે.'

તે જ વખતે રાજાએ પોતાના મનને પૂરેપૂરું જીતી લેવાનો નિર્ણય કર્યો. મહાપુરુષે તેને ધન્યવાદ આપ્યા અને જણાવ્યું કે 'જે મનને જીતે છે, તે સર્વજીત છે. મનને જીત્યા પછી કંઈ જીતવાનું બાકી રહેતું નથી.'

હવે મનને જીતવા માટેના કેટલાક અભ્યાસો અહીં રજૂ કરીશું.

## પ્રથમ અભ્યાસ-વિચારદર્શન

એક સ્વચ્છ-સુઘડ ઓરડામાં ઊનનું આસન બિછાવીને તેના પર સિદ્ધાસન કે પદ્માસનમાં બેસી જાઓ. હાથને ધ્યાન માટે નિશ્ચિત મુદ્રામાં રાખો. આંખો બંધ કરી લો. મેરુદંડને સીધો રાખો. હવે મનમાં આવનારા વિચારો પર ધ્યાન આપો. જે વિચાર મનમાં આવે તેને આવવા દો. આવતા વિચારોને રોકવા, હઠાવવા કે દબાવવાનો જરાપણ પ્રયત્ન ન કરો. જે વિચારો આવે તેને આવવા દો અને તમે એ વિચારોને ચૂપચાપ દેખતા રહો. તમારું સમગ્ર ધ્યાન એ વિચારો પર કેન્દ્રિત કરો. તમે એવી કલ્પના કરો કે તમે એક દર્શક બનીને એ વિચારોને જોઈ રહ્યા છો. દ્રષ્ટા બનીને એ વિચારોનું આવવું-જવું દેખતા જાઓ અને તેનું અધ્યયન કરતા જાઓ. મન કેવી રીતે એક વિચારથી બીજા વિચાર પર, એક ઘટનાથી બીજી ઘટના પર વિચરણ કરે છે, વ્યતીત થયેલી ઘટનાઓનું કેવી રીતે પુનરાવર્તન કરે

છે અને ભવિષ્યની કલ્પનાઓ કેવી રીતે નિર્માણ કરે છે, તે એક દૃષ્ટા તરીકે બરાબર જુઓ. વિચારોને રોકવાનો અથવા હઠાવવાનો પ્રયત્ન ન કરો. થોડી વાર માટે તમે પોતાને એનાથી અલગ સમજો. કલ્પના કરો કે તમે એક અલગ વ્યક્તિ છો અને મન એક અલગ વસ્તુ છે. તમે એને એ રીતે જોઇ રહ્યા છો.

આવી રીતે કેટલીક વાર અને કેટલાક દિવસના અભ્યાસથી તમે અનુભવ કરશો કે જેમ તમે વિચારોના પ્રવાહ તથા મનની ગતિને જોવા માંડો છો કે તે ગતિ રોકાવા લાગે છે, મન સ્થિર થવા લાગે છે, વિચારો પોતાની મેળે જ અટકવા લાગે છે, વિચારોનું આગમન પોતાની મેળે જ બંધ થઇ જાય છે અને મન નિશ્ચલ થવા લાગે છે.

આ અભ્યાસમાં વિચારોના આગમનને રોકવું પડતું નથી. મનને વશમાં લાવવાનો પ્રયત્ન કરવો પડતો નથી. વિચાર-દર્શનના અભ્યાસથી એ કાર્ય સ્વયં સિદ્ધ થવા લાગે છે.

## બીજો અભ્યાસ-વિચારસર્જન

પહેલાંની જેમ આસન લગાવી બેસી જાઓ. હાથને મુદ્રામાં રાખી આંખો બંધ કરો. મેરુદંડ સીધો રાખો. તમારા મનમાં કોઇ એક વિષયનો વિચાર લાવો. ઘર, પેઢી, ઓફિસ, પ્રવાસ આદિ કોઈ પણ એકનો વિચાર લાવો. પાંચથી સાત સેકન્ડ એના પર વિચાર કરો અથવા એના સંબંધી આવનાર વિચારને જુઓ.

ત્યાર પછી એ વિચારને હઠાવી દો અને બીજો વિચાર મનમાં લાવો. થોડી સેકન્ડ એ વિચારને જુઓ. પછી એને પણ હઠાવી દો. પછી ત્રીજો વિચાર, ચોથો વિચાર, પાંચમો વિચાર પણ એ રીતે મનમાં લાવી તેના પર થોડી સેકન્ડ ધ્યાન આપો અને પછી તેને હઠાવી દો. આ રીતે એક પછી એક વિચાર પેદા કરતા જાઓ અને થોડી સેકન્ડ પછી તેને હઠાવતા જાઓ.

પંદર-વીશ મિનિટ આ ક્રિયાનો અભ્યાસ કરવાથી વિચારોને નિયંત્રિત કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. સ્વેચ્છાથી વિચારોને કોઈ પણ કાર્યમાં જોડી શકાય છે. જેને ચિંતા કરવાની ટેવ છે, તેમને આ અભ્યાસથી લાભ થશે. તમે સ્વયં વિચારોના સ્રષ્ટા અને દ્રષ્ટા બની જશો. કેટલાક દિવસ પછી ઈચ્છાની વિરુદ્ધ વિચાર આવવાનું છૂટી જશે. મનના ઈશારે તમે નહિ નાચો, પણ મન તમારા ઈશારે નાચવા લાગશે. તમે મનના સ્વામી થઈ તમારી મનોશક્તિનો ઇષ્ટ દિશા અને કાર્યમાં પ્રયોગ કરી શકશો.

## ત્રીજો અભ્યાસ-વિચારવિસર્જન

પદ્માસને અથવા સિદ્ધાસને બેસો. ભૂમિસ્પર્શ, ચિન્મય અથવા કોઇ પણ મુદ્રામાં હાથ રાખો. આંખો બંધ કરો અને મેરુદંડ સીધો રાખો.

પ્રથમ તમારું ધ્યાન મન તરફ લઇ જાઓ. મનમાં વિચાર આવી રહ્યો છે, તે જુઓ. જે જે વિચાર મનમાં આવતો જાય તેને હઠાવતા જાઓ. કોઈ વિચારને ટકવાની

તક આપશો નહિ. તમારું કામ કેવલ વિચારોને હઠાવવાનું છે. વિચાર પોતાની મેળે આવે છે, તેને આવવા દો. પણ તરત તેને હઠાવી દો. વિચારોને આવતા રોકવાના નથી કે તેને લાવવાના નથી. માત્ર તેમને હઠાવવાનું કામ જ કરવાનું છે.

થોડા દિવસ આ અભ્યાસ કરો. તેનાથી વિચારો અટકે છે અને મન શાંત થતું જાય છે. વિચારોનું આગમન થોડા વખત પછી બંધ થઈ જાય છે. વિચારો થંભી જતાં મન સ્થિર અને એકાગ્ર થવા લાગે છે. સાધુઓ તથા સંસારીઓ બંને માટે આ ક્રિયા ઉપયોગી છે.

## ચોથો અભ્યાસ–નિર્વિચાર અવસ્થા

આસન તથા મુદ્રા પૂર્વવત્ રાખો. આંખો બંધ કરી લો. મેરુદંડ ટટાર રાખો. ધ્યાન મનની તરફ લઈ જાઓ અને તેને એક જ ઝટકે વિચારશૂન્ય બનાવી દો. આ ઝટકો શારીરિક નહિ, માનસિક સમજવાનો છે. માનસિક ઝટકાની સાથે ક્ષણભર માટે મનને નિશ્ચલ બનાવી દો. એકાએક માનસિક ઝટકાથી મનને થોડી ક્ષણો જ્ઞાનશૂન્ય બનાવો. આ અવસ્થામાં કોઈ વિચાર રહેશે નહિ. આવી રીતે વારંવાર મનને શૂન્યાવસ્થામાં લાવવાની ચેષ્ટા કરો.

પ્રારંભમાં આ ક્રિયા કંઈક અટપટી અને કઠિન લાગશે, પરંતુ પ્રથમ ત્રણ અભ્યાસ કરવાથી આ ક્રિયા કરી શકશો. આ ક્રિયાનો અભ્યાસ સાધના દરમિયાન અથવા દૈનિક કાર્યોની વચ્ચે પણ કરતા રહો. આ ક્રિયા સિદ્ધ થતાં તમારો મન પર પૂરો કાબૂ આવી જશે.

આ ચાર અભ્યાસને આપણે 'મન જીતવાની કલા' કહી શકીએ. પ્રત્યેક પાઠક આની અજમાયશ કરે, એવી અમારી અભ્યર્થના છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-મનનું કાર્ય શું ?

ઉત્તર-મનન-વ્યાપાર. સ્મરણ, ચિંતન આદિ મનન-વ્યાપાર છે. લાગણી કે ભાવોનો પણ તેમાં જ સમાવેશ સમજવો.

પ્રશ્ન-મનન-વ્યાપાર કોણ કરે છે ?

ઉત્તર-મનન-વ્યાપાર આત્મા કરે છે. જો આત્મા ન હોય તો મનન-વ્યાપાર થઈ શકે નહિ. મડદું મનન-વ્યાપાર કરી શકતું નથી, કારણ કે તેનામાં આત્મા નથી. તે જ રીતે તમામ જડ પદાર્થો આત્મારહિત હોવાથી કોઈ પણ પ્રકારનો મનન-વ્યાપાર કરી શકતા નથી.

પ્રશ્ન-મનન-વ્યાપાર આત્મા કરે છે કે મન કરે છે ?

ઉત્તર-મનન-વ્યાપાર આત્મા કરે છે, પણ તે મન વડે કરે છે, એટલે ઘણી વખત એવો ખ્યાલ આવે છે કે મન વિચાર કરી રહ્યું છે; પરંતુ મન એ કોઈ સ્વતંત્ર તત્ત્વ નથી કે તે પોતાની મેળે વિચારો કરી શકે. આત્માને જ્યારે વિચારો કરવા હોય, ત્યારે તે મન વડે કરે છે; તેથી તો આત્માને રાજા અને મનને દિવાનની ઉપમા અપાય છે.

પ્રશ્ન-આત્મા કેવી રીતે મનન-વ્યાપાર કરે છે ?

ઉત્તર-આત્મા મનઃપર્યાપ્તિકર્મના ઉદયથી મનોવર્ગ-

ણાના પુદ્ગલો ગ્રહણ કરીને તેને મનરૂપે પરિણમાવે છે કે જેને **દ્રવ્યમન** (Physical Mind) કહેવામાં આવે છે. આ દ્રવ્યમનનું આલંબન લઈને તે મનન-વ્યાપાર કરે છે. મનન કરી રહેલા આત્માને **ભાવમન** (Conscious Mind) કહેવામાં આવે છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે 'जीवो पुण मणपरिणामकिरियावंतो भावमणो-જે જીવ મનના પરિણામ અને ક્રિયાવાળો હોય, તેને ભાવમન સમજવાનો છે. તાત્પર્ય કે પ્રથમ આત્મા તથાપ્રકારના પુદ્ગલ-પરમાણુઓ વડે મનની રચના કરે છે અને પછી તેમાં ચૈતન્યનો સંસ્કાર મૂકતાં વિચારની પ્રક્રિયા શરૂ થાય છે.

પ્રશ્ન-મનને જડ સમજવું કે ચૈતન્ય સમજવું ?

ઉત્તર-મન જડ છે, પણ ચૈતન્યના સતત સંયોગને લીધે ચૈતન્ય જેવું જણાય છે.

પ્રશ્ન-શું બધા આત્માઓને દ્રવ્યમન તથા ભાવમન હોય છે ?

ઉત્તર-ના. સિદ્ધ ભગવંતો એટલે મુક્તિના જીવો સકલ કર્મથી રહિત હોઈને ત્યાં મનનો સંભવ જ નથી. સંસારી જીવોમાં કેટલાકને માત્ર દ્રવ્યમન હોય છે, પણ ભાવમન હોતું નથી; કેટલાકને માત્ર ભાવમન હોય છે, પણ દ્રવ્યમન હોતું નથી; અને કેટલાકને દ્રવ્યમન અને ભાવમન બંને હોય છે.

પ્રશ્ન-આ તો બહુ ઊંડી વાત નીકળી ! જૈન ધર્મ

મન સંબંધી આટલો ઊંડો ગયો હશે, તેની તો કલ્પના જ ન હતી ! વારુ, આ ત્રણે ય પ્રકારો વિષે થોડી સમજ આપશો ?

ઉત્તર-જરૂર. જે આત્માઓએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી હોય, તેમને કેવલી ભગવંતો કહેવામાં આવે છે. તેમને દ્રવ્યમન હોય છે, પણ સ્મરણ-ચિંતનરૂપ મનન-વ્યાપાર હોતો નથી, એટલે કે ભાવમન હોતું નથી. તેમને બધું જ્ઞાન પ્રત્યક્ષ સીધું જ થાય છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ અને સંમૂર્ચ્છિમ મનુષ્યને ભાવમન હોય છે, પણ દ્રવ્યમન હોતું નથી. અર્થાત્ આ આત્માઓ વિચાર કરી શકવાની શક્તિવાળા હોય છે, પણ દ્રવ્યમનના અભાવે પોતાના વિચારો વ્યક્ત કરી શકતા નથી. દેવ, નારક, ગર્ભજ, તિર્યંચ અને ગર્ભજ મનુષ્યને દ્રવ્યમન અને ભાવમન બંને હોય છે, એટલે તેઓ પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. જીવોના વર્ગીકરણ અંગે વિશેષ જાણવા ઇચ્છનારે અમારો રચેલો '**જીવવિચાર-પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન**' નામનો સચિત્ર ગ્રંથ જોવો.

પ્રશ્ન-જો મનન-વ્યાપાર આત્મા કરે છે, તો સારા-ખોટા વિચારોની જવાબદારી કોની ?

ઉત્તર-આત્માની.

પ્રશ્ન-તો પછી અમુક ખોટો કે ખરાબ વિચાર કરવા માટે મનને ઠપકો શા માટે આપવામાં આવે છે ?

ઉત્તર–સમજ્યા વિના. તે માટે ખરો ઠપકો તો આત્માને જ આપવો જોઈએ, પણ વ્યવહારમાં 'છીંડે ચડયો તે ચોર' ગણાય છે, એ રીતે મનને ઠપકો આપવામાં આવે છે. આ વસ્તુ રૂઢિરૂપ બની જતાં હાલ પણ આવો જ વ્યવહાર ચાલી રહ્યો છે, પરંતુ ભગવાન મહાવીર આવા સર્વ પ્રસંગે આત્માનો જ ઉલ્લેખ કરતા અને સારા–ખોટા બધા વિચારો માટે તેને જ જવાબદાર ગણતા. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની તેમની વાણી સાંભળો :

अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली ।
अप्पा कामदुहा धेणु, अप्पा मे नन्दणंवणं ॥
अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।
अप्पा मित्तममितं च, दुप्पट्टिय सुप्पइट्ठिओ ॥

'મારો આત્મા જ વૈતરણી (નરક નદી) છે અને મારો આત્મા જ કૂટ શાલ્મલી (નરકમાં થતું એક પ્રકારનું કાંટાવાળું ભયંકર વૃક્ષ) છે. મારો આત્મા જ કામદૂધા ગાય છે અને મારો આત્મા જ નંદનવન છે.

'આ આત્મા જ દુઃખ અને સુખનો કર્તા છે તથા નાશ કરનારો છે. વળી આ આત્મા જ મિત્ર અને અમિત્ર છે. જો તે દુષ્ટ રીતે પ્રવર્તે તો અમિત્ર બને છે અને વૈતરણી આદિ દુઃખોનો હેતુ થાય છે; અને સારી રીતે પ્રવર્તે તો મિત્ર બને છે તથા કામદૂધા વગેરે સમસ્ત સુખોનો હેતુ થાય છે.'

પ્રશ્ન–આ પરિસ્થિતિમાં અનુશાસન કોનું કરવું જોઈએ ? આત્માનું કે મનનું ?

ઉત્તર–આત્માનું.

પ્રશ્ન–તો પછી મનને જ જગાડો અને મનને જ ઉપદેશ આપો વગેરે વચનો કહેવાનો અર્થ શો ?

ઉત્તર–એ ઔપચારિક છે, પરંતુ આપણે તેના પરથી યોગ્ય સાર ગ્રહણ કરી લેવો જોઇએ.

પ્રશ્ન–શું મન કોઈ પણ સંયોગોમાં બહાર જતું નહિ હોય ?

ઉત્તર-ના. તે શરીરની મર્યાદામાં રહીને પોતાને કરવાનું બધું કામ કરી શકે છે. છતાં એમ માની લઈએ કે દ્રવ્યમન એટલે કે મનના પરમાણુ બહાર જાય છે, તો પરમાણુ જડ છે. તેમાં વિચારની શક્તિ તો આત્માના સંપર્કથી જ આવી શકે છે, એટલે એ રીતે બહાર ગયેલું મન વિચારાદિ પ્રવૃત્તિ કરવાને શક્તિમાન થતું નથી.

પ્રશ્ન–જો પરિસ્થિતિ આવી છે તો વિશ્વમાનસ ( Universal Mind ) એટલે આખા વિશ્વમાં મન વ્યાપી રહેલું છે અને તેથી તેના એક ભાગમાં થયેલી ઘટનાનો બીજા ભાગમાં ખ્યાલ આવી જાય છે, એવું પ્રતિપાદન શા આધારે કરાય છે ?

ઉત્તર–એ તો તેઓ જાણે. પરંતુ હાલમાં મન સંબંધી અભ્યાસ વધ્યો છે, પ્રયોગોનું પ્રમાણ પણ વધ્યું છે, અને તેના આધારે જાતજાતનાં વિધાનો થઈ રહ્યાં છે. તેમાંથી કોઇનો પણ સત્ય તરીકે સ્વીકાર કરતાં પહેલાં તેનું ઘણું પરીક્ષણ કરવું જોઈએ.

[ ૧૨ ]

# સમભાવ અંગે કેટલુંક

સામાયિકમાં મુખ્યત્વે સમભાવ કેળવવાનો છે, એટલે તે અંગે પણ કેટલુંક જાણી લઈએ.

**યોગસાર**ના બીજા પ્રસ્તાવમાં કહ્યું છે કે-

**अष्टांगस्यापि योगस्य, सारभूतमिदं खलु।**
**यतो यमादिव्यासोऽस्मिन् सर्वोऽप्यस्यैव हेतवे॥**

'અષ્ટાંગયોગનો સાર પણ એ જ છે, એટલે કે સમભાવ છે. યમ-નિયમાદિ યોગનો બધો વિસ્તાર તેની સિદ્ધિ માટે જ છે.'

આજે અષ્ટાંગયોગની સારી એવી પ્રસિદ્ધિ છે અને યોગનું નામ આવ્યું કે લોકો તેના તરફ આંગળી ચીંધે છે. પરંતુ એ અષ્ટાંગયોગનો સાર તો **સમભાવ** જ છે. તેમાં યમ-નિયમનો જે વિસ્તાર છે, એ બધો **મનને** સમભાવમાં લાવવા માટે જ છે. અમે અષ્ટાંગયોગના વિવેચનરૂપે '**આત્મદર્શનની અમોઘ વિદ્યા**' નામનો ગ્રંથ

લખેલો છે, તે જિજ્ઞાસુઓએ વાંચવા-વિચારવા યોગ્ય છે. અષ્ટાંગયોગમાં (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન અને (૮) સમાધિ એ આઠ અંગો હોય છે.

**अद्य कल्येऽपि कैवल्यं, साम्येनानेन नान्यथा ।**
**प्रमादः क्षणमप्यत्र, ततः कर्तुं न साम्प्रतम् ॥१९॥**

'ચાહે આજે કે કાલે ( અથવા આ ભવમાં કે પર-ભવમાં ) કેવલજ્ઞાન ઉપર્યુક્ત સામ્ય-સમભાવ વડે જ પ્રાપ્ત થશે, બીજી કોઈ પણ રીતે નહિ, તેથી આ બાબતમાં એક ક્ષણ વાર પણ પ્રમાદ કરવો ઉચિત નથી.'

તાત્પર્ય કે કેવલજ્ઞાનની ઇચ્છા-અભિલાષાવાળાએ બીજી બધી આળપંપાળ છોડીને સમભાવની સિદ્ધિ માટે પ્રયત્ન-શીલ થવું જોઈએ.

**किं बुद्धेन किमीशेन, किं धात्रा किमु विष्णुना ।**
**किं जिनेन्द्रेण रागाद्यैर्यदि स्वं कलुषं मनः ॥२०॥**

'જો આપણું મન રાગ અને દ્વેષથી કલુષિત છે, તો બુદ્ધ, મહાદેવ, બ્રહ્મા, વિષ્ણુ કે સ્વયં જિનેન્દ્રદેવથી પણ શું ? તાત્પર્ય કે તેમાંથી કોઈ પણ કલુષિત મનવાળાને મુક્તિ આપી શકતા નથી.'

આપણે ગમે તે દેવને માનીએ કે ભજીએ, એ બધા-યે આલંબન રૂપ છે. તરવાનું તો આપણા પુરુષાર્થથી જ

છે અને તેમાં મુખ્ય કર્તવ્ય સમભાવની સિદ્ધિ છે. કોઈ એમ કહેતું હોય કે મારા દેવ અમુક છે, માટે હું તરી જઈશ તો એ વાત તત્ત્વજ્ઞોને મંજૂર નથી.

किं नाग्न्येन सितै रक्तैः, किं पटैः किं जटाभरैः ।
किं मुण्डमुण्डनेनापि, साम्यं सर्वत्र नो यदि ॥२१॥

'જો દરેક બાબતમાં સમભાવ પ્રાપ્ત થયો ન હોય તો નગ્નપણાથી શું? શ્વેત કે રાતાં વસ્ત્રો ધારણ કરવાથી પણ શું? અને જટા વધારવાથી કે માથું મુંડાવવાથી પણ શું? અર્થાત્ તે બધાં નિષ્ફલ છે.'

માત્ર બાહ્ય વેશ કે બાહ્ય આચરણ મનુષ્યને તારી શકતાં નથી. તે માટે પૂરી અંતરંગ તૈયારી જોઇએ. નિત્ય-નિયમિત સામાયિકનો અભ્યાસ એ તેની અંતરંગ તૈયારી છે.

किं व्रतैः किं व्रताचारैः, किं तपोभिर्जपैश्च किम् ।
किं ध्यानैः किं तथा ध्येयैर्न चित्तं यदि भास्वरम् ॥२२॥

'જો ચિત્ત નિર્મલ એટલે રાગાદિ મલથી રહિત ન હોય તો વ્રતો, વ્રતના આચારો, તપો, જપો, ધ્યાનો અને ધ્યેયોથી પણ શું?' તાત્પર્ય કે આ બધાનો મૂલ હેતુ ચિત્ત-શુદ્ધિ છે. એ હેતુ સિદ્ધ થાય તો જ તેનું મહત્ત્વ છે. અન્યથા તેનું કંઈ મહત્ત્વ નથી.

किं क्लिष्टेन्द्रियरोधेन, किं सदा पठनादिभिः ।
किं सर्वस्वप्रदानेन, तत्त्वं नोन्मीलितं यदि ॥२३॥

'જો હૃદયમાં સામ્યરૂપ તત્ત્વનો વિકાસ ન થાય તો ક્લેશકારી ઇન્દ્રિયનિગ્રહથી શું? રાત્રિ-દિવસ શાસ્ત્રોના પઠનાદિરૂપ સ્વાધ્યાયથી શું? અને સર્વસ્વનું દાન કરવાથી પણ શું?' તાત્પર્ય કે સમભાવની પ્રાપ્તિ વિના બધાં નિષ્ફલ છે.

**नाञ्चलो मुखवस्त्रं न, च राका न चतुर्दशी ।**
**न श्राद्धादिप्रतिष्ठा वा, तत्त्वं किन्त्वमलं मनः ॥२४॥**

'અંચલ એટલે વસ્ત્રનો છેડો, મુહપત્તી, પૂનમ, ચૌદશ કે શ્રાદ્ધાદિ પ્રતિષ્ઠા એ કોઈ તત્ત્વ નથી; પરંતુ નિર્મલ મન એ જ તત્ત્વ છે.'

અંચલ ઠીક કે કટાસણું ઠીક? મુહપત્તી બધો વખત રાખવી જોઇએ કે નહિ? પૂનમ સાચી કે ચૌદશ? અથવા શ્રાદ્ધાદિ ક્રિયા કરવી કલ્પે કે ન કલ્પે? આ પ્રશ્નો અંગે ઘણા વાદવિવાદો થયા છે, તેમાંથી તત્ત્વ નીકળ્યું નથી, ઊલટા ક્લેશ વધ્યા છે અને મનભેદ થયા છે. આજનો તિથિનો ઝઘડો પણ એ જ પ્રકારનો છે. તાત્પર્ય કે વ્યર્થ વાદવિવાદોમાં પડી સમય અને શક્તિનો વ્યય કરવો તથા કર્મબંધન વધારવું, એ કોઈપણ રીતે ઉચિત નથી. સુજ્ઞજને તો પોતાનું હિત વિચારીને પોતાના મનને નિર્મલ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**दृष्ट्वा श्रीगौतमं बुद्धैस्त्रिःपञ्चशततापसः ।**
**भरतमुखैर्वापि क्व कृतो बाह्यकुग्रहः ॥ २५ ॥**

'શ્રી ગૌતમસ્વામીને જોઈને બોધ પામેલા પંદરસો તાપસોએ તથા ભરત ચક્રવર્તી વગેરેએ ઉપર્યુક્ત બાહ્ય અનુષ્ઠાનો ક્યાં કર્યાં હતાં ?'

શ્રી ગૌતમસ્વામીએ દીક્ષા આપેલા અનેક શિષ્યોને કેવલજ્ઞાન થયું, પણ પોતાને કેવલજ્ઞાન ન થયું, તેથી ખેદ પામી વિચાર કરતા હતા, ત્યાં તેમને દેવવાણી યાદ આવી કે જે વ્યક્તિ અષ્ટાપદગિરિવર પહોંચી ત્યાં રહેલા બધા જિનેશ્વરોને નમી એક રાત્રિ ત્યાં ગાળે, તેને તે જ ભવમાં મુક્તિ મળે છે.' એટલે પ્રભુની આજ્ઞા લઈ તેઓ ચારણ-લબ્ધિ વડે ક્ષણ માત્રમાં અષ્ટાપદગિરિ સમીપે આવ્યા.

હવે આ વખતે કૌડિન્ય, દત્ત અને સેવાલ વગેરે પંદરસો તાપસો અષ્ટાપદનો મહિમા સાંભળી તેના પર આરોહણ કરવા આવ્યા હતા. તેમાં પાંચસો તાપસો એક ઉપવાસ કરી લીલા કંદ વગેરે વડે પારણું કરતાં અષ્ટાપદની પહેલી મેખલા સુધી પહોંચ્યા હતા. બીજા પાંચસો તાપસો છઠ્ઠ તપ કરી સૂકા કંદ વગેરે વડે પારણું કરતાં બીજી મેખલા સુધી પહોંચ્યા હતા અને ત્રીજા પાંચસો તાપસો અઠ્ઠમનો તપ કરી સૂકી સેવાલ વડે પારણું કરતાં ત્રીજી મેખલા સુધી પહોંચ્યા હતા. ત્યાંથી ઊંચે ચડવાને અશક્ત હોવાથી તે બધા ત્યાં જ અટકી પડયા હતા.

એવામાં સુવર્ણમય કાંતિ અને પુષ્ટ આકૃતિવાળા શ્રી ગૌતમને ત્યાં આવતા જોયા, એટલે તેઓ પરસ્પર કહેવા

લાગ્યા કે 'આપણે શરીરે દુબળા થઈ ગયા છીએ, છતાં ઉપર ચડી શકતા નથી, તો આ સ્થૂલ શરીરવાળા મુનિ શી રીતે ઉપર ચડી શકશે?' હજી તેઓ આ પ્રમાણે વાતચીત કરે છે, ત્યાં તો શ્રી ગૌતમસ્વામી એ ગિરિ પર ચડી પણ ગયા અને તેમની નજર સામેથી અદૃશ્ય થઈ ગયા. આ જોઈ એ તાપસો વિચાર કરવા લાગ્યા કે 'આ મહર્ષિની પાસે જરૂર કોઈ અદ્‌ભુત શક્તિ છે, તેથી જો તે અહીં પાછા આવશે તો આપણે તેમના શિષ્યો થઈશું.' આવો નિશ્ચય કરી તેઓ એમના પાછા ફરવાની રાહ જોવા લાગ્યા.

શ્રી ગૌતમસ્વામીએ અષ્ટાપદગિરિ પર ભરત ચક્રવર્તીએ ભરાવેલાં ચોવીશ તીર્થંકરનાં બિંબોને ભક્તિભાવથી વંદના કરીને રાત્રિ ત્યાં જ ગાળી. બીજા દિવસે પ્રાતઃકાળે તેઓ નીચે ઊતરવા લાગ્યા, ત્યારે પેલા તાપસો તેમના જોવામાં આવ્યા. તાપસોએ તેમને પ્રણામ કરીને કહ્યું: 'હે મહાત્મા! અમે તમારા શિષ્યો થવા ઇચ્છીએ છીએ. તમે અમારા ગુરુ થાઓ.' ઉત્તરમાં શ્રી ગૌતમસ્વામીએ કહ્યું: 'જે સર્વજ્ઞ પરમેશ્વર મહાવીર પ્રભુ છે, તે જ તમારા ગુરુ થાઓ.' પછી તેઓએ ઘણો આગ્રહ કર્યો, ત્યારે શ્રી ગૌતમસ્વામીએ તેમને ત્યાં જ દીક્ષા આપી અને તેમને સાથે લઈને તેઓ પ્રભુની પાસે આવવા નીકળ્યા.

માર્ગમાં કોઈ ગામ આવતાં ભિક્ષાનો સમય થયો, એટલે ગૌતમસ્વામીએ તેમના તાપસ શિષ્યોને પૂછ્યું કે 'તમારે પારણું કરવા માટે શું ઇષ્ટ વસ્તુ લાવું?' તાપસ-

શિષ્યોએ કહ્યું : 'અમારે માટે ક્ષીર લાવજો.' એટલે શ્રી ગૌતમસ્વામી એક પાત્રમાં ક્ષીર લાવ્યા અને સહુને એક પંક્તિમાં બેસી જવાનું જણાવ્યું. તાપસ–શિષ્યો વિચારમાં પડ્યા કે 'આટલી ક્ષીરથી બધાને પારણું શી રીતે થશે ?' પરંતુ શ્રી ગૌતમસ્વામી અક્ષીણમહાનસીલબ્ધિના ધારક હતા, એટલે તેમણે એટલી ક્ષીરથી બધાને પારણું કરાવ્યું અને પછી પોતે આહાર કરવા બેઠા.

હવે જ્યારે તાપસો ભોજન કરવા બેઠા ત્યારે તેઓ વિચાર કરવા લાગ્યા કે આપણે ખરેખર ધન્ય છીએ કે આપણને આવા મહામુનિનો સમાગમ થયો અને વીર પરમાત્મા જેવા ધર્મગુરુ મળ્યા. આ વિચારે ભાવશુદ્ધિ થતાં થતાં સેવાલભક્ષી પાંચસો તાપસોને ત્યાં જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાંથી આગળ વધી પ્રભુ સમીપે આવતાં તેમના પ્રાતિહાર્ય વગેરે જોઈને દત્ત વગેરે પાંચસો તાપસોને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને બાકીના કૌડિન્ય આદિ પાંચસો તાપસોને પ્રભુનાં દર્શન થતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પછી તેઓ વીર પ્રભુને પ્રદક્ષિણા કરી કેવલી ભગવંતોની પરિષદ તરફ ચાલ્યા, ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું : 'પ્રથમ વીર પ્રભુને વંદન કરો.' પ્રભુએ કહ્યું : 'ગૌતમ ! કેવલીની આશાતના કરો નહિ.' એટલે ગૌતમસ્વામીએ તરત જ મિથ્યા દુષ્કૃત્ય આપી તેમને ખમાવ્યા. તાત્પર્ય કે આ રીતે શ્રી ગૌતમસ્વામીના સમાગમમાં આવેલા પંદરસો તાપસો કેવલજ્ઞાન પામ્યા, તેમાં તેમની ચિત્તશુદ્ધિ અર્થાત્ રાગદ્વેષરહિત અવસ્થા જ કારણભૂત હતી.

શ્રી ભરત ચક્રવર્તી વસ્ત્રાલંકારથી સજ્જ થઈને અરીસા ભુવનમાં ઊભા હતા અને પોતાના શરીરની શોભા જોઈ રહ્યા હતા. એવામાં એક આંગળી પરથી મુદ્રિકા–વીંટી સરી પડી અને તે આંગળી વરવી લાગી. ભરતેશ્વર ચોંક્યા: 'શું મારા શરીરની શોભા આ અલંકારોને લીધે જ છે!' અને તેમણે એક પછી એક બધા અલંકારો ઉતારી નાખીને જોયું તો શરીર શોભાવિહીન લાગ્યું. એ જ વખતે આ શોભા અનિત્ય છે, શરીર પણ અનિત્ય છે અને સઘળા સંબંધો પણ અનિત્ય છે.' એવી ભાવના તેમના અંતરમાં પ્રકટ થઈ અને તે આગળ વધતાં ચિત્તમાં રહેલો રાગ અને દ્વેષરૂપી મલ ઓછો થવા લાગ્યો. છેવટે તે મલનો સંપૂર્ણ નાશ થતાં તેમને ત્યાં જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તાત્પર્ય કે બાહ્ય અનુષ્ઠાન વિના તેમને પણ માત્ર ચિત્તશુદ્ધિથી જ કેવલજ્ઞાન થયું હતું.

**दृढप्रहारिवीरेण, चिलातीपुत्रयोगिना ।**
**चित्तं चन्द्रोज्ज्वलं कार्यं, किमतो योग उत्तमः? ॥२६॥**

'દૃઢપ્રહારી જેવા વીર પુરુષે અને ચિલાતીપુત્ર જેવા યોગીએ પોતાના ચિત્તને ચંદ્રના જેવું ઉજ્જવલ–નિર્મલ કરવું જોઈએ. તેનાથી ઉત્તમ યોગ કયો છે?'

મહાત્મા ચિલાતીપુત્રની કથા પૂર્વે આવી ગઈ છે. શ્રી દૃઢપ્રહારીની કથા આ પ્રમાણે જાણવી :–

## શ્રીદૃઢપ્રહારીની કથા

દુર્ધર નામનો બ્રાહ્મણનો એક પુત્ર નાનપણથી ચોરી, જુગાર વગેરેના છંદે ચડી ગયો અને બધા લોકોને અળખા-

મણો થઇ પડચો. છેવટે રાજાએ તેને હદપાર કર્યો અને તે ફરતો ફરતો એક અટવીમાં જઇ ચડચો. ત્યાં ચોરોએ પકડીને પોતાના રાજા સમક્ષ રજૂ કર્યો. એ રાજા મનુષ્યનો પરીક્ષક હતો, એટલે તેણે પોતાના કામનો જાણી તેને રાખી લીધો. અનુક્રમે આ દુર્ધર ચોરોનો રાજા બન્યો અને તેનો પ્રહાર કદી ખાલી ન જતો, એટલે દૃઢપ્રહારીના નામથી ઓળખાવા લાગ્યો.

એક વાર દૃઢપ્રહારીએ પુષ્કળ માલમત્તા મેળવવાના ઇરાદાથી કુશસ્થલ નગર પર ધાડ પાડી. આ નગર સૈનિકોથી સદા રક્ષાયેલું રહેતું, એટલે તેને ભાંગવાનું કામ સહેલું ન હતું, પણ દૃઢપ્રહારી સાથે ચોરો ઘણા હતા, એટલે તેમણે જોતજોતામાં બધા સૈનિકોને હઠાવી દીધા અને આખા નગરમાં બેફામ લૂંટ ચલાવી.

તે વખતે એક ચોર એક બ્રાહ્મણના ઘરમાં પેઠો. આમ તો તે બ્રાહ્મણ દરિદ્રી હતો, પણ છોકરાઓએ હઠ લેવાથી તેણે યજમાનોના ઘરેથી યાચીને દૂધ, સાકર, ચોખા, બદામ વગેરે મેળવ્યાં હતાં અને તેની ક્ષીર બનાવી હતી. તેને આરોગવા માટે છોકરાંઓ કાગડોળે ટાંપી રહ્યાં હતાં. એવામાં ચોરે, અન્ય કોઈ સાર વસ્તુ હાથમાં ન આવતાં, ક્ષીરનું પાત્ર ઉપાડી લીધું અને છોકરાંઓ ટળવળતાં ઊભા રહ્યાં.

આ દૃશ્ય જોઇ બ્રાહ્મણને બહુ લાગી આવ્યું, એટલે તેણે ક્ષીરનું પાત્ર પાછું મેળવવા માટે ભોગળ ઉપાડી

ચોરનો સામનો કર્યો. આમ બંને વચ્ચે ધમાચકડી મચી, ત્યાં દૃઢપ્રહારી ત્યાં આવી પહોંચ્યો અને તેણે પોતાના માણસ પર હુમલો થતો જોઈને તરવાર ખેંચી. એના એક જ ઘાએ બ્રાહ્મણનું માથું ધડથી જુદું થઈ ગયું.

આ બનાવથી બ્રાહ્મણની સ્ત્રી કંપી ઊઠી અને છોકરાંઓ ધ્રૂજવા લાગ્યા. પરંતુ આંગણામાં બાંધેલી ગાયથી આ સહન થયું નહિ. તે પોતાના પાલનહારનો શિરચ્છેદ થયેલો જોઈ ઉફરાંટે આવી અને બંધન તોડીને દૃઢપ્રહારીની સામે થઈ.

દૃઢપ્રહારીના દિલમાં દયા ન હતી, વળી તે અઠંગ સાહસિક હતો, એટલે તેણે કંઇ પણ વધુ વિચાર કર્યા વિના ગાય પર તરવાર ઝીંકી અને તેનું મસ્તક પણ ધડથી જુદું કરી નાખ્યું.

આ રીતે પોતાના પ્યારા પતિ અને ગરીબડી ગાયની હત્યા થતાં બ્રાહ્મણપત્નીનો મિજાજ અત્યંત ઉશ્કેરાઇ ગયો અને તે ગાળો દેતી દૃઢપ્રહારીને મારવા દોડી, પણ વિકરાળ વાઘ આગળ હરિણીનું શું ગજું ? દૃઢપ્રહારીએ તેના પેટમાં તરવાર હુલાવી દીધી અને તે ઢગલો થઇને નીચે પડી. આ બ્રાહ્મણી ગર્ભવતી હતી, એટલે તેનું પેટ ચીરાતાં અંદરનો ગર્ભ પણ ચીરાઇ ગયો. આ રીતે દૃઢપ્રહારીએ ક્રોધ, સાહસિકતા અને નિર્દયતાને વશ થઈ બ્રહ્મહત્યા, ગૌહત્યા, સ્ત્રીહત્યા અને બાલહત્યા એ ચાર મહાન હત્યાઓ કરી. પરંતુ છેલ્લી હત્યાએ તેના હૈયાને હચમચાવી નાખ્યું. તે વિચાર કરવા લાગ્યો: 'અહો મેં આ શું કર્યું ? એક સાથે ચાર

હત્યા? અને તે પણ બ્રાહ્મણ, ગાય, સ્ત્રી તથા બાળકની? હા! હા! મારા જેવો નિર્દય અને ઘોર પાપી બીજો કોણ હશે? ખરેખર! મેં ઘણું ખોટું કર્યું છે! મારી દુર્જનતાએ માઝા મૂકી છે!'

આવા વિચારો કરતો દૃઢપ્રહારી પોતાના સાથીઓ સાથે કુશસ્થલ છોડી ગયો, પરંતુ પેલું ભયાનક દૃશ્ય તેની નજર આગળથી ક્ષણ વાર પણ દૂર થયું નહિ. તે પોતાના દુષ્ટ કૃત્યની વારંવાર નિંદા કરવા લાગ્યો. એમ કરતાં તેનું હૃદય પીગળી ગયું અને તેની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી.

આગળ ચાલતાં વનપ્રદેશ શરૂ થયો. ત્યાં એક મુનિ તેના જોવામાં આવ્યા, એટલે તે એમનાં ચરણો પકડીને ધ્રૂસકે ને ધ્રૂસકે રોવા લાગ્યો. મુનિએ કહ્યું: 'મહાનુભાવ! શાંત થા. આટલો શોક–સંતાપ શાને કરે છે?' દૃઢપ્રહારીએ કહ્યું: 'પ્રભો! હું મહાપાપી છું, અધમ છું, નીચ છું, આજે નજીવા કારણસર મેં બ્રાહ્મણ, ગાય, સ્ત્રી અને બાળકની હત્યા કરી છે. હવે મારું શું થશે? પ્રભો મને બચાવો.'

મુનિએ કહ્યું: 'મહાનુભાવ! પાપનો અંતરથી પશ્ચાત્તાપ થવો, એ પવિત્રતાનો પ્રારંભ છે અને તેને ફરી નહિ કરવાના સંકલ્પથી એ પવિત્રતા પૂર્ણ થાય છે; માટે ફરી પાપ ન કરવાનો દૃઢ સંકલ્પ કર. વળી પતિતપાવન પૂર્ણપુરુષ શ્રીજિનેશ્વરદેવોએ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોવાળું ઉત્તમ પ્રકારનું શીલ

બતાવ્યું છે, તે તું ધારણ કર, એટલે સર્વ પાપોથી મુક્ત થઈ પૂર્ણ પવિત્ર બનીશ.'

દૃઢપ્રહારીએ તે વખતે પાંચ મહાવ્રતોવાળું ઉત્તમ શીલ ધારણ કર્યું અને એવો અભિગ્રહ લીધો કે 'જ્યાં સુધી આ ચાર હત્યાઓ યાદ આવે, ત્યાં સુધી મારે અન્ન કે પાણી લેવાં નહિ.' કેવો ઘોર અભિગ્રહ ! કેવી ભીષ્મપ્રતિજ્ઞા ! कम्मे सूरा धम्मे सूरा ' જે પુરુષો પાપ કરવામાં શૂરવીર હોય છે, તેઓ પ્રસંગ આવતાં ધર્મ કરવામાં પણ શૂરવીર બને છે, એ કહેવત દૃઢપ્રહારીએ સાચી પાડી. તેઓ ચોર-ડાકુ-લૂંટારા-ઘાતકી-પાતકીમાંથી સુશીલ સંત થયા અને કુશસ્થલ નગરના દરવાજે આવીને કાયોત્સર્ગમાં મગ્ન થયા.

આ જોઈ લોકો અનેક જાતના ઉપાલંભો આપવાપૂર્વક તેમના પર ઈંટ-રોડાનો વરસાદ વરસાવવા લાગ્યા, પરંતુ દૃઢપ્રહારીએ કોઈના પર રોષ કર્યો નહિ. તેઓ તો સમભાવમાં જ મગ્ન રહ્યા. એમ કરતાં પત્થર-રોડાથી તેમનું શરીર ઢંકાઈ ગયું અને માત્ર મસ્તક જ બાકી રહ્યું, ત્યારે તેઓ કાયોત્સર્ગ પૂર્ણ કરીને એ ઈંટ-રોડામાંથી બહાર નીકળ્યા અને નગરના બીજા દરવાજે જઈને ઊભા રહ્યા. ત્યાં પણ એ જ હાલ થયા. એટલે તેઓ ત્રીજા અને ચોથા દરવાજે ગયા. ત્યાં પણ એવો જ અનુભવ થયો, પરંતુ હવે શુભધ્યાનના યોગે તેમના ચિત્તની સંપૂર્ણ શુદ્ધિ થઈ હતી, એટલે તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને લોકો તેમના પગે પડ્યા.

હવે સમભાવ કેવી રીતે કેળવવો જોઈએ, તેનું વિવેચન કરીશું. તે અંગે યોગસારમાં કહ્યું છે કે–

**रागद्वेषविनाभूतं, साम्यं तत्त्वं तदुच्यते ।**
**स्वशंसिना क्व तत् तेषां, परदूषणवादिनाम् ॥ १४ ॥**

'રાગ અને દ્વેષનો અભાવ તે સામ્ય છે અને સામ્ય તે જ તત્ત્વ છે. જેઓ પોતાની પ્રશંસા કરે છે અને બીજાની નિંદા કરે છે, તેઓ આ તત્ત્વ કેવી રીતે પ્રાપ્ત કરી શકે? તાત્પર્ય કે ન જ કરી શકે.'

સામ્ય, સમતા, સમત્વ એ બધાં સમભાવનાં જ અન્ય નામો છે, એટલે સમભાવ એ જ ખરું તત્ત્વ છે, મૂળભૂત રહસ્ય છે અથવા તો પરમાર્થ છે, એમ સમજવાનું છે. પરંતુ આ તત્ત્વ, મૂળભૂત રહસ્ય કે પરમાર્થ તે જ પામી શકે છે કે જે સ્વપ્રશંસા અને પરનિંદાથી દૂર રહે છે.

સ્વપ્રશંસા એ રાગમાંથી ઉદ્ભવેલો મહાન આધ્યાત્મિક દોષ છે અને પરનિંદા એ દ્વેષમાંથી ઉત્પન્ન થયેલો મહાન આધ્યાત્મિક દોષ છે. જેમ કપડાંમાંથી મલિનતા દૂર થાય તો જ તેને બીજો રંગ ચડી શકે છે, તેમ આ બે આધ્યાત્મિક દોષો દૂર થાય, તો જ આત્માને સમભાવનો રંગ ચડી શકે છે, એટલે સમભાવની સ્પૃહા–ઈચ્છા–અભિલાષા રાખનારે સહુ પ્રથમ આ બે દોષોને દૂર કરવા કટિબદ્ધ થવું જોઈએ.

**मानाऽपमाने निन्दायां, स्तुतौ वा लोष्टकाञ्चने ।**
**जीविते मरणे लाभालाभे रंके महर्द्धिके ॥ १५ ॥**

**शत्रौ मित्रे सुखेदुःखे, हृषीकार्थे शुभाशुभे ।**
**सर्वत्रापि यदेकत्वं, तत्त्वं तद्भेद्यतां परम् ॥ ९६ ॥**

'સન્માનમાં અને અપમાનમાં, નિંદામાં અને સ્તુતિમાં, માટીના ઢેફાંમાં અને સોનામાં, જીવનમાં અને મરણમાં, લાભમાં અને નુકશાનમાં, રંક અવસ્થામાં કે રાજાની અવસ્થામાં, શત્રુમાં અને મિત્રમાં, સુખમાં અને દુઃખમાં, ઈન્દ્રિયોના અનુકૂલ અને પ્રતિકૂલ વિષયમાં, એમ દરેક ઠેકાણે ચિત્તની સમાનતા રાખવી, તે સમભાવ છે અને તે જ તત્ત્વ છે. તેથી ઊલટું તે અતત્ત્વ છે.'

થોડા વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. આપણા જીવનમાં સન્માન અને સ્તુતિના પ્રસંગો આવે છે, તેમ અપમાન અને નિંદાના પ્રસંગો પણ આવે છે. તેમાં સન્માન અને સ્તુતિના પ્રસંગે ફૂલાવું નહિ તથા અપમાન અને નિંદાના પ્રસંગે અકળાવું નહિ, એ સમભાવનું રહસ્ય છે. આ બાબતમાં આપણે ક્યાં ઊભા છીએ? તે જોવાનું છે.

માટીના ઢેફાને નકામું ગણી ફેંકી દેવું અને સોનાના ટુકડાને મહત્ત્વ આપી તેના તરફ આકર્ષાવું, એ સમભાવની સરહદ ઓળંગવા જેવું છે. જેમણે આત્મા અથવા બ્રહ્મને સત્ય માન્યો છે અને જગત કે સંસારને મિથ્યા ગણેલ છે, તેની દૃષ્ટિમાં તો આ બંને પુદ્ગલની રચના હોઈ સમાન જ છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસે સંન્યાસ ગ્રહણ કર્યો, ત્યારે તેઓ ગંગાના કિનારે એક હાથમાં માટીનો ટુકડો અને બીજા હાથમાં

સોનાનો ટુકડો લઈને ઊભા રહ્યા હતા અને એ બંનેની તુલના કરી હતી. : 'આને લોકો માટીનો ટુકડો કહે છે, અને આને લોકો સોનાનો ટુકડો કહે છે. પણ મમત્વબુદ્ધિએ તો મારે આ બંનેનો ત્યાગ છે.' અને તેમણે એ બંને વસ્તુઓ ગંગા નદીમાં ફેંકી દીધી હતી. ત્યાર પછી તેમણે પોતાના સમસ્ત જીવન દરમિયાન ધનને કદી સ્પર્શ કર્યો ન હતો. આ બાબતમાં તેઓ કેવા નિરાસકત બન્યા હતા, તેનો એક દાખલો જાણવા જેવો છે.

એક વખત બે–ત્રણ મિત્રોએ તેમની પરીક્ષા કરવાનો વિચાર કર્યો અને તેઓ લાગ જોઈ તેમના સૂવાના ઓરડામાં દાખલ થયા. ત્યાં સૂવા માટે એક ચટાઈ પાથરેલી હતી અને તેના એક છેડે ઓશીકું ગોઠવેલું હતું. પેલા મિત્રોએ તે ઓશીકા નીચે રૂપાની એક પાવલી+ મૂકી દીધી. પછી શું બને છે? તે આજુબાજુમાં ભરાઈ રહીને જોવા લાગ્યા.

થોડી વારે શ્રી રામકૃષ્ણ પરમહંસ એ ઓરડામાં દાખલ થયા અને સાદડી પર બેઠા. તેમની સાથે એક શિષ્ય પણ હતો. થોડીવારે તેમણે એ શિષ્યને જણાવ્યું કે 'અહીં કોઇ અપવિત્ર પદાર્થ પડેલો છે. મને દુર્ગંધ આવે છે.' એટલે શિષ્યે ચારે બાજુ નિરીક્ષણ કર્યું, પણ કોઇ દુર્ગંધ-વાળો પદાર્થ નજરે પડયો નહિ. ત્યારે શ્રી રામકૃષ્ણ પરમહંસે ઊંડો શ્વાસ લીધો અને જણાવ્યું કે અહીં એક અપવિત્ર વસ્તુ જરૂર પડી છે અને તે મારી નજીકમાં લાગે છે.'

+ ચાર આનાનો ઘણો નાનો સિક્કો, જે એ વખતે ચલણમાં હતો.

ત્યારે શિષ્યે ઓશીકું ઊંચું કર્યું તો રૂપાની પાવલી નજરે પડી. આ જોઈ શ્રી રામકૃષ્ણ પરમહંસે કહ્યું: 'જા, આને ગંગાનદીમાં ફેંકી આવ. હવે પછી આવી કોઈ અપવિત્ર વસ્તુ અહીં આવી ન જાય, તેની કાળજી રાખજે.'

શિષ્ય એને ગંગાનદીમાં ફેંકી આવ્યો, ત્યારે તેમને શાંતિ થઈ.

આ દૃશ્ય નજરે જોનારા પેલા મિત્રોને ખાતરી થઈ કે શ્રી રામકૃષ્ણ પરમહંસ ધનની બાબતમાં ખરેખર નિઃસ્પૃહ બનેલા છે.

જીવન લાંબું ચાલે તો હર્ષ ન થાય અને મરણ સમીપ આવે તો શોક ન થાય, એવી સ્થિતિને સમભાવ કહે છે. જૈન દૃષ્ટિએ તો આયુષ્યનો જેટલો બંધ હોય, તેટલું જીવાય છે; તેમાં હર્ષ શો ? અને આયુષ્યનો બંધ તૂટે, એટલે એક યા બીજા નિમિત્તે મૃત્યુનો ભેટો થાય છે; તેમાં શોક શો ? સમભાવની સિદ્ધિ ઇચ્છનારે આવી સમજ કેળવવી જોઈએ.

શાસ્ત્રોમાં સમાધિમરણની પ્રશંસા કરેલી છે, પણ સમાધિમરણ તેમને જ પ્રાપ્ત થાય છે કે જેમણે આત્મા ભણી દૃષ્ટિ રાખીને જીવન વ્યતીત કર્યું હોય. જેને જીવનના છેલ્લા શ્વાસ સુધી એક યા બીજા પ્રકારની માયા વળગેલી હોય, તે સમાધિમરણ શી રીતે પામે ? આજે તો જીવનની લાલસા એટલી ઘેરી બની છે કે છેવટની ઘડી સુધી દવાના ડોઝ અને ઇંજેકશનો છૂટતા નથી, એટલે ચિત્તની સમાધિ લગભગ અશકય બની છે. જીવનની લાલસા જેટલી ઘેરી તેટલો મૃત્યુનો

ભય વધારે એટલે આજે તો મોટા ભાગે ભયભીત દશામાં દેહને છોડવાનો વખત આવે છે. સામાયિકના સાધક તરીકે આપણે આ સ્થિતિમાં અવશ્ય પરિવર્તન કરવું જોઇએ

જેના અંતરને સમભાવની સ્પર્શના થઇ હોય, તે લાભ મળતાં છકી જતા નથી અને નુકશાન થતાં હિંમત હારતા નથી. તે જ રીતે સ્થિતિનું પરિવર્તન થતાં એટલે કે શ્રીમંતમાંથી રંક બની જતાં દુ:ખની બૂમરાણો મચાવતા નથી અને રંકમાંથી શ્રીમંત થતાં આંખો ઓડે લઈ જતા નથી. તાત્પર્ય કે બંને વિપરીત સ્થિતિમાં તેઓ મનનું સમતોલપણું બરાબર જાળવી રાખે છે. આપણા હૃદયને સમભાવની સ્પર્શના થઇ છે કે નહિ, તેની આ કસોટી છે.

જેની દૃષ્ટિમાં સમભાવ વસ્યો છે, તે મિત્ર પ્રત્યે એક પ્રકારનું વર્તન અને શત્રુ પ્રત્યે બીજા પ્રકારનું વર્તન કરતો નથી, એટલે કે બંનેને સરખો આદર આપે છે અને તેમના-પ્રત્યે સમાન વર્તાવ કરે છે. અધ્યાત્મશાસ્રની તો એવી નિશ્ચિત માન્યતા છે કે શત્રુ પ્રત્યે પણ સદ્‌ભાવભર્યું વર્તન દાખવવાથી આખરે તેના હૃદયનું પરિવર્તન થાય છે અને તે મિત્ર બને છે. જ્યાં જગતના સર્વ જીવોને મિત્ર માન્યા હોય, ત્યાં કોઇને શત્રુ માનવો જ શા માટે ?

વિવિધ પ્રકારનાં સુખોની પ્રાપ્તિ થઇ હોય, છતાં અભિમાન કરવું નહિ તથા અનેક પ્રકારનાં દુ:ખો પડવા છતાં દીનતા ધારણ કરવી નહિ, એ સમભાવની સ્થિતિ છે. વાસ્તવમાં આ સંસાર સુખ અને દુ:ખથી ભરેલો છે. તેમાં સુખ

પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યા કરે છે, એટલે તેની કોઈ અસર મન પર થવા દેવી નહિ, એ ડહાપણ-ભરેલી નીતિ છે.

અનુકૂલ, મનોજ્ઞ કે ઇષ્ટ વિષય મળે તો તેમાં લુબ્ધ થવું નહિ અને પ્રતિકૂલ, અમનોજ્ઞ કે અનિષ્ટ વિષય મળે તો તેથી ખિન્ન થવું નહિ, એ સમભાવનો સાર છે.

આટલા વિવેચન પરથી સમભાવનું સ્વરૂપ સમજાયું હશે. સમભાવ તો કેળવ્યો કેળવાય છે, તેથી જ આપણા મહાપુરુષોએ કહ્યું છે કે 'સમભાવ કેળવતા રહો. જો સમભાવ કેળવતા રહેશો તો સામાયિકની સિદ્ધિ કરી અનિર્વચનીય સુખના અધિકારી બની શકશો.'

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–અષ્ટાંગયોગનો સાર સમભાવ કેવી રીતે ?

ઉત્તર–અષ્ટાંગયોગનું છેવટનું ધ્યેય સમાધિ એટલે ચિત્તની સમાહિત અવસ્થા છે, જે ચિત્તશુદ્ધિ કે સમભાવનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે, તેથી અષ્ટાંગયોગનો સાર સમભાવ માનવામાં આવ્યો છે.

પ્રશ્ન–જૈન ધર્મ અષ્ટાંગયોગને માને છે શું ?

ઉત્તર–જૈન ધર્મની પ્રાચીન પ્રણાલિકા તો પંચાંગ-યોગની છે, પણ અષ્ટાંગયોગનું સ્વરૂપ વિશેષ પ્રચલિત થતાં જૈનાચાર્યોએ તેને અપનાવી લીધું છે. શ્રીહરિભદ્રસૂરિએ યોગની આઠ દૃષ્ટિમાં ઉક્ત યોગનાં આઠેય અંગોને ઘટાવ્યા

છે. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં યોગનાં આ આઠ અંગોનું વિસ્તારથી વર્ણન કરેલું છે અને શ્રી શુભચંદ્રાચાર્યે પણ જ્ઞાનાર્ણવમાં આ જ આઠ અંગોનું વિશદ વિવેચન કરી તેને પ્રતિષ્ઠા આપેલ છે. જે સારું હોય, આત્માને હિતકર હોય, તેને અપનાવી લેવું, એ જૈન ધર્મની પરંપરાગત નીતિ છે.

પ્રશ્ન–શું સામ્ય કે સમભાવ વિના કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય જ નહિ?

ઉત્તર–સામ્ય કે સમભાવ કેળવાય, ત્યારે જ ચારઘાતી કર્મનો ક્ષય થાય છે અને જ્યારે ચારઘાતી કર્મનો ક્ષય થાય છે, ત્યારે જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, એટલે સામ્ય કે સમભાવ વિના કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ.

પ્રશ્ન-સંસારસમુદ્ર તરવા માટે અમુક દેવને માનવા જરૂરી છે શું?

ઉત્તર–જે દેવ રાગદ્વેષથી રહિત હોય અને પોતે સંસાર-સાગર તરી ગયા હોય તેમને દેવ તરીકે માનવાથી તથા ઉપાસવાથી સંસારસાગર તરી શકાય છે, એટલે સંસારસાગર તરવા માટે વીતરાગદેવને માનવાની જરૂર છે.

પ્રશ્ન–વીતરાગદેવમાં અરિહંતો કે તીર્થંકરો આવે કે નહિ?

ઉત્તર–વીતરાગદેવમાં અરિહંતો કે તીર્થંકરો જરૂર આવે, કારણ કે તે બધાએ રાગ અને દ્વેષનો સંપૂર્ણ નાશ કરી વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરેલી હોય છે.

પ્રશ્ન–કોઇ દેવ કૃપા કરીને આપણને સંસારસમુદ્રમાંથી તારી શકે કે નહિ?

ઉત્તર–કોઈ દેવ આપણને સંસારસાગરમાં તરવાનો સાચો માર્ગ બતાવે તો તે એની કૃપા છે, તેના લીધે આપણે સંસારસાગર તરી શકીએ છીએ; પરંતુ તેઓ જ મોક્ષના દરવાજા ઉઘાડી આપણને અંદર દાખલ કરી દે એ શક્ય નથી. તેમણે દર્શાવેલા માર્ગે તો આપણે જાતે જ ચાલવું પડે છે અને તો જ આપણે સંસારસાગર તરી મોક્ષમાં પહોંચી શકીએ છીએ.

પ્રશ્ન–કોઈ દેવને ન માનીએ તો ?

ઉત્તર–તો આપણા સંસાર–પરિભ્રમણનો પાર આવે નહિ. આદર્શ દેવનો આલંબન તરીકે સ્વીકાર કરવાથી આપણા વિકાસનો માર્ગ સરલ બને છે અને તેમાં યોગ્ય માર્ગદર્શન પણ મળતું રહે છે. જે કોઈ પણ દેવને માનતો નથી, તે વાસ્તવમાં નાસ્તિક છે. તેનો ભવનિસ્તાર થતો નથી.

પ્રશ્ન–એક સત્ય સિદ્ધાંતની સ્થાપના કરવા માટે વાદ કરવો જરૂરી છે કે નહિ ?

ઉત્તર–સત્ય સિદ્ધાંતની સ્થાપના માત્ર વાદથી જ થઈ શકે એવું નથી. છતાં એમ લાગે કે અહીં વાદ કરવાથી જરૂર સારું પરિણામ આવશે – સત્યનો સ્વીકાર થશે, તો વાદ કરવામાં હરકત નથી. પરંતુ વાદ મતાગ્રહનું રૂપ પકડે અને દલીલના સ્થાને ડંડા ઉછળવાની સંભાવના લાગે તો એ વાદ છોડી દેવો હિતકર છે. આપણે ત્યાં ઘણા વાદો એકબીજાને નજીક લાવવાને બદલે દૂર લઈ ગયા છે, તેથી આટલું સૂચન છે.

[ ૧૩ ]

## રાગને છોડો

સામાયિકની સિદ્ધિ એટલે સમભાવની સિદ્ધિ. તેનું પ્રથમ સૂત્ર છે : ' **રાગ છોડો** ' પણ રાગને પૂરેપૂરો ઓળખ્યા વિના તેની પકડમાંથી છૂટાતું નથી, એટલે પ્રથમ તેની ઓળખાણ આપીશું અને સાથે સાથે તેને છોડવાનાં કારણો પણ જણાવીશું.

આપણા અંતરમાં છૂપાઈને રહેલો રાગ ત્રણ સ્વરૂપે વ્યક્ત થાય છે : એક તો દૃષ્ટિરાગ તરીકે, બીજો કામરાગ તરીકે અને ત્રીજો સ્નેહરાગ તરીકે. જ્યારે તે દૃષ્ટિરાગ તરીકે વ્યક્ત થાય છે, ત્યારે એક જાતની અંધશ્રદ્ધા ઉત્પન્ન કરી દે છે, જેથી વિવેક હણાય છે, કદાગ્રહ ઉત્પન્ન થાય છે અને તત્ત્વમાર્ગ દૂર રહે છે. એક નાનકડા દૃષ્ટાંતથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

ગુરુએ કહ્યું : ' એક રણમાં સાત હાથી ભેગા થયા અને તે ચાલવા લાગ્યા. '

દૃષ્ટિરાગવાળાઓએ કહ્યું : ' જી હા. '

ગુરુએ કહ્યું : ‘ વચ્ચે એક સોય આવી. તેના નાકામાંથી આ સાતે ય હાથી પસાર થઇ ગયા.’

દૃષ્ટિરાગવાળાઓએ કહ્યું : ‘ જી હા. ’

ગુરુએ કહ્યું : ‘ પરંતુ તેમાં છેલ્લા હાથીનું પૂંછડું ભરાઈ રહ્યું. તે કેમે ય કર્યું નીકળે નહિ. ’

દૃષ્ટિરાગવાળાઓએ કહ્યું : ‘ જી હા. ’

પાસે એક સુજ્ઞજન બેઠા હતા. તેમણે દૃષ્ટિરાગવાળા ભાઇઓને કહ્યું : ‘ હાથી તો જંગલમાં રહે. તે કંઈ રણમાં રખડે નહિ. છતાં માની લઈએ કે કોઈ હાથી રણમાં જઈ ચડયો, પણ ત્યાં સાત હાથી એકઠા શી રીતે થાય ? વળી રણમાં સોય પડી હોય તો તે ખડી થઈને તેમનો માર્ગ થોડો જ આંતરે ? અને સોયનું નાકું કેવડું અને હાથીના શરીરનું કદ કેવડું ? તેમાંથી હાથી શી રીતે પસાર થાય ? છતાં માની લો કે તે પસાર થયા, તો છેલ્લા હાથીનું પૂછડું શી રીતે ભરાઇ રહે ? શરીર કરતાં તો પૂંછડું ઘણું નાનું હોય છે, એટલે જેમાંથી શરીર પસાર થાય, તેમાંથી પૂંછડું અવશ્ય પસાર થાય. ’

એ સાંભળી દૃષ્ટિરાગવાળા ભાઇઓએ કહ્યું : ‘ શું ગુરુ ખોટું કહે ? શું તમે ગુરુ કરતાં વધારે જ્ઞાની છો ? આજે તમે બોલ્યા એ બોલ્યા, પણ બીજી વાર આવું બોલશો તો તમને જોઈ લઇશું. ’

હવે વિશેષ બોલવામાં સાર ન હતો, એટલે સુજ્ઞજન ત્યાંથી ઊઠીને ચાલતા થયા.

જ્યાં દૃષ્ટિરાગ હોય, ત્યાં પક્ષો પડે છે; વાડાઓ બંધાય છે; અને બીજાને ઉતારી પાડી પોતે જ સાચા હોય, એ રીતે વર્તવામાં આવે છે. પરિણામે કજિયા-કંકાસ થાય છે, કોર્ટ-કચેરીનો આશ્રય લેવાય છે, પૈસાનું પાણી થાય છે અને ફજેતીનો ફાળકો ગળામાં આવે છે. એટલે દૃષ્ટિરાગ કોઈ રીતે ઇષ્ટ નથી. જેને તત્ત્વ જોઈતું હોય અને તેના આધારે તરવું હોય તેણે દૃષ્ટિરાગ છોડવો જ જોઈએ.

તે અંગે **યોગસાર**માં કહેવાયું છે કે-

**दृष्टिरागो महामोहो, दृष्टिरागो महाभवः ।**
**दृष्टिरागो महामारो, दृष्टिरागो महाज्वरः ॥**

'દૃષ્ટિરાગ એક પ્રકારનો મહામોહ છે, દૃષ્ટિરાગ એ સંસારનું કારણ છે; દૃષ્ટિરાગ મહાન ઘાત કરનારો છે અને દૃષ્ટિરાગ એક પ્રકારનો વિષમ જ્વર છે.'

**अहो विचित्रं मोहान्ध्यं तदन्धैरिह यज्जनैः ।**
**दोषा असन्तो वीक्ष्यन्ते परे सन्तोऽपि आत्मनि ॥**

'ખરેખર ! દૃષ્ટિ રાગરૂપ મોહાન્ધકાર એવો વિચિત્ર છે કે તેથી અંધ થયેલા જનો બીજાના અછતા દોષોને જુએ છે અને પોતાના છતા દોષોને પણ જોઈ શકતા નથી.'

**मदीयं दर्शनं मुख्यं पाखण्डान्यपराणि तु ।**
**मदीयं आगमः सारः परकीयास्त्वसारकाः ॥**

तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः ।
इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः ॥

'અમારું દર્શન—અમારો ધર્મ એ જ ખરો છે, બીજાનાં દર્શનો—બીજાના ધર્મો પાખંડ છે. અમારું શાસ્ત્ર એ જ સાર છે, અને બીજાનાં શાસ્ત્રો નિઃસાર છે. અમે જ ખરા તત્ત્વજ્ઞાની છીએ, બીજા અતાત્ત્વિક અર્થાત્ ભ્રાન્ત છે, એમ માનનારા કેવળ મત્સરી છે અને તેઓ તત્ત્વજ્ઞાનથી ઘણા દૂર છે.'

यथाऽऽहतानि भाण्डानि विनश्यन्ति परस्परम् ।
तथा मत्सरिणोऽन्योन्यं ही दोषग्रहणाद् हताः ॥

'જેવી રીતે હાંલ્લાઓ આપસમાં અથડાવાથી નાશ પામે છે, તેમ મત્સરી જીવો પણ એક-બીજાના દોષો ગ્રહણ કરવામાં લીન હોવાથી નાશ પામે છે.'

તાત્પર્ય કે દૃષ્ટિરાગથી 'મારું તે સારું' એવી મિથ્યા માન્યતા ઉત્પન્ન થાય છે, તેનાથી ગુણગ્રાહકતા નાશ પામે છે અને બહુ મોટું નુકશાન થાય છે. જેની દૃષ્ટિ સમ્યક્ થયેલી છે, એ તો 'સારું તે મારું' એમ જ માને અને ગમે તેવી વિચિત્ર જણાતી વસ્તુમાંથી પણ ગુણ ગ્રહણ કરે. શ્રીકૃષ્ણે કાળા કૂતરાનું મડદું જોયું, ત્યારે 'તેની દંતપંક્તિ કેવી સુંદર છે!' એમ કહ્યું, કારણ કે તેઓ ગુણગ્રાહી હતા.

હવે રાગના બીજા સ્વરૂપ પર આવીએ. તેને 'કામ-

રાગ'ની સંજ્ઞા અપાયેલી છે. અહીં કામ શબ્દ ઇન્દ્રિય-સુખનું સૂચન કરનારો છે, એટલે કે આ પ્રકારના રાગથી મનુષ્યની ઇન્દ્રિયસુખની આસક્તિ વધે છે, તેમાં જ તે આનંદ પામે છે અને તેની તૃપ્તિ માટે અનેક પ્રકારનાં પાપ-કર્મોમાં પ્રવૃત્ત થાય છે. આ પરથી તેના રમખાણની ભયંકરતા સમજી શકાશે.

ઇન્દ્રિયો પાંચ છે અને તેના વિષયો ત્રેવીશ (૨૩) છે, તે આપણે જાણી લઈએ, કારણ કે વિષય શબ્દ અનેક-વાર આવવાનો છે. તેમાં **સ્પર્શનેન્દ્રિય** વડે સ્પર્શ જાણી શકાય છે. તેનું મુખ્ય સાધન ત્વચા એટલે ચામડી છે. આ ચામડી વડે આઠ જાતના સ્પર્શો પારખી શકાય છે: (૧) હળવો, (૨) ભારે, (૩) કોમળ, (૪) ખરબચડો, (૫) ઠંડો, (૬) ગરમ, (૭) ચીકણો અને (૮) લૂખો. **રસનેન્દ્રિય** વડે રસ એટલે સ્વાદ જાણી શકાય છે. તેનું મુખ્ય સાધન રસના એટલે જીભ છે. આ જીભ વડે પાંચ પ્રકારના સ્વાદો પારખી શકાય છે: (૧) મીઠો, (૨) ખાટો, (૩) ખારો, (૪) કડવો અને (૫) તીખો. કેટલાક તેમાં તૂરા રસને ઉમેરીને ષડ્રસ છ પ્રકારના રસો માને છે, પણ તૂરો રસ એ મીઠા અને ખાટા રસનું મિશ્રણ છે, તેથી જૈન શાસ્ત્રોએ પાંચ પ્રકારના રસો-સ્વાદો માનેલા છે. **ઘ્રાણેન્દ્રિય** વડે ઘ્રાણ એટલે વાસ જાણી શકાય છે. તેનું મુખ્ય સાધન નાક છે. આ નાક વડે બે જાતની વાસ પારખી શકાય છે: (૧) સુગંધ અને (૨) દુર્ગંધ. **ચક્ષુરિન્દ્રિય** વડે રૂપ-રંગ જાણી શકાય છે. તેનું

મુખ્ય સાધન ચક્ષુ એટલે આંખ છે. આ આંખ વડે પાંચ પ્રકારના રંગો પારખી શકાય છેઃ (૧) ધોળો, (૨) કાળો, (૩) વાદળી, (૪) પીળો અને (૫) રાતો. અને **શ્રોતેન્દ્રિય** વડે શબ્દ જાણી શકાય છે. તેનું મુખ્ય સાધન કાન છે. આ કાન વડે ત્રણ પ્રકારના શબ્દો પારખી શકાય છેઃ (૧) સચિત્ત શબ્દ–જીવંત પ્રાણીનો. (૨) અચિત્ત શબ્દ–જડ વસ્તુનો અને (૩) મિશ્ર શબ્દ–જીવંત તથા જડનો મિશ્ર થયેલો. આ રીતે ૮ + ૫ + ૨ + ૫ + ૩ મળી કુલ વિષયો ત્રેવીશ ગણાય છે.

પાંચ ઇન્દ્રિયો જ્ઞાનપ્રાપ્તિનું મુખ્ય સાધન છે, એટલે તેના વડે વિષયોને જાણીએ તેમાં કંઈ ખોટું નથી, પરંતુ તેમાં રાગ–દ્વેષ કરવો કે સુખ–દુઃખની કલ્પના કરવી, એ વિષયાસક્તિ હોઇ હેય એટલે છોડવા યોગ્ય છે. આ જગતમાં મનુષ્યો જે વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવે છે, તે મુખ્યત્વે વિષયાસક્તિને આભારી છે. થોડા વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

જે મનુષ્યની દૃષ્ટિ ઇન્દ્રિયસુખ ભણી નહિ, પણ આત્મસુખ ભણી હોય છે, તેના જીવનની જરૂરીઆતો ઓછી હોય છે, તે એને સહેલાઈથી મળી જાય છે અને તેમાં તે આનંદ માણે છે, જ્યારે ઇન્દ્રિયસુખ ભણી દૃષ્ટિ રાખનારની જીવનની જરૂરીઆતો દિનપ્રતિદિન વધતી જાય છે, તે મેળવવા માટે ઘણો પરિશ્રમ કરવો પડે છે અથવા તો ઘણાં કાળાં–ધોળાં કરવા પડે છે અને તે મળવા છતાં ય તેમાં જોઈએ તેવો આનંદ આવતો નથી.

જે મનુષ્યને સ્પર્શસુખની આસક્તિ નથી, તે ચટાઈ કે સાદડી પર સુખેથી સૂઈ શકે છે, સામાન્ય ગોદડાં કે ઓશીકાથી આનંદ પામે છે અને ઓઢવા માટે સૂતરાઉ કે ઊનનું સામાન્ય કપડું હોય તો પણ ચલાવી લે છે, જ્યારે સ્પર્શસુખની આસક્તિવાળાને ચટાઈ કે સાદડી ચાલતી નથી, સામાન્ય ગોદડાં કે ઓશીકાથી સંતોષ થતો નથી, અને ઓઢવા માટે અમુક પ્રકારની શાલો કે રજાઈ હોય તો જ આનંદ આવે છે. જો કે આ આનંદ ક્ષણિક હોય છે, છતાં તેને માટે તેનો જીવ તલપતો હોય છે.

જે મનુષ્યને સ્પર્શસુખની આસક્તિ નથી, તે શિયાળામાં પણ ઠંડા પાણીથી નાહી શકે છે, અથવા સહેજ ગરમ પાણીથી પણ ચલાવી લે છે, જ્યારે સ્પર્શસુખની આસક્તિવાળો શિયાળામાં અમુક હદે ગરમ થયેલા પાણીની અપેક્ષા રાખે છે અને તેમાં જરાયે ઊણપ હોય તો નાકનું ટીચકું ચડાવે છે કે ઝઘડો કરી બેસે છે.

જે મનુષ્યને સ્પર્શસુખની આસક્તિ નથી, તે ઊનાળામાં તાપ સહન કરી લે છે અથવા સામાન્ય પંખાથી કામ ચલાવી લે છે, જ્યારે સ્પર્શસુખની આસક્તિવાળો જરા પણ તાપ સહન કરી શકતો નથી. જો તાપ સહન કરવાનો પ્રસંગ આવ્યો તો બૂમાબૂમ કરે છે. તેને વીજળીના અમુક પંખા જોઈએ અને તે અમુક પ્રકારના જ જોઈએ અથવા તો 'એરકન્ડીશન્ડ રૂમ' વિના ચાલે જ નહિ.

જે મનુષ્યને સ્પર્શસુખની આસક્તિ નથી, તે મર્યાદિત

પ્રમાણમાં સ્ત્રીસંગ કરે છે, જ્યારે સ્પર્શસુખની આસક્તિવાળો વારંવાર સ્ત્રીસંગ કરે છે, છતાં યે તેનાથી તૃપ્તિ થતી નથી, એટલે તે બળાત્કાર, વ્યભિચાર તથા વેશ્યાગમન જેવાં ઘોર પાપો કરવા પ્રેરાય છે. તેમાં પૈસા અને પ્રતિષ્ઠાની પાયમાલી થાય છે, તથા પ્રાણહાનિ જેવા પ્રસંગો પણ આવી પડે છે.

સ્પર્શસુખની લાલસા અંગે પ્રાચીન શાસ્ત્રોમાં હાથીનું ઉદાહરણ અપાયું છે, તે ધ્યાનમાં રાખવા જેવું છે. હાથીના દાંત તથા હાડકાં કિંમતી હોય છે, તેથી તેને મેળવવા માટે જંગલી લોકો હાથીના આવવાના માર્ગમાં એક મોટો ખાડો ખોદે છે, તેના પર વાંસડા ગોઠવી તેને પાંદડાં વગેરેથી ઢાંકી દે છે અને તેનાં એક કિનારે બનાવટી હાથણી ઊભી કરે છે. હવે હાથી સ્પર્શસુખનો લાલચુ છે, તે હાથણીને જોતાં તેના તરફ દોડતો આવે છે અને ખાડા પર આવતાં જ તેના ભારથી વાંસડા વગેરે તૂટી જાય છે, એટલે તે ખાડામાં જઈ પડે છે. એ ખાડામાં પહેલેથી જ શંકુ આકારનો મોટો ખીલો ઊભો કરેલો હોય છે, તેના વડે તેનું શરીર વીંધાઈ જાય છે અને તે મરણ પામે છે. પછી જંગલી લોકો તેના દાંત અને હાડકાં કાઢી લે છે અને તે વેચીને ઘણા પૈસા મેળવે છે. સ્પર્શસુખની લાલસાથી આપણા આવા બૂરા હાલ ન થાય તે જોવાનું છે.

જે મનુષ્યને રસની-સ્વાદની આસક્તિ નથી, તે સાદા ભોજનથી પોતાનું પેટ કરી લે છે, થોડું ખાટું-ખારું કે

તીખું-મોળું હોય તો ચલાવી લે છે. તેને વધારે વસ્તુઓની જરૂર પડતી નથી. જે થોડી વસ્તુઓ મળે છે, તેનાથી પણ તે સંતોષ અનુભવે છે. જ્યારે સ્વાદની આસક્તિવાળાને તીખી-તમતમતી અને લિજ્જતદાર અનેક પ્રકારની વાનગીઓ જોઈએ છે અને તેમાં જરાયે ફરક હોય તો તરત મોઢું મચકોડે છે, ઝઘડો કરે છે કે ભાણું પછાડે છે. અનેક પ્રકારની મીઠાઈઓ, શાકભાજી, ચટણી, રાયતાં, અથાણાં, પાપડ વગેરે આરોગવા છતાં નવી નવી વસ્તુઓ ખાવાની ઇચ્છા રહ્યા કરે છે અને તે ન મળતાં અસંતોષ અનુભવે છે.

જેને સ્વાદની આસક્તિ નથી, તે સમયસર ખાય છે, અને પ્રમાણસર ખાય છે, જ્યારે સ્વાદની આસક્તિવાળા ગમે ત્યારે ખાય છે અને ગમે તેટલું ખાય છે, તેથી વિવિધ પ્રકારના રોગો તેમનો પીછો પકડે છે અને તેમને હાલ બેહાલ કરી નાખે છે.

જેને સ્વાદની આસક્તિ નથી, તે અભક્ષ્યનો ત્યાગ કરી ભક્ષ્યનું જ ભોજન કરે છે, જ્યારે સ્વાદની આસક્તિ-વાળાને ભક્ષ્યાભક્ષ્યનું ભાન રહેતું નથી, તેઓ અભક્ષ્ય ખાવા પણ લલચાય છે અને એમ કરતાં અભક્ષ્યભોજી બની પશુ જેવું જીવન ગુજારે છે. દારૂ, માંસ, મત્સ્ય, ઇંડાં એ બધી અભક્ષ્ય વસ્તુઓ છે, છતાં તેનો ભદ્ર સમાજમાં પણ ઉપયોગ થવા લાગ્યો છે, એ શું સૂચવે છે? આપણી-સ્વાદ લાલસા બેફામપણે આગળ વધી રહી છે, તેનું એ પરિણામ છે.

રસ કે સ્વાદની આસક્તિ અંગે પ્રાચીન શાસ્ત્રોમાં

મત્સ્યનું ઉદાહરણ અપાયું છે, તે આપણે જાણી લઈએ. મત્સ્ય પકડનારા મનુષ્યો એક લાકડીના છેડે લાંબી દોરી બાંધી તેને છેડે લોઢાનો એક વાંકડિયો કાંટો બાંધે છે, જેને ગલ કે બડીશ કહેવામાં આવે છે. આ ગલ પર તેઓ માંસનો ટુકડો બાંધે છે અને પછી તેને પાણીમાં નાખે છે. હવે મત્સ્ય સ્વાદનો લાલચુ છે, એટલે માંસની ગંધ આવતાં જ તેના તરફ ધસે છે અને તેના પર મોઢું નાખતાં જ તેના ગળામાં પેલો ગલ ભરાઈ જાય છે, એટલે મચ્છીમાર તેને બહાર કાઢે છે અને ટોપલામાં નાખે છે, જ્યાં તે તરફડીને મરણ પામે છે. સ્વાદની આસક્તિ આપણા આવા હાલ ન કરે તે જોવાનું છે.

ગંધની આસક્તિ પણ બૂરી જ છે. જો તેની આસક્તિ ઉત્પન્ન થઈ તો અમુક પ્રકારના સેન્ટો કે અત્તરો વિના ચાલે જ નહિ. વસ્ત્રો તથા પથારીમાં પણ અમુક પ્રકારની સુગંધીઓ છાંટવી જ જોઈએ. તે ન છંટાય તો ચેન પડે જ નહિ. ઓરડામાં પણ અમુક પ્રકારનાં સુગંધી પુષ્પો જોઈએ, અને તેને અમુક રીતે જ ગોઠવવા જોઈએ. સુગંધની આવી આસક્તિવાળા મનુષ્યો બીજા માણસોની પાસે બેસે તો નાકનું ટીચકું ચડાવ્યા કરે, કારણ કે તેને તેમની દુર્ગંધ આવે છે!

ગંધની આસક્તિ અંગે પ્રાચીન શાસ્ત્રોમાં ભ્રમરનું ઉદાહરણ અપાયું છે, તે આ પ્રમાણે: ભ્રમર સુગંધનો લાલચુ છે, એટલે કમલ પર બેસે છે. તે 'હમણાં ઊડું, હમણાં ઊડું' એવો વિચાર કરે છે, પણ સુગંધમાં આસક્ત

હોવાથી ત્યાંથી ઊડી શકતો નથી. એવામાં સાયંકાલ થાય છે અને કમલ બીડાઈ જતાં અંદર પૂરાઈ જાય છે. જો તે ધારે તો કઠિન કાષ્ઠને પણ કોરી નાખે છે, તો કમલની પાંખડીઓને કોરવી એમાં શું! પણ તેની વિચારસૃષ્ટિ જુદી હોય છે.

**रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं,**
**भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ।**

'રાત્રિ હમણાં ચાલી જશે અને સુંદર મજાનું પ્રભાત થશે, એટલે સૂર્ય ઉદય પામશે અને પાછી આ કમલની પાંખડીઓ ખીલી ઊઠશે, એટલે હું તેમાંથી બહાર નીકળી જઈશ. તાત્પર્ય કે હમણાં હું કમલમાં પૂરાયો, તે ભલે પૂરાયો, એની સુગંધની મોજ માણવા મળશે. પરંતુ —

**इत्थं विचारयति कोशगते द्विरेफे,**
**हा मूलतः कमलिनीं गज उज्जहार ॥**

તે આવા વિચારો કરે છે, ત્યાં તો હાથીઓ સરોવરમાં જલક્રીડા કરવા આવે છે અને કમલના વેલાને મૂળથી ઉખાડી નાખે છે, એટલે તે હાથીઓના પગના ઝપાટામાં આવી મરણ પામે છે અથવા તો હાથીઓ એ કમલને મુખમાં પધરાવી દે છે, એટલે તે પેટમાં પેસીને મરણ પામે છે.

ગંધની આસક્તિનું આ પરિણામ ખતરાની ખાણ તરફ ખેંચી જાય છે અને તેના બૂરા હાલ કરે છે.

રૂપ-રંગની લાલસા પણ મનુષ્યના જીવનમાં અસંતોષની આગ પ્રકટાવે છે, તેની પાસે ન કરાવવાનાં કામો કરાવે છે અને આખરે તેને બરબાદ કરે છે.

જેને રૂપ-રંગની લાલસા નથી, તે સાદા વસ્ત્ર-અલંકારથી પણ આનંદ પામે છે, જ્યારે રૂપ-રંગની લાલસાવાળા તેની પળોજણમાંથી ઊંચા આવતા નથી. અનેક પ્રકારનાં વસ્ત્રો અને અલંકારો હોવા છતાં નવાં નવાં વસ્ત્રો અને અલંકારોની ઇચ્છા રહ્યા કરે છે અને તે માટે ગમે તેટલો ખર્ચ કરવા તત્પર બને છે. જો પાસે પૈસા ન હોય તો બીજાના ઉછીના લે છે અને તે શક્ય ન હોય તો અનીતિના રસ્તાઓ અજમાવે છે કે જેનાં આખરે બૂરા પરિણામો આવે છે. તેઓ પોતાના શરીરને રૂપાળું રાખવા અનેક પ્રકારના ઉપાયો યોજે છે અને તેની ખટપટમાં સમય, શ્રમ તથા નાણાંનો કેટલો વ્યય થયો, તેની દરકાર કરતા નથી.

રૂપ-રંગની લાલસાવાળા કોઈ સ્ત્રીના રૂપની પાછળ ઘેલા થાય છે, ત્યારે તેમની દુર્દશાનો પાર રહેતો નથી.

એક ઝવેરી એક મુસલમાન સ્ત્રીના રૂપ પાછળ ઘેલો થયો, ખાસ કરીને તેના કાળા ભમ્મર લાંબા કેશ પર મોહી પડ્યો, એટલે તેની પાછળ લખલૂટ ખર્ચ કરવા લાગ્યો. એમ કરતાં બધી મૂડી ખલાસ થઈ, ઝવેરાતનો ધંધો ગયો અને કુટુંબમાંથી પણ છૂટા પડવાનો વખત આવ્યો. એક વખત જેનો પડ્યો બોલ ઝીલાતો, તેનો કોઇ ભાવ પૂછનાર પણ ન રહ્યું!

રૂપ–રંગ લાલસા અંગે પ્રાચીન શાસ્ત્રોમાં પતંગ એટલે પતંગિયાનું ઉદાહરણ અપાયેલું છે. પતંગિયું દીવાના તેજથી મોહિત થાય છે અને તેનો ઉપયોગ કરવા માટે તેના પર ઝંપલાવે છે, એટલે બળીને ખાખ થાય છે. આ દૃશ્ય અનેક વાર નજરે જોવા છતાં મનુષ્યોની રૂપ–રંગલાલસા ઘટતી નથી, એ ઓછું આશ્ચર્યજનક છે?

શબ્દની આસક્તિ–શબ્દની લાલસા પણ મનુષ્યને ખતરાની ખાણ તરફ ખેંચી જાય છે અને તેના બૂરા હાલ કરે છે.

શબ્દની લાલસાવાળા ખુશામતખોરીના શબ્દો સાંભળવા ટેવાય છે, સ્ત્રીઓ સાથેના મંજુલ સંભાષણના પ્રસંગોને ઝડપી લે છે અને ગાન–તાનમાં ગુલતાન બને છે. આ શબ્દ–લાલસાના કારણે જ ઘણા માણસો વેશ્યા કે નર્તિકાઓને ત્યાં થતા ગાન–તાનના જલસાઓમાં નિયમિત ભાગ લે છે અને નાણાં તથા નોક બંને ગુમાવે છે. જ્યાં ગાન–તાનની વાત આવી કે તેમનું મન હાથ રહેતું નથી, તેઓ જવાબદારીવાળાં કામો છોડીને ત્યાં પહોંચી જાય છે અને તેના લીધે અનેક પ્રકારનાં નુકશાનો ભોગવે છે. શબ્દલાલસા અંગે પ્રાચીન શાસ્ત્રોમાં હરણ અને સર્પ એ બંનેનાં ઉદાહરણો અપાયેલાં છે. હરણને વાંસળીનો શબ્દ બહુ ગમે છે, એટલે શિકારીઓ વાંસળી વગાડવા માંડે છે કે તે એકઠાં થઈ જાય છે અને તેનો શબ્દ સાંભળવામાં લીન બને છે. આ વખતે અન્ય શિકારીઓ તેનો શિકાર કરી નાખે છે. આ રીતે સર્પને મોરલીનો નાદ બહુ ગમે છે , એટલે મદારીઓ મોરલી

વગાડવા માંડે છે કે તે પોતાનું દર છોડીને બહાર નીકળે છે અને ફેણ માંડીને ડોલવા લાગે છે. આ વખતે બીજા મદારીઓ તેને પકડી લે છે, અને તેના ઝેરી દાંત કાઢી નાખે છે. પછી તેમને કરંડિયામાં પૂરી કાયમના પરાધીન બનાવી દે છે. શબ્દ-લાલસાની આ ખતરનાકતાનો ખ્યાલ સુજ્ઞજનોએ અવશ્ય રાખવાનો છે.

ઇન્દ્રિયો વડે ભોગવાતું વિષયસુખ એ સાચું સુખ નથી, માત્ર સુખનો આભાસ છે, છતાં મનુષ્યો તેની પાછળ પડી પોતાનું સમસ્ત જીવન બરબાદ કરે છે અને મહામોંઘો માનવભવ હારી જાય છે, એ કેટલું ખેદજનક છે? તે અંગે ભગવાન મહાવીરની વાણી સાંભળો. તે ઉત્તરાધ્યયન-સૂત્રમાંથી અહીં અપાય છેઃ

> जे केइ सरीरे सत्ता, वण्णे रूवे य सव्वसो ।
> मणसा काय-वक्केणं सव्वे ते दुक्खसंभवा ॥

'જે કોઇ મનુષ્યો શરીરમાં આસક્ત છે અને મનથી, કાયાથી તથા વચનથી રૂપ અને રંગમાં પૂરેપૂરા મોહેલા છે, તે સર્વ દુઃખને ઉત્પન્ન કરનારા છે.'

> उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पई ।
> भोगी भमई संसारे, अभोगी विप्पमुच्चई ॥

'ભોગમાં પડેલો મનુષ્ય કર્મથી લેપાય છે, અભોગી કર્મથી લેપાતો નથી. ભોગી સંસારમાં પરિભ્રમણ કરે છે, અભોગી સંસારથી મુક્ત થાય છે.'

कायसा वयसा मत्ते, वित्ते गिद्धे य इत्थिसु ।
दुहओ मलं संचिणइ, सिसुनागो व्व मट्टियं ॥

'ધન અને સ્ત્રીમાં આસક્ત બનેલો ભોગી પુરુષ કાયાથી મદોન્મત્ત બને છે અને તેનાં વચનોમાં પણ અભિમાન આવે છે. તે અળસિયાંની જેમ બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારે મલનો સંચય કરે છે.'

त ओ पुट्ठो आयंकेणं, गिलाणो परितप्पई ।
पभीओ परलोगस्स, कम्माणुपेही अप्पणो ॥

'પછી ઉગ્ર રોગોથી પીડાઈને અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે અને પરલોકથી ખૂબ ડરીને પોતાનાં દુષ્કર્મોનો પશ્ચાત્તાપ કરે છે.'

सल्लं कामा विसं कामा, कामा आसीविसोपमा ।
कामे य पत्थेमाणा, अकामा जंति दोग्गइं ॥

'કામભોગ શલ્યરૂપ છે, કામભોગ વિષરૂપ છે અને કામભોગ ભયંકર સર્પ જેવા છે. જેઓ કામભોગની ઇચ્છા કર્યા કરે છે, તે એને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિમાં જાય છે.'

सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥

'કામવાસનાને પોષનારા તથા વધારનારા સર્વ ગીતો વિલાપતુલ્ય છે, સર્વ નૃત્યો વિડંબના સમાન છે અને સર્વ

આભરણો ભારરૂપ છે. સર્વ પ્રકારની કામવાસના આખરે તો દુઃખને જ લાવનારી છે.'

રાગનું ત્રીજું સ્વરૂપ 'સ્નેહરાગ' તરીકે ઓળખાય છે. સ્નેહરાગ એટલે કુટુંબીજનો કે મિત્રાદિ પ્રત્યેનું મોહ-મમત્વ. તે પણ આપણી વિવેકબુદ્ધિને કુંઠિત કરે છે, પક્ષપાત તરફ દોરી જાય છે અને અનેકવિધ પાપકર્મો કરવાની પ્રેરણા કરે છે.

ભાઈઓએ બીજા પ્રત્યે ખુલ્લો અન્યાય કર્યો હોય છતાં પક્ષ કોનો લેવાય છે? પત્ની પાડોશણ સાથે ખોટો ઝઘડો કરી આવી હોય છતાં વાંક કોનો કઢાય છે? પુત્રે ખરેખર બીજાનું અડપલું કર્યું હોય, છતાં કહેવા આવે ત્યારે કેવો ઉત્તર અપાય છે?

એક હબસણને જુદાં જુદાં અનેક બાળકો બતાવીને પૂછવામાં આવ્યું કે 'બાઈ! આ બધા બાળકોમાં તને કયું બાળક વધારે સુંદર લાગે છે?' ત્યારે હબસણે બધાં બાળકોને જોઈને કહ્યું: 'મને તો હબસીનું બાળક સહુથી વધારે સુંદર લાગે છે.' ફૂલના ગોટા જેવાં અનેક બાળકો હાજર હોવા છતાં હબસણે આવો જવાબ કેમ આપ્યો? એનું કારણ શોધવા માટે આપણે દૂર જવું પડે એમ નથી. સ્નેહરાગથી અંધ થયેલી દૃષ્ટિ વિવેકને ભૂલી જાય છે અને વિવેક ભૂલતાં આવું પરિણામ આવે છે.

જે કાર્ય માટે આપણે બીજાની વારંવાર નિંદા કરી હોય છે, બીજાની વારંવાર ઘૃણા કરી હોય છે, તે જ કાર્ય જો

આપણા માતા-પિતા, વડીલ કે કુટુંબ-પરિવારની કોઇ વ્યક્તિએ કર્યું હોય તો તેમનો બચાવ કરવા લાગી જઇએ છીએ, એ શું બતાવે છે? સ્નેહરાગથી અંધ થયેલો આત્મા ન્યાય-નીતિને વીસરી જાય છે અને ખુલ્લંખુલ્લા અન્યાય કે અનીતિનો આશ્રય લે છે.

કુટુંબીજનો, વડીલો વગેરેનું ભરણ-પોષણ કરવું, એ ગૃહસ્થનો ધર્મ છે, પણ તે માટે અનેક પ્રકારનાં પાપો કરવા યોગ્ય નથી. તે અંગે રતનિયા ભીલની વાત જાણવા જેવી છે.

## રતનિયા ભીલની વાત

રતનિયા ભીલને તેના પિતાએ ધનુર્વિદ્યામાં કુશલ બનાવ્યો હતો અને વાટ કેમ મારવી? જતા-આવતા મુસાફરોને યુક્તિથી કેવી રીતે લૂંટી લેવા? તેનું પ્રયોગાત્મક શિક્ષણ આપ્યું હતું. તેથી લૂંટના કામમાં તે પાવરધો બન્યો હતો અને તેના વડે જ પોતાના કુટુંબનો નિર્વાહ કરતો હતો.

એક વાર રતનિયો ધંધા અર્થે અરણ્યમાં ફરતો હતો, ત્યાં એક મહર્ષિ પાસેના રસ્તેથી પસાર થયા, એટલે રતનિયાએ તેમનો રસ્તો આંતર્યો અને પાસે જે કંઈ હોય, તે મૂકી દેવા જણાવ્યું, પરંતુ મહર્ષિ પાસે ખાસ શું હોય? તેમણે એક ભગવી કફની પહેરી હતી, ખભે ગરમ કાંબળી નાખી હતી, એક હાથમાં કમંડલ ધારણ કર્યું હતું અને બીજા હાથમાં દંડ ધારણ કર્યો હતો. તેમને આ વસ્તુઓ પર જરાયે મમત્વ ન હતું, પરંતુ રતનિયાની હાલત જોઇને

દયા આવી, એટલે તેના પર કૃપા કરવાના હેતુથી કહ્યું : 'ભાઈ! તારે મારી પાસેથી જે કંઇ જોઈતું હોય તે ખુશીથી લઈ લે, પણ તને એક સવાલ પૂછું છું, તેનો ઉત્તર આપ કે તું આવો નીચ ધંધો કોના માટે કરે છે?'

રતનિયાએ કહ્યું: 'મારા કુટુંબ માટે. મારે માતા, પિતા, પત્ની, પુત્રો અને પુત્રીઓનું બહોળું કુટુંબ છે. તે બધાનો નિર્વાહ હું આ ધંધાથી કરું છું.'

મહર્ષિએ કહ્યું: 'ભાઇ! તું જેમને માટે આ ઘોર પાપ કરે છે, તે માતા, પિતા, સ્ત્રી, પુત્ર વગેરે શું તારા આ પાપમાં ભાગીદાર થશે ખરા?'

રતનિયાએ કહ્યું : 'જરૂર, તે બધાને માટે હું આ પાપ કરું છું તો તેઓ તેમાં ભાગીદાર કેમ નહિ થાય?'

મહર્ષિએ કહ્યું : 'તારી આ માન્યતા ભૂલભરેલી છે. તારું કરેલું પાપ તારે એકલાને જ ભોગવવું પડશે. જો તેની ખાતરી કરવી હોય તો જઇને બધાં કુટુંબીજનોને પૂછી આવ કે તારાં કરેલાં પાપોમાં તેમનો ભાગ કેટલો? તું આ પ્રશ્નનો ઉત્તર લઈને આવીશ, ત્યાં સુધી હું અહીં જ ઊભો રહીશ.'

મહર્ષિના આ વચનોને માન્ય કરી રતનિયો ઘરે ગયો અને દરેકને પૂછવા લાગ્યો કે 'હું જે પાપ કરું છું, તેમાં તમારો ભાગ કેટલો?' આ પ્રશ્ન સાંભળીને માતા મૌન રહી, પિતાએ ચૂપકીદી પકડી, પત્ની કંઈપણ બોલી નહિ અને પુત્ર-પુત્રીઓ પણ ટગર ટગર સામું જોઈ રહ્યા. આ

જોઇ રતનિયાને ભારે આશ્ચર્ય થયું : 'એક સાદી-સીધી વાતનો ઉત્તર કેમ કોઈ આપતું નથી !' અને તેણે બધાને એ જ પ્રશ્ન ફરી પૂછ્યો, છતાં તેનો કંઇ ઉત્તર મળ્યો નહિ. ત્યારે રતનિયાએ એ પ્રશ્ન ત્રીજીવાર પૂછ્યો અને જણાવ્યું કે 'મારા પ્રશ્નનો જેવો હોય તેવો ઉત્તર આપો. તે લીધા વિના હું રહેવાનો નથી.' તે વખતે બધાની વતી પિતાએ કહ્યું : 'તું જે કંઈ પાપ કરે છે, તે બધું તારું જ છે. અમે તો માત્ર તારા લાવેલા દ્રવ્યના ભોક્તા છીએ.'

આ ઉત્તર સાંભળતાં જ રતનિયાની આંખે અંધારાં આવી ગયાં : 'શું આ બધાં પાપનું ફલ મારે એકલાને જ ભોગવવાનું છે? તેમાં કોઇનો પણ ભાગ નહિ? ખરે-ખર! આજ સુધી હું અંધારામાં જ આથડયો છું, પરંતુ સારું થયું કે આજે આ મહર્ષિનો ભેટો થયો અને તેણે મારી આંખો ખોલી નાખી.

રતનિયો ઘરેથી પાછો ફર્યો અને સીધો મહર્ષિનાં ચરણે પડયો. તેણે કહ્યું : 'દયાળુ! તમારું કહેવું સાચું પડયું, પરંતુ મારું હવે શું થશે? હું મહાપાપી છું! ઘોર અપરાધી છું! મારો હાથ પકડો! મારો ઉદ્ધાર કરો! આપના વિના અન્ય કોઈનું મને શરણ નથી.'

અને મહર્ષિએ રતનિયાને જીવન વિષે સાચી સમજ આપી તથા તપ-જપનું મહત્ત્વ સમજાવ્યું. તે પ્રમાણે રતનિયાએ તપ-જપનો આશ્રય લેતાં તે મહાન ઋષિ બની ગયો અને આત્મકલ્યાણ સાધી શકયો.

તાત્પર્ય કે કુટુંબીજનો તથા વડીલોનું ભરણપોષણ ન્યાય-નીતિના માર્ગે ચાલીને કરવું યોગ્ય છે, પણ પાપકર્મો વડે કરવું યોગ્ય નથી.

શાસ્ત્રો તો એમ કહે છે કે, તમે કુટુંબીજનો પર આંધળો સ્નેહ ન રાખતાં સદ્ભાવ રાખો અને તેમનું કેમ કલ્યાણ થાય? તેની ચિંતા કરો. તેઓ સન્માર્ગે વળે, સુધર્મને આચરે, તે માટે બનતો પુરુષાર્થ કરો. એથી તમે તમારું અને તમારા કુટુંબીજનોનું એમ બંનેનું કલ્યાણ કરી શકશો.

આ વિવેચનનો સાર એ છે કે, દૃષ્ટિરાગ છોડો, કામરાગ છોડો અને સ્નેહરાગ પણ છોડો. આ ત્રણ પ્રકારના રાગોને છોડશો તો જ સામાયિકની સિદ્ધિ કરવાને શક્તિમાન થશો.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–રાગ શાથી ઉત્પન્ન થાય છે?

ઉત્તર–મોહનીય કર્મને લીધે રાગ ઉત્પન્ન થાય છે. રાગનું બીજું નામ મોહ છે. તેને અનુરાગ, આસક્તિ, અભિષ્વંગ વગેરે પણ કહેવામાં આવે છે.

પ્રશ્ન–દ્વેષ શાથી ઉત્પન્ન થાય છે?

ઉત્તર–દ્વેષ પણ મોહનીય કર્મથી જ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન–રાગ અને દ્વેષ બંને આત્માનું અહિત કરનારા છે, તેમાં રાગને પહેલો મૂકવાનું કારણ શું?

ઉત્તર–દ્વેષ કરતાં રાગને જીતવાનું કામ વધારે કઠિન

છે, તેથી રાગને પહેલો મૂકવામાં આવ્યો છે.

પ્રશ્ન—વીતરાગ શબ્દમાં તો માત્ર રાગ ચાલ્યો જવાનું સૂચન છે, તો શું એકલો રાગ જીતવાથી પણ આત્માનો ઉત્કૃષ્ટ વિકાસ સાધી શકાય છે ખરો?

ઉત્તર—જેમાંથી સઘળો રાગ ચાલ્યો ગયો હોય, તેમાંથી સઘળો દ્વેષ અવશ્ય ચાલ્યો ગયો હોય છે, એટલે વીતરાગ મહાપુરુષ રાગ અને દ્વેષ બંનેને પૂરેપૂરા જીતનારા હોય છે. જેમાંથી સઘળો દ્વેષ ચાલ્યો ગયો હોય, તેમાંથી સઘળો રાગ ચાલ્યો ગયો હોય, એવું નથી. નવમા ગુણસ્થાને સઘળો દ્વેષ ચાલ્યો ગયો હોય છે, પણ રાગનો અંશ બાકી હોય છે.

પ્રશ્ન—શું દૃષ્ટિરાગ છોડવા યોગ્ય છે? તેનાથી કેટલાકને સમ્યકત્વની પ્રાપ્તિ થતી દેખાય છે, તેનું કેમ?

ઉત્તર—જૈન શાસ્ત્રોએ રાગને સર્વથા છોડવા યોગ્ય ગણેલો છે, કારણ કે તેથી આત્માનું અત્યંત અહિત થાય છે. દૃષ્ટિરાગ એ પણ એક પ્રકારનો રાગ જ છે, તેથી તે સર્વથા છોડવા યોગ્ય છે. દૃષ્ટિરાગથી કેટલાકને સમ્યકત્વ પ્રાપ્ત થવાની વાત માનવા યોગ્ય નથી, કારણ કે શાસ્ત્રોમાં આવો કોઈ નિર્દેશ નથી અને આપણો અનુભવ પણ તે પ્રકારનો નથી. આમ છતાં જેઓ એમ કહે છે કે 'તેનાથી કેટલાકને સમ્યકત્વની પ્રાપ્તિ થતી દેખાય છે,' એ એક જાતનો ભ્રમ છે. દૃષ્ટિરાગથી મતાંધતા પ્રગટે છે અને પરિણામે કદાગ્રહ-કજિયા પેદા થાય છે, જ્યારે સમ્યકત્વ તો વિચાર અને વિવેકનું પરિણામ છે. વિચાર વડે વસ્તુનું સ્વરૂપ સમજાય છે અને વિવેક વડે તેના સારા-ખોટા અંશો જુદા પાડી

તેમાંથી સારા અંશો ગ્રહણ કરી તેમાં શ્રદ્ધાન્વિત થવાનું બળ પેદા થાય છે. દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષાપૂર્વક અરિહંતને સુદેવ માનવા, નિર્ગ્રંથ મુનિઓને સુગુરુ માનવા અને સર્વજ્ઞપ્રણિત ધર્મને સુધર્મ માનવો, એ સમ્યકત્વનું વ્યાવહારિક લક્ષણ છે.

પ્રશ્ન-ઇન્દ્રિયો વડે ભોગ ભોગવાતો હોય, છતાં તેમાં આસક્તિ ન હોય, એમ બને ખરું ?

ઉત્તર-હા, બની શકે. આસક્તિ વિના ઇન્દ્રિયો વડે ભોગ ભોગવી શકાય છે. ત્યાગી મહાત્માઓની સ્થિતિ આ જ પ્રકારની હોય છે. તે અંગે એક વાત સાંભળો.

એક નદીના કિનારે નાનકડું ગામ વસેલું હતું. તેના કિનારે એક વણિક પોતાની પત્ની સાથે રહેતો હતો. બંનેના દિવસો સુખમાં પસાર થતા હતા.

એક વાર વણિકના ઘરના સામા કિનારે એક યોગી આવી ચડયો. બરાબર જમવાના સમયે વણિકની નજર તેની સામે પડી અને તેને જમાડવાની ભાવના થઈ આવી, એટલે પત્નીને હુકમ કર્યો કે ' આ તમામ રસોઈ યોગીને આપી આવ. ' પત્ની પતિપરાયણા હતી, એટલે તેણે બીજી કંઈ પૂછપરછ કર્યા વિના એક થાળમાં બધી રસોઇ ગોઠવી લીધી અને તે ચાલવા લાગી, ત્યારે પતિએ કહ્યું : ' નદીમાં પાણી ઘણું છે. તું એમાં ચાલીને જઈ શકીશ નહિ. માટે નદીના કિનારે ઊભી રહીને એવી પ્રાર્થના કરજે કે ' હે લોકમાતા ! જો મારા પતિએ જન્મથી આ ક્ષણ સુધી કોઇની પણ યાચના

ન કરી હોય તો મને સામા કિનારે પહોંચવા માટે માર્ગ આપજે. '

પત્નીએ નદીના કિનારે પહોંચી એ પ્રમાણે પ્રાર્થના કરી તો નદીએ તરત માર્ગ કરી આપ્યો અને તે એમાંથી પસાર થઇ યોગી પાસે પહોંચી. પછી પેલો થાળ તેની સામે ધરી ભોજન કરવાની વિનંતિ કરી. એ વિનંતિનો સ્વીકાર કરી યોગીએ ભોજન કર્યું અને ખાલી થાળ પાછો આપ્યો. પછી તે સ્ત્રી ત્યાંથી ચાલવા લાગી કે યોગીએ કહ્યું : 'પ્રથમ તું નદીના કિનારે ઊભી રહીને એવી પ્રાર્થના કરજે કે 'જો આ યોગીએ કંઈ પણ આહાર કર્યો ન હોય તો હે લોક-માતા ! તું મને માર્ગ આપજે. '

આ શબ્દો સાંભળી સ્ત્રીના મનમાં તર્ક-વિતર્ક થવા લાગ્યા, પણ તેણે યોગીના કહ્યા પ્રમાણે કર્યું અને તે નદી પાર કરી પોતાના ઘરે પહોંચી. ત્યાં તેણે પતિને કહ્યું : ' હે પ્રિયતમ! આપે કદાપિ કોઇ વસ્તુ કોઈ પાસે માગી નથી, એ હું આપનાં આટલાં વર્ષના સહવાસથી જાણું છું અને તેથી આપે કહ્યા મુજબ પ્રાર્થના કરતાં નદીએ માર્ગ આપ્યો, તેમાં મને કંઈ આશ્ચર્ય થયું નથી. પરંતુ યોગીએ તો મારી સામે આપણા બંનેની રસોઈ આરોગી લીધી, છતાં નદીએ તેની પ્રાર્થના કેમ સાંભળી ? તેનું મને ઘણું આશ્ચર્ય થાય છે ! '

પતિએ કહ્યું : ' યોગીએ તારી સામે આહાર કર્યો, એ બરાબર છે, પણ એ વખતે એની વૃત્તિ આહારમાં

ન હતી, એટલે તેણે ખરેખર આહાર કર્યો ન હતો અને તેથી જ નદીએ તેની પ્રાર્થના સાંભળી.'

તાત્પર્ય કે ઇન્દ્રિયો વડે ભોગ ભોગવાય છે, પણ જ્યારે તેમાં મનની વૃત્તિ હોતી નથી, તેમાં સુખ-સંવેદન હોતું નથી, ત્યારે તેમાં આસક્તિ નથી, એમ સમજવાનું છે.

પ્રશ્ન-ગૃહસ્થો કામસુખ સર્વથા છોડી શકે ખરા ?

ઉત્તર-ગૃહસ્થો કામસુખ સર્વથા છોડી શકે નહિ, પણ તેમાં સંયમપૂર્વક જરૂર વર્તી શકે. તે માટે વ્રત-નિયમ-પ્રત્યાખ્યાનની યોજના છે. એ રીતે સંયમમાં આગળ વધતાં છેવટે કામસુખ સર્વથા છોડી શકાય છે.

પ્રશ્ન-માથે મોટા કુટુંબનો ભાર હોય અને ન્યાય-નીતિના રસ્તે ચાલતાં તેમનું પૂરું થતું ન હોય તો શું કરવું ?

ઉત્તર-આવા સંયોગોમાં સહુને સાદાઈ અને કરકસરથી રહેવાનો અનુરોધ કરવો જોઈએ તથા શક્ય હોય તે ગૃહ-ઉદ્યોગ શરૂ કરી આવકની પૂર્તિ કરવી જોઈએ, પણ અન્યાય-અનીતિના રસ્તે જવું ન જોઈએ. આ માર્ગે ચાલતાં શરૂઆતમાં કસોટી થાય છે, પણ આખરે સારાં વાનાં થાય છે, તેના અનેક દાખલાઓ અમે અમારા જીવનમાં જોયા છે. વળી અન્યાય-અનીતિના માર્ગે ચાલતાં જોઇતું બધું મળી જ જશે, એવું નથી. એમાં અનેક જાતનાં ભયસ્થાનો રહેલાં છે અને કદાચ ચાલુ ધંધો પણ છૂટી જાય છે તથા સમાજમાં હલકા પડવું પડે છે અને વખતે રાજ્ય તરફથી શિક્ષા પણ થાય છે; તેથી ન્યાય-નીતિને ચૂકવી નહિ, એ જ ડહાપણભરેલો માર્ગ છે.

[ ૧૪ ]

# દ્વેષને ત્યજો

સમભાવસિદ્ધિનું બીજું સૂત્ર છેઃ '**દ્વેષને ત્યજો**' પરંતુ દ્વેષને પૂરેપૂરો ઓળખ્યા સિવાય તેને ત્યજી શકાતો નથી, તેથી પ્રથમ તેની ઓળખાણ આપીશું અને સાથે સાથે તેને ત્યજવાનાં કારણો પણ જણાવીશું.

રાગ આપણા અંતરમાં લપાઇને બેઠો છે, તેમ દ્વેષ પણ આપણા અંતરમાં લપાઈને બેઠો છે. તે નિમિત્ત મળતાં જુદા જુદા સ્વરૂપે પ્રકટ થાય છે. કોઈ વાર તે અપ્રીતિ કે અણગમાનું સ્વરૂપ ધારણ કરે છે, તો કોઈ વાર નિંદા કે અવર્ણવાદનું સ્વરૂપ ધારણ કરે છે. કોઈ વાર તે ઇર્ષ્યા કે અદેખાઈનું સ્વરૂપ ધારણ કરે છે, તો કોઈ વાર ધિક્કાર કે તિરસ્કારનું સ્વરૂપ પણ ધારણ કરે છે. દ્વેષનાં આ બધાંયે સ્વરૂપો આધ્યાત્મિક વિકાસમાં અંતરાયરૂપ હોઈ ત્યજવા યોગ્ય છે.

ગમો–અણગમો સામાન્ય પ્રકારનો હોય, ત્યારે આપણા જીવન પર તેની ઝાઝી અસર પડતી નથી, પણ તે તીવ્ર

બને-ઉત્કટ બને, ત્યારે અજંપો-અશાંતિ ઉત્પન્ન કરે છે, વાતાવરણ બગાડે છે અને બીજાને પણ દુઃખદાયી નીવડે છે.

એક વાર અમારે એક મિત્રને ત્યાં ગામડે જવાનો પ્રસંગ આવ્યો. તેણે ત્યાંની પ્રથા પ્રમાણે સારું ગણાય એવું કંસારનું ભોજન, દાળ, શાક તથા ભાત બનાવ્યાં. તે અમને જમાડવા માટે પાસે બેઠા અને બધી વસ્તુઓ પ્રેમથી પીરસવા લાગ્યા. અમે તેને આદરપૂર્વક આરોગી ગયા, પરંતુ ભાણામાં ભાત પિરસાયો કે વિચારમાં પડી ગયા. તે જાડા ચોખાનો બનેલો હતો કે જે અમે ખાઈ શકતા ન હતા અને ખાવાનો પ્રયત્ન કરતાં તો ગળે ઠસકતો. પરંતુ ભાણામાં પિરસાયેલી વસ્તુ અમે ભાગ્યે જ છાંડતા અને કદાચ અહીં છાંડીએ તો મિત્રની લાગણી દુભાયા વિના રહે તેમ ન હતી, એટલે અમે કહ્યું: 'તમારે ત્યાં ભેંસો છે, તેથી દહીં બહુ સારું બનતું હશે.' મિત્રે કહ્યું: 'અમે ભાતમાં દહીં ભાગ્યે જ ખાઈએ છીએ, પણ તમને પસંદ હોય તો મંગાવું.' અમે ડોકું હલાવી સંમતિ આપી, એટલે તેણે દહીં મંગાવ્યું અને અમારો માર્ગ સરલ બની ગયો. દહીં સાથે મિશ્ર થયેલા જાડા ચોખાને ગળે ઉતારતાં કંઈ મુશ્કેલી પડી નહિ. ભોજન સાનંદ સમાપ્ત થયું અને આવું સરસ ભોજન જમાડવા માટે અમે મિત્રનો આભાર માન્યો.

તાત્પર્ય કે અવસર ઓળખી અણગમાને દબાવ્યો અને યુક્તિથી કામ લીધું તો વાતાવરણનો રંગ જળવાઈ રહ્યો. અહીં અમે એમ કહ્યું હોત કે આ ભાત તો અમારાથી ખવાશે નહિ, તો મિત્રને એમ લાગત કે મેં બરાબર

જમાડયા નહિ...વળી તેમના કુટુંબીજનોને પણ એમ થાત કે અમારી મહેમાનગીરીમાં ખામી રહી, મહેમાન ભૂખ્યા રહ્યા, વગેરે.

હવે એક બીજી ઘટના સાંભળો. એક વાર એક સજ્જન પોતાના કેટલાક મિત્રોને લઈને એક ભોજનાલયમાં જમવા ગયા. ત્યાં તેમણે અનેક વાનીઓ બનાવવાની વરદી આપી રાખી હતી અને ભોજનાલયના માલિકે ખૂબ કાળજી-પૂર્વક એ વાનીઓ બનાવી હતી.

બધા મિત્રો ભાણે બેઠા અને એક પછી એક વાનીઓ પિરસાવા લાગી. પેલા સજ્જને બધી વાનીઓ ચાખી અને સંતોષ અનુભવ્યો. બીજા મિત્રો પણ એથી સંતુષ્ટ થયા. પરંતુ એક મિત્ર ગમા–અણગમાની તીવ્ર લાગણીવાળા હતા. તેમણે કહ્યું 'મહારાજ, આ તમે શું બનાવ્યું છે? શાકમાં શાકરવાર નથી, ઊંધિયું પણ બેકાર છે અને પાતરાં તો જુઓ! તેમાં કંઈ સ્વાદ જ નથી.' મહારાજે સામો જવાબ આપ્યો નહિ, પણ પેલા સજ્જને શાંતિથી પેલા મિત્રને ઘણું સમજાવ્યા, ત્યારે તેમણે જેમ તેમ ભોજન કર્યું. એનું ત્રણસો રૂપિયા બીલ ચૂકવાયું, પણ કોઈના મુખ પર આનંદ રહ્યો ન હતો!

માની લઈએ કે પિરસાયેલી વસ્તુ તેમના સ્વાદથી થોડા ફરકવાળી હતી, પણ તેમણે એને મહત્ત્વ ન આપતાં ચલાવી લીધું હોત તો બધા મિત્રોને આનંદ થાત અને જેણે પૈસા ખર્ચ્યા એ સજ્જનને ઘણો સંતોષ થાત, પણ તેઓ અણગમાને આધીન થઈ ગયા હતા, એટલે વિવેક–

બુદ્ધિમાં ખામી આવી અને તેમનો વાણી-વ્યવહાર તેને અનુરૂપ થતાં બધું વાતાવરણ બગડી ગયું. કદાચ પેલા સજ્જને અને બીજા મિત્રોએ પણ આ અનુભવ પછી મનમાં ગાંઠ વાળી હશે કે હવે આને કોઈ સ્થળે સાથે જમવા લઈ જવો નહિ. આ રીતે તેની પ્રતિષ્ઠા ઘટી, એ પણ મોટું નુકશાન જ થયું.

એક સ્ત્રી ગમતી અને બીજી સ્ત્રી અણગમતી બને છે, ત્યારે ગૃહજીવનમાં કજિયા-કંકાસ શરૂ થાય છે અને તેમાં નહિ ધારેલાં એવાં અનિષ્ટ પરિણામો આવે છે, તે અંગે સુભટની કથા જાણવા જેવી છે.

## સુભટની કથા

સુભટ નામના એક રાજ્યાધિકારીને સુરંગી નામની સ્ત્રી હતી, જે બહુ ભલી અને ભોળી હતી. આ સ્ત્રીથી તેને એક પુત્ર થયો હતો, તેનું નામ સોનપાલ પાડ્યું હતું હવે પુત્રનો પ્રસવ થયા પછી સ્ત્રીની તબિયત લથડી અને તેના શરીરનું સૌંદર્ય ઘણા અંશે ઓછું થઇ ગયું. તેથી સુભટનું મન તેના પરથી ઊતરી ગયું. કહ્યું છે કે—

**લાગે વાર ન ભાંગતાં, ઓછા નરની પ્રીત;**
**અંબર-ડંબર સાંજનો, જ્યૂં વેળુની ભીંત.**

સુરંગી પરનો સ્નેહ ઓછો થઈ જતાં સુભટે ઘણું ધન ખરચીને કુરંગી નામની બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યાં. આ સ્ત્રી દેખાવમાં ફૂટડી હતી અને હાવભાવ તથા ચેન-

ચાળામાં નિપુણ હતી, તેથી થોડા જ વખતમાં તેણે સુભટનું દિલ જીતી લીધું અને સુભટ તેની જ આંખે જોવા લાગ્યો. કોઈ કવિએ ઠીક જ કહ્યું છે કે—

**નારી મદન-તલાવડી, બૂડયો સબ સંસાર;**
**કાઢણહારો કો નહીં, કહાં કરું પોકાર?**

કુરંગી હૃદયની કૂડી હતી. દ્વેષ, ઈર્ષા, અભિમાન, અસત્ય, ચાડીચૂગલી વગેરે અનેક દુર્ગુણોએ તેના અંતરમાં વાસ કર્યો હતો. વળી શિયળ વ્રત કે જે સ્ત્રીઓનો મુખ્ય અને સાચો શણગાર ગણાય છે, તેમાં પણ તે શિથિલ હતી, તેથી નવા નવા પુરુષોને જોઈ તેમની સાથે ક્રીડા કરવાને ઈચ્છતી હતી, પરંતુ સુરંગીની સતત હાજરીને લીધે તેની એ ઈચ્છા પાર પડતી ન હતી. પરિણામે તેના હૃદયમાં સુરંગી માટે ભયાનક દ્વેષ ઉત્પન્ન થયો અને તે એને ગમે ત્યારે ગમે તે રીતે ઉતારી પાડવા લાગી. પણ સુરંગી સમજુ અને શાણી હતી, તેથી કુરંગીએ કરેલાં સઘળાં અપમાનોને પૂર્વ-કર્મનો ઉદય જાણીને શાંતિપૂર્વક ગળી જવા લાગી.

લડવાનું ગમે તેવું કારણ આપવા છતાં સુરંગી જ્યારે શાંત રહી, ત્યારે કુરંગીએ ધણીના કાન ભંભેરવા માંડ્યા: 'તમારી જૂનીનાં લક્ષણો જરાયે સારાં નથી. જો તમને એની બધી વાતો કરવા બેસું તો તમને એમ જ લાગશે કે આ તો શોકયના ખારથી બોલે છે, પણ મારા હૃદયમાં તેવું કંઈ નથી. હું તો એને સગી બહેન જેવી જ ગણું છું. પરંતુ તમારી લાજ-આબરૂને બટ્ટો લગાડે, તે મારાથી જોવાતું નથી. એ

રોજ નવા નવા માણસોને ઘરમાં ઘાલે છે અને તેમની સાથે અનેક પ્રકારની વાતો કર્યા કરે છે, માટે તમારે જે વિચાર કરવો હોય, તે કરજો.'

આ પ્રકારની સતત ઉશ્કેરણીથી સુભટે એક ઘર, થોડું રાચરચીલું, પાંચ ગાયો અને પાંચસો રૂપિયા રોકડા આપી સુરંગીને તેના પુત્ર સોનપાલ સાથે જુદી કાઢી.

કુરંગી એકલી પડતાં પોતાનું મનમાન્યું કરવા લાગી અને સુભટ તેનો તાબેદાર સેવક હોય તેવો જ બની ગયો. કહ્યું છે કે —

**જે શૂરા, જે પંડિતા, જે શાણા ગંભીર;**
**નારી સર્વ નચાવિયા, ત્યમ જે બાવન વીર.**

હવે એક દિવસ તે નગરનો રાજા વિજયયાત્રાએ નીકળ્યો, તે વખતે સુભટને તેની સાથે જવાનું થયું, એટલે તેણે કુરંગીની વિદાય માગી. કુરંગીએ કહ્યું: 'હે સ્વામિનાથ! તમારા વિયોગનો એક એક દિવસ મને સો સો વરસ જેવડો લાંબો લાગશે, તેથી કૃપા કરીને મને સાથે લેતા જાઓ.'

સુભટે કહ્યું 'હે પ્રિયે! લડાઈમાં તારું કામ નથી. વળી રાજાજીનો એવો હુકમ છે કે કોઇ પણ સ્ત્રીને યુદ્ધમાં સાથે લેવી નહિ. તેથી તું અહીં જ રહે અને ખાઇ-પીને મોજ કર. હું થોડા જ દિવસમાં પાછો આવીશ.'

સુભટના આ જવાબથી કુરંગીએ આંખમાં આંસુ લાવીને કહ્યું: 'તમારી જે કંઇ આજ્ઞા હશે, તે માથે ચડાવીશ, પણ મારાથી અહીં એકલું રહેવાશે નહિ. હું કોની સાથે

વાતો કરીશ? કોનું મોઢું જોઈને રાજી થઈશ? વળી આપણા પાડોશીઓ ખૂબ નટખટ છે. તે તમે ક્યાં જાણતા નથી! માટે તમે બને તેટલા વહેલા આવજો.'

સુભટ રાજાની સાથે ગયો અને કુરંગી એકલી પડી. આ વખતે તેના મનમાં પરપુરુષને ભોગવવાની ઇચ્છા જાગૃત થઇ, તેથી એ ગામમાં ચંગા નામનો એક યુવાન અને રૂપાળો સોની હતો, તેને ઘરેણાં ઘોવડાવવાનાં બહાના તળે પોતાના ઘરે બોલાવ્યો અને એકાંતમાં લઈ જઇને કહ્યું: 'હે યુવાન! તું રૂપ અને કલાનો ભંડાર છે, તેમ હું પણ નવયૌવના અને રંગીલી છું, માટે તું કબૂલ થા તો આપણે સંસારનો લહાવો લઇએ.' જો તું મારી આ માગણી કબૂલ નહિ કરે તો હું આપઘાત કરીશ અને તેનું પાપ તારા કપાળે ચોંટશે.'

ચંગો બદમાશ હતો અને બધી વાતે પૂરો હતો. સાત મહાવ્યસનો પૈકીનું કોઈ પણ મહાવ્યસન એવું ન હતું કે જેનું તે સેવન કરતો ન હોય. તેણે કહ્યું: 'જારકર્મમાં ઘણું જોખમ રહેલું છે, છતાં તેમાં હું સંમત થાઉં છું, કારણ કે મારા શિરે સ્ત્રીહત્યાનું પાપ ચોંટે, તે હું જરા પણ ઇચ્છતો નથી.' પછી તે બન્ને યથેષ્ટ ભોગવિલાસ કરવા લાગ્યાં અને મનગમનતું ધન ઉડાવવા લાગ્યાં.

એવામાં એક દિવસ સુભટનો સંદેશો આવ્યો કે 'હું ચાર રોજમાં ઘરે આવું છું.' એટલે ચંગાએ સમજાવી–પટાવીને તેની પાસે બાકી રહેલી બધી વસ્તુઓ પડાવી લીધી.

હવે સુભટ તદ્દન નજીક આવી પહોંચ્યો, એટલે તેણે માણસ મોકલીને કહેવરાવ્યું કે ‘આવતી કાલે બાર વાગે હું ઘરે આવીશ, માટે રસોઈ-પાણી તૈયાર રાખજો.’ આ સંદેશાથી કુરંગીને ચિંતા થઈ કે ઘરમાં કોઈ સારી વસ્તુ તો રહી નથી, તેથી સ્વામીનો યોગ્ય સત્કાર શી રીતે કરીશ ? પરંતુ બુદ્ધિ કેળવીને તે સુરંગીને ઘરે ગઈ અને પ્રણામ કરીને કહેવા લાગી કે ‘મોટાં બહેન! તમને એક વધામણી આપું ?’

કોઈ દિવસ નહિ ને આજે કુરંગીને પોતાને ત્યાં આવેલી જોઈ સુરંગીને ખૂબ આશ્ચર્ય થયું, પરંતુ મનુષ્યના હૃદયમાં અનેક વાર આકસ્મિક પરિવર્તનો થાય છે, તેનો ખ્યાલ કરીને બોલી : ‘બહેન ! તું શું વધામણી લાવી છે?’

કુરંગીએ કહ્યું : ‘આપણા સ્વામી બાર મહિનાથી બહારગામ હતા, તે આવતી કાલે બપોરે આવી પહોંચશે.’

તે સાંભળીને સુરંગીએ કહ્યું : ‘બહેન ! તારા મોઢામાં સાકર, પરંતુ તેમનું સ્વાગત હું શી રીતે કરી શકીશ ? એ તો મારી સામે ઊંચી નજરે પણ જોતા નથી !’

કુરંગીએ કહ્યું : ‘તેની ફિકર કરશો નહિ. એ તો હું સમજાવીને તમારે ત્યાં જ ભોજન કરાવીશ, માટે કાલે તમે ભાતભાતનાં ભોજન તૈયાર કરજો.’

સુરંગીને લાગ્યું કે હવે મારો દિનમાન પાંસરો લાગે છે, નહિ તો છકેલી શોકચના મુખમાંથી આવા સહાનુભૂતિ-ભર્યા શબ્દો નીકળે નહિ. તેણે આ ભલમનસાઈ માટે કુરં-

ગીનો આભાર માન્યો અને કુરંગી મનમાં મલકાતી પોતાના ઘરે ગઈ.

બીજા દિવસે સવારે સુરંગીએ વહેલા ઉઠીને ભાત-ભાતનાં ભોજન તૈયાર કર્યાં અને પતિના આગમનની રાહ જોવા લાગી. આ બાજુ કુરંગીએ કંઈ પણ રસોઈ તૈયાર ન કરતાં જેમતેમ કરીને પેટપૂજા કરી લીધી અને સુભટના આવવાના સમયે ઘરનાં બારણાં બંધ કરી દીધાં.

વાયદા મુજબ સુભટ આવી પહોંચ્યો, પરંતુ ઘરનાં બારણાં બંધ જોઇને વિચારમાં પડ્યો. તેણે તો એવી આશા રાખી હતી કે 'કુરંગી મારી રાહ જોઇને ઉભી હશે અને તે મને જોતાં જ ઓછી ઓછી થઈ જશે. પછી તે મધુર સ્મિતપૂર્વક ભાવભીનું સ્વાગત કરશે, અને અમે બંને જણા તારામૈત્રિક રચતાં ઘરમાં જઇશું.' પરંતુ કોઈ કારણસર એમ બન્યું નહિ હોય, એમ માનીને તેણે મોટેથી કહ્યું: 'હે પ્રિયે! બારણાં ઉઘાડ. હું સુભટ બહારગામથી આવી ગયો છું.' છતાં ઘરમાંથી કાંઈ પણ ઉત્તર આવ્યો નહિ કે કુરંગીના આવવાનાં પગલાં સંભળાયાં નહિ, તેથી 'રખેને કુરંગીને કોઈ કારણે માઠું લાગ્યું હોય' એમ માની તેણે કહ્યું: 'હે ચંદ્રાનને! હે સુભ્રૂ! હું ઘણા દિવસે બહાર-ગામથી આવ્યો છું અને તારું મનોહર મુખડું જોવાને ઉત્સુક છું, માટે જલદી બહાર આવ. આ રીતે તું લજ્જા રાખે, એ કોઈ પણ રીતે યોગ્ય નથી.'

સુભટે જ્યારે આવાં અનેક પ્રકારનાં મધુર વચનો કહ્યાં, ત્યારે કુરંગીએ ઘરનાં બારણાં ઉઘાડચાં. પણ ન તો તેનો સત્કાર કર્યો કે ન તેની કુશળતા પૂછી. એ તો એક બાજુ મોઢું ચડાવીને બેઠી. સુભટે જોયું કે કુરંગી પૂરેપૂરી રોષમાં છે અને તેને રોષ કરવાનું કોઇ પ્રબલ કારણ જરૂર મળ્યું હશે, તેથી પ્રેમપૂર્વક કહ્યું: 'હે પ્રિયે! મારો એવો શો અપરાધ થયો છે કે તું મને સ્નેહપૂર્વક બોલાવતી નથી? વળી તારા હાથની રસોઈ જમવા હું ઘણો જ આતુર છું; માટે ઊભી થા અને મારું ભાણું પીરસ.'

તે વખતે કુરંગીએ જબ્બર છણકો કરતાં કહ્યું: 'તમારા જેવા ઢોંગી માણસ આ દુનિયામાં કોણ હશે? તમે અગાઉથી સુરંગીને કહેવડાવ્યું છે કે કાલે હું તારે ત્યાં ભોજન કરીશ, તેથી તેણે ભાતભાતનાં ભોજન બનાવ્યાં છે, માટે તેને ત્યાં જાઓ. મારી નાહક બનાવટ શા માટે કરો છો?' એવામાં સુરંગીએ મોકલેલો સોનપાળ ત્યાં આવી પહોંચ્યો અને સુભટને પગે લાગીને કહેવા લાગ્યો કે 'પિતાજી! આપણા ઘરે ચાલો. મારી માતાએ સઘળી રસોઈ તૈયાર કરી રાખી છે.'

આ બધું શું બની રહ્યું છે? તેની સુભટને કાંઈ સમજ પડી નહિ. તે કુરંગીના મુખ સામે તાકી રહ્યો, પણ કુરંગી અસહ્ય વચનોની ઝડી વરસાવી રહી હતી. છેવટે તેણે સુભટને જાકારો દેતાં કહ્યું: 'ઓ ધૂતારા! તું અહીંથી દૂર થા અને તારી માનીતીને ત્યાં જા. તે તને ભોજન

કરાવશે. હવે તારે મારો ખપ નથી, તે હું સારી રીતે જાણું છું.'

કુરંગીના આવા અજબ વર્તનથી આશ્ચર્યચકિત થયેલો સુભટ આખરે સુરંગીના ઘરે ગયો, જ્યાં સુરંગીએ તેનો અંતરના ઉમળકાથી સત્કાર કર્યો અને ઘણું ઘણું માન આપ્યું. પછી તેણે સુભટને ગરમ પાણીથી સ્નાન કરાવ્યું અને જમવા બેસાડયો.

એક સુંદર બાજોઠ ઉપર કાંસાનો મોટો થાળ મૂકેલો છે અને તેમાં નાની–મોટી અનેક વાડકીઓ યથાસ્થાને ગોઠવેલી છે. એ થાળમાં સુરંગીએ મેસુર, દહીંથરા, સેવ, મમરી, તળેલાં પાપડ અને ફરસાણ પીરસ્યાં, પછી જુદી જુદી વાડકીઓમાં ભીંડા, તુરિયા, પરવળ અને કાકડીનાં શાક પીરસ્યાં તથા અનેક મસાલાથી સ્વાદિષ્ટ બનાવેલી તુવરની દાળ પણ પીરસી. ત્યારબાદ ચટણી, રાયતાં તથા અથાણાં મૂક્યાં અને હાથમાં વીંઝણો લઈને પવન નાખવા લાગી, પરંતુ સુભટનો હાથ જમવા માટે લાંબો થયો નહિ.

સુરંગી વસ્તુસ્થિતિ પામી ગઈ, છતાં ધણીનું મન સ્પષ્ટપણે જાણવા માટે તેણે નમ્રતાથી પૂછ્યું : 'હે સ્વામી! તમે ભોજન કેમ કરતા નથી?'

સુભટે કહ્યું : 'જમવાની ખાસ ઊલટ થતી નથી.'

એ સાંભળી સુરંગીએ ફરી પૂછ્યું : 'શું એમાં કાંઈ ખામી જણાય છે?'

સુભટે કહ્યું : 'હા, એમાં એક વસ્તુની ખામી છે.

જો કુરંગીએ બનાવેલું શાક એમાં ઉમેરાય, તો બધું ભોજન અમૃત જેવું મીઠું લાગે.'

સુરંગીએ કહ્યું : 'આમાંનું કોઇ પણ શાક ચાખ્યા વિના તમને શું ખબર પડી કે તે કુરંગીના હાથે બનાવેલા શાક જેવું સ્વાદિષ્ટ નથી?'

સુભટે કહ્યું : 'એ તો એની સોડમ જ કહી આપે. એમાં ચાખવાની જરૂર નથી.'

સુરંગી સમજી ગઇ કે 'સુભટની વિવેકબુદ્ધિ પર પક્ષપાતનાં ચશ્માં ચડી ચૂક્યાં છે, તેથી ગમે તેવી દલીલ કરીશ, તો પણ તેના ગળે ઊતરશે નહિ.' તેથી તે ઊઠીને ઊભી થઇ અને કુરંગીને ઘરે ગઈ. ત્યાં તેણે કહ્યું : 'બહેન ! સ્વામીનું મન તમારામાં વસ્યું છે, તેથી તેમને મારા કરેલાં પકવાન્ન કે શાક ભાવતાં નથી, માટે તમારું બનાવેલું શાક આપો કે જેથી તેઓ ઊલટપૂર્વક ભોજન કરે.'

કુરંગીએ જોયું કે આટઆટલો તિરસ્કાર કરવા છતાં સુભટનું મન પોતાના પર ચોંટેલું છે, તેમ છતાં તેની પરીક્ષા કરવી જોઇએ, તેથી તેણે સુરંગીને કહ્યું : 'બહેન ! થોડીવાર આ પરસાળમાં બેસો. હું આપણા સ્વામી માટે ગરમાગરમ શાક બનાવી આપું છું.' એટલે સુરંગી પરસાળમાં બેઠી અને કુરંગી મકાનના પાછલા ભાગમાં જઈને પાડીએ કરેલું તાજું છાણ લઈ આવી. પછી તેમાં આટો, લૂણ, મરી વગેરે નાખીને હિંગવડે વઘાર્યું અને લીંબુનો પટ દઈને ગરમાગરમ શાકનો વાડકો ભરી આપ્યો.

સુરંગીએ આ શાક સુભટ આગળ ધર્યું, એટલે તે બોલી ઊઠયો : 'જોઇ આ શાકની સોડમ? તેમાંથી કેવી મધુર વાસ આવી રહી છે? અરે! તેનો દેખાવ જ કહી આપે છે કે તે એક ઉત્તમ પ્રકારનું નાનાવિધ વ્યંજનોવાળું ઉત્તમ પ્રકારનું શાક છે.' પછી તેણે ભોજન કરવા માંડયું, તેમાં સુરંગીએ બનાવેલી વસ્તુઓ તો જુજજાજ ખાધી, પણ કુરંગીએ બનાવેલું શાક બધું જ ખાઇ ગયો અને બોલી ઊઠયો કે 'દુનિયામાં શાક બનાવનારાઓ ભલે બનાવે, પણ તેમાંનું કોઈ શાક કુરંગીએ બનાવેલા શાકની તોલે આવે નહિ.'

દ્વેષથી કુરંગીનું કેવું અધઃપતન થયું અને સુભટને કઈ સ્થિતિમાં લાવી મૂકયો? તે આ પરથી સમજી શકાશે.

દ્વેષને ધારણ કરનારો નિંદામાં સહેજે સરકી જાય છે અને અવર્ણનીય આનંદ માનતો થાય છે, પણ તે જાણતો નથી કે આ તો અધઃપતન તરફની આગેકૂચ છે. સુજ્ઞ મનુષ્યો દરેક બાબતમાં લાભ અને નુકશાનનો વિચાર કરે છે, તો આમાં પણ તેમણે લાભ અને નુકશાનનો વિચાર કરવો જોઇએ. અન્યની નિંદા કરવામાં કે અવર્ણવાદ બોલવામાં લાભ તો કશો જ નથી, જ્યારે નુકશાન અનેક પ્રકારનું છે. પ્રથમ તો નિંદા કરવાથી મન દૂષિત થાય છે, બીજું વાણી અપવિત્ર બને છે, ત્રીજું સમય બરબાદ થાય છે, ચોથું બીન-જરૂરી દુશ્મનાવટ ઊભી થાય છે અને પાંચમું સમાજ-હિતનાં અનેક કાર્યો બગડે છે. તો પછી નિંદા કે અવર્ણવાદમાં પડવું શા માટે?

એક કવિએ કહ્યું છે કે :-

न विना परिवादेन, हृष्टो भवति दुर्जनः ।
काकः सर्वरसान् पीत्वा, विनाऽमेध्यं न तुष्यति ॥

'બીજાની નિંદા કર્યા વિના દુર્જનને હર્ષ-આનંદ થતો નથી. કાગડો બધા રસો પીધા પછી અશુચિમય પદાર્થ તરફ જાય, ત્યારે જ તેને આનંદ થાય છે.'

તેમ જ-

दह्यमानाः सुतीव्रेण, नीचाः परयशोऽग्निना ।
अशक्तास्तत्पदं गन्तुं, ततो निन्दां प्रचक्रिरे ॥

'પરયશ રૂપી તીવ્ર અગ્નિ વડે નિરંતર બળી રહેલા નીચ પુરુષો યશસ્વીના પગલે ચાલવાને અશક્ત હોવાથી તેમની નિંદા કરવા લાગી જાય છે.'

આ વિષયમાં કવિવર સમયસુંદરજી શું કહે છે? તે સાંભળો :

આપ સંભાળો સહુ કો આપણો રે,
નિંદાની મૂકો પડી ટેવ રે;
થોડે ઘણે અવગુણે સહુ ભર્યા રે,
કેહનાં નળિયાં ચુએ કેહનાં નેવ રે.

નિંદા કરે તે થાય નારકી રે;
તપ-જપ કીધું સહુ જાય રે;
નિંદા કરો તો કરજો આપણી રે;
જેમ છૂટકબારો થાય રે.

'હે લોકો! તમે તમારા આત્માને સંભાળો, એટલે કે તેના હિત તરફ સતત દૃષ્ટિ રાખીને ચાલો. તમને અન્યની નિંદા કરવાની ટેવ પડી છે, તે છોડી દો. આ જગતમાં થોડો ઘણો અવગુણ તો બધી વ્યક્તિઓમાં હોય છે. કોઈનાં નળિયાં ચૂતાં હોય છે, તો કોઈનાં નેવાં ચૂતાં હોય છે, એટલે કે કોઈમાં થોડો અવગુણ હોય છે, તો કોઈમાં વધારે અવગુણ હોય છે. માત્ર અરિહંત પ્રભુ જ એવા છે કે જેમનામાં કંઈ અવગુણ હોતો નથી.

નિંદા કરવાની ટેવવાળો નરક ગતિમાં જાય છે અને તેણે જે કંઈ તપ-જપ કર્યું હોય તે બધું નિંદાના કારણે ધોવાઈ જાય છે. જો તમારાથી નિંદા કર્યા વિના રહેવાતું જ ન હોય, તો તમારી જાતની નિંદા કરો, એટલે કે તમે જે જે ખોટાં કામો કર્યાં છે, તેને યાદ કરીને દિલગીર થાઓ, તો તમારો કર્મબંધનમાંથી સદાને માટે છુટકારો થશે અને તમે મોક્ષના અધિકારી થશો.'

દ્વેષમાંથી ઈર્ષ્યા જાગે છે અને તે મનુષ્યને અવનતિ તરફ દોરી જાય છે. આ વસ્તુની વધારે સ્પષ્ટતા અમે લુબ્ધકની કથા દ્વારા કરીશું.

## લુબ્ધકની કથા

નરપતિ રાજાને લુબ્ધક નામનો સેવક હતો. તે ઘણો જ સ્વાર્થી, અભિમાની અને ઈર્ષ્યાળુ હતો, તેથી કોઈ પણ માણસનું સારું તેનાથી જોઈ શકાતું નહિ. જો તેને એમ ખબર પડે કે અમુક માણસને વેપાર રોજગારમાં બે પૈસાની

બરકત થઈ છે, અથવા અમુક માણસે ઘણું ધન ખરચીને મેડી-માળવાળાં મનોહર મકાનો બનાવ્યાં છે, અથવા અમુક માણસ પાંચમાં પૂછાતો થયો છે, તો તરત તેની નજરમાં તે આવી જતો અને જ્યારે તે કોઈ ને કોઈ ઉપાયે તેને વાંક-ગુનામાં લાવીને દંડાવતો ત્યારે જ તેના સંતપ્ત હૃદયને શાંતિ થતી.

લુબ્ધકની આ ટેવ સુધારવા માટે સગાંવહાલાં તથા ભાઈબંધ-દોસ્તોએ ઘણી મહેનત કરી અને સાધુ-સંતોને બોલાવી તેમની પાસે ઉપદેશ કરાવ્યો, પરંતુ મચ્છીના દેહની દુર્ગંધ ટળે, શ્વાનની પૂંછડી સીધી થાય કે કાજળ પોતાનો કૃષ્ણ રંગ છોડી દે તો જ દુષ્ટ પોતાની દુષ્ટતા છોડે છે, એટલે તેમનું કંઈ પણ વળ્યું નહિ.

લુબ્ધક જીભનો મીઠો હતો કે જેવા મીઠા લગભગ બધા દુષ્ટો હોય છે. તેથી જ કોઈ કવિએ કહ્યું છે કે-

**અહો ! હૈયું દુર્જન તણું, દીસે રાતું બોર,**
**ઉપરથી રળિયામણું, ભીતર કઠિન કઠોર.**

મીઠાબોલા માનવી સહુને ગમે છે. ખાસ કરીને શ્રીમંતો તથા રાજાઓને તે વધારે ગમે છે. તેથી લુબ્ધકનો દરજ્જો દિન-પ્રતિદિન વધતો ગયો અને એક દિવસ એવો આવ્યો કે આખા રાજ્યમાં તેનું ચડી વાગ્યું. આ સંયોગોમાં તેની મહેરબાની મેળવવા કે તેના ખોફમાંથી બચવા માટે અનેક ધનવાન, આબરૂદાર તથા ગરજુઓ તેને સલામ કરવા લાગ્યા અને એક યા બીજા બહાને ભેટ-સોગાદના રૂપમાં લાંચ-રૂશ્વત આપવા લાગ્યા.

લુબ્ધકને ધર્મ કે કર્મમાં શ્રદ્ધા ન હતી, સદાચાર અને સુનીતિમાં વિશ્વાસ ન હતો, તેમજ પરભવનો કોઈ પ્રકારનો ડર ન હતો, તેથી આ પ્રકારની આવકનો તેણે સત્કાર કર્યો અને દોલતનો ગંજ એકઠો કર્યો.

હવે તેની હદમાં અને તેના જ ગામમાં તુંગભદ્ર નામનો એક કણબી રહેતો હતો કે જે ઘણો માલદાર અને ઘણો જોરાવર હતો. તે સાધુ–સંતોને દાન આપતો, ભગત–ભિખારીઓને પોતાને ત્યાં જમાડતો અને ગરીબ–ગુરબાંને અન્ન, વસ્ત્ર તથા ઔષધની સહાય કરતો. આ કારણે સહુ તેને ભગતના માનભર્યા નામથી ઓળખતા હતા અને તેનું ઘણું સન્માન કરતા હતા. આ જોઈ લુબ્ધકના અંતરમાં ઇર્ષ્યાની આગ ઊઠી : ' માળો પટેલ !. જે બળદનાં પૂંછડાં આંબળનારો ગણાય, તે પાંચ–પચીશ ભગત–ભિખારીઓને રોટલાના ટુકડા ફેંકીને મોટો દાનેશ્વરી થઈ બેઠો છે અને મને તો સલામ ભરવા પણ આવતો નથી, તો હું યે તેને કરી દેખાડું" અને લુબ્ધકે પોતાની પુરાણી આદત મુજબ તેને વાંક–ગુનામાં લાવવા માટે એક તાગડો રચ્યો, પણ ચતુર તુંગભદ્ર તેમાં ફસાયો નહિ. આથી વધારે ચીડાઇને લુબ્ધકે બીજો તાગડો રચ્યો, પરંતુ તે પણ નિષ્ફલ ગયો. સદ્બુદ્ધિનો ધણી તુંગભદ્ર તેમાં ફસાયો નહિ, એટલે લુબ્ધકે ત્રીજો તાગડો રચ્યો, છતાં પુણ્યબળને લીધે તેમાંથી તે આબાદ બચી ગયો.

પોતાના દાવ ઉપરાઉપરી નિષ્ફલ ગયેલા જોઇને લુબ્ધકને ઘણું લાગી આવ્યું અને તુંગભદ્રને તારાજ કરવા માટે

તે કોઈ નવી જ યુક્તિ શોધવા લાગ્યો. પણ તે ભૂલી ગયો કે 'માપવાનો ગજ મનુષ્યના હાથમાં છે, તો કાતરનો કાબૂ કુદરતના હાથમાં છે.' એટલે પુણ્યશાલીને પાયમાલ કરવા માટે ગમે તેવાં કુટિલ કારસ્થાનો કરવામાં આવે, તે બધાં જ નિષ્ફલ જાય છે.

તુંગભદ્ર કોઈ પણ પ્રકારના વાંક–ગુનામાં આવે તે પહેલાં લુબ્ધક બિમાર પડી ગયો અને તેની એ બિમારી દિન–પ્રતિદિન વધતી ચાલી. એ બિમારીમાંથી બચવા માટે તેણે સારા સારા વૈદ્ય–હકીમોનો આશ્રય લીધો, પણ તૂટીની બૂટી હજી સુધી કોઈ વૈદ્ય–હકીમને મળેલી નથી, એટલે લુબ્ધકને આ જગતમાંથી વિદાય લેવાની વેળા આવી પહોંચી.

મૃત્યુનો સમય સામાન્ય રીતે અતિ ગંભીર ગણાય છે, કારણ કે એ વખતે મનુષ્યની સમક્ષ તેના સમસ્ત જીવનનો ચિતાર ખડો થાય છે અને આ જગતમાં જન્મીને તે પોતાની સાથે શું લઈ જાય છે? તેનો વિચાર તેને આવવા લાગે છે. તેમાં જેઓનું જમા–પાસું દાન, દયા, પરોપકાર અને પુણ્યકાર્યો વડે જોરદાર હોય છે, તેમને અફસોસ કે અરેકારો થતો નથી, પણ એક પ્રકારની શાંતિનો અનુભવ થાય છે, જ્યારે અન્યાય, અનીતિ અને અધર્મનું આચરણ કરવા વડે જેમણે ઉધાર બાજુ વધારી હોય છે, તેમના હૃદયમાં અફસોસ અને અરેકારની આંધી જામે છે, પરંતુ કેટલાક મનુષ્યો દુષ્ટતામાં એટલા ઊંડા દટાઈ ગયા હોય છે કે તેમને આખર વેળાએ પણ સન્મતિ સૂઝતી નથી કે

પોતાના કુકર્મોનો પશ્ચાત્તાપ થતો નથી, ઉલટું પોતાના પુરાણાં પાપોને પૂરાં કરવાની ઝંખના રહે છે અને તેથી એક પ્રકારની ઊંડી અકળામણ અનુભવતાં આ જગતને છેલ્લી સલામ ભરે છે.

લુબ્ધકનું પણ તેમ જ થયું. તે એક પ્રકારની ઊંડી અકળામણ અનુભવવા લાગ્યો. તે જોઈને તેના પુત્રોએ કહ્યું : 'હે પિતાજી ! આપ આટલા બધા કેમ અકળાઓ છો ? જો આપની કોઈ ઇચ્છા અધૂરી હોય તો અમને સુખેથી જણાવો. તે અમે પૂરી પાડીશું. આપ કહો તો વીશ, પચીશ કે પચાશ ગાયો શણગારીને તેનું બ્રાહ્મણોને દાન કરીએ, જેથી આપને વૈતરણી પાર કરવામાં સુગમતા પડે. અથવા આપ જણાવો તો સુંદર શય્યાઓનું બ્રાહ્મણોને દાન આપીએ, જેથી આપને સ્વર્ગમાં સુખભરી નિદ્રા આવે. અથવા આપની ઇચ્છા હોય તો આપને રૂપિયાથી તોળીએ અને તે રૂપિયા બ્રાહ્મણોને વહેંચી દઈએ, જેથી પુણ્યનું ભાથું બંધાય અને આપનો આત્મા શાંતિમાં રહે.'

તે સાંભળીને લુબ્ધકે કહ્યું : 'મારે ધર્મ કે દાન-પુણ્યની કોઈ જરૂર નથી; પરંતુ એક જ વસ્તુની જરૂર છે અને તે એ કે મારી જીંદગીમાં મેં જેમને નજરમાં લીધા હતા, તે સઘળાનો કોઇ ને કોઈ પ્રકારે દંડ કરાવ્યો છે, પણ એક તુંગભદ્ર પટેલ તેમાંથી છટકી જવા પામ્યો છે, માટે તેનો દંડ થાય, તેવો કોઈ ઉપાય કરો.'

પુત્રોએ કહ્યું : ‘ પિતાજી ! એવી વાત ન કરો. અત્યારે તો રામનું નામ લો અને દાન–પુણ્યની વાત કરો, જેથી તમારી સદ્દગતિ થાય.’ પરંતુ આ શબ્દોએ લુબ્ધકના અતિ કઠોર હૃદય પર જરા પણ અસર કરી નહિ. ઊલટું તે કહેવા લાગ્યો કે ‘ જો તમે મારા સાચા પુત્ર હો, તો મારી છેલ્લી ઇચ્છા પૂર્ણ કરો. ’

પિતાની આ જાતની હઠથી કાયર થઈ ને પુત્રોએ એ વાત કબૂલ કરી, ત્યારે લુબ્ધકે કહ્યું કે ‘આ કાર્ય પાર પાડવાને જે ઉપાય હું તમને બતાવું, તેમ જ કરજો, પણ અન્ય રીતે વર્તશો નહિ. જુઓ, હું મરી જાઉં એટલે મારી પાછળ કોઈ રડશો નહિ. જો રડો તો તમને મારા સોગન છે; પછી મારા મડદાને ચુપચૂપ તુંગભદ્રના ખેતરમાં લઈ જજો અને તેણે જ મને મારી નાખ્યો છે, એવી બૂમરાણ મચાવજો, એટલે રાજના સૈનિકો તેને પકડી જશે અને તેના પર કામ ચલાવીને તેને શિક્ષા કરશે. ’

પુત્રોએ તે પ્રમાણે કરવાની કબૂલાત આપી, એટલે લુબ્ધકના જીવે ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો. પછી પુત્રોએ શું કર્યું ? તે કહેવાની જરૂર નથી, કારણ કે એક ઇર્ષ્યાળુ મનુષ્ય આખરે કેટલી નીચી હદે પહોંચી જાય છે, તે બતાવવાનો જ અહીં મુખ્ય ઉદ્દેશ છે.

**સમગ્ર વિવેચનનો સાર એ છે કે દ્વેષના દરેક સ્વરૂપને ત્યજો. જો દ્વેષને ત્યજશો તો જ સમભાવની સિદ્ધિ શક્ય બનશે.**

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–આપણને એક વસ્તુ ગમે છે અને બીજી વસ્તુ ગમતી નથી, તેનું કારણ શું ?

ઉત્તર–આપણને એક વસ્તુ ગમે છે અને બીજી ગમતી નથી, તેનું કારણ આપણા અંતરમાં રહેલી રાગ અને દ્વેષની વૃત્તિ છે. જ્યારે આ બંને વૃત્તિઓનો ક્ષય થાય છે, ત્યારે ગમા–અણગમા જેવું કંઇ રહેતું નથી.

પ્રશ્ન–આપણે બે વ્યક્તિઓને જીવનમાં પહેલી જ વાર મળતા હોઇએ, ત્યારે એક પર સ્નેહ–સદ્ભાવ જાગે છે અને બીજા પર અપ્રીતિ કે અણગમો થાય છે, તેનું કારણ શું ?

ઉત્તર–આમ થવાનું મુખ્ય કારણ પૂર્વભવના સંબંધો છે. જેની જોડે પૂર્વભવમાં સારો સંબંધ બંધાયો હોય, તેને નજરે જોતાં સ્નેહ–સદ્ભાવના જાગે છે અને જેની જોડે પૂર્વભવમાં વૈર બંધાયેલું હોય, તેને નજરે જોતાં અપ્રીતિ કે અણગમો જાગે છે. તે અંગે ભગવાન મહાવીરના જીવનની એક ઘટના જાણવા જેવી છે.

શ્રી ગૌતમ સ્વામીએ એક હાલિકને–ખેડૂતને પ્રતિબોધ કર્યો અને તેણે સંસારને અસાર જાણી તરત જ તેમની પાસે દીક્ષા લીધી. પછી ગૌતમ સ્વામી એ શિષ્યને લઇને ભગવાન મહાવીર પાસે જવા નીકળ્યા. તે વખતે હાલિક શિષ્યે પૂછયું : ‘ભગવન્! આપણે ક્યાં જવું છે?’ શ્રી

ગૌતમ સ્વામીએ કહ્યું : ' હે શિષ્ય ! મારા ગુરુ પાસે જવું છે.' હાલિક મુનિએ કહ્યું : ' તમે પોતે મોટા મહાત્મા છો. શું તમારા માથે પણ ગુરુ છે ? તો એ ગુરુ કેવા હશે ? ' શ્રી ગૌતમ સ્વામીએ કહ્યું : ' એ સર્વજ્ઞ અને સર્વદર્શી મહાપુરુષ છે તથા ચોત્રીશ અતિશયથી યુક્ત છે. આ કાલે તો તેમના જેવા અન્ય કોઈ ગુરુ મળવા મુશ્કેલ છે.'

પછી બંને જણા ભગવાન મહાવીર સમીપે આવ્યા. ત્યારે હાલિક મુનિએ પૂછ્યું કે ' હે ગુરુ મહારાજ ! આ સામે બેઠા એ કોણ છે ? ' શ્રી ગૌતમ સ્વામીએ કહ્યું : ' એ જ મારા ગુરુ છે.' એ સાંભળી હાલિક મુનિએ કહ્યું : ' જો એ જ તમારા ગુરુ હોય તો મારે તમારી સાથે રહેવું નથી અને મારે આ દીક્ષા પણ જોઈતી નથી.' એમ કહી રજોહરણ વગેરે ત્યાં જ મૂકી તે તરત ચાલ્યો ગયો.

ત્યાર પછી શ્રી ગૌતમસ્વામીએ ભગવાનને વંદન કરીને પૂછ્યું કે ' હે ભગવન્ ! તમારા જેવા સમગ્ર લોકને આનંદ ઉત્પન્ન કરનાર પુરુષ ઉપર પણ આને દ્વેષ ઉત્પન્ન થયો, એ જોઇ મને આશ્ચર્ય થાય છે. '

ભગવાને કહ્યું : ' હે ગૌતમ ! મેં ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં જે સિંહને માર્યો હતો, તેનો જીવ એ ખેડૂત થયેલો છે. તેથી મને જોતાં જ એને દ્વેષ થયો. રાગદ્વેષના પ્રબલ સંસ્કારો ભવાંતરમાં પણ ઉદયમાં આવે છે. '

પ્રશ્ન-એક મનુષ્ય વિદ્વાન કે ચતુર હોય, તેની પ્રશંસા

કરીએ અને બીજો મૂઢ કે મૂર્ખ હોય, તેની નિંદા કરીએ, એમાં ખોટું શું?

ઉત્તર–વિદ્વાન કે ચતુરની પ્રશંસા કરીએ એ બરાબર છે, પણ મૂઢ કે મૂર્ખની નિંદા કરવી એ બરાબર નથી. એમ કરતાં તેની લાગણી ઘવાય છે, તેને દુઃખ થાય છે અને કોઈ પણ પ્રાણીને દુઃખ થાય એવું આપણે કરવું ન જોઈએ. વળી તેની નિંદા કરતાં આપણા વિચાર અને વાણી અપવિત્ર બને છે, એટલે નિંદાના માર્ગે જવું યોગ્ય નથી.

[ ૧૫ ]

## ક્રોધ અને માનને કાઢો

સમભાવસિદ્ધિનું ત્રીજુ સૂત્ર છે : '**ક્રોધ અને માનને કાઢો.**' આ ક્રોધ અને માનની ગણના કષાયમાં થાય છે. તેમને કષાય તરીકે ઓળખવાનું મુખ્ય કારણ એ છે કે તેનાથી ચિત્તની વૃત્તિઓ ઘણી કલુષિત થાય છે. માયા અને લોભ એ બીજા બે કષાયો છે. એક અપેક્ષાએ તો આ ચારે ય કષાયો રાગ અને દ્વેષનાં જ પરિણામો છે, પણ તેની ભયંકરતાનો જિજ્ઞાસુજનોને સ્પષ્ટ ખ્યાલ આવે તે માટે તેની ગણના રાગ-દ્વેષથી જુદી થતી આવી છે.

અઢાર પાપસ્થાનકોમાં તેમની ગણના રાગદ્વેષથી જુદી જ થયેલી છે. જેમ કે-

पाणाइवायमलियं, चोरिक्कं मेहुणदविणमूच्छं ।
कोहं माणं मायं, लोभं पिज्जं तहा दोसं ॥

कलहं अब्भक्खाणं, पेसुन्नं रइ-अरइ समाउत्तं ।
परपरिवायं-माया मोसं मिच्छत्तसल्लं च ॥

(૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) ચોરી–અદત્તાદાન, (૪) મૈથુન, (૫) દ્રવ્યની મૂર્ચ્છા–પરિગ્રહ, (૬) **ક્રોધ** (૭) **માન**, (૮) **માયા**, (૯) **લોભ**, (૧૦) પ્રેમ–રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન, (૧૪) પૈશુન્ય, (૧૫) રતિ–અરતિ, (૧૬) પરિપરિવાદ, (૧૭) માયા–મૃષાવાદ અને (૧૮) મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનકો છે.'

કષાયોને રાગ–દ્વેષની અંતર્ગત ગણીએ કે જુદા ગણીએ, પણ એટલી વાત નિશ્ચિત છે કે ચારે ય કષાયો મહાન અધ્યાત્મદોષો છે અને તેથી તેમનો જય કર્યા વિના સમભાવની સિદ્ધિ સંભવિત નથી.

કહ્યું છે કે–

**कोहं माणं च मायं च, लोभं च पापवड्ढणं ।**
**वमे चत्तारि दोसे उ, इच्छन्तो हियमप्पणो ॥**

'જે મનુષ્ય પોતાનું હિત ચાહે છે–આત્મકલ્યાણ ઇચ્છે છે, તે પાપને વધારનારા ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર અધ્યાત્મદોષોને પોતાના અંતરમાંથી જરૂર હાંકી કાઢે.'

સંસારની વૃદ્ધિ કરવામાં આ ચાર કષાયો મુખ્ય ભાગ ભજવે છે. તે અંગે શાસ્ત્રોમાં કહેવાયું છે કે–

**कोहो य माणो य अणिग्गहीया,**
**माया य लोभो य पवड्ढमाणा ।**

चत्तारि एए कसिणा कसाया,
सिंचन्ति मूलाइं पुणब्भवस्स ॥

'કાબૂમાં નહિ રખાયેલા ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામતા માયા અને લોભ એ ચાર કુત્સિત કષાયો પુનર્જન્મ-રૂપી સંસારવૃક્ષનાં મૂલોનું સિંચન કરે છે.'

પ્રસ્તુત પ્રકરણમાં ક્રોધ અને માનની જ વિચારણા કરીશું અને તેને કાઢવાનાં કારણો જોઈશું.

## ૧-ક્રોધ

ક્રોધ, કોપ, રોષ, ગુસ્સો એ બધા એકાર્થી શબ્દો છે. તેની ઉત્પત્તિ મનુષ્યનું ભાન ભૂલાવી નાખે છે. એ સમયે હું કોણ છું? મારું કર્તવ્ય શું છે? મારાથી આમ ન થાય, વગેરે વિચારો મનુષ્ય ભૂલી જાય છે અને તે આંધળો ભીંત બની જાય છે; તેથી ન બોલવાનું બોલી જાય છે અને ન કરવાનું કરી નાખે છે. આ જ કારણે ક્રોધને ચાંડાલ, રાક્ષસ કે પિશાચની ઉપમા આપવામાં આવી છે.

ક્રોધનો જ્યારે જોરથી આવિર્ભાવ થાય છે, ત્યારે મનુષ્ય ગાંડોતૂર બની જાય છે. એ વખતે પિતા-પુત્રનો, મા-દીક-રાનો, પતિ-પત્નીનો કે ભાઈ-ભાઈનો સંબંધ પણ ભૂલાઈ જાય છે, ગાલિપ્રદાન થાય છે અને મામલો મારામારી સુધી પહોંચે છે. કોઇ વાર તેમાંથી ખૂનો પણ થાય છે. તે અંગે અહીં એક બનેલી હકીકત રજૂ કરીશું.

સૌરાષ્ટ્રના એક કાઠી તાલુકદાર હતા. તેને એક નાના

ભાઈ હતા. બંને ભાઈઓનો સંબંધ એકંદર ઠીક હતો. બંને યુવાન હતા. એક વાર નાના ભાઈએ કોઈ બાબતમાં ફોજદારને કડવાં વચનો કહ્યાં. એ ફોજદારે તે બાબતમાં મોટા ભાઈ આગળ ફરિયાદ કરી. આ વખતે બંને ભાઈઓ વચ્ચે એક વાડી અંગે તકરાર ચાલતી હતી અને તેમાં આ ફરિયાદ થઈ, એટલે મોટા ભાઈને ક્રોધ ચડ્યો અને તે રિવોલ્વર લઈને વાડીએ ગયો કે જ્યાં નાનો ભાઈ કામ પર દેખરેખ રાખી રહ્યો હતો.

આ વખતે નાના ભાઈએ ખેડૂતનું સાંતી સ્વેચ્છાએ છોડાવી નાખ્યું હતું અને ખેડૂત આરામ કરતો હતો. આ જોઈ મોટા ભાઈએ ખેડૂતને કહ્યું: ‘ અલ્યા ! અત્યારમાં સાંતી કેમ છોડી નાખ્યું છે ? તેને ફરી જોડ.’

થોડે દૂર નાનો ભાઈ ઊભો હતો, તેણે કહ્યું: ‘ એ નહિ બને. તમે મારા કામમાં વચ્ચે શા માટે પડો છો ?’

આથી મોટા ભાઈનો ક્રોધ વધ્યો. તેણે કહ્યું: ‘ હું પણ વાડીનો માલિક છું. હું કહું છું કે સાંતી જોડ.’

નાના ભાઈએ કહ્યું: ‘ એ નહિ જ બને.’ અને તે લાકડી ઉગામીને સામે આવવા લાગ્યો.

મોટા ભાઈએ કહ્યું: ‘ મારી સામે આવવું રહેવા દે. એમાં સાર નહિ કાઢે.’

નાના ભાઈએ કહ્યું: ‘ તમારી ધમકીથી હું ડરી જઉં એમ નથી.’ અને તે વધારે નજીક આવ્યો.

આ જોઈ મોટા ભાઈનો ક્રોધ વધી ગયો અને તેણે પોતાની રિવોલ્વરમાંથી તેના સામે ગોળી છોડી. આથી નાનો ભાઈ ઘવાયો. છતાં ઝનુને ચડી સામે આવવા લાગ્યો, એટલે મોટા ભાઈએ બીજી ગોળી છોડી અને નાનો ભાઈ ધરણી પર ઢળી પડ્યો. તે છેલ્લા શ્વાસ લેવા લાગ્યો.

આ દૃશ્ય જોતાં જ મોટા ભાઈનો ક્રોધ શમી ગયો અને મેં આ શું કર્યું ? તેનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. વળી વિચાર પણ આવી ગયો કે 'સરકારને આ ખૂનની ખબર પડશે, એટલે મારી ધરપકડ કરશે અને જેલમાં પૂરશે, તેમજ મારી સામે કામ ચલાવી મને ફાંસીના લાકડે લટકાવશે. એમાં મારી આબરૂ શી?' પછી તે મૃત્યુ પામી રહેલા ભાઈની નજીક આવીને કહેવા લાગ્યો કે 'ભાઈ! મારે તને મારીને ગરાસ મેળવવો ન હતો, પણ તેં મારું માન્યું નહિ. તું ના પાડવા છતાં લાકડી લઈને સામે આવવા લાગ્યો, એટલે મેં ક્રોધને વશ થઇ તારી સામે બબ્બે ગોળી છોડી તારો પ્રાણ લીધો. ખરેખર! મેં ઘણું ખોટું કર્યું છે. હવે મારે જીવીને શું કામ છે?' અને તેણે પોતાની રિવોલ્વરમાંથી ગોળી છોડી પોતાના જીવનનો અંત આણ્યો.

જ્યારે ક્રોધ આવે છે, ત્યારે નાડીના ધબકારા વધી પડે છે ને શરીર તપવા લાગે છે. એ વેળા મગજ ગરમ થઇ જાય છે, મુખ તથા આંખ પર લોહી ચડી આવે છે અને આખું શરીર ધ્રૂજવા લાગે છે. તેથી જ જ્ઞાનીઓએ તેને શરીરમાં ઉત્પન્ન થતો મહાન શત્રુ માનેલો છે. તે

લંબા સમયના તમામ તપ–જપ તથા ધર્મ–ધ્યાનનો નાશ કરે છે, વ્યાવહારિક સંબંધો બગાડે છે અને ગૃહજીવનમાં અશાંતિની આગ પ્રકટાવે છે.

ક્રોધની સામે ક્રોધ કરીએ તો ક્રોધ વધે છે અને શાંતિ રાખીએ તો ક્રોધ શમે છે. તેની ખાતરી નીચેની વાત વાંચવાથી થઈ શકશે :

એક ગામમાં પતિ–પત્ની રહેતાં હતાં. એ બંને સ્વભાવે ક્રોધી હતાં. કોઈ કોઈનું સાંખતા નહિ, એટલે ઝઘડો થતો. એમ કરતાં વાતાવરણ ઘણું કલેશમય થઈ ગયું હતું. જ્યાં નિરંતર કલેશ હોય ત્યાં સુખ કેવું ? શાંતિ કેવી ? આખરે પત્ની ખૂબ કંટાળીને તેની શેરીમાં રહેતા એક વૃદ્ધ ડોશીમા પાસે ગઈ અને કહેવા લાગી: ‘ માજી ! હું બહુ દુઃખી છું. તમારો દીકરો મને બહુ દુઃખ દે છે. મને પૂરું ખાવા દેતો નથી, જોઈતા કપડાં આપતો નથી, વાતવાતમાં વઢે છે અને વારંવાર મને માર મારે છે. મા ! હવે તો મારાં હાડકાં બહુ કળે છે. હું બહુ મૂંઝાઈ ગઈ છું. અમારો એક દિવસ કજિયા વિનાનો જતો નથી; માટે મારું દુઃખ દૂર થાય, એવો કોઈ ઉપાય બતાવો.’ આટલું કહેતાં તો તે રડી પડી.

અનુભવી વૃદ્ધ ડોશીમાએ કહ્યું: ‘ બેટી રડીશ નહિ. એનો ઉપાય તો સહેલો છે અને તે અજમાવતાં તારું દુઃખ જરૂર મટી જશે. કાલે સવારે વહેલા ઊઠીને, નાહી ધોઈને,

પ્રભુના નામની એક માળા ફેરવીને, કાચનો એક સાફ કરેલો શીશો લઇને મારી પાસે આવજે.'

બીજા દિવસે એ સ્ત્રી કહ્યા મુજબ બધું કરીને કાચનો શીશો લઇ આવી. ડોશીમાએ ભગવાનનું નામ લેતાં લેતાં એ શીશો ફરી ધોયો અને તેમાં ચોવડા ગળણે ગળીને પાણી ભર્યું. પછી તેમાં મંત્ર ભણી મીઠાની એક કાંકરી નાખી અને પેલી સ્ત્રીને કહ્યું : 'તારે આજની જેમ, નિત્ય વહેલા ઊઠીને નાહી-ધોઈને પ્રભુના નામની એક માળા ફેરવવી. સાંજે પણ હાથ-પગ-મોઢું ધોઈને એક માળા ફેરવવી. ઘરનું કામકાજ બરાબર કરવું. તારો પતિ બહારથી આવે તે પહેલાં તારે બધી તૈયારી કરી રાખવી અને તેના વાંકમાં આવવું નહિ. સાંજે જ્યારે તારો પતિ ઘરમાં આવવાનો હોય ત્યારે આ શીશામાંથી થોડું પાણી લઈ, મોઢામાં રાખી, ઓશરીના એક ભાગમાં બેસવું. જો તારો પતિ ઘરમાં આવી તારા ઉપર ક્રોધ કરે તો તે વેળા તારે કંઈ બોલવું નહિ. પાણીનો કોગળો મુખમાં રાખી મૂકવો. પછી જ્યારે તે શાંત થાય ત્યારે તે બહાર કાઢવો અને તારા પતિને પગે લાગવું. જો આ રીતે વર્તીશ તો પાણીનો આ શીશો પૂરો થતાં પહેલાં જ તારા સ્વામી શાંત થઈ જશે અને તારી સાથે પ્રીતિથી વર્તવા લાગશે.'

આવો સુંદર ઉપાય બતાવવા માટે પેલી સ્ત્રીએ ડોશીમાનો આભાર માન્યો અને પોતે આ પ્રમાણે જ વર્તશે એની ખાતરી આપી.

સાંજે સાતના સુમારે તેનો પતિ ઘરે આવ્યો અને રોજની ટેવ પ્રમાણે સ્ત્રીનો કંઇ ને કંઈ વાંક કાઢી તેના પર ખીજાવા લાગ્યો, પરંતુ સ્ત્રીએ કંઈ ઉત્તર આપ્યો નહિ. રોજ તો તે સામો ક્રોધ કરીને પ્રત્યુત્તર આપતી, પણ આજે મોઢામાં પાણી હતું, એટલે બોલાય શી રીતે ? એક-બે વાર સામો ઉત્તર આપવાનું મન થયું, પણ ડોશીમાની શિખામણ યાદ કરી મનને વાળી લીધું. આજે ક્રોધની સામે ક્રોધ થયો નહિ, એટલે કજિયો થોડી વારમાં પતી ગયો.

આથી પેલી સ્ત્રીને ડોશીમાના ઉપાયમાં શ્રદ્ધા બેઠી અને પછી તો જ્યારે પણ બોલાચાલી થવાનો સંભવ લાગતો, ત્યારે તે શીશામાંનું પાણી મોઢામાં ભરી બાજુએ બેસી જતી. આથી થોડા જ દિવસમાં તેના પતિને એમ લાગ્યું કે આ તો હવે સુધરી ગઈ જણાય છે, એટલે તેને માટે એક સુંદર સાડી લઈ આવ્યો. તેથી સ્ત્રી રાજી થઈ અને વધારે સારી રીતે વર્તવા લાગી. દશ-બાર દિવસમાં તો ઘરનું બધું વાતાવરણ સુધરી ગયું અને કલહ, કુસંપ તથા દુઃખના સ્થાને સંપ, શાંતિ અને આનંદ જણાવા લાગ્યો.

પંદર દિવસ પૂરા થયા, એટલે પેલો શીશો ખાલી થયો. તે લઇને પેલી સ્ત્રી ડોશીમા આગળ ગઈ અને તેમને પગે લાગીને બોલી : 'માજી ! તમારો ઉપાય ખરેખર ચમત્કારિક નીવડચો છે. હવે મારું બધું દુઃખ દૂર થઈ ગયું છે, છતાં કૃપા કરીને આ શીશો ભરી આપો, જેથી ફરી દુઃખી થવાનો વખત આવે નહિ.'

ડોશીમાએ કહ્યું : 'બેટી ! તેં જે ચમત્કાર અનુભવ્યો તે આ પાણીનો નથી, પણ તેં એના પ્રયોગથી સામો જવાબ આપવાનું માંડી વાળ્યું, તેનો છે. હવે જ્યારે જરૂર પડે ત્યારે તું તારા ઘરના પાણીથી પણ આ પ્રયોગ કરી શકે છે. તું જો શાંત રહીશ તો તારો પતિ શાંત રહેશે અને બંને સુખી થશો. મારા તમને આશીર્વાદ છે.'

ત્યાર પછી તે પતિ-પત્નીએ કદી પણ ક્રોધ ન કરવાનો નિર્ણય કર્યો, તેથી તેઓ સુખી થયા અને આનંદમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યાં.

આ વાતમાંથી આપણે એટલો બોધ લેવાનો છે કે કોઈ આપણા પર ક્રોધ કરે તો આપણે સામો ક્રોધ કરવો નહિ : 'કમ ખા, ગમ ખા.' એ કહેવતમાં પણ આ જ શિખામણ અપાયેલી છે.

ક્રોધને જીતવાનું મુખ્ય સાધન ક્ષમા છે, તેથી જ કહેવાયું છે કે—

**क्षमाखड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति ।**
**अतृणे पतितो वह्निः, स्वयमेवोपशाम्यति ॥**

'જેના હાથમાં ક્ષમારૂપી તલવાર છે, તેને દુર્જન શું કરશે ? ઘાસ વગરની જમીન પર પડેલો અગ્નિ પોતાની મેળે જ ઓલવાઈ જાય છે.'

તાત્પર્ય કે કોઈ દુર્જન મનુષ્ય આપણા પર ક્રોધ કરે અને આપણે તેનો ક્રોધથી પ્રતિકાર કરીએ તો મામલો ઘડી વારમાં બગડી જાય છે, પરંતુ ક્રોધ ન કરીએ તો પેલો દુર્જન શાંત થઈ જાય છે. અગ્નિનો તણખો ઘાસના ગંજ પર

પડે તો એ ભડભડાટ સળગવા લાગે છે, પણ જમીન પર પડે તો થોડી વારમાં ઓલવાઈ જાય છે, તેથી સુજ્ઞ મનુષ્યે આવા પ્રસંગે ક્ષમા ધારણ કરવી.

ક્ષમા એ કાયરનો નહિ, પણ વીરનો ધર્મ છે, એમ માનીને તેને આપણે અપનાવવાની છે. જ્યાં ક્ષમા આવી કે ક્રોધ પોતાનું મોં કાળું કરીને આપણા અંતરમાંથી ચાલ્યો જશે અને આપણે એક મહાન અધ્યાત્મદોષમાંથી મુક્ત થઈશું.

## ૨–માન

માન એટલે અભિમાન, અહંકાર, ગર્વ કે મદ. તે મનુષ્યના મનને બહેકાવનાર છે, ખોટો આવેશ ઉત્પન્ન કરનાર છે અને એ રીતે તેની પાસે ન કરવાનાં કામ કરાવીને તેને મોટું નુકશાન પહોંચાડનાર છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે –

**विनय-श्रुत-शीलानां, त्रिवर्गस्य य घातकः ।**
**विवेकलोचनं लुंपन्, मानोऽन्धकर्णं नृणाम् ॥**

‘માન નામનો કષાય મનુષ્યોના વિનય, શ્રુત અને શીલનો નાશ કરનાર છે; ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગનો ઘાત કરનાર છે અને તેનાં વિવેકરૂપી લોચનોને ફોડી તેને આંધળો બનાવી દેનાર છે.’

વિનય એ મનુષ્યનો બહુ મોટો ગુણ છે. તેનાથી શ્રુત એટલે શાસ્ત્રજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને શીલ એટલે વ્રત-નિયમ–પ્રત્યાખ્યાનની ભાવના જાગે છે કે જે મનુષ્યના તરણોપાયમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ અભિમાનનો

ઉદય થયો કે વિનયગુણ નાશ પામે છે અને વિનયગુણ નાશ પામે એટલે શ્રુત અને શીલ પણ નાશ પામે છે. આ રીતે અભિમાનનો ઉદય આધ્યાત્મિક વિકાસમાં જબ્બર ફટકો મારે છે.

પરંતુ વાત આટલેથી પૂરી થતી નથી. જેનાથી આત્માનો અભ્યુદય થાય અને મોક્ષની પ્રાપ્તિ થાય, તેને ધર્મ કહેવાય છે. આ ધર્મ પણ અભિમાનના ઉદયથી નાશ પામે છે. આપણા સંત પુરુષોએ કહ્યું છે કે 'દયા ધર્મકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન.' એટલે અભિમાન આવ્યું કે પાપની વૃદ્ધિ થવા માંડે છે અને ધર્મ ચાલતો થાય છે.

જેનાથી વ્યવહારનાં સર્વ પ્રયોજનોની સિદ્ધિ થાય, તેને અર્થ કહેવામાં આવે છે. વ્યવહાર, વ્યાપાર, ખેતી, નોકરી એ બધાંનો તેમાં સમાવેશ થાય છે. ગૃહસ્થજીવનનો એ મુખ્ય આધાર છે, એટલે મનુષ્યે તેને બરાબર સંભાળી રાખવાનો છે. પરંતુ અભિમાનનો ઉદય થતાં વ્યવહાર બગડવા માંડે છે. લોકો અભિમાની મનુષ્ય સાથે કામ પાડવા રાજી હોતા નથી.

એક મનુષ્ય ભાગ્યયોગે ઘણું ધન કમાયો અને તેના અભિમાનથી અક્કડ બની ગયો. પછી પુત્રના સગપણનો પ્રસંગ આવ્યો, ત્યારે સાતસો ઘરની ન્યાતમાંથી કોઈએ તેને કન્યા આપી નહિ. છેવટે તેને બહારથી કન્યા લાવવી પડી.

ધનવાન થવાથી અક્કડ બનેલા એક સજ્જન પોતાની પોળના માણસો સાથે બરાબર વ્યવહાર રાખતા નહિ. તેમના મનને એમ કે મારે બીજાની શી પડી છે? એટલે તેઓ

પોળના માણસોને ત્યાં આવતા કોઈ પણ વ્યાવહારિક પ્રસંગે હાજરી આપતા નહિ અથવા હાજરી આપે તો નામ માત્રની. તેને લગતા કોઈ કામમાં સહાયક થતા નહિ. એવામાં તેમની માતાનું મરણ થયું, તેનો સાદ પડચો, પણ કોઇ પોળવાળો હાજર થયો નહિ. આ વખતે તેમને ભાન આવ્યું કે મારી મોટી ભૂલ થઈ છે અને તેમણે પોળના કેટલાક કાર્યકર્તાઓને બોલાવી પોતાની ભૂલની માફી માગી તથા હવે પછી દરેક વ્યવહારમાં બરાબર ભાગ લેવાનું વચન આપ્યું, ત્યારે પોળવાળા ભેગા થયા અને તેમની માતાને સ્મશાનભૂમિએ પહોંચાડી અગ્નિદાહ દીધો. તાત્પર્ય કે અભિમાનથી વ્યવહાર બગડે છે.

વ્યાપાર, રોજગાર, ધંધા કે નોકરી ઉપર પણ અભિમાનની અસર બહુ માઠી થાય છે. નમ્રતાથી જવાબ આપનારને ત્યાં ઘરાકી જામે છે અને અભિમાની તથા ઉડાઉ જવાબ આપનારને ત્યાંથી ઘરાક ચાલવા માંડે છે. મોટા સોદાઓમાં પણ આવું જ બને છે. નોકરીમાં તો નમ્રતાની ખાસ જરૂર પડે છે. ત્યાં અભિમાન આવ્યું કે નોકરીમાંથી રૂખસદ મળે છે. આ રીતે અભિમાનથી અર્થનો પણ નાશ થાય છે.

જેનાથી ઇન્દ્રિયોને તૃપ્તિ ઊપજે, તેને કામ કહેવામાં આવે છે. આનંદ–પ્રમોદનાં બધાં સાધનોનો તેમાં સમાવેશ થાય છે. અભિમાનનો ઉદય થતાં આ કામસુખનો પણ નાશ થાય છે. એક પિતાએ મરતી વખતે પોતાના પુત્રને ઘણું ધન વારસામાં આપ્યું. આ પુત્ર યુવાન હતો અને અભિમાની પણ હતો. તેણે પોતાની મોટાઈ બતાવવા માટે પોતાને ત્યાં

મિત્રોની મિજલસ ગોઠવવા માંડી અને તેની સામે સો રૂપિયાની નોટની બીડી બનાવી ફૂંકવા માંડી. તેમજ નાસ્તા-પાણીનો ખર્ચ પણ ખૂબ કરવા માંડ્યો. એમ કરતાં નાચરંગના જલસા ગોઠવાયા અને પોતાની મોટાઈ બતાવવા માટે તે નર્તિકાઓની સામે હજાર-હજારની નોટો ફેંકવા લાગ્યો. ધનના અવિચારી ઉપયોગથી રાજના ખજાના પણ ખાલી થઈ જાય છે, તો ગૃહસ્થનું કહેવું જ શું? થોડા વખતમાં બધું ધન ખલાસ થયું, મકાન તથા વાડીવજીફા વેચવાનો વખત આવ્યો અને છેવટે તેની પાસે કંઈ ન રહેતાં તે સાવ મુફલીસ બની ગયો. તાત્પર્ય કે અભિમાનથી કામસુખનો પણ નાશ થાય છે.

અભિમાનનું સહુથી કાળું કૃત્ય તો મનુષ્યના વિવેકરૂપી લોચનોને ફોડી નાખવાનું છે. વિવેકરૂપી લોચનો ફૂટ્યાં કે સારું-નરસું સમજાય નહિ, હિતાહિત જાણી શકાય નહિ અને કર્તવ્યાકર્તવ્યનો યોગ્ય નિર્ણય થઈ શકે નહિ; એટલે મનુષ્ય પાગલની જેમ ગમે તેમ વર્તે અને અવનતિની ઊંડી ખીણમાં ગબડી પડે.

આજ સુધીમાં કોઈનું અભિમાન ટક્યું નથી. શેરને માથે સવાશેર હોય છે જ. રાજા રાવણને ચૌદ ચોકડીનું રાજ્ય હતું, ઘણી વિદ્યાઓ સિદ્ધ થયેલી હતી અને પોતે દશ મસ્તકવાળો હતો, છતાં અભિમાન કર્યું તો શ્રીરામના હાથે ભૂંડા હાલે માર્યો ગયો અને એક દુર્જન તરીકેની ખ્યાતિ પામ્યો. આજે પણ ભારતના

કેટલાક ભાગોમાં દશેરાના દિવસે રાવણનું પૂતળું બનાવીને બાળવામાં આવે છે. તે પરથી આપણે બોધ લેવાનો છે કે કોઈ પણ વસ્તુનું અભિમાન કરવું નહિ.

જૈન મહાપુરુષોએ ઘણા અનુભવ પછી એમ જાહેર કર્યું છે કે—

**जातिलाभकुलैश्वर्य–बलरूपतपः श्रुतैः ॥**
**कुर्वन् मदं पुनस्तानि, हीनानि लभते जनः ॥**

'જે મનુષ્ય (૧) જાતિ, (૨) લાભ, (૩) કુલ, (૪) ઐશ્વર્ય, (૫) બલ, (૬) રૂપ, (૭) તપ અને (૮) શ્રુતનો મદ કરે છે, તેને તે વસ્તુ હલકા પ્રકારની મળે છે.'

આ આઠ મદની વાત ખાસ સમજવા જેવી છે, તેથી તે અંગે અહીં કેટલુંક વિવેચન કરીશું.

(૧) એક મનુષ્ય એવો વિચાર કરે કે 'હું ઉત્તમ જાતિમાં જન્મ્યો છું. મારા જેવો બીજો ઊંચો કોણ છે? બીજા તો હલકી જાતિમાં જન્મેલા છે, વગેરે.' તો તેણે **જાતિમદ** કર્યો કહેવાય. આવો જાતિમદ કરનારને ભવાંતરમાં કોળી, વાઘરી, પારધિ, ચંડાલ, ચમાર વગેરે હલકી જાતિમાં જન્મવું પડે છે.

અહીં સુજ્ઞજને એવો વિચાર કરવો ઘટે કે 'હે જીવ! તેં અત્યાર સુધીમાં દરેક પ્રકારની જાતિઓમાં જન્મ ધારણ કર્યા છે. કોઈ પણ જાતિ એવી નથી કે જેમાં તેં જન્મ ગ્રહણ કર્યો ન હોય, તો જાતિનું અભિમાન શું?

જાતિ કોઈ શાશ્વત વસ્તુ નથી, માટે તેનો મદ ન કર, તેનું અભિમાન ન કર !'

(૨) જો મનુષ્ય ધંધા, રોજગાર, વ્યવસાય કે અધિકાર અંગે થતા લાભ અંગે એવો વિચાર કરે કે 'મારા જેવો લાભ બીજા કોઈને થતો નથી, માટે હું પરમ ભાગ્યશાળી છું. બીજા ભાગ્યના ફૂટેલા છે, તેમને મારા જેવો લાભ ક્યાંથી મળે ? અહાહા ! મારા લાભની શી વાત !' તો તેણે **લાભમદ** કર્યો કહેવાય. આવો લાભમદ કરનારને લાભાંતરાય કર્મ બંધાય છે, એટલે ભવિષ્યમાં કોઈ પણ કામમાં મોટો લાભ થતો નથી.

અહીં સુજ્ઞજને એવો વિચાર કરવો ઘટે કે 'હે જીવ ! તને જે લાભ થાય છે, તે લાભાંતરાય કર્મનો ક્ષય થવાથી થાય છે, તેમાં હર્ષ શું અને અભિમાન શું ? વળી આવો લાભ તને એકલાને થતો નથી. જેમણે દાન-પુણ્યાદિ કાર્યો કર્યાં છે, તે બધાને થાય છે. માટે તું લાભનો મદ કરવો રહેવા દે !'

(૩) જો મનુષ્ય એવો વિચાર કરે કે 'હું તો અમુક કુલનો ! મારી શી વાત ! હું કંઈ જેવો તેવો નથી.' તો તેણે કુલમદ કર્યો કહેવાય. આવો કુલમદ કરનાર ભવાંતરમાં હલકા કુલમાં જન્મ પામે છે. ભગવાન મહાવીરે મરીચિના ભવમાં કુલમદ કર્યો કે 'અહો ! હું ઉત્તમ કુલનો છું ! મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને હું છેલ્લો તીર્થંકર થઇશ ! અહા મારું કુલ ! અહા મારી ઉત્તમતા !

મતા !' એ કુલમદના પરિણામે તેમને તીર્થંકરના ભવમાં પણ ભિક્ષુક કુલમાં જન્મવું પડ્યું કે જ્યારે અવશ્ય ઊંચા કુલમાં જન્મ થાય છે. અહીં બ્રાહ્મણકુલને ભિક્ષુકકુલ ગણ્યું છે, કારણ કે તે બીજાની પાસે ધન માગે છે.

અહીં સુજ્ઞજને એવો વિચાર કરવો ઘટે કે 'હે જીવ ! કુલના ઊંચા-નીચાપણાથી શું ? ઊંચા કુલમાં જન્મવા છતાં જો શીલ અને સદાચારથી વંચિત રહ્યો તો તો તારી અવશ્ય અવગતિ થવાની અને નીચા કુલમાં જન્મવા છતાં શીલ અને સદાચારનો સંગાથ કર્યો તો તારી અવશ્ય ઉન્નતિ થવાની. માટે તું કુલનો મદ કરવાનું છોડી દે !.

(૪) જો મનુષ્ય એવો વિચાર કરે કે 'અહો ! હું કેવો ઐશ્વર્યશાલી છું ? મારા જેવું ઐશ્વર્ય આજે કોઈને હશે ખરું ! મારા મહેલો કેવા સુંદર છે ? મારા બગીચાઓ કેવા રમણીય છે ? મારા હાથી અને ઘોડાઓનો કોઈ જોટો નથી ! વળી મારી પાસે ઝવેરાતનો જે સંગ્રહ છે, તે બેનમૂન છે. સોનું-રૂપું અને બીજી સામગ્રી તો મારી પાસે ઢગલાબંધ છે, ખરેખર ! મારી ઋદ્ધિનો પાર નથી !' તો તેણે ઐશ્વર્ય-મદ કર્યો કહેવાય. આ ઐશ્વર્યમદના પરિણામે તે ભવાંતરમાં ઐશ્વર્યહીન થાય છે, એટલે કે દીન-દુઃખી હાલતમાં જન્મે છે.

અહીં સુજ્ઞજને એવો વિચાર કરવો ઘટે કે 'હે જીવ ! તું ઐશ્વર્યનું અભિમાન શાને કરે છે ? ઇન્દ્રાદિ દેવોના ઐશ્વર્ય આગળ તારું ઐશ્વર્ય શા હિસાબમાં છે ? અથવા કુબેર ભંડારી આગળ તારા પાંચ-પચીશ ક્રોડની શી વિસાત

છે? તારી પાસે જે મહેલો અને બાગ-બગીચાઓ છે, તેના કરતાં સવાયા મહેલો અને બાગ-બગીચાઓ બીજા ઘણા પાસે છે. હાથી-ઘોડાનું પણ એમ જ છે. તેં દુનિયા પૂરી જોઈ નથી, એટલે તને એની શી ખબર પડે? વળી લક્ષ્મી ચંચલ છે, તે ક્યારે ચાલી જશે તેની ખબર પડતી નથી, એટલે તું ઐશ્વર્યનો મદ કર મા!

(૫) જો મનુષ્ય એવો વિચાર કરે કે 'મારા જેવો બલવાન બીજો કોઈ નથી! મારા બળની શી વાત? મેં ભલભલા પહેલવાનોને હરાવી સુવર્ણચંદ્રકો મેળવ્યા છે અને ટ્રોફીઓ જીતી લીધી છે. આજે તો મને કોઈ પહોંચે એમ નથી.' તો તેણે બલમદ કર્યો કહેવાય. આ બલમદના પરિણામે તે ભવાંતરમાં માયકાંગલો જન્મે છે.

અહીં સુજ્ઞજને એવો વિચાર કરવો ઘટે કે 'હે જીવ! તું બલનું અભિમાન શાને કરે છે? જો તું ખરો બલવાન હો તો જન્મ, જરા, મૃત્યુ અને રોગરૂપી શત્રુઓને જીતી લે. ત્યાં તો તારું કંઈ ચાલતું નથી અને અહીં બડાઈની ડંફાસ શાને મારે છે? વળી તારું આ બલ સદા ટકશે ખરું? એ તો કાલે ચાલ્યું જવાનું છે. તો તેનું વ્યર્થ અભિમાન કર મા!

(૬) જો મનુષ્ય એવો વિચાર કરે કે 'મારા જેવો રૂપાળો કોઈ નથી. હું કામદેવનો અવતાર છું. લોકો મને જોતાં જ મોહ પામે છે, મારી મુખમુદ્રા કેવી છે? મારા હાથ કેવા છે? મારા પગ કેવા છે?' તો તેણે રૂપમદ કર્યો

કહેવાય. આ રૂપમદના પરિણામે ભવાંતરમાં તે કાણો–કૂબડો જન્મે છે.

અહીં સુજ્ઞજને એવો વિચાર કરવો ઘટે કે 'હે જીવ! તું રૂપનું અભિમાન શાને કરે છે? તારા કરતાં અનેકગણા રૂપાળા મનુષ્યો આ જગતમાં હસ્તી ધરાવે છે કે જેમનું દર્શન થતાં જ લોકોના મન પર અજબ પ્રભાવ પડે છે. અને માની લે કે તું ઘણો રૂપાળો છે, તેથી શું? એ રૂપ તો ચાર દિનનું ચાંદરણું છે? સનત્ કુમાર ચક્રવર્તી જેવાનું રૂપ ઘડીમાં બદલાઈ ગયું તો તું કોણ? રૂપના મદને વીસરી જા અને આત્માને રૂપાળો–સુંદર બનાવવા પ્રયત્ન કર!

(૭) જો મનુષ્ય એવો વિચાર કરે કે 'હું મહાન તપસ્વી છું. આજે મારી બરાબરી કરે એવો કોઇ નથી. શું મારું તપ અને શું મારો પ્રભાવ!' તો તેણે તપમદ કર્યો કહેવાય. આ તપમદના પરિણામે ભવાંતરમાં તે તપ કરવાની શક્તિથી રહિત થાય છે.

અહીં સુજ્ઞજને એવો વિચાર કરવો ઘટે કે 'હે જીવ! તું અમુક ઉપવાસ, આયંબિલ કે રસત્યાગ કરી શકે છે, તેથી મહાન તપસ્વી હોવાનું શા માટે માની લે છે? આ જગતમાં મહાપુરુષોએ જે તપશ્ચર્યાઓ કરી છે, તેની આગળ તારા તપની કોઇ વિસાત નથી! એક ભગવાન મહાવીરની તપશ્ચર્યાનો જ તું વિચાર કર કે તેમણે કેવી આકરી તપશ્ચર્યા કરી હતી! સાડાબાર વર્ષ અને એક પખવાડિયામાં તેમણે માત્ર ૩૪૯ પારણાં કર્યાં હતાં! બાકીના બધા દિવસો

તપશ્ચર્યામાં ગાળ્યા હતા ! તેમાં છ-છ માસના ઉપવાસ પણ હતા. વર્તમાનકાલે પણ મહાન તપસ્વીઓ થયા છે, તેની આગળ તું કોઈ હિસાબમાં નથી. માટે તપનો મદ કરીશ મા !

(૮) જો મનુષ્ય એવો વિચાર કરે કે 'મારા જેવું શાસ્ત્રજ્ઞાન કોઈને નથી! હું મહાપંડિત છું ! હું મહાજ્ઞાની છું ! ' તો તેણે શ્રુતમદ કર્યો કહેવાય. આ શ્રુતમદના પરિણામે ભવાંતરમાં તે મૂર્ખ જન્મે છે.

અહીં સુજ્ઞજને એવો વિચાર કરવો ઘટે કે 'હે જીવ ! તું શ્રુતનો મદ શાને કરે છે? થોડું ભણ્યો, થોડાં શાસ્ત્રો જાણ્યાં, તેથી તું મહાપંડિત અને મહાજ્ઞાની થઈ ગયો? જરા તો વિચાર કે ગણધર ભગવંતો અને ચૌદ પૂર્વધારીઓ આગળ તારું જ્ઞાન શી ગણતરીમાં છે? હજી તું અનેક વસ્તુઓનાં ગૂઢ રહસ્યોને જાણતો નથી અને પદે પદે સ્ખલના પામે છે, તો ભલો થઈને શ્રુતનો-જ્ઞાનનો મદ કરીશ મા !

આઠ પદનું વિવેચન અહીં પૂરું થયું, પરંતુ અભિમાન અંગે હજી થોડું કહેવાનું છે. તેના લીધે મનુષ્ય વાદવિવાદમાં ઊતરે છે, ઉડાઉ ખર્ચ રાખે છે, ખોટા ઝઘડાઓ કરે છે, કોર્ટ-કચેરીએ ચડે છે અને જંગમાં પણ ઊતરે છે. વળી આ મહાન દોષને લીધે તે નાના-મોટાનો ભેદ પણ ચૂકી જાય છે અને ન બોલવા જેવાં વેણ બોલી મુરબ્બીઓ કે મિત્રોનું અપમાન પણ કરે છે.

માનને મૃદુતા કે નમ્રતાથી જીતી શકાય છે. આપણે વેંત નમીએ તો બીજા હાથ નમે છે, એ ભૂલવા જેવું

નથી. વળી પાણી નમ્ર લાગે છે, પણ તેનું પૂર મોટા મોટા ખડકોને તોડી પાડે છે અને તેના ઝીણા કંકર બનાવી દે છે, એટલે નમ્રતાનું મૂલ્ય ઓછું આંકવું નહિ. આ જગતમાં જેટલું કામ નમ્રતાથી થાય છે, તેટલું અભિમાનથી થતું નથી, એ એક સિદ્ધ હકીકત છે.

આ વિવેચનનો સાર એ છે કે ક્રોધ અને માનને અંતરમાંથી અવશ્ય કાઢો, નહિ તો તેઓ અધ્યાત્મનું મેદાન ઉજ્જડ કરી નાખશે અને સમભાવસિદ્ધિને હજારો માઈલ દૂર હડસેલી મૂકશે.

[ પ્રશ્નોત્તરી સોળમા પ્રકરણના છેડે આપેલી છે. ]

[ ૧૬ ]

# માયા અને લોભને હઠાવો

સમભાવ સિદ્ધિનું ચોથું સૂત્ર છેઃ '**માયા અને લોભને હઠાવો.**' તેથી પ્રસ્તુત પ્રકરણમાં માયા અને લોભનો પરિચય કરાવીશું અને તેને છોડવાનાં કારણો પણ જણાવીશું.

## ૩–માયા

અહીં માયા શબ્દથી કૂડ, કપટ, છલ, છેતરપીંડી, વંચના, વક્રતા કે શઠતા સમજવાની છે. તેનો આશ્રય લેતાં મનુષ્યને જૂઠું બોલવું પડે છે, દંભ કરવો પડે છે અને બીજાં પણ અનેક પાપો કરવાં પડે છે. એક વિચારકના શબ્દોમાં કહીએ તો માયા એ માનવમનની અધમાધમ સ્થિતિ છે અને તે એને અવશ્ય દુર્ગતિમાં લઈ જનારી છે.

માયાનું સેવન કરનાર એમ માને છે કે 'મેં બીજાને છેતર્યા છે અને મારો સ્વાર્થ સાધી લીધો છે' પણ વાત એથી ઊલટી છે. ખરેખર! તો એ જ છેતરાયો છે અને તેણે પોતાના સ્વાર્થ પર છીણી મૂકી છે. કહ્યું છે કે–

विधाय मायां विविधैरुपायैः,
परस्य ये वञ्चनमाचरन्ति ।
ते वञ्चयन्ति त्रिदिवापवर्ग–
सुखान्महामोहसखा स्वमेव ॥

'જે મનુષ્યો માયાનું સેવન કરીને વિવિધ પ્રકારના ઉપાયો વડે બીજાની સાથે ઠગાઈ કરે છે, તે મહામોહના મિત્ર સરખા મનુષ્યો પોતાની જાતે જ સ્વર્ગના સુખોથી ઠગાય છે, એટલે કે તેમને સ્વર્ગનું સુખ મળતું નથી.'

અથવા

कौटिल्यपटवः पापा, मायया बकवृत्तयः ।
भुवनं वञ्चयमाना, वञ्चयन्ते स्वमेव हि ॥

'અનેક પ્રકારનાં કૂટ-કપટ કરવામાં કાબેલ અને બગલાના જેવી દંભી મનોવૃત્તિ રાખનાર પાપી પુરુષો માયા વડે જગતને છેતરવા જતાં પોતે જ છેતરાય છે.'

પાઠક મિત્રોને કદાચ એમ લાગશે કે શું આ સાચું હશે? તો અહીં તેની પ્રતીતિ કરાવનારી એક સત્ય ઘટના રજૂ કરીએ છીએ.

બે માણસો પ્રવાસ કરતા હતા. રાત્રિ પડી જવાથી તેમણે નજીકના ગામમાં એક પટેલને ત્યાં આશ્રય માગ્યો અને તે એમને મળી ગયો. હવે તેમની પાસે વાટખરચી માટે રૂપિયા બસો રોકડા હતા, તે પાસે રાખવાનું ઠીક ન લાગવાથી પટેલને સોંપ્યા અને સવારે જતી વખતે પાછા

લઈશું એમ જણાવ્યું. પટેલે તેનો સ્વીકાર કર્યો, પણ એ જ વખતે તેને એક વિચાર આવ્યો : 'આ મુસાફરોને અહીં કોઈ ઓળખતું નથી, એટલે આ પૈસા પચાવવા ધારું તો પચી જાય એમ છે, પણ સવાર થતાં તે આ પૈસા પાછા માંગશે અને નહીં આપું તો ધાંધલ મચશે, એટલે તેમને ઠેકાણે પાડી દેવા.'

પછી તેમણે ગામમાંથી બે એવી વ્યક્તિઓને શોધી કાઢી કે જેમનો ધંધો જ મારામારી કે ખૂન કરવાનો હતો. તેમની સાથે રૂપિયા પચીશમાં સોદો પાકો થયો અને તેમણે રાતના લગભગ બે વાગતાં આ કાર્ય પૂરું કરવું, એવો નિર્ણય લેવાયો.

મુસાફરો માટે બે ખાટલા ડેલી બહાર ઢાળવામાં આવ્યા અને તેના પર ગોદડા પાથરવામાં આવ્યાં. પેલા મુસાફરો તેના પર આડા પડયા, પણ તેમાં માંકડ બહુ હોવાથી તેમને ઊંઘ આવી નહિ. આખરે તેઓ એ ખાટલા છોડીને ઘરની પછવાડે વાડો હતો ત્યાં ગયા અને ઘાસની પથારી બનાવી તેમાં સૂઈ રહ્યા.

હવે રાત્રિના બારનો સુમાર થયો, એટલે પટેલના બે દીકરા વાડીએથી ઘરે આવ્યા અને આ ખાટલાઓ પોતાના માટે જ ઢાળી રાખ્યા હશે, એમ માનીને તેમાં સૂઈ ગયા. આખો દિવસ મહેનત-મજૂરી કરેલી હોવાથી થોડી જ વારમાં તેમને નિદ્રા આવી ગઈ અને તેઓ નસકોરાં બોલાવવા લાગ્યા.

નિયત સમયે મારાઓ ત્યાં આવી પહોંચ્યા અને તેમણે ખૂબ સીફતથી પોતાને સોંપાયેલું કામ પતાવી દીધું.

હવે સવાર થતાં પેલા બે મુસાફરો પટેલ આગળ આવ્યા અને રૂપિયા બસો માગવા લાગ્યા. પટેલના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આ બંને જીવતા શી રીતે રહ્યા? તે એને મન મોટો કોયડો થઈ પડયો. પછી તેણે બહાર આવીને જોયું તો પોતાના બે જુવાન દીકરાનાં મસ્તકો ધડથી જુદાં પડયાં હતાં અને ત્યાં લોહીનાં ખાબોચીયાં ભરાયાં હતાં. આ કારમું દૃશ્ય જોતાં જ પટેલ ધ્રૂસકે ને ધ્રૂસકે રોઈ પડયા અને આડોશી-પાડોશી ભેગા થઈ ગયા. 'એકાએક આ શું બન્યું?' એ પ્રશ્ન સહુ પૂછવા લાગ્યા, પણ પટેલ તેનો ઉતર શો આપે? તેણે પેલા બે મુસાફરોને રૂપિયા બસો ગુપચૂપ આપી દીધા અને તેઓ પોતાના રસ્તે પડયા.

પછી તો પટલાણી અને છોકરાની બંને વહૂઓ પણ ત્યાં આવી પહોંચી અને માથાં પછાડવા લાગી. આ રીતે ત્યાં ઘણું ઘણું ધાંધલ થવાથી પોલીસ પણ ત્યાં આવી પહોંચી અને પંચનામું કરી ખૂન અંગે કાગળિયાં કર્યાં. છેવટે પટેલ અને બંને મારાની ધરપકડ થઇ. તેમના પર કામ ચાલ્યું અને તે ત્રણેયને જન્મટીપની સજા ફટકારવામાં આવી.

આ જાણ્યા પછી કોણ કહેશે કે 'કૂડના ડાંડિયા કપાળમાં વાગતા નથી?'

જે માણસો કૂડ-કપટ કે દગો કરે છે, તેની શાખ બગડે છે અને તેથી ઘણું મોટું નુકશાન થાય છે. બંગ-

ભંગની ચળવળ વખતે સ્વદેશી વસ્ત્રના નામે બંગાળની જનતાને એકદમ હલકું કાપડ મોકલી છેતરપીંડી કરનાર અમદાવાદની મીલોએ એટલી શાખ ગુમાવી હતી કે પછીથી ગમે તેટલો સારો માલ પૂરો પાડવા છતાં લોકોને વિશ્વાસ બેસતો ન હતો. પરિણામે તેની આમદાનીમાં મોટો ફટકો પડયો હતો અને ક્રોડોનું નુકશાન થયું હતું.

સારો માલ કહીને સેળભેળ વેચવો એ મોટી છેતરપીંડી છે. તેમાં યે ખાદ્ય પદાર્થોમાં ભળતી વસ્તુઓનો ભેળ કરવાથી વાપરનારને અનેક પ્રકારના રોગો થાય છે અને ઘણું સહન કરવું પડે છે. નાનકડા સ્વાર્થ માટે મનુષ્યો કેટલું ખોટું કામ કરી રહ્યા છે, તેનો તેમને ખ્યાલ આવતો નથી અને કદાચ ખ્યાલ આવવા છતાં તેઓ પોતાની આ પ્રવૃત્તિ ચાલુ રાખતા હોય તો તેમના જેવા દુષ્ટ મનુષ્યો અન્ય કોઈ નથી.

માયાનું સેવન કરનાર મિત્રોની મહોબ્બત ગુમાવે છે, સ્નેહીજનોના સ્નેહથી વંચિત થાય છે અને સમાજમાં પણ પ્રતિષ્ઠા ગુમાવે છે.

ધર્માચરણમાં દંભને સ્થાન નથી. જે મનુષ્યો બાહ્ય આચરણ સારું દેખાડે છે, પણ અંદરથી સ્વાર્થ સાધવાની પૂરી તકેદારી રાખે છે, તેને બગલાભગત જ કહી શકાય.

શ્રી રામચંદ્ર વનવાસ વખતે લક્ષ્મણ અને સીતા સાથે એક સ્થલેથી બીજા સ્થલે જઈ રહ્યા હતા. વચમાં પંપા

નામનું સરોવર આવ્યું. ત્યાં બગલાઓને ચૂપચાપ બેઠેલા તથા ધીમે ધીમે પગ ઉપાડતા જોઈને શ્રીરામચંદ્રે કહ્યું :

**शनैरुद्धरते पादं, जीवानामनुकम्पया ।**
**पश्य लक्ष्मण पम्पायां, बकः परमधार्मिकः ॥**

'હે ભાઈ લક્ષ્મણ! તું આ પંપા સરોવર પર નજર નાખ. અહીં અનેક જાતનાં પક્ષીઓ નજરે પડે છે, પરંતુ તે બધામાં બગલો સહુથી વધારે ધાર્મિક જણાય છે, કારણ કે તે પોતાના પગ નીચે કોઈ જીવ ચગદાઈ ન જાય, તે માટે ધીમે ધીમે પગ ઉપાડે છે.'

આ સાંભળી એક વૃદ્ધ મત્સ્યે કહ્યું :

**पथिका नैव जानन्ति, जानन्ति सहवासिनः ।**
**अनेन दुष्टचित्तेनास्मत्कुलं निष्कुलीकृतम् ॥**

'તમારા જેવા પ્રવાસીઓ એને જાણતા નથી. અમે તેની સાથે રહેનારા જ જાણીએ છીએ કે તે કેવો છે? આ દુષ્ટ ચિત્તવાળા બગલાએ તો ધીમે ધીમે કરતાં અમારું આખું કુલ ઉજાડી નાખ્યું છે. તાત્પર્ય કે એ ધીમેથી પગ ઉપાડે છે, તે જીવ દયાના કારણે નહિ, પણ તેના આગમનની અમને ખબર પડી ન જાય, તેની સાવચેતી તરીકે એમ કરે છે.'

માયાને સરલતાથી જીતી શકાય છે. સૌની સાથે નિષ્કપટપણે વર્તવું, ડોળદંભ રાખવો નહિ, કઠોર વાણીનો

ત્યાગ કરવો અને વક્રતા છોડી દેવી, એ સરલતા છે. કેટલાક મનુષ્યોના સ્વભાવમાં વક્રતા વણાઈ ગઈ હોય છે, તે જલદી છૂટતી નથી.

માર્ગે ચાલ્યા જતા એક માણસે ઓટલા પર બેઠેલા માણસને પૂછ્યું : 'કેમ ભાઈ! બેઠા છો?' પેલાએ કહ્યું : 'ત્યારે શું ઊભા છીએ?' બીજા કોઈએ એક માણસને પૂછ્યું : 'શું આ છોકરાં આપનાં છે?' ઉત્તરમાં પેલાએ કહ્યું : 'મારાં નહિ તો શું તમારાં છે?' એક વેપારીએ એક ઓળખીતા મુસલમાનને કહ્યું : 'તમારો મહેમુદ તો હમણાં બહુ દુબળો પડી ગયો છે.' પેલા મુસલમાને કહ્યું : 'એ સૂકાઈ ને મરી જશે, તેમાં તારા બાપનું શું જાય છે?' આ બધા વક્ર સ્વભાવના નમૂના છે. તેને છોડયા વિના સરલતા આવતી નથી.

ભગવાન મહાવીરે તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે 'સરલ ચિત્તવાળો જ ધર્મ પામી શકે છે.' આ પરથી માયાનું મિથ્યાપણું અને સરલતાનું મહત્ત્વ સમજી શકાશે.

## ૪. લોભ

ધન, વૈભવ, સત્તા, અધિકાર કે રાજ્યાદિ ઐશ્વર્યની તૃષ્ણાને લોભ કહેવામાં આવે છે. તે અંગે શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

**कोहो पीइं पणासेइ, माणो विणयनासणो।**
**माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो॥**

'ક્રોધ પ્રીતિ કે સદ્દભાવનો નાશ કરે છે, માન

વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે, પરંતુ લોભ તો સર્વનો નાશ કરે છે.'

લોભને સર્વનાશક કહેવાનો હેતુ એ છે કે લોભી મનુષ્ય લોભવશાત્ જૂઠું બોલે છે, અણદીઠેલી વસ્તુ ઉપાડી લે છે, એટલે કે ચોરી કરે છે, પરિગ્રહમાં વધારો કર્યા કરે છે અને તે માટે હિંસાનો આશ્રય લેતાં અચકાતો નથી. વળી તે પોતાની ઇચ્છા પૂરી ન થતાં ક્રોધે ભરાય છે, અથવા કંઈક પ્રાપ્તિ થાય તો અભિમાન કરે છે, વિવિધ પ્રકારનાં છલકપટો કરે છે અને તે મિત્રો કે મુરબ્બીઓ સાથે પણ લડી પડે છે.

લોભને થોભ હોતો નથી. તે અંગે થોડાં આગમ-વચન સાંભળી લો :

**कसिणं पि जो इमं लोयं, पडिपुण्णं दलेज्ज इकस्स ।**
**तेणाऽवि से न संतुस्से, इइ दुप्पुरए इमे आया ॥**

'અનેક પ્રકારનાં બહુમૂલ્ય પદાર્થોથી પરિપૂર્ણ આ સમગ્ર વિશ્વ જો એક મનુષ્યને આપવામાં આવે, તો પણ તે સંતુષ્ટ નહિ થાય. અહો ! મનુષ્યની આ તૃષ્ણા ઘણી જ દુષ્કર છે! અર્થાત્ કોઈ રીતે પૂરી શકાય એવી નથી.

**सुवण्ण रुपस्स उ पव्वया भवे,**
**सिया हु केलाससमा असंखया ।**
**नरस्स लुद्धस्स न तेहि किंचि, ॥**
**इच्छा हु आगाससमा अणन्तिया ॥**

'સોના અને ચાંદીના કૈલાસ પર્વત જેવા મોટા અસંખ્ય પર્વતો પાસે હોય તો પણ લોભી મનુષ્યની તૃપ્તિ માટે તે કંઈ પણ નથી; કારણ કે તૃષ્ણા આકાશના જેવી અનંત છે.'

**जहा लाहा तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।**
**दोमासाकणयं कज्जं, कोडीए वि न निट्ठियं ॥**

'જેમ જેમ લાભ થતો જાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે. બે માસા સોનાથી પૂરું કરવા ધારેલું કાર્ય ક્રોડો રૂપિયાથી પણ પૂરું ન થયું.'

કપિલ કેવલીની કથા જાણવાથી આ વાક્યોનો મર્મ બરાબર સમજાશે.

## કપિલ કેવલીની કથા

કૌશાંબી નગરીના રાજપુરોહિત કાશ્યપને કપિલ નામે પુત્ર હતો. તે વિદ્યાધ્યયન નહિ કરવાથી મૂર્ખ રહ્યો. આ કારણથી કાશ્યપ ગુજરી જતાં રાજાએ બીજા કોઈને પુરોહિત બનાવ્યો. એ પુરોહિત એક દિવસ બહુ ઠાઠમાઠથી કપિલના ઘર આગળથી પસાર થયો, એટલે કપિલની માતાને બહુ લાગી આવ્યું. તે જોઈને કપિલે તેને કારણ પૂછ્યું, ત્યારે માતાએ કહ્યું : 'બેટા! જો તું ભણી–ગણીને હોશિયાર થયો હોત તો આજે રાજપુરોહિતની સાહેબી ભોગવતો હોત ને બધા લોકો તને ખમ્મા ખમ્મા કરતા હોત. પણ તું કંઈ ભણ્યો–ગણ્યો નહિ, એટલે તારા બાપનું પદ આજે બીજો ભોગવે છે. અરેરે! આ તો 'ખોદે ભોરીંગ અને ભોગવે ઊંદર' તેના જેવું થયું!'

આ વચનો સાંભળીને કપિલને બહુ લાગી આવ્યું, તેથી થોડી વાટ–ખરચી લઈને શ્રાવસ્તી નગરીએ ગયો અને ત્યાં માધુકરી ( ભિક્ષાવૃત્તિ ) કરીને ઈન્દ્રદત્ત નામના ઉપાધ્યાયની પાઠશાળામાં ભણવા લાગ્યો. એ રીતે કેટલાક કાલ વિદ્યાધ્યયન કરતાં તેની મૂર્ખતા ઘણા અંશે ઓછી થઇ અને તેની ગણના એક હોશિયાર છાત્ર તરીકે થવા લાગી. તે પછી તેના ભોજનની વ્યવસ્થા એક મનોરમા નામની વિધવા બ્રાહ્મણીને ત્યાં કરવામાં આવી. પરંતુ તેનો વિશેષ પરિચય પ્રેમમાં પરિણમ્યો.

એક વાર મનોરમાએ કપિલને ઉદ્દેશીને કહ્યું કે ' નાથ ! અત્યાર સુધી આપણો ગુજારો ગમે તેમ ચાલ્યો, પણ હવે ત્રીજું જણ ઘરમાં આવશે, માટે તેના નિર્વાહનો કોઇ ઉપાય કરો.' આ સાંભળીને કપિલ બાઘા જેવો બની ગયો. શું ધંધો કરવો ? તેની તેને સમજ પડી નહિ. ત્યારે મનોરમાએ કહ્યું : ' નાથ ! મુંઝાવાની જરૂર નથી. આપણા ગામનો રાજા સવારમાં પહેલો આશીર્વાદ આપનાર બ્રાહ્મણને બે માસા સોનું દાનમાં આપે છે, માટે તેને પહેલો આશીર્વાદ આપી આવો અને બે માસા સોનું લઇ આવો. તેનાથી આપણું કામ નભશે. '

બીજા દિવસે કપિલ વહેલો ઊઠચો અને રાજમહેલે પહોંચ્યો, પણ ત્યાં કોઇ બ્રાહ્મણે આશીર્વાદ આપી દીધા હતા. બીજા દિવસે પણ તેમ જ બન્યું. ત્રીજો દિવસ પણ એ રીતે જ પસાર થયો. એ રીતે આઠ દિવસો વ્યતીત

થયા, એટલે નવમા દિવસે તે ખૂબ જ વહેલો ઊઠયો અને રાજમહેલે પહેલો પહોંચી જવા માટે દોડવા લાગ્યો.

કપિલને આ રીતે દોડતો જોઈ ને પહેરેગીરોએ પકડી લીધો અને કોટડીમાં પૂર્યો. પછી પ્રાતઃકાલ થતાં તેને રાજા આગળ રજૂ કરવામાં આવ્યો, ત્યારે ભયનો માર્યો તે ધ્રૂજવા લાગ્યો. આ જોઈને રાજા સમજી ગયો કે આ કોઇ ધંધાદારી ચોર નથી, પણ સામાન્ય રાહદારી લાગે છે. પછી રાજાના પૂછવાથી કપિલે બધી હકીકત જણાવી. તે સાંભળીને રાજાએ કહ્યું કે 'મને આશીર્વાદ આપવા માટે તેં જે મુશીબત ઉઠાવી છે, તેની હું કદર કરું છું. તારે જે માગવું હોય તે માગી લે.'

કપિલે કહ્યું : 'મહારાજ ! અત્યારે મારું મન વિહ્વલ છે, તેથી થોડો સમય આપો, તો વિચારીને માગું.'

રાજાએ તે માગણી કબૂલ રાખી, એટલે કપિલ એક બાગમાં ગયો અને ત્યાં બેસીને વિચાર કરવા લાગ્યો: 'શું માગું ? બે માસા સોનાને બદલે પાંચ સોનૈયા માગું ? પણ એટલામાં શું પૂરું થશે ? માટે પચાશ સોનૈયા માગવા દે.' વળી વિચાર આવ્યો: 'પચાશ સોનૈયા કંઈ અધિક કહેવાય નહિ. એટલી રકમ તો ગમે ત્યાં આડીઅવળી વપરાઇ જાય, સો સોનૈયા જ માગવા દે.' વળી વિચાર આવ્યો: 'સો સોનૈયામાં મારું દળદર ફીટશે નહિ, માટે હજાર સોનૈયા જ માગવા દે. અથવા તો રાજાને શી ખોટ છે કે તેની પાસેથી માત્ર હજાર સોનૈયા જ માગું ? શા માટે લાખ, દશ લાખ કે

કરોડ સોનૈયા જ ન માગવા?' આમ કપિલની તૃષ્ણા વધતી જ ગઈ અને આખરે તેણે રાજાનું આખું રાજ્ય માગી લેવાનો નિર્ણય કર્યો. બે માસા સોનાથી શરૂ થયેલી તૃષ્ણા આખા રાજ્યને આંબી ગઇ, પણ તે જ વખતે તેને એક શ્લોક યાદ આવ્યો :

**धनेषु जीवितव्येषु, स्त्रीषु चाहारकर्मसु ।**
**अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यन्ति यान्ति च ॥**

'ધન, જીવિતવ્ય, સ્ત્રી અને આહારને વિષે અતૃપ્તિ અનુભવનાર સર્વ મનુષ્યો (ખાલી હાથે) ગયા, જાય છે અને જશે.'

અને તેની દૃષ્ટિમાં ભારે પરિવર્તન થયું. તે વિચાર કરવા લાગ્યો : 'મારે આખું રાજ્ય શા માટે જોઈએ? શું અર્ધાથી ન ચાલે? પણ અર્ધું યે શા માટે જોઇએ? રાજકારભારમાં શું સુખ છે? એ તો એક પ્રકારનો બોજો છે. ત્યારે ક્રોડ સોનૈયા રોકડા જ માગું? પણ એટલી મોટી રકમને લઇને શું કરીશ? એમાંથી મારા ઉપભોગમાં તો બહુ થોડું ધન જ આવશે! ત્યારે પચાશ લાખ માગું? પચીશ લાખ માગું? કે માત્ર લાખ સોનૈયાથી જ સંતુષ્ટ થાઉં? પણ લાખ સોનૈયા કોને કહે છે? એ પણ ઘણા વધારે ગણાય. ત્યારે શું કરું? પચાશ હજાર માગું? પચીશ હજાર માગું? પાંચ હજાર માગું કે માત્ર હજારથી જ પતાવું? અરે જીવ! તારે હજાર સોનૈયાની પણ શી જરૂર છે? એટલા સોનૈયા

મળશે તો અભ્યાસમાં ચિત્ત ચોંટશે નહિ અને મોજશોખ કરવાનું મન થશે, તેથી સુવાવડના ખર્ચ જેટલા માત્ર પાંચ સોનૈયા જ માગવા દે.' પરંતુ હૃદયે એ વાત પણ કબૂલ રાખી નહિ.

'સામા માણસે છૂટ આપી તો તેનો લાભ લેવાનો વિચાર શા માટે કરવો ? મૂલ બે માસા સોનાની વાત હતી, એટલે તેટલા સોનાથી સંતોષ માનવો એ જ સારું છે.' પરંતુ તે વખતે સત્‌ને તલસી રહેલી આંતરદૃષ્ટિએ એક વિશેષ પ્રશ્ન રજૂ કર્યો : 'કપિલ ! એટલી તૃષ્ણા પણ શા માટે ? શું તું નથી જાણતો કે સર્વ સુખનો સંહાર કરનારી તૃષ્ણા જ છે કે જેના લીધે તું આટલો દીન-હીન બની ગયો !' અને કપિલે રાજા આગળ જઈને કહ્યું કે, 'હે રાજન્ ! મારી કંઇ પણ માગવાની ઇચ્છા નથી.'

રાજાએ કહ્યું : 'ભૂદેવ ! એમ શા માટે ? હું તમને રાજીખુશીથી એક લાખ સોનામહોરો આપું છું, જે તમે ગ્રહણ કરો અને સુખી થાઓ.'

કપિલે કહ્યું : 'હે રાજન્ ! બે માસા સોનાથી શરૂ થયેલી તૃષ્ણા તારા આખા રાજ્યને આંબી ગઈ. એટલે જેમ લાભ થતો જાય છે, તેમ લોભ વધતો જાય છે. માટે એ લોભથી-એ તૃષ્ણાથી સર્યું ! આ મારો આખરી નિર્ણય છે અને હું તેને જ વળગી રહેવા ઇચ્છું છું.'

સમ્યગ્દૃષ્ટિને પામેલા કપિલને હવે મનોરમાની સૃષ્ટિમાં રસ રહ્યો નહિ. તે સર્વે તૃષ્ણાઓ, સર્વે આશાઓ અને

સર્વે અભિલાષાઓનો ત્યાગ કરીને નિર્ગ્રંથ થયો અને સંયમ તથા તપની અદ્‌ભુત શક્તિ વડે છ માસમાં જ ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલી–કેવલજ્ઞાની બન્યો.

તૃષ્ણાથી અસંતોષ જન્મે છે અને તેને લીધે બીજાં અનેક દુઃખો સહેવાં પડે છે. તે અંગે રાજર્ષિ ભર્તૃહરિએ જે શબ્દો કહ્યા છે, તે મનન કરવા યોગ્ય છે.

उत्खातं निधिशंकया क्षितितलं ध्माता गिरेर्धातवो,
निस्तीर्णः सरितां पतिर्नृपतयो यत्नेन संतोषिताः ।
मन्त्राराधनतत्परेण मनसा नीताः स्मशाने निशाः ।
प्राप्तः काणवराटकोऽपि न मया तृष्णेऽधुना मुञ्च माम्॥१॥

'નિધિની શંકા પડતાં મેં પૃથ્વીનાં પડ ખોદ્યાં. વળી પહાડોમાં જઈને ત્યાં રહેલી ધાતુઓ ગાળી અને અપાર એવો દરિયો પણ તરી ગયો. તેમજ પ્રયત્ન કરી રાજાઓને સંતોષ્યા તથા મંત્રારાધનમાં તત્પર બનીને સ્મશાનમાં રાત્રિઓ ગાળી, છતાં ફૂટી કોડી મળી નહિ. હે તૃષ્ણા! તું મને છોડ.'

भ्रान्तं देशमनेकदुर्गविषमं प्राप्तं न किञ्चित्फलं,
त्यक्त्वा जातिकुलाभिमानमुचितं सेवा कृता निष्फला ।
मुक्तं मान विवर्जितं परगृहेष्वाशंकया काकवत् ,
तृष्णे जृम्भसि पापकर्मनिरते नाद्यापि संतुष्यसि ॥ २ ॥

'વિષમ ભૂમિવાળા અનેક દેશોમાં રખડ્યો, પણ તેનું કંઇ ફલ મળ્યું નહિ. જાતિ તથા કુલનું અભિમાન છોડીને અનુચિત નોકરી કરી, તે પણ નિષ્ફલ ગઈ. માન છોડીને બીજાના

ઘરે કાગડાની પેઠે બીતાં બીતાં ભોજન કર્યું. આવી રીતે પાપ-કર્મમાં મગ્ન બનીને તું ફેલાતી જ ગઇ. છતાં હે તૃષ્ણા! તને સંતોષ ન થયો.'

**खलोल्लापाः सोढाः कथमपि तदाराधनपरै-**
**र्निगृह्यान्तर्बाष्पं हसितमपि शून्येन मनसा ।**
**कृतश्चित्तस्तम्भः प्रतिहतधियामंजलिरपि,**
**त्वमाशे मोघाशे किमपरतो नर्तयसि माम् ॥ ३ ॥**

'દુર્જન પુરુષોની સેવામાં તત્પર રહીને તેમનાં ઘણા ઠપકા સહન કર્યાં. શૂન્ય મને હસીને અંતરની વ્યથાને કાબૂમાં રાખી. તેમજ મનની વૃત્તિઓને થંભાવીને દુષ્ટજનોને હાથ જોડયા. હે આશા! હે જૂઠી આશા! હજી તું મને શા માટે નચાવી રહી છે?'

અતિ લોભ કે તૃષ્ણાનું પરિણામ બૂરું જ આવે છે. તે અંગે એક વાત સાંભળી લો.

## અતિ લોભના પરિણામ પર એક કથા

એક માણસને દશ ઘોડા હતા. તેના પર માલ ભરીને તે બીજે ગામ જતો અને ત્યાં વેચી આવતો. એ રીતે તે પોતાનું ગુજરાન ચલાવતો, પરંતુ તેને ધન મેળવવાની અતિ તૃષ્ણા હતી. 'મને કોઈક ઠેકાણેથી ક્યારે ખજાનો મળી આવે અને હું કયારે ક્રોડપતિ થઇ જાઉં?' એવા વિચારો તેના મનમાં ઘોળાયા કરતા હતા.

એક વાર તે માલ વેચીને પોતાના દશ ખાલી ઘોડા સાથે પાછો આવતો હતો. એવામાં સિદ્ધ ટેકરી નામનું સ્થાન આવ્યું. અહીં કોઈ યોગી કે સિદ્ધ પુરુષ જરૂર હશે, એમ માની તેણે ચારે તરફ નજર ફેરવવા માંડી. ત્યાં તેની નજર સાધુ જેવા મનુષ્ય પર પડી. એટલે તેની પાસે જઈ હાથ જોડી કહેવા લાગ્યો: 'મહારાજ! હું ગરીબ માણસ છું. ધન મેળવવા માટે ઘણાં ફાંફાં માર્યા, પણ આજ સુધી તેમાં મારું કંઇ વળ્યું નથી. જો આપ કૃપા કરીને કોઈ જગાએ ધનનો ખજાનો બતાવો તો મારું કામ થઈ જાય. આપનો ઉપકાર હું જીવનભર નહિ ભૂલું.'

પેલા સાધુ જણાતા માણસે કહ્યું કે 'કદાચ તને ધનનો ખજાનો બતાવવામાં આવે તો પણ તેમાંનું ધન તું તારે ઘરે શી રીતે લઈ જઈશ?' ઘોડાવાળાએ કહ્યું: 'મારી પાસે દશ ઘોડા છે, તે પર લાદવાની વીશ પેટીઓ છે અને તેને બંધ કરવાની બધી સામગ્રી પણ છે, આ રીતે ખજાનાનું ધન લઇ જવા માટે મારી પાસે બધી તૈયારી છે.'

આ સાધુ જેવો દેખાતો માણસ એક માંત્રિક હતો. તેણે કોઈ માંત્રિક પુરુષ પાસેથી ધનભંડાર મેળવવાનો મંત્ર મેળવ્યો હતો અને તેનું સ્થાન પણ જાણ્યું હતું, પરંતુ મંત્ર આપનાર ગુરુએ કહ્યું હતું કે 'એ ધનભંડારમાંથી તારા હાથે કંઈ પણ ઉપાડી શકાશે નહિ. એ કામ તારે બીજા પાસે કરાવવું.' એટલે તે માંત્રિક તેવા માણસની શોધમાં હતો.

માંત્રિકે કહ્યું : 'જો તારી એવી જ ઇચ્છા હોય તો ચાલ મારી સાથે. હું તને ખજાનો બતાવીશ. તેમાંથી તું પેટીઓ ભરી લેજે.'

તે બંને ત્યાંથી આગળ ચાલ્યા અને પહાડની એક કરાડ પાસે આવી પહોંચ્યા. ત્યાં પેલા માંત્રિકે મંત્ર ભણી ગુગળનો ધૂપ કર્યો કે ત્યાં એક મોટો દરવાજો જણાયો અને તેની અંદર મકાન દેખાયું. પછી તે બંને જણ અંદર દાખલ થયા તો ત્યાં હીરા, મોતી, માણેક તથા સોનામહોરોથી ભરપૂર ખજાનો દેખાયો. આ જોઈ ઘોડાવાળો ચકિત થઈ ગયો : 'આ તે સ્વપ્ન છે કે સાચું ?' પરંતુ આખરે તે સાચું હોવાનો નિર્ણય કરી તેણે માંત્રિકના કહેવા મુજબ તેમાંથી વીશ પેટીઓ ભરી લીધી અને તેને સારી રીતે બંધ કરી. આ વખતે માંત્રિકે મકાનના એક ગોખલામાં પડેલી લોઢાની એક ડબ્બી ઉપાડી પોતાની પાસે રાખી. પછી બંને જણ બહાર નીકળ્યા અને માંત્રિકે મંત્ર ભણી ધૂપ કર્યો કે કરાડ જેવી કરાડ દેખાવા લાગી.

પેલી વીશ પેટીઓ ઘોડા પર લાદી તે બંને પાછા ફરી રહ્યા હતા, ત્યારે ઘોડાવાળાને વિચાર આવ્યો કે 'આમાં મહારાજનું ધન કેટલું ? અને મારું કેટલું ? તેનો નિર્ણય હમણાં જ કરી લેવો કે જેથી વાંધો પડે નહિ.' એટલે તેણે પેલા માંત્રિકને કહ્યું કે 'મહારાજ ! આમાં તમારો ભાગ કેટલો અને મારો ભાગ કેટલો ?' માંત્રિકે કહ્યું : 'બંનેનો અર્ધો અર્ધ ભાગ. દશ પેટી મારી ને દશ પેટી તારી.'

ઘોડાવાળો આ દશ પેટીથી ધનાઢ્ય બની જાય એમ હતો, છતાં ધનની અતિ તૃષ્ણાને લીધે તેને વિચાર આવ્યો કે 'આમાંથી મને વધારે ધન મળે તો ઠીક.' એટલે તેણે માંત્રિકને કહ્યું : 'મહારાજ! આપની પાસે વિદ્યા છે, તો આપ ઘણા ખજાના મેળવશો, માટે મને આમાંથી કંઈક વધારે આપો તો સારું.' માંત્રિકે કહ્યું : 'ભલે, તું બે પેટી વધારે લેજે, એટલે કે બાર લેજે.' પરંતુ તેટલાથી આ તૃષ્ણાવંત ઘોડાવાળાને સંતોષ ન થયો; એટલે તે વધારે ધન મેળવવા માટે કાલાવાલા કરવા લાગ્યો, તેથી માંત્રિકે તેને પ્રથમ ચૌદ, પછી સોળ, પછી અઢાર અને છેવટે બધી પેટીઓ આપી દેવાનું જણાવ્યું.

હવે આ જ વખતે તેની નજર માંત્રિક પાસેની ડબ્બી પર ગઈ, એટલે તેણે માંત્રિકને કહ્યું : 'મહારાજ! તમારી આ ડબ્બીમાં જરૂર સિદ્ધાંજન છે, તે મને આપો તો મારી આંખે આંજું.' માંત્રિકે કહ્યું : 'ભાઈ! એમાં સિદ્ધાંજન નથી એમાં તો એવું ઔષધ ભરેલું છે કે જે આંખે લગાડતાં મનુષ્ય આંધળો બની જાય.'

ઘોડાવાળો એમ જાણતો હતો કે સિદ્ધાંજન આંખે લગાડવાથી જમીનમાં કે ગુફામાં છૂપાયેલા ધનના ખજાના જોઈ શકાય છે, એટલે તેણે આ પ્રકારની માગણી કરી હતી પરંતુ માંત્રિકે આ પ્રકારનો જવાબ આપ્યો, એટલે તેને એમ લાગ્યું કે 'મહારાજ! મને એ સિદ્ધાંજનનો ઉપયોગ કરવા દેવા માગતા નથી,' અને તેણે ફરી આગ્રહભરી માગણી

કરી, એટલે માંત્રિકે પેલી લોઢાની ડબ્બી તેના હાથમાં મૂકી. ઘોડાવાળાએ તરત તે ઉઘાડી અને તેમાંનું અંજન હાથની આંગળી પર લીધું. આ વખતે માંત્રિકે તેને ફરી ચેતવણી આપી કે 'આ સાહસ કરવું રહેવા દે. તું જરૂર આંધળો થઈશ.' પણ તૃષ્ણાના વેગવાન પૂરમાં તણાઇ રહેલા ઘોડાવાળાએ તેના પર ધ્યાન ન આપતાં એ અંજન આંખે આંજ્યું ને થોડીવારમાં તે ખરેખર આંધળો થઈ ગયો.

માંત્રિકને લાગ્યું કે આ માણસ ધનને લાયક નથી, એટલે તે પેલા દશ ઘોડા પર લાદેલી ધનની વીશ પેટીઓ લઇને ત્યાંથી વિદાય થઈ ગયો અને પેલો ઘોડાવાળો અથડાતો-કૂટાતો કેટલાક વખતે પોતાના ઘરે પાછો ફર્યો. ધનની અતિ તૃષ્ણાને લીધે તેણે પોતાને પ્રાપ્ત થયેલી અઢળક લક્ષ્મી ગુમાવી, જેના પર પેટગુજારો હતો તે દશ ઘોડા ગુમાવ્યા અને પોતાની રત્ન જેવી બે આંખો પણ ગુમાવી. આ રીતે તેનું સર્વસ્વ નાશ પામ્યું. તાત્પર્ય કે અતિ તૃષ્ણા સર્વનાશ કરનારી છે.

લોભ કે તૃષ્ણાને સંતોષથી જીતી શકાય છે. 'સંતોષ જેવું સુખ નથી.' એ આપણા સર્વ મહાપુરુષોનો અનુભવ છે અને મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં તેની નોંધ લેતાં જણાવ્યું છે કે '**सन्तोषादनुत्तमसुखलाभः**-સંતોષથી સર્વોત્કૃષ્ટ સુખનો લાભ થાય છે.' છેવટે શ્રી તુલસીદાસજીનો એક દુહો યાદ કરી લઈએ :

**તીન ટૂક કોપીન કે, અરૂ ભાજી બીન લોન;**
**સીતારામ હિરદે બસે, ઇંદ્ર બાપુરો કોન ?**

'વસ્ત્રમાં માત્ર લંગોટી જ હોય અને તે પણ ત્રણ ટુકડાવાળી. વળી ખાવામાં માત્ર ભાજી હોય અને તે પણ લૂણ એટલે મીઠા વિનાની. પરંતુ હૃદયમાં સીતારામ વસતા હોય, તો ઇંદ્ર બિચારો તેની આગળ કોણ છે ?' તાત્પર્ય કે જેણે સર્વ તૃષ્ણાનો ત્યાગ કર્યો છે અને પોતાનું મન પ્રભુ-સેવામાં જોડી દીધું છે, તે ઇંદ્ર કરતાં પણ ઘણું વધારે સુખ ભોગવી રહેલ છે.'

આ વિવેચનનો સાર એ છે કે માયા અને લોભને અંતરમાંથી હઠાવો. તેમની હસ્તી આધ્યાત્મિક વિકાસ માટે ઘણી ખતરનાક છે. માયા અને લોભને હઠાવ્યા વિના સમ-ભાવસિદ્ધિ અશક્ય છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–કષાય શબ્દના બીજા અર્થો થાય છે ખરા ?

ઉત્તર–હા. જે રસ તૂરો હોય તેને કષાય કહેવાય છે, જે રંગ લાલ અને પીળા રંગના મિશ્રણરૂપ એટલે કેશરી હોય તેને પણ કષાય કહેવાય છે અને વિવિધ વનસ્પતિઓના બનેલા ઉકાળાને પણ કષાય કહેવાય છે, કારણ કે તેને પીતાં ખરાબ સ્વાદ આવે છે.

પ્રશ્ન-જૈન શાસ્ત્રોમાં કષાયનો બીજો કોઈ અર્થ કર-વામાં આવ્યો છે ?

ઉત્તર-હા. પ્રજ્ઞાપનાસૂત્રના તેરમા પદે કષાયનો અર્થ એમ કરવામાં આવ્યો છે કે ઘણાં પ્રકારનાં સુખ અને દુઃખના ફલને યોગ્ય એવા કર્મક્ષેત્રનું જે કર્ષણ કરે છે, તેને કષાય કહેવાય છે. તાત્પર્ય કે જે ચિત્તવૃત્તિથી ઘણું કર્મબંધન થાય તેને કષાય સમજવો.

પ્રશ્ન-શું કષાય સિવાય બીજી ચિત્તવૃત્તિઓ આત્માના શુદ્ધ સ્વરૂપને મલિન કરે છે ખરી?

ઉત્તર-ના. પરંતુ કેટલીક ચિત્તવૃત્તિઓ એવી છે કે જે કષાયનું ઉદ્દીપન કરે છે અને એ રીતે આત્માના શુદ્ધ સ્વરૂપને મલિન કરવામાં સહાયક બને છે.

પ્રશ્ન-એવી ચિત્તવૃત્તિઓ કેટલી છે?

ઉત્તર-નવ. તે આ પ્રમાણે:

(૧) **હાસ્ય**-જેના ઉદયથી જીવને હસવું આવે છે.

(૨) **રતિ**-જેના ઉદયથી જીવને હર્ષ થાય છે.

(૩) **અરતિ**-જેના ઉદયથી જીવને વિષાદ એટલે ખેદ થાય છે.

(૪) **ભય**-જેના ઉદયથી જીવને ભય લાગે છે.

(૫) **શોક**-જેના ઉદયથી જીવને શોક થાય છે.

(૬) **જુગુપ્સા**-જેના ઉદયથી જીવને ઘૃણા આવે છે.

(૭) **સ્ત્રીવેદ**-જેના ઉદયથી પુરુષને ભોગવવાની ઇચ્છા ઉદ્ભવે છે.

(૮) **પુરુષવેદ**–જેના ઉદયથી સ્ત્રીને ભોગવવાની ઇચ્છા થાય છે.

(૯) **નપુંસકવેદ**–જેના ઉદયથી પુરુષ તથા સ્ત્રી બંનેને ભોગવવાની ઇચ્છા થાય છે.

આ નવ ચિત્તવૃત્તિઓને 'નોકષાય'ની સંજ્ઞા આપવામાં આવી છે.

પ્રશ્ન–કોઇ મનુષ્ય દેવ–ગુરુ–ધર્મની નિંદા કરતો હોય, તેના તરફ ક્રોધ આવે તો?

ઉત્તર–તે વ્યવહારિક દૃષ્ટિએ ઠીક ગણાય, પણ તાત્ત્વિક દૃષ્ટિએ ઠીક ગણાય નહિ. એવા મનુષ્ય પર ક્રોધ ન કરતાં તેની દયા ચિંતવવી જોઈએ.

પ્રશ્ન–પિતા કે માતા પોતાના પુત્ર–પુત્રીઓને સુધારવા માટે ક્રોધ કરે તો શું તેમની દુર્ગતિ થાય?

ઉત્તર–પિતા કે માતા પોતાના પુત્ર–પુત્રીઓને સુધારવા માટે ક્રોધ કરે છે, તેમાં હેતુ સારો હોવાથી દુર્ગતિ ન થાય, પણ કર્મબંધન તો થાય જ. તેથી ઇચ્છનીય એ છે કે પોતાના પુત્ર–પુત્રીઓને સુધારવા માટે ક્રોધ ન કરતાં સ્નેહ અને સદ્‌ભાવનો ઉપયોગ કરવો.

પ્રશ્ન–ધર્મનું અભિમાન કરાય કે નહિ?

ઉત્તર–ધર્મ પ્રત્યે ઉત્કટ આદર રાખવો, પણ તેનું અભિમાન કરવું નહિ. એ અભિમાન પણ છેવટે પતન તરફ દોરી જાય છે.

પ્રશ્ન-ધર્મની માયા લાગે તો ?

ઉત્તર-અહીં માયાનો અર્થ પ્રેમ છે, એટલે તેમાં કંઈ ખોટું નથી. ધર્મ પ્રત્યે પ્રેમ જરૂર રાખવો જોઈએ; પરંતુ ધર્મ નિમિત્તે માયા એટલે કૂડ-કપટનું સેવન કરવું યોગ્ય નથી.

પ્રશ્ન-આ જગતમાં કોઇ વસ્તુનો લોભ કરવા જેવો ખરો ?

ઉત્તર-હા. આ જગતમાં બે વસ્તુનો લોભ કરવા જેવો છે: એક વિદ્યાનો અને બીજો ધર્મનો. તાત્પર્ય કે વિદ્યા જેટલી બને તેટલી વધારે મેળવવી જોઈએ અને ધર્મ પણ બને તેટલો વધારે કરવો જોઇએ. જે મનુષ્ય થોડી વિદ્યાથી અને થોડા ધર્મથી સંતુષ્ટ થાય છે, તે આગળ વધી શકતો નથી.

પ્રશ્ન-ચાર કષાયોને જીતવાથી રાગદ્વેષ સંપૂર્ણ જીતાઈ જાય ખરા ?

ઉત્તર-હા. ચાર કષાયોને પૂરેપૂરા જીતવાથી રાગદ્વેષ પૂરેપૂરા જીતાઇ જાય છે, તેથી જ શાસ્ત્રોમાં કેટલાક સ્થળે કહેવાયું છે કે ' कषायमुक्तिः किल मुक्तिरेव-કષાયમાંથી મુક્તિ એ જ સાચી મુક્તિ છે. '

પ્રશ્ન-ક્રોધનો ત્યાગ કરવાથી શો લાભ થાય છે ?

ઉત્તર-ક્રોધનો ત્યાગ કરવાથી ક્ષમાની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન-માનનો ત્યાગ કરવાથી શો લાભ થાય છે ?

ઉત્તર-માન કે અભિમાનનો ત્યાગ કરવાથી મૃદુતા કે નમ્રતાનો લાભ થાય છે.

પ્રશ્ન–માયાનો ત્યાગ કરવાથી શો લાભ થાય છે?

ઉત્તર–માયાનો ત્યાગ કરવાથી સરલતા કે નિખાલસતાની પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન–લોભનો ત્યાય કરવાથી શો લાભ થાય છે?

ઉત્તર–લોભનો ત્યાગ કરવાથી સંતોષનો લાભ થાય છે.

ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષથી મનુષ્યના જીવનનું ઉત્તમ પ્રકારે ઘડતર થાય છે અને આધ્યાત્મિક વિકાસમાં ઘણું આગળ વધી શકાય છે. ચાર કષાયના ત્યાગનું આ મોટામાં મોટું ફલ છે, તેથી સુજ્ઞજનોએ તેમને છોડવા –હઠાવવા માટે તત્પર થવું જોઈએ.

[ ૧૭ ]

# દૃષ્ટિ આત્મા ભણી રાખો

અધ્યાત્મના રંગમાંથી ભાવના જાગે છે, એ ભાવના-ઓનું સેવન કરતાં ધ્યાનની ક્ષમતા આવે છે અને ધ્યાનનો વ્યવસ્થિત અભ્યાસ કરતાં સમત્વ કે સમભાવની સિદ્ધિ થાય છે, એટલે પ્રથમ લક્ષ્ય અધ્યાત્મ તરફ આપવાનું છે. 'મન જીતવાની કલા' થી માંડીને 'માયા અને લોભને હઠાવો' સુધીનાં છ પ્રકરણોમાં જે કંઈ વિવેચન કરવામાં આવ્યું છે, તે અધ્યાત્મનો રંગ ચડાવવા માટે જ કરવામાં આવ્યું છે. હજી તે અંગે એક મહત્ત્વપૂર્ણ વસ્તુ કહેવાની છે, તે પ્રસ્તુત પ્રકરણ દ્વારા કહીશું.

આપણે '**સ્વ**' અને '**પર**' નો સ્પષ્ટ ભેદ જાણીએ નહિ અને તેને જીવનમાં ઉતારીએ નહિ, ત્યાં સુધી અધ્યાત્મનો પાકો રંગ ચડતો નથી. કાચો રંગ ચડ્યા પછી ઉપટી જાય છે, ઊતરી જાય છે કે ધોવાઈ જાય છે, જ્યારે પાકો રંગ ચડ્યો તે ચડ્યો. તે ચડ્યા પછી ઉતરતો નથી, તેથી આત્માને અધ્યાત્મનો પાકો રંગ ચડાવવાની જરૂર છે. અનંત ભવયાત્રામાં

આપણા આત્માને અધ્યાત્મનો રંગ અનેક વાર ચડયો છે, પણ તે પાકો નહિ હોવાથી ઊતરી ગયો છે અને તેના વડે જે કાર્યસિદ્ધિ કરવી હતી, ભવનિસ્તાર કરવો હતો, તે થઈ શકયો નથી. આ હકીકત ખ્યાલમાં રાખીને આ ભવમાં આત્માને અધ્યાત્મનો પાકો રંગ ચડાવીએ, જેથી સામાયિકની સાધના-પૂર્વક ભવનો નિસ્તાર કરી શકીએ. 'સ્વ' એટલે 'હું' એ વાત તો સહુ કોઈ જાણે છે, પણ 'હું' એટલે કોણ? એ વાત ઘણા જાણતા નથી. તેઓ શરીર એટલે દેહને હું ગણે છે અને એ રીતે દેહાધ્યાસના ભોગ બને છે. જ્યાં દેહને હું માન્યો, એટલે તેના તરફ મમત્વ જાગે એ સ્વાભાવિક છે અને જ્યાં મમત્વ જાગ્યું ત્યાં તેને પાળવાની, પોષવાની, લાડ લડાવવાની તથા અનેક પ્રકારનું સુખ આપવાની ભાવના જાગે. એ પણ સ્વાભાવિક છે. આ સંયોગોમાં શારીરિક સુખને લક્ષ્યમાં રાખીને સર્વ પ્રવૃત્તિઓ થાય, એમાં આશ્ચર્ય શું? તાત્પર્ય કે બનાવટી 'હું' ખડો થતાં સાચો 'હું' બાજુએ રહી જાય છે અને તેના હિત કે કલ્યાણની કંઈ ખેવના કરવામાં આવતી નથી. દિવસ અને રાત્રિના મળી ચોવીશ કલાક, તેમાં શરીરના લાલન-પાલન અને અમન-ચમન માટે કેટલાં? અને આત્માના હિત કે કલ્યાણ માટે કેટલાં? કેટલાકને તો એનો જવાબ ૨૪ અને ૦ માં આપવો પડે એમ છે, કેટલાકને એનો જવાબ ૨૩½ અને ½ માં આપવો પડે એમ છે, તો કેટલાકને એનો જવાબ ૨૩-૨૨ અને ૧-૨ માં આપવો પડે એમ છે. આ આંકડાઓ સ્પષ્ટપણે એમ બતાવે છે કે આપણને શરીરના લાલન-

પાલન અને અમન-ચમનની પડી છે, આત્માના હિત કે કલ્યાણની કંઇ જ પડી નથી.

આપણે આત્માને 'હું' માનવો જોઈતો હતો, તે કેમ ન માન્યો? તેનો ખુલાસો બકરીઆ સિંહના દૃષ્ટાંતથી કરીશું.

## બકરીઆ સિંહનું દૃષ્ટાંત

એક ભરવાડ વનમાં બકરાં ચરાવતો હતો, ત્યાં તરતનું જન્મેલું એક સિંહનું બચ્ચું તેના જોવામાં આવ્યું. તે એને ઘરે લઈ આવ્યો અને બકરાંનું દૂધ પાઈને મોટું કર્યું. અનુક્રમે તે મોટો સિંહ થયો. તે સિંહ બકરાના વાડામાં રહેતો હતો અને જ્યારે બકરાં ચરવા જાય, ત્યારે તેમની સાથે ચરવા જતો હતો. ત્યાં તે બકરાંની સાથે જ હરતો-ફરતો, બકરાંની સાથે જ ઊઠતો-બેસતો અને બકરાંની સાથે જ ખાતો-પીતો. આમ ઘણો વખત બકરાંની સોબતમાં રહેવાથી તે સિંહ પોતાને બકરો જ માનતો હતો અને પોતાનો સર્વ જીવન-વ્યવહાર તે મુજબ જ ચલાવતો હતો.

એક દિવસ આ બકરીઓ સિંહ અન્ય બકરાંઓ સાથે ચરવા ગયો, ત્યાં વનનો બીજો સિંહ આવી ચડયો અને તેણે પોતાના સ્વભાવ મુજબ ગર્જના કરી. આથી બધાં બકરાં નાસવા લાગ્યા અને તેમની સાથે બકરીઓ સિંહ પણ નાસવા લાગ્યો. એ જોઈ વનના સિંહે કહ્યું: 'અરે ભાઇ! મારી ગર્જનાથી બકરાં તો નાસી જાય, પણ તું કેમ નાસે છે? તું તો મારા જેવો જ સિંહ છે!'

બકરીઆ સિંહે કહ્યું: 'તારું કહેવું મિથ્યા છે. હું સિંહ નથી, પણ બકરો છું અને તારું ખાજ હોવાથી તારાથી ભય પામીને નાસી જાઉં છું.'

આ જવાબથી વનનો સિંહ સમજી ગયો કે આ સિંહ ઘણા દિવસ સુધી બકરાંના સંગમાં રહ્યો છે, તેથી પોતાને બકરો માની બેઠો છે, માટે તેનો ભ્રમ ભાંગવા દે. તેણે કહ્યું: 'ભાઈ! મારુ કહેવું મિથ્યા છે કે સાચું છે તેની ખાતરી કર. કયાં બકરાંનું શરીર અને કયાં તારુ શરીર? બકરાં કરતાં તું કેટલો બધો મોટો છે? કદાચ તું એમ સમજતો હોઇશ કે મારુ શરીર બહુ મોટું છે, તેથી હું મોટો બકરો છું, પણ એ હકીકત સાચી નથી. તારુ મોઢું મારા મોઢા જેવું ગોળ છે, પણ બકરાંના મોઢા જેવું લાંબુ નથી. તારી કેડ મારી કેડ જેવી પાતળી છે, પણ બકરાંની કેડ જેવી જાડી નથી. વળી તારા પગે મારા જેવા નહોર છે, પણ બકરાંની માફક ખરીઓ નથી. તારુ પૂંછડું મારા પૂંછડાની જેમ લાંબુ છે, પણ બકરાંની પૂંછડીની જેમ તદ્દન ટૂંકું નથી. અને તારી ગરદન પર સુંદર કેશવાળી ઉગેલી છે. શું આવી સુંદર કેશવાળી બીજાં કોઈ બકરાંની ગરદન પર ઉગેલી છે ખરી? વળી બકરામાં અને તારામાં મોટો તફાવત તો એ છે કે દરેક બકરાંના માથા પર બબ્બે શીંગડા ઊગેલાં છે, જ્યારે તારા માથા પર એક પણ શીંગડું ઊગેલું નથી કે જે પ્રમાણે મારા માથા પર ઊગેલું નથી, માટે તારા ભ્રમને દૂર કર અને તું મારા જેવો જ સિંહ છે, એમ સમજી લે.'

આ શબ્દો સાંભળતાં જ બકરીઆ સિંહનો ભ્રમ ભાંગી ગયો અને તે પોતાને સિંહસ્વરૂપે જોવા લાગ્યો. પછી તે પેલા સિંહની સાથે વનમાં ગયો અને ત્યાં સિંહનું જીવન જીવી સુખી થયો.

તાત્પર્ય કે આપણે દીર્ઘકાલના મોહજન્ય સંસ્કારોથી આપણું મૂલ સ્વરૂપ જે આત્મા, તેને ભૂલી ગયા અને પરસ્વરૂપ દેહને જ હું માનવા લાગ્યા.

આ ભવમાં તો આપણને સંપ્રધારણ સંજ્ઞાવાળું સમર્થ મન પ્રાપ્ત થયું છે અને તેના વડે દરેક વસ્તુનો ઊંડાણથી વિચાર કરી શકીએ એમ છીએ, તો અહીં એ વિચારવું ઘટે કે—

(૧) આત્મા સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દથી રહિત એવો ચૈતન્યદેવ છે, જ્યારે દેહ તો લોહી, માંસ, ચરબી, હાડકાં અને ચામડીરૂપ પુદ્ગલની બનાવટ છે, તો તે 'હું' કેમ હોઈ શકે?

(૨) આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અસ્ત્રોથી ભેદાતો નથી, રોગોથી ઘેરાતો નથી કે કદી વિકૃતિ પામતો નથી, જ્યારે દેહ તો શસ્ત્રોથી છેદાય છે, અસ્ત્રોથી ભેદાય છે, રોગોથી ઘેરાય છે અને ગમે ત્યારે વિકૃતિ પામે છે, તો તે 'હું' કેમ હોઈ શકે?'

(૩) આત્મા કદી જન્મેલો નથી, એટલે અજર છે, કદી વૃદ્ધ થતો નથી, એટલે અજર છે અને કદી મરણ પામતો નથી, એટલે અમર છે, જ્યારે દેહ તો જન્મેલો છે,

વૃદ્ધાવસ્થાને પામનારો છે અને મરણ આવ્યે તેને આધીન થનારો છે, તો તે 'હું' કેમ હોઇ શકે?

(૪) આત્મા પવિત્ર છે, શુદ્ધ છે, જ્યારે દેહ તો અપવિત્રતાથી ભરેલો છે, અશુચિનું ધામ છે અને તેના દશે દરવાજેથી લીંટ, લાળ, પરસેવો વગેરે ગંદકીનો પ્રવાહ નિરંતર વહ્યા કરે છે, તો તે 'હું' કેમ હોઈ શકે?

(૫) આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત શક્તિવાળો છે, જ્યારે શરીર તો કંઈ પણ જાણી શકતું નથી, જોઇ શકતું નથી, કરી શકતું નથી કે કોઇ જાતની શક્તિ ધરાવતું નથી, તો તે 'હું' કેમ હોઈ શકે? +

તાત્પર્ય કે આત્માનું સ્વરૂપ જુદું છે અને દેહનું સ્વરૂપ પણ જુદું છે, એટલે દેહને હું–આત્મા–સ્વ માની લેવાની ભૂલ કરવી ન જોઇએ. દેહનું સ્વરૂપ આત્માથી ભિન્ન છે, એટલે તેને 'પર' સમજવો જોઇએ. તે જ રીતે જે વસ્તુઓ પૌદ્ગલિક છે, પુદ્ગલનિર્મિત છે, તેને પણ 'પર' સમજવી જોઇએ.

---

+ શરીરમાં જે કંઈ કર્તૃત્વ અને શકિત દેખાય છે, તે આત્માને આભારી છે. તે પોતે જડ હોઈ કંઈ કરી શકતું નથી. જો તે જાતે કરી શકતું હોય તો મડદું તે બધું કરી શકે, કારણ કે તે શરીરરૂપ છે, પણ તે કંઈ પણ કરી શકતું નથી, એટલે કર્તૃત્વ અને શકિત આત્માનાં જ માનવા ઘટે.

'સ્વ' અને 'પર'ના ભેદ સમજાય એ પૂરતું નથી. એ ભેદ બરાબર સમજાવો જોઇએ અને તે આપણા અંતરમાં ઊંડો ઊતરી જવો જોઇએ, અન્યથા આપણી સ્થિતિ પેલા બ્રહ્મવાદી પંડિત જેવી થવા સંભવ છે.

## બ્રહ્મવાદી પંડિતનું દૃષ્ટાંત

એક પંડિત બ્રહ્મવાદી હતા. તેઓ રોજ વ્યાખ્યાન આપતા અને તેમાં 'ब्रह्म सत्यं जगत् मिथ्या' એ સૂત્ર પર જુદી જુદી રીતે વિવેચન કરતા. તેઓ શ્રોતાઓને કહેતા: 'આપણે બધાં બ્રહ્મસ્વરૂપ છીએ અને તે જ સત્ય છે. આપણી આસપાસ જે જગત્ દેખાય છે, તે માયાસ્વરૂપ હોઈ મિથ્યા છે.' હવે એક વખત તેઓ વ્યાખ્યાનમાંથી ઊઠીને સભાગારના દરવાજા નજીક આવ્યા અને કેટલાક શ્રોતાઓની સાથે વાતચીત કરવા ઊભા રહ્યા, ત્યાં એક ટીખળી શ્રોતાએ તેમનું મસ્તક પકડીને સભાગારના દરવાજા સાથે જોરથી ભટકાડયું અને તેઓ ચીસ પાડી ઊઠયા: 'ઓય બાપ! મરી ગયો!'

પેલા ટીખળી શ્રોતાએ ધીમેથી કહ્યું: 'પંડિતજી! તમે તો બ્રહ્મસ્વરૂપ છો અને અજર-અમર છો, પછી મરો શી રીતે? વળી આ લાકડાનો દરવાજો તો માયાસ્વરૂપ હોઈ મિથ્યા છે, તમારું શરીર પણ માયાસ્વરૂપ હોઈ મિથ્યા છે અને તેમાંથી જે લોહી નીકળી રહ્યું છે, તે પણ માયા-સ્વરૂપ હોઇ મિથ્યા છે! તમે તેની ચિંતા શા માટે કરો

છો ?' પંડિતજીને દર્દ તો ઘણું થતું હતું, પણ આ વચનો સાંભળીને તેઓ કંઈ પણ બોલ્યા વિના પોતાના રસ્તે પડયા.

તાત્પર્ય કે પંડિતજી બ્રહ્મની જે વાતો કરતા હતા, તે બુદ્ધિથી કરતા હતા, લોકોને સમજાવવા માટે કરતા હતા, પણ તેમની પોતાની દૃષ્ટિ એ પ્રમાણે કેળવાઈ ન હતી કે તેમના વિચારોએ એ પ્રકારની સ્થિરતા પકડી ન હતી. તેથી જ અમે આત્મા અને દેહની ભિન્નતાના જ્ઞાનને અંતરમાં ઉતારવાની વાત કરીએ છીએ.

જાણવું એ જ્ઞાન છે, જીવનમાં ઉતારવું એ ક્રિયા છે. આ જ્ઞાન અને ક્રિયાના સંજોગથી જ મનુષ્ય ઉત્તરોત્તર ઉન્નતિ કરતો પોતાના અંતિમ ધ્યેય મોક્ષ સુધી પહોંચી શકે છે. नाण–किरियाहिं मोक्खो–એ સૂત્રનું રહસ્ય પણ આ જ છે.

કેટલાક આત્મા અને અધ્યાત્મની ડાહી ડાહી વાતો કરે છે, પણ આધ્યાત્મિક વિકાસની કોઇ ક્રિયા કરતા નથી, તેમને આપણે શુષ્ક અધ્યાત્મવાદી સમજવા જોઇએ. આવાઓને જૈન ધર્મે મોક્ષ માટે અયોગ્ય માન્યા છે. કેટલાક આધ્યાત્મિક વિકાસને લગતી ક્રિયાઓ કર્યા કરે છે, પણ આત્માનું સ્વરૂપ વિચારતા નથી કે આધ્યાત્મિક વિચારસરણીને અપનાવતા નથી, તેમને આપણે જડ ક્રિયાવાદી સમજવા જોઇએ. આવાઓને પણ જૈન ધર્મે મોક્ષ માટે અયોગ્ય માન્યા છે. તેથી જ અહીં આત્મા અને દેહની ભિન્નતા સ્પષ્ટપણે સમજવાની અને તેને જીવનમાં ઉતારવાની હાકલ છે.

જ્યાં દેહાધ્યાસ છે, દેહને હું માનવાની પ્રવૃત્તિ છે, ત્યાં 'બહિર્જીવન' કે 'બહિર્મુખતા' છે. આવું જીવન જીવનારને આધ્યાત્મિક પરિભાષામાં 'બહિરાત્મા' કહેવાય છે. તેની સર્વ પ્રવૃત્તિઓ બહિર્લક્ષી હોઈને તે કંઈ પણ આધ્યાત્મિક વિકાસ કરી શકતો નથી. આજે તો લિફ્ટનો જમાનો છે અને શહેરમાં બંધાતાં તોતીંગ મકાનોમાં પ્રાયઃ લિફ્ટ કે લિફ્ટો હોય છે. તેમાં પ્રથમ G અક્ષર હોય છે અને પછી એકથી માંડીને એ મકાનના માળ જેટલા આંકડા હોય છે. આ G નો અર્થ સમજો છો ને ? G એટલે Ground floor અર્થાત્ સહુથી નીચેની ભૂમિ. બહિરાત્માને આ ભૂમિએ ઊભેલો સમજવાનો છે.

જ્યારે દેહાધ્યાસ ટળે અને આત્માને 'હું' માનીને તેના જ હિત કે તેના જ કલ્યાણની ખાતર સઘળી પ્રવૃત્તિઓ કરવામાં આવે, ત્યારે તે 'અંતર્જીવન' કે 'અંતર્મુખતા'ની સ્થિતિ કહેવાય છે અને તેવું જીવન જીવનારને 'અંતરાત્મા' કહેવાય છે. આ અંતરાત્મા આધ્યાત્મિક વિકાસ રૂપી લિફ્ટના આંકડા જે ૪ થી શરૂ થાય છે અને ૧૨ પર્યંત પહોંચે છે, તે શીઘ્રતાથી ચડી જાય છે, એટલે આપણો મુખ્ય પ્રયત્ન બહિરાત્મદશામાંથી અંતરાત્મદશા પ્રત્યે જવાનો હોવો જોઇએ.

એક આંધળા મનુષ્યને નગરની અંદર દાખલ થવું હતું, પણ એ નગરને ફરતો કોટ હતો અને તેને ચાર દરવાજા હતા, એટલે કોઈ પણ દરવાજેથી જ અંદર દાખલ

થઈ શકાય એવું હતું, તેથી તે કોટની દીવાલ હાથને અડાડી તેના આધારે ચાલ્યો જતો હતો, પણ દરવાજો નજીક આવતાં તેના શરીરે ખુજલી આવવા લાગી, એટલે તેણે દીવાલ પરથી હાથ ઉઠાવી લીધો અને તેનો ઉપયોગ ખુજલીવાળા સ્થાનને ખણવા માટે કર્યો. હવે ખુજલી પૂરી થઈ અને તેણે ફરી પાછો પોતાનો હાથ દીવાલને અડાડ્યો, પરંતુ એ વખતે પહેલો દરવાજો પસાર થઈ ગયો હતો. હવે બીજો દરવાજો નજીક આવ્યો, ત્યારે પણ આવી જ ઘટના બની અને ત્રીજા–ચોથા દરવાજા નજીક પણ તેનું જ પુનરાવર્તન થયું, એટલે તે નગરની અંદર દાખલ થઈ શક્યો નહિ.

આપણે બહિરાત્મદશા છોડી અંતરાત્મદશા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યાં કોઈ ને કોઈ સાંસારિક પ્રલોભનરૂપી ખુજલી આવે છે અને આપણું એ કામ અટકી પડે છે. આનો અર્થ એમ સમજવાનો કે હજી આપણને આત્માની લગની જોઈએ તેવી લાગી નથી, એટલે જ સાંસારિક પ્રલોભનો આપણા માર્ગની રૂકાવટ કરી શકે છે. જો એ લગની પૂરેપૂરી લાગી હોય તો કોઈ પણ પ્રલોભન આપણને 'અંતરાત્મા' બનતાં રોકી શકે નહિ.

કેટલાક કહે છે કે 'હાલ તો યુવાન છીએ. સાંસારિક સુખ મણાય તેટલું માણી લેવા દો. જ્યારે ઘરડા થઈશું ત્યારે તો સામાયિક–પડિક્કમણાં કરવાનાં છે જ ને!'

પરંતુ આ વચનો અજ્ઞાનતાથી ભરેલાં છે. પ્રથમ તો સાંસારિક સુખ મણાય તેટલાં માણવાની વૃત્તિ બરાબર નથી, કારણ કે તે ભોગમાર્ગમાં ખેંચી જનારી છે અને તેનો અંજામ બૂરો છે. ભોગમાર્ગે ચડયો, તે જલદી યોગમાર્ગે આવી શકતો નથી કે જે જરૂર અનુસરવા જેવો છે. અંતિમ કલ્યાણ તો તેનાથી જ થવાનું છે.

કાળદેવનું નગારું ક્યારે ગડગડશે-તે કોઇ જાણતું નથી! એટલે વૃદ્ધાવસ્થા સુધી પહોંચાશે કે કેમ? એ વિચારવા જેવું છે. આજની રહેણી-કરણી જોતાં તો મોટા ભાગે પચાશ અને સાઠની અંદર ચીઠ્ઠી ફાટી જ જાય છે. છતાં માની લઈએ કે વૃદ્ધાવસ્થા સુધી પહોંચાયું તો એ વખતે શરીર-સ્વાસ્થ્ય કેવું હશે, એ કોણ કહી શકે? આધુનિક યુગમાં તો ચાલીશ કે પીસ્તાલીશ વર્ષ વટાવ્યાં કે શરીરને ઘસારો લાગવા માંડે છે અને રક્તચાપ (બ્લડપ્રેશર), મીઠી પેશાબ (ડાયાબીટીસ), હૃદયરોગ (હાર્ટડીસીઝ) જેવા ખતરનાક રોગો લાગુ પડી જાય છે. તે આપણને ઘેરી નહિ લે એની કોઇ ખાતરી ખરી? શું એ વખતે આપણાં બધાં અંગો બરાબર કામ આપતાં હશે ખરાં? શું એ વખતે આપણી માનસિક સ્ફૂર્તિ બરાબર હશે ખરી? શું એ વખતે આપણે ધાર્યાં સામાયિક-પડિક્કમણાં કરી શકીશું ખરા? જે સમય-સંયોગની આપણને કોઇ સ્પષ્ટ કલ્પના નથી, તેના પર આપણા જીવનના મહત્ત્વપૂર્ણ કર્તવ્યોને મુલતવી રાખવાં, એમાં કયા પ્રકારનું ડહાપણ છે? આવાં વચનો ઉચ્ચારતાં

ઉચ્ચારતાં જ મોઢાની ડાકલી ફાટી રહી તો શું કરશો? વિચારો, બંધુઓ વિચારો! વિચારો, મિત્રો વિચારો! કદી પાંચ-પંદર માણસો આવા શબ્દો ઉચ્ચારતા હોય, તેથી તમારે પણ ઉચ્ચારવાં, એ તો આંધળું અનુકરણ છે અને તેનું પરિણામ કદી પણ સારું આવી શકે જ નહિ.

કેટલાક કહે છે કે 'અમે ગૃહસ્થાવસ્થામાં છીએ તો ગૃહસ્થ તરીકેની ફરજ બજાવવી કે નહિ? જો અમે આત્મા અને અધ્યાત્મની વાતોમાં અટવાઈ જઈએ તો એ ફરજો ચૂકી જઈએ અને અમારું ગૃહસ્થજીવન બગડે. એટલે અમે તો ન રહીએ ઘરના અને ન રહીએ ઘાટના, એવી સ્થિતિમાં આવી પડીએ. તેથી આ બાબતમાં અમારું દિલ વધતું નથી.'

આ કથન અમે બરાબર સાંભળી લીધું છે. હવે તેનો ઉત્તર સાંભળો. 'દરેક ગૃહસ્થે પોતાની ફરજ બરાબર સમજી લેવી જોઈએ. આ ફરજોમાં કૌટુંબિક અને સામાજિક ફરજો ઉપરાંત ધાર્મિક અને રાષ્ટ્રીય ફરજોનો પણ સમાવેશ થાય છે. જે મનુષ્ય માત્ર પોતાના કુટુંબ સામે જ દૃષ્ટિ રાખે છે અને સામાજિક, ધાર્મિક કે રાષ્ટ્રીય ફરજો તરફ ઉપેક્ષા સેવે છે, તેને ઘણું શોષવું પડે છે. અન્ય શબ્દોમાં કહીએ તો આ સ્થિતિમાં તે આગળ વધવાને બદલે પાછો પડે છે. કદાચ તે સામાજિક અને રાષ્ટ્રીય ફરજો બજાવે, પણ ધાર્મિક ફરજો ન બજાવે તો પણ તેની હાલત બૂરી થાય છે, કારણ

કે કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ સાંસારિક છે અને તે એક યા બીજા પ્રકારે સંસારની વૃદ્ધિ કરનારી છે, જયારે ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિ આપણા જીવનને સંસ્કાર-સમૃદ્ધ બનાવીને, આપણામાં રહેલા માનસિક-વાચિક -કાયિક દોષો દૂર કરીને તથા આપણી ભીતરમાં છૂપાયેલી અનેકવિધ શક્તિઓ પ્રકટ કરીને આખરે મુક્તિ, મોક્ષ કે નિર્વાણને અપાવનારી છે. એટલે આત્મા કે અધ્યાત્મની વાતોને નકામી કે ફિઝુલ સમજવાની નથી. એ વાતો ઘણી અગત્યની છે અને જેણે પોતાનું ભાવી સુધારવું છે, તેણે અવશ્ય અપનાવી લેવા જેવી છે.

અમે તો એમ કહીએ છીએ કે તમે હાલ વિશેષ ન કરી શકો તો તમારી **દૃષ્ટિ આત્મા ભણી રાખો** અને તમારી ફરજો બજાવ્યે જાઓ. એથી પણ પરિસ્થિતિમાં ઘણો ફેર પડી જશે. તે આખરે તમને અધ્યાત્મનો રંગ ચડાવશે અને તે એવો પાકો ચડાવશે કે જેમાંથી તમારી પીછેહઠ કદી પણ થશે નહિ.

આધ્યાત્મિક વિકાસ પૂર્ણતાએ પહોંચે, એટલે પરમાત્મદશાની પ્રાપ્તિ થાય છે. જે પરમાત્મદશાની પ્રાપ્તિ કરે, તે 'પરમાત્મા' કહેવાય છે. અન્ય લોકોએ માનેલા ઇશ્વર કે પરમેશ્વર જેવી જ આ સ્થિતિ છે. તેમાંથી વધારે ઊંચી સ્થિતિ કે અવસ્થા આ વિશ્વમાં હૈયાતી ધરાવતી નથી, એટલે આ સ્થિતિ છેવટની છે અને તે કાયમ રહેનારી છે, એમ સમજવાનું છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–આત્મા નજરે દેખી શકાય ખરો ?

ઉત્તર–ના, કારણ કે તે અરૂપી છે. જેને કોઈ પણ પ્રકારનું રૂપ ( form ) ન હોય, તે અરૂપી કહેવાય.

પ્રશ્ન–તો પછી 'દૃષ્ટિ આત્મા ભણી રાખો,' એમ કહેવાનો અર્થ શો ?

ઉત્તર–અહીં દૃષ્ટિનો અર્થ લક્ષ છે. આત્મા ભણી દૃષ્ટિ રાખો, એટલે આત્મા તરફ લક્ષ આપો, તમારા આત્માનો વિચાર કરતા રહો.

પ્રશ્ન–આત્માનો વિચાર કરવાથી લાભ શો ?

ઉત્તર–આત્માનો વિચાર કરવાથી આત્માનું સાચું સ્વરૂપ સમજાય છે, તેના ગુણોનો બોધ થાય છે અને તેનો વિકાસ કરવાનો ઉત્સાહ જાગે છે. એ ઉત્સાહમાંથી આત્મવિકાસની પ્રવૃત્તિ થાય છે અને તે મોક્ષ કે પરમપદ સુધી લઈ જાય છે.

પ્રશ્ન–શું આત્માનો વિચાર કરનાર બધાને આ પ્રકારના લાભો થતા હશે ?

ઉત્તર–આત્માનો વિચાર કરવાથી જે લાભો થવાનો સંભવ છે, તેની અહીં રૂપરેખા આપી છે. જો આ ક્રમે વ્યવસ્થિતપણે આગળ વધવામાં આવે તો એ બધા લાભો જરૂર થાય, પણ વ્યવસ્થિતપણે આગળ વધવાનું કામ ધારવા

જેટલું સહેલું નથી. તેમાં અનેક પ્રકારનાં વિઘ્નો કે અંતરાયો આવે છે અને તેને ધૈર્ય રાખી ઓળંગવા પડે છે. આવા વખતે જો ધૈર્ય ખૂટયું તો પ્રગતિ અટકી જાય છે અને કેટલીક વાર પીછેહઠ પણ થાય છે. આમ છતાં જેઓ આત્મા સંબંધી નિરંતર વિચાર કરતા રહે છે, તે વહેલા કે મોડા ઉપરના લાભો મેળવવા શક્તિમાન થાય છે, એમાં કશી શંકા નથી.

પ્રશ્ન—સંપ્રધારણ સંજ્ઞાનો અર્થ શો?

ઉત્તર—જેના વડે લાભાલાભ, હિતાહિત કે કર્તવ્યાકર્તવ્યની વિચારણા થઈ શકે તેને સંપ્રધારણ સંજ્ઞા કહેવાય.

પ્રશ્ન—શું અન્ય પ્રાણીઓને આવી સંજ્ઞાવાળું મન હોતું નથી?

ઉત્તર—ના. સંપ્રધારણ સંજ્ઞાવાળું મન તો મનુષ્યને જ હોય છે.

પ્રશ્ન—એવી કઈ લિફ્ટ છે કે જેના આંકડા ૪ થી શરૂ થઈને ૧૨ પર્યંત પહોંચે છે?

ઉત્તર—આ વસ્તુ ગુણસ્થાનોની અપેક્ષાએ કહેવાઈ છે. ચોથા ગુણસ્થાનથી અંતરાત્માની અવસ્થા પ્રાપ્ત થાય છે અને તે બારમા ગુણસ્થાન સુધી હોય છે. પહેલું, બીજું અને ત્રીજું ગુણસ્થાન બહિરાત્માનું છે. તેરમું અને ચૌદમું ગુણસ્થાન પરમાત્માનું છે. આ રીતે કુલ ચૌદ ગુણસ્થાનોમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનો સમાવેશ થાય છે.

પ્રશ્ન-ગુણસ્થાનોની યોજના કોણે કરેલી છે?

ઉત્તર-ગુણસ્થાનોની યોજના જૈન મહર્ષિઓએ કરેલી છે.

પ્રશ્ન-એ યોજના શા માટે કરવામાં આવી છે?

ઉત્તર-મુમુક્ષુઓને આધ્યાત્મિક વિકાસનો ક્રમ સમજાય તે માટે કરવામાં આવી છે. જૈન તત્ત્વજ્ઞાનનો એ મહત્ત્વનો ભાગ છે.

પ્રશ્ન-બહિરાત્મદશામાંથી અંતરાત્મદશા પ્રાપ્ત કરવાના સિદ્ધ ઉપાયો શું?

ઉત્તર-'હું કોણ?' એ પ્રશ્નની સતત વિચારણા, સ્વાધ્યાય અને સત્સંગ એ તેના સિદ્ધ ઉપાયો છે.

પ્રશ્ન-'कोऽहं' (હું કોણ?) નો મંત્ર તરીકે જપ કરી શકાય ખરો?

ઉત્તર-આપણે ત્યાં कोऽहं'નો મંત્ર તરીકે જપ કરવાની પદ્ધતિ નથી; પણ અન્યત્ર એવી પદ્ધતિ જોવામાં આવે છે. તેમનું કહેવું એમ છે કે આ મંત્રનો સતત જપ કરતાં આત્માનું સ્વરૂપ સમજાવા લાગે છે અને છેવટ આત્મદર્શન થાય છે. વિશેષ તો પ્રયોગ કરવાથી જાણી શકાય.

પ્રશ્ન-સ્વાધ્યાથી શું સમજવાનું?

ઉત્તર-અહીં સ્વાધ્યાયથી મોક્ષમાર્ગનું નિરૂપણ કરનારા શાસ્ત્ર કે સાહિત્યનું અધ્યયન સમજવું.

પ્રશ્ન-અને સત્સંગથી?

ઉત્તર—અહીં સત્સંગથી ત્યાગી–વિરાગી મુનિવરો તથા અધ્યાત્મ–પ્રેમીઓનો સંગ સમજવો.

પ્રશ્ન—બહિરાત્મદશામાંથી સીધી પરમાત્મદશા પ્રાપ્ત કરવી હોય તો ?

ઉત્તર—જે કાર્ય જે ક્રમે સિદ્ધ થતું હોય, તે જ ક્રમે સિદ્ધ થાય. ગોટલી વાવીને સીધી કેરી મેળવવાની આશા રાખતા હોઈએ તો એ આશા ફળે નહિ. ગોટલીમાંથી અંકુર ફૂટે, તેમાંથી થડ બંધાય, તેમાંથી ડાળી–પાંખળાં ફૂટે, તેને પાંદડાં આવે, પછી મોર આવે અને છેવટે કેરી પાકે. તે જ રીતે બહિરાત્મદશામાંથી અંતરાત્મદશા પ્રાપ્ત થાય અને અંતરાત્મદશામાંથી પરમાત્મદશા પ્રાપ્ત થાય, પણ સીધી પ્રાપ્ત થાય નહિ.

પ્રશ્ન—ઈલાચીકુમાર નટ તરીકે દોરડા પર નાચી રહ્યો હતો, એટલે કે તે બહિરાત્મદશામાં હતો, છતાં તેને ત્યાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, એટલે કે પરમાત્મદશા પ્રાપ્ત થઈ, તેનું કેમ ?

ઉત્તર—ઈલાચીકુમાર બહિરાત્મદશામાં હતો એ સાચી વાત, પણ નટના દોરડા પરથી તેની નજર મુનિરાજ પર પડી કે જેમને એક નવયૌવના સ્રી મોદક વહોરાવી રહી હતી અને તેના વિચારમાં પરિવર્તન થયું. ત્યારથી તેની અંતરાત્મદશા શરૂ થઈ, જે બહુ ઝડપથી પૂર્ણતાએ પહોંચી, એટલે તેને ત્યાં જ કેવલજ્ઞાન થયું. તાત્પર્ય કે તે પણ પ્રથમ

બહિરાત્મદશામાંથી અંતરાત્મદશામાં આવ્યો અને ત્યાર પછી જ પરમાત્મદશાને પામ્યો, એટલે તેમાં પણ નિયત ક્રમ બરાબર જળવાઈ રહ્યો. કોઈ વાર અંતરાત્મદશા ઝડપથી પ્રાપ્ત થાય છે અને તેમાં વિકાસનો અનેરો વેગ આવે છે, એટલે થોડી વારમાં કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે, પણ તેનો અર્થ એ નથી કે બહિરાત્મદશામાંથી પરમાત્મદશાની સીધી પ્રાપ્તિ થાય છે.

આપણે બહિરાત્મદશામાંથી અંતરાત્મદશામાં જવાનો સબલ પ્રયત્ન કરવો જોઈએ.

[ ૧૮ ]

# ભાવનાઓનું સેવન-૧

અધ્યાત્મ અંગે ઘણું વિવેચન થઈ ગયું. હવે ભાવના પર આવીએ, કેમકે અધ્યાત્મ પછી ભાવનાનો અધિકાર આવે છે. જેમ અધ્યાત્મ એ યોગનું પ્રશસ્ત અંગ છે, તેમ ભાવના પણ યોગનું પ્રશસ્ત અંગ છે. આ વસ્તુ માત્ર જૈન યોગવિશારદોએ જ નહિ, અન્ય યોગવિશારદોએ પણ કહી છે, તે પરથી તેનું મહત્ત્વ સમજી શકાશે. પ્રસિદ્ધ જિનાગમ **સૂત્રકૃતાંગસૂત્રમાં** કહ્યું છે કે—

**भावणाजोगसुद्धप्पा, जले नावा व आहिया ।**
**नावा व तीरसम्पन्ना, सव्वदुक्खा तिउट्टई ॥**

'ભાવનારૂપી યોગથી શુદ્ધ થએલા આત્માને જલમાં નૌકા સમાન કહેલો છે. નૌકા જેમ અથાગ જલ પાર કરીને કિનારે પહોંચે છે, તેમ આવો શુદ્ધ આત્મા ભવપરંપરાનો નાશ કરીને સર્વ દુઃખોનો અંત કરે છે.'

તાત્પર્ય કે ભાવના એ યોગનું એક પ્રશસ્ત અંગ છે. તેનું સેવન કરવાથી આત્મા શુદ્ધ થાય છે અને છેવટે સર્વ દુઃખોનો અંત કરી મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. ભાવનાને ભવનાશિની કહેવામાં આવી છે, તેનું કારણ પણ આ જ છે.

**યોગશાસ્ત્રમાં** કહ્યું છે કે 'साम्यं स्यान्निर्ममत्वेन, तत्कृते भावना श्रयेत्'–સમભાવ નિર્મમત્વ વડે થાય છે અને નિર્મમત્વને સિદ્ધ કરવા માટે ભાવનાઓનો આશ્રય કરવો જોઇએ.'

**જ્ઞાનાર્ણવમાં** કહ્યું છે કે—

**चिनु चित्ते भृशं भव्य, भावना भावशुद्धये ।**
**या सिद्धान्तमहातन्त्रे, देवदेवैः प्रतिष्ठिता ॥**

'હે ભવ્ય! તું ભાવોની શુદ્ધિ માટે તારા ચિત્તમાં ભાવનાઓનું બરાબર ચિંતન કર કે જેનાં સિદ્ધાન્તગ્રંથોમાં શ્રી જિનેશ્વરદેવોએ ઘણાં વખાણ કરેલાં છે.'

**તત્ત્વાર્થાધિગમસૂત્રમાં** ભાવનાને સ્થાને અનુપ્રેક્ષા શબ્દ વપરાયેલો છે, એટલે ભાવનાનું બીજું નામ અનુપ્રેક્ષા છે. અનુપ્રેક્ષા એટલે ચિંતન, અનુચિંતન કે પુનઃ પુનઃ સ્મરણ. **સ્થાનાંગસૂત્રની ટીકામાં** તેને માટે ચિંતનિકા એવો શબ્દપ્રયોગ પણ થયેલો છે, એટલે ભાવના એ ભાવ કે વિચારોની શુદ્ધિ માટેનું વિશિષ્ટ ચિંતન છે.

હાલના વૈજ્ઞાનિકોએ પણ ભાવનાનું મહત્ત્વ સ્વીકાર્યું

છે. તેઓ કહે છે કે ‘ વિચારમાં એક પ્રકારની શક્તિ રહેલી છે, એટલે કોઇ પણ વિચારનું વારંવાર પુનરાવર્તન કરીએ કે તેને બીજા અનુકૂલ વિચારો વડે પુષ્ટ કરીએ તો એ શક્તિ વિકાસ પામે છે અને તેની પોતાના જીવન પર તેમજ અન્ય પ્રાકૃતિક પદાર્થો પર અસર થાય છે. પ્રયોગોએ આ વાત સિદ્ધ કરી આપી છે. અહીં જણાવવાનું એટલું છે કે એક જ વિચારનું વારંવાર પુનરાવર્તન કરવું કે તેને અનુકૂલ બીજા વિચારો વડે પુષ્ટ કરવો, એનું નામ જ જૈન શાસ્ત્રોએ સ્વીકારેલી ભાવના છે. એટલે ભાવનામાં વૈજ્ઞાનિક તથ્ય પણ ઘણું રહેલું છે.

કોઇ દુષ્ટ વિચારો કે સંસ્કારોને હઠાવવા હોય તો તેના પ્રતિસ્પર્ધી સારા વિચારોનું વારંવાર સેવન કરવું એ એનો સિદ્ધ ઉપાય છે. યોગશાસ્ત્રોએ ‘ प्रतिपक्षभावनम् ’ શબ્દ વડે તેનું સમર્થન કરેલું છે અને આપણો અનુભવ પણ એ જ પ્રકારનો છે. એક પુરુષને સૂતાં–ઊઠતાં–બેસતાં સ્ત્રીનો વિચાર આવતો અને તેનું સુંદર મુખ સ્મરણપટમાં તરવા લાગતું. તે એને ભૂલવાનો જેમ જેમ પ્રયત્ન કરતો ગયો, તેમ તેમ એ વધારે યાદ આવવા લાગ્યું. આખરે તેણે એક મુનિરાજને આ હકીકતનું નિવેદન કર્યું અને તેને દૂર કરવાનો ઉપાય પૂછ્યો. મુનિવરે કહ્યું : ‘ જ્યાં તમને એ વિચાર આવે કે નીચેનો શ્લોક બોલવા માંડવો અને તે પૂરો થયે તેનો અર્થ વિચારી જવો. તે સિવાય બીજું કંઈ કરવું નહિ. ’ એ શ્લોક આ પ્રમાણે હતો :

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं,
वदनकमलमंकः कामिनीसंगशून्यः ।
करमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं,
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

'આપનું દૃષ્ટિયુગ્મ પ્રશમરસથી ભરેલું છે, આપનું વદનકમલ પ્રસન્ન છે, આપનો ખોળો કામિનીના સંગથી રહિત છે, એટલે કે તેમાં કોઈ સ્ત્રી બેઠેલી નથી અને આપના બંને હાથો શસ્ત્ર વિનાના છે, એટલે કે અભયદાતા છે, તેથી હે દેવ! આ જગતમાં તમે જ ખરા વીતરાગ છો.'

આ ઉપાય અજમાવવામાં આવ્યો અને તે થોડા જ વખતમાં સફલ થયો. યોગવિશારદોએ પ્રતિપક્ષ ભાવનાનો જે સિદ્ધાંત સ્થાપિત કરેલો છે, તેનો જ આમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેથી જ તે શીઘ્ર સફલતા પામ્યો હતો. ભાવનામાં પણ આ જ વાત છે. આપણા અંતરમાં મોહજન્ય દુષ્ટ સંસ્કારો-વિચારોની જે જમાવટ થયેલી છે, તેને તોડવા માટે તેના પ્રતિપક્ષી વિચારો ધરાવતી ભાવનાઓનું આપણે સેવન કરવાનું છે.

ભાવનાઓ બાર પ્રકારની છે, તે અંગે શાસ્ત્રોમાં કહેવાયું છે કે-

अनित्यतामशरणं, भवमेकत्वमन्यताम् ।
अशौचमाश्रवं चात्मन् संवरं परिभावय ॥
कर्मणो निर्जरां धर्मसुकृतां लोकपद्धतिम् ॥
बोधिदुर्लभतामेता भावयन् मुच्यसे भवात् ॥

'હે આત્મન્! તું બાર ભાવનાઓનાં નામ સાંભળ અને તેનું ચિંતન કર, જેથી જન્મ-જરા-મરણના ફેરામાંથી છૂટી જઈશ.

તે નામો આ પ્રમાણે જાણવાં: (૧) અનિત્યભાવના, (૨) અશરણભાવના, (૩) સંસારભાવના, (૪) એકત્વભાવના, (૫) અન્યત્વભાવના, (૬) અશુચિભાવના, (૭) આશ્રવભાવના, (૮) સંવરભાવના, (૯) નિર્જરાભાવના, (૧૦) ધર્મસ્વાખ્યાતભાવના, (૧૧) લોકસ્વરૂપભાવના અને (૧૨) બોધિદુર્લભ ભાવના.

આ બારેય ભાવનાનું સ્વરૂપ અહીં ટૂંકમાં જણાવીએ છીએ.

## ૧-અનિત્યભાવના

શરીર, યૌવન, સંપત્તિ, અધિકાર અને અભ્યંતર વિકલ્પોની અનિત્યતા ચિંતવવી, તે આ ભાવનાનો મુખ્ય વિષય છે.

આ બધી વસ્તુઓ અનિત્ય છે, એમ તો આપણે જાણીએ છીએ, પણ આપણું એ જ્ઞાન ઉપરછલ્લું છે, શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો વિષયપ્રતિભાસ છે, તેથી આપણી અનિત્ય વસ્તુઓ પ્રત્યેની આસક્તિ ટળતી નથી. આપણો જીવનવ્યવહાર તો એવો ચાલે છે કે જાણે આ બધી વસ્તુઓ નિત્ય હોય! તાત્પર્ય કે આપણા હૃદયના ઊંડાણમાં તેની અનિત્યતા વસી નથી. એ અનિત્યતા પૂરા

જોશથી વસે તો આસક્તિ છૂટી જાય અને તેની સામે નજર કરવાની પણ ઇચ્છા ન થાય.

અનિત્યતાનો આ ભાવ હૃદયમાં દૃઢ કરવા માટે નીચે પ્રમાણે વિચારો કરવા ઘટે:

'આ શરીર નિત્ય નથી, ક્ષણભંગુર છે. જેમ મીઠાની પોટલીને ઓગળતાં વાર લાગતી નથી કે તૃણ પરના તુષાર-બિંદુને ખરી પડતાં વાર લાગતી નથી, તેમ તેને પડતાં વાર લાગતી નથી, એ ગમે ત્યારે પડી જ જશે!'

શરીર કોનાં નિત્ય રહ્યાં છે! જે શરીરો પ્રથમ પંક્તિનાં ગણાતાં, જેમનું રોજ અપૂર્વ ભોજનો વડે પોષણ થતું, જેની સારસંભાળ માટે અનેક નોકરો-ચાકરો કામ કરતા, એ શરીરો પણ એક દિવસ પડી ગયાં, તો મારા શરીરનો ભરોસો શું?

ધાન્ય સવારે રાંધ્યું હોય અને બપોરે- સાંજે બગડી જાય છે, તેમ આ શરીર ઘડી પહેલાં સાજું-નરવું લાગતું હોય અને બીજી જ ક્ષણે રોગથી ઘેરાઈ જાય છે! ચક્રવર્તી સનત્-કુમારનું શરીર કેવું નીરોગી, કેવું સુંદર હતું! પરંતુ ઘડી પછી જ તેમાં રોગો ઉત્પન્ન થઈ ગયા અને તેની બધી કાંતિ હણાઈ ગઈ! ત્યારે આ સામાન્ય કોટિના ઔદારિક શરીરનું તો કહેવું જ શું?

હે જીવ! તને જો યૌવનની ખુમારી હોય તો એ ખોટી છે! રે તદ્દન ખોટી છે! યૌવન તો ચાર દિવસનું ચાંદરણું

છે, તેને ચાલી જતાં શી વાર! ગઈ કાલે જેઓ યૌવનમાં મસ્ત હતા અને જેમનો પગ ધરતી પર છબતો ન હતો, તે આજે ધનુષ્યના જેવી વાંકી કેડ કરીને લાકડીના ટેકે ડગમગતા ચાલે છે! તેમની આંખમાં નૂર નથી, મુખમાં દાંત નથી અને છાતીમાં જોમ નથી! જે ચામડીમાંથી તેજની ટશરો ફૂટતી હતી અને જેના લાવણ્ય પર દુનિયા મુગ્ધ થતી હતી, તે ચામડીના હાલહવાલ તો જો. તેનું તેજ હણાઇ ગયું છે અને તેની રચના કેવી વિકૃત થઇ ગઈ છે! તેમાં કરચલીઓનો પાર નથી! જે વાળ વાંકડીયા, કાળા, સુંદર, સુશોભિત લાગતા હતા, તે આજે સીધા, રૂની પૂણી જેવા શ્વેત અને શોભારહિત બની ગયા છે!

હે જીવ! તું લક્ષ્મીનો જરાય ભરોસો કરીશ નહિ. એ સ્વભાવે અતિ ચંચલા છે, એટલે ઠરીને ઠામ બેસતી નથી. એક ઘરથી બીજું ઘર અને બીજા ઘરથી ત્રીજું ઘર, એમ પોતાનું સ્થાન બદલ્યા જ કરે છે. તેં ગઈ કાલે જેને ક્રોડપતિ જોયા હતા, તેની આજે કઈ હાલત છે! અરે તું તારો પોતાનો જ વિચાર કર કે તારી પાસે લક્ષ્મી કેટલી વાર આવી ને ગઈ! આવી ચંચલ લક્ષ્મીના લોભમાં તણાઇને તારે પણ અકૃત્ય કરવું તે હરગીઝ યોગ્ય નથી. વળી લક્ષ્મી આવે છે, ત્યારે પોતાની સાથે ભય, ઈર્ષ્યા, દ્વેષ, અભિમાન, ઉદ્ધતાઇ વગેરે અનેક દુર્ગુણોને લેતી આવે છે, તેનો પણ તું વિચાર કર!

તું એમ માને છે કે સંપત્તિ-લક્ષ્મી ખૂબ આવે તો

સુખ મળશે, પણ એ તારો ભ્રમ છે. જેની પાસે લક્ષ્મી ઘણી છે, તેના જીવનમાં ઊંડો ઊતરીને ડોકિયું કર, તો તારો ભ્રમ ભાંગી જશે. વળી વધારે લક્ષ્મી આવતાં ચોર કે સરકાર તરફનો ભય વધશે, ભાઈઓમાં કે કુટુંબમાં ખટપટ થવા લાગશે, સગાં-સંબંધીઓ સાથે લેણદેણના વાંધા પડશે અને ઉપાધિ અનેકગણી વધી જશે.

હે જીવ! શરીર, યૌવન અને સંપત્તિ જો અનિત્ય છે, તો સત્તા કે અધિકાર શું નિત્ય છે? ગઈકાલે જેઓ રાજા તરીકે સન્માન પામતા તે આજે સામાન્ય નાગરિક બની ગયા છે! ઇંદિરા ગાંધી કે જેમની વડા પ્રધાન તરીકે સારાયે ભારતમાં હાક વાગતી અને કોઈ તેમની સામે આંગળી ઊંચી કરી શકતું નહિ, તેમની આજે શી હાલત છે? આવી એક અનિત્ય વસ્તુ માટે તું ફાંફાં શા સારુ મારે છે? કદાચ તેને સત્તા-અધિકાર પ્રાપ્ત થયો તો તેનાથી તારું આત્મહિત શું થવાનું છે? વળી તું સત્તા કે અધિકારનો દુરુપયોગ નહિ કરે તેની ખાતરી શું? સત્તા તો એક પ્રકારનો નશો છે કે જે માણસનાં સાન-ભાન ભૂલાવી દે છે! તેથી તું સત્તા કે અધિકારથી દૂર રહે, એમાં જ તારું કલ્યાણ છે.

આ રીતે બીજું પણ ઘણું ચિંતન કરી શકાય. વસ્તુની અનિત્યતાનો વિચાર કરતાં ભરતેશ્વરને કેવલજ્ઞાન થયું હતું, એ હકીકત આગળ કહેવાઈ ગઈ છે.

## ૨-અશરણભાવના

જન્મ, જરા અને મરણના ભયથી ઘેરાયેલા, રોગ અને પીડાથી ગ્રસાયેલા આ જીવને અરિહંત, સિદ્ધ, સાધુ અને સર્વજ્ઞકથિત ધર્મ સિવાય અન્ય શરણ નથી, એમ ચિંતવવું, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

જ્યાં જન્મ હોય, ત્યાં જરા અને મરણ પણ અવશ્ય હોય, એટલે જન્મ, જરા અને મરણ એ એક પ્રકારની ત્રિપુટી છે. આ ત્રિપુટી આપણી મિત્ર નથી, પણ દુશ્મન છે અને તેથી આપણને અનેક પ્રકારના રોગ-શોક-દુઃખ-પીડાનો અનુભવ કરાવે છે. આ રોગાદિ પ્રસંગે આપણે જેને અતિ પ્રિય માન્યા હોય, તેવા સ્વજન-સંબંધીઓ કે મિત્રો આપણને શરણ-રક્ષણ આપી શકતા નથી, એટલે આપણે ખરેખર અશરણ છીએ, અસહાય છીએ, કોઈના આધાર કે આશ્રય વિનાના છીએ. પરંતુ સંસારની મોહજાળમાં આપણે એટલા ડૂબી ગયા છીએ કે આ વસ્તુનો વિચાર કરવાની ફુરસદ મળતી નથી. જો આ વસ્તુનો વિચાર કરીએ અને તે બરાબર કરીએ તો આપણો સંસાર પરનો સર્વ મોહ ઊડી જાય અને સાચું શરણ શોધવાની તાલાવેલી લાગે. એ શરણ અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીપ્રણિત ધર્મ સિવાય બીજું કોઇ આપી શકે એમ નથી.

**अब्भागमियम्मि वा दुहे, अहवा उक्कमिए भवन्तिए ।**
**एगस्स गईय आगई, विदुमन्ता सरणं न मन्नई ॥**

'દુઃખ આવી પડતાં મનુષ્ય એકલો જ તેને ભોગવે છે અને પુણ્ય ક્ષીણ થતાં જીવ એકલો જ ગતિ-આગતિ કરે છે. આથી વિવેકી પુરુષો ધન, સગાં-સંબંધીઓ, પશુ વગેરેને શરણરૂપ માનતા નથી.'

**माया पिया ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा।**
**नालं ते मम ताणाय लुप्पंतस्स कम्मुणा॥**

'વિવેકી પુરુષ વિચાર કરે કે માતા, પિતા, બહેન, ભાઈ, ભાર્યા તથા ઓરસ પુત્ર એ કોઈ પણ મારા કર્મનું ફલ ભોગવતી વખતે મારી રક્ષા કરવામાં સમર્થ નથી.'

આ સંબંધમાં અનાથી મુનિનો પ્રબંધ જાણવા જેવો છે.

## અનાથી મુનિનો પ્રબંધ

રાજગૃહી નગરીમાં મંડિતકુક્ષિ નામે એક મનોહર ઉદ્યાન હતું. રાજા શ્રેણિકને આ ઉદ્યાન ઘણું પ્રિય હતું. એક વાર તેઓ આ ઉદ્યાનમાં ફરવા આવ્યા, ત્યારે એક વૃક્ષના મૂળની પાસે બેઠેલા એક ધ્યાનમગ્ન નવયુવાન મુનિ તેના જોવામાં આવ્યા. એ મુનિની અદ્‌ભુત કાંતિએ તથા મુખ પર તરવરી રહેલી સૌમ્યતાએ તેમના મન પર અદ્‌ભુત અસર કરી. તેઓ એ મુનિની નજીક ગયા અને વંદન કરીને બહુ નજીક પણ નહિ અને બહુ દૂર પણ નહિ, એ રીતે ઊભા રહ્યા.

થોડી વારે મુનિનું ધ્યાન પૂરું થયું, એટલે તેમણે શ્રેણિક રાજાને આ અવસ્થામાં ઊભેલા જોયા અને ધર્મલાભ આપ્યા. શ્રેણિક રાજાએ ફરી મસ્તક નમાવ્યું અને ધર્મલાભ

મળવા બદલ પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરી. પછી વિનયપૂર્વક કહ્યું કે 'હે મુનિવર! તમારી સાધનામાં જો કંઇ વિઘ્ન ન આવતું હોય તો એક વાત પૂછવાની ઇચ્છા રાખું છું.'

મુનિએ કહ્યું: 'જે વાતથી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણોની પુષ્ટિ થાય એવી વાત અમારી સાધનામાં બાધક થતી નથી. એ ખ્યાલ રાખીને તમારે જે પૂછવું હોય તે પૂછો.'

શ્રેણિકે કહ્યું : 'હે આર્ય! હું એટલું જ જાણવા માગું છું કે આપ આવી તરુણ અવસ્થામાં ભોગ ભોગવવાને બદલે સંયમના માર્ગે કેમ સંચર્યા? એવું કયું પ્રબલ પ્રયોજન આપને આ માર્ગ તરફ ઘસડી ગયું?'

મુનિએ કહ્યું? 'હે રાજન્! હું અનાથ હતો, મારું કોઇ નાથ ન હતું, એટલે મેં આ સંયમમાર્ગ ગ્રહણ કર્યો.'

આ જવાબથી રાજાને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : 'આપ જેવા પ્રભાવશાળી પુરુષને કોઇ નાથ ન મળે, એ તો ભારે આશ્ચર્ય કહેવાય. હે સ્વામિન્! જો આપે એટલા માટે જ આ સંયમમાર્ગ સ્વીકાર્યો હોય તો હું આપનો નાથ થવા માટે તૈયાર છું. આપ મારા રાજમહેલમાં પધારો અને ત્યાં સુખેથી રહો. આપ ત્યાં અનેક પ્રકારના મિત્રો અને સંબંધીઓથી પરિવરેલા રહેશો, એટલે અનાથપણાનો જરાયે અનુભવ નહિ થાય.'

મુનિએ કહ્યું : 'હે રાજન્! પોતાના અધિકારવાળી

વસ્તુ બીજાને આપી શકાય છે, પણ અધિકાર વિનાની વસ્તુ બીજાને આપી શકાતી નથી. નાથ થવું એ તારા અધિકારમાં નથી, તેથી તું મારો નાથ થઈ શકતો નથી. તું પોતે જ અનાથ છે.'

આ શબ્દો સાંભળતાં જ શ્રેણિક ચમકી ગયા. તેમને આજ સુધી આવા શબ્દો કોઈએ સંભળાવ્યા ન હતા. તેમણે પોતાના ઘવાયેલા અભિમાનને ઠીક કરતાં કહ્યું: 'હે પૂજ્ય! આપની વાત પરથી લાગે છે કે આપે મને ઓળખ્યો નથી. હું અંગ અને મગધ દેશનો રાજા શ્રેણિક છું. મારા વૈભવનો, મારી રિદ્ધિ-સિદ્ધિનો પાર નથી. વળી અનેક મિત્રો અને સ્વજન-સંબંધીઓથી હું પરિવરેલો રહું છું, તો અનાથ કેવી રીતે? કદાચ આપનું કહેવું અસત્ય તો નહિ હોય!'

મુનિએ કહ્યું: 'હે રાજન્! હું જાણું છું કે તું અંગ અને મગધ દેશનો મહારાજા શ્રેણિક છે. વળી તારા વૈભવ અને તારી રિદ્ધિ-સિદ્ધિથી વાકેફ છું પણ તું મારા અનાથ અને સનાથના ભાવને સમજી શકયો નથી. હું ફરી પણ કહું છું કે તું અનાથ છે અને મારા નાથ થવાની વાત તારા અધિકારમાં નથી. તું મારા પૂર્વ જીવનની હકીકત સાંભળીશ, એટલે તને આ વાત બરાબર સમજાશે.'

શ્રેણિકે એ વાત સાંભળવાની ઈંતેજારી બતાવી, એટલે મુનિએ કહેવા માંડયું.

'કૌશાંબી નગરીના એક કોટયાધિપતિ શેઠનો હું લાડકવાયો પુત્ર હતો અને દરેક વાતે સુખી હતો, પરંતુ

એક વાર એકાએક મારી આંખ દુઃખવા આવી અને તેમાંથી અતુલ પીડા ઉત્પન્ન થઈ. આ પીડાને લીધે મને મુદ્દલ ઊંઘ આવતી નહિ કે બિલકુલ ચેન પડતું નહિ. પછી મારા દર્દે વધારે જોર કર્યું, મને દાહજ્વર લાગુ પડ્યો, જેના લીધે મારું મસ્તક ફાટવા લાગ્યું, છાતીમાં દુઃખાવો થવા લાગ્યો અને કમરના કટકા થવા લાગ્યા. કુશલ વૈદ્યોએ ભેગા મળીને મારા રોગનું નિદાન કર્યું અને ઔષધો આપવા માંડ્યા, પણ તેઓ મને આ દુઃખમાંથી છોડાવી ન શક્યા, એ જ મારી અનાથતા ! !

વૈદ્યો નિષ્ફળ જતાં મારા પિતાએ બીજા પણ અનેક ઉપચારો કરાવી જોયા અને છેવટે એવી જાહેરાત કરી કે જે મારા પુત્રને સારું કરશે એને મારી અર્ધી મિલકત આપી દઈશ, એટલે ઘણા માંત્રિકો-તાંત્રિકો આવી ગયા, ઘણા ભગત-ભુવાઓએ હાથ ભીડી, પણ તેમાંનું કોઈ મને આ દુઃખમાંથી છોડાવી શક્યું નહિ. હે રાજન્ ! એ જ મારી અનાથતા !

‘ મારી માતા મારા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતી હતી, ભાઈઓ પણ ઘણા સ્નેહાળ હતા અને મારી સેવામાં ખડા પગે ઊભા રહેતા હતા. બહેનો પણ પોતાનું કામકાજ છોડીને મારી પાસે બેસતી અને આશ્વાસન આપતી. પત્ની મારી નિરંતર સેવા કરતી અને તે ભાગ્યે જ નિદ્રા લેતી. મારા મિત્રો કે જેમને હું દિલોજાન ગણતો અને જે મારા માટે ગમે તેવું સાહસ ખેડવા તૈયાર હતા, તેમાંનું કોઈ પણ

મને આ દુઃખમાંથી મુક્ત કરી શકયું નહિ. હે રાજન્! એ જ મારી અનાથતા!'

આ રીતે જ્યારે મેં ચારે બાજુથી અશરણુતા--અસહાયતા અનુભવી, ત્યારે મને લાગ્યું કે જેને આજ સુધી હું દુઃખનિવારણનાં સાધનો માનતો, તે ખરેખર તેવાં ન હતાં. માટે એ સાધનો બીજાં જ હોવાં જોઈએ. એ વખતે મને યાદ આવ્યું કે પોતે કરેલાં શુભ કે અશુભ કર્મોનું ફલ અવશ્ય ભોગવવું પડે છે, માટે આ દુઃખ મારાં પૂર્વકર્મોનું ફલ હોવું જોઇએ અને મારું મન કર્મના હેતુઓ શોધવા લાગ્યું. એ શોધમાં હું સમજી શકયો કે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ આદિ પ્રવૃત્તિઓ પાપના પંથે લઇ જનારી છે અને તેથી આ કર્મબંધનમાંથી છૂટવું હોય તો મારે આ પાપપ્રવૃતિઓનો ત્યાગ કરીને ક્ષમા, શાંતિ, શૌચ આદિ ગુણો કેળવવા જોઇએ. પરંતુ આ બધું ત્યારે જ બની શકે કે જ્યારે હું આ દુઃખ–દર્દમાંથી મુક્ત થાઉં, એટલે તે જ વેળા મેં એવો સંકલ્પ કર્યો કે 'જો હું આ રોગમાંથી મુક્ત થઇશ, તો શાંત, દાંત, નિરારંભી થઇશ, અર્થાત્ સર્વ પ્રકારના આરંભ–સમારંભને છોડનારો નિર્ગ્રંથ સાધુ બનીશ.'

'એ સંકલ્પ કર્યા પછી મેં સૂવાનો પ્રયત્ન કર્યો કે મને તરત જ ઊંઘ આવી ગઇ અને રાત્રિ જેમ જેમ વીતતી ગઇ, તેમ તેમ મારી વેદના પણ શાંત થતી ગઇ. સવારે હું ઊઠયો ત્યારે બધું દર્દ શમી ગયું હતું.'

મને એકાએક સારો થયેલો જોઈને બધા આનંદ પામ્યા. પિતાજી એમ સમજ્યા કે મારો ખર્ચેલો પૈસો લેખે લાગ્યો. માતા એમ સમજી કે મારી માન્યતાઓ ફળી. ભાઈઓ એમ સમજ્યા કે અમારી સેવા ફળી. બહેનો એમ સમજી કે અમારી આશિષ ફળી. પત્ની એમ સમજી કે મારી ચાકરી લેખે લાગી. મિત્રો એમ સમજ્યા કે અમે જે દોડધામ કરી તેનું આ શુભ પરિણામ આવ્યું અને સહુ પોતપોતાની વાતનું સમર્થન કરવા લાગ્યા, ત્યારે બધાને મેં શાંત પાડીને કહ્યું કે 'મને નવું જીવન પ્રાપ્ત થયું છે. તે મારા શુભ સંકલ્પનું ફલ છે. રાત્રે હું એવો સંકલ્પ કરીને સૂઈ ગયો હતો કે જો આ દુઃખ-દર્દમાંથી મુક્ત થઈશ તો શાંત, દાંત અને નિરારંભી થઈશ. માટે હવે મને આપ બધા આજ્ઞા આપો, કારણ કે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન મારે સત્વર કરવું જોઈએ.'

આ શબ્દો સાંભળતાં જ સહુનો હર્ષ ઉડી ગયો અને તેમની આંખો અશ્રુભીની બની ગઈ. તેમણે મને આમ ન કરવા ઘણું સમજાવ્યો, પણ મેં એમને સ્વાનુભૂત અશરણતાનો ખ્યાલ આપ્યો, તેમ મારે મારા પ્રતિજ્ઞાનું પાલન કોઈ પણ હિસાબે કરવું હતું, એટલે સર્વ કુટુંબીજનોએ મને રજા આપી અને હું આત્મકલ્યાણને સાધવા અણગાર-ધર્મમાં પ્રવ્રજિત થયો.

જે અણગાર બને છે, શ્રમણ બને છે, તે અન્ય જીવોનો નાથ (રક્ષક) બને છે અને તે પોતાનો પણ નાથ

(રક્ષક) બને છે. એટલે હે રાજન્! હવે હું મારો પોતાનો તથા અન્ય જીવોનો નાથ બની ચૂકયો છું અને તારે મારા નાથ બનવાની કોઈ જરૂર રહેતી નથી. આ છે મારું સંયમ-માર્ગે સંચરવાનું પ્રયોજન.'

અનાથ મુનિની આ હકીકત સાંભળી શ્રેણિક રાજા ઘણા પ્રભાવિત થયા અને તે દિવસથી જૈન ધર્મની શ્રદ્ધા પામ્યા. ત્યાર પહેલાં તેઓ બૌદ્ધધર્મની શ્રદ્ધાવાળા હતા.

અશરણતાનો વિચાર પ્રબલ થતાં, અશરણભાવના જોરદાર બનતાં મનુષ્યના જીવનવ્યવહાર પર કેવી અસર થાય છે અને તેનું કેવું પરિણામ આવે છે, તે આ પ્રબંધ પરથી સમજી શકાશે.

## ૩–સંસારભાવના

આ સંસાર અસાર છે, તેમાં કંઈ સાર નથી, એમ ચિંતવવું, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

સંસારને મીઠો–સારવાળો માન્યો છે, એટલે જ તેના પર આસક્તિ છે. જો એ વિચારમાં પરિવર્તન થાય અને સંસાર અસાર લાગવા માંડે, તો તેના પરની સર્વ આસક્તિ ઊડી જાય અને જીવન સંયમના માર્ગે વહેવા લાગે.

**गतसारेऽत्र संसारे, सुखभ्रान्तिः शरीरिणाम् ।**
**लालापानमिवाङ्गुष्ठे, बालानां स्तन्यविभ्रमः ॥**

'અંગૂઠો ચૂસીને લાળનું પાન કરતાં બાળકોને જેમ માતાનું સ્તનપાન કરવાનો ભ્રમ થાય છે, તેમ આ સંસાર સુખરહિત હોવા છતાં, પ્રાણીઓને તેમાં સુખનો ભ્રમ થાય છે.'

આ સંસારને સુખી શી રીતે માનવો? જે પ્રિયતમા માટે પ્રાણ પાથર્યો હોય છે, તે જ વખત આવ્યે ધિક્કારવા લાગે છે, લાત મારે છે અને બીજાના પ્રેમમાં પડી સુખનું સત્યાનાશ વાળે છે. પતિને ઝેર દઈને મારી નાખવાના દાખલાઓ પણ જોવામાં આવે છે, ત્યારે પુત્રોથી શું સુખ માનવું? એમાં પણ એવી જ હાલત છે. પુત્રોને ગમે તેવી મમતાથી ઉછેર્યા હોય, ભણાવી-ગણાવીને મોટા કર્યા હોય અને યોગ્ય કુલીન કન્યાથી વિવાહિત કર્યા હોય, તો પણ તે આપણી સામા થાય છે, આપણાથી લડે-ઝઘડે છે અને વખતે મારી પણ લે છે. પુત્રોએ પિતાને કેદખાનામાં પૂર્યાના તથા ખૂન કરીને મારી નાખ્યાના દાખલાઓ પણ ઓછા નથી.

જ્યાં પત્ની અને પુત્રપરિવારની હાલત આવી હોય, ત્યાં સગાં-સંબંધીઓનું તો કહેવું શું? એ તો જરા વાંકું પડે કે મોં મચકોડવાના અને અવર્ણવાદ બોલવાના. ત્યારે શું મિત્રોથી આ સંસારમાં સુખ માનવું? એ ક્યારે સંધાશે અને ક્યારે છૂટા પડશે? તેનો કોઈ ભરોસો નહિ. વળી મોટા ભાગના મિત્રો તો મતલબિયા જ હોય છે. જ્યાં સુધી તેમની મતલબ સરે, ત્યાં સુધી બહુ મીઠો સંબંધ રાખે અને એ મતલબ સરી કે જાણે ઓળખતા જ નથી! પછી તો સામા મળ્યે બોલવું પડે, એ પણ ભારે લાગે!

વળી આ સંસારના સંબંધો પણ ઘણા જ વિચિત્ર છે. જે આ ભવે પિતા હોય છે, તે બીજા ભવે પુત્ર થાય છે અને જે આ ભવે માતા હોય છે, તે બીજા ભવે પત્ની

બને છે. આ રીતે ભાઈ તે કાકો, કાકો તે ભાઈ, મામો તે ભાણેજ, ભાણેજ તે મામો, ફોઈ તે ભત્રીજી ને ભત્રીજી તે ફોઈ, એમ અનેક પ્રકારના સંબંધો બંધાય છે અને તૂટે છે.

વળી બાલ્યાવસ્થામાં વિવેકરહિત દશાને લીધે દુઃખ હોય છે, યુવાનીમાં કામના ઉન્માદને લીધે દુઃખ હોય છે અને વૃદ્ધાવસ્થામાં શરીર તથા ઇન્દ્રિયોની વિકલતાને લીધે દુઃખ હોય છે. તે જ રીતે સવાર, બપોર, સાંજ અને રાત્રિએ કોઈ ને કોઈ પ્રકારની ઉપાધિ વળગેલી જ હોય છે.

કવિ દલપતરામે સાચું જ કહ્યું છે કે—

**તંતુ કાચા તણો તાણો સંસાર છે,**
**સાંધીએ સાત ત્યાં તેર તૂટે;**
**શરીર આરોગ્ય તો યોગ્ય સ્ત્રી હોય નહિ,**
**યોગ્ય સ્ત્રી હોય ખોરાક ખૂટે.**
**હોય ખોરાક, ન હોય સંતાન ઉર,**
**હોય સંતાન, રિપુ લાજ લૂંટે;**
**કોઇ જો શત્રુ નહિ હોય, દલપત કહે,**
**સમીપ સંબંધીનું શરીર છૂટે.**

આ રીતે સંસારમાં અનેકવિધ વિચિત્રતાઓ હોવાથી તેને અસાર-સારરહિત સમજવાનો છે.

## ૪-એકત્વભાવના

આત્માનું એકલપણું ચિંતવવું, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

આ ભાવનાની યથાર્થતા સમજવા માટે **સંથારા-પોરિસીની** નીચેની બે ગાથાઓનું નિરીક્ષણ-ચિંતન-મનન જરૂરી છે:

**एगो हं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ।**
**एवं अदीणमणसो, अप्पाणमणुसासइ ॥ ११ ॥**

**एगो मे सासओ अप्पा, नाण-दंसण-संजुओ ।**
**सेसा मे बहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥ १२ ॥**

'હું એકલો છું, મારું કોઈ નથી, તેમ હું પણ કોઈનો નથી. આવું અદીન મનથી વિચારીને આત્માનું અનુશાસન કરવું.

'એક મારો આત્મા જ શાશ્વત છે કે જે જ્ઞાન અને દર્શનથી યુક્ત છે. બાકીના સર્વ સંયોગબલથી અર્થાત્ કર્મના કારણે ઉત્પન્ન થયેલા બહિર્ભાવો છે.'

ઘણા સગાં-સંબંધીઓ, નાતીલા-જાતીલાઓ તથા મિત્રો વગેરેથી પરિવરેલો મનુષ્ય પોતાને બહુત્વવાળો માને છે અને તે બહુત્વમાં જ ઓતપ્રોત રહે છે. અહીં એમ વિચારવું ઘટે કે 'હું એકલો છું. મારું કોઈ નથી.' તો તે એકીભાવમાં અર્થાત્ આત્મભાવમાં રહે.

જે મનુષ્યને ખાસ સગાંવહાલાં નથી કે મિત્રો નથી કે નાતીલા-જાતીલામાં સ્થાન નથી, તે એમ માને કે 'અરેરે! હું એકલો છું, આમાં મારું કોઈ નથી.' તો એ વિચાર દીનતામાંથી જન્મેલો કહેવાય અને તેથી આર્ત્તધ્યાનથી કોટિમાં

આવે, પરંતુ અહીં 'एगो हं नत्थि मे कोइ' એ વિચાર જ્ઞાનદશાથી કરવાનો છે અને તેના વડે આત્માનું અનુશાસન-નિયંત્રણ કરવાનું છે, એટલે કે તેને સમજાવીને ઠેકાણે રાખવાનો છે, જેથી એ ધર્મધ્યાનની ધારામાં આવે અને આત્મકલ્યાણમાં ઉપયોગી થાય.

વળી એકીભાવમાં સ્થિર થવા માટે એમ પણ વિચારવાની જરૂર છે કે મારો આત્મા એકલો જ શાશ્વત છે અને કર્મજન્ય બધી વસ્તુઓ અશાશ્વત છે, અનિત્ય છે, એટલે તે મારી હોઈ શકે નહિ. માત્ર જ્ઞાન-દર્શન એ જ મારાં છે, કારણ કે તે મારો સ્વભાવ છે.

આ રીતે એકત્વનું અનેક રીતે ચિંતન કરવાથી એકત્વભાવના સિદ્ધ થાય છે અને તે આત્મકલ્યાણના માર્ગ તરફ દોરી જાય છે.

## ૫- અન્યત્વભાવના

આત્મ અને અનાત્મ વસ્તુઓનું અન્યત્વ-ભિન્નત્વ ચિંતવવું, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

જેમ એકત્વનો વિચાર કરતાં વૈરાગ્ય થાય છે, તેમ અન્યત્વનો વિચાર કરતાં પણ વૈરાગ્ય થાય છે. તેથી એકત્વભાવનાની જેમ અન્યત્વભાવનાનું પણ દૃઢતાથી ચિંતન કરવાનું છે.

મુખેથી આત્મા અને અનાત્માની વાત કરવા છતાં આપણાં હૃદયમાં આત્મા અને અનાત્માની જુદાઈ વસી નથી, અન્યથા દેહ અને માલમિલકત વગેરે પર આટલી મૂર્છા

કેમ હોય ? વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજ પ્રશમરતિ પ્રકરણમાં કહે છે કે–

**अन्योऽहं स्वजनात्परिजनाच्च विभवाच्छरीरकाच्चेति ।**
**यस्य नियता मतिरियं, न बाधते तं हि शोककलिः ॥**

'સ્વજન એટલે પોતાના કુટુંબીજનો, પરિજન એટલે નોકરચાકર, વૈભવ એટલે સંપત્તિ, શરીર એટલે દેહ, તે બધાથી હું અન્ય છું, ભિન્ન છું, જુદો છું, એવી જેને નિશ્ચયાત્મક બુદ્ધિ પેદા થઈ છે, તેને શોકરૂપી બાણ કંઈ પણ પીડા ઉપજાવી શકતું નથી.'

શરીરમાં એક નાનો સરખો કાંટો ભોંકાય કે નાનકડો વ્યાધિ ઉત્પન્ન થાય તો પણ બૂમરાણ મચે છે, એનું કારણ એ છે કે 'શરીર એ જ હું છું' એવી આપણી બુદ્ધિ થઈ ગયેલી છે. જો આપણી બુદ્ધિ એ પ્રકારની ન હોય તો કંઈ પણ પીડાનો અનુભવ ન થાય.

કેટલાંક વર્ષ પહેલાં એક દિગમ્બર મુનિને પગે શસ્ત્ર-ચિકિત્સા કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે ડોકટરોએ કલોરો-ફોર્મ સુંઘાડવાની તૈયારી કરી. મહાત્માએ પૂછ્યું : 'આ દવા સૂંઘાડવાનું કારણ શું છે ?' ડોકટરોએ કહ્યું : 'એ દવાથી તમને એક પ્રકારનું એવું ઘેન ચડશે કે જેથી તમને શસ્ત્રચિકિત્સા વખતે કંઇ પણ પીડા નહિ થાય.' મુનિએ કહ્યું : 'તો એ દવા સૂંઘાડવાની જરૂર નથી. હું પ્રત્યાહારની ક્રિયા જાણું છું. પ્રત્યાહારથી મનને એ સ્થળેથી ખેંચી લઇશ,

એટલે તેની કંઇ પીડા જણાશે નહિ.' ડોકટરોએ એ પ્રકારે ઓપરેશન કર્યું અને તાજ્જુબી અનુભવી.

જો દેહ, ઇન્દ્રિયો, મન, સ્વજન, પરિવાર, ધનદોલત બધું આત્માથી ભિન્ન છે, તો તેમાં મમત્વબુદ્ધિ શા માટે? એનો નાશ થતાં પોતાનું કંઈ જતું નથી, એમ માનવું જ ડહાપણભરેલું છે. આપણા એક મહાપુરુષ કહે છે કે—

**તેરા હે સો તેરી પાસ, અવર સબ અનેરા;**
**આપ સ્વભાવમાં રે અવધૂત, સદા મગન મેં રહેના.**

જો અન્યત્વભાવના કેળવાય તો જ આ રીતે સદા આનંદમાં મગ્ન રહી શકાય.

## ૬– અશુચિભાવના

શરીરની અશુચિ–અપવિત્રતા ચિંતવવી, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

મનુષ્યને પોતાના શરીર પર ઘણી જ આસક્તિ હોય છે અને તે એને રૂડું–રૂપાળું કે સુંદર રાખવા માટે અનેક જાતના પ્રયત્નો કરે છે. તેની આ આસક્તિ ટળે તો જ તે બહિરાત્મા મટી અંતરાત્મા થઇ શકે. આ આસક્તિ ટાળવા માટે જ તેની અશુચિનું ચિંતન કરવાનું છે.

શ્રી વિનયવિજયજી મહારાજ **શાંતસુધારસભાવનામાં** કહે છે: 'અહો! મૂઢ જીવો ફરી ફરીને સ્નાન કરે છે અને મલના સ્થાનરૂપ આ શરીરને ચંદન વડે ચર્ચે છે. પછી "અમે પવિત્ર છીએ' એમ માનીને એના પર મોહ ધરે છે,

પરંતુ એ શરીર કદી શુદ્ધ થતું નથી. ઉકરડો કદી શુદ્ધ થાય ખરો ? '

ઉકરડો શબ્દ કદાચ કોઈને આકરો લાગશે, પણ બરાબર વિચાર કરીએ તો આ શરીર ઉકરડા જેવું જ છે. ઉકરડામાં જેમ એક વખતનો કચરો ઉપડ્યો ન ઉપડ્યો, ત્યાં બીજો કચરો આવી પડે છે અને તેથી તે ગંધાતો જ રહે છે, તેમ શરીરમાંથી એકત્ર થયેલો મલ હઠયો ન હઠયો કે બીજો મલ ભેગો થાય છે, તેથી તે ગંધાતું જ રહે છે, અપવિત્ર જ રહે છે:

મહાત્મા સુંદરદાસ એક વૈરાગી પુરુષ હતા. તેમણે શરીર અંગે એક સવૈયો કહ્યો છે, તે વિચારવા જેવો છે:

**હાડકો પિંજર ચામ ચઢયો પુનિ,**
**માંહિ ભર્યા મલ-મૂત્ર વિકારા;**
**થુંક રૂ લાર વહે મુખસે પુનિ**
**વ્યાધિ વહે નવ-બાર હિ દ્વારા.**
**માંસકી જીભસે ખાત સબે દિન,**
**તા મતિમાન કરો ન વિચારા;**
**ઐસે શરીર મેં પૈઠકે સુંદર,**
**કૈસે હિ કીજિયે શૌચ આચારા.**

' શરીર એ હાડકાનું એક પિંજરૂં છે, તેને ચામડાથી મઢેલું છે, અંદર મલ અને મૂત્રનો વિકાર ભરેલો છે. તેના મુખમાંથી થૂંક અને લાળ વહે છે તથા એના નવ કે બાર દ્વારોમાંથી+ વ્યાધિઓ નિરંતર વહેતા હોય છે. વળી માંસની જીભ વડે તે નિરંતર ખાય છે, તેનો વિચાર હે

+ પુરુષનાં નવ દ્વાર અને સ્ત્રીઓનાં બાર દ્વાર સમજવાનાં છે.

મતિમાન ! તમે કેમ કરતા નથી ? આવા શરીરમાં પેસીને અમે શૌચાચાર એટલે પવિત્ર રહેવાનો આચાર શી રીતે કરીએ ? તાત્પર્ય કે ગમે તેવો શૌચાચાર પાળીએ તો પણ તે શુચિમય-શુદ્ધ-પવિત્ર થવાનું નથી.

બીજી પણ અનેક રીતે શરીરની અશુચિનો વિચાર કરી તેના પરનો મોહ ટાળવાનો છે.

ભાવનાઓનો વિશેષ પરિચય આગામી પ્રકરણમાં અપાયો છે. પ્રશ્નોત્તરી તેને છેડે આપેલી છે.

[ ૧૯ ]

# ભાવનાઓનું સેવન–૨

ગત પ્રકરણમાં અનિત્યાદિ છ ભાવનાઓનો પરિચય અપાઈ ગયો. હવે બાકી રહેલી છ ભાવનાઓનો પરિચય આ પ્રકરણમાં આપીશું.

## ૭–આશ્રવભાવના

આશ્રવ એટલે કર્મનું આત્મા ભણી આવવું. તેના હેતુઓ અંગે ખાસ વિચારણા કરવી, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

અહીં એમ વિચારવું ઘટે કે જેમ પર્વતમાંથી ચારે બાજુ પડતાં ઝરણાંનાં પાણી વડે તળાવ જલદી ભરાઈ જાય છે, તેમ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનાં કારણે આત્મા કર્મોથી ભરાઈ જાય છે. તેથી હે જીવ! તું એ પાંચે ય કારણોથી વિરામ પામ.

હે ચેતન! મિથ્યાત્વના યોગે અનાદિકાલથી તું આ

સંસારમાં રખડી રહ્યો છે અને તે કર્મની ઉત્પત્તિનું મુખ્ય કારણ છે, એમ સમજી તેનો ત્યાગ કર.

હે જીવ! અવિરતિના કારણે તું વિષયોમાં રાચી રહ્યો છે, પણ વિષયમાં લુબ્ધ થનારા હાથી, માછલાં, ભમરા, પતંગિયા, હરણ વગેરે પ્રાણીઓના આખરી હાલ શું થયા છે? એ વિચારી જો અને વિરતિની ભાવના કેળવ. જ્ઞાનનું ફલ વિરતિ છે, તેનો સ્વીકાર કર્યા વિના તારો ઉદ્ધાર નથી.

હે જીવ! દિવસ અને રાત્રિ સડસડાટ ચાલ્યા જાય છે, કાળ કોઈને માટે ઊભો રહેતો નથી, જે ક્ષણો ગઈ તે પાછી આવતી નથી, એમ વિચારી તું પ્રમાદનો ત્યાગ કર અને તારા ધ્યેય તરફ ઝડપથી આગળ વધ.

હે જીવ! ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર લૂંટારાઓ તારી આત્મસમૃદ્ધિને લૂંટી રહ્યા છે, માટે તેનાથી ચેતીને ચાલ. ક્રોધ પ્રીતિ કે સદ્‌ભાવનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે, એમ વિચારી ચારે ય કષાયનો ત્યાગ કર.

હે ચેતન! તું મનથી, વચનથી અને કાયાથી કેટલાં બધાં કર્મો બાંધે છે? તેનો વિચાર કર અને યોગ પર કાબૂ રાખ.

અસંયમનું ફલ બૂરું છે અને સંયમનું ફલ સારું છે, એ તું કદી ભૂલીશ નહિ. તે માટે તું કંડરિક અને પુંડરિકની વાત બરાબર વિચારી જો.

## કંડરિક અને પુંડરિકની વાત

મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરિકિણી નામની નગરી હતી. તેમાં કંડરિક અને પુંડરિક નામના બે બંધુઓ હળીમળીને રાજ્ય કરતા હતા. તેમાં કંડરિક નાનો હતો અને પુંડરિક મોટો હતો. એકવાર કોઈ નિર્ગ્રંથ મહાત્માની વૈરાગ્યમય દેશના સાંભળીને પુંડરિકને દીક્ષા લેવાની ભાવના થઈ, તેથી તેણે લઘુબંધુ કંડરિકને કહ્યું કે 'હવે રાજ્ય તું સંભાળ. હું તો સંયમમાર્ગે વિચરી આત્માનું કલ્યાણ કરીશ.' આ સાંભળી કંડરિકે કહ્યું કે 'મોટાભાઇ! તમે સુખશાંતિની પ્રાપ્તિ કરાવનાર સંયમમાર્ગ ગ્રહણ કરવાને તૈયાર થયા છો અને મને નરકમાં મોકલનાર રાજ્ય અર્પણ કરો છો, એ ઠીક નથી. રાજ્ય તો તમે જ સંભાળો અને હું સંયમમાર્ગ ગ્રહણ કરીશ.' આમ કહી તેણે પોતાના ભાગનું રાજ્ય પુંડરિકને સોંપ્યું અને પોતે પ્રવ્રજિત થઈ સંયમની સાધના કરવા લાગ્યો.

સંયમની સાધના આખરે સુખકર છે, પણ કરવી સહેલી નથી. તેમાં અનેક જાતની કઠિનાઇઓનો સામનો કરવો પડે છે, અનેક જાતનાં તપો કરવાં પડે છે અને લૂખો-સૂકો આહાર વાપરવો પડે છે. આમ લાંબા વખત સુધી તપશ્ચર્યાઓ કરી લૂખો-સૂકો આહાર વાપરતાં એક વખત કંડરિકની તબિયત બગડી અને તેનું મન સંયમ પરથી હઠી ગયું. સંસારમાં ફરી દાખલ થવાનો વિચાર કરી તે પુંડરિકિણી નગરીએ આવ્યો અને નગર બહાર અશોકવનમાં

ઊતર્યો. ત્યાં પોતાનો ઓઘો અને મુહપત્તી વૃક્ષની ડાળીએ લટકાવી દીધાં. પછી તે વિચાર કરવા લાગ્યો કે 'હું અહીં આવ્યો તો ખરો, પણ પુંડરિક મારું રાજ્ય મને પાછું આપશે કે નહિ? ન આપે તો મારે શું કરવું?' જ્યાં લોભ જાગે છે, ત્યાં મનુષ્યને ન કરવા જેવા વિચારો પણ આવી જાય છે.

એવામાં વનપાલે વધામણી આપવાથી પુંડરિક ત્યાં આવ્યો અને પોતાના ભાઈની આવી હાલત જોઈ ઘણો ખેદ પામ્યો. ચિંતામણિરત્નતુલ્ય સંયમમાર્ગ પામ્યા પછી આ દશા? તેણે કંડરિકને સંયમમાં પુનઃ સ્થિર થવા ઘણું સમજાવ્યો, પણ કંડરિક સમજ્યો નહિ. તેને તો હવે ફરી સંસારમાં દાખલ થઈ તેનાં સુખો ભોગવવા હતાં. આથી પુંડરિકે તેને રાજ્ય સોંપ્યું.

કંડરિક તે જ દિવસે રાજધાનીમાં દાખલ થયો અને પોતાના મહેલે આવ્યો. આજે તો પેટ ભરીને ભાવતું ભોજન કરવું છે, એમ વિચારી તેણે અનેક જાતની સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવાનો રસોઈયાને હુકમ કર્યો અને તે તૈયાર થતાં આકંઠ ભોજન કર્યું. જ્યાં આસક્તિ તીવ્ર હોય, ત્યાં પ્રમાણનું ભાન ક્યાંથી રહે? સાંજ પડી અને તેના પેટમાં ચૂંક આવવા લાગી. પછી ઝાડા શરૂ થયા અને તે એકસરખા ચાલુ રહ્યા. કોઈએ તેના તરફ વિશેષ લક્ષ્ય આપ્યું નહિ, કારણ કે તે ચારિત્રથી પતિત થઈને આવ્યો હતો. આથી

કંડરિકને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થયું અને એ અવસ્થામાં જ મરણ પામીને તે સાતમી નરકે ઉત્પન્ન થયો.

આ બાજુ પુંડરિકને સંસાર પર ભારે વૈરાગ્ય આવ્યો, એટલે તેણે વિચાર કર્યો કે મારા ભાઇએ જે ઓઘો-મુહપત્તી અશોકવનમાં ઝાડની ડાળીએ લટકાવ્યાં છે, તે લઇને ગુરુ પાસે જાઉં અને ચારિત્ર લઉં. પછી તેણે અશોકવનમાં જઈ ઝાડની ડાળીએ બાંધેલાં ઓઘો-મુહપત્તી ગ્રહણ કર્યાં અને ચારિત્ર અંગીકાર કરવા ગુરુ સમીપે ચાલ્યો. ત્યાં રસ્તામાં ઉઘાડા પગે ચાલતાં લોહીની ધારાઓ છૂટી, છતાં તેનું મન સંયમમાંથી પાછું હઠયું નહિ. છેવટે તે શુભ ધ્યાનમાં જ મરણ પામ્યો અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. આ પરથી હે જીવ! અસંયમ અને સંયમનું પરિણામ સમજી લે અને સંયમમાર્ગે વિચરવાની ભાવના રાખ.

## ૮-સંવરભાવના

આશ્રવને રોકનારા ઉપાયો સંબંધી વિચારણા કરવી, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

આ ચિંતન એ રીતે કરવું ઘટે કે 'હે ચેતન! તું સમ્યક્ત્વ વડે મિથ્યાત્વનો નિરોધ કર, વ્રત-નિયમ વડે અવિરતિનો નિરોધ કર, પ્રબલ પુરુષાર્થ વડે પ્રમાદનો નિરોધ કર, ક્ષમા વડે ક્રોધનો નિરોધ કર, નમ્રતા વડે માનનો નિરોધ કર, સરલતા વડે માયાનો નિરોધ કર, સંતોષ વડે લોભનો નિરોધ કર અને (૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ

તથા (૩) કાયગુપ્તિ વડે મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓનો નિરોધ કર.

હે ચેતન! તું (૧) ઇર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ, (૩) એષણાસમિતિ, (૪) આદાન-નિક્ષેપ-સમિતિ અને (૫) પરિષ્ઠાપનિકા સમિતિ—એ પાંચ સમિતિનું સ્વરૂપ બરાબર સમજી લે અને તેના પાલનમાં ઉજમાળ થા.

હે આત્મન્! તું ગમે તેવા ઉગ્ર અને ઘોર પરિષહને પણ સમભાવે સહી લે. તું ક્ષુધા[1] પિપાસા[2], શીત[3] કે ઉષ્ણ[4] પરિષહથી પરાભવ ન પામ. તું ડંશ,[5] અચેલક,[6] અરતિ,[7] કે સ્ત્રી[8] પરિષહથી જરા પણ ચલિત ન થા. હે આત્મન્! તું ચર્યા,[9] નૈષેધિકી[10] અને શય્યા[11] પરિષહને સમભાવે વેઠી લે. વળી આક્રોશ,[12] વધ,[13] યાચના[14] કે અલાભ[15] પરિષહનો પ્રસંગ ઊભો થાય તો પૂર્વ મહર્ષિઓના ચરિત્રનો વિચાર કરી તેને જીતી લે. હે આત્મન્! રોગ,[16] તૃણસ્પર્શ,[17] મલ,[18] સત્કાર,[19] પ્રજ્ઞા,[20] અજ્ઞાન[21] અને સમ્યક્ત્વ[22] પરિષહ તારી કસોટી કરવાને ભલે આવે, પણ તું એનાથી જરાયે ડગીશ નહિ. જેમણે આ બાવીશ પરિષહો જીત્યા, તે જ ચારિત્રને પાળવામાં સફલ થયા અને જીવનની બાજી સુધારી શક્યા, માટે તું પણ બાવીશે ય પરિષહને સમભાવે સહી લે.

હે આત્મન્! તું દશ પ્રકારના યતિધર્મનું પાલન કર.

**खंति मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।**
**सच्चं सोअं अकिंचणं य, बंभं च जइधम्मो ॥**

(૧) ક્ષમા, (૨) માર્દવ, (૩) આર્જવ, (૪) મુક્તિ (નિર્લોભતા), (૫) તપ, (૬) સંયમ, (૭) સત્ય, (૮) શૌચ, (૯) અકિંચનતા અને (૧૦) બ્રહ્મચર્ય, એ દશ યતિધર્મો છે. આ દરેકનું મહત્ત્વ વિચારી તેને તારા જીવનમાં વણી લે.

હે જીવ! તું બાર ભાવનાઓનું નિત્ય સ્મરણ કર. ભવરૂપી રોગને મટાડવા માટે એ ઉત્તમ પ્રકારનું રસાયણ છે. વળી હે આત્મન્! તું (૧) સામાયિક, (૨) છેદોપસ્થાપનીય, (૩) પરિહારવિશુદ્ધિ, (૪) સૂક્ષ્મસંપરાય અને (૫) યથાખ્યાત એ પાંચે ય ચારિત્રનું સ્વરૂપ સમજી તેના પાલનમાં ઉદ્યત થા. જ્યાં સુધી તું ૩ ગુપ્તિ, ૫ સમિતિ, ૨૨ પરિષહ, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના અને ૫ ચારિત્ર એ રીતે ૫૭ પ્રકારવાળા સંવરનું સ્વરૂપ સમજીને તેને અનુસરીશ નહિ, ત્યાં સુધી તારો ભવનિસ્તાર શી રીતે થશે?

ગુપ્તિ-સમિતિ આદિ ૫૭ ભેદોનો વિચાર મુખ્યત્વે ત્યાગી પુરુષોએ કરવાનો છે. અહીં ગૃહસ્થ સાધકે એવો વિચાર કરવો ઘટે કે સંવરની સાધના માટે મહાપુરુષોએ સામાયિક, પ્રતિક્રમણ, પોષધ, જિનદર્શન, જિનપૂજા, ગુરુ-દર્શન આદિ જે જે ઉપાયો બતાવ્યા છે, તેનો હે જીવ! તું ખૂબ ખૂબ આદર કર અને તેનું બને તેટલું આરાધન કર.

## ૯-નિર્જરાભાવના

કર્મનિર્જરાના ઉપાયો સંબંધી ચિંતન કરવું, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

અહીં એમ વિચારવું ઘટે કે 'હે ચેતન! પૂર્વમહર્ષિ-ઓએ પોતાનાં કર્મો કેવી રીતે ખપાવ્યાં? તેનો વિચાર કર. એ મહર્ષિઓએ રાજ્યના મહાન વૈભવો છોડીને, શ્રીમંતાઈની અનેક સુખસગવડોનો ત્યાગ કરીને અથવા પ્રાપ્ત અધિકાર અને સાંસારિક અનુકૂલતાઓને જતી કરીને તપસ્વી જીવનનો સ્વીકાર કર્યો અને વિવિધ તપોનું આચરણ કર્યું, તો જ દુષ્કર કર્મોની નિર્જરા કરી શકયા, માટે તું પણ એ મહર્ષિ-ઓનાં પગલે ચાલી તપસ્વી થા અને તપનું યથાશક્તિ આચરણ કર.

'હે ચેતન! તપના વિચારથી તું કેમ ડરે છે? તને કાયાની માયા એવી તે કેવી વળગી પડી છે કે નાની સરખી તપશ્ચર્યા કરતાં પણ તું અચકાય છે? અરે મૂઢ! નરક, નિગોદ અને તિર્યંચના ભવમાં તેં જે કષ્ટો સહન કર્યાં છે, તેનો તો આ અંશમાત્ર નથી! એ બધાં કષ્ટો તેં અકામભાવે એટલે ઇચ્છા વિના સહન કર્યાં, પરંતુ હવે તપનું કષ્ટ સકામભાવે એટલે ઇચ્છાપૂર્વક સહન કરી લે, તો તારો ભવનિસ્તાર જરૂર થશે.

હે ચેતન! તું બને તેટલા ઉપવાસ (અણસણ) કર, ભોજન-વેળાએ ઊણોદરિકા કર અને વિવિધ પ્રકારના અભિગ્રહો ગ્રહણ કરીને તપશ્ચર્યામાં મગ્ન થા.

હે આત્મન્! તું છ યે રસનો–વિગઈઓનો સર્વથા ત્યાગ કર. જો બળિયો થઈશ તો એ કાર્ય મુશ્કેલ નથી, છતાં એમ ન જ બની શકે તો વધારેમાં વધારે રસોનો–વિગઈ-

એનો ત્યાગ કર અને છેવટે સર્વ ભોજ્ય પદાર્થોમાંથી રસવૃત્તિ તો છોડી જ દે.

હે ચેતન ! સંયમના નિર્વાહ અર્થે તું વિવિધ પ્રકારના કાયક્લેશને સમભાવે સહન કરી લે અને નિરવદ્ય એકાંત સ્થાનનો આશ્રય લઈને અંગોપાંગનું બને તેટલું સંગોપન કર તથા ઈન્દ્રિય અને કષાયનો જય કરવામાં ઉજમાળ થા.

હે આત્મન્ ! તું નાની મોટી ભૂલો માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને શુદ્ધ થા અને દેવ, ગુરુ, તથા ધર્મનો વિનય કરીને પવિત્ર થા.

હે ચેતન, તું આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, ગ્લાન, તપસ્વી, સ્થવિર, સાધર્મિક, કુલ, ગણ અને સંઘનું બને તેટલું વૈયાવૃત્ય કરીને કર્મની નિર્જરા કર.

હે ચેતન ! તું વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સદા રત રહીને તથા નમસ્કાર મહામંત્ર, અર્હંમંત્ર આદિનો જપ કરીને કર્મોની કુટિલ જાળને કાપી નાખ તથા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં આરૂઢ થઈને કર્મવૈરીના કટકને સર્વથા હણી નાખ.

હે આત્મારામ ! તું કાયાને એક સ્થાને સ્થિર કરીને, વાણીને મૌન વડે રોકીને તથા મનને ધ્યાનમાં જોડીને કાયોત્સર્ગમાં એવી રીતે મગ્ન થા કે ગમે તેવાં ઘોર કર્મો ક્ષણવારમાં ખરી પડે અને તું તારા મૂલ સ્વરૂપમાં પ્રકાશવા લાગ.

હે ચેતન! તને વધારે શું કહું? ઇચ્છાનો રોધ કરવો એ સર્વશ્રેષ્ઠ તપ છે, માટે સઘળી ઇચ્છાઓ, આકાંક્ષાઓ, અભિલાષાઓનો ત્યાગ કરી નિરીહ બન અને કર્મકલેશથી મુક્ત થઈને ચિદાનંદની મોજમાં મગ્ન થા.

હે આત્મન્!

**जं अन्नाणी कम्मं, खवेइ बहूयाहिं वासकोडिहिं।**
**तं नाणी तिहिं गुत्तो, खवेइ उसासमेत्तेणं ॥**

'અજ્ઞાની જે કર્મ ક્રોડો વર્ષે ખપાવે છે, તે જ કર્મ જ્ઞાની ત્રણ ગુપ્તિના બળથી એક શ્વાસોચ્છ્વાસ માત્રમાં ખપાવી શકે છે.'

એમ સમજીને તું જ્ઞાની થા-આત્મજ્ઞાની થા અને મનોગુપ્તિ, વચનગુપ્તિ તથા કાયગુપ્તિનું પૂરેપૂરું રહસ્ય જાણીને તેને અનુસરવાપૂર્વક સિદ્ધ-બુદ્ધ-નિરંજન થા.

## ૧૦-ધર્મસ્વાખ્યાતભાવના

સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવોએ ધર્મ સારી રીતે કહેલો છે, તેનું ફલ ઘણું મોટું છે, તેના મહિમાનો પાર નથી, વગેરે ચિંતવવું, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

અહીં એ રીતે વિચારવું ઘટે કે 'હે જીવ! જગબાંધવ શ્રી જિનેશ્વરદેવોએ લોકોના હિતાર્થે દાન, શીલ, તપ અને ભાવ, એ ચાર પ્રકારનો ધર્મ ઉપદેશ્યો છે. તેનું શ્રદ્ધાપૂર્વક પાલન કર.

હે આત્મન્! ધર્મ મંગલરૂપી કમલાનું કેલિસ્થાન,

કરુણાનું કેતન, શિવસુખનું સાધન, ભવભયનું બાધન અને જગતનો આધાર છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે ચેતન! ધર્મ એ અબંધુનો બંધુ છે, અસહાયનો સહાયક છે, અને સર્વ પ્રકારની ઈષ્ટસિદ્ધિને આપનારો છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે આત્મન્! ધર્મ આ ભવ તથા પરભવ બંનેમાં સુખકારી છે તથા ક્રમશઃ મુક્તિસુખને આપનારો છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે ચેતન! કામધેનુ, કલ્પવૃક્ષ કે ચિંતામણિરત્નથી જે ફલની પ્રાપ્તિ થાય છે, તે થોડો વખત જ સુખ આપે છે અને તે પણ અપૂર્ણ હોય છે, જ્યારે ધર્મના સેવનથી થતી ફલપ્રાપ્તિ ચિરકાલ સુધી સુખને આપનારી હોય છે અને તે સુખ પૂર્ણ હોય છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે આત્મન્! આ જગતમાં એવું તે કયું દુઃખ છે કે જે ધર્મના સેવનથી ન ટળે? અથવા આ જગતમાં એવું કયું સુખ છે કે જે ધર્મના સેવનથી ન મળે? તાત્પર્ય કે દુઃખને હારવાનો અને સુખને સાધવાનો સાચો ઉપાય ધર્મ છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે ચેતન! તું શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું શરણ સ્વીકાર, જેથી તારો ભવનિસ્તાર શીઘ્ર થશે.

હે આત્મન્! તું સર્વજ્ઞકથિત સત્યધર્મનું શરણ સ્વીકાર, તો તારો ભવનિસ્તાર શીઘ્ર થશે.

## ૧૧-લોકસ્વરૂપભાવના

લોક એટલે વિશ્વ, જગત્ કે દુનિયા. તેનું સ્વરૂપ જ્યાં સુધી મનમાં બરાબર વસ્યું ન હોય, ત્યાં સુધી નરક, સ્વર્ગ અને મોક્ષ વગેરેનાં સ્થાનો બરાબર સમજાતાં નથી અને ભૂવલય વિષે પણ તરેહ તરેહની શંકાઓ થાય છે. તેથી લોકસ્વરૂપ બરાબર સમજી લઈને તેનું ચિત્ર મનમાં અંકિત કરવું જોઇએ. એ ચિત્ર અંકિત કરવા માટે આ ભાવના ખૂબ ઉપયોગી છે.

તેમાં આ રીતે ચિંતવવું કે આ લોકરૂપી પુરુષ પગ પહોળા કરીને ઊભેલો છે અને તેણે પોતાના બે હાથ કેડ ઉપર રાખેલા છે. એક બીજાની નીચે વિસ્તીર્ણ છત્રાકારે રહેલી રત્નપ્રભા વગેરે સાતે નરકભૂમિઓ તેના બે પગનાં સ્થાને છે.

અસંખ્યાત દ્વીપ-સમુદ્રવાળો મધ્યલોક તથા સૂર્ય-ચંદ્રાદિ જ્યોતિષચક્રો તેના કંદોરાના સ્થાને છે. તેની ઉપર પહેલા, બીજા અને ત્રીજા-ચોથા દેવલોકની ઉપર બ્રહ્મલોક અર્થાત્ પાંચમો દેવલોક તેની બે કોણીઓ છે અને ઉપર બીજા સાત દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન અને છેવટે આવેલી સિદ્ધશિલા, એ તેના મસ્તકના સ્થાને છે.

કુલ ચૌદ રજ્જુપ્રમાણ ઊંચો આ લોક અનાદિ, અનંત, અકૃત્રિમ અને શાશ્વત છે. તથા ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવ એ છ દ્રવ્યોથી ભરેલો છે. તેની

ચારે બાજુ અલોકાકાશ આવેલું છે, અર્થાત્ આ લોક આકાશના એક ભાગમાં જ અવસ્થિત છે.

આ લોકમંડપરૂપી રંગમંડપમાં આત્મા એ નટ છે અને કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ તથા ઉદ્યમ એ પાંચ સમવાય-કારણોરૂપી વાજિંત્રોએ નચાવ્યા મુજબ નાચે છે.

હે ચેતન ! ચર અને સ્થિર, જંગમ અને સ્થાવર વસ્તુથી ભરેલા આ લોકનું સ્વરૂપ તું બરાબર સમજી લે. આ લોક દ્રવ્યથી નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત અને પર્યાયથી અનિત્ય છે, ચલ છે, અસ્થિર છે.

હે આત્મન ! આ લોકનો કોઈ પણ ભાગ એવો નથી કે જ્યાં તું કર્મવશાત્ ઉત્પન્ન થયો ન હોય. આ લોકના સર્વ ભાગમાં તારું ભ્રમણ ચાલુ જ રહ્યું છે.

હે ચેતન ! આ લોકના મથાળે રહેલી સિદ્ધશિલા તરફ જ તારી દૃષ્ટિ રાખ. તારે એક દિવસ ત્યાં જ પહોંચવાનું છે.

## ૧૨-બોધિદુર્લભભાવના

આ જીવને બોધિલાભ થવો દુર્લભ છે, એમ ચિંતવવું, એ આ ભાવનાનો મુખ્ય વિષય છે.

અહીં વિચારની ધારા એ રીતે વહેવી જોઈએ કે આ જીવને મનુષ્યત્વ, કર્મભૂમિ, આર્યદેશ, ઉત્તમ કુલ, શરીર અને ઇન્દ્રિયોનું પૂરું સામર્થ્ય, દીર્ઘ આયુષ્ય, સદ્ગુરુનો યોગ, શાસ્ત્રશ્રવણ અને બોધિની પ્રાપ્તિ ઉત્તરોત્તર ઘણી દુર્લભ છે.

હે જીવ ! તું મનુષ્યપણું શી રીતે પામ્યો ? પ્રથમ નિગોદ અવસ્થામાં હતો, ત્યાં અનંત પુદ્‌ગલપરાવર્તનકાલ સુધી ઝડપથી જન્મ-મરણ કર્યાં અને અનંત દુઃખ ભોગવ્યું. પછી તું પૃથ્વીકાયાદિ સ્થાવરપણું પામ્યો અને તેમાં અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીઓ વ્યતીત કરી. પછી ત્રસપણું પામ્યો અને અસંખ્યાત કાલ સુધી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય તથા ચઉરિન્દ્રિયના ભવો કર્યા. પછી પંચેન્દ્રિયમાં પ્રવેશ કર્યો અને નરક તથા તિર્યંચ અવસ્થામાં ઘણા કાલ સુધી દુઃખનો અનુભવ કરી છેવટે તું મનુષ્યભવ પામ્યો, તેથી જ શાસ્ત્રકારોએ તેને દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે.

મનુષ્યપણું પામ્યા પછી કર્મભૂમિમાં અને તેમાં યે આર્યદેશમાં જન્મ પામવો દુર્લભ છે, તે પણ તું પામ્યો. આર્યદેશમાં પણ ઉત્તમ કુલની પ્રાપ્તિ થવી દુર્લભ છે, તે પણ તને પ્રાપ્ત થઈ. તેમાં પણ શરીર અને ઇન્દ્રિયોનું પૂરું સામર્થ્ય હોવું દુર્લભ છે, તે પણ તને પ્રાપ્ત થયું. શરીર અને ઇન્દ્રિયોનું પૂરું સામર્થ્ય હોય, પણ આયુષ્ય અતિ અલ્પ હોય તો શું થઈ શકે ? ઘણા માણસો ગર્ભાવસ્થામાં મરણ પામે છે અથવા જન્મ પામ્યા પછી થોડા જ વખતમાં વિવિધ રોગોના ભોગ બની મૃત્યુને આધીન થાય છે, ત્યારે તું તો દુર્લભ એવું દીર્ઘાયુષ્ય પણ પામ્યો.

આ બધું પામવા છતાં જૈનધર્મની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. તને જૈનધર્મની પ્રાપ્તિ થઈ, એ તારું પરમ

સૌભાગ્ય માન અને અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ તથા સર્વજ્ઞ-કથિત ધર્મના સિદ્ધાંતોમાં પૂરેપૂરી શ્રદ્ધા રાખ.

જૈન મહર્ષિઓએ બોધિ અર્થાત્ સમ્યક્ત્વને ચિંતામણિ-રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક કહેલ છે, તેનો મર્મ તું વારંવાર વિચાર. ખરેખર! આ જગતમાં બોધિ અર્થાત્ સમ્યક્ત્વ જેવી સુંદર વસ્તુ કોઈ પણ નથી. જો સમ્યક્ત્વ હોય તો જ્ઞાન અને ક્રિયા સફલ છે, માટે હે જીવ! તું સમ્યક્ત્વમાં બરાબર સ્થિર થા.

## ચાર ભાવનાઓ

આ બાર ભાવનાઓ ઉપરાંત મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ પણ ભાવવા યોગ્ય છે. તેમાં સર્વ જીવોને મિત્ર સમાન ગણવા, એ મૈત્રીભાવના છે; ગુણવાનને જોઈ રાજી થવું, એ પ્રમોદભાવના છે; દીન-દુઃખી જીવો પ્રત્યે કરુણા–અનુકંપા ધારણ કરવી, એ કારુણ્ય ભાવના છે અને પાપી–અધર્મી જીવો પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ ધારણ કરવી, એ માધ્યસ્થ ભાવના છે.

આ ચાર ભાવનાઓનો સંક્ષેપ કરવો હોય તો એક મૈત્રીભાવનામાં થઈ શકે છે, કારણ કે ઊંડે ઊંડે મિત્રતાની ભાવના નથી, ત્યાં પ્રમોદ ઉપજી શકતો નથી; કરુણા સ્ફુરતી નથી કે માધ્યસ્થભાવ અનુભવી શકાતો નથી.

મૈત્રીભાવનું મૂલ નીચેની વિચારણામાં રહ્યું છેઃ 'જેવો હું તેવા બીજા. જેમ મને સુખ ગમે છે, તેમ બીજાને

પણ સુખ ગમે છે; જેમ મને જીવવું પ્રિય છે, તેમ બીજાને પણ જીવવું પ્રિય છે; તો મારાથી કોઇને પણ ધિક્કારી કેમ શકાય? તિરસ્કારી કેમ શકાય? તેના વ્યાજબી હક્કો પર તરાપ કેમ મારી શકાય? કોઈની હિંસા કરીને, કોઈને દુ:ખી કરીને, કોઈના ભોગે સુખી થવાની મનોવૃત્તિ એ હરગીઝ મિત્રતાનું ચિહ્ન નથી. માટે ચૌદ લોકના સકલ જીવો પ્રત્યે મારી મિત્રતા છે. હું કોઇનો ય વૈરી નથી, કોઈનો ય દુશ્મન નથી. મારાં સુખ-દુ:ખ એ મારાં પોતાનાં જ કર્મોનું ફલ છે. સહુ સુખી થાઓ, સહુ ન્યાયી થાઓ, સહુ કલ્યાણના માર્ગને અનુસરો.

મૈત્રીગુણથી ક્ષમાનો ગુણ વિકાસ પામે છે, નમ્રતા પણ આવે છે, સરલતા પણ પ્રાપ્ત થાય છે અને સંતોષ પણ અનુભવી શકાય છે. જેમકે બધાજ મિત્રો છે, ત્યાં કોના પર ક્રોધ? શા માટે ક્રોધ? જ્યાં બધા સમાન છે, ત્યાં અભિમાન કેવું? અને શા માટે? જ્યાં મિત્રતા વર્તે છે, ત્યાં જુદાઇ કેવી? કપટ કેવું? અને જ્યાં બધા સમાન છે, ત્યાં કોઈની પાસેથી કોઈ પણ વસ્તુ લેવાની તૃષ્ણા રહેતી નથી. તાત્પર્ય કે ક્રોધાદિ કષાયો આ ભૂમિકા પર બલરહિત થઈ જાય છે, તેથી ચિત્તવૃત્તિનું શોધન થાય છે, એટલે જે સાધક આ કક્ષાએ પહોંચ્યો હોય, તે ક્રોધ કરતો નથી, પણ ગમે તે સ્થિતિમાં શાંત જ રહે છે; પોતાનાં રૂપ, ગુણ કે ઐશ્વર્યનું અભિમાન કરતો નથી, પણ નિરભિમાન રહે છે; તે કોઈ પણ જાતની કપટક્રિયા કરવાનું વલણ ધરાવતો

નથી, પણ સરલતાને જ સજે છે અને તેની પાસે કોઈ પણ જાતની માલ-મિલકત ન હોય કે સાધનો અપર્યાપ્ત હોય, તો પણ તે સંતોષનું પરમ સુખ અનુભવે છે. એને કોઈ વાતનું દુઃખ હોતું નથી કે કોઇ પ્રત્યે કોઈ પ્રકારનો અણગમો હોતો નથી. કોઈ પણ સ્થિતિમાં તે આનંદ જ માણે છે, શાંતિ અનુભવે છે અને અપૂર્વ સામર્થ્યનો સ્વામી હોઈ પોતાના આત્મા સિવાય કોઈની પણ અપેક્ષા રાખતો નથી.

તેથી જ જૈન ધર્મમાં સર્વ જીવો સાથે મૈત્રી રાખવાનો પ્રબલ અનુરોધ કરાયો છે અને ક્ષમાપના-સ્વરૂપે તેને આચારમાં પણ સ્થાન અપાયેલું છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-ભાવના શબ્દનું મૂળ શેમાં છે!

ઉત્તર-ભાવ શબ્દમાં. જે ભાવવામાં આવે તે ભાવના.

પ્રશ્ન-ભાવ એટલે?

ઉત્તર-ભાવ એટલે વિચાર, સ્મરણ, ઈચ્છા, રુચિ, ઉલ્લાસ, ગુણ વગેરે. તાત્પર્ય કે એના અર્થો અનેક છે.

પ્રશ્ન-તેમાંથી કયો અર્થ ભાવનામાં ઊતર્યો છે?

ઉત્તર-તેમાંથી વિચાર અને સ્મરણ એ બે અર્થો ભાવનામાં ઉતરેલા છે.

પ્રશ્ન-તે શી રીતે?

ઉત્તર-જે ભવવૈરાગ્યાદિ નિમિત્તે વારંવાર વિચારવામાં આવે, તે ભાવના. અથવા જેના પુનઃ પુનઃ સ્મરણ વડે આત્મા મોક્ષાભિમુખ થાય, તે ભાવના.

પ્રશ્ન-ભાવના વસ્તુરૂપે શું છે?

ઉત્તર-શુભ વિચારવાળી એક પ્રકારની મનોવૃત્તિ. વિશેષતાથી કહીએ તો જે મનોવૃત્તિ શુભ વિચારવાળી હોય અને આત્માને મોક્ષનો અભિલાષી બનાવવાપૂર્વક વૈરાગ્યાદિ સંયમસાધના પ્રત્યે દોરી જતી હોય તેને ભાવના જાણવી.

પ્રશ્ન-આવી ભાવના એક હોય તો ન ચાલે? તેના બાર જેટલા પ્રકારો શા માટે?

ઉત્તર-જો એક ભાવનાથી કામ ચાલતું હોત તો તેના વધારે પ્રકારો પાડવામાં આવત નહિ, પણ અનુભવે એમ સમજાયું કે મનના જુદા જુદા પ્રકારનાં વિપરીત વલણોને સાનુકૂલ કરવા હોય તો ભાવનાઓ જુદા જુદા પ્રકારની જોઇએ. એ રીતે બાર ભાવનાઓનું આયોજન થયું અને તે કાર્યસાધક નીવડતાં તેનો પ્રચાર થયો.

પ્રશ્ન-શું બધાં શાસ્ત્રોમાં બાર ભાવનાઓનાં નામ આ પ્રમાણે મળે છે?

ઉત્તર-ના. કોઇકમાં ફરક પણ આવે છે. પરંતુ પ્રથમના નવ નામોમાં કે તેના ક્રમમાં કશો ફેર નથી. તે પછીનાં નામ અને ક્રમમાં થોડો ફેર આવે છે. દાખલા તરીકે અહીં યોગશાસ્ત્ર વગેરેના આધારે રજૂ થયેલી નામાવલિમાં-

(૧૦) ધર્મસ્વાખ્યાત ભાવના,

(૧૧) લોકસ્વરૂપભાવના,

(૧૨) બોધિદુર્લભ ભાવના છે, ત્યારે નવતત્ત્વ-પ્રકરણમાં અપાયેલી ગાથાઓ અનુસાર-

(૧૦) લોકસ્વભાવભાવના,

(૧૧) બોધિદુર્લભભાવના,

(૧૨) અર્હદ્દુર્લભભાવના છે.

આમાં લોકસ્વરૂપ અને બોધિદુર્લભ ભાવનાના ક્રમમાં ફેર છે અને ધર્મસ્વાખ્યાતભાવનાના નામમાં ફેર છે; પણ તેમાં તાત્ત્વિક તફાવત નથી. ધર્મસ્વાખ્યાતભાવનામાં સર્વજ્ઞ ભગવંતોએ ધર્મ સારી રીતે કહેલો છે, એટલે તેનું શરણ અંગીકાર કરવાની ભાવના કરવાની છે, જ્યારે અર્હદ્દુર્લભ ભાવનામાં ધર્મના સાધક-ઉત્પાદક-ઉપદેશક એવા અરિહંત આદિની પ્રાપ્તિ પણ મહાદુર્લભ છે, એમ વિચારી તેમનું શરણ સ્વીકારવાનું છે અને તેમણે ઉપદેશેલા ધર્મમાં શ્રદ્ધાન્વિત થવાનું છે. અહીં અરિહંતની સાથે ગણધર, કેવલી, પ્રત્યેકબુદ્ધ, પૂર્વધર અને પાંચ પ્રકારના આચારને ધારણ કરનાર આચાર્યને પણ દુર્લભ માની તેમના પ્રત્યે ભક્તિવંત થવાનું છે અને તેમની પરંપરા દ્વારા જે ધર્મ પ્રાપ્ત થયો, તેને નિષ્ઠાપૂર્વક અનુસરવાનો છે, એટલે તાત્ત્વિક દૃષ્ટિએ તેમાં ખાસ તફાવત નથી.

પ્રશ્ન-શરીરને અનિત્ય ચિંતવતાં તેના તરફ ઉપેક્ષા થાય અને એ રીતે આરોગ્ય બગડે, એ સંભવિત ખરું કે નહિ?

ઉત્તર-શરીરને અનિત્ય ચિંતવવું યોગ્ય છે, પણ તેના તરફ ઉપેક્ષા કરી તેનું સ્વાસ્થ્ય બગડે, આરોગ્ય કથળે એવી

સ્થિતિ ઊભી કરવી યોગ્ય નથી, કારણ કે એ સ્થિતિમાં ધર્મ, અધ્યાત્મ કે યોગની સાધના યથાર્થપણે થવાનો સંભવ નથી. શરીર અનિત્ય છે, માટે તેને ફિટાડવું નહિ, તેની પાછળ પાગલ બનવું નહિ, પણ સંયમ, તપ વગેરે વડે તેને કાબૂમાં રાખવું અને તેનું સ્વાસ્થ્ય જાળવી રાખવું.

પ્રશ્ન-અશરણ ભાવના એક પ્રકારની હતાશા તો ન જન્માવે ?

ઉત્તર-અશરણ ભાવના આ સંસારની સાચી સ્થિતિ શું છે ? તેનો ખ્યાલ આપે છે. જેઓ આપણને ખરેખર શરણ આપી શકે એવા નથી, તેને આપણે શરણ્ય માની બેઠા છીએ અને જે ખરેખર શરણ આપી શકે એવા છે, તેના તરફ આપણું લક્ષ્ય નથી. આ ભાવના તેમાં સંગીન સુધારો કરે છે અને આપણને સાચા શરણ્ય પ્રત્યે લઈ જાય છે કે જેનું શરણ સ્વીકારતાં દરેક પ્રકારની હતાશાનો અંત આવે છે અને પરમપદપ્રાપ્તિની મહાન આશાનો સૂર્ય સોળે કળાએ ચમકવા લાગે છે.

પ્રશ્ન-શું સંસારમાં કંઈ જ સાર નથી ?

ઉત્તર-મોહજન્ય ભ્રમને લીધે સંસારમાં સાર દેખાય છે, પણ જ્ઞાનદૃષ્ટિએ તેમાં કંઈ સાર નથી. જેનું આખરી પરિણામ દુઃખ, શોક અને સંતાપમાં આવે, તેમાં સાર શી રીતે મનાય ? દુઃખ, શોક અને સંતાપનું નિવારણ કરવા માટે તો ધર્મ-અધ્યાત્મ-યોગનો માર્ગ ગ્રહણ કરવાનો છે.

પ્રશ્ન-આત્માનું એકલપણું ન ચિંતવીએ તો ન ચાલે?

ઉત્તર-'હું' એકલો આવ્યો છું ને એકલો જવાનો છું, તેથી મારા આત્માનું હિત કરી લેવું જોઈએ.' એ વિચાર દૃઢ થયા વિના વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી કે આધ્યાત્મિક વિકાસમાં આગળ વધી શકાતું નથી, તેથી આત્માનું એકલપણું ચિંતવવાની જરૂર છે.

પ્રશ્ન-સ્વજન, પરિવાર, ધનદોલત તો સ્પષ્ટપણે જુદા દેખાય છે, એટલે તેનાથી અન્યત્વ માની શકાય, પણ દેહ, ઇંદ્રિયો અને મન તો આત્મા સાથે જોડાયેલા છે, તેને અન્ય શી રીતે મનાય?

ઉત્તર-દેહ, ઇન્દ્રિયો અને મન કર્મના સંયોગે આત્મા સાથે જોડાયેલા છે, પણ વાસ્તવમાં તે જડ હોવાથી આત્માથી અન્ય છે, ભિન્ન છે. જો તે ભિન્ન ન હોય તો સદા આત્માની સાથે રહે, પણ ભવાંતરમાં આમાંની કોઈ વસ્તુ સાથે આવતી નથી, તે બધી યે અહીં જ પડી રહે છે, માટે તેને આત્માથી અન્ય માનવી, એ બરાબર છે.

પ્રશ્ન-જો શરીર અશુચિનું ઘર જ હોય તો આપણે તીર્થંકર ભગવંતના શરીરને શા માટે પૂજીએ છીએ?

ઉત્તર-શરીર અશુચિનું ઘર છે, એમાં તો કોઈ શંકા જ નથી. આપણે પોતે પ્રતિપળ તેનો અનુભવ કરીએ છીએ. તીર્થંકર ભગવંતના શરીરની વાત જુદી છે, કારણ કે તે યોગસિદ્ધ મહાત્મા હોવાથી તેમના મલ, મૂત્ર, થૂંક, પેશાબ વગેરે પણ ઔષધિરૂપ હોય છે. વળી તેમણે એ શરીર વડે

સામાયિકના જેવા સર્વશ્રેષ્ઠ રાજયોગની સાધના કરી કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત કર્યાં તથા લાખો મનુષ્યોને ધર્મોપદેશ કરી તેમનું કલ્યાણ કર્યું, તેથી એ શરીર પૂજવા યોગ્ય ગણાયું છે. તીર્થંકર ભગવંતનાં નવ અંગોની પૂજા થાય છે, તે દરેકનું મહત્ત્વ શ્રી વીરવિજયજી મહારાજે નવ અંગપૂજાના દુહામાં સારી રીતે બતાવ્યું છે, એટલે અહીં તેનું વિવેચન કરતા નથી.

પ્રશ્ન-સંવર અને નિર્જરા ભાવનાની વિશેષતા શી છે?

ઉત્તર-સામાયિકયોગની સાધનામાં જે કંઇ કરવા જેવું છે, તેની પૂરી રૂપરેખા તેમાં આવી જાય છે. જ્યારે યોગ શબ્દની વિશેષ પ્રસિદ્ધિ ન હતી, ત્યારે જૈનોની યોગ પ્રણાલિકા મુખ્યત્વે સંવરમાર્ગ તરીકે ઓળખાતી હતી. આજે પણ ઘણા સામાયિકને સંવર તરીકે ઓળખે છે.

પ્રશ્ન-સંવર અને નિર્જરાની ભાવના પુષ્ટ કર્યા પછી ધર્મની ભાવના પુષ્ટ કરવાની જરૂર રહે ખરી?

ઉત્તર-હા. સંવર અને નિર્જરા કરતાં ધર્મભાવનાનું ક્ષેત્ર ઘણું વિશાલ છે અને તે મોક્ષસાધનાના દરેક અંગોને પુષ્ટિ આપે છે, તેથી ધર્મભાવનાની-ધર્મસ્વાખ્યાતભાવનાની ખાસ જરૂર છે.

પ્રશ્ન-લોક એટલે વિશ્વ, જગત કે દુનિયાના સ્વરૂપ વિષે આજે ઘણો વિવાદ છે, એટલે તેના સ્વરૂપનું ચિંતન ન કરીએ તો?

ઉત્તર-લોકના સ્વરૂપ વિષે પહેલાં પણ મતભેદો હતા, આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેવાના, કારણ કે એ વિષય ઘણો રહસ્યમય છે. આમ છતાં તેના સ્વરૂપચિંતનનું વિધાન કરાયું છે, એટલે આપણા માટે તે વિહિત છે. આ પ્રમાણે લોકસ્વરૂપનું ચિંતન કરવાથી આપણા મનમાં તેનું એક ચિત્ર ખડું થાય છે અને તેમાં શ્રદ્ધાન્વિત થતાં તેનું ડહોળાણ અટકી જાય છે, તેથી લોકસ્વરૂપભાવનાનું ચિંતન પણ જરૂરી છે.

પ્રશ્ન-બોધિને અતિ દુર્લભ ચિંતવવાથી લાભ શો ?

ઉત્તર-બોધિને અતિ દુર્લભ ચિંતવવાથી તેને શીઘ્ર પ્રાપ્ત કરી લેવાનો ઉત્સાહ જાગે છે અને તેથી આધ્યાત્મિક વિકાસની પ્રગતિને અનેરો વેગ મળે છે.

[ ૨૦ ]

# આર્ત–રૌદ્રધ્યાનનો ત્યાગ

સમત્વની–સમભાવની સાધના માટે જે સાધનો કે ઉપાયોનો ક્રમ નિયત થયેલો છે, તેને આપણે અનુસરી રહ્યા છીએ. તેમાં પ્રથમ ઉપાય તરીકે અધ્યાત્મની વિસ્તૃત વિચારણા કરી ગયા અને બીજા ઉપાય તરીકે બાર ભાવનાની વિગતો ઝીણવટથી તપાસી ગયા. હવે ત્રીજા ઉપાય ધ્યાન પર આવીએ.

ધ્યાનની સામાન્ય વ્યાખ્યા એવી છે કે 'ध्यायते चिन्त्यते वस्त्वनेनेति ध्यानम्। જેનાથી વસ્તુનું ચિંતન કરાય, તેને ધ્યાન કહેવાય.' અહીં સ્પષ્ટતા એટલી કે વસ્તુના સામાન્ય ચિંતનને ધ્યાન કહેવાતું નથી, પણ જેના વડે ચિત્તની સ્થિરતા થાય, એવા ધારાબદ્ધ કે સતત ચિંતનને ધ્યાન કહેવાય છે.

જ્ઞાનની પ્રક્રિયામાં જેમ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની ત્રિપુટી હોય છે, તેમ ધ્યાનની પ્રક્રિયામાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની ત્રિપુટી હોય છે. ધ્યાતા એટલે ધ્યાન ધરનારી વ્યક્તિ; ધ્યેય એટલે ધ્યાનનું આલંબન અથવા જેનું ધ્યાન ધરવાનું છે, તે વસ્તુ

અને ધ્યાન એટલે ધ્યેયની સિદ્ધિ અર્થે ધ્યાતા દ્વારા કરવામાં આવતી વિશિષ્ટ પ્રવૃત્તિ. જો ધ્યાતા ન હોય તો ધ્યાન કોણ ધરે ? જો ધ્યેય ન હોય તો ધ્યાન શેનું ધરાય ? અને ધ્યાતા વિદ્યમાન હોય તથા ધ્યેય નિશ્ચિત હોય, પણ ધ્યાનની ક્રિયા યથાર્થ રીતે થાય નહિ, તો ધ્યાન શી રીતે સંભવે ? તેથી ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની ત્રિપુટી માનવામાં આવી છે. અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે ધ્યાનની ઉચ્ચ અવસ્થામાં આ ત્રિપુટી એક થઈ જાય છે, કારણ કે તેમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનો કશો ભેદ રહેતો નથી, પરંતુ ધ્યાનનો વિષય સમજવા માટે આ ત્રિપુટી કામની છે, તેથી અહીં તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

ધ્યાનના મુખ્ય બે પ્રકારો છે : (૧) અશુભ અને (૨) શુભ. તેમાં અશુભ ધ્યાનના બે પ્રકારો છે: (૧) આર્તધ્યાન અને (૨) રૌદ્રધ્યાન. તથા શુભધ્યાનના પણ બે પ્રકારો છે : (૧) ધર્મધ્યાન. અને (૨) શુક્લધ્યાન. જ્યાં ચતુર્વિધ ધ્યાનનો ઉલ્લેખ આવે, ત્યાં આ ચાર ધ્યાનો સમજવાનાં છે.

આ ચાર પ્રકારનાં ધ્યાનોમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ઘણા કર્મબંધનાં કારણો છે અને એ રીતે સંસારસાગરમાં અતિ દીર્ઘકાલ સુધી રખડાવનારાં છે, તેથી તે હેય એટલે છોડવા યોગ્ય-ત્યાગ કરવા યોગ્ય મનાયેલાં છે. તાત્પર્ય કે જેને ધર્મપરાયણ થવું છે, આધ્યાત્મિક વિકાસ કરવો છે કે સામાયિક યોગની સિદ્ધિમાં આગળ વધવું છે, તેણે તો આ બંને ધ્યાનોનો ત્યાગ અવશ્ય કરવો જ જોઈએ.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ તેમનું સ્વરૂપ સમજ્યા વિના થાય નહિ, તેથી પ્રથમ તેમનું સ્વરૂપ સમજી લઈએ. અર્તિ એટલે પીડા તેનાથી જે ધ્યાન ઉત્પન્ન થાય, તે આર્તધ્યાન. તેના ચાર પ્રકારો માનવામાં આવ્યા છેઃ (૧) **અનિષ્ટ વસ્તુસંયોગ-આર્ત્તધ્યાન.** કોઈ પણ અનિષ્ટ વસ્તુ આવી પડતાં તે દૂર કયારે થાય? તેનું સતત (ધારાબદ્ધ) ચિંતન કરવું તે. (૨) **ઇષ્ટવિયોગ-આર્ત્તધ્યાન.** કોઈ પણ ઇષ્ટ કે મનને અનુકૂલ વસ્તુ ચાલી જતાં તેની પુનઃ પ્રાપ્તિ માટે સતત ચિંતન કરવું અથવા તો તેના વિયોગના વિચારથી ઝૂરવું તે. (૩) **પ્રતિકૂલવેદના-આર્ત્તધ્યાન** શારીરિક પીડા, માનસિક પીડા કે કોઈ રોગની ઉત્પત્તિ થતાં તેને દૂર કરવાનું સતત ચિંતન કરવું તે. (૪) **ભોગલાલસા આર્ત્તધ્યાન**-ભોગની તીવ્ર લાલસાને વશ થઈ અપ્રાપ્ત ભોગોને પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ કરવો અને મનને તેમાં જ જોડાયેલું રાખવું તે. આર્તધ્યાન છોડવાનો અર્થ એ છે કે આ ચારે ય પ્રકારના ધ્યાન છોડવા જોઈએ.

સમજણ ખીલવવામાં આવે અને સત્સંગ રાખવામાં આવે તો આ ધ્યાનો છોડવાનું કામ અઘરૂં નથી, પણ લોકોનો મોટો ભાગ અજ્ઞાનમાં ડૂબેલો છે અને સત્સંગની દરકાર કરતો નથી, એટલે ત્યાં આ ધ્યાનનું સામ્રાજ્ય વ્યાપેલું છે.

આર્તધ્યાનને વશ પડેલો મનુષ્ય એમ વિચારે છે કે 'હું દુઃખી છું, બિચારો છું, બાપડો છું, મારું આ જગતમાં કોઈ નથી! અરેરે શું થવા બેઠું છે? આવી રીતે મારાથી શી રીતે જીવાશે?' તેથી તે હતાશ થાય છે. વધારે સ્પષ્ટ

કહીએ તો આ પ્રકારના ધ્યાનથી-આ પ્રકારના ચિંતનથી તેનું ખમીર તૂટી જાય છે અને તે વ્યાવહારિક કે ધાર્મિક કોઈ પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગ લઈ શકતો નથી.

અહીં તેણે એવા વિચારો કરવા જોઇએ કે 'મારો પુણ્યોદય જબરો, એટલે મને દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય ભવ મળ્યો, આર્યદેશ મળ્યો, પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા મળી, દીર્ઘ આયુષ્ય + મળ્યું અને અતિ ઉત્તમ એવા જૈન કુલની પ્રાપ્તિ પણ થઈ. વળી હું કેવો બડભાગી કે મને અરિહંત દેવ મળ્યા, નિર્ગ્રંથ ગુરુ મળ્યા અને સર્વજ્ઞકથિત મંગલમય ધર્મ મળ્યો! જો હું આ સામગ્રીનો યથાર્થ ઉપયોગ કરું તો ભયાનક ભવસાગર અવશ્ય તરી જાઉં.

મારી પાસે સંપત્તિ ઓછી છે, સાધનો ટાંચાં છે, તે એક રીતે સારું જ થયું. જેટલો પરિગ્રહ ઓછો, તેટલું પાપ ઓછું. મારે જીવવા માટે આથી વધારે શું જોઇએ? ધન-સંપત્તિ, માલ-મિલકત તથા કુટુંબ-પરિવાર બધું અહીં જ પડી રહેવાનું છે, તેથી તેમાં મોહગ્રસ્ત થવું ઉચિત નથી.

હું અનંત જ્ઞાન અને અનંત શક્તિવાળો આત્મા છું અને ધારું તો સકલ વિશ્વને ડોલાવી શકું તેમ છું, તેથી મારે નિરાશ થવાની-હતાશ થવાની જરૂર નથી. હે આત્મન્!

---

× કેટલાક મનુષ્યો ગર્ભાવસ્થામાં જ મરી જાય છે, તો કેટલાક જન્મ્યા પછી થોડા જ વખતે મરી જાય છે, એ દૃષ્ટિએ પચીસ-પચાસ વર્ષનું આયુષ્ય પણ દીર્ઘ છે.

તું વીર થા અને બધી બાજી સુધારી લે. તારા જેવી હાલત-માંથી અનેક મનુષ્યોએ ઉન્નતિ સાધી છે, તો હું કેમ ઉન્નતિ સાધી નહિ શકું ?

કેટલાક એમ માને છે કે 'આવા વિચારો કરવાથી શું થાય ?' પણ વિચારોની અસર આપણા જીવન પર અવશ્ય થાય છે. જો વિચારો સારા હોય તો તેની અસર સારી થાય છે અને ખરાબ હોય તો ખરાબ થાય છે. તેથી જ કહેવાયું છે કે 'याद्दशी भावना यस्य, सिद्धिर्भवति ताद्दशी' જેની જે પ્રકારની ભાવના–વિચરાધારા હોય, તેની તે પ્રમાણે સિદ્ધિ થાય છે. અમે **'સંકલ્પસિદ્ધિ'** ગ્રંથમાં આ વસ્તુ અંગે ઘણું વિવેચન કરેલું છે, તે જિજ્ઞાસુઓએ અવશ્ય જોવું.

હવે ચારે ય પ્રકારના આર્તધ્યાનનો ક્રમશઃ વિચાર કરીએ. શેઠ અણગમતા મળ્યા, નોકર અણગમતો મળ્યો, ઘર અણગમતું મળ્યું, પાડોશી અણગમતો મળ્યો, વસ્ત્ર–આભૂષણ અણગમતાં મળ્યાં કે કોઈ અણગમતી વ્યક્તિએ નજીક આવી ધામા નાખ્યા, તો તે ક્યારે દૂર થાય ? એ વિચારમાં આત્મા ચડી જાય છે અને 'અકરમીનો પડિયો કાણો'. 'જ્યાં જાય ઉકો ત્યાં સમુદ્ર સૂકો' વગેરે ઉક્તિઓ યાદ કરી તે વિષાદ કે દુઃખનો અનુભવ કરવા લાગે છે. તેને આપણે પ્રથમ પ્રકારનું અનિષ્ટ વસ્તુવિયોગ–આર્ત્તધ્યાન સમજવું જોઈએ, કારણ કે તેમાં અનિષ્ટ વસ્તુનો વિયોગ કેમ થાય ? તેનું ચિંતન સ્થિરતા પકડે છે. અહીં એમ વિચારવું ઘટે કે મનુષ્યને બધું પુણ્યાઈ પ્રમાણે મળે છે.

મારી જે જાતની યોગ્યતા હતી, તે પ્રમાણે મને મળ્યું. એમાં મારે ખોટું લગાડવું શા માટે? દુઃખનો અનુભવ કરવો શા માટે? વળી સમય સમયનું કામ કરે છે, એટલે યોગ્ય સમય આવશે, ત્યારે બધું ઠીક થઈ જશે, મનગમતું થઈ જશે, તેથી આ બાબતમાં મારે કંઈ પણ વિમાસણ કરવાની જરૂર નથી.

પ્રિયજનનું મૃત્યુ થતાં કે સંપત્તિ–અધિકાર ચાલ્યો જતાં અથવા અતિપ્રિય વસ્તુ ખોવાઈ જતાં શોક–સંતાપ કરવો એ બીજા પ્રકારનું ઈષ્ટવિયોગ–આર્તધ્યાન છે. પ્રિય-જનનું મૃત્યુ થતાં મનને–હૃદયને આઘાત લાગે, એ સ્વાભાવિક છે, પણ તે માટે વિલાપો કરવાથી કે ઝૂરવાથી શું વળવાનું છે? એ વિચારવાનું છે. શું નાના પ્રકારના વિલાપો કરવાથી કે અત્યંત ઝૂરવાથી મૃત્યુ પામેલી વ્યક્તિ સજીવન થાય છે ખરી! કે પરલોકમાંથી પાછી આવે છે ખરી? જે જન્મે છે, તે અવશ્ય મરે છે. મૃત્યુ કોઈને છોડતું નથી. મહાપુરુષો પણ એક દિવસ ચાલ્યા ગયા, તો સામાન્ય માનવીની વાત શી? આવા આવા વિચારો કરી મનને શાંત સ્વસ્થ રાખવું ઘટે છે.

ધનનાશનો પ્રસંગ ઉપસ્થિત થતાં ઘણા માણસો શોક–સંતાપ કરવા લાગે છે અને એ રીતે આર્તધ્યાનમાં ચડી જાય છે. તેનાથી લાભ તો કશો થતો નથી, ઊલટું શરીર બગડે છે, મનની સ્વસ્થતા ઓછી થઈ જાય છે અને નિત્ય નિયમોમાં પણ સ્ખલનાઓ થવા લાગે છે. કેટલાક

મનુષ્યો આવા પ્રસંગે અફીણ ઘોળે છે, વિષપાન કરે છે કે બીજી કોઈ રીતે જીવનનો અંત આણે છે, તે ઇચ્છવા યોગ્ય નથી. આવી રીતે અપમૃત્યુ પામનારની ગતિ બગડે છે અને ભવભ્રમણ વધે છે. આવા પ્રસંગે સુજ્ઞ મનુષ્યોએ એમ વિચારવું ઘટે કે 'લક્ષ્મી સ્વભાવે અતિ ચંચલ છે, તે કદી ઠરીને ઠામ બેસતી નથી. આજે આ ઘર, તો કાલે પેલું ઘર, એમ સ્થાન બદલ્યા જ કરે છે. મોટા મોટા રાજાઓ તથા ધનકુબેરોને પણ તેણે હાથતાલી આપી દીધી, તો આપણે કોણ માત્ર! જ્યાં સુધી પુણ્ય તપતું હતું, ત્યાં સુધી તે સાથે રહી અને પુણ્યનો ભંડાર ખૂટ્યો કે તે ચાલતી થઈ, તો શોક-સંતાપ કરવાથી શું? જો હિમ્મત હારીશું તો આ જીંદગીમાં ફરી કદી ઊંચા આવીશું નહિ, એટલે હિમ્મત રાખીને સારા દિવસની રાહ જોવી, એ જ આપણા માટે શ્રેયસ્કર છે.

અતિ પ્રિય વસ્તુ ખોવાઈ જતાં, ચોરાઈ જતાં કે ઝુંટવાઈ જતાં માણસોને ઘણું લાગી આવે છે, પરંતુ ત્યાં પણ શોક-સંતાપનો આશ્રય ન લેતાં ધૈર્યનું અવલંબન લેવું અને મનને સ્વસ્થ રાખવું, એ જ હિતાવહ છે.

આ કાયા અનેક પ્રકારના રોગોથી ભરેલી છે. તેમાંથી ક્યારે કેવો રોગ ફૂટી નીકળશે? તે કહી શકાતું નથી. સનત્કુમાર ચક્રવર્તીની કાયા કંચનવરણી હતી, છતાં થોડી જ વારમાં તેમાંથી સોળ મહારોગો ફૂટી નીકળ્યા અને તે કદરૂપી બની ગઈ! તેથી તેનો શોક-સંતાપ કરવો નકામો

છે. શારીરિક કે માનસિક પીડા ઉત્પન્ન થતાં 'અરેરે ! વોય વોય ! બાપલિયા મરી ગયો !' વગેરે શબ્દો બોલવા માંડીએ તો એ વેદના અનેક ગણી વધી જાય છે. આવા વખતે જો નમસ્કારમંત્ર કે ઉવસગ્ગહરંસ્તોત્રમાં મનને જોડી દઈએ અને તેની ગણના કરવા લાગીએ તો એ પીડાની કંઈ પણ અસર થતી નથી. આ વસ્તુ અમે અનેક વાર અનુભવેલી છે. આમાં જરૂર છે માત્ર વિચારોનું વહેણ બદલવાની. તે નમસ્કારમંત્ર કે ઉવસગ્ગહરંસ્તોત્રમાં મનને જોડી દેતાં અવશ્ય બદલાય છે.

અમે એવા મનુષ્યોને જોયા છે કે જેમને કેન્સર અથવા બીજા ભારે દર્દ લાગુ પડ્યા હોય, છતાં મુખમાંથી એક પણ અરેકારો નીકળ્યો ન હોય. તેમને મળીએ ત્યારે મુખ પર પૂર્વવત્ શાંતિ અને સ્વસ્થતાનાં જ દર્શન થાય અને વાતચીત પણ ખૂબ જ વ્યવસ્થિત કરે. તેમના જીવનમાંથી આપણે બોધ લઈએ તો પ્રતિકૂલવેદના નામના ત્રીજા આર્તધ્યાનમાંથી બચી શકીએ અને એ રીતે ભારે કર્મબંધનમાંથી ઉગરી જઈએ.

ભોગની તીવ્ર લાલસાથી પણ મનુષ્યના મનમાં અજંપો-અશાંતિ જાગે છે અને 'મને અમુક પ્રકારની ભોગસામગ્રી ન મળી' તેનો વિષાદ કે તેનું દુઃખ પણ થાય છે. આને આપણે ચોથા પ્રકારનું ભોગલાલસા આર્ત્તધ્યાન સમજવું જોઈએ. કેટલીક વાર તો મનુષ્યો અપ્રાપ્ત ભોગોને પ્રાપ્ત કરવા માટે પોતાના તપ-જપ પણ હોડમાં મૂકી દે છે, એટલે કે

નિયાણું બાંધે છે અને એ રીતે આર્તધ્યાનની ચુંગાલમાં આવી જાય છે. જો કામભોગની નિઃસારતા સમજાય તો તેને માટે મન તલસે નહિ કે તે મેળવવાનો દૃઢ સંકલ્પ કરવામાં આવે નહિ. તેથી જરૂરનું એ છે કે કામભોગની નિઃસારતા ચિંતવવી. તે માટે 'રાગ છોડો' પ્રકરણમાં ભગવાન મહાવીરની જે વાણી આપી છે, તેના પર વારંવાર ચિંતન-મનન કરવું.

આટલા વિવેચન પરથી આર્તધ્યાનનો ત્યાગ શા માટે કરવો જોઈએ ? તે સમજાયું હશે. હવે રૌદ્રધ્યાન પર આવીએ. રૌદ્ર એટલે ભયંકર પરિણામોમાંથી જે ધ્યાન પ્રકટ થાય, તેને રૌદ્રધ્યાન કહેવાય. તેના પણ ચાર પ્રકારો મનાયેલા છે, તે આ પ્રમાણે : (૧) **હિંસાનુબંધી-રૌદ્રધ્યાન** હિંસા-સંબંધી સતત ચિંતન કરવું તે. (૨) **અનૃતાનુબંધી-રૌદ્રધ્યાન**-અનૃત એટલે અસત્ય કે જૂઠ. તે સંબંધી સતત ચિંતન કરવું તે. (૩) **સ્તેયાનુબંધી-રૌદ્રધ્યાન**-સ્તેય એટલે અદત્તાદાન કે ચોરી. તે સંબંધી સતત ચિંતન કરવું તે. (૪) **વિષયસંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન**-વિષયભોગની સામગ્રીનું રક્ષણ કરવા સતત ચિંતન કરવું તે. કેટલાક ગ્રંથોમાં આ ચાર ધ્યાનોને અનુક્રમે હિંસાનંદ રૌદ્રધ્યાન, અનૃતાનંદ-રૌદ્રધ્યાન, ચૌર્યાનંદ રૌદ્રધ્યાન તથા સંરક્ષણાનંદ-રૌદ્રધ્યાન પણ કહેવામાં આવ્યાં છે. અનુબંધ આનંદ કે રસને આભારી છે, એટલે તેમાં કોઈ તાત્ત્વિક તફાવત નથી. રૌદ્રધ્યાન છોડવાનો અર્થ એ છે કે આ ચારે ય પ્રકારનાં રૌદ્રધ્યાનો છોડવાં જોઈએ.

જો શાસ્ત્રશ્રવણ, સત્સંગ આદિથી સમજણ સુધરે તો આ ધ્યાનો જરૂર છોડી શકાય, પણ આજે કેટલા મનુષ્યો સર્વજ્ઞપ્રણિત શાસ્ત્રોનું શ્રવણ કરે છે? કેટલા મનુષ્યો સાધુ-મહાત્માઓ કે જ્ઞાનીઓનો સંગ કરે છે? 'બહુ થોડા' એ તેનો ઉત્તર છે અને તેથી જ સમાજના મોટા ભાગ પર આ ધ્યાનનું પ્રભુત્વ છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે જોડિયા ધ્યાનો છે, એટલે કે જ્યાં આર્ત-ધ્યાન હોય, ત્યાં કોઈ ને કોઈ સ્વરૂપે રૌદ્રધ્યાન આવી જાય અને જ્યાં રૌદ્રધ્યાન હોય, ત્યાં કોઇ ને કોઈ સ્વરૂપે આર્તધ્યાન પણ આવી જાય. જો આર્તધ્યાન નહિ તો રૌદ્રધ્યાન નહિ અને રૌદ્રધ્યાન નહિ તો આર્તધ્યાન પણ નહિ. દુઃખ, નિરાશા કે હતાશામાંથી માણસને ક્રોધ જન્મે છે, એટલે કે તેના પરિ-ણામો રૌદ્ર બને છે અને તે હિંસા, જૂઠ, ચોરી વગેરે પ્રવૃત્તિઓ કરવા તત્પર બને છે. તે જ રીતે રુદ્ર બનીને હિંસા, જૂઠ, ચોરી વગેરે ભયંકર કર્મો કરનારા આખરે આર્ત બની જાય છે અને દુઃખના નિસાસા નાખવા લાગે છે.

મહમ્મદ ગીઝનીએ સાત વાર ભારત પર ચડાઈ કરી હતી અને અનેક પ્રકારનાં ક્રૂર કર્મો આચરીને પુષ્કળ દોલત એકઠી કરી હતી, પણ જ્યારે અંતસમય આવ્યો ત્યારે તે હીરા-મોતી, સુવર્ણ આદિના ઢગલા પર બેસીને પોકે ને પોકે રોવા લાગ્યો કે 'અરેરે! આમાંનું મારી સાથે કંઈ પણ નહિ આવે? શું હું ખાલી હાથે જ ચાલ્યો જઇશ અને

તેણે જવાની વખતે પોતાના હાથ સહુ દેખે તેમ ખુલ્લા રાખવા સૂચન કર્યું હતું !

હવે રૌદ્રધ્યાનના આ ચારે ય પ્રકારોનો ક્રમશઃ પરિચય કરીએ. પોતાના હાથે કે બીજાના હાથે એક જીવને કે જીવના સમુદાયને પીડા કરવી, કદર્થના કરવી કે તેમનો નાશ કરવો અને તેમ કરીને આનંદ પામવો, એ પ્રથમ પ્રકારનું હિંસાનુબંધી કે હિંસાનંદ રૌદ્રધ્યાન છે. કેટલાક માણસોનો સ્વભાવ જ એવો નિર્દય બની ગયો હોય છે કે તેઓ જાણી જોઈને જીવોને પીડા કરે છે, સામા જીવો ઘણા ઘણા રિબાય-દુઃખી થાય, તેવી કદર્થના કરે છે અને છેવટે તે જીવોને મારી પણ નાખે છે; અને તેમ કરીને તે રાજી થાય છે, ખુશી થાય છે, હર્ષ પામે છે કે બીજા આગળ બડાઈ હાંકે છે. તેમની આસપાસનું વાતાવરણ પણ એવું જ હોય છે કે જ્યાં તેમને ઘડીભર શાંતિથી વિચાર કરવાનું સૂઝે નહિ. જો તેઓ બુદ્ધિ વાપરી વિચાર કરે તો જરૂર સમજે કે નાનો સરખો કાંટો વાગતાં મને ઘણું દુઃખ થાય છે, તો જેમને હું ભાલા-બરછીથી વીંધું છું, જેમનાં હું છરા કે તલવાર વડે જુદાં જુદાં અંગો કાપી નાખું છું કે જેમને હું જીવતા ભડભડાટ અગ્નિમાં હોમી દઉં છું, તેમને કેટલું દુઃખ થતું હશે ? મારા સ્વાર્થ કે શોખ ખાતર પ્રાણીઓની આ રીતે હિંસા-કદર્થના કરવી યોગ્ય નથી.

ઇન્દ્રિયો તથા મનની તૃપ્તિ કરવારૂપ સ્વાર્થસાધના માટે અસત્ય વચનને આગળ કરી સામા જીવોનો નાશ થાય,

ત્યાં સુધીની પ્રવૃત્તિ કરવી અને તેમાં આનંદ માનવો, એ બીજા પ્રકારનું અનૃતાનુબંધી કે અનૃતાનંદ નામનું રૌદ્રધ્યાન છે. જૂઠું બોલી બીજાને છેતરવા, નુકશાનમાં ઉતારવા તથા અનેક પ્રકારની મુશ્કેલીઓમાં ધકેલી દેવા, એ એક પ્રકારનો દુષ્ટ વ્યવહાર છે. કેટલાક મનુષ્યો તો પોતાના પાંચ રૂપિયાના ફાયદા માટે જૂઠું બોલીને સામાને પાંચ હજારના નુકશાનમાં ઉતારતાં પણ અચકાતા નથી, તેમનું હૃદય કેવું-કેટલું કઠોર હશે? સ્વાર્થસાધના માટે અસત્ય શાસ્ત્રોની રચના કરી લોકોને ઠગવા અને તેમનો અનુચિત લાભ લેવો, એ પણ એટલું જ નિંદ્યકૃત્ય છે. જૂઠી સાક્ષી આપીને સામાનો કેસ લૂલો કરવો, બનાવટી દસ્તાવેજો તૈયાર કરીને કોઈ પર ખોટા કેસો કરવા કે બનાવટી પત્રો યા ચિત્રો ઊભા કરીને કોઈને ફસાવી દેવા, એ પણ ઘણું અધમ કૃત્ય છે. તાત્પર્ય કે આ પ્રકારનાં કામો કરતાં તેની વિચારધારા ચાલે છે, તે સંબંધી વારંવાર ચિંતન કરવું પડે છે તથા કોઈ વાર પોતાના સાગરીતો સાથે મળી લંબાણ મસલતપૂર્વક કાવતરાં પણ ઘડવાં પડે છે. તે બધાનો સમાવેશ આ બીજા પ્રકારના રૌદ્રધ્યાનમાં સમજવો.

ચોરી કરવાના વિચારો કરવા, તેની યોજનાઓ ઘડવી, તે પાર પાડવામાં મશગુલ રહેવું, અને તેમાં વિઘ્ન કરનારનો નાશ કરી આનંદ પામવો, એ ત્રીજા પ્રકારનું સ્તેયાનુબંધી કે ચૌર્યાનંદ નામનું રૌદ્રધ્યાન છે. ચોરીના અનેક પ્રકારો છે, જે વિજ્ઞાનના વધવા સાથે નવો ઓપ-નવો આકાર પામી

રહ્યા છે. સીનેમાની ફિલ્મો જોઇને સારા ઘરના છોકરાઓ કે યુવાનોએ ચોરી કર્યાના કિસ્સાઓ વર્તમાનપત્રમાં છપાઈ રહ્યા છે. આ બધું શું બતાવે છે? આપણા મહાપુરુષોએ ધર્મ અને અધ્યાત્મના પ્રચાર વડે લોકજીવનમાં નીતિનું જે ચણતર કર્યું હતું, તે આજે કડડભૂસ થઈ રહ્યું છે! 'માલિકે આપ્યા વિના કોઇ વસ્તુ આપણાથી લેવાય જ નહિ,' એ આપણો દૃઢ સંસ્કાર હતો અને તેથી આપણે ત્યાં ચોરી નામની જ હતી. કોઇ વ્યક્તિ કુસંસ્કારને લીધે એ રસ્તે ચડી જતી તો સમાજ તેની નફરત કરતો અને તેને તરત જ ઠેકાણે લાવી દેવાના ઉપાયો અજમાવતો. આજે ચોરીનું પ્રમાણ ખૂબ વધ્યું છે અને મઠ-મંદિરો જેવી સંસ્થા પણ તેનો શિકાર બની રહી છે, તો બીજાનું પૂછવું જ શું? ચોરીને મહાન દુર્ગુણ તથા દુર્ગતિનો દરવાજો માનીને તેનાથી દૂર રહેવામાં જ આપણું શ્રેય છે. જેણે ચોરી છોડી છે, તેને ચોરી કરવાના વિચારો આવે જ નહિ કે તે સંબંધી ચિંતન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય જ નહિ, તેથી સુજ્ઞજનોએ જીવનભર કદી કોઇ પ્રકારની ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ.

ઘણો આરંભ-સમારંભ કરીને, ઘણી લડાઈઓ લડીને, તેમજ ઘણા જીવોનો ઘાત કરીને જે ધન, ધાન્ય, પૃથ્વી, પશુ તથા સ્ત્રી વગેરે વિષયભોગની સામગ્રી મેળવી છે, તેના રક્ષણ અંગે સતત ચિંતા કરવી, યોજના ઘડવી તથા પ્રસંગ

પડચે લડવાની તૈયારી રાખવી, એ ચોથું વિષયસંરક્ષણાનુબંધી કે સંરક્ષણાનંદ નામનું રૌદ્રધ્યાન છે.

જે મનુષ્યોએ વિષયભોગમાં જીવનની સાર્થકતા માની છે, તેમને વિષયભોગની સામગ્રી એકત્ર કરવામાં એક પ્રકારનો આનંદ આવે છે. તે માટે તેઓ ગમે તેવાં સાહસો ખેડવા તૈયાર થાય છે અને વખત આવ્યે શત્રુસમૂહ કે કે વિરુદ્ધ પક્ષ સાથે લડી પણ લે છે. તેમને આ સામગ્રી પરત્વે અત્યંત મમત્વ બંધાય છે અને તેમાંથી કોઈ કંઈ લઈ ન જાય તે માટે તકેદારી રાખે છે, એટલે તેમને આ સામગ્રી–સંરક્ષણના વિચારો આવ્યા જ કરે છે અને એ રીતે તેઓ આ ચોથા પ્રકારના રૌદ્રધ્યાનના ભોગ બને છે. પ્રથમ તો ઘણો આરંભ–સમારંભ કરીને જરૂર કરતાં વધારે ધન–ધાન્ય કે માલ મિલકત મેળવવી એ ખોટું છે. પછી તેના રક્ષણ માટે હિંસા, અસત્ય, જૂઠ વગેરેનો આશ્રય લેવો એ પણ ખોટું છે. એના કરતાં મનુષ્યે સંતોષવૃત્તિ કેળવીને જરૂર જેટલું જ મેળવવું અને તેમાં આનંદ પામવો, એ ડહાપણભરેલી નીતિ છે. એ પ્રમાણે વર્તનારને આ પ્રકારના રૌદ્રધ્યાનનો પ્રસંગ આવતો જ નથી, અથવા તો ભાગ્યે જ આવે છે.

આટલા વિવેચન પરથી રૌદ્રધ્યાનના ચારે ય પ્રકારનું સ્વરૂપ સમજાયું હશે. આપણો જીવ તેના પનારે પડી ન જાય, એ ખાસ જોવાનું છે.

આર્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ ધર્મધ્યાનનો માર્ગ મોકળો કરી આપે છે કે જેનો પરિચય આપણે આગામી પ્રકરણમાં કરીશું.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–ધ્યાન એ શું છે?

ઉત્તર–એક પ્રકારની ક્રિયા.

પ્રશ્ન–તેની ગણના શેમાં થાય છે?

ઉત્તર–અભ્યંતર તપમાં.

પ્રશ્ન–અભ્યંતર તપમાં શા માટે?

ઉત્તર–તેનાથી આત્માની વિશેષ પ્રકારે શુદ્ધિ થાય છે માટે તેની ગણના અભ્યંતર તપમાં થાય છે. છ પ્રકારનાં અભ્યંતર તપોમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે. જેમકે–

**पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ।**
**झाणं उस्सग्गोवि अ, अब्भिंतरओ तवो होइ॥**

'પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, **ધ્યાન** અને ઉત્સર્ગ, એ છ અભ્યંતર તપો છે.'

પ્રશ્ન–શું બધાં ધ્યાનોની ગણના અભ્યંતર તપમાં થાય છે?

ઉત્તર–ના. અશુભ ધ્યાન એટલે આર્તધ્યાન અને રૌદ્ર-ધ્યાનની ગણના અભ્યંતર તપમાં થતી નથી. તેનાથી તો આત્મા વધારે **અશુદ્ધ–મલિન–અપવિત્ર બને** છે. જ્યારે શુભ-

ધ્યાન એટલે ધર્મધ્યાન અને શુક્લધ્યાનની ગણના અભ્યંતર તપમાં થાય છે.

પ્રશ્ન–કેટલાક સ્થળે માત્ર ધ્યાન શબ્દનો જ પ્રયોગ કરેલો હોય છે, ત્યાં શું સમજવું ?

ઉત્તર–જો ઉપાદેયના અધિકારે ધ્યાન શબ્દનો પ્રયોગ થયેલો હોય તો ત્યાં શુભ ધ્યાન સમજવું અને હેયના અધિકારે ધ્યાન શબ્દનો પ્રયોગ થયેલો હોય તો ત્યાં અશુભ ધ્યાન સમજવું.

પ્રશ્ન–ભાવનામાં અને ધ્યાનમાં ફેર શો ?

ઉત્તર–ભાવનામાં ભાવશુદ્ધિ કે વિચારશુદ્ધિ નિમિત્તે ચિંતન હોય છે, પણ તે એકધારું હોતું નથી, જ્યારે ધ્યાનમાં એકધારું ચિંતન હોય છે કે જેનાથી મન અમુક વખત સ્થિરતા અનુભવે છે.

પ્રશ્ન–શું આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પણ ચિત્ત સ્થિરતા અનુભવે ખરું ?

ઉત્તર-હા. તેમાં પણ ચિત્ત ચોંટી જાય, લીન થાય, એટલે સ્થિરતા અનુભવે, પણ એ સ્થિરતા વિશેષ કર્મને ખેંચનારી–આત્મા સાથે બંધ પમાડનારી હોય છે.

પ્રશ્ન–આવી સ્થિરતા કેટલો વખત રહે ?

ઉત્તર–વધારેમાં વધારે અંતર્મુહૂર્ત, એટલે કે અડતાલીશ મીનીટ.

પ્રશ્ન–પછી સ્થિરતા ન થાય ?

ઉત્તર–પછી સ્થિરતા થાય ખરી, પણ અડતાલીશ મીનીટ પૂરી થયે ચિંતનનો વિષય બદલાય અને ત્યાર પછી પાછો મૂળ વિષય શરૂ થઈ તેના પર સ્થિરતા–એકાગ્રતા જામે. ધ્યાનપરાયણ મહાપુરુષોનો અનુભવ આ પ્રકારનો છે.

પ્રશ્ન–દુઃખી માણસો દુઃખના વિચારો કરે, એમાં ખોટું શું ?

ઉત્તર–દુઃખના વિચારો કરવાથી દુઃખ વધારે લાગે છે અને પરિણામે નિરાશા, નાસીપાસી કે હતાશા જન્મે છે, તેથી દુઃખી માણસે પણ દુઃખના વિચારો કરવા યોગ્ય નથી. તેણે એ દુઃખ ઓછું થાય, એવા વિચારો કરવા જોઈએ. જૈન શાસ્ત્રો અને સદ્‌ગુરુ તેનું શિક્ષણ આપે છે.

પ્રશ્ન–દુઃખના કોઈ વિચારો આવી જાય, તો તે આર્ત-ધ્યાન ગણાય ?

ઉત્તર–ના. છૂટક વિચારોની ગણના ધ્યાનમાં થતી નથી. જ્યારે દુઃખના વિચારની ધારા કે દુઃખના વિચારનો પ્રવાહ ચાલે, ત્યારે તેની ગણના આર્ત્તધ્યાનમાં થાય. રૌદ્ર-ધ્યાનમાં પણ આમ જ સમજી લેવું.

પ્રશ્ન–પ્રિયજનનું મૃત્યુ થયું હોય અને આપણે શોક–સંતાપ પ્રકટ ન કરીએ તો દુનિયા શું કહે ?

ઉત્તર–પ્રથમ વિચાર આપણા કર્તવ્યનો કરવાનો. દુનિયાનો વિચાર પછી કરવાનો. જો આવા પ્રસંગે આર્તધ્યાન કરવું ઇષ્ટ ન માનતા હોઇએ તો ન જ કરવું. આપણા બીજા

વ્યવહારો પરથી દુનિયા સાચી પરિસ્થિતિ સમજી લેશે. લોકલાજે આપણે ઘણા યે ખોટા રિવાજોને પોષણ આપ્યું છે, પણ હવે તેને હિમ્મતથી છોડવા જોઇએ.

પ્રશ્ન–વેદના ઘણી ભારે હોય અને સહન થઈ શકતી ન હોય તો શું કરવું ?

ઉત્તર–તેનો ઉપાય આ પ્રકરણમાં બતાવેલો જ છે. એ વખતે મનને નમસ્કારમંત્ર, ઉવસગ્ગહરંસ્તોત્ર કે કોઇ પણ ઇષ્ટિમંત્રમાં જોડી દેવું, એથી વેદના જરૂર ભૂલાઈ જશે અથવા તો અતિ હળવી બની જશે. આ પ્રયોગ અમે કરેલો છે તથા બીજી વ્યક્તિઓ પાસે કરાવેલો છે અને તેમાં સફલતા મળેલી છે.

પ્રશ્ન–પણ મન એમાં ચોંટે જ નહિ તો ?

ઉત્તર–આવા પ્રસંગે બીજા પાસે મંત્ર કે સ્તોત્ર ખૂબ શુદ્ધિ અને ભાવપૂર્વક બોલાવવા. વૈરાગ્યમય સ્તવન-સજ્ઝાયોનો પણ તે માટે ઉપયોગ થઈ શકે. આજે તો એ પ્રકારની રેકર્ડો પણ મળે છે, તેનો લાભ પણ લઇ શકાય.

પ્રશ્ન–વર્ષો સુધી જપ-તપ કરવા છતાં અપ્રાપ્ત ભોગોને ભોગવવાની લાલસા કેમ જાગતી હશે ?

ઉત્તર–જ્યાં સુધી મોહનીય કર્મનો ક્ષય થયો ન હોય ત્યાં સુધી કોઇ પ્રબલ નિમિત્ત મળી જતાં તેના સંસ્કારો જાગ્રત થાય છે અને આવું પરિણામ આવે છે. તેથી મુખ્ય ધ્યાન મોહનીયકર્મનો ક્ષય કરવા તરફ આપવાનું છે.

પ્રશ્ન—આ જગતની ઘણી ખરાબી તો હિંસા, જૂઠ અને ચોરીથી થાય છે, તેને અટકાવા માટે શું કરવું જોઇએ ?

ઉત્તર—તે માટે ત્યાગી—વૈરાગી મહાપુરુષો દ્વારા ધર્મનો સચોટ ઉપદેશ અપાવો જોઈએ અને તેને લગતા સાહિત્યનુ સર્જન—પ્રકાશન તથા તેનો વ્યવસ્થિત પ્રચાર કરવો જોઇએ.

[ ૨૧ ]

## ધર્મધ્યાનનો અભ્યાસ

ચાર પ્રકારના ધ્યાનોમાં બે છોડવા યોગ્ય છે અને બે આદરવા યોગ્ય છે. તેમાંથી બે છોડવા યોગ્ય ધ્યાનો અંગે ગત પ્રકરણમાં વિસ્તૃત વિચારણા થઈ ગઈ. જ્યાં સુધી આ બે અશુભ ધ્યાનો છૂટે નહિ, ત્યાં સુધી આધ્યાત્મિક વિકાસ થવો અશક્ય છે. બે પગમાં લોખંડની ભારે બેડીઓ પડી હોય તો પ્રવાસ થઈ શકે ખરો ? અથવા ગળામાં પત્થરની બે મોટી શિલાઓ બાંધી હોય તો તરી શકાય ખરું ? આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનને લોખંડની બેડી કે પત્થરની શિલા જેવા જ સમજો. સામાયિકમાં આ બે અશુભ ધ્યાનોનો ત્યાગ કરવાની તાલીમ મળે છે, એ તેની વિશેષતા છે. પરંતુ આ તાલીમ પૂરેપૂરી સફલ તો ત્યારે જ થાય કે જ્યારે તેની સામે ધર્મધ્યાનની ધ્વજા ફરકવા લાગે. તેથી સામાયિકમાં સ્વાધ્યાયના આદેશપૂર્વક ધર્મધ્યાનનો અભ્યાસ કરવો આવશ્યક છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે ધર્મધ્યાનનો

અભ્યાસ સામાયિક સિવાયના કાલમાં પણ અનુકૂલ સમયે અને અનુકૂલ સ્થાને થઈ શકે છે. ' ગોળ તો જ્યારે ખાઈએ ત્યારે ગળ્યો લાગે ' એની માફક ધર્મધ્યાન જ્યારે પણ કરીએ, ત્યારે તેનું પરિણામ સુંદર આવે છે, એટલે કે તેનાથી સંયમ અને તપની વૃદ્ધિ થાય છે અને કર્મરૂપી કટક દૂમ દબાવીને ભાગવા માંડે છે.

જેનો આત્મા અધ્યાત્મથી રંગાયો હોય અને ભાવનાઓના સેવન વડે સારી રીતે શુદ્ધ થયેલો હોય, તે ધર્મ-ધ્યાન સારી રીતે કરી શકે છે અને તેમાં ઝડપથી આગળ વધી શકે છે. અમે પૂર્વ પ્રકરણોમાં આધ્યાત્મ અને ભાવના અંગે જે વિવેચનો કરેલાં છે, તેના પરથી પ્રજ્ઞાવંત પાઠકોને આ વસ્તુનો ખ્યાલ જરૂર આવી ગયો હશે.

ધર્મસંબંધી જે ધ્યાન, તે ધર્મધ્યાન. પરંતુ ધર્મ શબ્દથી શું સમજવું, તે વિચારણીય છે. આ જગતમાં ધર્મની વ્યાખ્યા અનેક પ્રકારે થયેલી છે, તેમાં જૈન મહર્ષિ-ઓએ ધર્મની વ્યાખ્યા આ પ્રકારે કરેલી છે: ' જે પ્રાણી-ઓને દુર્ગતિમાં જતાં ધારી રાખે, એટલે કે રોકે અને સદ્ગતિમાં સ્થાપન કરે, તે ધર્મ કહેવાય.' ધર્મ શબ્દ ધૃ ધાતુ પરથી બનેલો છે અને તે ધારણાનો અર્થ બતાવે છે, તે પરથી તેની વ્યાખ્યા આ પ્રકારે કરવામાં આવી છે. હવે સર્વજ્ઞ ભગવંતોએ જે ધર્મ કહ્યો છે, તે આ પ્રકારનો છે, એટલે આપણે તેને જ સત્ય માનીને ચાલવાનું છે અને

તે સંબંધી જે એકાગ્ર ચિંતન કરીએ, તેને ધર્મધ્યાન સમજવાનું છે.

જેમ આર્તધ્યાનના ચાર પ્રકારો છે, રૌદ્રધ્યાનના ચાર પ્રકારો છે, તેમ ધર્મધ્યાનના પણ ચાર પ્રકારો છે અને શુકલધ્યાનના પણ ચાર પ્રકારો છે. આ રીતે ચારનો આંક ધ્યાનમાં પ્રતિષ્ઠા પામેલો છે. ધ્યાનના આ પ્રકારો યોજવાનું મુખ્ય કારણ તો એ છે કે તેમાં ચિંતન કરવા યોગ્ય પદાર્થોનું વ્યવસ્થિત ચિંતન થઈ શકે. આપણે તેના પર જ મુખ્ય લક્ષ્ય આપીએ અને ભળતા તર્કોથી બચીએ.

ધર્મધ્યાનના ચાર પ્રકારો આ પ્રમાણે સમજવા: (૧) **આજ્ઞાવિચયધર્મધ્યાન** – જિનેશ્વર ભગવંતોની આજ્ઞા અંગે એકાગ્ર ચિંતન કરવું તે. (૨) **અપાયવિચયધર્મધ્યાન**–રાગ–દ્વેષ અને ક્રોધાદિ કષાયોથી થતા અપાયો સંબંધી એકાગ્ર ચિંતન કરવું તે. (૩) **વિપાકવિચયધર્મધ્યાન** –કર્મના શુભાશુભ વિપાક સંબંધી એકાગ્ર ચિંતન કરવું તે. અને (૪) **સંસ્થાનવિચયધર્મધ્યાન** – સંસ્થાન એટલે લોકના સ્વરૂપ સંબંધી એકાગ્ર ચિંતન કરવું તે.

ધર્મધ્યાનના આ ચાર પ્રકારો પૈકી પ્રથમ આજ્ઞાવિચય ધર્મધ્યાનનો પરિચય મેળવીએ.

અહીં એમ ચિંતન કરવું ઘટે કે ' आणाए धम्मो ' શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાઓનું યથાર્થ પાલન કરવામાં જ ધર્મ રહેલો છે. એ આજ્ઞા બહારનું કોઈ પણ કામ કરવું એ ધર્મ નથી, બલ્કે અધર્મ છે. શ્રી જિનેશ્વરદેવ સર્વજ્ઞ

અને સર્વદર્શી હતા, વળી તેમને આ જગતમાં કોઈ પણ જાતનો સ્વાર્થ ન હતો, એટલે તેઓ કદી અસત્ય બોલે નહિ. તેમણે ધર્મસંબંધી જે ઉપદેશ આપ્યો છે, ધર્મ-સંબંધી જે આજ્ઞાઓ કરી છે, તે કેવલ લોકહિતાર્થે કરી છે, એટલે મારા માટે તે છેલ્લો શબ્દ છે. મારે તેના પર પુનઃ પુનઃ ચિંતન કરવું જોઈએ અને તેમાં પૂરેપૂરા શ્રદ્ધાન્વિત થવું જોઈએ.

'तं सच्चं तं निस्संकं जं जिणेहिं पवेइयं–તે સત્ય છે અને તે નિઃશંક છે કે જે શ્રી જિનેશ્વરદેવોએ કહેલું છે.' એટલે મારા હૃદયના તાર તારમાં તે વણાઈ જવું જોઇએ. તેમાં સ્વપ્ને પણ શંકા થવી ન જોઇએ.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાઓ યુક્તિથી બાધા ન પામે એવી છે, પૂર્વાપર વિરોધ વિનાની છે, સર્વનું હિત કરનારી છે અને સર્વના કલ્યાણ માટે યોજાયેલી છે. વળી તે પાપરહિત છે, પૂર્ણ પવિત્ર છે, મહાન અર્થવાળી છે, સર્વ સંશયોને છેદનારી છે અને ઉત્કૃષ્ટ મંગલમય છે, તેથી તેને શ્રદ્ધાપૂર્વક અનુસરવામાં જ મારું નિતાન્ત કલ્યાણ છે.

અહીં એમ પણ વિચારવું ઘટે કે ભગવાને જીવ અને અજીવ તત્ત્વનું સ્વરૂપ બરાબર જાણી લેવાની આજ્ઞા કરી છે, તે પ્રમાણે મેં એ બે તત્ત્વોનું સ્વરૂપ જાણી લીધું ખરું? ભગવાને પાપ, આશ્રવ અને બંધ, એ ત્રણ તત્ત્વોનું સ્વરૂપ જાણીને તેને છોડવાનું કહ્યું છે, તો મેં એ ત્રણ તત્ત્વોનું સ્વરૂપ બરાબર જાણ્યું ખરું? અને તેમને છોડયાં ખરાં?

ભગવાને મોક્ષ સામે નજર રાખીને સંવર અને નિર્જરા એ બે તત્ત્વોની સમજણપૂર્વક આરાધના કરવાનું કહ્યું છે, તો હું એ બે તત્ત્વોની સમજણપૂર્વક આરાધના કરું છું ખરો?

ભગવાને જ્ઞાન અને ક્રિયા બંનેથી મોક્ષ કહ્યો છે, તેથી જ્ઞાનની આરાધના અનન્ય મને કરવી જોઈએ, તે હું કરું છું ખરો? ન કરતો હોઉં તો શા માટે? શું તે માટે સાધનો નથી? સગવડ નથી? ગુરુનો યોગ નથી? કે મારા પોતાના જ નિર્ણયની ખામી છે? હે જીવ! ભગવાનની આજ્ઞા માથે ચડાવીને તું જ્ઞાનમાર્ગનો પ્રવાસી બન. વળી ક્રિયામાં પણ તારી કચાશ ઘણી છે! તારી દરેક ક્રિયા અમૃતાનુષ્ઠાનરૂપ થવી જોઈએ, તે થાય છે ખરી? અશુદ્ધિ, અવિધિ, અજ્ઞાન તથા પ્રમાદ ખંખેરીને તું ક્રિયાકુશલ બન, રે ક્રિયાકુશલ બન!

ભગવાનની આજ્ઞા છે કે સ્વ-ભાવમાં સ્થિર રહેવું અને વિ-ભાવથી બચવું, તે પ્રમાણે હે જીવ! તું સ્વ-ભાવમાં સ્થિર રહે છે ખરો? રહે છે તો કેટલો વખત? પછી વિ-ભાવમાં કેમ સરકી પડે છે? શું એ તારે માટે યોગ્ય છે? છેવટે તો તારે સ્વભાવમાં જ સ્થિર થવાનું છે, તો અત્યારથી જ તેનો અભ્યાસ કેમ ન કર!

ભગવાને વસ્તુનું સ્વરૂપ સમજવા માટે નય, નિક્ષેપ, સપ્તભંગી વગેરેની પ્રરૂપણા કરી છે, તેનું રહસ્ય હે જીવ! તું સમજ્યો ખરો? ન સમજ્યો તો ક્યારે સમજીશ? ભગવાને નિરપેક્ષ વચનો બોલવાનો નિષેધ ફરમાવ્યો છે અને સાપેક્ષ વચનો બોલવાની આજ્ઞા ફરમાવી છે, છતાં હે જીવ! તારાથી

નિરપેક્ષ વચનવ્યવહાર થઈ જાય છે, તો સાવધ થા અને હવે પછી સાપેક્ષ વચનવ્યવહાર કારવાની પૂરી કાળજી રાખ.

આમ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને આગળ કરીને જૈન સિદ્ધાંતમાં પ્રરૂપાયેલ ભિન્ન ભિન્ન વસ્તુઓ સંબંધી એકાગ્ર ચિંતન કરતાં આજ્ઞાવિચયધર્મધ્યાન થાય છે.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે જૈન સિદ્ધાંત એટલે જિનાગમો અને તેને અનુસરીને રચાયેલાં અન્ય ધર્મશાસ્ત્રો. તેમાં જે વસ્તુઓનું નિરૂપણ થયું છે, તેને પૂર્વાચાર્યોએ ચાર ભાગમાં વિભક્ત કરેલ છે. જેમ કે (૧) **દ્રવ્યાનુયોગ**–તેમાં છ દ્રવ્યો, નવ તત્ત્વો, સાત નયો, ચાર નિક્ષેપો તથા સ્યાદ્વાદ વગેરે સંબંધી સાધક–બાધક અનેક પ્રકારની વિચારણાઓ છે. અહીં અનુયોગ શબ્દ વ્યાખ્યા કે વિવેચનને સૂચવનારો છે. (૨) **ગણિતાનુયોગ**–તેમાં ભૂવલય તથા આકાશ સંબંધી અનેક વસ્તુઓનું માપ બતાવવા માટે અનેક પ્રકારની ગણિત–પ્રક્રિયાઓ સંગ્રહિત છે. (૩) **ચરણ-કરણાનુયોગ**–તેમાં ચરણ એટલે ચારિત્ર અને કરણ એટલે ક્રિયા, તાત્પર્ય કે ધાર્મિક આચાર વિચારોને લગતા અનેક પ્રકારના ઉપદેશો તથા આદેશોનો સંગ્રહ થયેલો છે. અને (૪) **ધર્મકથાનુયોગ**–તેમાં ધર્મનો બોધ પમાડવા માટે અનેક કથાઓ, દૃષ્ટાંતો, વાર્તાઓ આદિનો સંગ્રહ થયેલો છે. આ ચારે ય અનુયોગમાં દ્રવ્યાનુયોગ વધારે મહત્ત્વનો છે અને તેમાંની અનેક વસ્તુઓને આ ધ્યાનનો વિષય બનાવી શકાય એમ છે.

હવે બીજા અપાયવિચયધર્મધ્યાન પર આવીએ. અહીં એમ ચિંતન કરવું ઘટે કે આત્મા મૂલ સ્વરૂપે તો આનંદમય છે, આનંદઘન છે, છતાં તેને વિવિધ પ્રકારના અપાયો એટલે કષ્ટો કે દુઃખો ભોગવવાનો પ્રસંગ આવે છે, તેનું મુખ્ય કારણ રાગ, દ્વેષ, કષાય અને આશ્રવ છે.

રાગ રળિયામણો લાગે છે, પણ તે ભયંકર છે. તે કેટલીક વાર દૃષ્ટિરાગનું રૂપ ધારણ કરી આપણને છળે છે, તો કેટલીકવાર કામરાગનું રૂપ ધારણ કરી આપણને વિષય-ભોગના ઊંડા ખાડામાં ઉતારી દે છે. તો વળી કેટલીકવાર સ્નેહરાગના વાઘા સજી આપણી પાસે અન્યાય અને અનીતિનું આચરણ કરાવે છે. રાગ ગમે તે રૂપે આવે, પણ તે પોતાની સાથે કર્મનું કટક લેતો આવે છે કે જે આત્માને ચારે તરફથી ઘેરી લે છે. પરિણામે ભવભ્રમણમાં વધારો થાય છે અને અનેક પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે.

તેનો જોડીદાર દ્વેષ પણ એટલો જ દુષ્ટ છે. તે જ્ઞાનાદિ ગુણરૂપ વૃક્ષોને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે અને નિંદા, ઈર્ષ્યા, વૈર આદિ પોતાના સાગરીતોને એવી રીતે ખડા કરી દે છે કે જેઓ આપણું બધું પુણ્ય લૂંટી લે છે અને પાપના પ્રવાહમાં ધકેલી મૂકે છે. પરિણામે સંસારસાગરમાં દીર્ઘકાલ સુધી પરિભ્રમણ કરવાનો પ્રસંગ આવે છે અને તેમાં અનેક પ્રકારના અપાયો-કષ્ટો-દુઃખો ભોગવવા પડે છે.

ક્રોધાદિ ચાર કષાયો પણ એવા શુભકર્મનું કર્ષણ

કરનારા છે કે જેના પરિણામે અપાય–કષ્ટ–દુઃખ–શોક–સંતાપ સહન કરવાં જ પડે. હે જીવ! ક્રોધ કરનારને ભવિષ્યમાં વાઘ, સિંહ, દીપડા, જરખ, રીંછ વગેરે શિકારી પ્રાણીઓનો કે સાપનો અવતાર લેવો પડે છે અથવા અત્યંત કષ્ટમય એવાં નરકસ્થાનોમાં ઉત્પન્ન થવું પડે છે. હે જીવ! માન કરનારને ભવિષ્યમાં અત્યંત હલકાં કુલોમાં જન્મ લેવો પડે છે અને ત્યાં અનેક પ્રકારનાં કષ્ટો ભોગવવાં પડે છે. હે જીવ! માયા કરનારને પણ તિર્યંચ આદિ દુર્ગતિમાં જવું પડે છે અને ત્યાં અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે. અને હે જીવ! લોભ કરનારની અધોગતિનો તો કોઈ છેડો જ નથી. તે સાતમી નરક સુધી પણ પહોંચાડી દે છે કે જ્યાં ઘણા લાંબા સમય સુધી અકથ્ય દુઃખો ભોગવવાનાં હોય છે. શ્રી જિનેશ્વર ભગવાને ધર્મોપદેશમાં આ બધું બતાવ્યું છે, છતાં તું કષાયો સાથેનો છેડો ફાડી શક્યો નથી, એ કેટલું આશ્ચર્યજનક–ખેદજનક છે?

અપાય કે દુઃખનું મૂલ કારણ કર્મ છે અને એ કર્મો આશ્રવથી આવે છે, એટલે તેના હેતુઓ કે કારણોને તું બરાબર સમજી લે. તેનું પ્રથમ કારણ મિથ્યાત્વ છે. જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં કર્મ અવશ્ય આવવાનાં અને તે પોતાનો ભાવ ભજવવાનાં. તેનું બીજું કારણ અવિરતિ એટલે વ્રત–નિયમોનો અભાવ છે. જે ખેતરને વાડ ન હોય તેમાં હરાયા ઢોર પેસી જાય અને તેને ખૂંદી નાખે કે ખાઈ જાય, એમાં આશ્ચર્ય શું? તાત્પર્ય કે જ્યાં વ્રત–નિયમો રૂપી વાડ નથી,

ત્યાં હરાયા ઢોર જેવો કર્મનો સમૂહ અવશ્ય દાખલ થઈ જવાનો અને તે સમય આવ્યે પોતાનું કાળું કામ કરવાનો.

તેનું ત્રીજું કારણ કષાય છે, તેની વાત ઉપર આવી ગઈ.

તેનું ચોથું કારણ પ્રમાદ એટલે ધ્યેય પ્રત્યેનું દુર્લક્ષ કે આળસ છે. બગીચાના દ્વારે બાગવાન બેઠો હોય, પણ તેનું લક્ષ્ય બીજે હોય તો તેમાં ચોર-મવાલી કે ઢોરઢાંખર પેસી જાય અને ભળતું નુકશાન કરી નાખે, એ દેખીતું છે. તે જ રીતે બાગવાનનું કર્તવ્ય ફૂલછોડોને પાણી પાવાનું હોય, તેમાં તે આળસ કરે તો બગીચાની હાલત શી થાય? તાત્પર્ય કે જ્યાં ધ્યેયહીનતા તથા પ્રમાદ હોય ત્યાં અશુભ કર્મો આવી પહોંચે છે અને તે ભળતી રંજાડ કર્યા વિના રહેતા નથી.

તેનું પાંચમું અને છેલ્લું કારણ યોગ એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ છે. જ્યારે આ પ્રવૃત્તિ અશુભ હોય, ત્યારે કર્મબંધનનું કારણ બને છે અને ભવિષ્યમાં અપાય કે કષ્ટરૂપે તેનાં ફલ ભોગવવાં પડે છે. જ્યારે આ પ્રવૃત્તિ શુભ હોય અને ગુપ્તિનું રૂપ ધારણ કરે ત્યારે તે સંવરનો એક પ્રકાર બને છે અને કર્મોના આગમનને રોકવામાં અગત્યનો ભાગ ભજવે છે.

હે જીવ! આ રીતે વર્તમાન તથા ભવિષ્યના અપાયો-કષ્ટો-દુઃખોનું કારણ રાગ, દ્વેષ, કષાય અને આશ્રવને જાણી તેમનો તું ત્યાગ કર અને તારો માર્ગ નિષ્કંટક બનાવ.

હવે ત્રીજા વિપાકવિચયધર્મધ્યાન પર આવીએ. તે અંગે **ધ્યાનદીપિકામાં** કહ્યું છે કે :–

**चतुर्धा कर्मबन्धेन, शुभेनाप्यशुभेन वा ।**
**विपाकः कर्मनां जीवैर्भुज्यमानो विचिन्त्यते ॥**

'શુભ અને અશુભ ચાર પ્રકારનાં કર્મબંધન વડે જીવો કર્મનો વિપાક ભોગવી રહ્યા છે, તેનું વિશિષ્ટ ચિંતન કરવું (એ વિપાકવિચયધર્મધ્યાન છે.)

તાત્પર્ય કે આ ધ્યાનમાં કર્મના બંધ અને તેનાં ફલ સંબંધી મુખ્ય વિચારણા કરવાની છે.

અહીં પ્રાસંગિક એટલું જણાવી દઈએ કે જૈન તત્ત્વજ્ઞાનમાં કર્મવાદ ઘણું અગત્યનું સ્થાન ધરાવે છે. તેણે જગત અને જીવનનાં ઘણાં રહસ્યોનો ઉકેલ તેના દ્વારા જ કરેલો છે. દાખલા તરીકે આ જગતમાં એક રાજા છે, તો બીજો રંક છે; એક શ્રીમંત છે, તો બીજો ભીખારી છે; એક નીરોગી છે, તો બીજો રોગી છે; એક વિદ્વાન છે, તો બીજો મૂર્ખ છે; એક સર્વ વાતે સુખી છે, તો બીજો દરેક વાતે દુઃખી છે. શરીર, રૂપ, રંગ, બોલીચાલી વગેરેમાં પણ જુદી જુદી પરિસ્થિતિ જોવામાં આવે છે. હવે કારણ સિવાય કાર્યની ઉત્પત્તિ થતી નથી, એટલે આ વિષમતા કે વિચિત્રતાનું પણ કંઈક કારણ હોવું જોઈએ. એ કારણ તરીકે તેણે કર્મની રજૂઆત કરી છે.

તે જ રીતે આપણે જીવ કે આત્માના સ્વતંત્ર અસ્તિ-

ત્વનો સ્વીકાર કરીએ, અર્થાત્ જીવ અને અજીવને જુદા માનીએ, પણ કર્મની સત્તાનો સ્વીકાર ન કરીએ તો પુણ્ય, પાપ આદિ બધાં તત્ત્વો એકડા વિનાનાં મીંડાં જેવાં બની જાય અને મોક્ષ માત્ર કલ્પનાનો વિષય બની રહે. શુભ કર્મ તે પુણ્ય, અશુભ કર્મ તે પાપ. જેનાથી શુભ કે અશુભ કર્મનું આગમન થાય તે આશ્રવ, જેના વડે કર્મ અટકે તે સંવર, કર્મનું અમુક અંશે ખરવું તે નિર્જરા, જીવનો કર્મ સાથે ક્ષીરનીર જેવો પરસ્પર સંબંધ થાય તે બંધ અને કર્મનો સર્વથા નાશ થવો, તે મુક્તિ કે મોક્ષ. હવે આમાંથી કર્મ કાઢી લઇએ તો બાકી શું રહે? તાત્પર્ય કે અધ્યાત્મવાદ અને મોક્ષવાદમાં પણ તેણે કર્મવાદને પૂરેપૂરું પ્રાધાન્ય આપ્યું છે.

આ કર્મવાદ પર ઊંડું–એકાગ્ર ચિંતન કરવાથી ધર્મનો મર્મ સમજાય છે અને ભાવિ વિકાસનો માર્ગ મોકળો થાય છે, તેથી ધર્મધ્યાનના ત્રીજા પ્રકારમાં વિપાકવિચયને વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જ્યાં સુધી કર્મે પોતાનું ફલ આપ્યું ન હોય, ત્યાં સુધી તે સત્તામાં રહેલું ગણાય છે, તે જ્યારે પોતાનું ફલ આપવાની સ્થિતિમાં આવે છે, ત્યારે તેનો વિપાક થયો ગણાય છે અને જ્યારે તે પોતાનું ફલ બતાવવા લાગે છે, ત્યારે તે ઉદયમાં આવ્યું ગણાય છે. પરંતુ અહીં વિપાક શબ્દથી કર્મનાં ફલનું સામાન્ય સૂચન છે, એટલે કર્મબંધ અને તેના ફલ સંબંધી ચિંતન કરવું ઇષ્ટ છે.

કર્મનો બંધ શુભ પણ હોય અને અશુભ પણ હોય. જેવો બંધ હોય તેવું ફલ ભોગવવું પડે છે, એટલે કે કર્મબંધ શુભ પડયો હોય તો તેનું શુભ ફલ ભોગવવું પડે છે અને અશુભ પડયો હોય તો તેનું અશુભ ફલ ભોગવવું પડે છે. કર્મ બાંધનારને તેનું ફલ ભોગવવું જ પડે છે, તેમાંથી તે છટકી શકતો નથી. કેટલાક મનુષ્યો એમ માને છે કે લાગવગ અને રૂશ્વતથી આ જગતનાં બધાં કામો પાર પડે છે, પણ કર્મના ભોગવટાની બાબતમાં લાગવગ ચાલતી નથી કે રૂશ્વત કામ આપતી નથી. લાગવગ કોને લગાડો ? રૂશ્વત કોને આપો ? જે આત્માએ કર્યું છે, તે આત્માને ભોગવવું જ પડે છે, પછી તે આત્મા તીર્થંકરનો હોય, વસુદેવનો હોય, બલદેવનો હોય, ચક્રવર્તીનો હોય કે જગતના કોઈ પણ માન્ય માણસનો હોય.

કર્મની સત્તા અટલ હોવાથી જ તે બાંધતી વખતે ચેતવાનું છે, વિચારવાનું છે કે હું જે કંઈ ક્રિયા કે પ્રવૃત્તિ કરવાની ઈચ્છા રાખું છું, તેનાથી કર્મબંધન થશે કે કેમ ? જો કર્મબંધન થશે તો તે કયા પ્રકારનું થશે અને તેનાં ફલો કયા પ્રકારનાં ભોગવવાં પડશે ? તાત્પર્ય કે કર્મફલની ભયાનકતાનો ખ્યાલ આવતાં જ મનુષ્યનું મન કોઈ પણ અશુભ કાર્ય કરતાં પાછું પડે છે, અટકી જાય છે અને તેથી તે મહાન કર્મ બંધનમાંથી બચી જાય છે. જ્યાં કર્મબંધન નથી, ત્યાં તેના વિપાક કે ફલની ચિંતા શી ? 'બંધ સમય ચિત્ત ચેતિયે, ઉદયે શો સંતાપ ?' એ પ્રસિદ્ધ ઉક્તિનું

રહસ્ય આ જ છે. જે કર્મ હસતાં હસતાં બાંધ્યાં હોય છે, તે રોતાં રોતાં ભોગવવાં પડે છે, તેથી કર્મ ન બાંધવા એ જ હિતાવહ છે.

કર્મનો બંધ ચાર પ્રકારે પડે છે: (૧) પ્રકૃતિથી, (૨) સ્થિતિથી, (૩) રસથી અને (૪) પ્રદેશથી. તેમાંથી પ્રકૃતિથી કર્મનો સ્વભાવ નિશ્ચિત થાય છે. જેમકે આ કર્મ આત્માના જ્ઞાન ગુણનું આવરણ કરશે, આ કર્મ આત્માના દર્શન-ગુણનું આવરણ કરશે, વગેરે. કર્મની મૂલ પ્રકૃતિ આઠ અને ઉત્તર પ્રકૃતિ એકસો ને અઠ્ઠાવન મનાયેલી છે. તે આ પ્રમાણે :

| મૂળ પ્રકૃતિ | ઉત્તર પ્રકૃતિઓ |
|---|---|
| નામ | સંખ્યા |
| (૧) જ્ઞાનાવરણીય | ૫ |
| (૨) દર્શનાવરણીય | ૯ |
| (૩) વેદનીય | ૨ |
| (૪) મોહનીય | ૨૮ |
| (૫) આયુષ્ય | ૪ |
| (૬) નામ | ૧૦૩ |
| (૭) ગોત્ર | ૨ |
| (૮) અંતરાય | ૫ |
| | ૧૫૮ |

આનો વધારે ખ્યાલ કર્મગ્રંથોના અધ્યયનથી આવી શકશે. સ્થિતિ એટલે કાલનો નિશ્ચય. આ કર્મ આત્મા સાથે

કેટલો વખત જોડાયેલું રહેશે, તેનો નિર્ણય. દરેક કર્મની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ નીચે પ્રમાણે મનાયેલી છે:

| કર્મ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| (૧) જ્ઞાનાવરણીય | ૧ અંતમુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |
| (૨) દર્શનાવરણીય | ૧ ,, | ૩૦ ,, |
| (૩) વેદનીય | ૧ મુહૂર્ત | ૩૦ ,, |
| (૪) મોહનીય | ૧ અંતમુહૂર્ત | ૭૦ ,, |
| (૫) આયુષ્ય | ૧ અંતર્મુહૂર્ત | ૩૦ ,, |
| (૬) નામ | ૮ મુહૂર્ત | ૨૦ ,, |
| (૭) ગોત્ર | ૮ ,, | ૨૦ ,, |
| (૮) અંતરાય | ૧ અંતર્મુહૂર્ત | ૨૦ ,, |

કોડાકોડી સાગરોપમ તો કાલનું ઘણું જ મોટું માપ છે, એટલે બાંધેલું કર્મ ઘણા લાંબા કાલ સુધી સત્તામાં રહે છે, એમ સમજવાનું છે.

રસને અનુભાગ પણ કહે છે. કર્મ બાંધતી વખતે જીવના પરિણામો–અધ્યવસાયો જેવા તીવ્ર–મંદ હોય છે, તે પ્રમાણે તેમાં રસ પડે છે અને તે અનુસાર તેનું ફળ મળે છે. જીવના અધ્યવસાયોની તીવ્ર–મંદ પરિસ્થિતિ સમજવા માટે જંબૂવૃક્ષ અને છ પુરુષોનું ઉદાહરણ આપવામાં આવ્યું છે, તે આપણે ખાસ લક્ષ્યમાં રાખવા જેવું છે.

### જંબૂવૃક્ષ અને છ પુરુષોનું દૃષ્ટાંત

છ મુસાફરો એક જંબૂવૃક્ષ નીચે આવ્યા. તેમાંના

પહેલાએ કહ્યું: 'આ જાંબૂડાને તોડી પાડીએ તો મનગમતાં જાંબૂ ખાઈ શકાય.' બીજાએ કહ્યું: 'આખા ઝાડને પાડવાને બદલે તેનું એક મોટું ડાળું જ તોડી પાડીએ તો આપણું કામ થઇ જશે.' ત્રીજાએ કહ્યું: 'એમાં ડાળું પાડવાની શી જરૂર છે? એક મોટી ડાળીને જ તોડી પાડોને?' ચોથાએ કહ્યું: 'મોટી કે નાની ડાળી તોડવાની જરૂર નથી. માત્ર ફળ-વાળા ગુચ્છાઓ જ તોડી પાડો.' પાંચમાએ કહ્યું: 'મને તો એ પણ વ્યાજબી જણાતું નથી. જો આપણે જાંબૂ ખાવાનું જ કામ છે, તો માત્ર જાંબૂ જ તોડી લો.' એ સાંભળી છઠ્ઠાએ કહ્યું: 'ભૂખ શમાવવી એ આપણું પ્રયોજન છે, તો નિષ્કારણ વૃક્ષને ઉખેડવાની, ડાળી-ડાંખળાને તોડવાની કે તેનાં ફળો પાડવાની ચેષ્ટા શું કામ કરવી! અહીં ઘણાં જાંબૂ પોતાની મેળે જ નીચે પડેલાં છે, જે તાજાં અને સ્વાદિષ્ટ છે, માટે તેનાથી જ કામ ચલાવો.'

આમાં પ્રથમ પુરુષનો અધ્યવસાય કૃષ્ણલેશ્યારૂપ જાણવો, બીજા પુરુષનો અધ્યવસાય નીલલેશ્યારૂપ જાણવો, ત્રીજા પુરુષનો અધ્યવસાય કાપોતલેશ્યારૂપ જાણવો, ચોથા પુરુષનો અધ્યવસાય પીતલેશ્યારૂપ જાણવો, પાંચમા પુરુષનો અધ્યવસાય પદ્મલેશ્યારૂપ જાણવો અને છઠ્ઠા પુરુષનો અધ્યવસાય શુક્લ-લેશ્યારૂપ જાણવો. પ્રથમની ત્રણ લેશ્યાઓ અશુભ અને પછીની ત્રણ લેશ્યાઓ શુભ ગણાય છે.

અધ્યવસાયોની આ તરતમતા વ્યવહારની દરેક પ્રવૃત્તિમાં અનુભવી શકાય છે. એટલે એક પ્રવૃત્તિ બાહ્ય દષ્ટિએ

સરખી લાગવા છતાં વાસ્તવિકતાએ સરખી હોતી નથી. 'જેવો અધ્યવસાય તેવો બંધ' એ ન્યાયે એક પ્રવૃત્તિ એક વ્યક્તિને નિકાચિત કર્મબંધનું કારણ બને છે, જ્યારે તે જ પ્રવૃત્તિ બીજી, ત્રીજી, ચોથી વ્યક્તિને અનુક્રમે નિધિત્ત, બદ્ધ અને સ્પૃષ્ટ કર્મબંધનો અધિકારી બનાવે છે. અહીં નિધિત્તથી ગાઢ, બદ્ધથી કંઈક ગાઢ અને કંઈક શિથિલ અને સ્પૃષ્ટથી શિથિલ કર્મબંધ સમજવાનો છે. તાત્પર્ય કે જે કર્મ રાચી-માચીને બાંધ્યું હોય તેનું ફલ અત્યંત દારુણ હોય છે અને અનિચ્છાએ કે નિષ્કામભાવે બાંધ્યું હોય તો તેનું ફલ નામમાત્રનું જ હોય છે. તે સંબંધમાં જૈન શાસ્ત્ર-સાહિત્યમાં અનેક દાખલાઓ નોંધાયેલા છે.

પ્રદેશ એટલે કર્મવર્ગણાઓનો સમૂહ. જ્યારે કર્મ બંધાય છે, ત્યારે કર્મની વર્ગણાઓ કે જે પુદ્‌ગલસ્વરૂપ છે, તે આત્મા સાથે ક્ષીરનીર ભાવે તાદાત્મ્યભાવ પામે છે, તે સંબંધ નિર્ણય.

આ રીતે કર્મના બંધ અને તેના વિપાક ફલ સંબંધી વિવિધ પ્રકારે એકાગ્ર ચિંતન કરવાથી વિપાકવિચયધર્મ-ધ્યાન થયું ગણાય છે.

હવે ચોથા સંસ્થાનવિચયધર્મધ્યાન પર આવીએ. અહીં સંસ્થાનથી લોકનું સંસ્થાન-લોકનું સ્વરૂપ સૂચવાયેલું છે. તે અંગે એકાગ્ર ચિંતન કરવું, એ આ ધ્યાનનો મુખ્ય વિષય છે. અમે સત્તરમા પ્રકરણમાં અગિયારમી લોકસ્વરૂપભાવ-નામાં જે કંઈ કહ્યું છે, તે બધું અહીં એકાગ્ર ચિત્તે

વિચારવાનું છે. ભગવાન મહાવીર સાધનાકાલમાં ઘણી વખત આકાશ તરફ નજર રાખીને લાંબા સમય સુધી ઊભા રહેતા હતા, તે આ લોકસ્વરૂપભાવના-નિમિત્તે કે સંસ્થાનવિચય-ધર્મધ્યાન નિમિત્તે ઊભા રહેતા હશે, એવું અનુમાન અસ્થાને નથી. તાત્પર્ય કે ધર્મધ્યાનના અભ્યાસીઓ માટે આ ધ્યાન પણ ઘણું ઉપયોગી છે.

સામાન્ય ગૃહસ્થો કે જે અધ્યાત્મમાં આગળ વધ્યા નથી કે ભાવનાનો અનુભવ લઈ શક્યા નથી, તેઓ પણ ધર્મનું ચિંતન તો અવશ્ય કરે. 'ધર્મ કોને કહેવાય? તેના કેટલા પ્રકારો છે? તેની આરાધના કઈ રીતે થઈ શકે? એમાંથી હું કેટલી આરાધના કરું છું?' વગેરે વિચારો કરવાથી મનનું વલણ ધર્માભિમુખ થાય છે, તેમાંથી ધાર્મિક પ્રવૃત્તિનો જન્મ થાય છે અને છેવટે ધર્મપરાયણતા આવે છે. સામાયિક, પ્રતિક્રમણ, પોષધ, જિનદર્શન, જિનપૂજા, ધાર્મિક ઉત્સવ-મહોત્સવ, તીર્થયાત્રા એ બધાનો મૂલ હેતુ તો એક જ છે કે જીવનમાં ધર્મભાવનાનું રોપણ કરવું અને તેને ક્રમશઃ વધારતા જવું, એટલે આપણે ધર્મ સામે સતત દૃષ્ટિ રાખીને બધી પ્રવૃત્તિઓ કરીએ. ધર્મ તારનાર છે, અધર્મ ડૂબાડનાર છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-જીવનમાં ધર્મની આવશ્યકતા ખરી?

ઉત્તર-હા. જીવનનો સુંદર ઘાટ ઘડવા માટે ધર્મની આવશ્યકતા છે.

પ્રશ્ન—જીવનનો સુંદર ઘાટ તો કેળવણી કે શિક્ષણથી પણ ઘડી શકાય છે, પછી ધર્મની આવશ્યકતા શી?

ઉત્તર—કેળવણી કે શિક્ષણથી જીવનનો ઘાટ ઘડાય છે, પણ તે બધો વખત સુંદર હોતો નથી. આજે તો કેળવણી કે શિક્ષણથી જીવનનો જે ઘાટ ઘડાઇ રહ્યો છે, તે ઘણો બેડોળ છે અને તે જીવનના કોઈ પણ ઉચ્ચ હેતુઓને પૂર્ણ કરી શકે એવો નથી. સારામાં સારી કેળવણી કે સારામાં સારું શિક્ષણ જીવનનો જે ઘાટ ઘડી શકે છે, તેના કરતાં ધર્મ વધારે સુંદર ઘાટ ઘડી શકે છે. ખાસ કરીને અંતરનું સુંદર—પવિત્ર—પ્રશસ્ત ઘડતર કરવા માટે તેના જેવું અકસીર સાધન અન્ય કોઈ નથી.

પ્રશ્ન—રોટી અને રહેઠાણ એ આજના માનવજીવનના મુખ્ય પ્રશ્નો છે. તેમાં ધર્મ શું સહાય કરી શકે?

ઉત્તર—ધર્મનું આરાધન રોટી પણ મેળવી આપે છે અને રહેઠાણ પણ મેળવી આપે છે. તે ઉપરાંત બીજું પણ જે જે જોઇએ તે મેળવી આપે છે. આ વસ્તુ અમે કહી રહ્યા છીએ, એમ ન સમજશો. આપણા પૂર્વાચાર્યોએ આ વસ્તુ ઘણા વખત પહેલાં કહેલી છે. જેમકે—

**धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलं,**
**धर्मेणैव भवन्ति निर्मलयशो विद्यार्थसंपत्तयः ।**
**कान्ताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते,**
**धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः ॥**

'ધર્મના યોગ્ય આરાધનથી ઊંચા કુલમાં જન્મ થાય છે, પાંચે ય ઇન્દ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થાય છે; સૌભાગ્ય, આયુષ્ય અને બલની પ્રાપ્તિ થાય છે; વળી ધર્મના આરાધનથી જ નિર્મલ યશની તથા વિદ્યા અને ધનની સંપત્તિ પ્રાપ્ત થાય છે. તે જ રીતે ધર્મનું આરાધન ઘોર જંગલમાં અને મહાન ભયો ઉપસ્થિત થયે તેના આરાધકનું રક્ષણ કરે છે. ખરેખર! આવા ધર્મની આરાધના જો સમ્યક્ પ્રકારે કરવામાં આવે તો તે સ્વર્ગ અને મોક્ષનું સુખ આપી શકે છે.'

આજે વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર પોતપોતાનો ધર્મ ભૂલ્યા છે, તેથી જ રોટી અને રહેઠાણના પ્રશ્નો ઊભા થયા છે. જો તેઓ પોતપોતાનો ધર્મ સમજી તેનું પાલન કરવા લાગી જાય તો આ પ્રશ્નો આપમેળે અદૃશ્ય થઈ જાય. એક વખત ભારતવર્ષમાં દૂધ અને ઘીની ગંગા વહેતી હતી, કારણ કે એ વખતે લોકજીવનમાં ધર્મનો રંગ હતો અને તેનું જ આવું શુભ પરિણામ આવ્યું હતું.

પ્રશ્ન-જો ધર્મથી આટલા બધા લાભો થાય છે, તો કેટલાક લોકો તેને અફીણની ઉપમા કેમ આપે છે?

ઉત્તર-જે લોકોએ ધર્મને સાચા સ્વરૂપમાં જોયો નથી, પણ ધર્માભાસને ધર્મ માની લીધેલો છે, તેઓ જ ધર્મને અફીણની ઉપમા આપવા પ્રેરાય છે. તેઓ એમ કહે છે કે અફીણથી માણસને એક પ્રકારનું ઘેન ચડે છે, તેમ ધર્મથી એક પ્રકારનું ઝનૂન પ્રકટે છે અને તેથી તેઓ ઝઘડા તથા યુદ્ધો કરવા પ્રેરાય છે. તે માટે તેઓ યુરોપ અને મધ્ય એશિયાના

દાખલાઓ રજૂ કરે છે, પરંતુ ત્યાં ધર્મના નામે સંપ્રદાયોના મમત્વનું જે પોષણ થયું, તેનાં એ પરિણામો છે. ધર્મ તો મનુષ્યને વિચારશીલ બનાવે છે, એટલે તેનું ઝનૂન ઓસરી જાય છે. વળી તે મનુષ્ય માત્રને ચાહતાં શીખવે છે અને જૈન ધર્મ જેવા આગળ વધેલા ધર્મો તો પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમની ધારા વહેવરાવવાનો આદેશ આપે છે, એટલે તેનાથી કજિયા-કંકાસ તથા ઝઘડાઓ શાંત થાય છે, યુદ્ધની ભાવના દૂર થાય છે. જ્યાં शिवमस्तु सर्वजगतः—સર્વ જગતનું ભલું થાઓ, એવી ભાવના હોય, ત્યાં આ બધું સંભવે જ કેમ? એટલે આ પ્રકારના મંતવ્યો કે અભિપ્રાયો એકદેશીય અને તથ્યહીન હોઈ તેને કશું મહત્ત્વ આપવા જેવું નથી.

પ્રશ્ન--અહીં ધર્મધ્યાનના પ્રકારો બતાવવામાં વિચય શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો છે?

ઉત્તર—કોઈ વસ્તુ શોધીને એકઠી કરવામાં આવે, તેને વિચય કહે છે. અહીં ભગવાનની ધર્મ સંબંધી જે આજ્ઞાઓ છે, અપાયના જે હેતુઓ છે અને કર્મબંધનનાં કારણો અને ફલો છે, તે સંબંધમાં શોધન કરીને તત્ત્વ તારવવાનું છે અને તેના પર ચિત્તવૃત્તિઓને સ્થિર કરવાની છે, તેથી અહીં વિચય શબ્દનો ખાસ પ્રયોગ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન—આજ્ઞાવિચયધર્મધ્યાનથી શો લાભ થાય?

ઉત્તર—આજ્ઞાવિચયધર્મધ્યાનથી જૈન ધર્મ પર અનન્ય શ્રદ્ધા જામે અને તેણે પ્રબોધેલા અધ્યાત્મવાદમાં આગળ વધવાનો ઉત્સાહ પ્રકટે. જે મન સંશયરહિત બને છે, તેનામાં

ઉત્સાહ અને સ્ફૂર્તિનું પ્રમાણ ઘણું વધી જાય છે. વિશેષમાં ભવનિર્વેદ અને વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે કે જે ભવનિસ્તાર માટે ઉત્તમ સાધનો મનાયેલાં છે.

પ્રશ્ન–અપાયવિચયધર્મધ્યાનથી શો લાભ થાય ?

ઉત્તર–અપાયવિચયધર્મધ્યાનથી અપાયનું-દુઃખનું મૂલ સમજાય એટલે પોતાને જે દુઃખો સહન કરવાં પડે છે, તે પોતે જ ઊભાં કરેલાં છે, એ વાત બરાબર લક્ષ્યમાં આવે અને તેથી એનાં કારણોરૂપ રાગ, દ્વેષ, કષાયો તથા આશ્રવનાં કારણો દૂર કરવાની તાલાવેલી લાગે. આ કારણો દૂર થાય એટલે ભાવી અપાયો–દુઃખો સામે પણ પાળ બંધાય અને એ રીતે અનંત–અવ્યાબાધ સુખનો માર્ગ મોકળો બને.

પ્રશ્ન–વિપાકવિચયધર્મધ્યાનથી શો લાભ થાય ?

ઉત્તર–વિપાકવિચયધર્મધ્યાનથી કર્મવાદ પરની શ્રદ્ધા પરિપકવ થાય અને સકલ કર્મમાંથી છૂટી ચિદાનંદ અવસ્થાની મોજ માણવાનો મનોરથ અતિ દૃઢ બને. જ્યાં કર્મબંધનનાં ફલ નજર સામે તરવા લાગે, ત્યાં કર્મબંધનની પ્રવૃત્તિનો પગ ઉખડી જાય, એ સ્વાભાવિક છે.

પ્રશ્ન–સંસ્થાનવિચયધર્મધ્યાનથી શો લાભ થાય ?

ઉત્તર–સંસ્થાનવિચયધર્મધ્યાનથી દ્રવ્ય અને તેના પર્યાયોનો ખ્યાલ આવે અને તેથી ગમે તેવાં પરિવર્તનોથી પણ મન વ્યાકુલ ન થાય. પરિવર્તન એ તો લોકનો–જગતનો સ્વભાવ છે, તેમાં હર્ષ શો ? અને શોક શો ? એ વિચાર આ ધ્યાનથી દૃઢ થાય છે અને તે આત્માની રાગ–દ્વેષરહિત સ્થિતિ ઉત્પન્ન કરવામાં સહાય કરે છે.

[ ૨૨ ]

## શુક્લધ્યાનનો પરિચય

આર્ત અને રૌદ્રધ્યાન અશુદ્ધ છે, ધર્મધ્યાન શુદ્ધ છે અને શુક્લધ્યાન વિશુદ્ધ છે. જે વિશેષ કે વિશિષ્ટ શુદ્ધિવાળું હોય તે વિશુદ્ધ કહેવાય. '**ધ્યાનવિચાર**' ગ્રંથમાં શુક્લ-ધ્યાનને પરમધ્યાન કહેવામાં આવ્યું છે, કારણ કે તે ઉત્કૃષ્ટ કક્ષાનું છે અને વિશિષ્ટ કોટિના મહાપુરુષો જ ધરી શકે છે. હાલ આપણાં શરીર અને મનની જે અવસ્થા છે, તે જોતાં આપણે શુક્લધ્યાન સુધી પહોંચી શકીએ નહિ, શુક્લ-ધ્યાન ધરી શકીએ નહિ, એવો અભિપ્રાય આચાર્યો દ્વારા છેલ્લાં બે–અઢી હજાર વર્ષોથી પ્રકટ થતો રહ્યો છે, આમ છતાં ભવ્યાત્મા ધીર વીર પુરુષ ધર્મધ્યાનનો લાંબા સમય સુધી અભ્યાસ કર્યા પછી શુક્લધ્યાન ધરવાનો મનોરથ સેવે અને તે માટે પ્રયત્નશીલ બને તો તેનો નિષેધ નથી.

જો શુક્લધ્યાનની પ્રબલ ભાવના રાખીને તે માટે પ્રયત્નશીલ બનીએ તો તે માટેની યોગ્યતા બીજા ભવે, ત્રીજા ભવે કે તે પછીના કોઈ નજીકના ભવે અવશ્ય મળે

અને શુકલધ્યાન ધરી શકાય. ખરી વાત એ છે કે યોગ અને ધ્યાનના વિષયમાં એક જ ભવમાં પરિપૂર્ણતા પમાતી નથી. તે માટે ઘણા ભવની તૈયારી જોઈએ છે. ભગવાન મહાવીરે ઘણા ભવથી તૈયારી કરી, ત્યારે જ તેઓ તીર્થંકરના ભવમાં શુકલધ્યાન સિદ્ધ કરી સર્વજ્ઞ અને સર્વ-દર્શી બની શકયા, એટલે શુકલધ્યાન માટેની ભાવના અને તે માટેનો પ્રયત્ન ઇષ્ટ છે.

શુકલધ્યાન એટલે ઉજ્જવલ ધ્યાન. તેને ઉજ્જવલ કહે-વાનું કારણ એ છે કે તેમાં વસ્તુના ગુણધર્મનું વ્યાક્ષેપ અને સંમોહાદિથી રહિત એકાગ્ર ચિંતન હોય છે. શ્રીહરિ-ભદ્રસૂરિએ ધ્યાનશતકની ટીકામાં 'જે શોકને દૂર કરે તે શુકલ' એવો અર્થ કર્યો છે. અહીં શોક શબ્દથી વ્યાક્ષેપ અને સંમોહાદિવાળી સ્થિતિ સમજવી જોઇએ.

શુકલધ્યાનના ચાર પ્રકારો છે, એવો નિર્દેશ ગત પ્રકરણમાં થઇ ગયો છે. તેનાં નામો આ પ્રકારે જાણવાં; **(૧) પૃથકત્વ-વિતર્ક-સવિચાર શુકલધ્યાન** :-કેટલાક ગ્રંથોમાં સવિચારના સ્થાને સપ્રવિચાર એવો શબ્દ પણ જોવામાં આવે છે. **(૨) એકત્વ-વિતર્ક-નિર્વિચાર શુકલધ્યાન** -કેટલાક ગ્રંથોમાં નિર્વિચારના સ્થાને અપ્રવિચાર એવો શબ્દ પણ જોવામાં આવે છે. **(૩) સૂક્ષ્મક્રિયા-અપ્રતિ-પાતી. શુકલધ્યાન અને (૪) વ્યુપરતક્રિયા-અનિ-વૃત્તિ શુકલધ્યાન.** કેટલાક ગ્રંથોમાં વ્યુપરતક્રિયાના સ્થાને ઉચ્છિન્નક્રિયા શબ્દ પણ જોવામાં આવે છે. પરંતુ આમાં અર્થનો કોઈ તફાવત નથી.

જો ચિત્તસ્થૈર્યને જ ધ્યાન ગણીએ તો આમાંના પહેલાં

બે પ્રકારો ધ્યાનની કોટિમાં આવે છે અને પછીના બે પ્રકારો ધ્યાનની કોટિમાં આવતા નથી, કારણ કે ત્યાં ભાવમનનો અભાવ હોવાથી હોવાથી સ્મરણ-ચિંતનરૂપ મનનો વ્યવહાર હોતો નથી, પરંતુ અહીં મન-વચન-કાયયોગનો નિરોધ હોય છે, તેને જ ધ્યાન સમજવું, એવો આચાર્યોનો અભિપ્રાય છે અને એ રીતે શુકલધ્યાનના ચાર પ્રકારો માનવામાં આવે છે.

આમાંના પહેલા બે પ્રકારના ધ્યાનો છદ્મસ્થોને હોય છે અને પછીનાં બે ધ્યાનો કેવલી કે સર્વજ્ઞ ભગવંતોને હોય છે. જ્યાં સુધી જીવ સર્વજ્ઞતાને પામ્યો ન હોય, ત્યાં સુધી તે છદ્મસ્થ કહેવાય છે, કારણ કે તે છદ્મ એટલે ચાર ઘાતી-કર્મના આવરણવાળો હોય છે. અહીં એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે પ્રથમના બે પ્રકારોમાં શ્રુતજ્ઞાનનું આલંબન હોય છે, એટલે તે સાલંબનની કોટિમાં આવે છે.

હવે આ ચારેય પ્રકારોનો ક્રમશઃ પરિચય કરીએ. પ્રથમ પ્રકારનું નામ છે પૃથકત્વ-વિતર્ક-સવિચાર શુકલધ્યાન. આમાં પૃથકત્વ, વિતર્ક અને સવિચાર એ ત્રણેય શબ્દો સમજવા જેવા છે. પૃથકત્વ એટલે ભિન્નતા, વિતર્ક એટલે શ્રુતજ્ઞાન અને સવિચાર અને વિચારસહિત. અહીં વિચારથી અર્થ, વ્યંજન અને યોગનો સંક્રમ સમજવાનો છે. તાત્પર્ય કે શ્રુતજ્ઞાનનું આલંબન લઈને ચેતન અને અચેતન પદાર્થોમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, રૂપિત્વ, અરૂપિત્વ, અક્રિયત્વ, સક્રિયત્વ આદિ પર્યાયોનું ભિન્ન ભિન્ન સ્વરૂપે એકાગ્ર ચિંતન કરવું, તે પૃથકત્વ-વિતર્ક-સવિ-ચાર નામનું શુકલધ્યાન છે. આ ધ્યાનમાં એક અર્થથી બીજા

અર્થ પર, એક વ્યંજન એટલે એક શબ્દ પરથી બીજા વ્યંજન એટલે બીજા શબ્દ પર અને એક યોગ પરથી બીજા યોગ પર, એટલે કે મનોયોગ પરથી વચનયોગ પર, વચનયોગ પરથી કાયયોગ પર, કાયયોગ પરથી વચનયોગ પર, વચન-યોગ પરથી મનોયોગ પર અથવા તેમાંના કોઈ પણ એક યોગ પરથી બીજા યોગ પર સંક્રમ કરવો, એટલે ત્યાં મનને લાવી સ્થિર કરવાનું હોય છે.

આ બધા વિષયો સૂક્ષ્મ છે, એટલે કે તેના પર મનને સ્થિર કરવાનું કામ સહેલું નથી, પણ અભ્યાસથી એ કાર્ય સિદ્ધ થાય છે. ધ્યાનના વિષયમાં તો અભ્યાસ જ ઘણો મહત્ત્વનો છે, તેથી જ શુકલધ્યાનમાં પણ પ્રથમ આ ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ, તો જ બીજા પ્રકારના ધ્યા- નની યોગ્યતા આવે છે.

આ ધ્યાનમાં શ્રુતજ્ઞાનનું આલંબન આવશ્યક છે, એટલે આ ધ્યાનમાં પ્રવેશ કરનારે શ્રુતજ્ઞાન સારી રીતે મેળવી લેવું જોઈએ. શ્રુતજ્ઞાન એટલે જૈન શાસ્ત્ર-સિદ્ધાંતનું જ્ઞાન. તે અરિહંત ભગવંતો પાસેથી સાંભળીને મેળવેલું હોય છે, તેથી શ્રુતજ્ઞાન કહેવાય છે. જો શ્રુતજ્ઞાનમાં પ્રવેશ-પ્રવીણતા ન હોય તો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, દ્રવ્ય, ગુણ, પર્યાય વગેરેનું ચિંતન યથાર્થપણે થઈ શકે નહિ. આ ધ્યાનને શુકલધ્યાનનો પહેલો પાયો પણ કહેવામાં આવે છે.

શુકલધ્યાનનો બીજો પ્રકાર એકત્વ-વિતર્ક-નિર્વિચાર છે. પ્રથમમાં પૃથકત્વ એટલે દ્રવ્ય, ગુણ, પર્યાય વગેરેની

ભિન્ન સ્વરૂપથી વિચારણા હતી, ત્યારે અહીં એકત્વ એટલે એટલે કોઈ એક જ ગુણ કે પર્યાયનું ચિંતન હોય છે. વળી પ્રથમ ધ્યાન સવિચાર એટલે કે અર્થ, વ્યંજન અને યોગના સંક્રમપૂર્વક હતું, ત્યારે અહીં નિર્વિચાર એટલે મનોયોગ, વચનયોગ કે કાયયોગ પૈકી કોઈપણ એક જ યોગમાં સ્થિર થઈને કરવાનું હોય છે. શ્રુતનું આલંબન તો આમાં પણ હોય છે, એટલે વિતર્ક શબ્દ કાયમ છે. તાત્પર્ય કે શ્રુતજ્ઞાનના આલંબનપૂર્વક મનોયોગ આદિ કોઈ પણ એક યોગમાં સ્થિર થઈને દ્રવ્યના એક જ પર્યાયનું અભેદ ચિંતન કરવું, તે એકત્વ-વિતર્ક-નિર્વિચાર નામનું શુક્લધ્યાન છે.

પ્રથમ ધ્યાનના દૃઢ અભ્યાસથી આ ધ્યાનની યોગ્યતા આવે છે. જેમ સમસ્ત શરીરમાં વ્યાપેલું ઝેર મંત્રાદિ ઉપાયોથી એક ડંખની જગાએ લાવીને સ્થાપિત કરવામાં આવે છે, તેમ અખિલ વિશ્વના ભિન્ન ભિન્ન વિષયોમાં ભટકતા મનને આ ધ્યાન દ્વારા એક જ વિષય પર લાવીને એકાગ્ર કરવામાં આવે છે અને એ રીતે મન એક જ વિષયમાં એકાગ્ર થતાં સર્વથા શાંત થઈ જાય છે, એટલે કે તે પોતાની સર્વ ચંચલતા છોડીને નિષ્કંપ બની જાય છે. આનું પરિણામ એ આવે છે કે આત્માને લાગેલા જ્ઞાનાવરણીય, દર્શનાવારણીય, મોહનીય અને અંતરાય એ ચારે ય ઘાતીકર્મોનું આવરણ સર્વથા દૂર થઈ જાય છે અને આત્મા સ્વસ્વરૂપમાં બિરાજી સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. આને શુક્લધ્યાનનો બીજો પાયો કહેવામાં આવે છે.

શ્રી પતંજલિ મુનિએ **યોગદર્શનના** સમાધિપાદમાં કહ્યું છે કે–' **योगश्चित्तवृत्तिनिरोधः** ।।૨।। ચિત્તને નાના પ્રકારની વૃત્તિ અર્થાત્ સ્વરૂપો ધારણ કરતું અટકાવવું, એ યોગ છે.' અને ' तदा द्रष्टुः स्वरुपेऽवस्थानम् ।।૩।। તે વખતે એટલે નિરોધ સ્થિતિમાં દ્રષ્ટા પોતાના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિત થાય છે.' એ બંને વસ્તુઓ અહીં સાર્થ થતી જણાય છે. આટલું જાણ્યા પછી કોણ કહી શકશે કે જૈન ધર્મમાં યોગ નથી? રાજયોગ નથી? પરિભાષા જુદી હોય તેથી શું? તેમાં જે તત્ત્વ છે, તે જ મહત્ત્વનું છે અને આપણે તેના પર જ દૃષ્ટિ રાખવાની છે.

હવે શુક્લધ્યાનના ત્રીજા પ્રકાર પર આવીએ. તેનું નામ છે–સૂક્ષ્મક્રિયા–અપ્રતિપાતી શુક્લધ્યાન. વાસ્તવમાં આ ધ્યાન નથી, પણ તેમા જે યોગનિરોધની ક્રિયા થાય છે, તેને ધ્યાન સમજી લેવાનું છે, એ સ્પષ્ટતા ઉપર થઈ ગઈ છે. કેવલી કે સર્વજ્ઞ ભગવંત શું થયું? શું થાય છે અને શું થશે? એ રીતે ત્રણેય કાલનું જ્ઞાન ધરાવતા હોય છે, એટલે પોતાનો નિર્વાણ સમય જાણી શકે છે. આ નિર્વાણ સમય નજીક આવે, ત્યારે તેઓ પર્યંકાસન આદિ કોઈ અનુકૂલ આસને બેસીને બાદર કાયયોગમાં રહી બાદર મનોયોગ અને વચનયોગનો નિરોધ કરે છે, એટલે કે તેને રુંધે છે, પછી સૂક્ષ્મ કાયયોગમાં સ્થિત થઈ બાદર કાયયોગને પણ રુંધે છે અને પછી વચન તથા મનના સૂક્ષ્મયોગને પણ રુંધે છે, ત્યારે તેમને આ સૂક્ષ્મક્રિયા–અપ્રતિપાતી નામનું ત્રીજું શુક્લ-

ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. આ વખતે શ્વાસોચ્છ્વાસ જેવી સૂક્ષ્મ ક્રિયા જ બાકી રહેલી હોય છે અને તેમાંથી પાછા પડવાનું હોતું નથી, એટલે તે સૂક્ષ્મક્રિયા–અપ્રતિપાતી કહેવાય છે. કેવલી કે સર્વજ્ઞ ભગવંતો નિર્વાણ સમયે દેહોત્સર્ગની ક્રિયા કેવી રીતે કરે છે? તે આ પરથી સમજી શકાશે.

હવે શુક્લધ્યાનના ચોથા અને છેલ્લા પ્રકાર પર આવીએ. તેનું નામ છે–વ્યુપરતક્રિયા–અનિવૃત્તિ શુકલધ્યાન. જ્યારે શરીરની શ્વાસોચ્છ્વાસાદિ સૂક્ષ્મ ક્રિયા પણ બંધ થઈ જાય છે અને આત્મપ્રદેશ સર્વથા નિષ્કંપ થઈ જાય છે, એટલે કે શૈલેશી અવસ્થાને પામે છે, ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. તેમાં સ્થૂલ કે સૂક્ષ્મ કોઈ પણ પ્રકારની માનસિક, વાચિક કે કાયિક ક્રિયા રહેતી નથી, એટલે કે તે વ્યુપરત થઈ જાય છે, તદ્દન બંધ થઇ જાય છે અને એ સ્થિતિમાં કંઇ પરિવર્તન થતું નથી, એટલે કે તે અનિવૃત હોય છે, તેથી તેને વ્યુપરત ક્રિયા–અનિવૃત્તિ શુકલધ્યાન કહેવામાં આવે છે.

આ ધ્યાનનો કાલ अ, इ, उ, ऋ, ऌ એ પાંચ હ્રસ્વ અક્ષર બોલીએ એટલો જ હોય છે. આ ધ્યાનના પ્રતાપથી શેષ સર્વ કર્મો એટલે બાકી રહેલાં ચાર અઘાતીકર્મો–વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર–ક્ષીણ થઈ જતાં આત્મા સર્વ કર્મબંધનમાંથી મુક્ત થાય છે અને તે પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી સમય માત્રમાં લોકના અગ્રભાગે પહોંચી ત્યાં આવેલી સિદ્ધશિલાને મથાળે સ્થિર થાય છે કે જ્યાં સિદ્ધોને

સ્થિર થવાનું સ્થાન આવેલું છે. ત્યાં તે અનંતકાલ સુધી અનિર્વચનીય સુખનો ઉપભોગ કરે છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-ધ્યાનનો વિષય શેમાં ગણાય છે?

ઉત્તર-ધ્યાનનો વિષય સામાન્ય રીતે યોગમાં ગણાય છે. અન્ય શાસ્ત્રોમાં ધ્યાનની વાતો આવે છે, પણ યોગશાસ્ત્ર જેટલી વ્યવસ્થિત અને વિશદ નહિ.

પ્રશ્ન-જૈન શાસ્ત્રોમાં ધ્યાનનું વ્યવસ્થિત અને વિશદ વર્ણન થયેલું છે, તેનું કેમ?

ઉત્તર-જૈન ધર્મ ઘણા પ્રાચીનકાલથી યોગપરાયણ હતો, એટલે તેનાં શાસ્ત્રોમાં ધ્યાનનું વ્યવસ્થિત અને વિશદ નિરૂપણ હોય એ સ્વાભાવિક છે.

પ્રશ્ન-કોઈથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છૂટતાં જ ન હોય તો?

ઉત્તર-તો એ દુર્ગતિના અધિકારી થાય. જો તેમણે દુર્ગતિમાંથી બચવું હોય તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છોડવાં જ જોઈએ. તેના ઉપાયો પૂર્વે બતાવી ગયા છીએ.

પ્રશ્ન-ધર્મધ્યાન કોણ કરી શકે?

ઉત્તર-ધર્મધ્યાન નાના-મોટા સહુ કોઈ કરી શકે. ધાર્મિક જ્ઞાનમાં કે ધાર્મિક ક્રિયામાં ચિત્ત પરોવવું અને તેમાં લીન થવું, એ ધર્મધ્યાન જ છે. અલબત્ત, શાસ્ત્રીય

ક્રમે જે ધર્મધ્યાનનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે આનાથી ઘણું ઊંચું છે અને વિશિષ્ટ યોગ્યતાની અપેક્ષા રાખે છે, પણ જેઓ પ્રારંભમાં આ જાતનું ધર્મધ્યાન ધરે છે, તે જ આગળ જતાં ઉત્તમ કોટિનું ધર્મધ્યાન ધરી શકે છે, એટલે અમે તેની હિમાયત કરીએ છીએ.

પ્રશ્ન–ધાર્મિક જ્ઞાનમાં કે ધાર્મિક ક્રિયામાં ચિત્ત પરોવાતું ન હોય તો શું કરવું ?

ઉત્તર–ગુરુ કે જ્ઞાની પાસેથી ધાર્મિક જ્ઞાન અને ધાર્મિક ક્રિયાનું મહત્ત્વ સમજી લેવું, સત્સંગ કરવો, રોજ જિનદર્શન અને જિનપૂજાનો નિયમ રાખવો અને સંસારને અસાર માની તેના પરનો મોહ ઘટાડવો. આટલું કરવાથી ધાર્મિક જ્ઞાન અને ધાર્મિક ક્રિયામાં ચિત્ત જરૂર પરોવાશે.

પ્રશ્ન–પ્રભુની મૂર્તિ સામે બેસીને તેમનું ધ્યાન ધરવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યાં બીજા જ વિચારો આવવા લાગે છે અને ધ્યાન જામતું નથી, તેનું કારણ શું ?

ઉત્તર–જ્યાં સુધી આપણા મનમાં મલ અને વિક્ષેપ નામના બે દોષોએ અડ્ડો જમાવેલો છે, ત્યાં સુધી આમ જ થવાનું. એ બે દોષોને દૂર કરવા માટે ધ્યાનનો પદ્ધતિસર અભ્યાસ કરવાની જરૂર છે.

પ્રશ્ન–ધ્યાનસિદ્ધિ કોને કહેવાય ?

ઉત્તર–ખરી ધ્યાનસિદ્ધિ તો શુક્લધ્યાનના બીજા પાયે ચડી મનને નિર્વિકલ્પ બનાવી દેવું, તેને જ કહેવાય, પરંતુ

વ્યવહારથી તો કોઇ પણ વસ્તુ પર બે ઘડી મનને સ્થિર રાખી શકીએ તેને પણ ધ્યાનસિદ્ધિ કહેવાય. આપણે માટે તો આ સિદ્ધિ પણ ઘણી મોટી છે, કારણ કે આપણું મન એક વસ્તુ પર એક કે બે મિનિટ પણ સ્થિર રહેતું નથી. પૂજાપાઠ, જપ, ધ્યાન, ક્રિયા, અનુષ્ઠાન બધા વખતે આપણા મનનો વિક્ષેપ ચાલુ હોય છે, તેથી અમે ધ્યાનના શિક્ષણને અતિ અગત્યનું માનીએ છીએ.

પ્રશ્ન-શું કોઇ પણ સંયોગોમાં આપણે શુકલધ્યાન ધરી ન શકીએ?

ઉત્તર-શુકલધ્યાનનો અધિકાર તો ધર્મધ્યાન પછી આવે છે, તો પ્રથમ ધર્મધ્યાન ધરી જુઓ. તેના અનુભવ પરથી તમને આ પ્રશ્નનો જવાબ મળી જશે. એક વાર એક સભામાં અમને એક વ્યક્તિએ પ્રશ્ન કર્યો કે 'હું અબજપતિ થઇ શકું કે નહિ?' અમે કહ્યું: 'જરૂર થઇ શકો, પણ તે માટે ૧૦૦ ક્રોડ રૂપિયા ભેગા કરવા પડે. સો ક્રોડ એટલે ૧૦૦૦૦ લાખ એ તો બરાબર ને? ૧૦૦૦૦ લાખ એટલે ૧૦૦૦૦૦૦ દશ લાખ હજાર. હવે મહિને તમે ૧૦૦૦ કમાઓ તો તમને દશ લાખ મહિના અર્થાત્ ૮૩૩૩૩$\frac{1}{3}$ વર્ષ લાગે અને કદાચ મહિને લાખ રૂપિય કમાઓ તો પણ ૮૩૩ વર્ષ કરતાં થોડો વધારે સમય લાગે, એટલે તમારે કાં તો આટલું આયુષ્ય મેળવવું જોઇએ અને તમારા જીવતાં જ એટલે વીશ વર્ષમાં ક્રોડપતિ થવું હોય તો તમારી માસિક આવક ૪૧ લાખ કરતાં વધારે

હોવી જોઈએ. તમે આ બેમાંથી એક વસ્તુ કરો, એટલે જરૂર અબજપતિ થઈ શકશો. તાત્પર્ય કે શક્તિ પ્રમાણે કાર્ય થાય છે. હાલ તો ધ્યાનની બાબતમાં આપણે તદ્દન નીચી પાયરીએ છીએ, તેમાંથી ઊંચા આવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રશ્ન–આજે કેટલાક એમ કહે છે કે ધ્યાનસિદ્ધિ તો થોડા વખતમાં જ થઇ જાય. તે માટે અમારી પાસે કેટલીક સિદ્ધ ક્રિયાઓ છે, તેનું કેમ ?

ઉત્તર–ધ્યાનસિદ્ધિ થોડા વખતમાં જ થઇ જાય, એ વાત માનવા જેવી નથી. આજ સુધીમાં આપણા દેશમાં સેંકડો યોગસિદ્ધ મહાત્માઓ થઇ ગયા, તેમાંના કોઇએ આવું વિધાન કરેલું નથી. જો ધ્યાનસિદ્ધિ થોડા જ વખતમાં થતી હોત તો તેઓ આ પ્રકારનું વિધાન જરૂર કરત. વળી તેઓ જે સિદ્ધ ક્રિયાઓની વાત કરે છે, તે ક્રિયાઓ ઘણાયે કરી જોઈ છે, પણ તેનું ખાસ પરિણામ કંઇ જ આવ્યું નથી. તેમની ક્રિયાઓથી કદાચ કોઇને થોડો લાભ થયો પણ હોય, પરંતુ તેટલા માત્રથી એ ક્રિયાઓને સિદ્ધ ક્રિયાઓ કહેવાય નહિ. જાહેર નિરીક્ષણ અને પરીક્ષણ પછી જ તે અંગે ખરો અભિપ્રાય બાંધી શકાય. આજે તો સૂંઠના ગાંગડે ગાંધી બનનારની ખોટ નથી, એટલે આવી બાબતમાં પૂરી સાવધાનીથી વર્તવું જોઈએ.

પ્રશ્ન–હાલના સંયોગોમાં જૈન ધ્યાનપદ્ધતિનો પ્રચાર થવાની જરૂર ખરી કે નહિ ?

ઉત્તર—હાલના સંયોગોમાં જૈન ધ્યાનપદ્ધતિના પ્રચાર કરવાની અત્યંત આવશ્યકતા છે. તે માટે પૂજ્ય સાધુ-સાધ્વી વર્ગે કમર કસવી જોઈએ, કારણ કે આ બાબતમાં તેઓ ધારે તો ઘણું કરી શકે એમ છે. જો આ કાર્ય માટે સાધુ-સાધ્વી વર્ગ તૈયાર ન થાય, તો આ વિષયમાં રસ લેનાર સહૃદયી સજ્જનોએ તે માટે કોઈ વ્યવસ્થિત યોજના ઘડીને કાર્યનો આરંભ કરી દેવો જોઇએ.

[ ૨૩ ]

# અન્ય ચાર ધ્યાનો

ધ્યાનનો વિષય ગહન છે, તેનું ક્ષેત્ર પણ ઘણું વિશાલ છે. તે અંગે જુદા જુદા સમયે જુદી જુદી પદ્ધતિઓ અમલમાં આવી છે અને આજે પણ તે અંગે નવી નવી શોધખોળો થઈ રહી છે.

પ્રાચીન શ્રમણસમુદાયમાં પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત નામનાં ચાર ધ્યાનો ધરવાની પ્રથા–પદ્ધતિ પણ અમલમાં હતી. તેનાં પરિણામો પણ સુંદર આવતાં, એટલે તે ધીરે ધીરે સર્વમાન્ય બની હતી. ધ્યાનના આ ચાર પ્રકારો ધ્યેય કે આલંબનના આધારે નક્કી કરવામાં આવ્યા હતા. પિંડમાં રહે તે પિંડસ્થ. પિંડ એટલે શરીર. તેમાં પૃથ્વી આદિ પાંચ ભૂતો રહેલા છે, તેનું આલંબન લઈને ધ્યાન ધરવું, તે પિંડસ્થ ધ્યાન. પદ એટલે મંત્રપદો, તેનું આલંબન લઈને ધ્યાન ધરવું, તે પદસ્થ ધ્યાન. રૂપ એટલે મૂર્તિ, અરિહંત દેવની મૂર્તિ, તેનું આલંબન લઈને ધ્યાન

ધરવું, તે રૂપસ્થ ધ્યાન અને જે રૂપથી અતીત છે, એટલે કે જેને કોઈ પ્રકારનું રૂપ (Form & Colour) નથી, એવા શુદ્ધ આત્માનું-સિદ્ધ પરમાત્માનું ધ્યાન ધરવું, તે રૂપાતીત ધ્યાન. આમાંના પ્રથમ ત્રણ ધ્યાનોમાં સ્થૂલ આલંબન છે, એટલે તેને સાલંબન અને ચોથા ધ્યાનમાં કોઈ સ્થૂલ આલંબન નથી, એટલે તેને નિરાલંબન ધ્યાન સમજવાનું છે.

**પિંડસ્થધ્યાન**ના અધિકારે સામાન્ય રીતે પાંચ પ્રકારની ધારણાઓ સિદ્ધ કરવામાં આવતી. તે અંગે **ધ્યાન-દીપિકામાં** કહ્યું છે કે-

**पिंडस्थे पञ्च विज्ञेया, धारणा तत्र पार्थिवी ।**
**आग्नेयी मारुती चापि, वारुणी तत्त्वभूस्तथा ॥**

'પાર્થિવી, આગ્નેયી, મારુતી, વારુણી અને તત્ત્વભૂ એ પિંડસ્થધ્યાનની પાંચ ધારણાઓ જાણવી.'

**પાર્થિવી** ધારણાનો વિધિ એવો છે કે શાંત અનુકૂલ પ્રદેશમાં પદ્માસનાદિ સ્થિર આસને બેસી, મનને વિક્ષેપરહિત કરી, ઈષ્ટ દેવ-ગુરુનું સ્મરણ કર્યા પછી, મનમાં કલ્પના કરવી કે એક મહાન સમુદ્ર છે, તે ઊજળા દૂધ જેવા પાણીથી ભરેલો છે અને તેમાં હજાર પાંખડીવાળું ઘણું મોટું કમલ છે. કમલની આ બધી પાંખડીઓ સોનેરી વર્ણની છે. તેની વચ્ચે મેરુ પર્વત જેવી એક મોટી કર્ણિકા છે. તેમાં કલ્પ-વૃક્ષોની એક સુંદર ઘટા છે અને એ ઘટાની વચ્ચે એક રમણીય શિલા છે. એ શિલા પર સ્ફટિક રત્નનું શ્વેત

સિંહાસન છે, એ સિંહાસન પર હું બેઠેલો છું અને ધ્યાનસ્થ બની કર્મોનો નાશ કરી રહ્યો છું.

આ કલ્પના જાણે બધું સાક્ષાત્ હોય, એ રીતે ખૂબ તન્મયતાથી કરવાની છે. આ પ્રકારની પાર્થિવી કલ્પના કરવાથી મનનું વલણ આત્મલક્ષી થાય છે અને તે આધ્યાત્મિક વિકાસમાં ઉપયોગી બને છે.

તે પછી **આગ્નેયી** ધારણા કરવાની હોય છે. તેનો વિધિ આ પ્રકારનો છેઃ યોગ્ય સ્થાન–આસનાદિ ગ્રહણ કર્યા પછી ધ્યાતાએ પોતાના નાભિમંડળમાં સોળ પાખંડીવાળું એક સુંદર કમલ ચિંતવવું, આ કમલમાં મથાળેથી શરૂ કરીને જમણી બાજુ વળાંક લે એવી રીતે अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, अं, अः એ સોળ સ્વરોની સ્થાપના કરવી અને કર્ણિકાના ભાગમાં તેમાંથી સ્ફુરાયમાન મહામંત્ર अर्हँ ને ચિંતવવો. પછી તેના રેફમાંથી ધીમે ધીમે ધૂમાડાની શિખા નીકળી રહી છે, એમ ચિંતવવું. પછી તેમાંથી તણખા નીકળતા ચિંતવવા અને છેવટે જ્વાલાઓ નીકળી રહી છે, એમ ચિંતવવું. પછી આ સોળ પાંખડીવાળા કમલની બરાબર ઉપર હૃદયના ભાગમાં આઠ પાંખડીવાળું કમલ અધોમુખ ચિંતવવું, એટલે કે તેની ડાંડી ઉપર હોય અને પાંખડીઓ નીચેના તરફ વિકાસ પામેલી હોય, એ રીતે ચિંતવવું. પછી આ આઠ પાંખડીઓ તે આઠ પ્રકારનાં કર્મ છે, એમ માની પેલી જ્વાલાઓ વડે તેનું

દહન કરવું. આનો અર્થ એ છે કે અર્હં મંત્રનું ઉત્કૃટ ધ્યાન બધાં કર્મોને બાળી નાખે છે.

આટલો વિધિ થયા પછી પોતાના શરીરની બહાર ત્રણ ખૂણાવાળો અગ્નિનો કુંડ કલ્પવો કે જેમાં અગ્નિ ભડભડાટ બળી રહેલો છે. ત્રિકોણ અગ્નિકુંડના ઉપરના ભાગમાં એક તરફ તેજસ્વી સ્વસ્તિક અને બીજી તરફ અગ્નિબીજ રંકારની કલ્પના કરવી. પછી પોતાના શરીરને અગ્નિકુંડમાં પધરાવવું અને આત્મા એક દૃષ્ટા તરીકે દૂરથી એ દૃશ્ય જોઈ રહ્યો છે, એમ કલ્પવું. પછી એ શરીરની રાખ થઈ ગઈ, આઠ પાંખડીવાળા કમલની પણ રાખ થઈ ગઈ અને સોળ પાંખડીવાળા કમલની પણ રાખ થઈ ગઈ અને તેનો એક મોટો ઢગલો થઈ ગયો, એમ ચિંતવી મનને શાંત સ્થિર કરવું.

આગ્નેયી ધારણા સિદ્ધ થયા પછી **મારુતી** ધારણા સિદ્ધ કરવાની છે. તેનો વિધિ એવો છે કે યોગ્ય સ્થાન–આસન આદિ ગ્રહણ કર્યા પછી ધ્યાતાએ એવી કલ્પના કરવી કે ઘણો પ્રચંડ મારુત–વાયુ–પવન વાવો શરૂ થયો છે અને તે ક્રમે ક્રમે વધારે વેગ પકડતો જાય છે. હવે તો આ પવનથી પર્વતો ડોલવા લાગ્યા છે, સમુદ્રનાં પાણી જોરજોરથી ઉછળવા લાગ્યા છે અને તેનાથી ત્રણેય ભુવન વ્યાપ્ત થઈ ગયા છે. વળી આ પવન પૂર્વે કલ્પેલા રાખના ઢગલાને ઝપાટાબંધ આકાશમાં ઉડાડી રહ્યો છે. તે પછી આ પવન ધીમો પડી રહ્યો છે, ઘણો ધીમો પડી ગયો છે,

શાંત થવા આવ્યો છે, શાંત થઈ ગયો છે, એમ ચિંતવવું અને મનને શાંત–સ્થિર કરી દેવું.

મારુતી ધારણા સિદ્ધ થયા પછી **વારુણી** ધારણા સિદ્ધ કરવાની છે. તેનો વિધિ એવો છે કે યોગ્ય સ્થાન–આસનાદિ ગ્રહણ કર્યા પછી ધ્યાતાએ :આકાશ કલ્પવું અને તેમાં અર્ધચંદ્રાકાર વરુણમંડલની વં બીજ સાથે કલ્પના કરવી. પછી એ વરુણ મંડલમાંથી અમૃતનો વરસાદ વરસી રહ્યો છે અને સમસ્ત આકાશ ભીંજાઇ ગયું છે, એમ ચિંતવવું અને પૂર્વે શરીરાદિની જે ભસ્મ આકાશમાં ઉડાડવાને લીધે ત્યાં મલિનતા છવાઈ રહી હતી, તે હવે ધોવાઈ રહી છે, તદ્દન ધોવાઇ ગઈ છે અને આકાશ સંપૂર્ણ સ્વચ્છ થઇ ગયું છે એમ ચિંતવી મનને શાંત–સ્થિર કરવું.

વારુણી ધારણા સિદ્ધ થયા પછી **તત્ત્વભૂ**ધારણા સિદ્ધ કરવાની છે. તેનો વિધિ એવો છે કે ધ્યાતાએ શુદ્ધ અનુકૂલ સ્થાન–આસનાદિ ગ્રહણ કર્યા પછી પોતાના આત્માને લોહી–માંસ આદિ સાત ધાતુઓથી રહિત, પૂર્ણચંદ્ર સમાન નિર્મલ કાંતિવાળો અને સર્વજ્ઞ સમાન ચિંતવવો. આ ધારણાથી હું દેહ નથી, પણ સર્વજ્ઞ, સર્વદર્શી અને અનંત શક્તિમાન આત્મા છું, એવો ખ્યાલ દૃઢ થાય છે અને તે આધ્યાત્મિક વિકાસને અનેરો વેગ આપે છે.

માન્યતા એવી છે કે આ પિંડસ્થ ધ્યાનનો નિરંતર અભ્યાસ કરનાર યોગીનો મારણ, મોહન, ઉચ્ચાટન, સ્થંભન, વિદ્વેષણ આદિ તાંત્રિક કર્મો પરાભવ કરી શકતા નથી, તેમજ

કોઈ દુષ્ટ મંત્રોની પણ અસર થતી નથી. તે જ રીતે વિવિધ પ્રકારના ભયો તેને સતાવી શકતા નથી.

**પદસ્થધ્યાનના** અધિકારે એવા મંત્રોનું-મંત્રપદોનું ધ્યાન ધરવાનું છે કે જે આત્માની શુદ્ધિમાં ઉપકારક થાય. આવા મંત્રપદો ઘણાં છે, પણ તેમાં નમસ્કારમહામંત્ર અને અર્હં મંત્રની મુખ્યતા છે. તેનો વિશેષ ખ્યાલ અમારા રચેલા '**નમસ્કારમંત્રસિદ્ધિ**' અને '**સિદ્ધિદાયક સિદ્ધચક્ર**' ગ્રંથ પરથી આવી શકશે. ધન, સત્તા કે કોઈપણ સાંસારિક પ્રયોજન માટે થતું મંત્રપદનું ધ્યાન ધર્મધ્યાનની કોટિમાં આવી શકતું નથી.

**રૂપસ્થ**ધ્યાનના અધિકારે દેવાધિદેવ શ્રીતીર્થંકર પરમાત્માના-રૂપનું મૂર્તિનું આલંબન લઈને ધ્યાન ધરવાનું છે. તે અંગે **ધ્યાનદીપિકા**માં કહ્યું છે કે-

सर्वातिशययुक्तस्य केवलज्ञानभास्करम् ।
अर्हतो रूपमालम्ब्य ध्यानं रूपस्थमुच्यते ॥
रागद्वेषमहामोहविकारैरकलंकितम् ।
शान्तं कान्तं मनोहारि सर्वलक्षणलक्षितम् ॥

'સર્વ અતિશયોથી યુક્ત, કેવળજ્ઞાનના સૂર્યસ્વરૂપ, રાગ-દ્વેષરૂપ મહામોહના વિકારોથી અકલંક્તિ, શાંત, કાંત, મનોહર અને સર્વ શુભ લક્ષણોથી યુક્ત એવા અરિહંતના રૂપનું આલંબન લઈને ધ્યાન ધરવું, તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે.'

તાત્પર્ય કે રૂપસ્થાન ધ્યાન પ્રસંગે આપણે અરિહંત દેવની મૂર્તિનું આલંબન લઈએ, ત્યારે એમ ચિંતવવાનું કે આ અરિહંત પ્રભુ ચોત્રીશ અતિશયના ધારક હતા, કેવલજ્ઞાનરૂપી સૂર્યનું તેજ ધરાવતા હતા. વળી તેમણે રાગ, દ્વેષ અને મોહનો સર્વથા નાશ કરેલો હતો, એટલે તેને લગતો કોઈ વિકાર તેમનામાં રહ્યો નથી. વળી તેઓ શાંત છે એટલે પ્રશમ રસમાં નિમગ્ન છે, તેઓ કાંત છે એટલે અપૂર્વ કાંતિ ધારણ કરનારા છે અને મનોહર છે, એટલે રમણીય રૂપવાળા છે. વિશેષમાં તેઓ બધાં શુભ લક્ષણોથી યુક્ત છે, એટલે પ્રકટ પુરુષોત્તમ છે.

કેટલાક ગ્રંથોમાં સમવસરણસ્થ અરિહંતદેવની મૂર્તિનું આલંબન લેવાનું જણાવેલું છે. તેમાં એમ ચિંતવવાનું છે કે વિશાલ સમવસરણ રચાયેલું છે, તેમાં દેવો, મનુષ્યો, સાધુઓ, કેવલી જ્ઞાનીઓ વગેરે પોતપોતાના સ્થાને બેઠેલા છે અને વચ્ચે સ્ફટિકમય સિંહાસન પર શ્રી અરિહંત દેવ બિરાજે છે. તેમની પાછળ ઊંચું મનોહર અશોક વૃક્ષ છે, દેવો દ્વારા પચરંગી પુષ્પોની વૃષ્ટિ થયેલી છે, દિવ્ય ધ્વનિ ગુંજી રહ્યો છે, તેમની બંને બાજુ શ્વેતરંગી ચામરો વીંઝાઈ રહ્યા છે, પાછળ તેમના દિવ્ય તેજનું સંવરણ કરનારું દેદીપ્યમાન ભામંડલ છે, આકાશમાં દેવો દુંદુભી વગાડી રહ્યા છે અને તેમના માથે ઉપરના ભાગમાં ત્રણ છત્રો શોભી રહ્યા છે. આ રીતે તેઓ અષ્ટમહાપ્રાતિહાર્યથી યુક્ત થઈને શ્રોતાઓને માલકોશ રાગની છાયાવાળી ધર્મદેશના આપી

રહ્યા છે. તેઓ સત્ય ધર્મના મહાન ઉપદેશક છે અને લોકોને સંસારસાગરમાંથી તારવા માટે જ એ ઉપદેશ આપી રહ્યા છે. તે સાથે ઉપર કહેલા ગુણો પણ ચિંતવી એ મહાન ઉપકારી વિભૂતિનું ધ્યાન ધરવું.

યોગશાસ્ત્રોમાં કહ્યું છે કે 'મનુષ્ય જેનું નિરંતર ધ્યાન ધરે છે, તેના જેવો તે થાય છે,' એટલે અરિહંતનું નિરંતર ધ્યાન ધરનાર છેવટે અરિહંત બને છે અને તેથી ભવભીરુ ભવ્યાત્માઓએ આ ધ્યાન અવશ્ય ધરવા જેવું છે.

રૂપાતીત ધ્યાન અંગે **ધ્યાનદીપિકામાં** કહ્યું છે કે-

**लोकाग्रस्थं परात्मानममूर्त्तं क्लेशवर्जितम् ।**
**चिदानन्दमयं सिद्धमनन्तानन्दगं स्मरेत् ॥**

'લોકના અગ્રભાગ ઉપર રહેલા, અમૂર્ત, ક્લેશરહિત, ચિદાનંદમય, સિદ્ધ અને અનંત આનંદને પ્રાપ્ત થયેલા પરમાત્માનું ચિંતન કરવું, તે રૂપાતીત ધ્યાન છે.'

જૈન ધર્મમાં અરિહંત અને સિદ્ધ એ બેને દેવ એટલે પરમાત્મા માનેલા છે. તેમાં અરિહંત એ સાકાર-શરીરવાળા પરમાત્મા છે અને સિદ્ધ એ નિરાકાર-શરીર વિનાના પરમાત્મા છે. આ બંને પરમાત્માઓનું ધ્યાન ધરવા જેવું છે. તેમાં રૂપસ્થ ધ્યાનના અધિકારે અરિહંત પરમાત્માનું ધ્યાન ધરાય છે અને રૂપાતીત ધ્યાનના અધિકારે સિદ્ધ પરમાત્માનું ધ્યાન ધરાય છે.

રૂપસ્થ ધ્યાનમાં રૂપનું-મૂર્તિનું-આકૃતિનું આલંબન

મળે છે, તેથી એ ધ્યાન ધરવું પ્રમાણમાં સહેલું છે, પણ રૂપાતીત ધ્યાનમાં કોઇ પણ રૂપ-મૂર્તિ-આકૃતિનું આલંબન હોતું નથી, તેથી એ ધ્યાન ધરવું અઘરૂં છે; આમ છતાં રૂપસ્થ ધ્યાનનો દીર્ઘ અભ્યાસ થયા પછી એ ધ્યાન ધરવાની યોગ્યતા આવી જાય છે, એટલે ધ્યાતા એ ધ્યાન ધરવાને શક્તિમાન થાય છે અને તેના વડે સર્વ ચિત્તવૃત્તિઓનો નિરોધ કરી સ્વસ્વરૂપમાં લીન બની જાય છે.

અનંત અલોકાકાશના એક ભાગમાં લોક વ્યવસ્થિત છે કે જેનો કેટલોક ખ્યાલ લોકસ્વરૂપ ભાવનામાં અપાઈ ગયો છે. આ લોકના અગ્રભાગ પર સિદ્ધશિલા આવેલી છે, તેના ઉપરના ભાગમાં સિદ્ધ પરમાત્માઓનો વાસ છે. અમૂર્ત એટલે તેમને કોઈ પ્રકારનો સ્થૂલ આકાર નથી. કલેશરહિત એટલે તેમને કોઇ પણ પ્રકારનો કલેશ હોતો નથી, દુઃખ હોતું નથી. ચિદાનંદમય એટલે તેઓ ચિત્-ચૈતન્યનો આનંદ માણનારા હોય છે. સિદ્ધ એટલે નિષ્ઠિતાર્થ, જેમનાં સર્વ પ્રયોજનો પૂરાં થઇ ગયાં છે એવા. તેમને ચૈતન્યનો જે આનંદ પ્રાપ્ત થયો છે, તે અનંતકાલ સુધી ટકનારો છે, એટલે કે તેનો કદી અંત આવનાર નથી.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન-પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત આ ચાર પ્રકારનાં ધ્યાનો કયા ધ્યાનની કોટિમાં આવે ?

ઉત્તર-પિંડસ્થાદિ ચાર ધ્યાનો ધર્મધ્યાનમાં સહાયક હોવાથી ધર્મધ્યાનની કોટિમાં આવે.

પ્રશ્ન-પિંડસ્થધ્યાન ધર્મધ્યાનમાં શી રીતે સહાયક થાય છે?

ઉત્તર-પિંડસ્થધ્યાનની પાંચ ધારણાઓ આત્મા અને દેહની જુદાઈનું સ્પષ્ટ ભાન કરાવે છે અને એ રીતે ધર્મ-ધ્યાનમાં સહાયક થાય છે.

પ્રશ્ન-પિંડસ્થધ્યાન કોઈ સિદ્ધિ મેળવવાની ઈચ્છાથી કરવામાં આવે તો?

ઉત્તર-તો એ ધર્મધ્યાનની કોટિમાં આવે નહિ. જે ધ્યાનનો હેતુ ચિત્તશુદ્ધિ અને ધર્મભાવનાની વૃદ્ધિ હોય, તે જ ધર્મધ્યાનની કોટિમાં આવે.

પ્રશ્ન-પદસ્થધ્યાન ધર્મધ્યાનમાં શી રીતે સહાયક થાય છે?

ઉત્તર-પદસ્થ ધ્યાનમાં જે મંત્રપદોનું આલંબન લેવામાં આવે છે, તે મંત્રપદો અરિહંત કે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરાવનાર હોઈ ધર્મધ્યાનમાં સહાયક બને છે.

પ્રશ્ન-ૐકાર મંત્રબીજ-મંત્રપદ કોનું સ્મરણ કરાવે છે?

ઉત્તર-જૈન દૃષ્ટિએ ૐકાર પંચપરમેષ્ઠીના આદ્ય અક્ષરોથી બનેલો હોઈ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરાવે છે. અરિહંતનો अ + સિદ્ધ એટલે અશરીરીનો अ = आ. તેમાં આચાર્યનો आ ઉમેરાતાં आ + आ = आ. તેમાં ઉપાધ્યાયનો उ ઉમેરાતાં आ + उ = ओ. અને સાધુ એટલે મુનિનો म् ઉમેરાતાં ओ + म् = ओम् = ૐ.

પ્રશ્ન–એ રીતે હ્રીઁ મંત્રબીજ–મંત્રપદ કોનું સ્મરણ કરાવે છે?

ઉત્તર–હ્રીઁ મંત્રબીજ–મંત્રપદમાં ચોવીશ તીર્થંકરોની સ્થાપના છે, એટલે તે ચોવીશ તીર્થંકરોનું સ્મરણ કરાવે છે. આ સંબંધી વિશેષ વિવેચન અમારા રચેલા '**શ્રી-ઋષિમંડલ આરાધના**' ગ્રંથમાં થયેલું છે, તે જોઈ લેવું.

પ્રશ્ન–જે મંત્રપદમાં શ્રીઁ બીજ લગાડેલું હોય, તેનું ધ્યાન ધર્મધ્યાનની કોટિમાં આવી શકે?

ઉત્તર–જ્યાં શ્રીઁ બીજ લક્ષ્મીના સંકેત તરીકે લગાડેલું હોય, ત્યાં તે ધર્મધ્યાનની કોટિમાં આવે નહિ. પરંતુ શ્રીઁ બીજ આત્મીય સૌન્દર્યના સંકેત રૂપે પણ વપરાય છે. જેમ કે 'ૐ હ્રીँ श्रीँ अर्हँ नमः' આ મંત્રપદનું ધ્યાન ધર્મ-ધ્યાનની કોટિમાં આવે.

પ્રશ્ન–પદસ્થધ્યાનમાં મંત્રપદનું આલંબન ન લેતાં કોઈ આગમપદ કે સૂત્રપદનું આલંબન લઇ શકાય કે નહિ?

ઉત્તર-લઈ શકાય. પ્રાચીન જૈન યોગપદ્ધતિમાં આ રીતે બીજી ભૂમિકાએ સૂત્રપદનું આલંબન લેવાતું હતું.

પ્રશ્ન–સૂત્રપદનું આલંબન લેવું ઠીક કે મંત્રપદનું?

ઉત્તર–બંનેનું આલંબન લાભકારક છે, છતાં આ બાબતમાં ગુરુનું જે પ્રકારનું માર્ગદર્શન હોય, તે પ્રમાણે વર્તવું. આપણને આ બેમાંથી કોનું આલંબન વધારે શ્રેયસ્કાર નીવડશે? તેનો નિર્ણય તેઓ સારી રીતે કરી શકે છે.

પ્રશ્ન-પદસ્થધ્યાનમાં તે પદના અક્ષરોનું ચિત્ર સામે રાખવાની જરૂર ખરી?

ઉત્તર-ના. છતાં કોઈ સાધકને-ધ્યાતાને એમ લાગતું હોય કે તેથી મને ધ્યાનમાં સહાય મળે છે, તો રાખવામાં બાધ નથી.

પ્રશ્ન-રૂપસ્થધ્યાન ધર્મધ્યાનમાં શી રીતે સહાયક થાય?

ઉત્તર-રૂપસ્થધ્યાનમાં અરિહંતદેવનું ધ્યાન ધરવાનું હોય છે કે જેમણે ધર્મનું યથાર્થ પાલન કર્યું હતું અને ધર્મનો ઉપદેશ આપ્યો હતો, એટલે તેનું સ્મરણ-ચિંતન ધર્મધ્યાનમાં સહાયક થાય છે.

પ્રશ્ન-રૂપસ્થધ્યાનમાં અરિહંત સિવાય બીજા કોઈનું ધ્યાન ધરી શકાય?

ઉત્તર-ના. જો રૂપસ્થધ્યાનમાં અરિહંત સિવાય બીજાનું ધ્યાન ધરીએ તો અરિહંતનું ધ્યાન કરવાનો વખત આવે જ નહિ, કારણ કે પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીતનાં ધ્યેયો જુદાં છે, તેમાં અરિહંતનું ધ્યાન ધરવાનું હોતું નથી.

પ્રશ્ન-અરિહંતનું ધ્યાન કેવા સ્વરૂપે ધરવું જોઈએ?

ઉત્તર-તેનું વિવેચન આ પ્રકરણમાં વિગતથી થયેલું છે.

પ્રશ્ન-અરિહંતનું ધ્યાન ધરતાં અરિહંત થવાય છે, એ વાતમાં વિશ્વાસ શી રીતે બેસે?

ઉત્તર-શ્રુતિ, યુક્તિ અને અનુભવથી એ વાતનો વિશ્વાસ બેસે એમ છે. શ્રુતિ એટલે શાસ્ત્રવચનો. તેમાં આ પ્રમાણે

કહેલું છે અને તે ખોટું હોવા સંભવ નથી, કારણ કે આપ્ત પુરુષો કદી ખોટું કહેતાં નથી. યુક્તિ એટલે દલીલો. જો એક મનુષ્ય નિરંતર ચિંતન કરતાં ધનવાન બની શકે છે અને કલાનું નિરંતર ચિંતન કરતાં કલાકાર બની શકે છે તો નિરંતર અરિહંતનું ચિંતન કરતાં અરિહંત કેમ ન બની શકે ? મહાપુરુષોએ પ્રકૃતિનું–કુદરતનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને શોધી કાઢ્યું છે કે ઇયળ ભ્રમરીનું નિરંતર ધ્યાન ધરતાં આખરે ભ્રમરી બની જાય છે. આ અનુભવ પરથી એમ કહી શકાય કે મનુષ્ય નિરંતર અરિહંતનું ધ્યાન ધરે તો અરિહંત થઈ શકે છે. આમ છતાં જો વિશ્વાસ ન બેસતો હોય તો અરિહંતનું નિરંતર ધ્યાન ધરવા માંડો અને જુઓ કે તમે અરિહંત બની શકો છો કે નહિ ? આવું પરિણામ આવતાં કેટલોક સમય લાગે છે, એટલે આ જ ભવે એ પરિણામની આશા રાખી શકો નહિ. ભવાંતરમાં ગમે ત્યારે અરિહંત થવાની તક મળતી હોય તો તે વધાવી લેવા જેવી છે.

પ્રશ્ન–રૂપાતીત ધ્યાન ધરવાથી ધર્મધ્યાનમાં સહાય શી રીતે મળે ?

ઉત્તર–રૂપાતીત ધ્યાનમાં સિદ્ધ પરમાત્માનું ધ્યાન હોવાથી મોક્ષમાર્ગનો અને સિદ્ધાવસ્થાનો નિશ્ચય થાય છે અને તે જ ધર્મધ્યાનમાં મોટી સહાય છે.

પ્રશ્ન–રૂપાતીત ધ્યાન ધરવા જેટલી શક્તિ ન હોય, પણ સિદ્ધ પરમાત્મા સાથે મનને જોડાયેલું રાખવું હોય તો શું કરવું ?

ઉત્તર—તે માટે સોઽહં મંત્રનો જપ ઉપયોગી છે. ત્યાં સોથી તે—તે સિદ્ધ પરમાત્મા અને અહંથી હું સમજવાનું છે. તાત્પર્ય કે સિદ્ધ પરમાત્માનું જે સ્વરૂપ છે, તે નિશ્ચયથી મારું સ્વરૂપ છે, પણ કર્મવશાત્ તે પર આવરણ આવી ગયું છે, એટલે મને તે દેખાતું—સમજાતું નથી. જો હું કર્મનું એ આવરણ હઠાવી દઉં તો જરૂર એ સિદ્ધ પરમાત્માની હરોળમાં બિરાજું. સોઽહં મંત્રનો ખૂબ જપ કરવાથી ઘણાની આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ છે અને આપણે ધારીએ તો સોઽહં મંત્રનો ખૂબ જપ કરીને એ અનુભવ લઈ શકીએ એમ છીએ.

જગતના સર્વ જીવો સામાયિકની સાધના દ્વારા અભીષ્ટની પ્રાપ્તિ કરો, એ જ મંગલ કામના.

॥ સંપૂર્ણ ॥

## ✠ વંદના સત્તાવનમી ✠

અનાદિ કાલથી
જૈન ધર્મના પ્રવર્તન વડે
સમસ્ત વિશ્વમાં
ભ્રાતૃભાવની ભવ્ય ભાવનાનો
પ્રશસ્ત પ્રચાર કરનાર
**સર્વ**
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**જયંતિલાલ હઠીસંગ શાહ**
તૃપ્તિ ટ્રાન્સપોર્ટ કું.
૧૧૪–આશીર્વાદ બીલ્ડીંગ, ૧ લે માળે,
૬૪–એ, અમદાવાદ સ્ટ્રીટ,
લોખંડ બજાર,
મુંબઈ–૪૦૦૦૦૯

## વંદના અઠ્ઠાવનમી

જેમણે

ભોગમાર્ગની ભયંકરતા

પ્રકાશી

તથા

યોગમાર્ગની ઉત્કૃષ્ટતાનો

ઉદ્યોત કર્યો,

તે

દેવાધિદેવ

જિનેશ્વર દેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.


રમણભાઈ મણીભાઈ પરીખ

પ્રાણનિવાસ,

માધવદાસ અમરસીરોડ,

અંધેરી ( વેસ્ટ )

મુંબઇ-૪૦૦૦૫૮

ટે. નં. ૫૭૨૦૩૬

## વંદના ઓગણસાઠમી

જેમણે
વૈર વૃત્તિના વિષમ તરંગોનું
સ્નેહ અને સદ્ભાવમાં
પરિવર્તન કરવા
માટે
સતત પુરુષાર્થ કર્યો
અને
તેમાં અપૂર્વ સિદ્ધિ મેળવી.
તે
પરમ પુરુષોત્તમ
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદન હો.

દલીચંદ અમીચંદ શાહ
૩૭–મહાવીર બીલ્ડીંગ, સી–બ્લોક,
ફેક્ટરી લેન, તિલક રોડ,
બોરીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૯૨

## વંદના સાઠમી

જેમણે
અધર્મનો નાશ કર્યો,
ધર્મની ધ્વજા ફરકાવી,
તથા
ન્યાય અને નીતિના માર્ગનું
પુનરુત્થાન કર્યું,
તે
જગદુદ્ધારક
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


રસીકલાલ મણીલાલ શાહ
પ્રોપ્રાયટર–આર. એમ. શાહની કું. (દવાવાળા)
૧૩૫–મસ્જીદ બંદર રોડ,
મુંબઇ–૪૦૦૦૦૩
ટે. નં. ઓ.–૩૨૪૩૩૨

## ✖ વંદના એકસઠમી ✖

જેમણે
દાનની સાચી દિશા બતાવી,
શીલની સૌરભ પ્રકટાવી,
તપનું તેજ પ્રકાશ્યું
અને
ભાવની ભવ્ય સૃષ્ટિનાં
સર્વ મુમુક્ષુઓને
દર્શન કરાવ્યાં,
તે
જગન્નાથ
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


નટરાજ ટેક્ષ્ટાઈલ પ્રોસેસર્સ
૭૫. બજાર ગેટ સ્ટ્રીટ, ૧ લે માળે,
મુંબઈ-૪૦૦૦૦૧
ટે. નં. ૨૬૩૯૨૯

## ✠ વંદના બાસઠમી ✠

જેમણે
રાષ્ટ્ર, જાતિ કે લિંગના
ભેદ વિના
સર્વ મનુષ્યોને
આત્મવિકાસનો સમાન અધિકાર
આપ્યો
અને
વિશ્વબંધુત્વની ભાવના
પ્રચારી,
તે
મંગલમૂર્તિ
જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**ત્રિલોકકુમાર પ્રતાપચંદ શાહ (કરાંચીવાલા)**

હનુમાનશરણ, ૬ઠ્ઠે માળે,
ફ્લેટ નં. ૨૮,
બમનજી પીટીટ રોડ,
મુંબઇ-૪૦૦૦૨૬

## ✿ વંદના એકસોઠમી ✿

જેમણે
અહિંસા અને અનેકાન્તના
અનન્ય ઉપદેશ વડે
સર્વ પ્રકારના
વૈર-વિરોધો શમાવવાની
તથા
સર્વનું હિત કરવાની
ભવ્ય ભાવનાની ભેટ આપી,
તે
વિશ્વવંદ્ય
જિનેશ્વર દેવોને
**અમારી**
કોટિ કોટિ વંદના હો.

**અમરચંદ રતનચંદ ઝવેરી**
૭૭-એ, વાલકેશ્વર રોડ,
**મુંબઇ-૪૦૦૦૦૬**
ટે. નં. ૩૫૬૮૬૭

## વંદના ચોસઠમી

સામાયિકની સાધના વડે
સિદ્ધ-બુદ્ધ-નિરંજન
બનનાર
તથા
અનુપમ અક્ષય સુખનો
ઉપયોગ કરનાર,
સર્વ જીવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

*

માણેકલાલ કેશવજી દં૦
બી. માણેકલાલની કું.
૫-જી, અવસર,
૭૭-૮૧, કાઝી સૈયદ સ્ટ્રીટ,
ખાંડ બજાર,
મુંબઇ-૪૦૦૦૦૩

## વંદના પાંસઠમી

સામાયિક-યોગના

પરમ સાધક

વિદ્યા, કલા અને

સંસ્કૃતિના

પ્રથમ પ્રચારક

શ્રી આદિનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

*

હરીચંદ પરસોતમ શાહ

યુનાઈટેડ ઓવરસીઝ ટ્રેડીંગ કોરપોરેશન,

૩૨-ગુલાલવાડી,

મુંબઈ-૪૦૦૦૦૪

## વંદના છાસઠમી

જેમણે
સામાયિક–યોગની સિદ્ધિ કરી
સર્વ પ્રકારના ભયો
જિત્યા
તથા
આત્માની અનંત શક્તિ
પ્રકટ કરી,
તે
શ્રી અજિતનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**સુરેન્દ્ર એ. છેડા**

૪–તેજકિરણ, ત્રીજે માળે,
૯૬–નવરોજી હીલ રોડ નં. ૫,
મુંબઈ–૪૦૦૦૦૯
ટે. નં. ૩૩૧૫૪૦

## ✠ વંદના સડસઠમી ✠

જેમણે
સામાયિક-યોગની
ઉત્કૃષ્ટ સાધના વડે
જન્મ-મરણનો
સંભવ
સદાને માટે
મીટાવી દીધો,
તે
શ્રી સંભવનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**સ્વ. સુંદરલાલ ચુનીલાલ તથા**
**સ્વ. માતુશ્રી મેનાબેનના સ્મરણાર્થે**

બાબુલાલ સુંદરલાલ ઝવેરી
પૂરબ એપાર્ટમેન્ટ, ૯ મા માળે,
ફ્લેટ નં. ૨૫,
૪૨-રીજરોડ, વાલકેશ્વર,
મુંબઈ-૪૦૦૦૦૬
ટે. નં. ૩૮૬૬૬૬૨

## वंदना અડસઠમી

જેઓ
સામાયિક-યોગની
અનન્ય ઉપાસના વડે
ત્રણે ય લોકના
ઉત્કૃષ્ટ અભિનંદનને
પાત્ર બન્યા,

**તે**

શ્રી અભિનંદન સ્વામીને
અમારી
કોટિ: કોટિ વંદના હો.

**શાહ ધીરજલાલ ભગવાનદાસ**
૩૬૪-સરદાર વી. પી. રોડ,
૫ મે માળે, બ્લોક નં. ૪૬,
**મુંબઈ-૪૦૦૦૦૪**
ટે. નં. ૩૬૦૮૨૩, ૩૪૭૩૫૧

## વંદના ઓગણસીત્તેરમી

જેમણે
સામાયિક યોગની
સફલ પ્રરૂપણા વડે
લોકસમૂહમાં સન્મતિ
પ્રકટાવી,

તે

શ્રી સુમતિનાથ ભગવાનને

**અમારી**

કોટિ કોટિ વંદના હો.

ચુનીલાલ હીરાચંદ સુગંધી (ચુનાવાલા)
૩૯–પોપટ વાડી,
કાલબાદેવી રોડ.
**મુંબઈ–૪૦૦૦૦૨.**

## વંદના સીસેરમી

જેમણે
સંસારનો ત્યાગ કરીને
સામાયિક યોગની
સાધના સ્વીકારી
અને
તેમાં નિપુણ બનીને
અનંત ચતુષ્ટયની
પ્રાપ્તિ કરી,
તે
શ્રી પદ્મપ્રભ સ્વામીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**પ્રેમચંદ અમીચંદ શાહ**
ઠે. ભંવરલાલ મોહનલાલ,
૩૦–૩૨, ચંપાગલી ક્રોસ લેન,
મુંબઈ–૪૦૦૦૦૨

## વંદના હકીકતેરમી

જેઓ

સામાયિક–યોગની સિદ્ધિ વડે

પ્રશમરસની પ્રાપ્તિ કરી,

તેમાં

નિમગ્ન બન્યા

તથા

વીતરાગપદને સાર્થક

કરી શક્યા,

તે

શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

જયંતિલાલ સુંદરલાલ પરીખ

૯૬–તેજકિરણ, ૨ જે માળે,

નવરોજી હીલ, રોડ નં. ૫

મુંબઈ–૪૦૦૦૦૯

ટે. નં. ૩૩૬૬૫૯

## ✠ વંદના બાંતેરમી ✠

સામાયિક-યોગની
અનન્ય ઉપાસનાએ
જેમના આત્માને
ચંદ્ર કરતાં વધારે
નિર્મલ
અને
સૂર્ય કરતાં વધારે
તેજસ્વી બનાવ્યો,
તે
શ્રી ચંદ્રપ્રભ સ્વામીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

✲


**મેઘજી એન. શાહ**

હોલસેલ કાપડના વેપારી
૨૦૫-ચર્ચ કમ્પાઉન્ડ,
ડૉ. આંબેડકર રોડ,
હિન્દમાતા સીનેમા પાસે,
દાદર, મુંબઇ-૪૦૦૦૧૪.
ટે. નં. ૪૪૩૪૧૩

## ✠ વંદના તેંતેરમી ✠

જેમણે
વિષધરરૂપી
વિષયોના વિષનું વારણ
કરવા માટે
સામાયિક રૂપી
અમૃતની
અભિનવ વૃષ્ટિ કરી,
તે
શ્રી સુવિધિનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


શાહ ખીમજી લખમશીની કું.
( કચ્છ પ્રાગપુરવાળા )
અનાજના વેપારી તથા કમીશન એજન્ટ
૧૨–કેશવજી નાયક રોડ,
મુંબઈ–૪૦૦૦૦૯.
ટે. નં. ૩૨૦૨૮૭

## વંદના ચુમ્મોતેરમી

જેમણે
કષાયરૂપી કાળા નાગોને
નાથવા માટે
અનન્ય અને અકસીર
એવા
સામાયિક-સૂત્રનું
પ્રવર્તન કર્યું,
તે
શ્રી શીતલનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**શાહ બિપીનચન્દ્ર કાન્તિલાલ**
હોલસેલ કાપડના વેપારી
૯૮૧-મેન રોડ,
**નાશિક સીટી**
ટે. નં. ૨૭૯૪

## વંદના પંચોતેરમી

જેમણે
શ્રેયસ્‌ની સિદ્ધિ માટે
અને
મંગલમય
સામાયિક-યોગની સાધના
દર્શાવી
વિશ્વ મૈત્રીનો
વિજયધ્વજ ફરકાવ્યો,
તે
શ્રી શ્રેયાંસનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


ગુડલક તારપોલીન્સ
૧૦૪–યુસુફ મહેરઅલ્લી રોડ,
મુંબઈ–૪૦૦૦૦૩.
ટે. નં. ૩૩૯૬૨૭

❁ વંદના છોતેરમી ❁

જેમણે
સામાયિક રૂપી ગારુડમંત્રથી
ભૌતિકવાદના ભોરીંગને
દૂર ભગાડયો
અને નવી
આધ્યાત્મિક ચેતના
પ્રકટાવી,
તે
શ્રી વાસુપૂજ્ય સ્વામીને
અમારી
કોટિ કોટિ વંદના હો.


શાહ ડુંગરશી ગણપત એન્ડ સન્સ
( કચ્છ—નાની ખાખરવાળા )
અનાજના વેપારી તથા કમીશન એજન્ટ
૩૩૧—ભાતબજાર,
મુંબઈ—૪૦૦૦૦૯
ટે. નં. ૩૩૨૬૩૪

## ❋ વંદના સત્તોતેરમી ❋

જેમણે
સામાયિક–યોગની સિદ્ધિ
માટે
વ્રત, નિયમ અને તપની
દિવ્ય દેશના આપી
તથા
સંયમ માર્ગની સબલ
પુષ્ટિ કરી,
તે
શ્રી વિમલનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**નવીનચન્દ્ર ભગવાનદાસ શાહ**
( પાટણવાળા )
૯૮–એ, નેપીયનસી રોડ,
મુંબઇ–૪૦૦૦૦૬
ટે. નં. ૩૮૯૮૮૨

## ❋ વંદના અઠ્ઠોતેરમી ❋

જેમણે
ભવની અનંત શ્રૃંખલા
તોડવા માટે
સત્યં શિવં સુંદરં
એવા
સામાયિક–યોગની
સમર્થ પ્રરૂપણા કરી,
તે
શ્રી અનંતનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ–વંદના હો.


**શાહ મણીલાલ ગાંગજીની કું.**
(નાના ભાડીયાવાલા)
રંજન ટેકસટાઇલ, વી. કે. ટેકસટાઈલ,
એમ. જી. ટેકસટાઇલ
હોલસેલ ટેરીકોટન, ટેરીલીનના વેપારી.
સેન્ટ પોલ સ્ટ્રીટ, હિન્દમાતા પાછળ,
દાદર, મુંબઈ–૪૦૦૦૧૪.
ટે. નં. ૪૪૨૪૩૨

## ✠ વંદના ઓગણેંશીમી ✠

જેમણે
સમ્યગ્ દર્શનની સિદ્ધિ માટે
તથા
સમ્યગ્ જ્ઞાનની વૃદ્ધિ માટે
તેમજ
સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ માટે
સામાયિક યોગનો
પરમ પ્રકાશ કર્યો,
તે
શ્રી ધર્મનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**ચન્દ્રકાન્તની કું.**
( નાના ભાડીયાવાલા )
હોલસેલ કાપડના વેપારી
૧ લી સેન્ટપોલ સ્ટ્રીટ,
હિન્દમાતા સીનેમા પાછળ,
દાદર, મુંબઈ-૪૦૦૦૧૪
ટે. નં. ૪૪૦૦૯૨

❀ વંદના એંશીમી ❀

જેમણે
ચિત્તની
પરમ શાંતિ માટે
તથા
કર્મકટકના સર્વ ઉપદ્રવો
શમાવવા માટે
સામાયિક-યોગની સર્વોપરિતા
સિદ્ધ કરી,
તે
શ્રી શાંતિનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

જયંતકુમારની કું.
સેન્ટ પોલ સ્ટ્રીટ,
હિન્દમાતા સીનેમા પાસે,
દાદર, મુંબઈ-૪૦૦૦૧૪
ટે. નં. ૪૪૬૮૬૭

# ❖ વંદના એકાશીમી ❖

જેમણે
સામાયિકની સિદ્ધિ માટે
છયે કાયના જીવો
પ્રત્યે
સમદૃષ્ટિ કેળવવાનો
અનન્ય અનુરોધ
કર્યો,
તે
શ્રી કુંથુનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**નટવરલાલ તારાચંદ વોરા**
( સુરેન્દ્રનગરવાળા )
તેલવાલા બીલ્ડીંગ, ૨ જે માળે,
નરશી નાથા સ્ટ્રીટ,
મુંબઇ–૪૦૦૦૦૯
ટે. નં. ૩૩૧૬૨૦

## ✠ વંદના ખ્યાશીમી ✠

જેમણે
સામાયિકની સાધના વડે
રાગને રોળી નાખ્યો,
દ્વેષને દૂર ભગાડ્યો,
તથા
ક્રોધ, માન, માયા
અને લોભનો
સર્વાંશે નાશ કરી
વીતરાગતા સિદ્ધ કરી,
**તે**
શ્રી અરનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**શ્રી પૃથ્વી કોટન મીલ્સ લીમીટેડ**
**ભરૂચ**
( ગુજરાત )

## ❋ વંદના ત્યાશીમી ❋

જેમણે
સામાયિકની અપૂર્વ
આરાધના દ્વારા
સાતેય પ્રકારના
ભયોને જીતીને
જિનપદની પ્રાપ્તિ કરી,
તે
શ્રી મલ્લિનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**આર. જયેશ એન્ડ કું.**
આયર્ન એન્ડ સ્ટીલ મરચન્ટસ
૨૬–સ્ટીલ યાર્ડ હાઉસ,
ત્રીજે માળે, કર્ણાકબંદર,
લોખંડ બજાર, મુંબઈ–૪૦૦૦૦૯
ટે. નં. ૩૩૮૮૫૧

## વંદના ચોરાશીમી

જેમણે
સામાયિકરૂપી સૂર્યનો
પ્રકાશ કરી
મિથ્યાત્વ અને મોહના
મહાતિમિરને હણી
નાખ્યું,
તે
શ્રી મુનિસુવ્રત સ્વામીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**ટી. એન. પાલાની**

સં. મહારાષ્ટ્ર ટ્રેડર્સ
(એક્સપોર્ટ્સ અને ઇમ્પોર્ટ્સ)
મગનલાલ ચેમ્બર્સ,
ત્રીજે માળે, રૂમ નં. ૩૦૬,
બાબુરાવ બોબડે માર્ગ,
મુંબઇ-૪૦૦૦૦૯
ટે. નં. ૩૪૪૧૬૪

## ✠ વંદના છયાશીમી ✠

જેમણે
સર્વ અરિષ્ટનો નાશ
કરવા માટે
સામાયિક-યોગને
ઉત્કૃષ્ટ કોટિનો
ઉપાય ગણ્યો
અને
તેનાં વિવિધ અંગોની
સ્પષ્ટ સમજૂતી આપી,
તે
શ્રી અરિષ્ટનેમિ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**શાહ દેવચંદ એન્ડ કું.**
નોન ફેરેસ મેટલ એલ્યુમીનીયમ વાસણોના વેપારી
ઓફિસ :
ગુરૂદત્ત મંદિર,
૧૨૨-એ, ઠાકોર દ્વાર રોડ,
મુંબઈ-૪૦૦૦૦૨.
ટે. નં. ૩૫૬૮૮૧

# વંદના સત્યાશીમી

જેમણે
કર્મકટક સાથે
આખરી યુદ્ધ ખેલવા માટે
સામાયિક-યોગનો
સબલ શસ્ત્ર તરીકે
ઉપયોગ કર્યો
અને તેમાં
જ્વલંત સફલતા મેળવી,
તે
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


બ્રાઇટ બાર મેન્યુફેકચરીંગ કું.
ભરૂચ
( ગુજરાત )
ટે. નં. ૧૯૩, ૩૬૮

## ✠ વંદના અઠ્યાશીમી ✠

જેમણે
સામાયિક-યોગની સિદ્ધિ માટે
ઉપવાસ, એકાંત, મૌન
અને
ધ્યાનનો આશ્રય લીધો
તથા
અનેક પ્રકારના પરીષહો
અને ઉપસર્ગો સહ્યા,
તે
શ્રી મહાવીર પ્રભુને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**કાંતિલાલ બી. શાહ**
( પ્રાંતિજવાળા )
૧૨/૩, શીવશક્તિ બીલ્ડીંગ
હાજીબાપુ રોડ, મલાડ, (ઇસ્ટ)
મુંબઈ-૪૦૦૦૬૪

## ❀ વંદના નેવ્યાશીમી ❀

અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ,

દિવ્ય ધ્વનિ આદિ

અષ્ટ મહાપ્રાતિહાર્યની

પૂજા પામી રહેલ

પુરુષાદાનીય

શ્રી પાર્શ્વનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

ભીખીબેન અમૃતલાલ સંઘવી

જીતેકરવાડી, ન્યૂ બીલ્ડીંગ-બી.

પહેલે માળે, બ્લોક નં. ૧.

ઠાકુરદ્વાર રોડ,

મુંબઈ-૪૦૦૦૦૨

# વંદના નેવુંમી

જેમણે લોકાલોકનું સ્વરૂપ પ્રકાશ્યું,
ષડ્દ્રવ્યની પ્રરૂપણા કરી,
તથા
ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો
સિદ્ધાંત સમજાવી
અનેકાન્તવાદને આગળ કર્યો,
તે
મહાન ધર્મદેશક
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

કાંતિલાલ હિંમતલાલ શાહ
(રામપુરા ભંકોડાવાળા)
બોરીવલી, મુંબઇ

# વંદના એકાણુંમી

જેમની મુખમુદ્રા

પ્રશમરસમાં નિમગ્ન છે,

જેમની સેવા કરનારના

સર્વ મનોરથો

અજબ રીતે પૂરા થાય છે,

તે

ાહમયી નગરીના અધિરાજ

શ્રી ગોડી પાર્શ્વનાથને

**અમારી**

કોટિ કોટિ વંદના હો.

**બબલદાસ કરમચંદ શાહ**

( લાડોલવાળા )

પાટકર કોલેજની બાજુમાં,

ઘોડબંદર રોડ, ગોરેગાંવ,

**મુંબઈ–૪૦૦૦૬૨**

# ✠ વંદતા બાણુંમી ✠

ભંડકિયાને અન્નનો ભવ્ય ભંડાર

બનાવી દેનાર,

ઘૃતના કુલ્લામાં રહીને

સકલ સંઘને

કિલ્લોલ કરાવનાર,

સુથરીના શિરતાજ

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથને

અમારી

કોટિ કોટિ વંદના હો.


**છગનલાલ કે. રામી**

( આજોલવાળા )

લક્ષ્મીનિવાસ નં. ૧, રૂમ નં. ૩

સરોજીની નાયડુ રોડ, કાંદીવલી.

મુંબઈ-૪૦૦૦૬૭

## ❀ વંદના ત્રાણુંમી ❀

જે હ્રીંમંત્ર-સ્વરૂપિણી છે,
સર્વ વિઘ્નોનો ક્ષણમાત્રમાં
નાશ કરનારી છે,
જે
પાર્શ્વ ભક્તોના સર્વ મનોરથો
પૂર્ણ કરનારી છે,
તે
મહાદેવી શ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

ચિ. કુમારી અલકાબહેનના સ્મરણાર્થે

ડૉ. રમણલાલ સોમાભાઈ દોશી
સૌ. સુંદરબેન રમણલાલ દોશી
૮૪/૩, હુરૂ મહાલ,
મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨
ટે. નં. ૨૯૨૧૧૯

## ❋ વંદના ચોરાણુંમી ❋

જે સરસ્વતીરૂપે
સર્વ વિદ્યાઓને આપનારી છે,
તથા
લક્ષ્મીરૂપે
વિપુલ સંપત્તિની
વર્ષા કરનારી છે,
તે
મહાદેવી શ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.


**ધી બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસીએશન**
ગ્રેન ડીલર્સ બીલ્ડીંગ,
૧૦૩–કેશવજી નાયક રોડ,
પો. બો. નં. ૫૦૩૯
**મુંબઇ–૪૦૦૦૦૯**
ટે. નં. ૩૨૯૧૩૨, ૩૪૫૨૩૫

# વંદના પંચાણુંમી

જેમનું

સ્મરણ-પૂજન-આરાધન

મનના

સર્વે મનોરથોને પૂર્ણ કરે છે

તથા

અધ્યાત્મના માર્ગે

આગળ વધવાનું

અપ્રતિમ બલ સમર્પે છે,

તે

શ્રી સિદ્ધચક્ર ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

કુસુમ એન્જીનીયરીંગ

૨૧૩-નરસી નાથા સ્ટ્રીટ,

મુંબઈ-૪૦૦૦૦૯

ટે. નં. ૩૩૨૬૪૪, ૩૪૪૬૪૨

## ⌘ વંદના છન્નુંમી ⌘

જે
સર્વ મંગલોનું મંગલ છે,
જે
સર્વ કલ્યાણોનું કારણ છે
અને જે
સર્વ ધર્મોમાં
અનેક દૃષ્ટિએ
પ્રધાનપદ ભોગવે છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**ધીરજલાલ ટોકરશી શાહ**
અને કુટુંબીજનો
લધાભાઈ ગણપત બીલ્ડીંગ,
૧૧૩-૧૫ કેશવજી નાયક રોડ.
(ચીંચબંદર) મુંબઈ-૪૦૦૦૦૯

## વંદના પંચાશીમી

જેમણે
ધર્મ અને અધ્યાત્મના
સારરૂપે
તથા
યોગના પરમ તત્ત્વ
તરીકે
સામાયિકનો
પૂર્ણ પ્રકાશ કર્યો,
તે
શ્રી નેમિનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.


આણંદજી વેલજી શેઠીઆ
નારાણુનિવાસ,
તીથ્થલ રોડ,
**વલસાડ**
( ગુજરાત )
ટે. નં. ૨૫૭૧, ૨૧૭૧

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહનું રચેલું

# પ્રાણવાન પ્રતિષ્ઠિત સાહિત્ય

## જૈન

| | |
|---|---|
| મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર (બીજી આવૃત્તિ) | ૧૦–૦૦ |
| ભક્તામર–રહસ્ય (બીજી આવૃત્તિ) | ૧૨–૫૦ |
| શ્રી ઋષિમંડલ–આરાધના (બીજી આવૃત્તિ) | ૧૨–૫૦ |
| શ્રી પાર્શ્વ–પદ્માવતી આરાધના (બીજી આવૃત્તિ) | ૭–૫૦ |
| સિદ્ધિદાયક સિદ્ધચક્ર | ૧૨–૫૦ |
| જીવવિચાર પ્રકાશિકા (બીજી આવૃત્તિ) | ૧૦–૦૦ |

## સર્વોપયોગી

| | |
|---|---|
| મંત્રવિજ્ઞાન (ત્રીજી આવૃત્તિ) | ૧૨–૫૦ |
| મંત્રચિંતામણિ (બીજી આવૃત્તિ) | ૧૨–૫૦ |
| મંત્રદિવાકાર (બીજી આવૃત્તિ) | ૧૨–૫૦ |
| જપ–ધ્યાન–રહસ્ય (બીજી આવૃતિ) | ૧૨–૫૦ |
| આત્મદર્શનની અમોઘ વિદ્યા | ૧૦–૦૦ |
| શ. પં. શ્રી ધીરજલાલ શાહ જીવનદર્શન | ૧૦–૦૦ |
| સંકલ્પસિદ્ધિ (બીજી આવૃત્તિ) | ૬–૦૦ |
| ગણિત–ચમત્કાર (ત્રીજી આવૃત્તિ) | ૫–૦૦ |
| ગણિત–રહસ્ય (ત્રીજી આવૃત્તિ) | ૫–૦૦ |
| ગણિતસિદ્ધિ (બીજી આવૃત્તિ) | ૫–૦૦ |

—: પ્રાપ્તિસ્થાન :—

**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

લધાભાઇ ગણપત બીલ્ડીંગ, ૧૧૩–૧૫ કેશવજી નાયક રોડ,

(ચીંચ બંદર) મુંબઇ–૪૦૦૦૦૯

આવરણ · દીપક પ્રિન્ટરી · અમદાવાદ–380001